જીવનનો આનંદ

[કળા અને કુદરત વિષયક લેખો]

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

આ લેખકનાં અન્ય પુસ્તકો

જીવનવિકાસ (કેળવણીનાં અંગોની ચર્ચા)	૨–૮–૦
જીવનભારતી (સાહિત્યવિવેચન)	૨–૮–૦
જીવનસંસ્કૃતિ (સામાજિક અને સંસ્કૃતિવિષયક લેખો)	૨–૮–૦
હિમાલયનો પ્રવાસ (આર્યસંસ્કૃતિનું રહસ્ય ચર્ચતો)	૧–૦–૦
બ્રહ્મદેશનો પ્રવાસ (કેવળ મુસાફરની દૃષ્ટિએ)	૦–૨–૦
સ્મરણયાત્રા (કિશોર અવસ્થાના રમૂજી અનુભવો)	૧–૦–૦
જીવતા તહેવારો (ધાર્મિક જીવનનું કાવ્ય)	૦-૧૨-૦
ઓતરાતી દીવાલો (જેલજીવનનો આનંદ) (સુધારેલી બીજી આવૃત્તિ)	૦–૬–૦
લોકમાતા (ભારતની નદીઓનું રસિક વર્ણન)	૦–૪–૦
નક્ષત્રમાળા (રાજા ભર્તૃહરિના સહેલા સંસ્કૃત શ્લોકો)	૦–૧–૦
કાલેલકરના લેખો (અનેક વિષયો ચર્ચતા)	૩–૦–૦

નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ

जीवननो आनंद

[कळा अने कुदरतविषयक लेखो]

दत्तात्रेय बालकृष्ण कालेलकर

को ह्येवान्यात्कः प्राण्यात् ।
यदेष आकाशे आनन्दो न स्यात् ॥

नवजीवन प्रकाशन मंदिर
अमदावाद

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ

પહેલી આવૃત્તિ, ૧૯૩૬, પ્રત ૧૫૦૦
સુધારાવધારાવાળી બીજી આવૃત્તિ, પ્રત ૨૦૦૦

દોઢ રૂપિયો

સપ્ટેમ્બર, ૧૯૩૯

આનંદનાં ઝરણાં

જીવનનો આનંદ દરેક માણસને જુદાં જુદાં ક્ષેત્રોમાં જડે છે. વધારેમાં વધારે માણસોને ખાવુંપીવું અને છોકરાંછૈયાં વચ્ચે રહેવું એમાં જ આનંદ હોય છે. રાષ્ટ્ર જો દુર્દૈવમાં ન સપડાયું હોય અથવા એને કોઈ અદમ્ય મહત્ત્વાકાંક્ષા ન વળગી હોય તો આ જ સ્થિતિ સ્વાભાવિક છે એમ માનવાને વાંધો નથી. સુખી અને નિશ્ચિંત કૌટુમ્બિક જીવનમાં જો ધર્મના સંસ્કારો, જ્ઞાનની સહેજસાજ નિષ્ઠા, અને સહેજે પ્રાપ્ત થયેલી સમાજસેવા એટલું ઉમેરીએ એટલે જીવન સંપૂર્ણ થયું. કરોડો લોકો માટે આથી વધારે ઉત્કટ જીવન હોતું નથી.

જીવનની સ્વાભાવિકતામાં કુદરત સાથેનો થોડોઘણો પરિચય, સગાંવહાલાંને મળવાને કાજે અથવા યાત્રાઉત્સવને પ્રસંગે કરેલી થોડીક મુસાફરી દ્વારા તો હોય જ છે. અને ધાર્મિક સંસ્કારોના વિધિઓ અને પૂજાઓ, વ્રતો અને ઉત્સવો વગેરે આવવાથી સ્થાવરપણાના દોષો સહેજે નીકળી જાય છે.

પણ માણસ એટલાથી સંતુષ્ટ નથી થતો. સામાન્ય ભૂમિકા ઉપર રહી મળતી જીવનની સર્વસાધારણ સંપૂર્ણતા એને આકર્ષતી નથી. એને એ અલૂણી લાગે છે. જીવનના કોઈ એક અથવા અનેક અંગનો સંકોચ કરીને પણ બીજી કોઈ એક ખાસ દિશામાં માણસ ઉત્કટતાથી દોડવા માગે છે. કોઈ પ્રયોગવીર થાય છે, કોઈ જ્ઞાનવીર બને છે, કોઈ પ્રવાસવીર બની પરિવ્રાટ્ થઈ જાય છે, કોઈ સંઘનો આગેવાન બની સામુદાયિક પરાક્રમ કરે છે, કોઈ આત્માની ખોજમાં ત્યાગવીર બને છે, કોઈ ગરુડ અને ચંડોળને પણ હરાવી કલ્પનાકાશમાં ઉત્તરોત્તર ઊંચાં ને ઊંચાં ઉડ્ડયનો સાધે છે. કોઈ રચનાકુશળ સ્થપતિ

બને છે, તો કોઈ નગરસંસ્થાપક તરીકે અમર થાય છે. કેટલાકથી તો રાષ્ટ્રપતિ કે રાષ્ટ્રપિતા થયા વગર રહેવાતું જ નથી. જ્યારે કેટલાક તો કોઈ પણ સંઘ કે રાષ્ટ્ર પ્રત્યે વિશેષ નિષ્ઠા કેળવ્યા વગર આખા મનુષ્યજીવન માટે નવા ખમીર જેવા બની જાય છે. કોઈ સત્યને શોધે છે તો કોઈ શિવની ઉપાસના કરે છે. કોઈ સામર્થ્ય ખીલવે છે તો કોઈ ભાવનાઓ કેળવે છે. દરેકનો આનંદ જુદો જ હોય છે.

આમ હોવા છતાં સૌન્દર્યની ઉપાસના, હુન્નર અને કળાનું અનુશીલન, નિસર્ગનું નિરીક્ષણ તેમ જ જીવનકળાની કેળવણી એ આનંદના ખાસ વિષય ગણાયા છે. દરેક માણસના જીવનની આ બાજુ ઓછીવત્તી ખીલેલી હોય જ છે. જીવનાકાશમાં જો આ આનન્દસૂર્ય ચળકતો ન હોત, આ આનન્દચન્દ્ર મલપતો ન હોત તો જીવવામાં કોને રસ આવત?

આનન્દ એ વસ્તુ જ એવી છે કે એનો અનુભવ લેવા માટે બીજાને નોતરવાથી તે બેવડાય છે. દુઃખોનો સંવિભાગ કરવાથી એની વેદના સહન કરવા જેટલી હળવી થાય છે અને સુખમાં કોઈનો ભાગ પાડવાથી તે બેવડાય છે, ઘણી વાર સાત્ત્વિક બને છે અને એમાંથી સુખથીયે નિરાળો એવો નવો જ આનંદ પ્રાપ્ત થાય છે. સૌને આવા આનંદના સંવિભાગી કેમ કરાવાય? દરેકનું જીવન અલગ અલગ સ્વતંત્ર વહેણમાં વહે છે. તમામ દુનિયાને કાંઈ આપણે આપણા જીવનના સાથી બનાવી શકવાના નથી. પણ કળા દ્વારા — સાહિત્ય, સંગીત, ચિત્ર, સ્થાપત્ય, રચના અને ઘટના દ્વારા આપણે અસંખ્ય લોકોને આપણા આનંદની ઝાંખી કરાવી શકીએ છીએ અને જો વિશિષ્ટ જાતની શક્તિ કેળવેલી હોય તો જ્યાં અસંખ્ય લોકોને આનંદપ્રતીતિ થતી નહોતી ત્યાં આનંદ ગ્રહણ કરવાની શક્તિ અથવા ક્ષમતા અર્પી શકીએ છીએ. એને જ કલાદૃષ્ટિ કહે છે.

કળાની અનુભૂતિ જેને થઈ છે તે એકલપેટો રહી શકતો જ નથી. એને બીજો કોઈ ન મળે તોયે એ પોતાનો આનંદ પોતા માટે જ એક યા બીજી રીતે નોંધી રાખવાનો. એકાન્તમાં રહી ધ્યાનમગ્ન થનાર ઋષિઓ પણ તત્ત્વપ્રાપ્તિનો આનંદ થતાં ગાઈ ઊઠે છે. કેટલાક ઝાડની છાલ પર, હાડકાંના ફલક પર કે પથરાની પીઠ પર પોતાનો આનંદ કોતરી નાખે છે. આનંદની આ સર્જકતા

અદમ્ય હોય છે અને એ સર્જનને કારણે વળી નવા આનંદની જે સેરો છૂટે છે તે તો જુદી જ.

એવી જ સિસૃક્ષાને કારણે પરમાત્માએ એકના અનેક થવાનું પસંદ કર્યું, આ અનંત લીલામયી સૃષ્ટિ સરજી, એમાં અનંત અવતારો રચ્યા, અને એમાં સનાતન એટલે કે નિત્યનૂતન યૌવન રેડયું. વિધાતાનો આ આનંદ એ કોને અર્પે? કોની સાથે એનો એ સંવિભાગ કરે? एकाकी न रमते એટલે એ એકનો અનેક થયો. અને એ અનેકત્વ ગમે તેટલું વિસ્તરે તોયે મૂળ એકત્વ તૂટતું જ નથી એ અનુભવનો આનંદ એણે મેળવ્યો. વિવિધતામાં એકતા અનુસ્યૂત છે. એટલું જ નહિ પણ તે અખંડ રહે છે, અને વધારે પરિસ્ફુટ થાય છે એ અનુભવમાં જ દૈવી સમાધાન રહેલું છે. દુનિયામાં ગમે તેટલી મુસાફરી કરીએ તોયે આકાશના તારાઓ સાથે ને સાથે જ છે એમ જોઈ જેમ આપણને જાણે ઘેર જ હોઈએ એવો અનુભવ થાય છે તેમ જ વિવિધતામાં રહેલું ઐકય અનુભવવાથી સર્વત્ર એક જ તત્ત્વ ભરેલું છે, એનો અદ્વૈતાનંદ થાય છે.

જેની વૃત્તિ આ અદ્વૈતને પારખતી થઈ તેનામાં આત્મનેપદી અને પરસ્મૈપદી એવી બે લાગણીઓ ખીલે છે અને એ બે વચ્ચે પાછો એક ઉભયપદી એકરાગ જામે છે. કળાવૃત્તિથી પ્રેરિત થઈને લખાયેલી નોંધો, રચાયેલા નિબંધો અને અપાયેલાં ભાષણો ગમે તેટલાં પરસ્મૈપદી કરીએ તોયે તેનો પ્રધાન સૂર આત્મનેપદી જ રહે છે. આ લખાણોમાં પણ એ જ પ્રકાર દેખાઈ આવશે. આમાં અસાધારણ જેવું કશું ન હોય તોયે મૌલિકતા તો છે જ. અને તેથી જ સમાનધર્મા વાચકો આગળ એ મૂકતાં કશો ક્ષોભ નથી થતો. આમાંનો કેટલોક ભાગ તો મંદવાડના દિવસોમાં અથવા જેલની કોટડીમાં રાખેલી વાસરીની નોંધો જ છે. કેટલીક નોંધો મૂળ મરાઠીમાં હતી તે આ સંગ્રહમાં સામેલ કરવા માટે પરગજુ મિત્રોએ ગુજરાતીમાં ઉતારી છે.

સિંહાવલોકન કરતાં કહી શકું કે જીવનનો આનંદ વ્યક્ત કરવાની શરૂઆત કરી 'હિમાલયના પ્રવાસ' સાથે. આશ્રમના સાથીઓને એ ગમ્યો એટલે ગુજરાત આગળ એ ધરવાની હિંમત કરી. એના જ અનુકરણમાંથી 'બ્રહ્મદેશનો પ્રવાસ'

લખાયો. સરકારે જ્યારે એક વરસ માટે જેલમાં પૂરી રાખ્યો ત્યારે પણ ચાર દીવાલની અંદર આનંદયાત્રા ચાલુ જ હતી. એનો કાંઈક અંશ 'ઓતરાતી દીવાલો'ને નામે ભાષાબદ્ધ કરી રાખ્યો. ભારત સંસ્કૃતિ જેવી અખંડ વહેતી ભારતની નદીઓ જોયા પછી એમને સ્મરણાંજલિ આપવી આવશ્યક હતી જ. એમાંથી કેટલીક સ્મરણાંજલિ શબ્દબદ્ધ કરી 'લોકમાતા' નામે લોકચરણે ધરી છે. અને જીવનયાત્રાનાં થોડાંક સંસ્મરણો 'સ્મરણયાત્રા'માં પૂરી રાખ્યાં છે. બધે યાત્રા જ છે. જીવનના આનંદના અસંખ્ય પ્રવાહોને અને ઝીણાં ઝીણાં ઝરણાંઓને એકત્ર કરી આ જીવનનો આનંદ ગુજરાતી પ્રજા આગળ વહેતો કરી શરદનાં વાદળાંની પેઠે હવે હળવો થાઉં છું.

આ બધું લખાણ અને આનો સંગ્રહ પણ મારા મિત્રોને જ આભારી છે. તેમણે આ બધું મારી પાસેથી લખાવી મારું જીવન સમૃદ્ધ કર્યું છે. ખરેખર મૈત્રી એ જ જીવનનો સર્વોચ્ચ આનંદ છે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

બીજી આવૃત્તિ

વિશ્વ-કવિ રવીન્દ્રનાથ ગાય છે :

"वहे निरंतर अनंत आनंदधारा"

માણસ જીવે છે ત્યાં સુધી એની આનંદધારા વહ્યા જ કરવાની. એ ખૂટે કે તૂટે એટલે જીવનનો અંત આવ્યો.

આ નવી આવૃત્તિમાં સ્વાભાવિક રીતે નવાં લખાણોનો ઠીક-ઠીક ઉમેરો થયો છે. આશા રાખું છું કે નવી આવૃત્તિ માગનારા વાચકોને એ ભારરૂપ ન નીવડે.

વિદ્યાર્થીઓ પણ આ ચોપડીનો ઉપયોગ કરવાના છે. એટલે પ્રકાશન મંદિરે એની કિંમત નથી વધારી.

વિદ્યાર્થીઓને જીવનમાં આનંદ શોધવામાં અને તે આનંદ વ્યક્ત કરવાની ભાષા કેળવવામાં આ ચોપડી જો યત્કિંચિત્ મદદગાર નીવડે તો મારો આનંદ ઘણો વધશે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

આનંદને

जो जगतमां (विश्वाकाशमां) आ आनंद न होत तो श्वास पण कोण लेत ? अने जीववाने पण कोण राजी थात ?

तैत्तिरीय उपनिषद् २, ७.

૨૧૭૩૯

અનુક્રમણિકા

ખંડ ૨ જો

અનંતનો વિસ્તાર

ખંડ ૩ જો

નિવૃત્તિમાં નિરીક્ષણ

ખંડ ૪ થો

રખડવાનો આનંદ

ખંડ ૫ મો

જીવનનો ઓપ

જીવનનો આનંદ

ખંડ ૧ લો

પ્રકૃતિનું હાસ્ય

જેલવાસના અનુભવીઓને

કુદરતનું દર્શન ગમે તે સ્થિતિમાં આહ્લાદક હોય છે. પણ રોજના ધંધામાં ફસાયેલો માણસ એ તરફ ધ્યાન જ આપી શકતો નથી.

કુદરતનું એકે દર્શન એવું નથી કે જેમાં મને રસ ન પડતો હોય. કેટલાક લોકો અંધારાથી ડરે છે; કેટલાક અંધારું જોઈ વિરસ થઈ જાય છે. જાણે અંધારું એટલે ગ્લાનિ, અંધારું એટલે પોલાણ, અંધારું એટલે આનંદનું દેવાળું; પણ ખરું જોતાં આનંદને વિહાર કરવા જો પૂરેપૂરો અવકાશ ક્યાંયે હોય તો આકાશના અંધકારમાં જ. જો વધારેમાં વધારે અંતર્મુખ થવું હોય તો તે અંધારામાં જ થવાય.

હિંમતથી વધતો સવારનો પ્રકાશ અને સાંજની આથમતી જાહોજલાલી બન્ને મને વહાલી લાગે છે. બન્ને સંધિકાળમાં ગૂઢનું જે સૂચન હોય છે તે જીવનના અનેક સવાલોનો ઉકેલ આણવામાં જોઈતું વાતાવરણ પૂરું પાડે છે.

બપોરના તડકામાંથી આબાદ બચેલો માણસ તડકાનો એક રીતે વિચાર કરે છે. જ્યારે સવારથી સાંજ સુધી પૂર જોસથી પોતાની અસર વરસાવનાર તડકામાં જેના શરીર અને મનનો મુરબ્બો થઈ ગયો છે તે તડકાનો જુદી રીતે વિચાર કરે છે.

તડકાથી અકળાયા છતાં જે માણસ પોતાનું તાટસ્થ્ય જાળવી તડકાના કાવ્યનો વિચાર કરે છે તેને એમાંથી રસની સેરો છૂટે છે. યુદ્ધ, દુકાળ, ફાટેલા ચેપી રોગો, વિપ્લવ, દાવાનળ અને ઉત્પાત દરેકમાંથી રુદ્ર, અદ્ભુત કે ભયાનક રસ છૂટવાના જ. હરિશ્ચંદ્રનું આખ્યાન, દમયંતીની વિટમ્બણા, ફ્રાન્સની રાજ્યક્રાન્તિ, પયગમ્બરની હિજરત, પોમ્પીનો નાશ, અથવા દ્વારકાનું સમુદ્રમજ્જન, દરેકમાં રોમહર્ષણ રસ તો હોય જ છે.

પણ એ કાવ્ય નિહાળવાની અને એની અસર થવા દેવાની નવરાશ જ માણસ પાસે હોતી નથી. માણસને એનો રોજનો નીરસ વ્યવહાર એટલો બધો વહાલો છે કે એની આગળ ગમે તેટલી ઉચ્ચ અને ઉદાત્ત વસ્તુ જતી કરવા એ તૈયાર થાય છે.

જેલની અંદર સવારનો અરુણોદય અને સાંજનો સંધ્યાવિલાસ ભાગ્યે જ જોવાને મળે છે. બપોરનો તડકો મણાય નહિ અને રાતને એકાંતે ગવાય નહિ. જ્યાં જુઓ ત્યાં સુપરિન્ટેન્ડન્ટ ને જેલરના ચહેરા જેવી નીરસ દીવાલો જ દીવાલો હોય છે. એવે ઠેકાણે લીમડા ઉપર ફૂલ બેઠું, કાગડો કે ચકલું આવ્યું, કોઈએ જરાક ગાયું કે રોયું તોયે ધ્યાન ખેંચાય છે. એવે વખતે જો એકાદ તારો દેખાય તો ચિત્તને ધન્ય ધન્ય થઈ જાય છે. Absence makes the heart grow fonder અને સાંજે સૂતાં પહેલાં વાસરીમાં એની નોંધ લીધા વગર રહેવાતું નથી. આવી નોંધનો આનંદ જેલમાં રહેલા જ લૂંટી શકે, પૂરો માણી શકે.

છેલ્લી એક બે લડતની કૃપાથી જેલજીવનનો અનુભવ લીધેલાઓની સંખ્યા વધી છે. તેથી હવે પછી આપેલી નોંધોનું વાતાવરણ અને માનસ સમજી શકનાર લોકો ઘણા થયા છે એ વિશ્વાસે જ એ અહીં આપી છે.

પ્રભાતદર્શન

હવાની દૃષ્ટિએ જોતાં આજકાલનાં પરોઢિયાં સુભગ અને રમણીય હોય છે. ઓરડીની બહાર આવતાં જ આપણે સૃષ્ટિનું અભિનંદન કરીએ અને સૃષ્ટિ આપણું કરે એવી ઉત્કટ ઇચ્છા થાય છે. પણ માણસજાત એટલી બધી પ્રકૃતિવિમુખ થઈ ગઈ છે કે, એને માટે કુદરતની સુંદરતા એ પારકી ભાષા જેટલી જ અપરિચિત છે. જેલની કોટડી ખૂલતાં જ બહાર આવી આકાશમાં કોઈ સ્વતંત્ર દ્વિજરાજ તરે છે કે કેમ એ જોવાની ઇચ્છા થઈ. એઓ ભલે મારી તરફ ન જુએ હું તો અરસિક માણસજાતનો પ્રતિનિધિ રહ્યો! એમણે મારી તરફ શું કામ જોવું? પણ હું એને સમાનધર્મી ગણીને વંદન કરું છું.—નમન નહિ કારણ એ આકાશગામી તરફ માથું નમાવવાને બદલે ઊંચું કરવાનું જ હોય છે. એમની ઉચ્ચ રહેણી અને ઉમદા સ્વભાવ જોઈને આ લોકો માનવી સંસ્કૃતિ કરતાં વધુ ઉચ્ચ સંસ્કૃતિના રસિયા હોવા જોઈએ એમ ખાતરી થાય છે.

*   *   *

કવિઓએ અને નિસર્ગરસિક નિરીક્ષકોએ કમળ, સરોવર, ફૂલો, બાળકો, તારાઓ, મણિ, વગેરે કુલ ચૌદ વસ્તુઓને કાવ્યમય ગણી છે. નિત્ય નૂતન આકૃતિ ધારણ કરનાર વાદળાંનો કાવ્યાત્મા એ લોકોએ પારખ્યો છે કે નહિ એની ખબર નથી.

વાતાવરણશાસ્ત્રીઓ આજ સુધી મેઘોના ચાર વિભાગ કરતા હતા. હમણાં હમણાં તેઓએ એ વિભાગોની સંખ્યા વધારી છે. આપણા જૂના ગ્રંથોમાં આકાશના જ જુદા જુદા ચાર પ્રદેશ કલ્પ્યા છે. અને એ દરેક પ્રદેશનાં વાદળાંને નોખાં નામ પણ આપ્યાં છે. પણ આજકાલના કવિઓ એ કશું જ જાણતા નથી. મેઘથી અંબર મેદુર થયું છે એટલું કહ્યું એટલે જાણે અવધિ થઈ. આ વાદળાંઓ આખા આકાશને સર કરી પોતાની ઘનનીલ પ્રભા ખીલવે ત્યારે આજનો દિવસ દુર્દિન' છે એમ દુર્દૈવી કવિઓ કહી નાંખે છે!

વિલાયતમાં એકાદ દિવસ જો ચોખ્ખો તડકો નીકળ્યો તો બધા લોકો ફરવા નીકળી પડે છે અને એ શુભ દિવસનાં વખાણ કરતાં થાકતા નથી. આપણે ત્યાં લગભગ આખું વર્ષ પ્રખર તડકો પડતો હોય છે. એવા દેશમાં મેઘરાજાની કૃપાથી જ્યારે છાંયો મળે છે ત્યારે એને નશ્વર જીવિત જોડે સરખાવી સૂતકીની જેમ વિરક્ત થવા કરતાં "જાય છે એ વેળા આપણી છે, માટે મળે છે ત્યાં સુધી એ કાવ્યાનંદ લૂંટી લો." એવી વૃત્તિ શું કામ ન રાખવી?

* * *

આજકાલ આકાશવ્યાપી મેઘ ઉપર ઉષાની રક્તિમાનું જે આક્રમણ ચાલુ હોય છે એ ખરેખર એકીટશે મીટ માંડીને જોવા જેવું હોય છે. ખેતરમાં જેમ તરબૂચની પાકવાની શરૂઆત થતાં અંદર લાલ રંગ ધીરે ધીરે પાકવા માંડે છે તેમ જ વાદળાંની નીચેના ભાગમાં ઝાંખો ઝાંખો સિંદૂરનો રંગ ચોંટે છે અને એને લીધે વાદળાંની મુખ્ય મુખ્ય નસોનો વળાંક કેવો છે તે ઓળખવું બહુ સહેલું થઈ પડે છે. સિંદૂરનો રંગ મુત્સદ્દીની ભાષાની જેમ ક્ષણે ક્ષણે નવો નવો અર્થ વ્યક્ત કરે છે; ઘડીકમાં ગૂઢ થઈ જાય છે તો ઘડીકમાં કેવળ ઔપચારિક છટા બતાવીને અદશ્ય થઈ જાય છે. રંગ ફેલાવા લાગે એટલે પૂર્વથી પશ્ચિમ સુધી ફેલાય છે. પણ પરોઢિયાનો રંગ એટલે તો નવા અતિથિની મહેમાનગીરી. એ જો વધુ વખત ટકે તો તેમાં વાસ્તવિકતા ન રહે.

આજકાલનાં વાદળાં એટલે જાણે વરસાદનો ગર્ભ. સિંહગઢ ઉપર આની મજા ખાસ જોવાને મળતી હતી.

પરમદિવસનાં ચાર ટીપાંથી આકાશ થોડુંઘણું ધોવાયું. આકાશમાં હંમેશાં રહેતાં ધૂળનાં રજકણ ટીપાં સાથે નીચે આવ્યાં, તેને લીધે આકાશનો તાજગીભર્યો નીલ રંગ હવે વધુ ખીલી નીકળે છે.

* * *

ઝાડનાં પાંદડાં તડકામાં ચળકે છે ત્યારે તો સુંદર હોય જ છે, પણ તેના કરતાં મેઘાચ્છાદિત દિવસે તેઓ પોતાની ઘટામાં અંધકાર ભરી રાખે છે એ ગૂઢ દૃશ્ય વધુ શોભાવંત હોય છે. ઝાડની ખરી શોભા પ્રકાશ અને અંધકાર એ બેની સંધ્યા સમયે જેવી ખીલી નીકળે છે તેવી બીજે એકે સમયે નથી ખીલતી. જેલની અંદર ઝાડોનો બહિષ્કાર થવાથી જેલની બહાર તેમણે ઠીક ભીડ કરી છે અને બહારનું જગત કેવું સ્વતંત્રસુંદર છે એની સાક્ષી આપતાં તેઓ નિરંતરનું આમંત્રણ ચાલુ રાખે છે.

* * *

અહીં અપ્રસન્ન કરનારી એક જ વાત છે અને તે દક્ષિણ તરફની વીસ અને વીસ ચાળીસ ફૂટની આંધળી ભીંત. જે બારીમાંથી માણસો ડોકાવીને જોઈ શકતા નથી એવી એની બારીઓ ફૂટેલી આંખો કરતાં પણ વધુ અભદ્ર છે. આટલી ભવ્ય, આટલી ઉદાસ અને ભયાનક વસ્તુ બીજી નહિ હોય. જૂનાં ખંડિયેરની વાત જુદી છે. ત્યાં તો પ્રાચીનતાનું ઐતિહાસિક કાવ્ય હોય છે. આ દીવાલમાં તો એ પણ નથી.

* * *

તૂટેલી પાંખવાળું ચકલીનું બચ્ચું ઊડવાનો પ્રયત્ન કરતું હતું. અને જન્મટીપવાળો જહાંગીર એની સાથે રમવાનો પ્રયત્ન કરતો હતો. બચ્ચાનાં માબાપ આસપાસ અસ્વસ્થ ચિત્તે ફેરા ફરતાં હતાં. મેં જહાંગીરના નિર્દય વિનોદનો નિષેધ કર્યો અને મનમાં જ ઉમેર્યું અહીં કાંઈ બિલાડી આવવાનો સંભવ નથી. પણ આ બચ્ચું માળામાં જશે કેવી રીતે? હવે એ મોટું થયું છે એટલે માબાપ એને માળામાં લઈ નહિ જઈ શકે અને એને ઊડતાં તો બરાબર આવડતું નથી. આનો જીવનક્રમ સંકટમાં છે. એમ મનમાં કહું છું ત્યાં જ કાગડાએ ઝડપ મારી બચ્ચાને ઊંચકી લીધું.

દુઃખી માબાપ કાગડાની પાછળ નિરર્થક દોડયાં. મારું દુઃખી હૃદય પણ વેગથી દોડયું. પણ મેં એ હૃદયને ખેંચીને પાછું આણ્યું. ઝાડ ઉપરનું અથવા વેલા ઉપરનું ફળ તૂટી પડતાં મને જે સ્વાભાવિક આનંદ થાય છે અને સહજ પ્રાપ્તિ માટે હું પોતાની જાતને ધન્ય માની લઉં છું એમ જ આ કાગડાને સવારની મિજબાનીને લીધે થયું હશે. વન્ય પશુપક્ષીઓમાં ઘાયલ થવું અને મરવું એમાં ઝાઝો ફેર નથી હોતો. ઘાયલ થઈને પણ દીર્ઘકાળ જીવવું અને એવું જીવન પણ ઉપયોગી બનાવવું એ કરામત મનુષ્યની જ. તેથી ચકલીના બચ્ચાએ ભૂખે મરવા કરતાં મરીને કાગડાની ભૂખ- ભાંગી એમાં અયોગ્ય તે શું છે? બચ્ચાની દૃષ્ટિએ અને એના માબાપની દૃષ્ટિએ વિચાર કરવો, કાગડાની દૃષ્ટિએ પણ વિચાર કરવો, અને સાથે સાથે નિસર્ગની દૃષ્ટિએ તટસ્થપણે વિચાર કરવો એ ત્રણે વસ્તુ મને સાધ્ય છે એ જ ઈશ્વરની મોટી કૃપા છે. આ વિચાર વ્યાપક હૃદય દ્વારા થતો હોય છે, તેથી જ આમાંથી પરમ સત્ય પ્રાપ્ત થાય છે. ગીતાએ પ્રારંભમાં એ જ કહ્યું છે.

૫-૪-’૩૨

હિંડલગા (બેલગામ)

પ્રભાતની તાજગી

બે ત્રણ રાત્રે આકાશમાં વાદળાં હોવાથી તારા દેખાતા ન હતા એને લીધે અડવું અડવું લાગતું હતું. જાણે જીવન અલૂણું થઈ ગયું છે, દિવસની સંપૂર્ણતામાં કાંઈક વસ્તુ બાકી રહી ગઈ છે. આજે પરોઢિયે શ્રવણ એટલો ઉપર ચાલ્યો ગયો હતો કે બંધ બારણાના સળિયામાંથી એને બહુ કષ્ટથી હું જોઈ શકતો હતો. હંસની એક જ પાંખ દેખાતી હતી. મધ્યભાગમાં ધનિષ્ઠા અને શતતારકાનું સૌંદર્ય ફેલાયું હતું. શનિની સાથે મંગળ અને બુધ કોઈક જગ્યાએ હોવા જ જોઈએ. એ અપેક્ષા કેમે કરી મનમાંથી ખસતી નથી. અને તે તો દર્શન આપતા નથી. પંચાંગ આવ્યે તે લોકોની માહિતી મળશે. એ જો સંધ્યાકાશમાં ગયા હશે તો તો તેમનાં દર્શનની આશા આ બરાકમાં છીએ ત્યાં સુધી નકામી છે. ભાદ્રપદાના ચોરસનું ચોકઠું હજી બરાબર બેઠું નથી.

આજે સવારે ઓરડી મોડી ઊઘડી તેથી ભારે નુકસાન થયું. સવારનું બધું જ સોનું મેં ગુમાવ્યું. સોનું મને ન મળ્યું પણ તેથી પાકોળીઓને તે વધુ પ્રમાણમાં મળ્યું હશે. કારણ તેઓ મોટા ટોળામાં મળીને આકાશમાં ફેરા ફરતી હતી. પાકોળીઓની ગતિ એ ફ્રી વ્હીલ સાઈકલ જેવી હોય છે. આ લોકો જરાક પાંખ મારે છે અને પછી પાંખોને આરામ આપી આકાશમાં શરીર વહેતું મૂકે

છે. લાંબા વખત સુધી એમનું આ ઊડણુ જોઈને મને માલિની છંદ યાદ આવ્યો "ननमयय-युतेऽयं 'मालिनी' भोगिलोकैः" આમાં પહેલા ભાગમાં જોરથી પાંખ મારવાની ઉતાવળ છે અને અંતે यं ના યતિ પર થોડો વખત સ્તબ્ધ રહી પછી માલિનીને છૂટી વહેતી મૂકી દેવામાં આવે છે. પાકોળીઓ, બરાબર આ જ રીતે ઊડે છે.

* * *

કોઈ સોગનપૂર્વક કહી ન શકે કે આકાશ સાવ ચોખ્ખું છે એટલા માટે જ જાણે આજે દક્ષિણ તરફ અને ઉત્તર તરફ આછાં વાદળાંઓની વીચિ છે. સિંહાસન ઉપર બેઠેલા રામચંદ્રના મુખ ઉપરનું જાણે સૌમ્ય સ્મિત જ.

જેલ બહારનાં ઝાડ કાલના વરસાદથી તાજાં થઈ પ્રસન્ન ગીતો ગાય છે. આગળના ભાગમાં કોકના ઘરમાંથી ધુમાડો નીકળે છે. એનો ભૂખરો રંગ ઝાડના લીલા રંગમાં ઘૂસીને પોતાનું સૌંદર્ય વધારે છે. પણ આજે આ કાગડા આટલા ચિંતાગ્રસ્ત કેમ દેખાય છે? તેમને વરસાદની જરૂર ન હતી કે શું! તેમના બિચારાના માળા રાત્રે ભીંજાયા હશે. બીજું શું હોય?

ઝાડમાંથી સૂર્ય બહાર આવતાં જ કેટલાક કેદીઓએ એને નમસ્કાર કર્યા. ગામડાંના લોકો સૂર્યને નમસ્કાર કરવાનું હજી ભૂલ્યા નથી. અને તેમ કરતાં તેઓ શરમાતા પણ નથી. "અમે સૂર્યને નમસ્કાર નથી કરતા પણ સૂર્ય દ્વારા પ્રગટ થતા સનાતન પુરુષને એટલે કે પરમાત્મ-તત્ત્વને નારાયણરૂપે નમસ્કાર કરીએ છીએ" એમ કહેવાની પણ એમને આવશ્યકતા નથી લાગતી. તત્ત્વજ્ઞાનના ઊંડા પાણીમાં તેઓ ઊતરતા ન હોવાને કારણે તેમને કશી મુશ્કેલી નથી ઉદ્ભવતી.

૬–૪–'૩૨

જેલમાં ગૂડી પડવો

ગૂડી પડવો એટલે અમારો મહારાષ્ટ્રીઓનો વર્ષારંભનો દિવસ. બપોરે જ ખબર પડી કે આજે પડવો છે. શાસ્ત્રના વિધિ પ્રમાણે આ દિવસે સ્વાદમાં કડવા, પણ પરિણામે પથ્યકર એવા લીંબડાનું ભક્ષણ કરવાનું હોય છે. જેલમાં લીંબડો ક્યાંથી કાઢવો? પણ જેલજીવન એ જ આજકાલ ખરેખરું લિંબભક્ષણ છે. અને એનો યથેચ્છ આસ્વાદ લઈ રહ્યા છીએ. કાલથી જ તકલીને બદલે રેંટિયા ઉપર કાંતવાની શરૂઆત કરી, અને આહારમાં પણ કાલે જ ફેરફાર થયો. આ પણ એક 'યોગાનુયોગ' જ.

કાલે રાત્રે બરાબર આઠ વાગ્યે સામેની બૅરેક ઉપર ચિત્રા અને સ્વાતિ એ બેનો ઉદય થયો, ચિત્રા એ મારું જન્મનક્ષત્ર એમ કોઈકે કહ્યું છે. ચૈત્ર મહિનાની રાતે चित्रानीता रात्रयः હોય છે. સાંજને વખતે ચિત્રા ઊગે છે અને આખી રાત આકાશમાં હોય છે. પ્રથમ કોઈકે મને કહેલું કે મારું જન્મનક્ષત્ર રોહિણી. શ્રીકૃષ્ણનું અને મારું જન્મનક્ષત્ર એક જ, એમ માની મને અભિમાન જેવું લાગતું હતું. આ નિર્ણય ગણિત જ્યોતિષીઓના હાથમાં ન હોત અને મારી પસંદગી ઉપર હોત તો હું એમાંથી કયું નક્ષત્ર પસંદ કરત? કોણ જાણે. પણ હવે તો ચિત્રા ઉપર જ ભક્તિ બેઠી છે. મારો જન્મ કારતક વદ દશમીને દિન સવારે

લગભગ દસ વાગ્યે થયો છે. આટલા ઉપરથી જન્મનક્ષત્ર કાઢવું શક્ય હોય પણ ખરું.

આજે પરોઢિયે શ્રવણના ઉદયથી શ્રવણ નજરની બહાર જાય ત્યાં સુધી આકાશ જોયું. પણ વિશેષ આકર્ષક લાગ્યું નહિ. આવું કોઈક જ વાર થાય છે.

આજે આકાશમાંનાં વાદળાંઓમાં પશ્ચિમાભિમુખ થોડાક પટા સિવાય બીજું કાંઈ જ ન હતું. વધુ આહ્લાદક તો અત્યંત સૌમ્ય અને પૌષ્ટિક એવો ઠંડો પવન જ છે. આ પવનથી આરોગ્ય વધે છે કે કેમ એ તો કોણ જાણે પણ આરોગ્ય જણાય છે એમાં શંકા નથી.

૭-૪-'૩૨

સુરધનુ અને મેઘગર્જના

રાત્રે થોડોક વરસાદ પડવાથી વાતાવરણમાં ખૂબ ઠંડક હતી. સાંજનું સુંદર ઇંદ્રધનુષ્ય મનમાંથી સહેજે ખસે એમ ન હતું.

જો ઇંદ્રધનુષ્ય દેખાય તો તે બીજાને દેખાડવું નહિ એવી એક જૂની શિખામણ છે. આનું શું કારણ હશે? સામો માણસ આવીને જુએ ત્યાં સુધીમાં જો એ અદૃશ્ય થઈ જાય તો મશ્કરી માનીને એ ચિડાય એ કારણ હશે? કે પછી બીજો આપણા જેવો રસિક ન હોય અને આપણું બોલાવવું એને ન ગમે અને એની અરસિકતા આપણને નડે એ કારણ હશે? કે પછી ઇંદ્રધનુષ્યમાં ઇંદ્રજાળ જેવો કાંઈ જાદુ છે કે જેથી કામણટૂમણની શંકા રહે એવી માન્યતાને લીધે હશે? જૂના લોકો એકાદો નિયમ કરી આપે છે અને એનું કારણ કહેતા નથી. કારણ કહે નિયમનું ગાંભીર્ય ઓછું થઈ જાય છે. લોકો નિયમથી ડરતા નથી અને પોતાનું માથું ચલાવે છે. આ તેમનાથી સહન થતું નથી. અને જ્યારે કારણ કહે છે ત્યારે પણ કોઈ કોઈવાર ખરું કારણ છુપાવી કાલ્પનિક, ભયાનક કારણ સામે આણે છે. બીક અને લાલચ બંનેની ડગલે ને પગલે મદદ લેનાર સમાજધુરીણો વિષે શું કહેવું? આપણા સમાજમાં જે અસત્ય બાધાઈ વ્યાપી છે, બુદ્ધિની મંદતા વધી છે, એની જવાબદારી આવા લોકો ઉપર જ છે.

મેઘ, ઇંદ્રધનુષ્ય વરસાદની ઝડી અને વિદ્યુલ્લતાનું નૃત્ય આટલું જોયા પછી ઉર્વશીને માટે ગાંડા થનાર પુરુરવાની યાદ કેમ ન આવે?

રાતે એકાએક ગાજવીજ અને મેઘગર્જના શરૂ થતાં નાનાં છોકરાંઓ કેવાં ગભરાઈ જાય છે! મારા શૈશવમાં મારી શી સ્થિતિ થયેલી એનું મને સ્મરણ છે. પણ જ્યારે હું દસ બાર વર્ષનો હતો તે વખતે મારી નાની ભત્રીજીની થયેલી ગભરામણ જોઈ મને તો સૃષ્ટિરચના ઉપર ચીડ જ ચડેલી. પરમાત્માના મનમાં આ નાના અર્ભક વિષે કાંઈ જ કોમળતા નહિ વસતી હોય? ક્યાં આ નાજુક ભોળી છોકરી અને ક્યાં એ આકાશકટાહને વિદીર્ણ કરનાર વીજળીનો ભયાનક કડાકો! ઈશ્વરે થોડીઘણી તો દયામાયા રાખવી જોઈતી હતી. આમ તે વખતે તો થયા વગર રહ્યું નહિ. તે વખતે કાંઈ મેં શાકુંતલ વાંચ્યું ન હતું. ફૂલો અને અગ્નિ, આશ્રમનું હરણું અને બાણ, એમના સંયોગ વિરુદ્ધ તકરાર કરનાર તાપસીઓની મને ઓળખાણ થઈ ન હતી. હવે થાય છે કે સૃષ્ટિની ભીષણ સુંદરતા છે તે જ યથાર્થ છે. તેની દીક્ષા મળ્યા સિવાય જીવન વાસ્તવિક થઈ શકતું નથી.

અમારી પાસે જો સૂક્ષ્મકાલમાપક યંત્ર હોત તો વીજળીનો ચમકાટ અને મેઘનો ગડગડાટ એ બે વચ્ચેનું કાલાન્તર માપીને કેટલે દૂરથી અવાજ આવ્યો એ અમે કાઢી શકત. આજે ગમે તેટલી ઊંચાઈએ હવાઈ જહાજો જાય છે. એમની આસપાસ વીજળી પડવા માંડે અને ગડગડાટ થવા લાગે ત્યારે આકાશયાનની શું દશા થતી હશે? વીજળી પડીને આકાશયાન તૂટી પડયાનું આપણે ક્યાંયે વાંચ્યું નથી. આ આશ્ચર્ય નથી શું?

આજ સવારના પૂર્વ તરફનાં વાદળાં વિજયનગર હંપીના પહાડ જેવાં દેખાતાં હતાં. મોટા મોટા વાંકાચૂકા ગોળ પથરાઓના ઢગલા એટલે જ હંપીના પહાડ. એ પ્રાચીન પથરાનું સ્મરણ આ બાષ્પમય મેઘોએ કરી દીધું! એમનાં છિદ્રોમાંથી પછીથી જ્યારે સૂરજે પોતાનાં મયૂખ હાથની આંગળીઓની જેમ ફેલાવ્યાં ત્યારે એ પંઝો કે પંખો જોવા જેવો હતો. ઠેઠ ઉત્તરથી તે દક્ષિણ સુધી એ

ફેલાયેલો હતો. અને વચમાં વચમાં નાનકડાં ધોળાં વાદળાં, "અમે તો નાનાં, અમને કોની હરકત ?" એમ કહેતાં આમતેમ ગમે ત્યાં ફરતાં હતાં.

સૂર્યની આસપાસ કેટલાંક વાદળાં ઉપર ઇંદ્રધનુષ્યના રંગો અસ્તવ્યસ્ત ફેલાયા હતા. તાંબાનું વાસણ ચોખ્ખું માંજીને તડકામાં રાખીએ ત્યારે કેટલીક વાર આવો રંગ એના ઉપર દેખાય છે. પણ મદ્રાસમાં કૉંગ્રેસને વખતે સાંજને સમયે સૂર્યની આસપાસ જે પિરોજી રંગ ખીલ્યો હતો તેની સુરખી કોઈમાં પણ આવવાની જ નથી.

૧૩–૪–'૩૨

બે બહેનપણીઓ

હિંદુ કુટુંબમાં નવપરણિત જોડાએ એકબીજા જોડે ન બોલવાનો રિવાજ હોય છે. આ નિયમ આજના યુગમાં ચલાવવા જેવો નથી એ ખરું પણ એ નિયમમાં એક પ્રકારનું કાવ્ય અને હિત હતું એ જાણવું જોઈએ. બોલવાની મનાઈ હોવાથી ચોરીછૂપીથી બોલવામાં જીવનરસ વધુ મળતો. આ કાંઈ પ્રત્યક્ષ લાભ ન કહેવાય. એ તો કીમતી પણ આનુષંગિક લાભ ગણાય. મુખ્ય લાભ તો વધુવર એકલપેટા ન થતાં આખા કુટુંબમાં ઓતપ્રોત થાય છે એ છે.

*　　　*　　　*

રાત્રે આકાશમાં વાદળાં આવીને બધા તારા પડદાનશીન થતાં, તારાઓ જોવાની ઉત્કંઠા વધે છે. અને ક્વચિત્ ક્વચિત્ પાતળા મેઘના ઝીણા બુરખામાંથી એકાદ તારકા સ્પષ્ટાસ્પષ્ટ લફલફ થવા માંડે ત્યારે આ અવગુંઠનવતી વળી કોણ છે એવું કુતૂહલ ઉત્પન્ન થઈને એનો તાગ કાઢવાની ધૂન જાગે છે. કોઈ કોઈ વાર રાતોની રાતો પસાર થાય તો પણ એકે તારા ન દેખાતાં નિરાશ થઈને હવે ચાર મહિના તારાદર્શન જ છોડી દેવું એવો નિરધાર કરવાનો વિચાર મનમાં કરીએ ત્યાં તો રાત્રિની રાણી સ્વાતી અને

તેની સખી ચિત્રા બન્ને એકદમ દેખાવા લાગે છે. આ જોડીનું દર્શન થતાં શેની નિરાશા અને શેનો નિરાધાર? સામેની બરાકના મોભથી તે અમારા છાપરાનાં નેવાં સુધીનો એ બન્ને જણીનો પ્રવાસ તાકીને જોતાં તો આપણે સરકારના મહેમાન છીએ એ વાત પણ ભૂલી જઈએ છીએ. આજકાલ આ બે જણીનો દર્શનકાલ રાતના આઠનો છે. રાત્રે બે વાગ્યે ઊઠીને જો જોઈએ તો વીંછીભાઈ પોતાના ડંખ ઉપર ઊભેલા જણાય છે. ત્યાર પછી શ્રવણનું આરોહણ શરૂ થાય છે. શનૈશ્ચરની પોતાની ગતિ ગમે તેટલી મંદ હોય તો પણ આકાશના કટાહમાં તેને શ્રવણની પાછળ પાછળ પસાર થવું જ પડે છે. શ્રવણનું બાણુ અભિજિત અને શનિ એ બેની વચ્ચોવચ એક લીટીમાં આવ્યું છે તેથી શનિ અને અભિજિત એ બે વણકરો અહીંથી તહીં કાંઠલો ફેંકવાની રમત રમતા હોય એવા દેખાય છે.

૧૪–૪–'૩૨

મેઘનૌકા

પરોઢિયે પાંચ વાગ્યાના અરસામાં પૂર્વા ભાદ્રપદાનાં બન્ને નક્ષત્રો વાંકી ડોક કરીને ગેંદ રમતાં ઉપર આવે છે. પણ કૃષ્ણમેઘ તેમની તે લીલા આજે પૂરતી જોવા પણ દેતા નથી. અંધારી રાતે વાદળાંને આકાશમાં અસ્તિત્વ હોય છે પણ આકાર નથી હોતો. કેટલા ભાગના તારા તેમણે હોઇયાં કર્યાં છે તે જોઈને તેમના વિસ્તારનું કેવળ અનુમાન કરાય. તેમનું આ આવું સ્વરૂપ કંઈક ભીષણ પણ હોય છે. મધરાતે દરિયામાંથી દીવા હોલવીને કોઈ વહાણ જતું હોય તો તે જેમ કાળપુરુષ જેવું ભાસે તેવાં આ વાદળાં ભાસે છે.

સામાન્યપણે મેશ જેવા કાળા ચોમાસિયા દરિયામાં ગણ્યા-ગાંઠ્યા દીવા સાથે વહાણ પ્રવાસ કરે છે. એથી ઊલટું આકાશના બધા વિસ્તારમાં તારાના દીવાઓ પ્રકાશતા હોય ત્યારે કાળીભમ્મર મેઘનૌકા પોતાપૂરતા મૂઠીભર દીવા હોલવીને ચોરની જેમ આકાશસાગરમાં ફર્યાં કરે છે. અને તેથી ભયની ભાવના સવિશેષ પ્રતીત થાય છે. ઉષા હસે નહિ ત્યાં સુધી એ ભીતિ કેમે કરીને દૂર થતી નથી.

અને આવાં ચાર પાંચ વાદળાં જ્યારે આકાશના જુદા જુદા ભાગમાં ફેલાયેલાં હોય છે ત્યારે તો કાવતરાબાજ લોકોનું ટોળું ઇશારાથી પોતાનું કૃષ્ણ કારસ્તાન ચલાવતું હોય એવો ભાસ થાય છે.

તારાઓ ઢંકાય કે નહિ એનું તારાઓને શું? પણ આપણે માટે કેટલો ફેર પડે છે!

૧૫-૪-'૩૨

ચોમાસી સંધ્યા

પ્રભાતદર્શન કે સાયંદર્શન લખવાનું તે પ્રાકૃતિક આનંદ વ્યક્ત કરવા માટે લખવાનું હોય. તેનો ઉપયોગ વાતાવરણશાસ્ત્રીના નિયમિત અહેવાલની જેમ જો કરવા માંડું તો તેમાં માહિતી કે વિજ્ઞાન તો ન જ આવે; ઊલટું કાવ્યાનંદમાત્ર સુકાઈ જાય. દિવસનાં વાદળાંનું શું કે રાત્રિના તારાનું શું, જ્ઞાન અને ઉપયોગિતાની દૃષ્ટિ મનમાં રાખીને તેમનો અભ્યાસ કે નિરીક્ષણ નથી કર્યું. કેવળ સાૌંદર્યપ્રતીતિ અને હૃદયની ભવ્યતામૂલક ઉન્નતિ એ બે વસ્તુઓની જ અપેક્ષા હંમેશ રાખી છે.

કાલે સાંજે ઉત્તર તરફ વાદળાંના સમૂહનાં ઊંચાં ઊંચાં શિખરો એકબીજા સાથે હરીફાઈ કરતાં ભીડ કરી ઊભાં હતાં. કોઈ જૈન મંદિરમાં જેમ અનેક જાતનાં શિખરોનું સંમેલન ભરાયેલું હોય છે તેવો તે દેખાવ હતો. આ શિખરોનું સ્થાયિત્વ જાણે મન પર દૃઢ કરવા માટે જ બે નાના કૃષ્ણ મેઘ પશ્ચિમથી પૂર્વ તરફ તેમની સામેથી ઢસડાતા જતા હતા. પાછળની બાજુએ નીલવર્ણ આકાશ, આગળની બાજુએ ભીની ભસ્મના જેવા શામળા પટા, અને વચ્ચે જાણે ઉત્સાહના ફુવારા ન ઉડાડતાં હોય એવાં ધવલ શિખરો આમાંથી કોણ કોને શોભાવતું હતું તે કહેવું મુશ્કેલ. એટલું ખરું કે ત્રણેનું સંધ્યા સમયનું સૂર્યોપસ્થાન એકાગ્ર મને ચાલતું હતું.

અને સૂર્ય? આકાશમાં જ રૂપાળાં વાદળાંનો દરિયાકિનારો બનાવી ત્યાં તે રમતો હતો. સેવકગણ બધા ખડી તાજીમ કરે છે

એટલા જ ખાતર રાજપુત્રો આખો વખત ગંભીર થઈને બેસી જાય તો તેઓ રમે ક્યારે? અને ભક્તગણ વિગલિત-વેદ્યાંતર થઈને અખંડ સ્તુતિ કરે છે માટે દેવો ધ્યાનમૂર્તિ થઈને બેસવા જાય તો અજરામર સ્થિતિનો સ્વર્ગીય આનંદ તેઓ ક્યારે માણે?

અને સૂર્ય કંઈ અઠ્ઠાવીસ યુગો સુધી કેડ ઉપર હાથ દઈ ઊભો રહેનાર વિઠોબા નથી. તેને અરુણને સાથે લઈ ઉષાને મંદિરે જવાનું હોય છે; ભૈરવી રાગ સાંભળતાં સાંભળતાં આકાશનો ઊંચો માર્ગ ચડીને ભૈરવ મહાદેવને દર્શને જવાનું હોય છે. બપોરે સારંગ રાગના ભવ્ય આલાપ સાંભળતાં સાંભળતાં યમરાજના કૂતરાની જેમ જીભ બહાર કાઢી હાંફતા અપરાહ્નને પશ્ચિમ તરફ હાંકી કાઢવાનો હોય છે. આટલું થયા પછી થાક્યોપાક્યો સૂરજ જો પોતાના ઘોડાઓને વિસામો આપવા માટે સંધ્યાના સુવર્ણરંગી ગોચરમાં ચરવા માટે છૂટા કરી દરિયાકિનારે રમવા માંડે તો ભક્તો તેની સામે કેમ તકરાર કરી શકે?

જેલમાં પુરાયા પછી અમારે ભાગે આવતું આકાશ તે કેટલું? ચોમેરની ભીંતોને લીધે ક્ષિતિજનું દર્શન થવું તો અશક્ય જ. ફરવાનું પણ મર્યાદિત જ. આવી સ્થિતિમાં રોજ નવું નવું તે શું જોવા મળે? અને સંધ્યા સમયે ઠેઠ માથા ઉપરના ખસ્વસ્તિક તરફ કંઈ જ જોવાનું હોતું નથી અને છતાં મેઘ, સંધ્યા સૂરજ, અને પક્ષીઓ મળી કેટલી નવી નવી પ્રતિભા રોજ નિર્માણ કરે છે! કાલે સાંજે વીશાની બાજુએ સૂર્યાસ્ત જોવા જેવો હતો. વાદળાં કેવળ ચાંદીનાં હતાં. તેમના ઉપર સોનાનો ઢોળ ચડાવવા જેટલું મોડું થયું ન હતું. પણ વાદળાં વર્ષાઋતુનાં હોઈ સજલ હતાં; સૂર્યનાં કિરણોને કેમ નચાવવાં તેની કલા તેમને જન્મથી જ અવગત. પ્રથમ ક્ષણે સૂર્ય તો સંન્યાસ લીધેલા કોઈ સમર્થ પુરુષ જેવો પ્રભાવશાળી પણ પ્રભાવિહીન એવો દેખાતો હતો. બીજી જ ક્ષણે વાદળાંની બારી જરા ઊઘડી અને બંધારો ફૂટતાં જેમ રોકી દીધેલું પાણી ચોમેર દોડવા માંડે તેમ સૂર્યનાં કિરણ વાદળાંની ટેકરીઓ ઉપર નાચવા લાગ્યાં. આવો લહાવો દૃષ્ટિ આગળ ક્ષણજીવી હોય તોયે સ્મૃતિમાં તો ચિરકાલ ટકી રહે જ છે.

૧૫-૪-'૩૨

રાતની શોભા

કાલે રાત્રે સળિયાના દરવાજાને માથું અઢેલીને સૂતો હતો ત્યારે ચંદ્ર મઘાના પેટમાં ઘૂસી ગયેલો દેખાયો. ચિત્રા અને ચંદ્રમાની જોડી જેવી આ સુંદર જોડી કોની છે તેની તપાસ કરતાં જણાયું કે તે મઘાની યોગ તારા છે. પણ આ શોભા અર્ધો કલાક પણ જોવા મળી નહિ. ચંદ્ર પાસે હોવાથી ફાલ્ગુની ફીકી પડી ગઈ હતી. થોડા વખત પછી ચિત્રા અને સ્વાતીની તારકાઓ ઉપર આવી. સપ્તર્ષિનું પૂછડું એક બાજુએ માંડ દેખાતું હતું. કાલે જ મહાભારતમાં સપ્તર્ષિઓ અને તેમની પત્નીઓની વાર્તા વાંચી હતી. અરુન્ધતીનું રૂપ લેવાની સ્વાહાની હિંમત ન ચાલી એટલું પ્રખર અરુન્ધતીનું પાવિત્ર્ય. પણ અરુન્ધતી તે રાત્રે કંઈ દેખાઈ નહિ.

સાંજે ચંદ્રે સંગાથ માટે બે ત્રણ વાદળાંને સાથે લઈ લીધાં હતાં. પણ અંધારું થતાં પહેલાં જ તે ઓગળી ગયાં ને ચંદ્ર પાછો એકલો ને એકલો જ રહ્યો. પણ તેને લાંબો વખત એકલા રહેવું પડયું નહિ. તારકાઓએ તેની આસપાસ ઘેરો ઘાલ્યો અને તરત જ ચંદ્રનો મુખચંદ્રમા પ્રસન્ન દેખાવા લાગ્યો.

પરોઢિયે ટાઢ સારી પેઠે હતી. ખાસ ચીડવવાના ઉદ્દેશથી, લાગણી દુભાય એવી મશ્કરી કોઈ કરે અને આપણને લાગી આવે

એવી વળગણી એ ટાઢ હતી. પણ આખરે મશ્કરી તે મશ્કરી. એની ચીડ કેટલો વખત ટકે! મશ્કરી વિનોદમાં જ પરિણમે; અબોલામાં નહિ. તે જ પ્રમાણે બાલરવિનો કુમળો તડકો વખતસર આવ્યો ને તેણે એ ટાઢનો અંત આણ્યો.

મળસકે વાદળાંથી આકાશ ઢંકાયેલું હતું. તો પણ તેમાં વાદળાંના જાડા પાતળાનો ભેદ હોવાથી આછા ભૂરા રંગના આરસપહાણના પથરામાં જેમ ઘેરા રંગનાં ટપકાં હોય છે તેવી શોભા આકાશમાં દેખાતી હતી. આખો દિવસ આકાશ વાદળાંથી ઢંકાયેલું જ રહેવાનું છે કે શું એવી શંકા મનમાં થતી હતી પણ બીજી જ ક્ષણમાં તે બધું જતું રહ્યું અને આકાશ સીતાની કીર્તિની જેમ પૂરેપૂરું સ્વચ્છ થયું.

૧૭–૪–'૩૨

અવ્યક્ત સૌંદર્ય

કોઈ પણ દર્શનમાં આકૃતિ, ગતિ માર્દવ યા કાઠિન્ય, રંગ અને કાન્તિનું જ વર્ણન આવવાનું. એની બહારનું કેટલુંય સૌંદર્ય આપણે પ્રતિદિન નજરે જોઈએ છીએ પણ તેનું પૃથક્કરણ કરી તેની જુદી જુદી છટાઓ માટે સર્વમાન્ય સંજ્ઞાઓ ભાષાએ નક્કી કરેલી ન હોવાથી તેનું વર્ણન આપણે શબ્દમાં કરી શકતા નથી. મૂંગાને એકાદ સુંદર સ્વપ્નું આવે તો તે બીજાને શી રીતે જણાવે? તેને તે પોતાની અંદર જ જીરવવું રહ્યું. गूंगेको स्वपनो भयो समुझ समुझ पछताय।

* * *

રાત્રે ચંદ્રે ચંદ્રિકાનો વરસાદ વરસાવ્યો હતો. શુકલપક્ષમાં સંધ્યાનું ચંદ્રિકામાં થતું રૂપાંતર ઘણું અદ્‌ભુતરમ્ય હોય છે. બન્નેનો ઉલ્લાસ સરખો અને તુલ્યબલ હોવા છતાં સંધ્યાનો સંધિ-વૈભવ ને ચંદ્રિકાનો આહ્લાદ કંઈ જુદાં જ હોય છે. આ બન્નેના મિલનના પ્રસંગે તે વૈભવ અને આહ્લાદ એકત્ર મળવાથી જે ભાવ નિર્માણ થાય છે તેનું કવિઓએ હજુ નામ પાડયું નથી, એ તેમનો ગુનો જ કહેવાય. રૂપયૌવના યુવતીને પ્રથમ માતૃપદ પ્રાપ્ત થતાં તેના મુખ ઉપર જે વૈભવયુક્ત સ્થિર શાંતિ પથરાયેલી દેખાય છે તે જ છટા પ્રકૃતિદેવીના અંગપ્રત્યંગો ઉપર તે વખતે દેખાય છે. ચંદ્ર આકાશમાંથી આ બધું જોઈ શકતો હશે ખરો?

સાંજે વાંચવામાં ગરકાવ થઈ ગયાને કારણે પ્રાર્થના જરા મોડી થઈ પણ તેથી એક લાભ એ થયો કે ચિત્રા અને સ્વાતિ પણ

સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ સાંભળવા માટે ઉપસ્થિત થઈ શકી. બન્ને ક્ષિતિજ ઉપર એકી વખતે ઊગતી હોય છે તો પણ ચિત્રાનાં પગલાં હળવાં અને દૂર દૂર પડવાને કારણે તે ઝડપથી ઉપર ચડે છે. જ્યારે સ્વાતિ પોતાના તેજના ભારથી અલસગમના હોય એ સ્વાભાવિક જ છે. ચંદ્ર ગઈ કાલ કરતાં આજ કંઈક નજીક આવેલો છે. આવતી કાલે તે ચિત્રાને મંદિરે પહોંચી જશે. સ્વાતિનું લાવણ્ય વધારે; પણ ચંદ્ર ચિત્રાનું જ સાન્નિધ્ય પસંદ કરે છે. ચિત્રા છે જ એવી નિખાલસ વૃત્તિની.

આજે સવારે આકાશે સર્વત્ર એકરૂપ થવાનું પસંદ કર્યું હતું. વાદળાં તો હતાં જ નહિ પણ નીલ વર્ણ સાથે પ્રભાતની જે ગુલાબી છટા ભળી જાય છે તે પણ પૂર્વથી પશ્ચિમ સુધી એક સરખી પથરાઈ ગઈ હતી. આ ગુલાબી છટા જ્યારે કલ્પનાના પ્રાથમિક સ્ફુરણ જેટલી પાતળી આછી હોય છે ત્યારે તે એટલી પારદર્શક હોય છે કે તેમાંથી આકાશનો નીલ વર્ણ સ્પષ્ટપણે દેખાય છે અને આ રંગ પ્રસન્નતા અને વિલાસિતાની વચલી સ્થિતિનો પૂરેપૂરો દ્યોતક બને છે.

નાહવાની જગ્યાથી પશ્ચિમ તરફનાં વાદળાં કેવાં નીલવર્ણ દેખાય છે! અનંત આકાશ અને દૂરવર્તી સનાતન પર્વત બન્નેનો રંગ ભૂરો હોય છે. બન્નેને એ રંગ શોભી નીકળે છે. પણ આકાશમાંનાં વાદળાં જો તેવો જ રંગ ધારણ કરે તો બધે વિશ્રી ફેલાઈ જશે.

વિશ્વની અનંતતાનો વિચાર કરી પહાડોને પણ ક્ષણજીવી કહેનારો અને પહાડોને આકાશમાંના મેઘોની ઉપમા આપનાર કવિ ક્યાં કોઈએ દીઠો છે? સાંભળ્યો છે?

ડીન ઇન્જના પુસ્તકમાં આવા કવિની ચાર પંક્તિઓ વાંચવા મળી.

The hills are shadows and they flow,
From form to form, and nothing stands;
They melt like mist, the solid lands,
Like clouds they shape themselves and go.

૧૮–૪–'૩૨

કાબરો અને પાકોળીઓ

પૂર્વ તરફ બંને છેડે બે આંબાનાં ઝાડ છે. નાની નાની કેરીઓ તે ઉપર બહુ મઝાની લટકી રહી છે. પવનથી ડાળીઓ હાલવા લાગે એટલે આ કુમળી કેરીઓ પણ આનંદથી ડોલવા માંડે છે. વાંદરાનાં બચ્ચાં જેમ માના પેટે વળગીને નિર્ભયતા મેળવે છે તેમ જ આ કુમળી કેરીઓ નિર્ભયતાથી આંબાની ડાળે લટકીને જમીનથી આપણે કેટલાં બધાં ઉપર ઊંચાં છીએ એમ મનમાં ને મનમાં સાભિમાન આનંદ માણે છે.

આકાશમાં તે ને તે જ પાકોળીઓ અને કાબરો રોજ ઊડતાં આવતાં હશે કે નવાં નવાં એ કોણ કહી શકે? કાબરો તો જાણે બહુભાષી છે જ. પક્ષીઓના અવાજ જેટલી જાતના તેમના કાને પડે તે બધા સાંજ સુધી તેઓ મુખોદ્ગત કરી લે છે. અને પાકોળીઓ તો પોતાની ગતિને કારણે જ આ આખું વિશ્વ અસ્થિર છે એમ કહેતી ફરે છે. ઊડતાં ઊડતાં પાકોળીઓ જ્યારે ઘરમાં પેસી જાય છે ત્યારે છાપરાનાં નેવાં નીચેની પટ્ટીઓ સાથે પોતાનું માથું અફાળી તેમનું માથું ફૂટી જશે કે કેમ તેની આપણને પ્રતિક્ષણ ચિન્તા થાય છે. પણ આટલી ઝડપથી આવતાં પણ તેમની નેમ કોઈ કાળે ચૂકતી નથી.

અંતરના વિચાર વ્યક્ત કરી હૃદયોની એકતા સાધવાનું ભાષા એક સાધન છે એમ આપણે માનીએ છીએ પણ ભાષાથી કેટલાય ગોટાળા થાય છે. પક્ષીઓ કઈ ભાષા બોલે છે? દુનિયામાં ગમે ત્યાં જાઓ, કાગડાની ભાષા એકસરખી જ હોય છે. દરેક જાતનાં પક્ષીઓ દુનિયાભરમાં એક જ ભાષા બોલી સંતોષ માને છે. એક ભાષા છે માટે સ્વર્ગ સુધી પહોંચવાનો મિનારો તેમણે નથી બાંધ્યો. અથવા બીજા કોઈ પણ મહત્ત્વાકાંક્ષી મનોરથો સેવી તે પાર પાડચા નથી અને તેમનામાં સામાજિક ઝઘડા પણ નથી. ભાષા ખીલવીને માણસ શું કમાયો? પ્રગતિનો રોગ પોતાને વળગાડી લેવા સિવાય બીજું તેણે કશું કર્યું નથી.

૧૯–૪–'૩૨

ચાંદરણાનું ઘોડાપૂર

રાતે ચંદ્રકિરણોનો ધોધ મારી ઓરડીમાં આવ્યો અને આખી ઓરડી રજત પ્રકાશથી તરબોળ કરી ગયો. તે પ્રકાશમાં તરતા તરતા જ મેં પ્રાર્થના કરી. આખી દુનિયાને ગાંડી બનાવી દઈને પોતે અનાસક્ત રહેનાર ચંદ્રપ્રકાશ કોઈ સ્થિતપ્રજ્ઞ યોગી જ હોવો જોઈએ. રાતે બે વાગ્યે ઓરડીમાં અંધકારે પ્રવેશ કર્યો તોય બહાર તો ચંદ્રપ્રકાશની ઝડી ચાલુ જ હતી.

પરોઢિયે ડાબી બાજુએ એટલે ઈશાનખૂણા તરફ લક્ષ્મી (કેસિઓપિયા) આજકાલ દેખાવા લાગી છે. અગ્નિખૂણામાં યામ-મત્સ્ય ડોકિયાં કરવા લાગ્યો છે. અને વચ્ચે ભાદ્રપદાઓનું ચોરસ આસન જરાક વાંકું એવું પથરાયેલું છે. ભાદ્રપદાની માત્ર ત્રણ તારકાઓ જ દેખાય છે. ચોથા ખૂણાની તારા ઉપર આવે તે પહેલાં જ પૂર્વ તરફનો પ્રભાતનો પ્રકાશ તેને ગળી જાય છે. પછી જોતજોતામાં બાકીના ત્રણ તારાઓ પણ પ્રાચીના ઉદરમાં પ્રવિષ્ટ થઈને દેખાતા બંધ થાય છે. રાતે જેમ ચિત્રા અને સ્વાતીની જોડી હોય છે તેમ મળસકે પણ પૂર્વ તરફ તારકાની એક જોડી હોય છે. પણ તે કયા મંડળની હોય છે તે અત્યારે કેમે કરી યાદ આવતું નથી.

૨૦-૪-'૩૨

વાદળાં જ વાદળાં

આજ સવારે વાદળાંઓએ એક આખું સપ્તાંકી નાટક ભજવી બતાવ્યું. તારા દેખાતા હતા અને મળસકે જ કેટલાંક વાદળાંઓએ પોતાની કાળાશથી સલામ ભરી. ઓરડીમાંથી અમે બહાર નીકળ્યા તેટલામાં તો એ જ વાદળાં આકાશમાં ઊંચે ચડયાં અને તેમણે છાશની ધોળાશ ધારણ કરી; પરિણામે તેઓ તદ્દન ભારશૂન્ય દેખાવા લાગ્યાં. વાદળાંનું ગૌરવ હોય કે લાઘવ બન્ને નયનમનોહર હોય છે.

આ વાદળાંની પૂંઠે પૂંઠે જ બીજાં વાદળાં આવી ચડયાં. એટલાં જ પાતળાં પણ જરા વિલંબી તેથી તેમનો ચહેરો મોહક શ્યામવર્ણ દેખાતો હતો. કેટલાંક વાદળાં તદ્દન સફેદ અને કેટલાંક શ્યામવર્ણ એવો જ્યારે સ્પષ્ટ ભેદ પડે છે ત્યારે એ વિરોધનું જ એક આકર્ષણ ઊપજે છે. અમે અનાસક્તિની ચર્ચામાં ગરકાવ થઈ ગયા હતા એટલામાં સૂર્યનારાયણે પોતાના કોમળ કરનો સ્પર્શ કરી તે વડે માથા ઉપરનાં વાદળાંને રક્તવર્ણે અનુરક્ત કર્યાં. કેટલાંક વાદળાં શરમાઈને બીજાં વાદળાંની પાછળ સંતાવા લાગ્યાં. સૂર્યે તેમને ગલીપચી કરવાની ઉતાવળ કરી નહિ. તેઓ પોતાની મેળે જ હિંમત ધરી આગળ આવે એવી તેની અપેક્ષા જણાઈ. સૂર્યનો વધતો વિક્રમ કોણ જાણતું નથી? જોતજોતામાં બધાં વાદળાં સોનેરી કિનારવાળાં થયાં. આ સોનેરી રંગ આ ભાગમાં થતાં પદ્મિનીનાં ફૂલોના રંગ જેવો બરાબર હતો.

સોનેરી રંગ લાંબો વખત ટકે તેમાં મજા નથી. સંસ્કારી વિનોદની જેમ તેની લહેરો આવે ને જાય તેમાં જ ખરી મજા છે.

૨૦-૪-'૩૨

ચામાચીડિયાં

વાલખિલ્યોની જેમ પોતાની જાતને ઝાડે ટિંગાડીને તપશ્ચર્યા કરતાં ચામાચીડિયાં સરજીને ઈશ્વર કયો પ્રયોગ કરવા માગે છે તે સમજાતું નથી. બતકોને જેમ તેણે ચામડાના પગ આપ્યા તેમ ચામાચીડિયાંને તેણે ચામડાની પાંખ આપી. પણ એ પાંખ પણ શી રીતે કહેવાય? ઊડવાના પગ એમ જ કહેવું જોઈએ. બતકના પગ તરવા માટેનાં હલેસાં અને ચામાચીડિયાંના પગ ઊડવા માટેના સઢ.

ઊભા ઊભા ટાંટિયા પહોળા કરી, ડોક નીચે નમાવી, ઊંધી આંખે જગત કેવું દેખાય છે તે જોવાની નાનપણમાં ભારે મજા પડતી. * સાતારાના અમારા મહોલ્લામાંથી અજિંક્યતારા કિલ્લો દેખી શકાતો. એ પગ વચ્ચેથી જોતાં એ કિલ્લો વધારે આકર્ષક અને કાવ્યમય લાગતો, તે વખતે મનમાં એવી એક કલ્પના આવી કે બધા જ માણસ આખો વખત એવી રીતે જોવા માંડે તો પછી તેમાં કશી નવીનતા નહિ રહે. અને એ દર્શન જ સવળું લાગવા માંડે; અને કોઈ માણસ જો ઊંધું લટકતું માથું અહંકારથી ખભે ચડાવી આસપાસ દૃષ્ટિ ફેરવે તો આજે જે જગ સૂલટું દેખાય છે તે જ તેને ઊલટું દેખાવા લાગે; અને તેમાં જ તેને કાવ્ય અનુભવવા મળે. ચામાચીડિયાં તો ઊંધાં ટિંગાઈને દુનિયા જોઈ શકે છે અને ઊડતી વખતે સવળાં થઈને પણ તે નિહાળી શકે છે. આ પ્રાણીઓને આ ઉભયદૃષ્ટિનો અસાધારણ લાભ છે.

પણ ચામાચીડિયાં સાચે જ જોઈ શકે છે ખરાં? દહાડે તો તેમની આંખો તેજથી અંજાઈ જ જાય છે. પણ રાત્રેય તેઓ આંખે દેખતાં નથી પણ પોતાની પાંખોથી હવામાં જે આંદોલનો પેદા થાય છે તે આજુબાજુના પદાર્થો સાથે અથડાઈને પાછાં આવે ત્યારે તેમનો ચામાચીડિયાંના શરીર સાથે સંયોગ થાય છે અને પછી તે પ્રતિઆંદોલનો ઉપરથી આસપાસની સૃષ્ટિનું

---

* 'સ્મરણયાત્રા'માંનું આને લગતું પ્રકરણ જુઓ.

ચામાચીડિયાંને ભાન થાય છે એમ કહેવાય છે. આ જો સાચું હોય તો ચામાચીડિયાંઓ અક્ષરશઃ ચર્મચક્ષુ ગણાય અને કહેવાય. સર્પને કાન ન આપતાં આંખ વડે સંભળાવનાર ઇશ્વર ચામાચીડિયાંને આંખને બદલે ચામડીથી જોવડાવતો હોય તો તેમાં નવાઈ શાની? સ્વાદ લેવાની અને બોલવાની તદ્દન ભિન્નભિન્ન ક્રિયાઓ એક જ ઇંદ્રિય દ્વારા માણસો પાસેથી પણ તે કરાવે છે જ ને? એક જ અમલદારને બે સાવ જુદા જુદા હોદ્દા ઉપર નીમવાની પ્રથા જેમ આપણે ત્યાજ્ય ઠરાવી છે તેમ પ્રકૃતિએ તે હજી ત્યાજ્ય માની નથી એમ દેખાય છે.

ચામાચીડિયાંઓ દિશાએ ક્યારે જતાં હશે? ઊડતાં હોય ત્યારે કે લટકતાં હોય ત્યારે? બંને સ્થિતિમાં અગવડ તો ખરી જ.

પક્ષીઓની જાતો અનેક છે. એ બધાંથી ચામાચીડિયાંનું બધું જ ઊલટું; અને તેટલા માટે જ તેને નિંદ્ય ગણવામાં આવે છે. જે દુનિયાની પરિપાટીથી જુદો પડે તે કાં તો મહાત્મા હોવો જોઈએ કે પછી પાપી હોવો જોઈએ स वै मुक्तोऽथवा पशुः એમ માનવાનો માનવીનો સ્વભાવ જ થઈ પડેલો છે. અને પક્ષીઓની જ્યારે લડાઈ થઈ ત્યારે જે પક્ષનો જય થતો દેખાય તેમની પાસે જઈ 'હું તમારામાંનો જ છું' એમ ચામાચીડિયાએ કહ્યા વિષે લોકવાયકા છે અને આવી રીતે આંધળા થઈ ક્ષણિક સ્વાર્થ સાધવાના પ્રયત્નમાં ચામાચીડિયું બન્ને પક્ષનો વિશ્વાસ ખોઈ બેઠું એમ કહેવામાં આવે છે. કલ્પિત કથા એક રીતે અન્યોક્તિ અલંકાર જ ગણાય. પક્ષનિષ્ઠારહિત માણસને ઉતારી પાડવા ખાતર બિચારા ચામાચીડિયા જેવા વિચિત્રપક્ષ પ્રાણીને આપણે નિંદ્ય ઠરાવ્યું. બધાં પક્ષીઓ રાત્રે સૂતાં હોય ત્યારે રાક્ષસની જેમ નિશાસંચાર કરનાર ઘુવડ અને ચામાચીડિયાને માણસે અશુભ ઠરાવ્યું તેમાં નવાઈ શાની? દિવાભીત અને તિમિરપ્રિય પ્રાણી કોઈને પણ પ્રિય ન હોય; ઊલટું તેની બધાંને બીક જ લાગે એ તદ્દન સ્વાભાવિક છે.

* * *

માણસ દિવસે વધારે જોઈ શકે છે કે રાત્રે? વ્યવહારની દૃષ્ટિએ વિચાર કરતાં દિવસ રાત્રી કરતાં વધારે ઉપયોગી છે એ સાચું. પણ માણસ દિવસે બહુ જ ઓછું જોઈ શકે છે એ કબૂલ

કર્યે જ છૂટકો. દિવસે બહુ તો પૃથ્વી અને આકાશમાં એકલા સૂર્યને જ આપણે જોઈ શકીએ છીએ. અને રાત્રે? રાત્રે તો આપણે આપણા સૂર્ય જેવા હજારો સૂર્ય જેની તુલનામાં તદ્દન વિસાત વગરના ગણાય એવા મોટા મોટા અગણિત તારાઓ સહેજે જોઈ શકીએ છીએ. રાત જો ન હોત તો આ વિશ્વ કેટલું ભવ્ય અને પ્રચંડ છે તેની કલ્પના સરખી આપણને કદી પણ આવત નહિ. જેમ બુદ્ધિને લીધે માણસના મનનો વિકાસ થયો છે તેમ રાત્રિને લીધે આકાશનો થયો છે; અનંત અંધકારનો આવો મહિમા છે. આ અંધકારમાં જ જોઈ શકે છે તે ચામાચીડિયાની ફિલસૂફી બીજા કોઈ પણ પક્ષીની ફિલસૂફી કરતાં વધારે ગભીર અને વ્યાપક હોવી જ જોઈએ. પશુપક્ષીઓએ તેમને વગોવીને તેમનો બહિષ્કાર કરવાને બદલે પશુપક્ષીઓમાંના સંધિકારી દૂત કહીને તેમને પ્રતિષ્ઠા કેમ આપી નથી એની જ નવાઈ લાગે છે.

હશે. અહીં ઉત્તર તરફના ઝાડ ઉપર ચામાચીડિયાની એક મોટી વસાહત ભારે રુઆબથી રહે છે. પણ બપોરે તેમને કોઈ ત્રાસ આપતું હોવું જોઈએ. ઘણી વાર આ ચામાચીડિયાંઓ ઝાડ ઉપરથી ઊડીને ઘડી બે ઘડી પાણીના વમળ પેઠે આકાશમાં ચક્કર ચક્કર ફરતાં હોય છે.

શુકલપક્ષનો ચંદ્ર ગઈ કાલે પ્રસન્નપણે ઊગ્યો ત્યારે, 'તારી સાથે અમારું કંઈ વેર નથી એટલું જ નહિ પણ તારું ઉદારપણે સ્વાગત કરવા પણ અમે તૈયાર છીએ' એમ કહીને આ ચામાચીડિયાંઓ ઘરમાંથી — ઝાડ ઉપરથી — નીકળી પડયાં અને ચાંદનીમાં વિહાર કરવા લાગ્યાં.

બીજાં પક્ષીઓની જેમ ચામાચીડિયાં સવારસાંજ પ્રાર્થના કરે છે ખરાં? તેમનો પ્રાર્થનાનો સમય કયો હશે? ઘણુંકરીને સંધ્યા સમયે ઊડીને આ પ્રાણીઓ 'प्रातः स्मरामि हृदिसंस्फुरदात्मतत्त्वम् . .' વગેરે શ્લોકો બોલતાં હશે. અને મળસકે થાકયાંપાકયાં સૂઈ જતાં પહેલાં સ્થિતપ્રજ્ઞની ઉપાસના કરતાં હશે. પક્ષીઓ જો દ્વિજરાજ હોય તો ચામાચીડિયાંને સંયમી યોગિરાજ કહેવાં જોઈએ. કારણ या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।

૨૧–૪–'૩૨

પ્રભાતની લીલા

કાલે સવારે સૂર્યનો પ્રકાશ વાદળાંની અંદરથી ચાર પાંચ બાજુ દોડતો માલૂમ પડતો હતો. કિલ્લાના કાંગરા પાછળથી એકાદ મોટી તોપ મધરાતે ગોળાનો વરસાદ વરસાવતી હોય અને તે વખતે જેમ કાંગરાના બાકામાંથી પ્રકાશની પિચકારીઓ ઊડે તેના જેવી તે વખતની શોભા દેખાતી હતી. તે જોતાં જોતાં હોહેનલિંડનની કવિતા મને યાદ આવી. 'Far flashed the red artillery'. આ લીટી વાંચીને જ જાણે આકાશે પોતાનું ચિત્ર ચીતર્યું નહિ હોય!

રાતે દરવાજાને માથું અઢેલીને મઘાની બે તારકાઓ જોઈ અને પછી અર્જુનના જન્મનક્ષત્રને પ્રણામ કર્યા. ચિત્રાને પણ આદરપૂર્વક અભિવાદન કર્યું; સ્વાતિનું અભિનંદન કર્યું અને ચંદ્રની વાટ જોતો પડયો રહ્યો. ચંદ્ર ઊગી નીકળે ત્યાં સુધી કોઈ પ્રવૃત્તિ કરવી કે 'न किञ्चिदपि चिन्तयेत्' આ ગીતાવચનનો આશ્રય લેવો તેનો વિચાર કરવા લાગ્યો. પણ કેમે કરી નિર્ણય ઉપર આવી શક્યો નહિ પ્રકૃતિમાતાને અનિર્ણય કદી સહન થઈ શકતો નથી. કેમ કે અનિર્ણય એ પણ એક જાતનો નિર્ણય જ હોય છે. તેણે નિદ્રાદેવીને મોકલી દીધી. ચંદ્રનું દર્શન થાય તે પહેલાં આંખ મીંચાઈ ગઈ. કોણ જાણે કેટલો વખત તે બંધ રહી હશે. આંખ ઊઘડયા બાદ જોઉં છું તો ચાંદામામા છાપરા ઉપર ચડી બેઠેલા હતા. એક રાત તેમનાં દર્શન સિવાય જ જતી રહી.

પણ અમારું નસીબ સિકંદર. આજ મળસકે ઓરડીઓ વહેલી ઉઘાડવામાં આવી. ઉતાવળા પશ્ચિમ તરફ જઈને જોઉં છું તો

ચાંદામામા ભારે સંકટમાં સપડાયેલા દીઠા. તેમને ઘડપણ એવું હતું. થાકચાપાક્યા તેઓ પશ્ચિમ તરફ ઊતરતા હતા અને તેમના માથા ઉપર ભય ઉપજાવે એવો પહાડ જેવો પ્રચંડ અને કાળકાય મેશ જેવો કાળો મેઘ અજગરની જેમ તેમને ગળી જવા ઉદ્યત થયો હતો. એક નાનો મેઘ તેમના પગ આગળ તે છટકી ન જાય તે માટે ચોકી કરતો ઊભો હતો. સંકટમાં સપડાયેલા વીરનું દર્શન કંઈ ઓછું રમણીય નથી હોતું.

પૂર્વ તરફનાં વાદળાંઓ નવો જ તપખીરિયો રંગ આજ ક્યાંકથી લઈ આવ્યાં હતાં. અંગ્રેજીમાં જેને chestnut brown કહે છે તેના જેવો આ રંગ હતો. તેમાં થોડોક ફેર પડ્યો એટલે પાકેલાં બનારસી બોરનો રંગ દેખાવા લાગ્યો. તેમાં સૂર્યનો પ્રકાશ થોડોક ભળી જતાં જ તે રંગે બકુલના ફળનું સ્મરણ કરાવ્યું અને ફરી ગુલાબનાં ફૂલ સુકાઈ જતાં જે રંગ દેખાય છે તેની છટા નજરે પડી.

આજે આકાશે ભારે ગમ્મત કરી. લાલ અને ભૂરા રંગનું પ્રમાણ ક્ષણે ક્ષણે બદલીને પોતાના ચહેરા ઉપર જુદી જુદી જાતના યૌવનની છટા તેણે દાખવી, અને આકાશના રંગ જેમ જેમ પલટાય તેમ તેમ ઉપરનાં ધોળાં વાદળાં ઓછાં કે વધારે ઉઠાવદાર દેખાતાં.

કાલ સાંજના કાગડા અને સમડીઓને તો સાવ ભૂલી જ ગયો. પવનનો વેગ સારો હતો તેથી સમડીઓ ચક્કર ચક્કર ફરવામાં મશગૂલ થઈ ગઈ હતી. અને કાગડાઓ સીધા ન જતાં કરચલાની જેમ વાંકાચૂકા ઊડતા હતા. કાગડાને આ જ ગતિ શ્રમસાધ્ય હશે. તેને આ ગતિનું અભિમાન ઓછું નથી. એક ચામાચીડિયું તો સમડીથી પણ ઊંચે જઈ પહોંચ્યું હતું. ચામાચીડિયાની જાતમાંની તે કોલંબસ હોવી જોઈએ, નહિ તો સાધારણપણે ચામાચીડિયાં આટલાં ઊંચે ચડતાં નથી. મધમાખોની રાણી જેમ રતિકાળે આકાશમાં ખૂબ ઊંચે ચડે છે તેવો રિવાજ ચામાચીડિયામાં હોવાનો સંભવ દેખાતો નથી.

૨૨–૪–'૩૨

પહેલો વરસાદ

કાલે સાંજે વરસાદનું વાતાવરણ ખરેખરું જામ્યું હતું. જ્વાળામુખીની ટોચે ધાતુઓનો રસ સીઝતો હોય તેમ આકાશમાંનાં વાદળાં ખદખદતાં હતાં. પ્રથમ બહુ ધીરે ધીરે ને પાછળથી ઝપાટાથી. વાદળાંને રંગ અસાધારણ સુંદર આવ્યો હતો પણ તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. કાળી સ્લેટમાં કોક કોક વખત લીલો રંગ મળેલો દેખાય છે તેની ઉપમા કદાચ આપી શકાય. ગોરા બાળકના શરીર ઉપર લીલા ને ભૂરા રંગનું મિશ્રિત એવું લાખું હોય છે તેનું પણ સ્મરણ આ વાદળાં જોતાં થાય. પણ ખરેખર તે રંગનું વર્ણન કરવા ભાષામાં પૂરતા શબ્દો જ નથી. અંગ્રેજીમાં ચટણીરંગ કરીને એક જાણીતો રંગ છે. ઇમારતોના પથ્થર માટે તથા ચોપડીનાં પૂઠાં માટે તે રંગ પસંદ કરવામાં આવે છે. પણ સજલ મેઘોના તેજસ્વી શ્યામ વર્ણમાં લીલા રંગની જે સૂક્ષ્મ છટા કોક વાર દાખલ થાય છે તેની નરમાશ, કોમળતા અને મોહકતા બીજે ક્યાંય જોવા મળે નહિ. માત્ર યૌવનની કાંતિ કે લાવણ્ય આ મેઘકાન્તિની કંઇક બરાબરી કરી શકે.

સાંજે વરસાદ પ્રથમ ધીરે ધીરે આવવા લાગ્યો. જમીનમાંથી માટીની સુવાસ ફેલાવા લાગી. પછી વરસાદ જોરથી શરૂ થયો. જમીન ઉપર પાણી વહેવા લાગ્યું. વાદળાં જેમ જેમ જાડાં

થવા લાગ્યાં તેમ તેમ વીજળીને તેમાં રમવાની મજા પડવા લાગી. આકાશ કોણ જાણે ક્યાં સંતાઈ ગયું હતું? અથવા તો તેને મારી-મચડીને તેનો ભૂકો કરી પોતાનો રંગ વધારે ઘેરો બનાવવા માટે આ વાદળાં તેને હોઇયાં કરી ગયાં હોય એમ લાગતું હતું. માત્ર પશ્ચિમ તરફ થોડુંક આકાશ ટકી રહ્યું હતું ખરું. પણ વાદળાંએ પૂર્વમાં કરેલું જીવલેણ આક્રમણ જોતાં પશ્ચિમ તરફના આકાશનું ભવિષ્ય ઉજ્જવલ દેખાતું ન હતું. આવા હુમલા તો વાદળાંઓએ આકાશ ઉપર કેટલીય વાર કર્યા હશે. અને દરેક વખતે એમ લાગે કે વાદળાંનો વિજય થઈ આકાશનો સમૂળ નાશ થયો. પણ આકાશ તે આકાશ. અલિપ્ત, શાંત અને અનન્ત! કોઈ પણ જાતનો પ્રતિકાર કે વિરોધ કર્યા સિવાય જ તે વિજયી થાય છે.

ખરું જોતાં અનંત કાળ અને અનંત આકાશ બન્ને એક જ છે. દિક્કાલનો ભેદ મનોગત જ છે. અનંતત્વમાં તેવો ભેદ હોઈ જ ન શકે. આનંત્યનો હેતુ તો અંતિમ ઐક્ય સાધવાનો જ હોય.

વરસાદને થયું કે ધ્વનિ જો બધે પ્રસરે છે, પ્રકાશ બધે ફેલાય છે, તો હું પણ આ માનવી કીટોના દરમાં શા માટે ન પેસું? દુર્વાસાની જેમ अहं भोः કરીને એણે બેચાર ટીપાં અમારી ઓરડીઓમાં નાખ્યાં. અમે બહાદુરીથી પાછા હટયા. સરસ્વતીનાં કમળો પાણીમાં રહ્યા છતાં પાણીથી અલિપ્ત રહી ભીંજાતાં નથી ખરાં, પણ સરસ્વતીનાં પુસ્તકોને એ કળા હજી પ્રાપ્ત થઈ નથી. તેમને તો દરવાજા પાસેથી ભગાડવું જ ઇષ્ટ હતું. પુસ્તકોને દૂર ખૂણામાં મૂકી મનમાં કહ્યું 'कठिण समय येतां कोण कामास येतो' એટલે કે કઠણ વખત આવી પડયે કોણ કામ આવે? ખૂણો (कोण) કામ આવે ખરો! જોતજોતામાં વરસાદે હુમલો જોશમાં ચડાવ્યો. આખી ઓરડી તો એણે ભીની કરી મૂકી જ પણ તદ્દન ભીંતે અડીને પાથરેલી પથારીને મળવા આવવાનું પણ તેને મન થઈ આવ્યું. મેં પણ કાંબળો ઓઢીને પ્રસન્ન મને તેનું સ્વાગત કર્યું. વર્ષાની શરૂઆતની આ પહેલી સલામીની કદર કરવાનું મન કોને ન થાય?

વરસાદ ગયો કે તરત જ પાથરણાના એક કકડાથી જમીન લૂછી લીધી અને સરકારના લેણદારની જેમ ઉમરા ઉપર ઓશીકું

મૂકી નિરાંતે સૂઈ ગયો. તફાવત એટલો જ કે લેણદાર ઉમરાની બહારની બાજુએ પડી રહે છે જ્યારે હું તેની અંદરની બાજુએ સૂતો.

રાત્રે ૧૧ વાગ્યે ચાંદામામાનાં દર્શન થયાં. આકાશમાંનાં વાદળાં જરા વીખરાઈ ગયાં હતાં; પણ તેમનું જોર કંઈ ઘટયું ન હતું. પરોઢિયે માત્ર આકાશ હંમેશ મુજબ થોડાંક વાદળાંને રમાડતું હતું.

આજે એક વસ્તુ નજરે પડી. સવારે પૂર્વ તરફનાં વાદળાંમાં પ્રીકાશ આવે ત્યારે જ આકાશના રંગ દીપી નીકળે છે. આજે આકાશમાં લાલાશવાળી ગુલાબી છટા વિશેષ દેખાતી હતી. છટા વિના લાવણ્ય શોભી નીકળતું નથી. આજની સૌંદર્યતરલતા કંઈ વિશેષ હતી

૨૩–૪–'૩૨

અનસૂયા પ્રાચી

ચંદ્રમાની કેવી વિચિત્રતા છે! એનો બધો પ્રકાશ એને સૂર્ય પાસેથી મળે છે, પણ જ્યારે તે સૂર્યથી દૂર હોય છે ત્યારે જ તે આપણને વધારે પ્રકાશ આપી શકે છે અને જેમ જેમ તે સૂર્યની નજીક જાય છે તેમ તેમ પ્રકાશ આપવાની તેની શક્તિ મર્યાદિત થાય છે. કોઈ મોટી વ્યક્તિ પાસે રહી પ્રેરણા મેળવનારા લોકો બીજાને બહુ પ્રેરણા આપી શકતા નથી. જ્યારે તેઓ દૂર જાય છે ત્યારે જ તેમનામાં પ્રેરણા આપવાની શક્તિ આવે છે એમ કહેવાય છે એ કેટલું ખરું હશે કોણ જાણે! પણ ચંદ્રની બાબતમાં તો તે સાચું લાગે છે ખરું.

સંધ્યા સમયે પૂર્વ તરફ પણ રંગોની શોભા નથી હોતી એમ નથી. પણ પશ્ચિમના વૈભવને કારણે પૂર્વ તરફ કોઈનું ધ્યાન જ જતું નથી. જ્યારે અહીં પશ્ચિમ તરફ જોવું જ અશક્ય હોય છે ત્યારે પૂર્વના દર્પણમાં પશ્ચિમની લાલાશ જોઈને જ સંતોષ માનવો પડે છે. પણ આ સંતોષ કંઈ માની લેવા પૂરતો નથી હોતો. પૂર્વ દિશા સ્વભાવે જ અનસૂયા હોવાને લીધે પશ્ચિમનો વૈભવ જોઈ તેના ચહેરા ઉપર કશા મત્સર વગરની શુદ્ધ સાત્ત્વિક મુદિતા જ પ્રકટ થાય છે.

૨૪-૪-'૩૨

દૃષ્ટિભ્રમ

ગુજરાતનો મુલક પહાડી નથી; અને દરિયાકિનારો પણ દૂર નથી એટલે સપાટ જમીન ઉપરના એકસરખા વાતાવરણમાં પવન સીધી દિશામાં વહે છે અને તેથી આકાશમાંનાં વાદળાંઓના લાંબા લાંબા પટા એક છેડેથી બીજા છેડા સુધી પ્રસરેલા દેખાય છે. અનંત આકાશ અને માનવી દૃષ્ટિનો નિયમ જ એવો હોય છે કે સમાન્તર વસ્તુઓ છેક છેડા તરફ એકબીજાને મળતી દેખાય. આગગાડીના સમાંતર પાટા ખૂબ દૂર સુધી સીધા ગયેલા હોય તો પણ આગળ આગળ એકબીજાને મળી જતા દેખાય છે. આ હમેશનો અનુભવ આ વાતનું તથ્ય પુરવાર કરવા માટે પૂરતો છે. મેઘના પટા જો દક્ષિણોત્તર હોય તો તે હાથના પંજાની આંગળીઓની જેમ અથવા પંખાની નસોની જેમ ઉત્તર તરફના કોઈ કેન્દ્રમાંથી ફેલાયેલા દેખાય છે. ઠેઠ માથા ઉપર આ પટા તદ્દન વિરલ થયેલા માલૂમ પડે છે અને દક્ષિણ તરફ પણ ઉત્તરમાંના પંજા જેવો જ એક વાદળાંનો પંજો દેખાય છે. તેથી ઉત્તર દક્ષિણના બે હાથોએ આકાશનો મોટો પવન-દંડો પકડી રાખ્યો હોય એવો ભાસ થાય છે. પ્રથમ તો એમ લાગ્યું કે આકાશમાં આ કંઈ અદ્ભુત વાત બની છે. વિદ્યુત સાથે એનો સંબંધ હશે એમ પણ લાગ્યું હતું. પછી જોયું તો માલૂમ પડયું કે

આવાં કેન્દ્રો હંમેશ ઉત્તર દક્ષિણ નથી હોતાં. કોક વખતે પૂર્વ પશ્ચિમ તો કોક વખત આગ્નેય વાયવ્ય પણ આ કેન્દ્રો બનેલાં દેખાય છે. પછી ચોક્કસ ખાતરી થઈ કે આ કેન્દ્રો વાસ્તવિક હસ્તી ધરાવતાં નથી પણ તે માત્ર આપણા દૃષ્ટિભ્રમને કારણે દેખાય છે. અહીં મહારાષ્ટ્ર તથા કર્ણાટકમાં પવન સીધો વહેતો જ નથી તેથી આવાં દૃશ્યો અહીં જોવા મળતાં નથી. અહીં ઠેકઠેકાણે ડુંગરા ઊભા હોવાથી પવનને આડુંઅવળું દોડવું પડે છે. પરિણામે પવનની મરજી ઉપર રહેનારાં વાદળાંઓને પણ જુદી જુદી આકૃતિઓ ધારણ કરવી પડે છે. કાલે બપોરે વાદળાંએ એક બહુ સુંદર ચમ્મર તૈયાર કરી હતી, તે ખોવાઈ ન જાય તે માટે બાજુએ ઉતારી લીધી છે. ઉત્તર તરફ વાદળાંનું એક મોટું ઝેપેલિન બન્યું હતું. ને તેની નીચે ઉતારુઓને બેસવા માટે ત્રણ ડબ્બા લટકતા હતા.

સાંજે વરસાદ પડશે એવાં ચિહ્નો દેખાતાં હતાં પણ ભૂમિના ભાગ્યમાં તે ન હતો.

૨૪–૪–'૩૨

મોળું પરોઢિયું

આજ સવારનું પરોઢિયું સાવ મોળું કહેવાય એવું હતું. એ બાજુએ ચંદ્રમા ચુપચાપ ઊભો હતો. આસપાસનાં વાદળાંમાં પ કંઈ ખાસ જોવા જેવું ન હતું. પ્રાચીના ચહેરા ઉપર તો કંઈ ભૂલા પડયાનો ભાવ જણાતો હતો. જાણે આખા આકા રવિવારની રજા પાળવાનું નક્કી ન કર્યું હોય? થોડા વખત પ કયાંક કયાંક રંગ દેખાવા લાગ્યો. પણ તે રંગમાં ઉત્સાહનું ના સરખું ન હતું. દેશી રાજ્યોનાં સરકારી મંદિરોમાં કેટલાક નૈમિત્તિ ઉત્સવો કરવામાં આવે છે. ઉત્સવ કર્યાં વગર ચાલે તેમ ન હોતું તેથી કેટલાક પેટભરુ નોકરો ઉત્સવનો આખો વિ યથાસ્થિત પૂરો કરે છે ખરા પણ તેમાં ઉત્સાહનું જરાય ના નથી હોતું. આજનું વાતાવરણ કંઈક એવું જ હતું.

અને જાણે તેથી જ, આપણા ધર્મમાંના નિસ્તેજ થ ગયેલા કેટલાક વિધિઓ અને કર્મકાંડનો મોટો ભાગ કા નાખવાની આવશ્યકતા વિષે આજે સવારે જેલના સાથીઓ આગ મેં વિવેચન કર્યું.

ધુમ્મસ

આકાશમાંનાં વાદળાં ચંદ્રને આડે આવી કંઈ તેનું નુકસાન કરતાં નથી. ચંદ્ર દૂર અને ઊંચે સુરક્ષિત છે. નુકસાન થાય છે પૃથ્વીતલ ઉપર રહેનાર આપણું મર્ત્યોનું. આ વાદળાં કોઈને નડતાં હોય તો તે ચન્દ્રવિકાસી કુમુદોને અને મારા જેવા પાગલોને. રાજા, મહાત્મા, ઇષ્ટદેવતા કે અલિપ્ત પરબ્રહ્મ, વગેરે બધી વિભૂતિઓ પોતાને ઠેકાણે સુસ્થિત જ હોય છે; પંચાત થાય છે પ્રજાને કે ભક્તોને કે જીવોને.

આજ સવારે ધુમ્મસ બધે ફેલાયું છે. તેથી આસપાસની ઇમારતો, બહારનાં ઝાડ અને માથા ઉપરનું આકાશ આ બધું આપણે કોઈ વિરલ પડદામાંથી જોઈએ છીએ એવો ભાસ થાય છે. કળાનો સ્વભાવ જ એવો હોય છે કે સૃષ્ટિમાંની બધી વસ્તુઓ છે તેવા સ્વરૂપમાં તેને ગમતી નથી હોતી. જે કંઈ ઉઠાવદાર હોય, આકર્ષક હોય તેટલું જ રાખવું, તેમાં પણ પોતાની ઇચ્છા મુજબ સૌંદર્યને પોષક થાય તેવું પરિવર્તન કરવું અને બાકી બધું ભૂંસી નાખવું. અને તે પણ એવી સફાઈથી કે આ ભૂંસી નાખેલું સાવ અલોપ ન થતાં તેનું મોહકપણે સહેજ ભાન થાય.

ધુમ્મસ જોતાંવેંત મને બે ત્રણ સ્થાનો યાદ આવે છે. ધુમ્મસ દર વરસે આપણે જોઈએ છીએ; દર વરસે તે આપણા ગાલને ચૂંટી ખણે છે, પણ એક વખત — મને લાગે છે ૧૮૯૭ની સાલમાં — અમે બેલગામથી સાવંતવાડી જતા હતા તે વખતે રસ્તામાં અંબોલી ઘાટમાં ખૂબ ધુમ્મસ પડયું હતું. અને અમે ગાડાની આગળ આગળ મજામાં ચાલતા હતા. આગળ કે પાછળ એક હાથ ઉપરનું પણ કશું દેખાતું ન હતું અને અમે તે ધુમ્મસના ક્ષીરસમુદ્રમાંથી માર્ગ કાપતા ચાલ્યા હતા. શો તે વખતનો આનંદ! અને રાતે જ્યારે હવામાં આગિયા ચમકવા લાગ્યા ત્યારે તો જાણે કવિતાદેવીના સામ્રાજ્યમાં જ જઈ પહોંચ્યા છીએ એવું અમને લાગતું.

બીજું ધુમ્મસ યાદ છે સિંહગઢ ઉપરનું. પાછળની બાજુએ સૂર્ય અને સામે ગઢ ઉપરથી નીચે ધડાધડ કૂદકા મારતાં ધુમ્મસનાં ઊડતાં વાદળાં; તે વાદળાંમાં પડતો આપણો પડછાયો અને તે પડછાયાની બધી બાજુએ ફેલાયેલી ઇંદ્રધનુષ્યની પ્રભા — એ દૃશ્ય તો ભૂલ્યું ભુલાય તેમ નથી. હું થિયોસોફિસ્ટ હોત તો કહેત કે મેં ત્યાં મારો બહુવર્ણી લિઙ્ગદેહ અને એનો 'ઑરા' જોયો.

ધુમ્મસવાળી હવા તબિયતને માફક આવતી હોવી જોઈએ. હવામાંની ઠંડી જેમને નુકસાનકારક નથી હોતી તેમને અન્તર્બાહ્ય વ્યાપી જતી ટાઢ પુષ્ટિદાયક હોવી જોઈએ.

૨૫–૪–'૩૨

જૂનું સ્મરણ

કાલે સાંજે એવી મજા હતી કે દક્ષિણ બાજુના આકાશમાં સ્વચ્છ ઉનાળો દેખાતો હતો જ્યારે ઉત્તર તરફના આકાશમાં તરબોળ ચોમાસું દેખાતું હતું. આને લીધે મનોવૃત્તિઓ દુવિધાથી ખૂબ અસ્વસ્થ થઈ જતી.

આજ સવારે આખું આકાશ બરાબર નાહીને સ્વચ્છ થઈ ગયું હતું. ચંદ્રમા આકાશનો બધો ચડાવ ચડીને થોડોક પેલી પાર પહોંચી ગયો હતો, અને દિવસ શરૂ કરવા માટે સૂર્યને સૂચના આપતો હતો. મળસકે આકાશનો રંગ ઠેઠ ચંદ્રમાના રંગ જેવો જ હતો એમ કહી શકાય. આબૂ ઉપર અચળેશ્વર મહાદેવના મંદિરની આસપાસ ચંપાનાં કેટલાંક ઝાડ જોયાં હતાં તેની પાંખડીનો રંગ તદ્દન ફીકાશવાળો પીળો હતો પણ ફૂલો કેવાં તાજાં દેખાતાં હતાં. આજનું આકાશ જોતાં અચળગઢ ઉપરના પેલા ચંપાનું સ્મરણ થયું. અચળગઢ ગયાને ચૌદ વરસ ઉપર થઈ ગયાં હશે. એ ચંપો આટલા વખત સુધી યાદ રહેશે એમ તે વખતે જરાય લાગ્યું ન હતું. વિસ્મૃતિ કંઈ સ્થાયી વસ્તુ નથી. વિસ્મૃતિ ઉપર કોઈ કાળે આધાર રાખી બેસી ન શકાય. તે ક્યારે દગો દેશે તે કહી શકાય નહિ. તદ્દન સામાન્ય કોટીનો અનુભવ પણ આત્મસાક્ષાત્કાર જેટલો તીવ્ર હોય છે, અથવા તો એમ કહી શકાય કે અનુભવમાત્ર આત્મસાક્ષાત્કારનો જ અંશ છે.

આજ હવા ખુલ્લી-પ્રસન્ન હોવાથી પાંકોળીઓ પણ આનંદમાં હતી. તેમના રોજના ઊડવામાં એકલી પ્રસન્નતા જ દેખાય છે. આજે કોઈ મહત્કાર્ય કરવાનું પોતાને ભાગે આવ્યું હોય તેવો ઉત્સાહ તેમનામાં દેખાતો હતો.

૨૬–૪–’૩૨

આંબો અને વીજળી

અગ્નિ કોણ તરફનો મોટો આંબો રાત્રે જોતાં બૌદ્ધ સ્તૂપ યાદ આવે છે. સ્તૂપનો ઘાટ આવો જ પ્રશસ્ત અને ગોળ હોય છે. કદાચ ઉત્તર હિંદુસ્તાનમાંના મોટા મોટા બાદશાહી આંબાના ડોળદાર ઘાટ ઉપરથી જ સ્તૂપોનો આકાર સૂઝ્યો હશે. નહિ જ સૂઝ્યો હોય એમ કોણ કહી શકે?

કાલે બપોરે વીજળીનો ગડગડાટ થઈ ખૂબ વરસાદ વરસ્યો. વીજળીના ઝબકારા પાછળ અમુક ક્ષણ પછી ગર્જના સંભળાય છે. કાલે સૌથી પ્રચંડ કડાકો થયો તે પછી ગર્જના થતાં જરાય વાર લાગી નહિ. વીજળી નજીકમાં જ ક્યાંક પડી હોવી જોઈએ. વીજળીના ઝબકારા જોઈ અને કાન બહેરા કરતી મેઘગર્જનાઓ સાંભળી પક્ષીઓને શું થતું હશે? તેમનાં બચ્ચાંને શું લાગતું હશે? પ્રલયકાળ પાસે આવી લાગ્યો છે એમ તેમને થતું હશે? ઊડી જતું કોઈ પક્ષી વીજળીનો કડાકો સાંભળીને જમીન ઉપર ધબ દઈ પડ્યાનું આપણે કોઈ વખત સાંભળ્યું નથી. પણ તેમ થાય તો નવાઈ નહિ.

૨૭–૪–'૩૨

કાદવનું કાવ્ય

સવારે પૂર્વ તરફ કંઈ ખાસ મજા ન હતી. રંગની બધી શોભા ઉત્તર તરફ જામી હતી. એ દિશામાં માત્ર લાલ રંગે આજે કમાલ કરી દીધી હતી. પણ એ બહુ જ થોડા વખત માટે. પૂર્વ દિશા જ જ્યાં પૂરેપૂરી રંગાઈ ન હતી ત્યાં ઉત્તર દિશા કરી કરીને કેટલાં નખરાં કરવાની હતી? જોતજોતામાં ત્યાંનાં વાદળાં ધોળાં પૂણી જેવાં થઈ ગયાં. અને દિવસે હંમેશ મુજબ શરૂઆત કરી.

* * *

આપણે આકાશનું વર્ણન કરીએ છીએ; પૃથ્વીનું વર્ણન કરીએ છીએ; જલાશયનું વર્ણન કરીએ છીએ; કાદવનું કોઈએ વર્ણન કરેલું જોયું છે? કાદવમાં પગ નાખવાનું કોઈને ગમતું નથી, કાદવથી શરીર ખરડાઈ જાય છે, કપડાં મેલાં થઈ જાય છે, પોતાના શરીર ઉપર કાદવ ઊડે તે કોઈને ગમતું નથી અને તેથી કાદવ માટે મનમાં પણ કોઈને સહાનુભૂતિ નથી હોતી. આ બધું ખરું છે. પણ તટસ્થતાથી વિચાર કરતાં કાદવમાં કંઈ ઓછું સૌન્દર્ય નથી હોતું. પહેલું એ કે અહીંના લાલ કાદવનો રંગ બહુ સુંદર હોય છે. ચોપડીનાં પૂંઠાં ઉપર, ઘરોની દીવાલો ઉપર

અથવા શરીર ઉપરનાં કીમતી કપડાં માટે આપણે બધા કાદવના આવા રંગ પસંદ કરીએ છીએ. કલાભિજ્ઞ લોકોને માટીના વાસણનો પણ તે જ રંગ હોય એ બહુ ગમે છે. ફોટો કાઢતાં જો તેમાં કાદવનો ઠીકરો રંગ આવી જાય તો તેને warm tone કહી તજ્જ્ઞ લોકો ખુશખુશ થઈ જાય છે. કાદવનું નામ લઈએ તો માત્ર બધું બગડી જાય.

નદીકાંઠે કાદવ સુકાઈને તેનાં ચોસલાં પડે છે ત્યારે તે કેટલાં સુંદર દેખાય છે. વધારે તાપથી તે જ ચોસલાં નંદવાય અને વાંકાં વળી જાય ત્યારે સુકાયેલા કોપરા જેવાં દેખાય છે. નદીકાંઠે માઈલોના માઈલો સુધી સપાટ અને લીસો કાદવ પથરાયેલો હોય ત્યારે તે દશ્ય ઓછું સુંદર નથી હોતું. આ કાદવનો પૃષ્ઠભાગ કંઈક સુકાતાં તેના ઉપર બગલા, ગીધ અને બીજાં નાનાં મોટાં પક્ષીઓ જ્યારે ચાલે છે ત્યારે તે ત્રણ નખ આગળ અને અંગૂઠો પાછળ એવાં તેમનાં પદચિહ્નો મધ્ય એશિયાના રસ્તાની જેમ દૂર દૂર સુધી કાદવ ઉપર પડેલાં જોઈ આ રસ્તે આપણે આપણો કાફલો (caravan) લઈ જઈએ એમ આપણને થાય છે.

આગળ જતાં કાદવ વધારે સુકાઈ જમીન નક્કર થતાં ગાય, બળદ, પાડા, ભેંસો, મેંઢાં, બકરાં ઇત્યાદિનાં પગલાંની તે ઉપર છાપ પડે છે. તેની શોભા વળી જુદી છે. અને આ પછી જ્યારે બે મદમસ્ત પાડા શીંગડાંથી કાદવ ખૂંદીને એકબીજા સાથે લડે છે ત્યારે નદીકાંઠે પડેલાં પગલાં અને શીંગડાંના ચિહ્નોથી જાણે મહિષકુળના ભારતીય યુદ્ધનો ઇતિહાસ જ આ કર્દમલેખમાં લખી રાખ્યો છે એવો ભાસ થાય છે.

કાદવ જોવો હોય તો એક ગંગા નદીને કાંઠે કે સિંધુને કાંઠે. અને તેટલાથી તૃપ્તિ ન થાય તો સીધા ખંભાત જવું. ત્યાં મહી નદીના મુખ આગળ નજર પહોંચે ત્યાં સુધી બધે સનાતન કાદવ જ જોવાને મળે. આ કાદવમાં હાથી ડૂબી જાય એમ કહેતાં ન શોભે એવી અલ્પોક્તિ કરવા જેવું છે. પહાડના પહાડ એમાં લુપ્ત થાય એમ કહેવું જોઈએ.

આપણું અન્ન કાદવમાંથી જ પેદા થાય છે એનું જાગૃત ભાન જો દરેક માણસને હોત તો તે કાદવનો તિરસ્કાર ન કરત. એક નવાઈની વાત તો જુઓ. પંક શબ્દ ઘૃણાસ્પદ લાગે છે અને પંકજ શબ્દ કાને પડતાં જ કવિઓ ડોલવા અને ગાવા મંડે છે. મલ(ળ) તદ્દન મલીન ગણાય પણ કમલ(ળ) શબ્દ સાંભળતાં વેંત પ્રસન્નતા અને આહ્લાદકત્વ ચિત્ત આગળ ખડાં થાય છે. કવિઓની આવી યુક્તિશૂન્ય વૃત્તિ તેમની આગળ મૂકીએ તો કહેવાના કે "તમે વાસુદેવની પૂજા કરો છો એટલે કંઈ વસુદેવને પૂજતા નથી; હીરાનું ભારે મૂલ આપો છો પણ પથ્થરનું આપતા નથી; અને મોતીને ગળામાં બાંધી ફરો છો પણ તેની માતુશ્રીને ગળામાં બાંધતા નથી." કવિ સાથે ચર્ચા ન કરવી એ જ ઉત્તમ.

૨૮–૪–'૩૨

સમભાવ

કલાકોવિદ રસ્કિનને એવી ટેવ હતી કે કોઈ સુંદર પ્રાકૃતિક દશ્ય જુએ કે તરત તેને તે રેખાબદ્ધ કે શબ્દબદ્ધ કરી નાખતો. પણ હમેશાં એમ કેમ કરી શકાય? એકાદ અપ્રતિમ સંધ્યાનો દેખાવ નજરે પડતાં જ્યારે તે શબ્દોમાં કે રેખાચિત્રોમાં તેને ન સંઘરી શકતો ત્યારે રસ્કિનને ભારે દુઃખ થતું. તે તેને so many wasted sunsets કહેતો. રસ્કિનનો આ વિષાદ બધા સૃષ્ટિસૌન્દર્યરસિકો સહેજે સમજી શકે તેવો છે. પણ માણસે આવો વિષાદ શા માટે રાખવો! સૃષ્ટિસૌન્દર્ય નિરતિશય આનન્દ આપનારું હોય છે એ સાચું; એક વખત જોયેલું સૌન્દર્ય ફરી જોવા નથી મળતું એ પણ સાચું. પણ સૃષ્ટિસૌંદર્ય હમેશાં જ તાજું હોય છે, તેનો ઝરો સુકાઈ જશે એવી ભીતિ કોઈ દિવસ ન રાખવી. માણસની પ્રતિભાની જેમ સૃષ્ટિસૌન્દર્ય દહાડે દહાડે ઓસવાઈ જવાની શંકા પણ આજ સુધી કોઈને થઈ નથી. અને સૃષ્ટિસૌન્દર્યને થોડાક ચિત્રકારો ચિત્રબદ્ધ કરી શકે એટલા માટે જ કંઈ પરમેશ્વરે આવડી મોટી અદ્દભુત લીલા પાથરી મૂકી નથી. અને દુનિયાના બધા ચિત્રકારો આ પ્રાકૃતિક દશ્યો રંગવાનું શરૂ કરે તોય બધાં દશ્યો થોડાં જ રંગાવાનાં હતાં? "अनंत हस्तें कमलावराने देतां कर्से अंकिलिस्वत् करानें?" સૌન્દર્યપ્રવાહ અનન્ત રૂપે જે શણગાર કરે છે, ક્ષણે ક્ષણે જે નવો નવો ઉન્મેષ બતાવે છે અને માનવજીવનનો વિચાર કરતાં જે કોઈ દિવસ સુકાઈ જવાનો નથી તેને રેખા, શબ્દ કે વર્ણમાં બાંધી રાખવાનો પ્રયત્ન કેટલો હાસ્યાસ્પદ છે! અને સૃષ્ટિસૌંદર્ય

કોઈ કાળે પણ બંધાયું છે ખરું? જે બંધાઈ ગયું તે મરી ગયું જ જાણવું. કારણ તે સ્થિર થઈ ગયું. હસમુખા છોકરાની છબી પાડીએ તો તેમાં તેનું ખરું હાસ્ય કદી વ્યક્ત થઈ શકે ખરું? હાસ્યનું સૌન્દર્ય જ તેના અસ્થાયીપણામાં છે. તેને સ્થાયી કર્યું કે તે વિકૃત થયું જ જાણવું.

કદાચ વર્ણરેખાથી સૌન્દર્ય વ્યક્ત કરી શકાય. પણ શબ્દ વડે તે કેમ થઈ શકે? શબ્દોમાં તો આપણે આપણો આનંદ જ કેવળ વ્યક્ત કરીએ છીએ. બીજો એને ઝીલે અથવા ન પણ ઝીલે. શબ્દોમાં અંકનકલા નથી પણ સૂચનકલા છે.

*   *   *

ગઈ કાલની સંધ્યાસમયની શોભા અવર્ણનીય હતી. અપ્રતિમ હતી એમ કેમ કહી શકાય? જ્યારે गगनं गगनाकारं सागरः सागरोपमः। પોતાના ભારથી તદ્દન નમ્ર થઈ ગયેલાં, પોતાને નીચે પડતાં પડતાં બચાવવાનો પ્રયત્ન કરનારાં, અને પોતાના માર્દવથી મોહ પમાડનારાં એવાં ભૂરાં કાળાં વાદળાં જ્યારે આકાશમાં ભ્રમણ કરતાં હોય છે ત્યારે તેમની શોભા આંખે જોઈને તૃપ્તિ થતી નથી. આમને ખાઈ જાઉં કે ગળી જાઉં, એમને ભેટું કે એમને માથે ચડી બેસું, એમાં તરું, શું ને શું કરું એમ થઈ જાય છે. આવા નિરતિશય સાત્ત્વિક આનંદને વખતે માણસને આત્મૌપમ્યની પ્રતીતિ થાય છે, અને તે સમાનધર્મ અને સમાનવૃત્તિ લોકોને બોલાવીને તેમને તે સૌન્દર્ય બતાવે છે. અને બે આંખને બદલે ચાર આંખો વડે આપણે એ સૌન્દર્યનું પાન કરીએ છીએ એમ તેને લાગે છે; અને તેનો આનંદ દ્વિગુણિત થાય છે. એકવડા હૃદયને બદલે બેવડા હૃદયથી આપણે સૃષ્ટિ સાથે તન્મય થવા લાગ્યા છીએ એ ભાન સૌન્દર્ય-પાનના આનંદ જેટલું જ પ્રિય હોય છે.

તટસ્થ આનંદનો ઉપભોગ બીજાઓની સાથે લેવાની ઇચ્છા થાય છે તેથી તે સાત્ત્વિક છે. ઇન્દ્રિયો દ્વારા તેનો ઉપભોગ લેવાય છે છતાં તે વિષયાનંદ નથી. એથી ઊલટું, જે આનંદ ઉપભોગતાં મત્સર, અદેખાઈ કે ક્રોધ જાગે છે તે આનંદ વૈષયિક છે. રતિસુખ, ખાવાનો આનંદ, સૂંઘવાનો આનંદ, ચામડીને થતા સ્પર્શનો આનંદ આ બધા વૈષયિક આનંદના પ્રકાર છે. રસના, ત્વચા અને

નાસિકા એ સ્થૂળ ઇન્દ્રિયો છે. આ ઇન્દ્રિયો દ્વારા કલાત્મક આનંદ લેવો શકય હોતો નથી. કલાત્મક આનંદની ઇન્દ્રિયો બે. કલારસિક મન, નેત્ર અને કર્ણદ્વારા જ તે આનંદ ભોગવી શકે છે. આ બે ઇન્દ્રિયો જ હૃદયની ઉન્નતિ કરનારી છે અને તેથી જ માણસે તેમનો દુરુપયોગ કદી પણ કરવો જોઈએ નહિ.

* * *

ઇન્દ્રધનુષ્યનો સામાન્ય નિયમ એવો હોય છે કે જે દિશાએ સૂર્ય હોય તેની સામી બાજુએ જ તે હોય છે. પણ કોઈ કોઈ વખત વાદળાંની, હવાના ભેજની તથા સૂર્યપ્રકાશની એવી અદ્ભુત જમાવટ થઈ જાય છે કે સૂર્યની આસપાસ જ ઇન્દ્રધનુષ્યના રંગ તૈયાર થાય છે. આ રંગની ખુમારી કંઈ ન્યારી જ હોય છે. સામાન્ય પ્રતિયોગી ઇન્દ્રધનુષ્યના રંગ આપણે હંમેશ જોઈએ છીએ. તે રંગ પ્રસન્ન મોહક હોય છે પણ તે જ્યારે સૂર્યની આસપાસ જામે છે ત્યારે તેઓ તદ્દન મોજીલા બની જાય છે. ખાસ કરીને લાલ, ભૂરો ને વાદળી જાંબૂડો રંગ તો જાણે ગન્ધર્વલોકમાંથી જ ઊતરી આવ્યા હોય એવા લાગે છે. આવા રંગ કેટલીક વાર અભ્રકના પડોમાં દેખા દે છે. સિંહગઢ ઉપર એક વાર ધોળા સફેદ અને ત્રાંસી ચકતીવાળા ચકમકના કકડા જડયા હતા. પૂનાની આસપાસ આવા પથ્થરો ઘણા મળી આવે છે. તેને ફોડીએ તો તદ્દન સરખા આકારની નાની નાની કેટલીય ઈંટો તેમાંથી નીકળે છે. આ ચકતીઓ પણ અભ્રકની જેમ જ સમવર્ણ દેખાવા લાગે છે. પણ એ બેયના રંગમાં તેલની ચીકાશ દેખાય છે જ્યારે સૂર્યની આસપાસ જામતા રંગમાં તે દેખાતી નથી.

પ્રાકૃતિક રંગોની ખાસિયત એવી હોય છે કે એક રંગમાં ફેરફાર પડતાંની સાથે જ બાકીના બધા જ રંગોમાં તેને અનુકૂળ એવા ફેરફાર થાય છે—રંગોની આખી યોજના scheme of colours જ બદલાઈ જાય છે. કાલે સાંજે લાલ, ભૂરા અને જાંબૂડા રંગની જમાવટ આવી જ સુંદર થઈ હતી. પણ દુષ્ટ કાળાં વાદળાં વચ્ચે વચ્ચે મોખરે ધસી આવતાં અને અમને તે વર્ણ-સંગીતનું યથેચ્છ પાન કરવા દેતાં નહિ. પણ તેમને દુષ્ટ પણ કેમ કહેવાય? નવપરિણીત વધૂ–વર વડીલ માણસોથી ચોરીને જ

એકબીજા સાથે બોલવાનો આનંદ મેળવી શકે છે, તેટલા માટે આ વડીલ માણુસો ઘરમાં ન હોય તો કેવું એમ તેઓ ઇચ્છે એ યોગ્ય છે? અને વડીલ માણુસો ન હોય અને નિરર્ગલ બોલવાની સંધિ મળે તો બોલવાનો આનંદ કેટલો વખત ટકી શકે? બોલવાનો અર્ધો આનંદ ચોરીને બોલવામાં અને એ તકની દુર્લભતામાં હોય છે.

રંગોનો આવો મનોહારી ઠાઠ ઉત્પન્ન કરનારું મૂળ કેન્દ્ર કેવું છે તે જાણુવાની ઇચ્છા થાય તે સ્વાભાવિક છે. વાદળાંમાંથી બહાર પડતા મયૂખપ્રવાહ ઉપરથી અખિલ વર્ણોનો સ્વામી સૂર્યનારાયણુ કયે ઠેકાણે છે તે જાણવું કઠણુ ન હોય તોય આનંદદાયક તો જરૂર હોય છે જ.

* * *

મધરાતે વિશાખા, અનુરાધા અને જ્યેષ્ઠા આ ત્રણ નક્ષત્રોએ ખાસ ધ્યાન ખેંચી લીધું હતું. તે પછી દાનક્ષીણુ ચંદ્રમા ઉદય પામ્યો. આઠમ કરતાં તેની કલા આજે નાની હતી છતાં તેની શોભા વધારે જ હતી.

પૂર્વ દિશાએ પરોઢિયે શુભ્ર વાદળાંમાં જ પોતાની બધી શોભા દાખવવાનું બીડું ઝડપ્યું હતું. એકલો લાલ રંગ જ, પણ તે અનેક છટાઓથી ખીલેલો હતો. અને આજે પશ્ચિમને પણુ પૂર્ણ સંતોષ થયો હતો. પશ્ચિમની રક્તિમા પૂર્વ કરતાં રજભર પણ ઓછી ન હતી. તેમાં વળી પશ્ચિમ તરફના એક વાદળાએ પોતાનો ખૂબ લાંબો સરખો અણિવાળો હાથ ચંદ્રમા સુધી લંબાવ્યો હતો. કેમ જાણે ચંદ્રની મંદ ગતિ તેને સહન જ ન થતી હોય! 'ચાંદલિયા, ચાલીશ નહિ ઉતાવળો! મારે જવું છે હરિ મળવાને કાજ જો! વહાણું વાયાને કરજે બહુ વાર જો!' એવી પ્રાર્થના એક ગોપીએ એક વખત કરી હતી. સૂર્યોદય થવા લાગ્યો તોય આ ચંદ્ર પાછળ શું પડે છે એમ જોઈ પોતાના લાંબા હાથ વડે પશ્ચિમ મેઘ તેને પોતાની તરફ શા માટે ખેંચી લે છે એમ જાણે થાય છે. જૂના વખતમાં રાજકારણપટુ અમાત્યોએ વિલાસી તરુણુ રાજપુત્રોને તેમના અન્તઃપુરમાંથી બહાર ખેંચી કાઢવા પડતા એના જેવું તો કોઈ કારણુ ન હોય!

૨૨–૪–'૩૨

નિર્હેતુક આનંદ

અહીં આવ્યો ત્યારથી કોઈ પણ દિવસ ચૂક્યા સિવાય ભાદ્રપદાના ચતુષ્કોણ (પેગેસસ્) પાછળ પડ્યો છું. પ્રથમ તો તેમનું દર્શન જ થતું નહિ. પછી પૂર્વા ભાદ્રાપદા દેખાવા લાગી. પણ ઉત્તરા ભાદ્રપદા ઊગે તે પહેલાં જ સવાર થઈ જઈ બધે અજવાળું ફેલાઈ જતું. પછી ઉત્તરા ભાદ્રપદામાંની ઉત્તર તરફની તારકા (શર્મિષ્ઠાંતર્ગત) દેખાવા લાગી. પણ તેની જોડીદાર કેમે કરી દેખાય નહિ. તે તો પરોઢિયામાં જ લુપ્ત થઈ જતી. દરરોજ ચાર મિનિટનો હિસાબ ગણતાં આજે નહિ તો કાલે દેખાશે એવી આશા સેવ્યા જ કરતો હતો. પણ પૂર્વ તરફનાં વાદળાંઓએ દુષ્ટતા આરંભી. ચતુષ્કોણની બાકીની ત્રણેય તારાઓ દેખાય પણ આ ચોથી તારા વાદળાંના બુરખામાં જ સંતાઈ રહે એમ હંમેશ ચાલ્યા કર્યું.. આખરે આજે આ અવગુંઠનવતીએ પોતાનું મોઢું બતાવ્યું. અને આજપર્યંતની ઉત્કંટા છેવટે તૃપ્ત થઈ. ઉત્તર તરફ દેવયાની (કેસિયોપિયા) હવે સ્પષ્ટ દેખાવા લાગી છે. દેવયાની, શર્મિષ્ઠાની એક તારા, ઉત્તરા ભાદ્રપદા, ચંદ્ર અને દક્ષિણ તરફનો યામ્ય-મત્સ્ય આ બધાને જોઈ આજે મળસકે ઘણો આનંદ થયો. દક્ષિણ તરફ એક તારો ખૂબ ચળકે છે. તે કયો છે તે ઓળખી શકાતું નથી. બુધ તો નહિ હોય ? બુધનો ઉદય થયાને પંચાંગ પ્રમાણે પાંચ સાત દિવસ થયા છે. આટલો વહેલો તે આટલો ઉપર આવી ન શકે. ક્ષિતિજ પાસે હોય ત્યારે ગ્રહો પણ ઝબૂક ઝબૂક કરે છે તેથી તે વખતે તેમને ઓળખવા પણ મુશ્કેલ હોય છે.

વરસાદે આજકાલ પોતાનું સમયપત્રક નક્કી કર્યું હોય એમ લાગે છે. બપોર પછી અગર તો સંધ્યા સમયે થોડાક વરસવું, ગમ્મત કરવી અને સૂર્યાસ્ત પહેલાં જ જતા રહેવું એવો એનો હાલ કાર્યક્રમ છે. વરસાદે ધૂળ બધી દબાવી દીધી એ અમારા પૂરતો તેનો સૌથી મોટો ઉપકાર.

કાલે સાંજે ઈશાન્ય દિશાએ ઇન્દ્રધનુષ્ય બન્યું હતું. આકાશના જેવી વિશાળ કમાન બનાવી તે ઊભું હતું. થોડા જ વખતમાં તે એટલું અસ્પષ્ટ થઈ ગયું કે પૂર્વસ્મૃતિને કારણે જ તે ત્યાં જોઈ શકાતું હતું.

આજકાલ સૂર્યનારાયણે પોતે વાદળાં પાછળ સંતાઈ રહીને વાદળાંમાં પડેલા બાકાંમાંથી પ્રકાશના ધોધ અનેક દિશાથી ફેંકવાનો આરંભ કર્યો છે.

કુદરતમાં પ્રકાશ અને પાણી જ ફક્ત સીધી લીટીઓ દોરી શકે છે પણ તે અસ્થાયી હોય છે. બાકી બધું વર્તુલાકાર જ હોય છે.

* * *

હમણાં હમણાં પાકોળીઓ કેટલે મોટેથી અને કેવા ઉલ્લાસથી ચીત્કાર કરે છે! માણસો મદ્ય પીને આનંદ કરે છે. જ્યારે આ પાકોળીઓ આનંદ પીને ઉન્મત્ત થાય છે અને આખો દિવસ આકાશમાં ભ્રમણ કરીને પોતાનો આનન્દ માણે છે. ઈશ્વરે ઊડવાની શક્તિ બક્ષી છે તેનો આનન્દ તેમની પાંખમાં કેમે કરી સમાતો નથી. દેવો જેમ એક ક્ષણ પણ થોભ્યા વગર અમૃત પીતા જ રહે છે તેમ આ પાકોળીઓ ક્ષણ પણ થોભ્યા સિવાય આંટાફેરા માર્યા જ કરે છે. ઉપયુક્તતાવાદી કંજૂસ માણસ ભલે એવો સિદ્ધાન્ત બાંધે કે नहि कुर्यान्निष्फलं कर्म जलताडनवत्। પણ જીવનાનંદ ઓળખનારાં નાનાં બાળકો સૃષ્ટિના અંત સુધી કોઈ પણ જાતનો લાભ જોયા સિવાય જલતાડન કર્યા જ કરવાનાં; અને પાકોળીઓ પણ મનમાં કોઈ પણ (બાહ્ય) ઉદ્દેશ રાખ્યા સિવાય આમતેમ આંટાફેરા માર્યા જ કરવાની. આનંદમાં પ્રયોજન? છટ્! એવી વાત સરખી ન કરો. આનંદ કંઈ જાતે વૈશ્ય છે?

૩૦–૪–'૩૨

રંગોનું પરિવર્તન

સફેદ રંગમાં પણ અનેક પ્રકાર હોય છે. ચૂનો, ચોખાનો લોટ અથવા તો ઘઉંનો મેંદો એ બધાનો રંગ સૌથી વધારે સફેદ એમ કહી શકાય. આના મોટા ઢગલા પડેલા હોય ત્યારે પ્રકાશ અને છાયાને લીધે તેમાં મખમલ જેવી છટા આવી જાય છે, તેથી સફેદ રંગ વધારે સુંવાળો અને ઉજ્જવળ દેખાય છે. કાલે સાંજે પૂર્વ તરફ આવા ધવલાતિધવલ રેશમી રંગનાં વાદળાંનો મોટો ઢગલો થઈ ગયો હતો. અને તેમના માથા ઉપર મલમલના જેવું સુંદર છત્ર બાંધવામાં આવ્યું હતું. છત્ર ધીમે ધીમે નીચે ઊતર્યું અને કમરે બાંધવાના કમરપટા જેવું થયું અને ત્યાં જ તે નીચે સરી પડ્યું. આ શોભા એવી આહ્લાદક હતી કે પરમેશ્વરે આટલું બધું સૌન્દર્ય બધાને માટે મફત વેરી મૂક્યું છે એનું હવે શું કરું ને શું નહિ એમ થઈ ગયું હતું. એક આંટો મારીને ફરી જોઈએ તો બધું જ સાવ નવું. જરાય દોડાદોડ કર્યા સિવાય, ગડબડ કર્યા સિવાય તે ને તે જ ઠેકાણે વર્ણમાં, વિસ્તારમાં અને જાડાઈ કે પાતળાઈમાં જોતજોતામાં આટલો બધો ફેરફાર આ કેમ કરી શકે છે એનું ભારે આશ્ચર્ય થાય છે. મુત્સદ્દી લોકોની ભાષા જોતજોતામાં બદલવાથી સામાન્ય લોકો જેમ કુંઠિત થઈ જાય છે તેમ જ આ વાદળાંઓનું રૂપાંતર — રૂપાંતર જ કેમ? સર્વાંતર જ કહોને — જોઈને ભારે વિસ્મય થાય છે.

ભક્તિભીના અંતઃકરણથી વાદળાંનું દર્શન લેતા લેતા અમે અમારી ઓરડીઓમાં પુરાયા. એટલામાં સામેની બરાક ઉપરના આકાશમાં આ વાદળાંઓ પથરાઈ ગયાં અને તેમણે પોતાના રંગમાં પીળી છટાનું મિશ્રણ કર્યું કે તરત જ પ્રથમ દૂધના જેવો રંગ દેખાયો; થોડા જ વખતમાં તેનું રૂપાંતર થઈ તેમાં હાથીદાંતની છટા આવી. એની શોભા નિહાળીએ છીએ એટલામાં હસ્તીદંત જતો રહ્યો અને તેનું હેદીનું લાકડું બન્યું. તેણે વળી થોડા વખતમાં ફણસના લાકડાની પીળાશ ધારણ કરી. અને ફણસનું અંતે સુવર્ણ થતાં વળી વાર કેટલી? સંધ્યાકાળના શીતળ સમયે પણ સુવર્ણે તપ્ત વર્ણ ધારણ કર્યો. એ જ વખતે દક્ષિણ તરફના વાદળાએ બરાબર ત્રાંબાનો તાંબડો રંગ ધારણ કર્યો. આગળ સોનું અને દક્ષિણમાં ત્રાંબુ એ સુંદર દશ્ય જોતો હતો એટલામાં તો પેલું ત્રાંબુ આ સોનામાં આવીને ભળી ગયું. એટલે સિંદૂરિયો રંગ થવા જતો હતો પણ તેના બદલામાં અભ્રકભસ્મની શોભા દેખાવા લાગી. તેમાં કાળાશ ક્યાંથી આવી હશે કોણ જાણે? અને તેથી સામેની બાજુએ જાણે આખી દુનિયામાંના વૈદ્યોને કૃતાર્થ કરવા સારુ જ સુવર્ણ-માલિનીનો એક આખો પહાડ જ તૈયાર થયો. આટલું કર્યા પછી સંધ્યાને યાદ આવ્યું કે આજે તો શનિવાર છે તેથી હનુમાનજી માટે સિંદૂર તૈયાર કર્યે જ છૂટકો. એટલે જોતજોતામાં બધે સિંદૂર જ દેખાવા લાગ્યો.

પણ આ સૂર્યાસ્ત વખતનું સૌન્દર્ય કેટલો વખત ટકી શકે! સૂર્ય તદ્દન આથમી જવાની અણી પર આવ્યો તેથી નીચેની કાળાશ ઉપર ઉપર ચડવા લાગી. અને નદીમાં રેલ આવતાં જેમ માણસો કોઈ ઊંચાણ તરફ દોડી જઈ તેનો આશ્રય લે છે તેમ લાલ રંગે વાદળાની ઉપરની કોરનો આશ્રય લીધો. પણ આ સ્થિતિ પણ કેટલો કાળ ટકે? બધે અંધકાર થયો. પણ આજે તો વાદળાંને બધાં જ નખરાં બતાવવાં હતાં. આ કાળા વાદળામાં એક બાકું પડયું અને તેમાંથી પેલી પારનો આછો પીળો રંગ દેખાયો. જાણે ચંદ્રોદય જ જોઈ લો ને.

હવે તો તદ્દન અંધારું થયું. પણ અંધારામાંયે વીજળીએ પોતાની કરામત બતાવવાનો વિચાર કરી અનેક જાતની ગમ્મતો કરી. આવી અનેક ગમ્મતો ચાલતાં સંધ્યાકાળ ખલાસ થઈ અને રાત્રિનું સામ્રાજ્ય શરૂ થયું. એમાં પણ કંઈ ઓછી મજા ન હતી! કારણ પૂર્વમાં વીજળીના ચમકારા થતા હતા અને તેની ઉપર જ સ્વાતિ અને બીજાં નક્ષત્રો સ્પષ્ટ દેખાતાં હતાં.

પૂર્વ હો કે પશ્ચિમ તેમનું સૌન્દર્ય એ વાસ્તવિકપણે તેમનું પોતીકું સૌન્દર્ય નથી. તે તો ભગવાન સૂર્યનારાયણનો કૃપા–પ્રસાદ છે. આ બધી સૌન્દર્યસંપત્તિ આપણી પોતાની જ છે એવો જો ભ્રમ થાત તો મનુષ્યપ્રાણી જેટલી જ મૂર્ખતા એમનામાં પણ આવત.

ડાહ્યા ઇસિપે એક વાત કહી છે. કોઈ એક ગામમાં ગ્રામદેવતાના મંદિરમાં સ્થાપના કરવા માટે સુથારે એક મૂર્તિ તૈયાર કરી. મૂર્તિ મંદિરમાં લઈ જવાનો એક સમારંભ થયો. દેશના રિવાજ પ્રમાણે મૂર્તિને શણગારીને ગધેડાની પીઠ ઉપર બેસાડી, અને સરઘસ ચાલવા માડ્યું. ગર્દભરાજ ચાલવા મંડ્યા. રસ્તામાં લોકો આવી મૂર્તિને સાષ્ટાંગ પ્રણિપાત કરવા લાગ્યા. વાહન–રાજને થયું કે બધા નમસ્કાર પોતાને જ થાય છે. પોતાનું વધેલું મહત્ત્વ જોઈ તેમને એમ થયું કે હવે મારે શા સારુ આગળ ચાલવું? લોકો પોતાની મેળે આવીને મને પગે લાગે છે. પૂજારીઓએ એની ખૂબ ખુશામત કરી કે, "બાપુ, ચાલો. મોડું થાય છે" પણ બાપુ શાના હાલે? આખરે લોકો કંટાળી ગયા અને બીજું ગધેડું લઈ આવ્યા અને તેને શણગારીને તેના ઉપર તેમણે મૂર્તિ બેસાડી. હવે પહેલા ગર્દભનું જરાય મહત્ત્વ રહ્યું નહિ. સરઘસ આગળ નીકળી ગયું અને પાછળ પડી ગયેલા તે ચતુષ્પાદની ગામનાં છોકરાંએ સારી પેઠે પૂજા કરી. અને આમ આ કેનોપનિષદ પૂરું થયું. પૂર્વ અને પશ્ચિમ એ અભિમાની દેવતાઓ નથી. તેમને કાયમનું સ્થાન પણ નથી. અને તેમણે કદી अस्माकमेव अयं महिमा। એવો ગર્વ પણ કર્યો નથી.

૧–૫–'૩૨

અનન્ત પ્રકૃતિ

આકાશ અનન્ત છે, કુદરતની વિભૂતિઓ અનન્ત છે અને માણસની સર્જક કલ્પના પણ અનન્ત છે. તો પછી આકાશ વર્ણનનો અંત ક્યાંથી હોય? માણસની આવરદા, તેનો ઉત્સાહ અને તેથીયે વિશેષ બીજી વસ્તુઓનું આકર્ષણ એટલી જ માત્ર મર્યાદાઓ. सुरतरुवरशाखा लेखिनी, पत्रमुर्वी એમ કરીને બેસીએ તો પણ શબ્દગુણ આકાશના ગુણોનો શબ્દોમાં પાર પમાય નહિ.

માણસની પ્રતિભા અને આકાશમાંનાં વાદળાંની પ્રતિભા એ બે વચ્ચે હરીફાઈ ગોઠવી હોય તો તે અનન્ત કાળ સુધી ચાલે. માણસની પ્રતિભાને કવિઓએ શારદા નામ આપ્યું છે તેનું કારણ શું હશે? શરદ્‌ઋતુમાં પૃથ્વી અને આકાશની પ્રાકૃતિક શોભા જેમ અપૂર્વવસ્તુનિર્માણક્ષમ અને નવનવોન્મેષશાલિની હોય છે તેવી જ રીતે સહૃદય માણની પ્રજ્ઞા પણ હોય છે એવો અનુભવ આવ્યાને કારણે તો નહિ? ગમે તેમ હો, એટલું ખરું કે બાહ્ય પ્રકૃતિ અને હૃદયસ્થ પ્રકૃતિ અભિન્ન છે.

કાલે સાંજે વાદળાંના પ્રચંડ વિસ્તારવાળા ખંડ આકાશમાં તરતા હતા. જાણે ઇંદ્રના વજ્રથી પાંખ તૂટી જવા અગાઉના પર્વતો જ ન હોય! કવિઓ કહે છે કે એકલો મૈનાક પર્વત જ વજ્રની બીકથી દરિયામાં ભૂસકો મારી સંતાઈ ગયો. એનો અર્થ

શું એવો સમજવો કે સરજવો કે એક પ્રચંડ મેઘ સમુદ્રમાં તૂટી પડ્યો ? ભારતવર્ષના કવિઓને ઉત્તર સમુદ્રમાંના આઇસબર્ગની — તરતા હિમગિરિની જાણ ક્યાંથી હોય ?

આ આટલાં મોટાં વાદળાં જ્યારે ઊડતાં ઊડતાં ઠેઠ માથા ઉપર આવી જાય છે ત્યારે તે પડી જઈ તેમની નીચે પોતે ચગદાઈ જવાની બીક માણસને કેમ લાગતી નથી ? કારણ માણસ જાણે છે કે મેઘ કંઈ આકાશમાં ઊડતા પર્વતો નથી. તે તો દેવોની કામધેનુઓ છે. તે જો નીચે ઊતરે તો પ્રેમરસની સ્તન્યધારાઓ જ વહેવડાવવાના. બાળક જેમ માતાને જોઈને બીતું નથી તેમ સૃષ્ટિનાં બાળકો મેઘોને જોઈને લગીરે બીતા નથી.

૨–૫–’૩૨

ચંદ્રની કાન્તિ

પરમ દિવસે મળસકે ચંદ્રમા જેમ તેમ કરીને ઊગ્યો એટલામાં એક વાદળાએ એની પાછળ પડીને એને પકડી પાડ્યો, અને ચંદ્ર હાર્યો. તે દેખાતો પણ બંધ થયો. પણ આવી રીતે ચંદ્રનો પરાભવ કેમ થઈ શકવાનો હતો? ચંદ્રની ગતિ વાદળાંની જેવી ત્વરિત ન હોય તેથી શું? ચંદ્રની ગતિ સ્થિર છે. તેની પ્રગતિની દિશા નિશ્ચિત છે અને પોતાના માર્ગ ઉપર ટકી રહેવાની એકાગ્રતા અને નિષ્ઠા બેઉ ચંદ્રમાં છે. વાદળાએ ચંદ્રને ઢાંકી દીધો તેથી કંઈ તે નાઉમેદ થયો નહિ, અટકી પડ્યો નહિ અથવા તો નિસ્તેજ પણ થયો નહિ. જાણે કશું થયું જ ન હોય તેમ તેણે તો પોતાનો પ્રવાસ આગળ ચાલુ જ રાખ્યો. મેઘ વધ્યા, ચારે કોર તેઓ ફેલાયા, ચંદ્ર તો શું પણ તેનો પ્રકાશ પણું દેખાતો બંધ થયો. પણ આ બધું કેટલો સમય ટકવાનું હતું? પવન બદલાયો, વાતાવરણ બદલાઈ ગયું અને વાદળાં ચારે બાજુએ વીખરાઈ ગયાં. ચંદ્રના ચહેરા ઉપર તો વિજયનું હાસ્ય પણ ન હતું. જાણે કશું બન્યું જ નથી એમ તે ઉપર ચડતો હતો અને ધરતી પર પ્રકાશ પાડતો હતો.

આજે પરોઢિયે ચંદ્ર ઘણો મોડો નજરે પડશે તેની કલ્પના અમને હતી. ગઈ કાલ કરતાં ૪૮ મિનિટ મોડો તે આ જ

ઠેકાણે દેખાશે એટલું ગણિત મારી પાસે હતું. તેથી ગીતાપાઠ શરૂ કરતાં પહેલાં અને તે પૂરો થયા પછી પણ આંખો તાણીતાણીને પૂર્વ તરફ જોયું પણ ચંદ્ર દેખાયો નહિ. કોટડી ઊઘડતાં જ બહાર જઈને લાંબા વખત સુધી જોયા કર્યું પણ વ્યર્થ! આજે ચંદ્રદર્શન થયું જ નહિ. ચંદ્ર ૪૮ મિનિટ મોડો ઊગશે એટલું ગણિત પૂરતું ન હતું. ગઈ કાલ કરતાં આજની તેની કલા ક્ષીણ હશે. અને તે ઉપર ચડી આવે તે પહેલાં ઉષાની બધે ફેલાતી પ્રભા તેને ગળી જશે. આ બે બાબતો ધ્યાન બહાર જ રહી ગઈ હતી.

ઈદને દિવસે — શુક્લપક્ષની બીજને દિવસે — લોકો ચંદ્રદર્શન માટે કેટલા બધા લાલાયિત હોય છે. અને તે વખત તે અસ્ત પામતો હોય છે તેથી તેનું દર્શન પણ લાંબા વખત સુધી થતું નથી. શિવરાત્રિના ચંદ્રનું તેવું હોતું નથી. તે ઉદીયમાન હોય છે, આખો દિવસ તે આકાશમાં રહેવાનો હોય છે, પણ શિવરાત્રિને પરોઢિયે લોકો ચંદ્રદર્શન માટે ઉત્સુક થયાનું ક્યાંય સાંભળ્યું નથી. લોકો શુક્લપક્ષની વૃદ્ધિની કદર કરવાના. જેની કળા ક્ષીણ થવા લાગી — જેની પડતી થવા લાગી — તેની પાછળ કોણ જાય? તેને કોણ રામરામ કરે? બીજું એક કારણ છે. આપણા લોકો હવે પહેલાંના જેવા ઉષર્બુધ રહ્યા નથી. સવારે છ સાડા છ વાગ્યે ઊઠે છે અને તેથી ઉષાના સામ્રાજ્યથી — વધતાં સૌંદર્યકાન્તિથી વંચિત થયા છે. ઉષઃકાલીન ચંદ્રમાની શોભા કેટલી બધી નિતાંત રમણીય છે એની કલ્પના તેમને મીઠા સ્વપ્નામાંય આવતી નથી. કમનસીબ ઊંઘણશી બિચારા!

૪-૫-'૩૨

ગુલાબી ઠંડી

રાત્રે હવે ઉકળાટ સારી પેઠે રહે છે. બહાર પવનની મંદ લેહરો વહેતી હોય છે પણ પવન થોડો જ કેદી છે કે તે અમારી કોટડીમાં આવીને બેસે? પરોઢિયે બહુ સરસ મંદ પવન વાતો હતો. ટાઢને લોકો ગુલાબી કેમ કહેતા હશે? કોણ જાણે. ગુલાબનું ફૂલ સુંદર હોય છે, હસમુખું હોય છે, પણ કસરતને અંતે અથવા સ્નાનને અંતે જે તાજગી આપણને મળે છે એવી તાજગી કંઈ ગુલાબનું ફૂલ આપણને આપી શકતું નથી. ગુલાબનું ફૂલ ગમે તેટલું તાજું તાજું હોય તોય તે આપણને તાજગી આપી શકતું નથી. સવારની ટાઢ આપણને તાજગી આપે છે. અને તેથી તેને ગુલાબની ઉપમા શોભતી નથી એમ મને છેક નાનપણથી લાગતું આવ્યું છે. હવે થાય છે કે ગુલાબના ફૂલનો લાલ રંગ જેમ મીઠો ફીકો હોય છે તેવી મીઠી ફીકી ટાઢને ગુલાબી કહેવું એ જ યોગ્ય છે. અને તાજગીનો રંગ તો ગુલાબી જ હોય.

આજે પરોઢિયે વાદળના ગુચ્છો આખા આકાશમાં વેરાયા હતા. સૂર્યની આસપાસ પણ તેઓ ફેલાયા હતા તેથી સૂર્યકિરણની જાણે તોપો છૂટતી ન હોય એવો આભાસ થતો હતો. અને પછી તો એમ લાગતું કે કિરણો બધી બાજુઓથી ઊડતાં હોવાથી તેમાંથી જ આ મેઘના ગોળા ઊડીને દૂર દૂર સુધી જઈને પડે છે. હાલ મહાભારતનું વાચન ચાલુ હોવાથી માથામાં બધાં યુદ્ધવર્ણનો જ ભરાઈ ગયાં છે અને તેથી આકાશમાં પણ સર્વત્ર યુદ્ધો જ નજરે પડે છે — ના, ચડે છે.

૫-૫-'૩૨

રંગપંચમી

કાલે સાંજે એક નાનકડું વાદળું જરા વધારે આગળ આવ્યું હતું તેથી સંધ્યાના રંગે તે રંજિત થયું ન હતું. અમાસના ચંદ્રની જેમ તેની પાછલી બાજુ કદાચ પ્રકાશથી સિંદૂરિયા થઈ હોય; પણ તેનું અમારે શું? પણ વાદળું કહેશે, મારી જે સૂર્ય તરફની પ્રકાશિત બાજુ તે જ આગળની બાજુ; તમે જુઓ છો તે ખરેખર પાછલી બાજુ કહેવાય. એ ગમે તેમ હો, પહેલાં કદી પણ ન જોયેલો એવો અરંજિત વિરક્ત મેઘ ગઈ કાલે સાંજે અમે જોયો.

રાત્રે કોટડી બદલાયાને કારણે અગ્નિ દિશા તરફનું આકાશ વધારે દેખાવા લાગ્યું. સાંજની પ્રાર્થના પૂરી કરી આકાશ તરફ નજર નાંખી. પ્રથમ હસ્તનાં દર્શન કર્યાં. જાણે આશિષ આપવા માટે જ તે બરાબર માથા ઉપર આવતો હતો. ઈશાનખૂણા તરફ સપ્તર્ષિમાંના ત્રણ તારાઓ જ અરુન્ધતી સાથે દેખાતા હતા. હવે સપ્તર્ષિઓ જોતી વખતે તેમની પત્નીઓનું રૂપ ધારણ કરનાર સ્વાહા પણ ધ્યાનમાં આવે છે. અરુન્ધતીનો વેષ ભજવવાની હિંમત તેણે કરી નહિ એટલું પ્રખર અરુન્ધતીનું સત્ત્વ હતું તે પણ ફરી ફરી ધ્યાનમાં આવ્યા વગર રહેતું નથી. હસ્ત જોતાં જ જેમ ચિત્રા તરફ નજર જાય જ તેમ અરુન્ધતીને જોતી નજર સ્વાતિ તરફ વળે જ અને સ્વાતિ અને ચિત્રા એ બે રાણીઓમાંથી કોને માથે કિરીટ વિશેષ શોભશે એની વાટાઘાટ કરતાં કરતાં

આપણી દૃષ્ટિ કિરીટમંડળ તરફ વળે જ. આજકાલ કિરીટમંડળ ધનુષના આકારનું કે અંગ્રેજી અક્ષર ડી (D)નાં આકારનું દેખાય છે.

વિશાખા આંબાના ઝાડ ઉપર પ્રસરાઈ હતી અને અનુરાધાની વાટ જોતી હતી. છેક દક્ષિણ તરફ ઝીણી નજરે જોયું તો ત્યાં ત્રિશંકુ ડોલતો દેખાયો. ત્રિશંકુના માથા ઉપર વિશાખાના જેવા એ તારાઓ ન હોત તો દક્ષિણી ત્રિશંકુની અર્ધી શોભા ઘટી જાત. “આ જુઓ અભિમાની ત્રિશંકુ સ્વર્ગમાંથી પાછો ફરી અંતરાલમાં કેવો લટકે છે” એમ આંગળી વતી ચીંધીને બતાવનાર સ્વર્ગના દ્વારપાળો જય અને વિજય હજી ઊગ્યા ન હતા. થોડીક રાહ જોતાં જ એમાંથી એક જણે માથું ઊંચું કર્યું. આ તરફ વિશાખાનો આગ્રહ ખૂબ થવાથી અનુરાધા પણ બહાર આવી. સ્વર્ગનો દરબાર સારી પેઠે ભરાયો પણ રોજ રાત્રે નિદ્રાદેવીનું સામ્રાજ્ય અને તારાઓનું સામ્રાજ્ય એ બે વચ્ચે ભારે ગજગ્રાહ ચાલે છે. દર વખતે તત્પૂરતો વિજય તો નિદ્રાદેવીનો જ થાય છે. તારાઓનું સામ્રાજ્ય સનાતન છે; તેનો અસ્ત તો ભગવાન સૂર્યનારાયણની પ્રભામાં જ થાય છે. પણ તેમાં વિનાશને બદલે કૃતાર્થતા રહેલી છે. એમ જો ન હોત તો દરરોજ સાંજે રાત્રિનો આકાશસ્થ પારિજાત આટલો બધો તાજો અને પ્રફુલ્લિત ન થાત.

*　　　*　　　*

સવારના અથવા સાંજના આકાશમાં રંગપંચમી ઊજવવા માટે વાદળાં હોવાં જ જોઈએ એવો કંઈ નિયમ નથી. ઍડિસન અને સ્ટીલના વખતમાં ઇંગ્લંડની યુવતીઓ પોતાના ચહેરાનું સૌન્દર્ય ખીલવવા માટે ચહેરા ઉપર ઠેક ઠેકાણે ચિત્રવિચિત્ર રંગની સાટીન કે મખમલની ટીપકીઓ ચોંટાડતી. આથી ચહેરા ઉપરના ડાઘા અગર નાની નાની ખીલીઓ તો ઢાંકી શકાતી જ પણ સામાન્યપણે ચહેરાનું સૌન્દર્ય તે વખતની કલ્પના પ્રમાણે વધારે દીપી નીકળતું. પણ આવી ટીપકી વિના ચહેરો મોહક નથી થઈ શકતો એમ કોઈ કહી શકે ખરો? મેઘ વગરની હસમુખી ઉષા એ જ એક મોટું સાત્ત્વિક કાવ્ય છે. આજે પરોઢિયે ઈશાનખૂણા તરફનું આકાશ તદ્દન પાકવાની અણી ઉપર આવેલા બોર જેવું દેખાતું હતું. લીલો રંગ સાવ જતો રહ્યો

હોય અને પીળો હજી બરાબર જામ્યો ન હોય એવા સંધિકાળમાં જે તાજો તાજો ધોળાશવાળો રંગ હોય છે અને જેને જોતાં જ તેનું નવયૌવનમય માર્દવ સહેજ તપાસી જોવાની દાંતને ઉત્કટ ઇચ્છા થાય છે તેવો રંગ, બરાબર તેવો જ રંગ, આજે આકાશે ધારણ કર્યો હતો. આ રંગ પાકટ થતાં વાર લાગતી નથી. જોતજોતામાં ફીકો સોનેરી રંગ તેમાં ભળ્યો. આ રંગ જોઈને આંખને તો આનંદ થાય છે જ પણ તે રંગ પેટમાં પહોંચી જાય તો સારુ એવી પાશવી બુદ્ધિ — ખરી રીતે તો પક્ષીબુદ્ધિ — મનમાં જાગે જ છે. સવારે મેના વિશેષ આનંદમાં આવીને લલકારતી હતી તેનું કારણ આવું જ કોઈ હશે? સવારે કાગડો નજરે પડે તો મિષ્ટાન્ન ખાવા મળવાનું, ચાસપક્ષીનાં દર્શન થાય તો મોટી મિજબાનીનો યોગ છે વગેરે શકુનશાસ્ત્ર જિહ્વાપૂજક રસિકોએ તૈયાર કર્યું હોવું જોઈએ. જેમણે ફલાશા કદી છોડી દીધી નથી એવાં પક્ષીઓએ પરોઢિયે ઉષાનો રંગ અમુક જાતનો નજરે પડે તો અમુક જાતનાં ફળ ખાવા મળશે એવું ફલ-જ્યોતિષ રચ્યું હશે ખરું?

પણ આજે પરોઢિયાની ખરી શોભા ઈશાનખૂણામાં જ રૂંધાયેલી ન હતી. પૂર્વનું મધુરું હાસ્ય અત્યંત આકર્ષક હતું. ગુલાબી, ભૂરો અને જાંબુડો એવા મિશ્ર રંગ ઉપર લાવણ્યની પીંછી ફેરવી હોય તો તે જેમ દેખાય તેવો આ રંગ હતો. રંગ જોતાં જ ઉષા સિવાય આવી શોભા બીજા કોઈની ન હોય એવા ઉદ્ગાર અંતરમાં ઊઠે; છતાં આકાશમાં વાદળાં ન હતાં ત્યારે પણ વાતાવરણ ક્યાંક જાડું, ક્યાંક પાતળું એવો ભેદ જણાઈ આવતો. તેથી પ્રથમ સફરજનની પીળી લાલાશ આકાશમાં છવાયેલી દેખાતી હતી. થોડા વખતમાં જ આ બેય રંગોએ પોતાનું વ્યક્તિત્વ — ભિન્નત્વ — સ્પષ્ટપણે પ્રગટ કર્યું. અને પછી તો પૂર્વ દિશા એ એક પ્રચંડ કાજૂનું ફળ છે એમ લાગ્યું. મરાઠીમાં એને મુરટા કહે છે. એ ફળ સૂર્યોદય પહેલાં જ તોડીને ખાધું હોય તો તેનો રસ કંઈ ઓર જ હોય છે અને તે વિશેષ નિર્દોષ અને પૌષ્ટિક હોય છે. આ સ્મરણ ભૂખ્યા પેટમાં જાગ્રત થાય તો તેમાં નવાઈ શી?

૬–૫–'૩૨

દુષ્ટતા કે ગેરસમજ?

સવારે અમારી બરાક ઉપર કાબરોનાં બે જોડકાં બેઠાં હતાં. પરોઢિયાની પ્રસન્નતાથી એ જોડકાં સૂર્યોદયનું અભિવાદન ગાતાં બેઠાં હતાં. એટલામાં સામી બાજુના ઓટલા ઉપરથી એક અલમસ્ત મહાકાય કેદી ઊઠ્યો અને તેણે એક કાંકરો ફેંકી તે પક્ષીઓને ઉડાડી મૂક્યાં અને પોતે પાછો પોતાને સ્થાને જઈને બેઠો.

પક્ષીઓને ઉડાડીને તેને શો લાભ થયો? પક્ષીઓ તેને કોઈ પણ રીતે કનડતાં ન હતાં. પક્ષીઓનું સ્વાતંત્ર્ય જોઈને તેને પોતાનું પારતંત્ર્ય ખાસ સાલતું હતું એમ પણ દેખાતું ન હતું. તો પછી તેણે પક્ષીઓને શા સારુ ઉડાડ્યાં હશે? પક્ષીઓ બિચારાં ગરીબ છે, માણસથી તેઓ બીએ છે. તેની આગળ તેમનું કશું ચાલતું નથી. માણસનો વિરોધ કરીને પોતે કંઈ હક ભોગવી શકે એનું તેમને ભાન સરખું નથી. જબરદસ્તોથી ડરીને રહેવું, નાસી જઈને જીવ બચાવવો, અને બે ભયની ક્ષણ વચ્ચેનો જે કંઈ શાંતિ કે સમાધાનનો વખત મળે તેટલામાં મળે તેટલા આનંદનો ઉપભોગ લેવો — આ એમનું જીવનશાસ્ત્ર. તેમને કાંકરો મારીને ઉડાડવાથી પેલા કેદીને મનુષ્યના નિર્વિવાદ પ્રભુત્વનો પરિચય ફરી એક વાર થયો એટલું જ. બીજે કોઈ ઠેકાણે મારું ભલે

કશું ન ચાલે, પણ કંઈ નહિ તો આ પક્ષીઓ તો મારાથી બીએ છે; આ જગતમાં હું પણ કંઈક છું એટલું જ સમાધાન તેને મળ્યું હોવું જોઈએ.

પણ કદાચ હું તે કેદીને અન્યાય કરતો હઈશ. કારણ તેણે કાંકરો પક્ષી તરફ ફેંક્યો ત્યારે હું પક્ષી તરફ જોતો ન હતો. કદાચ એમ પણ બન્યું હોય કે કોઈ કાગડો કે સમડી કે એવું જ બીજું કોઈ શિરજોર પક્ષી કાબરોને બિવડાવવા સારુ પાસે આવતું હશે અને કેદીએ કાબરો વિષેના પોતાના પ્રેમળ પક્ષપાતથી તેમના રક્ષણ માટે જ એ કાંકરો ફેંક્યો હોય અને હું કારણ વિના તેના ઉપર આ કઠોરતાનો નાહક આરોપ કરતો હઈશ. દુનિયામાં દુષ્ટતા ઓછી તો નથી જ પણ ગેરસમજ તેથીયે વધારે છે.

૭–૫–'૩૨

કોયલનું બચ્ચું

ગઈ કાલે બપોરે સામેની બૅરેકના છાપરા ઉપર પક્ષીઓ ઉતાવળથી એકાએક ભેગાં થતાં જોયાં. આ નવી પ્રવૃત્તિ શી છે તે જોતાં માલૂમ પડ્યું કે પક્ષીનું એક નાનકડું બચ્ચું પોતાની ઊડવાની શક્તિનો અનુભવ કરી રહ્યું છે અને ખૂબ મૂંઝાયું છે. તેની પડખે કેટલીક કાબરો હતી અને કેટલાક કાગડાઓ આંટાફેરા મારતા હતા. આ બચ્ચાની જાત નક્કી કરવામાં અમારી ખૂબ ચર્ચા ચાલી, આખરે પૂંછડી તરફના પીંછાનો આકાર અને ઊડવાના પ્રયત્નમાં જણાઈ આવતો ઉઠાવ એ ઉપરથી નક્કી કર્યું કે આ કોયલનું બચ્ચું હોવું જોઈએ.

કાગડાઓ પાસે આવે એટલે પેલા બચ્ચાને તેમને માટે આત્મીયભાવ લાગતો અને મોં ફાડીને તે તેમની તરફ આતુરતાથી જોતું. તે થોડુંક ઊડવાનો પ્રયત્ન પણ કરતું અને કાગડાઓ તેની આસપાસ ફેરા મારતા. કોઈ પણ પાસે જઈને બેઠો નહિ, ધીમે ધીમે કાગડાઓની સંખ્યા વધી. તેઓ કોયલની આસપાસ ગોળાકાર આંટા મારવા લાગ્યા. હવે આ બચ્ચાનું શુ થશે? એને હજુ પાંખભેર ઊડતાં પણ આવડતું નથી. પક્ષીઓના સ્મૃતિશાસ્ત્રોમાં કોયલનું માંસ કયાં કયાં પક્ષીઓને ખપે તેની અમને ખબર ન હતી તોય અહીં બાજપક્ષી આવવાનો સંભવ

નથી, ગીધો પણ અહીં નથી એવું સમાધાન હતું. આકાશમાં ખૂબ ઊંચે બે સમડીઓ ચમકતી હતી પણ તેમનું ધ્યાન આ તરફ ખેંચાયું હોય એમ લાગ્યું નહિ. કોયલનું અસહાય બચ્ચું પકડીને તેને ખાઈ નાખનારો કોઈ ગાયનકલારસિક શકાર પણ અહીં જેલમાં હોવાનો સંભવ નથી. એટલે કોયલના બચ્ચા વિષે ઝાઝી ચિંતા રહી નહિ. કોયલનું બચ્ચું નજરે પડતાં દુષ્યન્તે જેને ટોણો માર્યો એવી શકુન્તલા યાદ આવ્યા વિના કેમ રહે? ગઈ કાલના બચ્ચાની તે અસહાય સ્થિતિ જોતાં દુષ્યન્તના દરબારમાં શકુન્તલાની થયેલી સ્થિતિ નજર આગળ ખડી થઈ.

सा निन्दन्ती स्वानि भाग्यानि बाला बाहूत्क्षेपं क्रन्दितुं च प्रवृत्ता।

એટલામાં કાગડાઓએ વિશેષ આગ્રહ કર્યો એટલે પેલું બચ્ચું ઉત્સાહમાં આવ્યું અને તે છાપરાની પાછલી બાજુએ ઊડી ગયું. તે પછી એનું શું થયું તે ન જણાવાને કારણે આ આખા કિસ્સામાંથી આનંદપર્યવસાયી અગર શોકપર્યવસાયી કશું જ કાવ્ય નિષ્પન્ન થયું નહિ. જીવન જેવું જ અનિશ્ચિત અને અપૂર્ણ ગદ્ય થઈ તે ત્યાં જ અટક્યું.

૮-૫-'૩૨

લાવણ્ય

मुक्ताफलेषु छायायाः तरलत्वम् इवान्तरा ।
प्रतिभाति यदंगेषु तल्लावण्यमिहोच्यते ॥

આ લાવણ્યની વ્યાખ્યા પ્રથમ મને પૂનાના નગરકરે ૧૯૦૫ કે ૦૬ની સાલમાં સંભળાવી હતી. ત્યારથી મેં તેનો કેટલી વાર ઉપયોગ કર્યો હશે તેનું ઠેકાણું નથી એટલી બધી તે મને ગમી ગઈ. મોતીની ઉપમા, મોતીને પાછી તાજા ફળની ઉપમા અને છાયા કે કાન્તિના તરલત્વની કલ્પના બધું જ સુંદર છે. લાવણ્ય એટલે નિરાગસ આરોગ્ય અને યૌવનની કાન્તિ. એ ઉષાના અને સંધ્યાના મુખ ઉપર અખંડ હોય જ. અને તેથી જ આ ઉભય સંધ્યાઓમાં આટલી બધી પવિત્રતા આવી છે. સંધ્યાવંદન કરતાં પણ સંધ્યાદર્શન મને હંમેશ વધારે પુણ્યકર લાગ્યું છે. કૉલેજમાં ભણતો હતો ત્યારે શિખા અને જનોઈ, બંનેને રજા આપી હતી એટલે સંધ્યાવંદન તો શી રીતે કરી શકાય? માત્ર ચતુઃશ્રૃંગીના પહાડ ઉપર પ્રભાત અને સંધ્યાનું દર્શન કરવા નિયમિતપણે જતો. હિમાલયના શિખર ઉપર હો કે બેળગુન્દીની સીમમાં હો, કારવારના કિનારા ઉપર હો કે સિંહગઢના પવનબુરજ ઉપર હો, સંધ્યાના રંગ જોઈને ઉપાસનાનું વાતાવરણ ન અનુભવ્યું હોય એવું કદી બન્યું નથી.

આજે સાંજે પૂર્વ કે પશ્ચિમ તરફ વાદળાંનું નામ સરખું ન હતું. એટલું જ નહિ પણ વાતાવરણમાં જાડાપાતળાનો રજોગુણાત્મક શબલ ભેદ પણ ન હતો. એકસરખો પાતળો સુનેરી રંગ બધે ફેલાયેલો હતો. દૂધમાં તદ્દન માફક આવે એટલું જ કેસર નાંખ્યું

હોય અથવા ચાંદીના વાસણ ઉપર સરસ રીતે સોનાનો ઢોળ ચડાવ્યો હોય તો મનને હરણ કરનારો જે રંગ ઊપજે છે તે જ રંગ સંધ્યાએ ધારણ કર્યો હતો અને તેમાં સાયંપ્રભાની કાન્તિનું તરલત્વ વિલસતું હોવાથી સૃષ્ટિ જડ નથી પણ તેમાં ચૈતન્ય તત્ત્વ કેવી રીતે એકસરખું સ્ફુરે છે તેનો સાક્ષાત્કાર થતો હતો.

આંટા મારતા મારતા અમે ઉત્તર તરફના ફાટક સુધી પહોંચ્યા. ત્યાં પાર્શ્વભાગમાં સંધ્યાનો આ ચકચકાટ અને એની આગળની બાજુમાં કોતરાવેલી એક મોટી શિલાની જેમ પોતાની બધી બાજુઓના સુરેખ આકારનું દર્શન કરાવતું જેલનું કાર્યાલય અંધારામાં ડૂબી જતાં હતાં. ઇમારતનો આ મોટો કળાકૌશલ્યશૂન્ય અને કાળો ખંડ જડતાની સાક્ષાત્ મૂર્તિ જ હતો. ચૈતન્યના પટ ઉપર જડતાની આ વિશાળ મૂર્તિ વધારે વિશાળ દેખાતી હતી. અને આ જડ ખંડના કિનારા સુધી આવી પહોંચતી એ ચૈતન્યની પ્રભા વધારે જીવંત લાગતી હતી.

ઉપાસનાનો સમય હોવાથી મેં મનમાં ને મનમાં કહ્યું જડાય નમઃ । ચૈતન્યાય નમઃ । જડચૈતન્યાય નમો નમઃ ।

અમારું ચંક્રમણ ચાલુ જ હતું. દક્ષિણ તરફની ભીંત પાસે આવી પહોંચ્યા એટલે અમારો પેલો સ્તૂપાકૃતિ આમ્રવૃક્ષ ધ્યાનસ્થ ચૈતન્યની જેમ અમારું ધ્યાન ખેંચતો હતો અને તેની પાછળના ભાગમાં નાના પીતવર્ણ મેઘ સંધ્યાનું અનુકરણ કરતા હતા. ચિત્રકારોનાં સુંદર ચિત્રોની પ્રતિકૃતિઓ માસિકોમાં આવે છે. તેના જેવા આ મેઘ દેખાતા હતા. ત્રિવર્ણી ચિત્રકળા આજકાલ એટલી બધી ખીલી છે કે માસિકોમાંનાં સારાં ચિત્રો હવે તદ્દન મૂળનાં જેવાં ઉઠાવદાર દેખાય છે. કેટલેક ઠેકાણે તો તે મૂળ કરતાં પણ ચડી જાય છે. પણ મૂળ ચિત્રમાં પ્રતિભાશાળી ચિતારાની પીંછીનું જે જીવંતપણું પ્રતિબિંબિત થયેલું હોય છે તે માત્ર પેલી ઉઠાવદાર પ્રતિકૃતિમાં ઉતારી શકાતું નથી. મૂળ ચિત્ર ગમે તેટલું સાદું હોય તો પણ તેના જીવંતપણાને લીધે તે આદરણીય થાય છે. પોતાના ચિત્રને સુધારીને તેની કોઈ 'મમી' બનાવે તો તે ખરો ચિત્રકાર કદી સહન કરશે નહિ.

૮–૫–'૩૨

સૌન્દર્યદીક્ષા

જન્માષ્ટમીને દિવસે બપોરે મેં બેલગામ છોડયું. બેલગામ જેલથી મારી બદલી સાબરમતી જેલ થઈ હતી. ઘણા દિવસથી જે ચોપડી મળતી નહોતી, તે હાથ આવવાથી ગટેનો યૌવનકાળ જાણી લેવામાં હું ખૂંચ્યો. સ્ટેશન પર કોઈ ઓળખીતું મળ્યું નહિ તેનું જરાયે આશ્ચર્ય ન થયું. એક તો અચાનક નીકળ્યો હતો અને બીજું ઓળખીતા બધા મોટે ભાગે જેલમાં જ હતા. હું તો 'તરુણ વેર્ટરનાં દુઃખો' સાથે સમભાવ કેળવવા મથતો હતો અને ટ્રેન પોતાનાં દુઃખો રડતી અને હાંફતી ઉત્તર તરફ પ્રયાણ કરતી હતી. બેલગામની આસપાસની ભૂમિ પ્રત્યે ભક્તિભાવ હોવા છતાં, અને ઘણે દિવસે એનાં મોંઘાં અને ટૂંકાં દર્શન થતાં હતાં છતાં, જર્મનીના કોઈ અજ્ઞાત પ્રદેશનાં પ્રાચીન વર્ણનો વાંચવામાં જ મને વધારે રસ છૂટયો હતો!

એટલામાં પશ્ચિમ તરફ સહેજ નજર ગઈ. અને ત્યાં સંધ્યા-સમયના વાદળનું એક અજબ દૃશ્ય મેં જોયું. જેણે સાગરની મુસાફરી કરી છે, હિમાલયના મોટા વિસ્તારને પાદાક્રાન્ત કર્યો છે, સૂર્યકિરણોને હંફાવે એવાં ગાઢ જંગલોમાં સંચાર કર્યો છે અને સેંકડો વરસથી પ્રકાશવેગે આવતા તારકાસૌંદર્યનું પાન કર્યું છે, એ વાદળોના કેવળ વિસ્તારથી કોઈ કાળે ચકિત થવાનો નથી. છતાં તે દિવસનું દૃશ્ય ખરેખર કલ્પનાશક્તિને ચકિત કરે એવું જ હતું.

પોતાનું પ્રાકટ્ય દિવ્ય છે, પાર્થિવ નથી, એ જાણે સ્પષ્ટ કરવા ખાતર ક્ષિતિજથી થોડે ઊંચે સુધી આકાશ ખુલ્લું છોડી, પછી જ વાદળાંઓએ પોતાનું લંબાણ એક છેડાથી બીજા છેડા સુધી તાણ્યું હતું. વચમાં વચમાં આ લંબાણ તળે નાનકડાં વાદળાં ગોઠવાઈ ગયાં હતાં. જાણે પ્રાચીન મંદિરોમાં કોતરેલા વિમાનવાહક યક્ષો! અને નીચલો ભાગ ઉપરના સૌંદર્યના પ્રમાણમાં નીરસ અથવા વિવર્ણ ન લેખાય એટલા માટે સકલ કલાકૃત્ સૂર્યનારાયણે વાદળા પાછળથી લાલ રંગની ઝડી છોડી હતી. છતાં આ તો ઉપરના અદ્ભુત રસનું કેવળ મંડાણ જ હતું. ઉપર વાદળાંમાં પહાડનાં શિખરોની હારો એક પછી એક વધતી જાય એવાં સાત પડો દેખાતાં હતાં. લંબાણ અને ઊંચાણો ભેગાં થયાં એટલે ભવ્યતા તો પ્રતીત થાય છે. પણ જ્યારે એમાં ઊંડાણ ઉમેરાય છે ત્યારે એ ભવ્યતા વિરાટનું રૂપ પકડે છે. અને પછી જ્યારે એની સાથે રસસ્નાત થઈ ઐક્ય અનુભવતા થઈએ છીએ ત્યારે આનંદથી એવા તો દબાઈ જઈએ છીએ કે જાણે ભવ્યતાના સાગરમાં શિરોસ્નાન કરાવનાર મોજાં છાતી ઉપર અથડાઈ રહ્યાં છે.

ખરેખર, કેટલાંક વાદળાંઓ બરાબર તેજનાં મોજાંઓ હોય એમ લાગતું હતું. ખગ્રાસ સૂર્યગ્રહણ વખતે સૂર્યની કિનારી ઉપર જે હજારો અને લાખો માઈલની જ્વાળા ઊછળતી દેખાય છે તેની હાલના જ્યોતિષીઓ છબીઓ પાડે છે. કુદરતને થયું હશે કે જન્માષ્ટમીના આનંદમાં આપણે પણ એવી છબી પાડીએ. કેવડાંય મોટાં મોટાં શિખરો અને એ આખાં શિખરોને જ ચાટી ખાવા મથતી એ વાદળાંની જ્વાળા જેવી જીભો!

શાસ્ત્રો કહે છે કે મિષ્ટાન્ન એકલાએ ન ખાવું. શાસ્ત્રો આવી આજ્ઞા ન કરત તોયે હૃદયધર્મ એ જ સૂચવ્યા વગર રહેત નહિ. મારી સાથે સમાનધર્મી કોઈ જ નહોતું. સાથમાં મારા રખેવાળ કેવળ બે પોલીસો હતા. તેઓ પોતાની વાતોમાં જ મશગૂલ હતા. પોતાને થયેલો આનંદ કોઈ સાથી સાથે વહેંચી લેવાથી આનંદ બેવડાય છે અને છાતી પરનું દબાણ કંઈક હળવું થાય છે, પણ એવો પરિવાર કે એવા પરિજનો અહીં ક્યાંથી આણું? મનમાં થયું,

અહીં આટલા બધા મુસાફરો ગાડીમાં બેઠા છે. કેમ કોઈનું ધ્યાન આ અદ્ભુત દૃશ્ય તરફ જતું નથી ? વાદળાંની આવી રચના રોજ રોજ જોવા નથી મળતી. આપણા લોકો જીવનકલહમાં અને સામાજિક કલહમાં એટલા તો દટાઈ ગયા છે કે જીવનમાંની તમામ રસિકતા નિચોવાઈને નષ્ટ થઈ છે. મનમાં ને મનમાં આવી રાવ ખાતો હતો એટલામાં ઘેટાંનો વેપાર કરવા નીકળી પડેલો એક મુસલમાન મુસાફર વાતો અટકાવી એકાએક બોલી પડ્યો — 'અહાહાહા ! જુઓ તો આ આસમાન તરફ જરા ! નાટકના પડદા જેવો ઘાટ જામ્યો છે.' સાહિત્ય-સંસ્કારવિહોણા એ અભણ મુસાફરનું એ વાક્ય સાંભળી મને અતિશય સંતોષ થયો. આખરે એક તો માનવી જડ્યો કે જેણે કુદરતના એ કલાવિલાસની કદર કરી !

નાટકના પડદા વિષેની સૂગ મારા મનથી ગઈ નથી. એમાંનું ચિતરામણ મોટે ભાગે ભમરાળું હોય છે. પણ મેં તરત વિચાર કર્યો કે આ ગરીબોને આપણે ક્યારેય મળતા નથી. એમની સાથે વિચારવિનિમય કરતા નથી. મંદિરોમાં કે બગીચામાં જઈ એમને માટે નવી સંસ્કારિતા ખીલવતા નથી. નવી ઢબે રામલીલા ભજવતા નથી. મનુષ્યજીવનમાં આપણે એમનો પડ નીચલો ને નીચલો જ રાખ્યો છે. ચિંતાદગ્ધ એવા એમના જીવનમાં જો કાવ્યરસ પ્રવેશ કરતો હોય તો સાંજે કોઈ કોઈ વાર એને બારણે સંભળાતી ગઝલો દ્વારા અથવા ચાર છ આનાના ખર્ચે જોવાતાં નાટકો દ્વારા. એટલે ઘેટાં જેટલા જ સંસ્કારી એ ઘેટાંના વેપારીના આનંદોદ્ગારમાં જે સ્વાભાવિકતા અને મૌલિકતા હતી એને લીધે એના શબ્દો મારી આગળ સત્યસુંદર અને જીવનગંભીર થયા હતા. મારા આનંદના એ પ્રાકૃત સાથીને સાંભળી, અને પાછળથી જોઈ હું કૃતાર્થ થયો. ટ્રેન તો દોડતી હતી. વાદળાં ઘડી ઘડીમાં નવા નવા પાસાઓ, નવી નવી માયાથી દેખાડતાં હતાં. એટલામાં ઠેકાણે ઠેકાણે વરસાદથી બનેલા છીછરા પણ બહોળા પાણીનાં ખાબોચિયાં આવ્યાં. એમાં નિર્મળ જીવન ક્યાંથી જ હોય ! એમાં ઊંડાણ ન મળે, પણ જીવનના ધર્મને સમજીને એમણે પોતાનું વદન કવિના માનસની પેઠે સરળ અને ગ્રહણશીલ રાખ્યું હતું. એટલે આકાશની અનંતતા, વાદળાંની ભવ્યતા અને સંધ્યાની સુવર્ણતાનો

આબેહૂબ ચિતાર તેઓ બતાવી શકયાં. અને એટલા વખત પૂરતી તો એ ત્રણેની મહત્તા પણ ધારણ કરી શકયાં. ઉપર આકાશમાં અને ધરતી પર પાણીમાં એ અદ્‌ભુત રસ સવળો અને અવળો દોરાયેલો જોઈ હું ફરી ઉત્તેજિત થયો. એ ઉત્તેજના લાંબો વખત રહી. પણ ઉત્તેજનાથી માણસ અંતે થાકી જાય છે. એટલે એ થાક ઉતારવા માટે સાંજની પ્રાર્થનામાં ડૂબી જવાનું મેં પસંદ કર્યું— विहाय कामान् यः सर्वान् पुमान्श्चरति निस्पृहः । निर्ममो निरहंकारः स शान्तिमधिगच्छति ॥ ખરેખર કળાની ભવ્યતામાં માણસને નિષ્કામ નિર્મમ અને નિરહંકાર બનાવી જીવન્મુક્તની પેઠે વગર લોભે વિહાર કરતો કરવાની શક્તિ હોય છે.

૨૪-૯-'૩૨

તારા–શિખર

રાત્રે પશ્ચિમ તરફ માથું કરીને સૂઈ ગયો. તેથી દક્ષિણના તારાઓ જોવાને બદલે પૂર્વ તરફના ઊગતા તારાઓ જોવા પામ્યો. મોટી દીવાલ પાછળ રાતના અંધારામાં હિમાલયના એકાદ સુંદર શિખર જેવું લાગતું લીમડાનું ઝાડ ઊભું છે. એની ડાળો અને એને આશ્રયે શોભતાં બીજાં ઝાડો મળીને એ બધું પિરામિડ જેવું દેખાય છે. [જે લોકોની દૃષ્ટિ અંતર્મુખ થઈ છે તેઓ દૂરનું સ્પષ્ટ જોઈ શકતા નથી. તેઓ સ્પષ્ટ જોઈ શકે છે કાં તો એમની ચોપડીઓ અથવા દૂરનાં આકાશનાં વાદળાંઓ—બાકી બધું એમને માટે કાવ્ય જેટલું અસ્પષ્ટ રહેલું હોય છે. અંગ્રેજીમાં આવી દૃષ્ટિને ભલે ટૂંકી દૃષ્ટિ કહેતા હોય, પણ ખરું જોતાં એ ટૂંકી નથી, એ કાવ્યમય દૃષ્ટિ છે; એ ક્રાન્તદર્શી ભલે ન હોય; પણ અંતર્મુખ તો જરૂર છે. દિવસ અને રાત ચોપડીઓ વાંચી વાંચીને કેળવેલી દૃષ્ટિ અંધ થઈ નથી ત્યાં સુધી ઓછામાં ઓછી અંતર્મુખ તો હોવી જ જોઈએ. ખેર.]

આછી નજરે સામેનો લીમડો પૃથ્વીના યૌવનના પૂંજ જેવો દેખાય છે. અને પિરામિડ જેવો એ કર્કશ નથી, એ વિશેષ આનંદની વાત છે. મરી ગયેલાના વૈભવનો પિરામિડ ક્યાં અને નિત્યયૌવનની ધ્વજારૂપ આ વનસ્પતિસૃષ્ટિ ક્યાં. રાત્રે જ્યારે બધે

નિસ્તબ્ધ હતું, સાબરમતી સ્ટેશનનાં એંજિનો પણ બોલતાં નહોતાં, આકાશનાં વાદળાંઓ તારાઓને સંતાકૂકડી રમાડતાં નહોતાં એવે વખતે ઊંઘ ભાંગી અને એ નિંબશિખર નજર આગળ મહાન થયું. આછું કાળું આકાશ અને એના પર ઉઠાવદાર દેખાતી આ ઝાડની ઘેરી કાળાશ ઊંઘમાં ફરી ફરી પ્રગટ થતાં સ્વપ્નાં જેવી દેખાતી હતી; પણ આ કાળાશનો ઢગલો શો સંદેશો આપી શકે! આછા આકાશથી ઘેરાયેલું હોવાથી એનાથી બિહામણું થવું અશક્ય હતું, એટલે આકર્ષક છતાં એ બાહ્ય સ્વપ્નું સૂચનશૂન્ય રહ્યું હતું. એટલામાં ટોચના પાંદડાને માથે એક તારો ચડી બેઠો. જોતજોતામાં સ્ફૂર્તિના દડાની પેઠે એ આકાશમાં ચડી અને કહે, "બોલો શો સંદેશો જોઈએ છે, હું જ તમારો સનાતન સંદેશો છું. મને નિહાળો અને જીવનમાં જે કંઈ જોઈતું હોય તે પામી લો. શાંતિ અને તેજ, ક્રાંતિ અને પ્રગતિ, ભક્તિ અને સમાધાન જે કંઈ જોઈતું હોય તે લઈ લો અને કૃતાર્થ થાઓ." મેં કહ્યું, "એ તો બધું તમે આપો જ છો—હંમેશાં આપો છો, મારે પોતાને માટે કશું જોઈતું જ ન હતું; મારે મન સામેનું શિખર અલૂણું હતું, મૂંગું હતું, અનાથ હતું, એ કૃતાર્થ થાય એટલું જ જોઈતું હતું. તમે આવ્યાં, એ કાલિમા ધન્ય થઈ; સાર્થ થઈ અને લાવણ્યવતી થઈ. સહેજ ઊંચે ચડો—જરાક, જરાક, હવે બરાબર—એટલે આ શિખરના બંને બાજુના ઢાળના પ્રમાણમાં બેસશો અને પૃથ્વીના માતૃહૃદયના સ્તન્ય જેવાં દેખાશો. બસ એ જ પ્રેમનો ફુવારો જોઈતો હતો."

સવારે પાંચ વાગ્યે સૃષ્ટિમાં કોને કાવ્ય નથી સૂઝતું. અંતઃસૃષ્ટિના શોધક ઋષિઓ અને બાહ્યસૃષ્ટિના શોધક વિજ્ઞાનશાસ્ત્રીઓનાં મનમાં દીર્ઘકાલીન ધ્યાન પછી જ્યારે કંઈ એકાદ સાર્વભૌમ કલ્પના જાગે છે ત્યારે એમના વદન પર જે આશા અને પ્રસન્નતા, મહત્તા અને ઉત્સાહ પ્રગટ થાય છે તે જ બધું પૂર્વ દિશાના મોઢા ઉપર બ્રાહ્મમુહૂર્તે દેખાવા લાગે છે. એની જાદુઈ અસર ચરાચર ઉપર થાય છે. કાલનિદ્રામાંથી જાગતા સત્યવાનના મોઢા ઉપર જેમ ફરી કળા જામવા લાગી અને તેથી સાવિત્રીના હૈયામાં આનંદ સ્ફુરવા લાગ્યો, તેવી જ રીતે સૃષ્ટિ ઉપર પ્રભાતની

આશા પથરાવા લાગી અને દ્વિજગણોને એકદમ ગાવાનું સૂઝ્યું. પ્રથમ શરૂઆત કરી કોયલે—કૂ—કૂ, એ સાંભળી મોર ટહુક્યો માઆઆઉ, માઆઆઉ. કાબર કહે, "મારી પાસે તો ગાયનનું—સંગ્રહાલય છે. હું તો જાતજાતના અવાજ કાઢું." પણ એ ચાંચલ્ય પેલા હોલા ભગતને ન રુચ્યું. એણે તો ઊઠતાંવેંત પ્રભુ તું, પ્રભુ તું, શરૂ કર્યું, જાણે એનો પ્રભુ એના 'વિશ્વાસના ઠરાવ'ની રાહ જોઈ બેઠો હતો, અને એ ન મળે તો સૃષ્ટિનું કારભારું કરવાની હિંમત ખોઈ એ અધિકાર ત્યાગ જ કરત. મોર, ચકલી, હોલા, કબૂતર, કોયલ અને કાબર બધાં જ બોલે એટલે કાગડાને થાય કે મારા ધૈવત વગર એ સપ્ત સ્વરનું સંગીત પૂરું નહિ થાય, એટલે એણે પણ પોતાનું અસ્તિત્વ ગાવા માંડ્યું. એંજિનનો સાદ હંમેશાં કાવ્યવિહીન હોય છે કેમ કે એનું સર્જન જ કાવ્યવિહીન છે, પણ આ વૃંદમાં એ ભળે છે ત્યારે એ સાદમાં પણ એક લહેક ઉમેરાય છે અને પરિણામે વૃંદગાયન વધારે સમૃદ્ધ થાય છે.

જેમ જેમ આ ગાયનનો નશો વધતો જાય તેમ તેમ મારા ચંક્રમણનો વેગ વધતો જાય, પગલાં લાંબાં લાંબાં પડતાં જાય. જૂની ટેવને લીધે હાથનો અંગૂઠો ચારે આંગળાં સાથે જાપ જપતો જાય અને જાણે આજનો દિવસ અત્યંત મહત્ત્વનો છે, જે પરમ-તત્ત્વનું અખંડ ધ્યાન ધરીએ છીએ તે આજે મળવાનું છે એવો વિશ્વાસ, એવી ઉત્કટતા, અને એવું અદમ્ય સૂચન હૈયામાં ભરાતું જાય.

* * *

વાતાવરણ બદલાયું. મનમાં બીજી જ વિચારધારા ચાલી: અન્યાયનો પ્રતિકાર શા માટે કરવો જોઈએ. માતાનાં બે બાળકો માંહોમાંહે લડે છે, દૂબળો ચિડાઈને ઊંચે સાદે પોતાની દુર્બળતા ઢાંકવા માગે છે, મોટો ભાઈ એ ઉદ્ધતાઈ ન સહન થવાથી એની છાતીમાં મુક્કો મારે છે. દૂબળાની શક્તિ તે કેટલી! એણે ચીસ પાડી. બે હાથે છાતી ચાંપી લઈ ત્રણ વાર ઊભો અને ત્રણ વાર બેઠો. મા એ બધું જોઈ રહી છે. એના મનમાં ન્યાયબુદ્ધિ નથી, શાસન કરવાની વૃત્તિ નથી; તેને તો બન્ને વહાલા જ છે.

બન્નેમાંથી એકેને રોકવાની તેની શક્તિ નથી. એનું સામર્થ્ય તો પોતાના લાડકા દીકરાઓનો એ વિખવાદ જોઈ દુઃખી થવામાં અને એ પ્રસંગ બિલકુલ પસંદ ન હોવા છતાં બન્ને પરનું વહાલ વધારવામાં જ હતું. માની આંખે ઝળઝળિયાં આવ્યાં. દૂબળાને પાસે લઈ એ પંપાળવા લાગી, પણ મોટાને એક શબ્દથી અથવા એક નજરથી એને ધિક્કારવાનું સૂઝયું નહિ. માના દુઃખે મોટો પીગળ્યો અને શરમાયો. પોતાની ભૂલ કબૂલ કરતાં એનો અહંકાર આડે આવ્યો. પણ એ બદલાયો તે કાયમનો બદલાયો. અન્યાયનો પ્રતિકાર કરવા કરતાં અન્યાયથી જો આપણે ખરેખરા અને પૂરેપૂરા દુઃખી થઈ શકીએ અને તે અન્યાયને કારણે તે અન્યાય કરનાર પ્રત્યે પણ વહાલ વધારી શકતા હોઈએ તો બીજું કશું નથી જોઈતું. ન્યાયશક્તિ કરતાં પ્રેમશક્તિ શ્રેષ્ઠ છે.

સાબરમતી '૩૨

વર્ષાન્તે વસંત

કવિઓ કહ્યું છે કે, "વરસાદ પડ્યો, એટલે કોયલનો કંઠ બગડ્યો જ." જૂના જમાનામાં આમ બનતું હશે. પણ આજના જમાનાનું તો બધું જ વિપરીત. તેથી જ મુંબઈના કાગડા સુદિ–વદિનો પણ કશો વિચાર કર્યા વગર રાત્રે ફરવા નીકળે છે.

એ જ હિસાબે હમણાં સાબરમતીની કોયલો વૈશાખનો વાસંતિક રાગ છોડીને ભાદરવાને આમંત્રણ આપી રહી છે. આ વર્ષે વરસાદે પડવાની મણા રાખી ન હતી; તે કારણે કોયલોએ કાગડાના સમાજમાં પડ્યા હોય તેમ, તદ્દન મૌન ધારણ કર્યું હતું; પણ જ્યાં ઋતુનું ऋतम् ન ટક્યું તો કોયલનો વાંક શો? હવામાં હવે જૂન મહિનાની યંત્રણા દાખલ થઈ છે. આંક બોલતાં ભૂલ થાય ત્યારે છોકરાઓ જેમ ફરી પહેલેથી શરૂ કરે છે; તે જ ઢબે વાદળાંઓએ જાણે ચોમાસાની ફરી પહેલેથી તૈયારી કરવાની હોય એવો જ ઘાટ ઘડ્યો છે. એ જ બફારા, એ જ વાયરા, એ જ અકળામણ, અને એ જ અસ્થિરતા. આટલી બધી તૈયારી થયા પછી ગાયનદીક્ષિત કોકિલાઓ ફરી પહેલેથી 'કુઉ–કુઉ' શરૂ કરે તેમાં જરાયે આશ્ચર્ય નથી. ગ્રીષ્મથી ધવાયેલો કાલિદાસ કહે છે: ગાઢી છાયામાં બપોરે સૂઈ જવું, માટલાનું ઠંડું ઠંડું પાણી પીવું, અથવા સુભગ જળાશયોમાં બતક–લીલા કરવી અને અંતે જ્યારે સૂરજ આથમી જાય અને ગરમ થયેલી પૃથ્વી પોતાનું ક્ષમાવ્રત

યાદ આવતાં શાંત પડે, ત્યારે જ ગ્રીષ્મનો સાચો આનંદ આપણને મળે છે.

આ તો ગ્રીષ્માવતારની વાત થઈ, પણ જ્યારે ગ્રીષ્મ પણ નાચી નાચીને થાકી જાય છે અને વર્ષાકાલ પોતાનું મહત્ત્વ પ્રાણીઓના મન પર ઠસાવવા જ્યારે પોતાની ભઠ્ઠી તપાવી દે છે, ત્યારે તો સાંજનું પણ ગજું નથી કે માણસને કંઈ સંતોષ આપે, કે રાહત આપે. અરધી રાત પાપડની પેઠે અવળાસવળા થઈએ ત્યારે માંડ ઊંઘ આવે અને આપણે કેટલું ઊંઘ્યા એનો કંઈ વિચાર મનમાં આણીએ એટલામાં પહો ફાટી જાય છે. એવે સમયે જો શાંતિ હોય, આહ્‌લાદ હોય, ઉત્સાહ અને સ્ફૂર્તિ હોય તો સવારના ચાર વાગ્યાથી નાસ્તાના સાત વાગ્યા સુધી જ. જેમ ગ્રીષ્મના દિવસો પરિણામ-રમણીય હોય છે, તેમ ગ્રીષ્મકાળ પણ પરિણામ-રમણીય જ હોય છે, પણ તે ઉપઃકાળે.

આજકાલની સવારો ગ્રીષ્માંતની ઉષા જેવી જ રમણીય છે અને તેથી આટલો વરસાદ ખમ્યા પછી પણ મીઠું–મધુરું ગાવાનું કોયલને સૂઝે છે. કોયલ પંચાંગના ઋતુકાળને વફાદાર નથી. એનો અંતરાત્મા નક્કી કરે ત્યારે જ દુનિયામાં વસંત હોય છે. આજે સવારે વાદળાં કંઈ જુદાં જ હતાં, કોયલને શંકા થઈ ગઈ કે વખતે વસંત ન પણ હોય. એટલે જેમ માણસને કોઈ બાબતમાં બુદ્ધિથી પૂરેપૂરી ખાતરી હોય છતાં આત્મવિશ્વાસ ન હોય એવે વખતે બોલ્યા વગર તો રહેવાતું નથી, અને જોરથી અવાજ નીકળતો નથી એ જ ઢબે કોયલો પણ પોલુંપોલું બોલતી હતી. પંચમનો સૂર તો બરાબર જ. રાગ, શુદ્ધ વસંતનો, પણ એ મુક્ત કંઠે ગવાય નહિ. કંઈક મન મારીને, અવાજ દબાવીને ફરી ફરી સાશંક થઈને એ ગાતી હતી. અને હું એનો એ જ ભાવ ધારણ કરી, માનવીના આદર્શ જીવનનું, નારાયણસ્વરૂપનું, પુરુષોત્તમનું, સનાતન લીલાનું ધ્યાન કરતો હતો.

ચંદ્ર ઊગ્યો, શુક્ર ચળક્યો, વાદળાંને કારણે આસમાનમાં મૃગલાનાં પગલાં ઘડીકમાં એક દેખાય અને ઘડીકમાં બીજું દેખાય. આખરે ધ્યાન તૂટ્યું કોયલનો અવાજ પણ બંધ થયો અને નીરવ શાંતિ અંતર્બાહ્ય પથરાઈ ગઈ.

૩૦–૮–'૩૨

મધ્યાહ્નનું કાવ્ય

વેદમાં બપોરનું વર્ણન છે એવું તો કોઈ ઠેકાણે નહિ આવ્યું હોય. બપોર એક મોટું શિકારી કૂતરું છે અને તે આકાશમાં દોડે છે. એણે જીભ બહાર કાઢી છે. એમાંથી જ્વાળા નીકળે છે. એ કૂતરું કોનું કહેવાય? સૂર્યનું કે એના દીકરાનું? યમાજી ભાસ્કર હમેશાં કૂતરાં લઈને ફરે છે, પણ એને ચાર ચાર ડોળા હોય છે! ભાસ્કરરાવ પાસેથી જ એને કૂતરાં મળેલાં હોવાં જોઈએ. પોતે બાર આંખવાળા એટલે ચાર આંખિયાં કૂતરાં એમની પાસે જ હોય.

બપોરને કૂતરાંની ઉપમા આપનાર નવો કવિ હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય છે. એના Feast of Youth (યૌવનની મિજબાની) નામના કાવ્યસંગ્રહમાં એવો જ ચિતાર જોવાને મળે છે. કવિ ત્રિભુવન વ્યાસે પણ બપોરનું વર્ણન આપવાનો પ્રયત્ન કર્યો છે. જોકે આજની બપોર અનુભવ્યા પછી ઋતુસંહારમાં આવેલું ગ્રીષ્મનું વર્ણન જ ધ્યાનમાં આવે. બપોરના ત્રાસથી ત્રાસેલો ઉંદર નાગની ફણાની છાયા શોધતાં પણ અચકાતો નથી. બીજી ક્ષણે દુર્વાસાનો ભાઈ વિશ્વામિત્ર યાદ આવે છે. એણે હરિશ્ચન્દ્રનું સત કસવા ખાતર ચંડ ભાનુને પ્રચંડ તપાવ્યો હતો. છતાં હરિશ્ચન્દ્રનું સત તો ઓગળી ન જ ગયું પણ કોમળ રોહિદાસ પણ એથી ન ચળ્યો એ વાત જુદી.

એવા જ પ્રખર તડકામાં મારે નાનપણુમાં એક વાર ઉઘાડે પગે દવા લાવવા જવું પડયું હતું. મ્યુનિસિપાલિટીના ફાનસના થાંભલાઓ અને ઘરની દીવાલો કંજૂસની પેઠે પોતાની છાયા પોતાના પગ તળે દબાવીને જ ઊભાં હતાં, એટલે મારા પગને છાયાનો આશ્રય કયાંથી મળે? રસ્તા પરથી ગયેલાં પરોપકારી પશુઓએ છાણુના પોદળા નાખ્યા હતા. એ આવે એટલે ક્ષણુને માટે એના ઉપર જઈને ઊભો રહેતો. એની ઠંડક કેટલી મીઠી લાગતી! પગે બાઝીને એનાં જો સુકાયેલાં છાણું થાત તો જરૂર એ પાદત્રાણુની (ચંપલની) ગરજ સારત. એવે વખતે છાણુ એ વસ્તુ ગંદી જેવી લાગતી નથી. સૂગ કે સૌંદર્ય આખરે વસ્તુગત નથી પણુ ભાવનાગત છે.

તે દિવસે તડકા ઉપર હું છેલ્લો ચિડાયો. ત્યાર પછી હું હંમેશાં તડકા ઉપર પ્રેમ જ કરતો આવ્યો છું. એ પરિવર્તન શાથી થયું એ જાણુવું મુશ્કેલ છે. વખતે 'ત્રાટિકા' નાટકમાં પ્રતાપરાવ પોતાની નવોઢા વધૂને તડકામાં ચાંદરણું કહીને લઈ જાય છે એની સાથેના સમભાવને લઈને થયું હોય તો કોણુ જાણે! પણુ એમ ન હોય. સાચે જ તડકાનો રંગ મને ખૂબ ગમે છે. કેટલીક વસ્તુઓ પ્રત્યે આપણે તટસ્થ નથી થઈ શકતા તેથી તેનું સૌંદર્ય ગુમાવીએ છીએ. બિહારમાં તળાવ ઉપર લાલ રંગની લીલ બાઝે છે. તેથી અંજીરી રંગના ગાલીચાની કેટલી અનેરી શોભા ફૂટે છે! પણુ અંદર જવા જતાં તો પગ જ લપસે છે; અને વળી એ પાણી પીવા લાયક હોતું નથી. માટે એનું સ્મરણુ કરીને માણુસ દીવેલિયું મોઢું કરે છે. માણુસ ઉપયોગિતાના ખ્યાલમાંથી ઊગરી ન જાય ત્યાં સુધી સૌંદર્યનું હાર્દ સમજી ન શકે.

મારી દલીલ એ છે કે જે તડકામાં કુમળાં ફૂલો પણુ ખીલે છે તે તડકાનો વાંક તમે શી રીતે કાઢી શકો? જે તડકો કેળનાં પેટમાંનું પાણી પણુ લૂંટતો નથી તેને તમે ત્રાસદાયક કહો શા હિસાબે?

તડકો પૂર જોશમાં પડતો હોય તે વખતે આકાશની શોભા ખાસ જોવા લાયક હોય છે. ભેંસો દૂધ દેતી વખતે જેમ આંખ મીંચીને નિસ્તબ્ધ ઊભી રહે છે તેમ આકાશ તડકાની સેરો છોડતું

ઊનું જ રહે છે. ન મળે વાદળાં, ન મળે ચાંદલો. ચાંદો હોય તોયે વાસી રોટલાના કકડાં જેવો ક્યાંક પડ્યો હોય. બધે એક જ રસ ફેલાયેલો હોય છે. એને વીર રસ કહીએ કે રૌદ્ર? હું તો એને શાંત રસ જ કહું! શાંત રસ શીતળ જ શા માટે હોય? તપ્ત કેમ ન હોય?

ઉનાળાના દિવસો પરિણામે રમણીય હોય છે એવું પ્રમાણ-પત્ર આપવાની કશી જરૂર નથી. બપોરે પણ એ કાંઈ ઓછા રમણીય નથી હોતા. માત્ર એ રમણીયતા પારખવાની આંખો જોઈએ છે એટલું જ. ખરે બપોરે રસ્તાઓ જાણે પહોળા થાય છે, ગામ ગામ વચ્ચેનું અંતર વધે છે; શહેરમાં હજીયે વધારે વસ્તી માઈ શકે એવો ભાસ થાય છે; અને જાણે ઈશ્વરની એ લીલા આગળ ચરાચર સૃષ્ટિ તો શું પણ માનવપ્રાણી પણ સ્તબ્ધ થઈ જાય છે.

તડકાની લહેજત પારખે છે એકલો પવન. એ સુખેથી ફાવે તેમ દોડે છે. નદીઓ પર પણ દોડે છે અને ટેકરીઓ ઉપરથીયે દોડે છે. સમુદ્ર હોય કે રણ હોય, એને દોડતાં જરાયે મુશ્કેલી પડતી નથી. એને કંઈ છાણુાંનાં પગરખાં શોધવાં નથી પડતાં. એ જઈ જઈને વૃક્ષોને પૂછે છે: 'કેમ મજામાં છો ને?' ઊંઘણશી ઝાડો માથું ધુણાવીને જવાબ વાળે છે: 'કેમ નહિ? કેમ નહિ?' આકાશની સમડીઓ પણ તડકાના રસમાં મજા માણે છે. જરાયે ઉતાવળ કર્યા વગર ગોળગોળ ફરતી એ ઉપર ચડે છે અને પછી એટલી જ ધીરજથી નીચે ઊતરે છે. જાણે પ્રશાંત સાગરનાં યાત્રી વહાણો.

આવા તડકામાં જો મુસાફરીનો પ્રસંગ આવે તો શરૂઆતમાં ઘડી અધઘડી જે તકલીફ થાય તે ખરી, પણ એક વાર પરસેવો છૂટ્યો એટલે પછી એવો તો આનંદ આવે છે કે જાણે તળાવમાં નહાતા હોઈએ. હા, પગ તળે રેતી હોય તો પગનાં બિસ્કિટ થાય ખરાં. પણ એ વાંક કાંઈ તડકાનો નથી. **अन्यस्मात् लब्ध-पदो नीचो प्रायेण दुस्सहो भवति । रविरपि न दहति तादृक् यादृक् दहति वालुका–निकरः ॥** માણસ ધારે તો એનો ઉપાય કરી શકે છે. રજપૂતાનાના લોકો જોડા પહેરે છે એમાં ઉપરની નાની

જીભને ઠેકાણે મોરની કળા જેવું મોટું ચામડું જ બેસાડી દે છે. રેતીમાં ચાલતાં રેતી તો ખૂબ ઊડવાની, પણ આ કળાને લીધે પગ બચી જાય છે. રજપૂતો એને શું કહે છે કોણ જાણે. અરસિક અંગ્રેજો એને Sand guard (રેતીરક્ષક) કહેવાના. હું તો એને ખાસડકળા કહું.

સવારસાંજ કરતાં બપોરે આકાશનો રંગ કંઈક આછો હોય છે એથી જ તડકો આટલો શોભે છે. ખગ્રાસ ગ્રહણ વખતે તડકો કાળાશ પડતો થાય છે, અને આકાશ પણ એવું ગમગીન દેખાય છે કે એને આશ્વાસન આપવા માટે તારાઓને પણ દોડી આવવું પડે છે. એના કરતાં તો ચોમેર ફેલાયેલું ફિક્કું આકાશ હજારગણું સારું. અને એમાં જો પાતળાં વાદળાં આવી જાય તો તો સંગેમરમરની શોભા જ જોઈ લો.

પણ તડકાનો આનંદ પ્રત્યક્ષ મળતો હોય તે વખતે શબ્દો લખવાનું પણ સૂઝવું ન જોઈએ. લાંબું લખીએ તો લેખિની પણ સુકાઈ જવી જોઈએ. પછી કવિ વિલિયમ કૂપર વિલાપ કરે તો પણ શાહી વિના તે લખાય નહિ.

શાંતિનિકેતનમાં ઉનાળાના દિવસો હતા. ખરે બપોરે કવિશ્રીને મળવા ગયો હતો. મેં એમને કહ્યું, 'કઅવસરે આવીને આપને તકલીફ આપું છું.' એમણે કહ્યું, 'તમે પણ તકલીફ ઉઠાવી છેસ્તો.' મેં કહ્યું, 'ના, મને તો તડકો ગમે છે; હું તો એનો આનંદ લૂંટું છું.' આ સાંભળતાં વેંત કવિશ્રી એકાએક પ્રસન્ન થયા અને કહે, 'હેં, તમને પણ તડકામાં આનંદ આવે છે? હું તો ખૂબ તડકો હોય છે ત્યારે બારી આગળ આરામ ખુરસી નાંખીને લૂમાં નાહું છું. મને એમાં ખૂબ જ આનંદ આવે છે. પણ હું તો માનતો હતો કે એવો શોખીન હું એકલો જ છું.' મેં બીતાં બીતાં વિનોદ કર્યો: 'રવિને પોતાનો તડકો ન ગમે તો તે ક્યાં જાય!'

૨૯–૫–'૩૦

વર્ષાવતાર

વીસ દિવસ થયાં આ વરસાદ ગયો છે ક્યાં? એણે જરાક આવીને આશા બતાવી, એમાંથી ઉત્કંઠા પેદા થઈ છતાંય એ ન આવ્યો એટલે અકળામણ થઈ. અકળામણે નિરાશાનું રૂપ લીધું, અને અંતે હૃદયે એ નિરાશાને પણ વિસ્મૃતિમાં ધકેલી દઈ પોતાની સ્વાભાવિકતા મેળવી. ગયે વર્ષે પડેલો વરસાદ જેટલો જૂનો ગણાય તેટલો જ વીસ દિવસ પહેલાંનો વરસાદ જૂનો થયો છે. વંટોળિયો, પવન, ધૂળનાં ઝાપટાં, ગરમીનો બફારો — એ બધું જાણે ઓછું જ હોય તેમ અળાઈઓએ આવીને બધાને અસ્વસ્થ કરી મૂકચા. પેટમાં ન માય એવી કોઈની છાની વાત સાંભળ્યા પછી જે અસ્વસ્થતા અનુભવાય છે તેવી જ અસ્વસ્થતા આ અળાઈને કારણે થાય છે. રાત્રે પવનનું વાવાઝોડું આવ્યું એમાં ધૂળની હેલી. આ 'કોરો વરસાદ'. તાપ કરતાં પણ વધારે અકળાવનારો હોય છે. પણ એની સામે ફરિયાદ કોની આગળ કરાય? રાત ગઈ, સવાર આવી અને એની સાથે અસહ્ય છતાં સહન કરવો પડતો તાપ આવ્યો. આટલા તાપમાં મિજાજ ઠેકાણે રાખવાનું કામ કેટલું અઘરું છે? એ કાં તો હિંદુસ્તાનનો દુર્દૈવી ખેડૂત જાણે અથવા દર ઉનાળે કાંઈક ને કાંઈક ગાંડપણ કરી બેસનાર હિંદુસ્તાનની સરકાર જાણે. પણ જો દરેક વસ્તુનેં અંત હોય છે તો આ

તાપને અંત કેમ ન હોય? તાપના ત્રાસથી વિશ્વવ્યાપી વિષ્ણુનું હૈયું (આકાશ) પીગળ્યું. એ ઘનશ્યામે વાદળાં મોકલ્યાં. જગન્મિત્ર પવને પૂરતી મદદ કરી અને આભમાંથી વરસાદ તૂટી પડ્યો. શો એ ક્ષણનો ઉન્માદ! ઝાડો ડોલવા લાગ્યાં, પક્ષીઓ મહાલવા લાગ્યાં, ધૂલિધૂસર આકાશ નાહીને સાફ થયું અને અભિતપ્ત ધરા, જેટલો વરસાદ આવે તેટલો ધરાયા વિના પીવા લાગી. જ્યાં ત્યાં સંતોષ સંતોષ અને સંતોષ.

ઉનાળાના તાપથી અકળાયેલી સૃષ્ટિને જાણે હસતી હોય તેમ કોયલો આખો ઉનાળો મધુર કંઠે ગાતી હતી. તેમને વરસાદ કેવો રુચ્યો તે જાણવું મુશ્કેલ છે, પણ હજીયે વરસાદનું પાણી એમને રુઝાકર નીવડ્યું ન હતું. એટલે એમ માનવાને વાંધો નથી કે કોયલોને પણ પંચમ સ્વર જેટલો જ શુદ્ધ આનંદ થયો હતો.

સાચો વર્ષાવતાર તો આજે જ ગણાય. તે દિવસે વરસાદ પડ્યો હતો ખરો, પણ તે વર્ષાઋતુની આગાહી કરવા નહિ. પરંતુ હજી વરસાદની શરૂઆત થઈ નથી, હજી ઘણીવાર છે એમ કહેવા માટે જ એ આવ્યો હતો એમ હવે જણાય છે. કોઈ દેણદાર લાંબા વખત સુધી પૈસા પાછા ચૂકવે નહિ અને આપણી ધીરજ ખૂટે એટલે એક દિવસ અચાનક દર્શન દઈ ડાહ્યું મોઢું રાખીને 'તમારા પૈસા મારે આપવા છે, હું ભૂલી નથી ગયો, હો. જરાક હાથ છૂટો થશે તો ચાર છ મહિનામાં જરૂર સગવડ કરીશ અને તમારા અરધા પૈસા તો આણુ સાલ આપવાની આશા રાખું જ છું, પછી તો ઈશ્વર જાણે.' એમ કહી દે એટલે આપણી જે દશા થાય તેવી જ દશા પેલા વરસાદે કરી હતી.

૧૦-૬-'૩૦

તારાનો આહાર

સાંજે સૂરજ આથમી ગયો ત્યારે તે સાવ થાકી ગયેલો દેખાતો હતો. એનું તેજ ઝાંખું પડયું હતું. પહાડની પાછળ ઊતર્યા પછી એણે પોતાના રશ્મિનો સમૂહ કર્યો. અંધારું થયું અને પછી રાત્રિનું વિશાળ કદંબ ફૂલવા લાગ્યું. પારિજાતના ઝાડ ઉપર જેમ ફૂલોની બહાર આવે તેમ નક્ષત્રો ફૂલવા લાગ્યાં. આખી રાત ચકમક, ચકમક ચળકયા જ કરે. સવારે સૂરજનો આવવાનો વખત થયો. પણ બિચારો તેજ કયાંથી આણે? અને ઝાંખો જ ઊગે તો બિચારાની આબરૂ જાય. તમને ખબર છે? કે ચંદનઘોને જેમ લાંબી દુર્વાના અંકુર જેવી જીભો હોય છે તેમ સૂરજને પણ એવી અસંખ્ય જીભો હોય છે. એમને કિરણ કહે છે. સાડા ત્રણ ચાર વાગ્યાથી એ પોતાની જીભો બહાર કાઢી તારાઓ ચાટતો જાય છે. પ્રથમ તો ઝીણા ઝીણા તારાઓ એની જીભોને ચોંટી જાય છે. પછી આકાશના આ છેડાથી બીજા છેડા સુધી જીભ લંબાવી તે બધા તારાઓ વીણી ગળી જાય છે. નવલખ તારાનું તેજ ગળી એ તેજસ્વી થાય છે, અને પ્રસન્ન થઈને પૂર્વ દિશાને વીંધીને બહાર નીકળી આવે છે. સૂરજ નીકળ્યા પછી પણ કોક કોક વાર શુક્ર બચી જાય છે. શુક્ર આગળ દોડે અને સૂરજ એને પકડવા ચડતો રહે. બધા તારાઓ

ગયા છતાં પોતે રહ્યો છે, એ જોઈને પોતાને જ 'શુક્રિયા અદા' કરે છે. એટલામાં એ પણ ખવાઈ જાય છે. अहंकारी अजत्यघः ।......

અહીંની ઠંડી ગઈ તો ક્યારની હતી. ખૂબ દૂર ગઈ હતી. પણ એનું કંઈક પાછળ રહી ગયું હશે તે લેવા એ ફરી આવી. આઠ દિવસ થયાં એની એ શોધ ચાલતી હતી. બે દિવસ થયાં વાદળાંઓ અહીંનાં આકાશનાં મહેમાન થયાં છે અને આકાશે પણ ઉદારતાથી કહ્યું કે આખું ઘર તમારું જ છે.

ફેબ્રુઆરી, '૨૫

લુચ્ચો વરસાદ

હવેથી હું તો આ વરસાદ સાથે નથી રમવાનો. એ બહુ લુચ્ચો છે.

બપોરે હું સૂઈને ઊઠ્યો ત્યારે ખાલી બારણાં બંધ હતાં. બહાર વરસાદ વરસતો હતો તેનો અવાજ આવતો હતો. મને લાગ્યું કે તે હસે છે. ખરેખર એના અવાજ ઉપરથી તો તે હસતો જ જણાતો હતો. હું દોડતો દોડતો બહાર તેની સાથે રમવા માટે ગયો. ત્યાં જઈને જોઉં છું તો ભાઈસાબ ધોધમાર રુએ છે.

પરમદહાડે બપોરે હું તેની સાથે ખૂબ રમ્યો. પણ જતી વખતે મેં એને કહ્યું કે આવતી કાલે સવારે તો મારે નિશાળે જવું છે માટે તું બપોરે આવે તો આપણે ખૂબ રમીએ. પણ એ લુચ્ચો તો સવારે જ આવ્યો. ભલે, એ જો સવારે વહેલો આવ્યો હોત તો એનું બહાનું કાઢીને નિશાળે તો ન જાત! પણ એનો વિચાર તો મને ખાસ પજવવાનો જ હતો એટલે એ વહેલો શાનો જ આવે? અમે લગભગ નિશાળે પહોંચવા આવ્યા ત્યારે રસ્તામાં મળ્યો અને બોલ્યો, "ચાલો રમવા." એ તે કેમ બને?

નિશાળે જતાં વાર થઈ. તેથી મારની બીકે હું ધ્રૂજતો હતો. મહેતાજીને લાગ્યું કે હું વરસાદ સાથે લડ્યો અને પલળીને ઠરી ગયો તેથી ધ્રૂજતો હોઈશ.

વરસાદનો સ્વભાવ પણ કેટલો વિચિત્ર! જ્યારે જ્યારે એની સાથે રમવા જાઉં છું ત્યારે એ કદી સીધી રીતે રમતો જ નથી. પોતે પહેલો પડે છે અને પછી મને પણ સાથે પાડે છે. એ પડે છે ત્યારે એને તો કંઈયે વાગતું નથી પણ મને તો વાગે છે. અને વળી મારાં કપડાં પણ બગડે છે તે વધારાનું. મારું દુઃખ જોઈને મોઢેથી તે હસે છે અને આંખેથી રુએ છે!

રાત્રે પણ એ નિરાંતે નથી સૂતો. મેં એને કેટલીય વાર કહ્યું કે ઉનાળામાં આવજે. તડકો બહુ પડે ત્યારે તારી સાથે રમવું મને બહુ ગમે. પણ ઉનાળામાં તો એ ભાઈ ભાગ્યે જ પધારે છે.

કોઈ દહાડો બહાર જતી વખતે જો હું સાથે છત્રી લેતાં ભૂલી ગયો હોઉં તો એ જરૂર આવવાનો. પણ જો હું મારી પેલી નવી સ્વદેશી છત્રીનો ભાર સાથે ઉપાડી ઉપાડીને ફરું તો એ દૂરથી જ ડોકિયું કરે.

મોર સાથે પણ એ એવા જ ચાળા કરે છે. ભલેને મોર એની તરફ જોઈ જોઈને એને આખો દહાડો બોલાવ બોલાવ કરે; પણ એ આવે જ નહિ. અને પછી ઓચિંતો આવીને એટલા જોસથી એના પર હસતો હસતો કૂદી પડે કે મોરનાં સુંદર આંખોવાળાં પીછાં ભીંજવી નાખે અને એની બિચારાની બધી શોભા બગાડી નાખે.

ચકલીને પણ એનો તોફાની સ્વભાવ નથી ગમતો. કૂકડો તો એનાથી ત્રાસી જ જાય છે. ગાય બળદને પણ એ એમ જ હેરાન કરે છે. બકરાં તો એનાથી એટલાં ગભરાય છે કે વાત ના પૂછો.

બસ, એક બતક અને ભેંસ એ બે એનાથી ખુશ ખુશ રહે છે. પણ હું તો નથી ધોળી બતક કે કાળી ભેંસ. માટે હું તો હવે આજથી વરસાદ સાથે રમવાનો નથી.

જીવનનો આનંદ

ખંડ ૨જો

અનંતનો વિસ્તાર

સૃષ્ટિનું રહસ્ય

જેમાં ઓછું દેખાય છે તે અંધારું અને વધારે દેખાય છે તે પ્રકાશ; એ વ્યાખ્યા જો બરાબર હોય તો દહાડાનું ધોળું અંધારું હોય છે તેથી આપણે ફક્ત પૃથ્વી અને સૂર્ય એ જ જોઈ શકીએ છીએ. પણ રાત્રે જ્યારે કાળો પ્રકાશ થાય છે ત્યારે જ ઈશ્વરની અનંત સૃષ્ટિ પ્રકટ થાય છે અને વિશ્વ કેટલું વિશાળ છે એનો કંઈક ખ્યાલ આવે છે.

મે, '૩૨

અઘમર્ષણ

અઘમર્ષણ એટલે પાપ ધોઈ કાઢવું તે. ઋગ્વેદમાં આ નામનું એક પ્રખ્યાત સૂક્ત છે (મંડળ ૨૦ મું: ઋચા ૧૯૦). એના ઋષિનું નામ પણ અઘમર્ષણ જ છે. આ સૂક્ત સંધ્યા-વંદનમાં સવારસાંજ વપરાય છે. સૂક્તની ખૂબી તો એ છે કે એમાં પાપનો ઉલ્લેખ સરખો પણ નથી.

पापोऽहं पापकर्माऽहं पापात्मा पापसंभवः ઇત્યાદિ શ્લોકો આપણી પાસે પડ્યા છે, જેમાં મોઢું ભરીને પાપનો એકરાર માણસ કરતો જાય છે અને ઈશ્વર પાસેથી ક્ષમા અને મદદ યાચે છે. અઘમર્ષણ ઋષિની પદ્ધતિ જુદી છે. તેણે પાપ કેમ પેદા થાય છે એનું મૂળ શોધી કાઢ્યું છે. ગીતાએ તો કહ્યું જ છે કે, કામ અને ક્રોધને લીધે માણસ પાપમાં ડૂબે છે; પણ આ કામ-ક્રોધ પણ આત્મા સામે કેમ ફાવી જાય છે? અઘમર્ષણ ઋષિની માન્યતા દેખાય છે કે માણસ સાંકડા મનનો થાય એટલે એનામાં કામ-ક્રોધ અને એમની સાથેનાં બધાં પાપો ઘૂસવાનાં જ. ઉપનિષદના ઋષિઓએ જેમ કહ્યું કે **महामनाः स्यात्** તેમ અઘમર્ષણ ઋષિ પણ કહે છે: બાહ્ય વિશ્વની વિશાળતા અનુભવો; હૃદયનું ઊંડાણ તપાસો; આ બધી આંતરબાહ્ય સૃષ્ટિ શાને આધારે નભી રહી છે એ જોઈ લો; કાળની અનંતતા અને સૃષ્ટિની અનંતતા ધ્યાનમાં લાવો; એટલે તમારું મન એની મેળે વિશાળ થશે. જેમ ખુલ્લી હવામાં ગંદકી ટકતી

નથી તેમ વિશાળ મનમાં પાપને સ્થાન મળતું જ નથી. અંધારામાં, ખૂણામાં, સાંકડાપણામાં, નાના નાના વાડામાં જ પાપ ભરાઈ રહે છે. એને ભૂલી જાઓ અને પૃથ્વીના વિશાળ પટ ઉપર, અનંત આકાશ તળે, પરમ વિરાટનું ધ્યાન ધરવા બેસો. આકાશમાં શું દેખાય છે? સૂરજ છે, ચંદ્ર છે, અંતરિક્ષ છે, એની પેલી પાર તારાઓના મહાન સાગર ઊછળે છે. એ બધા આગળ તમારું શરીર, એ શરીરની વાસનાઓ અને વેદનાઓ કેવડી ગણાય? અને તમારું જીવન પણ કેવડું?

અને છતાં આ જે સૃષ્ટિ દેખાય છે, તે પહેલી કે છેલ્લી નથી જ. એવી કેટલીયે સૃષ્ટિઓ આના પહેલાં થઈ ગઈ છે કે જેનો શુમાર જ નથી. અને હવે પછી કેટલી થશે એ પણ કોણ કહી શકે! આ અનાદિ, અનંત સૃષ્ટિમાં જો કંઈ પણ સ્થાયી હોય, વિભુ હોય, તો તે પરમાત્માનું ઋતમ્ અને સત્યમ્ છે. ઋતમ્ એટલે વિશ્વનો સાર્વભૌમ નિયમ, કાયદો. ચરાચર વિશ્વનો સનાતન ધર્મ તે ઋતમ્ છે. આ ઋતમ્‌ના આધારે જ આ અનાદિ, અનંત સૃષ્ટિ ચાલે છે (ઋ=ચાલવું). એ ઋતની અંદર રહેલું પરમ તત્ત્વ, જે હંમેશાં રહેલું છે જ અને જેનો નાશ નથી, તેને સત્ય કહે છે. એ સત્ય સર્વવ્યાપી હોઈ એને વિષ્ણુ (સર્વત્ર પ્રવેશ પામનારું) પણ કહે છે. એનું બીજું નામ ઋતધામન્ પણ છે; કેમ કે એને આધારે એ વિશ્વનો સાર્વભૌમ અને સાર્વકાલિક નિયમ પ્રતિષ્ઠિત છે.

એ ઋતમ્ અને સત્યમ્ દ્વારા અનંત વિશ્વો પેદા થાય છે, વિલીન થાય છે અને ફરી પેદા થાય છે. આ વિશ્વચક્રને બહારનો આધાર નથી. એનો અંદરનો આધાર તે જ ઋતમ્ અને સત્યમ્.

આ વિશ્વચક્રને અખંડ ચાલતું રાખનાર, એને અખંડ નૂતન રાખનાર જે શક્તિ તેને તપ કહે છે. અઘમર્ષણ ઋષિ કહે છેઃ આ ઋતમ્ અને સત્યમ્‌નો સાક્ષાત્કાર કરો, એ પરમ તપ સાથે એકરૂપ થાઓ, જેના બંને છેડા કોઈએ જોયા નથી તે સનાતન કાલ કેમ ફેરા ફરે છે તેનું તત્ત્વ જાણી લો અને પછી આ વિશ્વની રચનાના અદ્‌ભુત કાવ્યનો આસ્વાદ લો. કવિઓ અસંખ્ય થઈ ગયા. મનુષ્યહૃદય છે ત્યાં સુધી એમનાં કાવ્યો—ચેતનવંતાં

કાવ્યો જીવશે અને ચેતનપ્રદાન કરશે. પણ દેવોનું મહાકાવ્ય તો આ વિશાળ વિશ્વ જ છે. अणोरणीयान् महतो महीयान् એવું આ અતકર્ય વિશ્વ છે. એક બાજુ દૂરદર્શક યંત્રની મદદથી અને બીજી બાજુ સૂક્ષ્મદર્શક યંત્રની સહાયથી તમારાં ચર્મચક્ષુની શક્તિ ગમે તેટલી વધારી દો; આ વિશ્વનો છેડો તમારા હાથમાં આવવાનો નથી. અને આ ત્રિકાલવ્યાપી વિશ્વ તો પરમાત્માનો કેવળ મહિમા ગણાયો છે. પરમાત્મા તો એના કરતાંયે મોટો છે. एतावानस्य महिमा । अतोज्यायांश्च पूरुषः ॥ એ સુખનું ધામ છે; આનંદનું નિધાન છે. એની કલ્પના હૃદયમાં જેમ જેમ ફેલાશે તેમ તેમ હૃદય એની મેળે સ્વચ્છ અને ઉજ્જવળ થશે. પાપનું સ્મરણ સરખું કરવાની જરૂર નથી. જેમ જેમ મોટા થશો, પ્રતિષ્ઠાથી મોટા નહિ પણ હૃદયથી મોટા થશો, તેમ તેમ એની મેળે પાપની સૂગ ચડશે અને પાપને ઊભવાને સ્થાન જ નહિ રહે. यो वै भूमा तत्सुखम् । नाल्पे सुखमस्ति । એટલું જાણી લેવું એ જ પાપનાશક મંત્ર છે.

અઘમર્ષણ ઋષિની એ પ્રેરણા લઈ વિધાતાનું વિશ્વકાવ્ય આપણે નિહાળવું જોઈએ. એમાં જ્ઞાનાનંદ છે, સનાતન કાવ્ય છે અને અખૂટ શાંતિ છે. શક્તિ તો છે જ.

* * *

અર્જુનને કર્તવ્યનો મોહ થયો હતો. ક્ષાત્રધર્મનો સામાન્ય ઉપદેશ કરતાં પત્તો ન ખાંધો, એટલે ભગવાને આત્માનું સનાતનત્વ, વિભુત્વ, સમત્વ અને નિર્દોષત્વ એક અમર સ્તોત્રમાં અર્જુન આગળ રજૂ કર્યું અને આ વિશ્વ પાછળ રહેલો કાલરૂપી મહાન નિયમ એને સમજાવી દીધો. પણ દર્શન વગર શ્રવણ–મનન અધરું હોય છે; અને અધૂરું રહે છે. તેથી ભગવાને અર્જુનની એ અલૌકિક જિજ્ઞાસા અથવા દર્શનલાલસા તૃપ્ત કરવા ખાતર એને પોતાનું વિશ્વરૂપ બતાવ્યું. વિરાટનું, વિભુનું, વ્યાપક તત્ત્વનું દર્શન થયા પછી જ માણસને પોતાની મહત્તાનો, પોતાની શક્તિનો, પોતાના વારસાનો સાક્ષાત્કાર થાય છે. એ રીતે વિશ્વરૂપદર્શન એ ગીતાજ્ઞાનનું આવશ્યક અંગ છે.

આપણે અર્જુન નથી, કે શ્રીકૃષ્ણને કહી શકીએ : द्रष्टुमिच्छामि ते रूपम् ऐश्वरम् पुरुषोत्तम । પણ ઇતિહાસ, પુરાણ,

પદાર્થવિજ્ઞાનશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્ર આદિ સૂક્ષ્મ–વિરાટ શાસ્ત્રોના અધ્યયન દ્વારા આપણે એ વિશ્વસ્વરૂપનું દર્શન આપણી શક્તિ પ્રમાણે અવશ્ય કરી શકીએ છીએ. અર્જુનનું સમાધાન થાય એવું વિશ્વરૂપ એણે જોયું, આપણું સમાધાન થાય અથવા અદમ્ય અસમાધાન આપણા હૃદયમાં જાગે એવું વિશ્વરૂપ આપણે ખગોળવિદ્યા દ્વારા જરૂર કરી શકીએ છીએ. અને એ ખગોળવિદ્યાનું જ્ઞાન બુદ્ધિને તૃપ્ત કરે, રસિકતાને આનંદ પમાડે, ઔચિત્યને ધન્યતા અનુભવાવે એવું નીવડ્યા વગર રહેવાનું નથી.

પૃથ્વીનો પટ વિશાળ છે; સમુદ્ર એથીયે વિશાળ ને ગંભીર છે. છતાં એ બંનેનું માપ કઢાયું છે. તેથી જ દૂરમાં દૂરની મુસાફરી કરવા નીકળનાર માણસ જ્યાંથી નીકળે ત્યાં જ પાછો આવી પહોંચે છે. આકાશનાં અંતરો પૃથ્વીના પ્રમાણમાં બહુ જ મોટાં છે. પૃથ્વીની સેવામાં અખંડ ફરનાર એનો ખવાસ ચંદ્રમા આપણી બહુ જ નજીક છે. એટલે એનું અંતર કેવળ ૨,૪૦,૦૦૦ માઈલ જેટલું પણ નથી. હવે ખગોળવિદ્યામાં લાખ માઈલનો તો કોઈ હિસાબ જ ગણતું નથી. હાથીનો તોલ કરતી વખતે એના કુંભસ્થળ ઉપર બેઠેલાં એક બે મગતરાંનો જેમ કોઈ હિસાબ કરતું નથી, તેમ ખગોળના ગણિતમાં હજાર અને લાખ માઈલનું છે. પૃથ્વીથી સૂરજનું અંતર ૯ કરોડ અને લગભગ ૩૦ લાખ માઈલનું છે. તેર લાખ પૃથ્વીઓ ભેગી કરીએ તો માંડ સૂરજ જેટલો ગોળો થશે.

અને આપણો સૂરજ એ તો આકાશના નવ લખ ગણાતા પણ કરોડોના કરોડો તારાઓમાંનો મધ્યમ કોટિનો એક તારો જ છે. નરી આંખે તો આશરે છ હજાર તારાઓ દેખાય છે, પણ દૂરબીન મારફતે એ સંખ્યા દહાડે દહાડે વધતી જ જાય છે. ગેલેલિયોએ આશરે સવા ત્રણસો વરસ પહેલાં પહેલું દૂરબીન તૈયાર કર્યું તે વખતે દૂરબીનની શક્તિ નરી આંખો કરતાં સો ગણો પ્રકાશ લેવાની હતી. આજે અમેરિકામાં માઉન્ટ વિલ્સનની વેધશાળામાં જે દૂરબીન છે એની શક્તિ નરી આંખો કરતાં અઢી લાખ ગણો વધારે પ્રકાશ લેવાની છે. આ દૂરબીનના કાચનો

વ્યાસ સો ઇંચનો છે. બસો ઇંચવાળું બીજું એક દૂરબીન તૈયાર થાય છે. એટલે એની શક્તિ દસ લાખ આંખો જેટલી હશે. દેવોનો દેવ ઇંદ્ર હજાર આંખવાળો ગણાતો. એટલે ઇંદ્ર પણ જેને સહસ્રનેત્ર તરીકે સ્વીકારી શકે એવું દૂરબીન હવે પછી આકાશના દેવોને નિહાળતું ફરશે! પોતાના સ્થાન ઉપર સ્થિર રહ્યા છતાં તે દર ક્ષણે સેંકડો માઇલના વેગે દોડતા તારાઓને, તારાનગરોને અને તારાઓનાં કાંતારોને પહોંચી વળશે. तद् धावतो अन्यान् अत्येति तिष्ठत्।

તારાઓનું ગણિત લાખ ને કરોડ માઇલથી નથી થતું પણ તેજાબ્દોથી થાય છે. એક સેકંડમાં તેજ (એટલે કે પ્રકાશ) એક લાખ છયાસી હજાર ચારસો વીસ (૧,૮૬,૪૨૦) માઇલના વેગે દોડે છે. પ્રકાશની ગતિ વીજળીની ગતિ જેવી સમજવી. આ વેગે પ્રકાશ એક અબ્દ એટલે કે એક વરસ સુધીની મુસાફરી કરે, એટલે જે પંથ એ કાપે, તે અંતરને એક તેજાબ્દની સંજ્ઞા આપેલી છે. વરસની સેકંડ (૩,૧૫,૩૬,૦૦૦) ત્રણ કરોડ પંદર લાખ અને છત્રીસ હજાર થાય છે અને દર સેકંડે એક લાખ છયાસી હજાર માઇલને વેગે પ્રકાશ દોડે છે. આ બેના ગુણાકારથી જેટલા માઇલનું અંતર આવે છે તે અંતરને તેજાબ્દ કહે છે. તે તેજાબ્દ ઉપરથી તારાઓનું અંતર મપાય છે. સૂરજ તો ઘરનો રહ્યો, એને બાદ કરતાં નજીકમાં નજીકનો તારો ૪.૨૭ તેજાબ્દના અંતરે છે. એ અંતરને માઇલમાં લખવા જઈએ તો ૨૫૦૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ (પચીસ મહાપદ્મ અથવા પચીસ હજાર અબજ) માઇલ લખવું પડે. આકાશમાં મૃગનક્ષત્રની પાછળ દોડનાર વ્યાધ આપણાથી ૮.૬૫ તેજાબ્દના અંતરે છે, અભિજિત છવ્વીસ તેજાબ્દ, વૃશ્ચિકના પેટમાં ચળકતો પારિજાત ત્રણસો એંસી તેજાબ્દ, હંસ છસો તેજાબ્દ, મૃગનો પાછળનો જમણો પગ પાંચસો તેજાબ્દ એવાં અંતરે છે,! દક્ષિણ તરફ સ્વર્ગદ્વારના રક્ષક જયવિજયને ત્રિશંકુ પછી ઊગતા આપણે જોઈએ છીએ. એમાંનો જય ૪.૩ તેજાબ્દના અંતરે છે, જ્યારે વિજય ત્રણસો તેજાબ્દના અંતરે છે! મૃગનો આગળનો ડાબો પગ, જેને આર્દ્રા પણ કહે છે, તે બસો તેજાબ્દ છે. આવાં અંતરો સાવ નજીકનાં ગણાય છે. કેટલાક તારાઓનાં અંતરો તો કરોડો

તેજાબ્દોથી જ મપાય છે! અને હજી કેટલાયે તારાઓ છે કે જેમનાં અંતરો મપાયાં જ નથી.

પૃથ્વીની આસપાસ આપણો એક ચન્દ્ર ફરે છે. ગુરુ તથા શનિની આસપાસ ચારચાર ને સાતસાત ચન્દ્રો ફરે છે. વળી શનિએ તો અસંખ્ય ચન્દ્રોના ચૂરાથી બનેલાં રૂપાળાં કંકણો પણ પહેર્યાં છે. એ જ હિસાબે સૂરજની આસપાસ બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરુ, શનિ, યુનેરસ, નેપચુન અને પ્લુટો (પ્રાન્તક) આટલા મુખ્ય ગ્રહો ફરે છે. આપણી પૃથ્વી સૂરજથી સવા નવ કરોડ માઇલ દૂર છે; જ્યારે બે વરસ પહેલાં જ શોધાયેલો પ્લુટો (પ્રાન્તક) નામનો ગ્રહ પૃથ્વી કરતાં લગભગ ચાળીસ ગણો સૂર્યથી દૂર છે. પૃથ્વીને સૂરજની આસપાસ ફરતાં એક વરસ જોઈએ છે, શનિને સાડીઓગણત્રીસ વરસ જોઈએ છે, જ્યારે ભાઈ પ્રાન્તકને આપણાં બસો અડતાળીસ વરસ મળે ત્યારે જ એની પરિક્રમા પૂરી થાય! આ બધો સૂર્ય-માળાનો હિસાબ થયો. પોતાનું આ નાનકડું કુટુંબ લઈને સૂરજ આકાશમાં દોડે છે. એની દોડવાની ગતિ એને લાયક જ હોવી જોઈએ. એક સેકંડે કેવળ બસો માઇલ! આપણને બધાને સાથે લઈને સૂર્યનારાયણ આ ગતિએ આકાશગંગાના ચક્રમાં ફરે છે. પણ એને પોતાને જે ચક્ર ફરવું છે એ તો એટલું મોટું છે કે આ મંદ (!) ગતિએ દોડતાં એને ૨૦ થી ૩૦ કરોડ વરસ દોડવું પડે છે, ત્યારે એની પરિક્રમા પૂરી થાય છે. અને આવા કરોડો તારાઓ ભેગા થઈને આકાશગંગાનું રથચક્ર આકાશમાં વિચરે છે!!

એમ માનવાનું કારણ નથી કે આકાશગંગા એટલે વિશ્વનો આખો વિસ્તાર. આકાશગંગા એ તો તારાઓનું એક મોટું શહેર કહેવાય છે. મુંબઈ કે કલકત્તા જેવાં શહેરોમાં લક્ષાવધિ દીવાઓ હોય છે, આકાશનું એકએક શહેર તો કરોડો તારાઓથી બનેલું હોય છે. આપણાં મોટાં શહેરો કાંઈ પાસેપાસે નથી હોતાં. મુંબઈ, મદ્રાસ, દિલ્હી, કલકત્તા કેટલાં દૂરદૂર? એવી જ રીતે આકાશમાં બધી આકાશગંગાઓ એકબીજાથી દૂરદૂર જ વસે છે. મુંબઈ એક છેડાથી બીજા છેડા સુધી દસ કે અગિયાર માઇલ લાંબું હશે. આકાશની આકાશગંગાઓ અથવા તારાનગરો પચાસ હજાર તેજાબ્દની લંબાઈનાં હોય છે. એટલે કે પ્રકાશ એ શહેરને એક

છેડેથી બીજે છેડે દોડતો જાય, તો પચાસ હજાર પ્રકાશવરસે પહોંચે. સપ્તર્ષિમાં એક એવું તારાનગર છે જેનો પ્રકાશ આપણા સુધી આવતાં સોળ લાખ તેજાબ્દ થાય છે. સપ્તર્ષિ અને ચિત્રા વચ્ચે બીજું એક તારાનગર છે. એનો જે પ્રકાશ આજે આપણે જોઈ શકીએ છીએ તે પાંચ કરોડ તેજાબ્દ પહેલાં ત્યાંથી નીકળ્યો હતો. પૂર્વા ભાદ્રપદા અને ઉત્તરા ભાદ્રપદા વચ્ચે જે ચોરસ આકાશભાગ છે, એનો તો હિસાબ મળતો નથી! એમાં નરી આંખે બહુ જ થોડા તારાઓ દેખાય છે. એમાં જે તેજોમેઘ છે, તેમાંથી કરોડો તારાઓનું તારાનગર સહેજે તૈયાર થઈ શકે એમ છે! એવાં એકસો બાસઠ તેજોમેઘોનાં ઝૂમખાં મોટામાં મોટા દૂરબીનથી મહામહેનતે દેખાય છે.

આજની ખગોળવિદ્યા આવા તારાઓનો જન્મ કેમ થાય છે, વિકાસ કેમ થાય છે, એમને ઘડપણ કયારે આવ્યું ગણાય ઇત્યાદિ બધી વાતોનો હિસાબ આપણને કરી આપે છે, એટલું જ નહિ પણ એકેએક અનુમાન સિદ્ધ પણ કરી આપે છે.

કહે છે કે આવાં અનંત વિશ્વો જે આકાશમાં સમાયાં છે, તે આકાશને પણ અંત છે! પાણીના પરપોટા જેમ એ ગોળ છે, એની અંદર પ્રકાશ પણ વાંકો વળીને જ્યાંથી નીકળ્યો ત્યાં પાછો આવી પહોંચે છે એમ આઈન્સ્ટાઈન જેવા ગણિતાચાર્યો આપણને કહે છે. આ આકાશના પરપોટાની બહાર શું છે એ આપણા ધ્યાનમાં પણ ન આવી શકે.

આ બધાંનો સંભવ, એની રચના, એનો વિકાસ અને એનાં પરિવર્તનો જે ન્યાયે થાય છે એ ન્યાય તે ઋતમ્. એ ઋતમ્‌નું આદ્ય તત્ત્વ તે જ ભગવાન સત્યનારાયણ. એને આપણે નારાયણ કહીએ છીએ, કેમ કે મનુષ્યજાતિના હૃદયમાં વસી એ આ બધી લીલા નિહાળે છે. એ સત્યનારાયણનાં દર્શન થયા પછી પાપ સંભવે જ નહિ. પણ નરી આંખે અથવા બસો ઇંચ પહોળાઈવાળી મોટીમોટી આંખો પહેરીને જે દર્શન થાય છે તે દર્શનથી કંઈ માણસ શુદ્ધ થવાનો નથી. એ દર્શનની અસર હૃદય પર જેઓ થવા દેશે એ જ પાપમુક્ત થશે અને પાપીઓ પ્રત્યે કરુણા પણ બતાવી શકશે. એ સત્યનારાયણની જે અખંડ તપસ્યા છે તેની સાથે એકરૂપ થવું એ જ આપણું અઘમર્ષણ છે.

ઑગસ્ટ, ૧૯૩૩

રાત્રિની સમૃદ્ધિ

૧

કુદરતનાં રમણીય અને ભવ્ય દૃશ્યો જોવા માટે આપણે દૂરદૂરની મુસાફરી કરીએ છીએ. કોઈ વાર એ રસ આપણી પાસે જીવનાં જોખમો પણ ખેડાવે છે. પણ જ્યાં છીએ ત્યાં જ આપણી પૃથ્વી કરતાં અનંતગણી તેજસ્વી સૃષ્ટિ આપણે માથે ચળકતી છતાં એનું સૌંદર્ય નિહાળવાની ઘણાખરાને બુદ્ધિ પણ થતી નથી એ કેટલું આશ્ચર્ય! કોહીનૂર જેવા હીરા પોતાની પાસે રાખવા માટે રાજાઓ કેટલા લડ્યા છે, લક્ષ્મીપુત્રોએ કેટલાં કાવતરાં કર્યાં છે! પણ પૃથ્વીના કોઈ પણ રત્ન કરતાં જેમની કાંતિ હજારગણી વધારે છે એવા આકાશના તારા પોતાના કરવા આપણે જરાસરખી તસ્દી નથી લેતા એ કેટલું આશ્ચર્ય! જહાજમાં બેઠાં આપણા પગ તળેના સાગરનું ગાંભીર્ય ધ્યાનમાં આણી આપણે ગંભીર થઈ જઈએ છીએ, અને આપણને ગૂઢાતિગૂઢ વિચાર આવે છે. કોઈ પણ મહાસાગરની ઊંડાઈ જેની આગળ ગોષ્પદ સમાન પણ ન ગણાય એવા અનંતગંભીર આકાશને માથા પર વિસ્તરેલું જોવા છતાં માણસ છીછરો ને છીછરો જ રહી જાય છે એ કેટલું આશ્ચર્ય!

પ્રાચીન કાળમાં આપણને તારાઓનું જ્ઞાન હતું એના કરતાં હજારગણું જ્ઞાન છેલ્લાં સો વરસમાં આપણે મેળવ્યું છે. પણ

પ્રાચીન કવિઓએ તારાઓ વિષે જેટલું કાવ્ય લખ્યું છે તેનો હજારમો ભાગ પણ આજના કવિઓને સ્ફુર્યો નથી એ કેટલું આશ્ચર્ય છે!

અથવા આશ્ચર્ય શાનું? માણસની કલ્પનાનાં સર્વોચ્ચ ઉડ્ડયનો જ્યાં થાકી જાય છે ત્યાં તારાસૃષ્ટિની પ્રથમ ઝાંખી શરૂ થાય છે. માણસની કલ્પનાશક્તિ કરતાં તારાઓનું વાસ્તવિક રહસ્ય દરેક રીતે ઊંડું છે. વિશ્વરૂપદર્શનથી અર્જુન જેટલો અસ્વસ્થ થયો એના કરતાં અધિક અસ્વસ્થ થવાનું કારણ ચૂપચાપ સળગતા રાતના તારા આપણને આપી રહ્યા છે. જ્યાં સુધી આપણે તારાઓના વિસ્તારની શોધ કરી ન હતી ત્યાં સુધી આપણને 'અનંત' શબ્દનો ખ્યાલ જ ન હતો. આકાશનું ઊંડાણ, તેમ જ મનુષ્યહૃદયનું ઊંડાણ કાળના ઊંડાણ જેટલું જ અનંત છે એનો દરરોજ નવોનવો સાક્ષાત્કાર થતો જાય છે. અને આજના જ્ઞાન કરતાં આવતી કાલનું જ્ઞાન એકાએક હજારગણું વધતાં છતાં આપણે હજી એ જ્ઞાનસાગરના કિનારા પર જ છીએ એમ કહેવું પડે છે. અને અંતે પ્રતીતિ થાય છે કે અનંતની યથાર્થ કલ્પના કરવા માટે પણ જ્ઞાનની આ શોધ અનંત કાળ સુધી ચલાવવી જોઈશે.

પ્રકાશની ગતિ એક સેકન્ડે એક લાખ, છયાસી હજાર, ચારસો વીસ માઈલની છે. મુંબઈથી ન્યૂયોર્કનું અંતર જેમ આપણે ઇંચ, આંગળ કે દોરાથી માપતા નથી, માઈલથી માપીએ છીએ, તેમ પ્રકાશની ગતિનો વિચાર કરતી વખતે નાનામાં નાનો એકાંક (યુનિટ) માઈલનો ન ગણાતાં ઉપર બતાવેલી ગતિએ પ્રકાશ એક વરસ સુધી એટલે કે ત્રણ કરોડ, અગિયાર લાખ, ચાર હજાર સેકંડ સુધી દોડીને જેટલું અંતર કાપે તેટલા માઈલનો ગણાય છે. આ ૫,૭૯,૮૪૦ કરોડ માઈલનું અંતર એ તારાઓનું અંતર માપવાનો એક હાથ છે. આ અંતરને— કાલને નહિ— તારાજ્યોતિષમાં 'તેજોવત્સર' કહે છે. આકાશના મુખ્યમુખ્ય તારા આપણે ત્યાંથી કેટલા દૂર છે એ ખગોળશાસ્ત્રીઓ માપી શક્યા છે. દક્ષિણ તરફના જયવિજય તારા આપણે માટે નજીકમાં નજીકના ગણાય. એ કેવળ ૪¾ તેજોવત્સર દૂર છે.

જ્યારે આજકાલ સવારે પૂર્વ તરફ પૂર જોશમાં ઊગનાર સ્વાતિનું અંતર ૧૩૬ તેજોવત્સર છે.

એનો અર્થ એ થયો કે સવારે ઊઠતાંવેંત સ્વાતિનો જે તાજગીભર્યો પ્રકાશ આપણને મળે છે તેને સ્વાતિથી નીકળ્યે ૧૩૬ વરસ થયાં છે. સ્વાતિનો ફોટો લઈ જો એમાંથી ત્યાંની કંઈ માહિતી મળી શકતી હોય તો તે નાના ફડનવીસના વખતની અથવા ફ્રાન્સના વિપ્લવના વખતની માહિતી ગણાય.

રાત્રે ઉત્તર તરફ આપણે ધ્રુવને જોઈએ છીએ એ પ્રકાશ ૬૫ વરસનો વાસી છે. એટલે કે આજે રાત્રે જે પ્રકાશને ધ્રુવ તરીકે આપણે ઓળખીએ છીએ તે ગાંધીજીના જન્મના અરસામાં ત્યાંથી નીકળ્યો હતો, અને દર સેકંડે ૧,૮૬,૪૨૦ માઇલને પ્રચંડ વેગે દોડતો અહીં આવી પહોંચ્યો છે. તારાઓનો પ્રકાશ ઝબૂક ઝબૂક હાંફે છે તે અમસ્તો નહિ!

તારાઓના પ્રકાશમાં જો તારાઓ પરનું આખું દૃશ્ય આપણે જોઈ શકતા હોઈએ તો આપણને સેંકડો, હજારો અને લાખો વરસનો જૂનો ઇતિહાસ પ્રત્યક્ષ—આપણી નજર આગળ ભજવાતો જોવા મળે. પૃથ્વીનું તેજ પણ બીજા ગ્રહ કે તારા પર ચંદ્રની પેઠે દેખાતું હોય અને ત્યાંના લોકો એ પ્રકાશમાં અહીંનો આખો ઇતિહાસ જોઈ શકતા હોય તો આપણો જૂનો ઇતિહાસ પણ આજે પ્રત્યક્ષ ભજવાતો એમને દૃષ્ટિગોચર થવો જોઈએ.

આવા અદ્‌ભુત પ્રકાશની અખૂટ લીલા રોજ ને રોજ આપણને જોવા મળે છે, તો તેને વિષે આપણે સહેજસાજ જાણી લઈએ તો નિર્દોષ આનંદ મેળવવા ઉપરાંત, આપણે ઈશ્વરને જાણી શકતા નથી એ ભાન પણ તાજું કરી શકીએ અને આપણા જીવન-વ્યવહારમાં નમ્રતા અને ઉદારતા આણી શકીએ. શિયાળાની દીર્ઘ રાત્રીએ આઠ વાગ્યે અને સવારે ચાર પાંચ વાગ્યે જ્યારે વ્યવહારના કામમાંથી આપણે મુક્ત હોઈએ છીએ ત્યારે જો આકાશ તરફ જોઈશું તો પૃથ્વી પર જેની આપણને કલ્પના ન થાય એવા જાતજાતના આનંદો મળશે.

૬–૧૨–'૩૧

રાત્રિની સમૃદ્ધિ

૨

અંધારી રાત્રિએ જ્યારે બધા જ તારા પ્રગટ થયેલા હોય છે ત્યારે આકાશ વધારે ઊંડું લાગે છે અને એની શોભા કાંઈક ઓર જ હોય છે. આજકાલ સાંજે ચાંદરણું હોવાથી આકાશના નાના નાના તારા ચળાઈ જાય છે. મોટા મોટા ધીકતા તારા તેટલા જ દેખાય છે. એક રીતે એ સારું છે. અંધારી રાત્રે તારાની સમૃદ્ધિમાં શિખાઉ માણસ મૂંઝાઈ જાય છે. ચાંદરણુાએ ગાળી કાઢેલા મુખ્ય મુખ્ય તારાઓ ઓળખવા સહેલા. આપણે રાત્રે સાડાસાત આઠ વાગ્યે આકાશ નિહાળશું. ખરું જોતાં પૂર્વ દિશા તરફ નવા નવા તારાઓનું સરઘસ આવતું જોવાનો આનંદ વિશેષ હોય છે, છતાં પ્રથમ પશ્ચિમ તરફ જરાક નજર નાખીએ તો ઠીક; કેમ કે ત્યાં શુક્ર અને શનિ બંને આથમવાની તૈયારી કરી રહ્યા છે. આપણે જરાક મોડા પડ્યા તો બંને જણા પશ્ચિમ ક્ષિતિજમાં ડૂબી જવાના. શનિનું આખું નામ શનૈશ્ચર છે, કેમ કે એ બહુ ધીમો ચાલે છે. એને સૂરજની આસપાસ એક પ્રદક્ષિણા પૂરી કરતાં આપણાં ઓગણત્રીસ વર્ષ જોઈએ છે. થોડાક દિવસ પહેલાં શુક્ર શનિથી બહુ દૂર નીચો હતો, પણ એ ઉતાવળે ચડતો ચડતો શનિની નજીક આવવા લાગ્યો છે. શુક્રશનિ ચળકે છે ખૂબ, પણ એ કાંઈ તારા નથી. એ સૂરજની આસપાસ ફરનારા ગ્રહો છે. ગ્રહો તારાની પેઠે ઝબૂકતા નથી, પણ આથમતી વખતે કે ઊગતી વખતે વાતાવરણની અસરને લીધે ઝબૂકતા હોય એવું લાગે છે. એ જ કારણે શુક્ર આથમતી વખતે લાલ દેખાય છે — જાણે મોટો થયેલો મંગળ.

કોઈ પણ ક્ષણે જે આકાશ આપણને દેખાય છે તે જ આકાશ બીજે દિવસે એ જ ઠેકાણે લગભગ ચાર મિનિટ વહેલું આવે છે. જે તારો આજે આઠ વાગ્યે ઊગે કે આથમે તે આવતી કાલે આઠમાં ચાર મિનિટ બાકી હોય ત્યારે જ ઊગતો કે આથમતો હોય. આટલી એક વસ્તુ ધ્યાનમાં રાખવાથી ઘણી વાતો એની મેળે સ્પષ્ટ થશે. આકાશના તારા રોજ પૂર્વમાં ઊગીને પશ્ચિમ તરફ આથમે છે એ એમની ગતિ સાચી નથી. આપણી પૃથ્વી પશ્ચિમથી પૂર્વ તરફ ભમરડા માફક ફરે છે તેથી આખું આકાશ પૂર્વથી પશ્ચિમ તરફ જતું હોય એમ લાગે છે. છતાં આપણે તો આકાશની વાતો કરતી વખતે આકાશની ગતિનો જે ભાસ થાય છે તે જ જાણે સાચો હોય એવી રીતે બોલીશું. એમાં સગવડ છે.

આજકાલ પશ્ચિમ તરફ શ્રવણ આથમતો જોવાની ખાસ ખૂબી છે. શ્રવણ નક્ષત્ર નિતાન્તસુંદર છે. આકાશગંગાને કાંઠે એના ત્રણ તારા એક લીટીમાં હોય છે. એમાં વચલો ચળકતો તારો તે પિતૃભક્ત શ્રવણ. એની બે બાજુ ઉપર બે તારા છે તે એનાં માતપિતા. કાવડ લઈને ગંગાને કિનારે આવ્યો ત્યાં દશરથનું બાણ એને વાગ્યું. એ ત્રણ તારાને જ બાણ ગણીએ અને એ કઈ દિશાએથી આવ્યું છે એ તપાસવા જો જમણી તરફ નજર ફેરવીએ તો બરાબર એ ત્રણ તારાની દિશામાં મોટો ચળકતો તારો દેખાશે, એનું નામ અભિજિત. અંગ્રેજીમાં અભિજિતને Vega કહે છે. ખરું જોતાં આપણે એને દશરથ કહેવો જોઈએ. દશરથના બાણથી જ શ્રવણ ગતપ્રાણ થયો હતો ને! શ્રવણને અંગ્રેજીમાં Altair કહે છે.

પશ્ચિમ તરફ જોવાનું છોડી દઈ આપણે જમણી બાજુ ઉત્તર તરફ વળીએ, ત્યાં ધ્રુવ દેખાશે. ધ્રુવ બરાબર ઉત્તર તરફ હંમેશ એ ને એ જ ઠેકાણે હોય છે. નકશાની ચોપડીમાં તમારા ગામના જે અક્ષાંશ બતાવ્યા હોય તેટલા જ અંશ ધ્રુવનો તારો તમારા ક્ષિતિજથી ઊંચો હોય છે. અગાસી ઉપર એકાદ ગોળ મેજ જેવું કંઈ રાખી એના પૃષ્ઠભાગથી ધ્રુવ કેટલા અંશે ઊંચો છે એ માપી લેવું અને ગેઝીટિયરમાં આપણા સ્થાનના અક્ષાંશ કેટલા છે એ જોઈ લેવું; બંને બરાબર હોવા જ

જોઈએ. ધ્રુવ જો સાંજે ન ઓળખી શકાય તો સવારે પાંચ વાગ્યે ઊઠીને આપણે એના સમાચાર કાઢીશું. અત્યારે સાંજે ધ્રુવને માથે એક વાંકોચૂકો ΛΛ પોતાના ટાંટિયા ફેલાવીને ઊભો છે એને જોઈશું. એના બન્ને ખભા સરખા ઊંચા નથી. એકાદ આરામખુરશી આપણે બાજુથી જોતા હોઈએ તેવો આ M દેખાય છે. અંગ્રેજીમાં એ નક્ષત્રમંડળને Cassiopia કહે છે; એને Lady's chair પણ કહે છે. આપણે ત્યાં એને માટે જૂનું નામ નથી. એક મિત્ર કહે છે કે ઉત્તરધ્રુવ તે શેષશાયી ભગવાન વિષ્ણુ અને Cassiopia તે લક્ષ્મી છે. બાળશાસ્ત્રી જાંભેકરે એનું નામ પાડ્યું શર્મિષ્ઠા. આપણે ત્યાં યયાતિ, શર્મિષ્ઠા અને દેવયાનીની વાર્તા છે તેમ ગ્રીક પુરાણોમાં પર્સ્યુસ, એન્ડ્રોમીડા અને કેસિયોપિયાની વાર્તા છે. પણ કેસિયોપિયાને આપણે શર્મિષ્ઠા ન કહેતાં દેવયાની કહીએ તો શું ખોટું? દેવોનું યાન, વાહન તે આ આરામખુરશી.

દેવયાનીને જોઈને આપણે પૂર્વ તરફ વળીશું, કેમ કે ત્યાં મૃગ નક્ષત્ર ઊગે છે. મૃગ નક્ષત્ર ઓળખવાને જરા કલ્પનાશક્તિ વાપરવી જોઈએ. આકાશ જાણે કાચનો એક મોટો ઘુમ્મટ છે. એના ઉપર એક હરણ દોડે છે. એના ચાર પગની ચાર ખરી આપણે નીચેથી જોઈ શકવાના. ખરીના ચાર તારા છે. મૃગ ઉત્તર તરફ દોડે છે. એના પેટમાં ત્રણ તારાનું એક બાણ છે. મૃગના ચાર પગમાંનો ઉત્તર તરફનો એટલે કે આગળનો જમણો પગ ઠીકઠીક ચળકે છે. એને જ આર્દ્રા કહે છે. પાછળના પગમાંથી ડાબો એટલે કે નીચલો વધારે ચળકે છે. એને અંગ્રેજીમાં રાયગેલ કહે છે. પાછળના બે પગ વચ્ચે, પણ લગભગ બાણ પાસે, તારાનું એક ઝૂમખું છે. એ દોડનાર હરણનું પૂંછડું કલ્પાય. અને આગળના બે પગ વચ્ચે પણ જરા બહાર આડે આવેલું ઝૂમખું તે માથું.

ખરું જોતાં તારાની માહિતી સાથે એની આકૃતિ આપવી જોઈએ. પણ આપણે અહીં આકૃતિ દોર્યા વગર શબ્દો મારફતે જ બધું સમજી લેવાના છીએ. એમાં કહેનાર અને સાંભળનાર બંનેની શક્તિની કસોટી છે.

તા. ૨૦-૧૨-'૩૨

રાત્રિની સમૃદ્ધિ

૩

આ લેખ લખી રહ્યો છું ૨૭મીની સવારે પ્રાર્થના પછી પાંચ વાગ્યે. અને વાચકો એનો ઉપયોગ કરશે ચોથી ને સોમવારે સવારે. આ ક્ષણે જે આકાશ હું જોઈ રહ્યા છું એ જ આકાશ તે સોમવારે સવારે સાડાચાર વાગ્યે આપણી આગળ ફેલાયેલું હશે, કેમ કે બધા તારાઓ રોજ ચાર ચાર મિનિટ વહેલા ઊગે છે, એ હિસાબે આઠ દિવસમાં અડધો કલાક ગણાય. પણ વાચકો પાંચ વાગ્યે આકાશને જોશે તોયે બહુ ફેર પડવાનો નથી. ગયે ફેરે કહ્યું હતું તેમ જરા ઉતાવળે પશ્ચિમ દિશા જોઈ લેવી, કેમ કે ત્યાંની જ્યોતિઓ ડૂબવાની તૈયારીમાં હોય છે.

અત્યારે પશ્ચિમ તરફ મૃગ નક્ષત્ર આથમવાની તૈયારીમાં છે. એના પેટના ત્રણ તારાનું બાણ સરસ ચળકે છે. આ મૃગ નક્ષત્રની ડાબી બાજુએ એટલે કે સહેજ દક્ષિણ દિશા તરફ સૌથી ચળકતો તારો વ્યાધનો છે. લગભગ બાણની લીટીમાં એ વ્યાધને જ એક કૂતરાનું માથું કલ્પી પાશ્ચાત્ય લોકોએ એક સુંદર શ્વાન જોડી કાઢયો છે. એ વ્યાધના તારા તળે સહેજ જમણી બાજુ ઝૂકતો એક તારો છે એ કૂતરાનો આગલો પગ. વ્યાધના જ લેવલમાં દક્ષિણ તરફ જઈએ એટલે જે પહેલો ચળકતો તારો

જડે છે ત્યાં સુધી કૂતરાની પીઠ છે. એથી જરાક આગળ જઈએ એટલે લેવલ કરતાં સહેજ ઊંચે એક તારો દેખાય છે ત્યાં સુધી કૂતરાનું પૂછડું ટટાર છે. પૂછડાના કાટખૂણામાં પાછળનો પગ બતાવનાર તારો સહેજે જોઈ શકાય છે. આગલા પગ કરતાં પાછળનો પગ કાંઈક ટૂંકો છે. આ આખા કૂતરા તરફ જોતાં સહેજે કલ્પના થાય છે કે મૃગ પાછળ દોડતાં એ કૂતરું પણ પશ્ચિમ સાગરમાં ભૂસકો મારવાની તૈયારી કરી રહ્યું છે તેથી પાછળનો પગ કંઈક ઊંચો છે અને શિકારના ઉત્સાહને લીધે પૂછડું ટટાર થયું છે.

આ કૂતરાનું પૂછડું, કૂતરાની પીઠ, હરણનો આર્દ્રાવાળો આગલો પગ એ બધા લગભગ એક હારમાં આવી જાય છે. એ જ હાર આગળ ચલાવીએ તો બ્રહ્મમંડળના બે તારાઓ દેખાય. આપણે લીટીની વાત નથી કરી, પણ હારની કરી છે. લીટી સીધી હોય છે હાર બે થાંભલા વચ્ચે લટકતા તારની પેઠે સહેજ વાંકવાળો હોય છે.

બ્રહ્મમંડળના મુખ્ય તારા પાંચ. એમાંનો સૌથી નીચલો તો આથમી ગયો હશે. આપણી હારમાં આવતા બે તારાઓનો જમણી બાજુનો છેડો સૌથી વધારે ચળકે છે. એનું નામ બ્રહ્મહૃદય છે. અંગ્રેજીમાં એને કેપેલા કહે છે. વચલા તારાને અંગ્રેજીમાં નાથ કહે છે. આપણે ત્યાંનું એનું નામ અગ્નિ છે. (આની લીટી ઉપર સમાંતર લીટીમાં બ્રહ્મમંડળના બીજા બે તારા છે.)

હવે આપણે જમણી બાજુ વળીને ઉત્તરધ્રુવનો તારો જોઈ લઈશું. ઉત્તરધ્રુવ પકડવો હવે તો બહુ જ સહેલો છે. બ્રહ્મમંડળની હારવાળી લીટી બ્રહ્મહૃદયથી પણ આગળ ખેંચીએ તો એ ચૂપચાપ ધ્રુવ સુધી પહોંચી જાય છે. પણ ધ્રુવને પકડવાની એથીયે સરસ યુક્તિ છે. ઉત્તર તરફ મોઢું રાખીને જરાક ઊંચે જોઈશું તો પૂર્વરાત્રે જ્યાં દેવયાની પોતાની ખુરશી ગોઠવીને બેઠી હતી એ જ ઠેકાણે સપ્તર્ષિ પતંગની પેઠે આકાશમાં ઊડતા દેખાશે; ચાર તારાની એક ચોકડી અને એની પાછળ ત્રણ તારાનું પૂછડું. જ્યાં પૂંછડુ ચોકડીને અડવા જાય છે ત્યાંનો તારો પ્રમાણમાં ઝાંખો છે. એ જરા દુઃખની વાત ખરી. એનું નામ અત્રિ. ચોકડીના આગેવાન

ઊભા બે તારાઓની લીટી જો નીચે ખેંચીએ તો એ લગભગ ધ્રુવને અડવા જાય છે.

ધ્રુવતારો ચોવીસે કલાક એ ને એ ઠેકાણે હોય છે એમ કહી શકાય, અને એથી જ એને ધ્રુવ કહે છે. (હોકાયંત્ર હમેશાં એ જ તારાની નજીક પોતાનો એક છેડો તાકે છે.) આ સપ્તર્ષિઓ ધ્રુવની આસપાસ ગોળગોળ ફરે છે, પણ આગેવાન બે તારાની ધ્રુવ સાથેની લીટી બગડવા દેતા નથી. આગેવાન બે તારાઓમાં ઉપલો પુલહ અને નીચલો ક્રતુને નામે ઓળખાય છે. સપ્તર્ષિના પૂંછડાના ત્રણ તારામાંથી વચલો તારો તે વસિષ્ટ. વસિષ્ટની નીચે લગભગ અડોઅડ એક નાનકડો તારો છે એને અરુંધતિનું નામ આપ્યા વગર છૂટકો છે? હિંદુઓ પરણે ત્યારે પતિ પોતાની પત્નીને એ અરુંધતિનું દર્શન કરાવે એવો નિયમ છે. બંનેના જ્યોતિષના જ્ઞાનની અને આંખના તેજની એમાં ઠીક કસોટી થાય છે. આજકાલનાં પતિપત્ની શું કરતાં હશે? કોણ જાણે.

હવે આપણે સ્વાતિ અને ચિત્રાના બે મોટા તારાઓની શોધે નીકળીશું. સપ્તર્ષિના પૂછડાનો વળાંક જો આગળ જવા દઈએ તો ખૂબ ચળકતો તારો સ્વાતિ આપણને જડશે. એને અંગ્રેજીમાં આર્કટ્યૂરસ કહે છે. સ્વાતિની દક્ષિણે આપણો મુક્તાહાર લંબાવીશું તો રૂપાળી ચિત્રા ચળકતી દેખાશે. અત્યારે ચિત્રા અને સ્વાતિ બંને આકાશમાં ખૂબ ઊંચે ચડ્યા છે. આ બંને તારાઓ ઊગે છે ત્યારે એકસામટા ઊગે છે, પણ આથમતી વખતે ચિત્રા વહેલી આથમે છે, સ્વાતિ ત્યાર પછી આથમે છે. આકાશના તારાઓ પરસ્પર અંતર અને દિશા કાયમ રાખે છે, છતાં એકસાથે ઊગેલા તારાઓ એક જ ક્ષણે કેમ આથમતા નથી એનું રહસ્ય આગળ જતાં આપણે જોઈશું. અત્યારે તો બીજા બે મોટા તારાઓ પૂર્વ ક્ષિતિજ ઉપર ઊગી રહ્યા છે તેમનું દર્શન કરી લઈશું.

પૂર્વ તરફ મોઢું કરીને ઊભા રહીશું તો ડાબી બાજુ લગભગ ઈશાન ખૂણે અભિજિત ઊગે છે. અંગ્રેજીમાં આને વ્હેગા કહે છે. આપણે એનું બીજું નવું નામ પાડ્યું છે દશરથ. ગયે ફેરે સાંજે આપણે આકાશદર્શન કર્યું હતું ત્યારે અભિજિત આથમતો હતો. આજકાલ સવારે એને ઊગતો જોઈએ છીએ.

પૂર્વ તરફનું મોઢું કાયમ રાખી આપણે કાંઈક જમણી બાજુ જોઈશું તો ત્યાં કાંઈક લાલાશ પડતો તારો અભિજિત જેટલો જ ઊંચો આવેલો દેખાશે. એનું નામ પારિજાત છે. પારિજાતના ફૂલના પેટમાં પરવાળા જેવી જે લાલાશ હોય છે તેવી જ લાલાશ આ આકાશના પારિજાતમાં પણ છે. સોમવારને દિવસે ચંદ્ર વિશાખા નક્ષત્રમાં હશે તેથી પારિજાતની ઘણીખરી શોભા મારી જવાની છે, પણ એનો ઇલાજ નથી. ચારેક દિવસ પછી ફરી એ જ પારિજાતને જોવાથી ચંદ્રને અભાવે એ ખૂબ ખીલશે. આ પારિજાતની આસપાસ ઉપરનીચે બે ઝીણા તારાઓ છે. મૃગના બાણ જેટલા કે શ્રવણના બાણ જેટલા એ સીધી લીટીમાં નથી, જરાક વાંકા છે; પણ તેથી કાંઈ ઓછા શોભતા નથી. આ ત્રણ મળી જ્યેષ્ઠા નક્ષત્ર થાય છે.

દક્ષિણ તરફ ત્રિશંકુ અને એનો પુરોહિત (સધર્ન ક્રૉસ) આજકાલ સરસ ચળકે છે, પણ અત્યારે એની વાત છોડી દઈએ. જયવિજય બરાબર ઉપર આવ્યા પછી તેમની સાથે જ ત્રિશંકુને ઓળખીશું.

૩–૧–'૩૩

દેવોનું કાવ્ય

૧

સાબરમતી જેલમાં દક્ષિણોત્તર સૂઈ જઈને આકાશ જોવાની કેટલી મજા આવે છે! જાણે હોજમાં તરતા પડ્યા છીએ. જેલની દીવાલો એ હોજનો કિનારો છે. પગના અંગૂઠા તરફ નજર સામે અચળ ધ્રુવ વિરાજમાન છે; ત્યાંથી જમણી બાજુએ શીંગડાના ખડિયા જેવો ધ્રુવમત્સ્ય ઊભો છે; અને સપ્તર્ષિ તો પોતાના ચક્કરમાં ઉપર સુધી પહોંચી નીચે ભૂસકવાની તૈયારીમાં છે.

પણ રહો! સપ્તર્ષિ હજી ઘણો વખત ત્યાં જ રહેશે; પણ પેલા ગુરુ શુક્ર આથમે છે એમને પ્રથમ પ્રણામ કરીએ. કેવી સુંદર જોડી! જાણે મોતીને મળવા હીરો આવ્યો છે. અથવા નહિ; સુરગુરુ અને અસુરગુરુ દૂરદૂરના પેંતરા છોડી દઈ છેલ્લી કુસ્તીમાં બાથ ભીડવા તૈયાર થાય છે. અંતે વિજય કોનો થશે એ વિષે હવે શંકા રહી નથી. કાલે કે પરમ દિવસે એમની યુતિ થવી જોઈએ. યુતિ વખતે શુક્રાચાર્ય ગુરુ કરતાં ઊંચા આવેલા દેખાશે. પણ એનો વિજય ક્ષણિક છે. ગુરુ પોતાનું સ્થાન છોડે એમ નથી. ભીમ અને જરાસંધના મલ્લયુદ્ધ જેવું આ યુદ્ધ જોવા એક તરફ બ્રહ્મહૃદય ચિત્ત દઈને ઊભું છે અને બીજી તરફ અસ્ત થયેલા મૃગને છોડી દઈને આર્દ્રાનામધારી રુદ્ર લાલ આંખે નિહાળી રહ્યો છે.

બ્રહ્મમંડળ આખું દેખાવું જોઈએ, પણ અઢારે લીમડાનાં પાંદડાં આડે આવ્યાં છે એટલે એ 'કૅપેલ્લા'ને પડખેનાં ઘેટાંનાં એ બચ્ચાં જ દેખાય છે.

બ્રહ્મમંડળ એ મારે મન તો હમેશાં ખીચડીનું વાસણ જ છે. આથમે છે ત્યારે અંદર કડછી નાખીને અંદરની બધી જ ખીચડી જાણે બહાર કઢાય છે.

આથમ્યા; એ બધા જ આથમ્યા. રુદ્ર, ગુરુ, શુક્ર, કોઈ રહ્યું નથી. હવે પશ્ચિમ આકાશમાં પુનર્વસુની એકલી હોડી તરે છે. પુનર્વસુના ચાર તારાનો પલંગ બનાવવા કરતાં હું તો પ્રશ્નનથી છ તારાની હોડી જેવી કમાન છે તેને જ વધારે સુંદર ગણું છું. અને 'કેસ્ટર'ને 'પોલોક્સ'ને એ હોડીનું પાછળનું સુકાન કલ્પું છું. એ હોડી દક્ષિણ તરફ પ્રયાણ કરે છે. હોડીમાં ચડવાની વ્યાધની ઉમેદવારી નિષ્ફળ જવાની છે. મૃગની પાછળ દોડવું ને પુનર્વસુની હોડીમાં ચડવાની આશા રાખવી આ બે લોભ રાખવાથી બીચારો ત્યાં ને ત્યાં જ રહ્યો છે. એકેમાં સફળ થયો નથી.

* * *

પેલાનું સાચું નામ કયું? પુષ્પ કે તિષ્ય? લંકાનો મહાવંશ વાંચું છું ત્યારે તિષ્ય નામ ગમે છે; પણ આકાશમાં જોઉં છું ત્યારે લાગે છે કે એ તિષ્ય તો નથી જ. પણ પુષ્યને બદલે પુષ્પ હોવું જોઈએ. પુનર્વસુની નૌકામાં બેઠેલી કોઈ અપ્સરાએ ઉપર ઉછાળેલું અને ત્યાગને લીધે ખંડિત થયેલું એ મ્લાન પુષ્પ છે.

હવે આપણે આશ્લેષાને વટાવીને મઘા તરફ આવીએ. મઘા એટલે સિંહ રાશિ. આકાશમાં તો કેમે કરીને સિંહની આકૃતિ બનતી નથી, પણ વેદનું વચન* યાદ આવે છે. સંસ્કૃતમાં ત્યારે શું એ સિંહનું પરાક્રમ હશે? આપણા સપ્તર્ષિઓએ હમેશને માટે મઘા નક્ષત્રમાં રહેવાનું કેમ પસંદ કર્યું હશે? મઘાના પાણીમાં નાહવાની સગવડ જોઈને?

પણ આટલી વારમાં સપ્તર્ષિ ઊતરવા માંડ્યા અને જેલના નવના ટકોરા થયા. કહે છે કે મઘાનો યોગતારો

* मघासु गावो हन्यन्ते ।

ખલાસીઓને માટે બહુ મહત્ત્વનો છે. આકાશના ચાર રાજામાંનો તે એક છે. મઘા એટલે દાતરડું એ તો હવે મગજમાં ઠસી જ ગયું છે. એના હાથાને છેડે બે દોરીઓ બાંધી છે. બંનેને છેડે એકએક ફૂમતું છે. એક પશ્ચિમ તરફ ઊડે છે અને બીજું જાણે દક્ષિણ–પશ્ચિમ તરફ ઊડે છે. અને એ બે ફૂમતાં વચ્ચે બરાબર સીધી લીટીમાં એક ઝાંખો તારો પોતાનું અસ્તિત્વ પ્રગટ કરવું કે ન કરવું એની શંકામાં ઊભો છે.

ચાલો હવે આપણે બંને ફાલ્ગુનીઓનો પરામર્શ લઈએ. એ ચોરસ તો ન જ કહેવાય. ઉત્તરા ફાલ્ગુનીની પેલી ચળકતી તારા રૂપગર્વિતા થઈ, જો સ્થાન પરથી ખસી ન હોત તો એ ખાસો ચતુષ્કોણ થયો હોત. પણ જાણે પોતે બરાબર સ્થાન પર છે ને પોતાની સખીઓનો જ વાંક છે એમ ટગરટગર તે આપણા તરફ જોયા કરે છે. સ્ત્રીઓ સાથે દલીલ શી? એટલે આપણે આગળ ચાલીએ. એનું અંગ્રેજી નામ, "ડેને બોલા" મૂળે ગ્રીક કે અરબી?

હસ્તને જોવા માટે માથાને તાણ આપવા કરતાં ક્રમભંગનો દોષ વહોરી લઈને આપણે પ્રથમ સ્વાતિને જ જોઈ લઈએ. તેને મેં પહેલવહેલી નવસારીમાં જોઈ હતી. પ્રદર્શન આગળના મેદાનમાં ચળકતી હતી. તે દિવસથી એણે મારી સાથે કેટલીયે મુસાફરી કરી છે. એ કાશ્મીરમાં પણ આવી હતી; અને લંકામાં પણ એણે મને દર્શન દીધાં હતાં.

ચિત્રા તો મારું જન્મનક્ષત્ર. ક્ષણેક્ષણે રંગ બદલવાની સ્વાતિની કળા ચિત્રામાં નથી. એને તો એક જ તેજ હમેશને માટે ધારણ કરવું છે.

જ્યાં સુધી જ્યોતિષના ગોલમિતિ ગણિતનો ખ્યાલ ન આવે ત્યાં સુધી આ કોયડાનો ઉકેલ જડતો નથી: ચિત્રા ને સ્વાતિ સાથે જ ઊગતાં છતાં ચિત્રા જલદી આથમી કેમ જતી હશે? ખરું જોતાં ધ્રુવથી ચિત્રા વધુ દૂર હોવાથી એને જ આકાશનો વધુ માર્ગ કાપવો પડે.

પણ સ્વાતિ નીચે લટકતા આ કિરીટનું શું કરીશું? એના સાત તારાઓમાં કોહિનૂર જરાક આગળ બેસાડ્યો છે એ ઘડનારની કુશળતા બતાવે છે. છેક માથા પર રહે એના કરતાં સહેજ

કપાળ તરફ મૂકે તો વધારે ઉઠાવદાર દેખાય જ. આ કિરીટને કોને માથે મૂકી દઈશું ? જેને માથે મૂકીએ તે આકાશની રાણી થાય. અત્યારે પાસે ઉમેદવાર તો બે જ છે : ચિત્રા અને સ્વાતિ. સ્વાતિ કહેશે કે તેજ તો મારું જ કહેવાય. હું નમ્રતાથી એને કહીશ, માટે જ મુકુટ વિના તારું ચાલી શકે એમ છે. હું તો એ મુકુટ મારી ચિત્રાને જ આપું.

પણ હવે દિશા ફેરવીને ઉત્તર તરફ માથું કરીને ચિત્રાનું સીધું દર્શન કરીએ એ જ બરાબર છે. હસ્તની આટલી સુંદર અને સ્પષ્ટ આકૃતિ હોવા છતાં પેલા બંગાળીએ 'ભૂગોળચિત્ર'માં કેવી ભમરાળી આકૃતિ ચીતરી છે ? પેલો નીચે અંગૂઠો છે : ઉપર તર્જની, મધ્યમા અને અનામિકા છે; અને કનિષ્ઠિકાએ જેમતેમ સ્થાન મેળવ્યું છે. ચિત્રલેખાએ તેજોરસમાં પોતાની પાંચે આંગળીઓ બોળીને આકાશના ફલક ઉપર પોતાનો પંજો મુદ્રિત કર્યો અને તે હસ્ત થયો. હસ્ત ઉપરથી એનું હાથિયો નામ પડે એમાં આશ્ચર્ય નથી થતું; પણ પશ્ચિમના લોકોએ એને કાગડો શી રીતે બનાવ્યો એ તો કલ્પનાની બહારની વાત છે.

સાવ દક્ષિણમાં ત્રિશંકુ સ્વર્ગે ચડવાની મથામણ કરે છે; પણ એનાં ભાગ્ય જ ઓછાં; એને તો દૂરથી જ સ્વર્ગની ઝાંખી કરી નીચે ઊતરવું પડે છે. સ્વર્ગના દ્વારપાળ જયવિજય એમને દિલાસો આપે છે. પણ અત્યારે તો તાજેતરમાં જુવાન થયેલો પીપળો એ બંનેની આડે આવે છે એટલે આપણે એમને છોડીને વિશાખાને બારણે પહોંચી જઈએ.

વિશાખાનું જો જૂનું નામ રાધા જ હોય તો એ કોણે ફેરવ્યું ? શા માટે ફેરવ્યું ? કયા વૃક્ષની એ બે શાખાઓ છે ? એ બધું કોણ કહી શકે ?

* * *

થોભો, થોભો ! આ દીવાલ પરથી વૃશ્ચિક ઉપર આવે છે. અનુરાધા તો પૂરી ઉપર આવી. વૃશ્ચિકના પેટમાંથી પ્રવાલ જેવો ચળકતો પારિજાત પણ ડોકિયું કરે છે. પણ ઊગતા વૃશ્ચિકનું દર્શન કોણ કરે ? એને તો સવારે દસખોલીવાળા મકાન ઉપર આડો પડેલો

જ જોવાની મજા. એટલે અત્યારે તો આ દેવોનું વિસ્તરેલું સુંદર કાવ્ય અહીં જ સમાપ્ત કરી કાવ્યાનંદમાં નિમગ્ન થઈશું અને નિદ્રાદેવીને કહીશું કે પોતાના સ્વભાવને અનુસરી એ ચૂપચાપ ગમે ત્યારે ઘેરો ઘાલે. નિદ્રાદેવીને છડેચોક આવતાં આટલી શરમ શાની? એનું સામ્રાજ્ય તો હકનું છે. પણ નહિ; ઉઘાડી રીતે એ નહિ જ આવે. એનો બધો આનંદ આપણને છેતરવામાં જ છે!

* * *

ત્યારે શું આ બધા તારાઓ આકાશના દેવો હશે? મને લાગે છે કે એ દેવોનાં આસન છે. કોઈનાં મોટાં તો કોઈનાં નાનાં. દેવો કોઈ કાળે સૂએ નહિ એટલે એમને પથારીની શી જરૂર? આસન ઉપર બેઠાં બેઠાં પરમાત્માના વૈભવનું ગાન કરતા હશે અને અનંત કાળની ગણના કરવાનો પ્રયત્ન કરતા હશે.

રાત શી રીતે વીતી ગઈ તેની ખબરે ન પડી. અને અત્યારે તો વૃશ્ચિક દસખોલી પર આથમવા આવ્યો છે. હળ જમીન ખોદતું હોય એવું એનું માથું ત્રાંસુ છે અને એનું પેટ જ્યેષ્ઠાનું બનેલું છે.

ત્રણત્રણ તારાની શોભા આપણને ત્રણ ઠેકાણે મળે છે, મૃગના પેટમાં ઇશુત્રિકાંડવાળા બાણની; વૃશ્ચિકના પેટમાં જ્યેષ્ઠાની; અને આ માથે આવેલી આકાશગંગાને કિનારે માબાપની કાવડ લઈને ઊભેલા શ્રવણની. શ્રવણ કેવો નાક સામે આકાશમાં લટકે છે! અને ઉપર જરા ઉત્તર તરફ નજર ફેંકીએ એટલે અભિજિત તૈયાર છે જ. અભિજિત એ જ દશરથ એમ મને કેમ થાય છે? શ્રવણ નક્ષત્ર એનું બાણ છે એવા ખ્યાલથી? પરંતુ અહીં એ કલ્પનાને જવા દઈએ. એને માટે તો રામાયણમાં પુરાવો ખોળવો પડશે. પણ પેલો પાટલવર્ણી પારિજાત, પેલી આથમતી સ્વાતિ અને આ દશરથ રાજા અભિજિત ત્રણનો કેવો સુંદર અને વિશાળ ત્રિકોણ થાય છે! આ અભિજિતની જમણી બાજુ શૌરી—હર્ક્યુલિસ પથરાયો છે, જ્યારે ડાબી બાજુ, આકાશગંગામાં ચાંચ બોળતો હંસ પક્ષી છે.

પણ એને ઊડવા દઈ આપણે ફક્ત સત્તાવીશ કે ઓગણત્રીસ દિવસની આકાશની પ્રદક્ષિણા કરનાર ચંદ્રનું ને છેક ઓગણત્રીસ વર્ષે પોતાની પ્રદક્ષિણા પૂરી કરનાર શનીચરનું દર્શન કરીએ. શનિની કાળાશ કૃષ્ણપક્ષમાં ચંદ્ર સાથે કેટલી ભળી જાય છે!

હવે તો વૃશ્ચિકનો ફક્ત ડંખ જ દેખાય છે. પણ એનો ડોળ તો જુઓ! ડંખના બે તારા જ્યાં ભોંકાયા ત્યાં તો વેદના જ વ્યાપી રહેવાની. પૂર્વાષાઢા અને ઉત્તરાષાઢા એ ડંખનો માર બચાવવા જુઓ કેવી પોતાની જાતને બચાવે છે.

પેલો અટૂલો અલ્ફર્ડ આગ્નેય દિશામાં ઊગ્યો. એનું એકાકીપણું એ જ એની ખૂબી છે. પૂર્વા ભાદ્રપદાની લીટીમાં દૂર દક્ષિણમાં જઈને બેઠો છે. એ રિસાયો છે કે તપ કરે છે એ કોણ કહી શકે? ધ્રુવને જ પૂછવું પડશે.

પૂર્વા ભાદ્રપદાને માથે ઉપર ચડાવેલા બે હાથ જેવા બે તારા દેખાય છે એ આથમતી વખતે જ મજાના લાગે છે. અત્યારે એનો આકાર ગરણી જેવો પણ નહિ કહી શકાય. પૂર્વા ભાદ્રપદા અને ઉત્તરા મળીને સુંદર ચોરસ થાય છે. એને 'સ્કવેઅર ઑફ પેગેસસ' કહે છે એટલું જાણતા છતાં એ પેગેસસ ઘોડાની વાર્તા મને યાદ નથી. એ કેટલી દુઃખની વાત? આ ચારમાંથી ત્રણને જ લઈને પાંખવાળા ઘોડાનું બનેલું ચિત્ર માત્ર હજી યાદ છે.

અટૂલાથી પણ દૂર દેખાતો પેલો દક્ષિણ તરફનો તારો કોણ છે? યમુના કે યામમત્સ્ય? અત્યારે એનો નિર્ણય કરવા નહિ બેસીએ. અગસ્ત્યની હારમાં એ ઊભો થશે ત્યારે એની વાત.

હવે પહેલાંની પેઠે દક્ષિણ તરફ માથું કરીને વિષ્ણુનું ધ્યાન ધરતા ધ્રુવને ફરી નમસ્કાર કરીએ.

હીરાલાલભાઈ કહે છે કે ધ્રુવ તે જ વિષ્ણુ અને કેસિયોપિયા તે લક્ષ્મી પણ મેં કેસિયોપિયાને દેવયાની બનાવી છે એનું શું? દેવો જેના ઉપર બેસીને ફરે છે એવી એ આરામખુરશી દેવયાનીને નામે જ પ્રસિદ્ધ થવી જોઈએ.

સપ્તર્ષિના તો હવે ફક્ત ત્રણ જ તારા દેખાય છે. એ ચિત્રશિખંડીનો પિચ્છભાર છે. સપ્તર્ષિને મોર બનાવનારની કલ્પનાશક્તિ ભારે હોવી જોઈએ.

સ્વાતિ હમણાં લીમડાનાં પાંદડામાં અલોપ થશે. જ્યાં સુધી 'એન્ડ્રોમીડા' ઉપર આવે નહિ ત્યાં સુધી 'શૌરી'નું ધ્યાન ધરીને જ બેસવું જોઈએ. આ શૌરી—'હર્ક્યુલસ'—મોટો કે 'ઓરાયન' મોટો? એમ તો આ શૌરીનું કશું મહત્ત્વ નથી. પણ આપણો સૂરજ દોડતો દોડતો એ શોરી તરફ જાય છે એવું જ્યોતિર્ધરોએ નક્કી કર્યું ત્યારથી એનું મહત્ત્વ વધ્યું છે. ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરે, પૃથ્વી સૂરજની આસપાસ ફરે, સૂરજ શૌરી ઉપરથી નક્કી થાય એવા કોઈ અજ્ઞાત તારાની આસપાસ ફરે! આમ ક્યાં સુધી ચાલવાનું? પેલી સંસ્કૃત કહેવત યાદ આવે છે. तिमिंगिल-गिलोप्यस्ति तद्गिलोप्यस्ति राघवः।* ભગવાને ટૂંકામાં કહી દીધું છે કે : नास्त्यन्तो विस्तरस्य मे।

૧૬-૫-'૩૦

૨

આજે વર્ષાવતારનો પ્રથમ આનંદ હતો. બપોરે અસાધારણ બફારો હતો એમ ન કહેવાય; છતાં સહેજમાં વાદળાં ઘેરાયાં; વરસાદનાં થોડાં પણ મોટાં ટીપાં પડ્યાં એટલાથી જ 'ગંધવતી પૃથ્વી' એ સૂત્ર કૃતાર્થ થયું અને ઋતુનો ઉન્માદ બધાનાં હૃદય સુધી પહોંચી ગયો. 'એ ઇન્દ્રધનુષ્ય દેખાય છે!' કરીને એક ઊઠ્યા એટલે બીજા ઊઠ્યા, ત્રીજા ઊઠ્યા અને જોતજોતાંમાં બધા જ દર્શનાકાંક્ષીઓ આંગણામાં ભેગા થયા. રાત્રે વૃશ્ચિક જ્યાં ઊગે છે એ જ ઠેકાણે ઇન્દ્રધનુષ્ય ફેલાયું હતું. એની સાથે બીજું ઝાંખું ધનુષ્ય દેખાય છે કે નહિ એવો સવાલ પૂછી હું એ ટોળામાં ભળ્યો અને ઝાંખા ધનુષ્યના રંગનો ક્રમ ધનુષ્યથી ઊલટો હોય છે એવા મારા ભૌતિક જ્ઞાનનું મેં પ્રદર્શન કર્યું. તરત જ ટોળામાં જેટલા ન્યાતે શિક્ષક હતા તેમણે ધનુષ્ય કેમ પેદા થાય છે એની ઉત્પત્તિ પૂછી. કલ્યાણજીભાઈએ ધનુષ્ય વિષેની કેટલીક માન્યતાઓ રજૂ કરી, પણ એ ભડળીશાસ્ત્રમાં કોઈને રસ પડ્યો ન જણાયો.

---

* તિમી એ મોટાં વહાણો ગળી જનાર માછલી. એને ખાઈ જાય તે તિમિંગિલ. એને ખાનાર તિમિંગિલગિલ પણ હોય છે. અને તેને ગળી જાય એવી રાઘવ નામની માછલી પણ હોય છે.

ધનુષ્ય દક્ષિણ તરફ વધારે ઊજળું હતું. ધીમેધીમે આખું ઊજળું થયું. ગાડાના પૈડામાં આરા હોય છે તેમ ધનુષ્યના કેન્દ્રને સૂચવતાં વાદળાંનાં કેટલાંક મોજાંઓ ધનુષ્યની શોભાને અપૂર્વ બનાવતાં હતાં.

ઇંદ્રધનુષ્યમાં સાતે રંગ હોય છે; પણ મને તો લીલોપીળો મળીને થતો પિરોજી રંગ સૌથી વિશેષ આકર્ષક લાગે છે. મરાઠીમાં એ રંગને પારવા કહે છે. મદ્રાસ કૉંગ્રેસ વખતે ભાષ્યમ્ આયંગર જોડે ફરવા ગયો હતો ત્યાં પશ્ચિમ તરફ એવો રંગ જોયો હતો તેનું તરત સ્મરણ થયું. નાનપણમાં મને જાંબુડો રંગ વિશેષ પ્રિય હતો. આજે એટલો એ ખીલતો નથી. જાંબુડો ને પિરોજી બંને રાજત્વના સૂચક રંગ છે. એ તરફ મારું આજે જ ધ્યાન ગયું. Royal tint of golden greenની શોભા એકલી સુંદર નહિ, પણ મોહક હોય છે.

ઇંદ્રધનુષ્યને લીધે મેઘોનો શ્યામવર્ણ કેટલો ખીલ્યો હતો? અને ઇંદ્રધનુષ્ય જોનાર રસિક ટોળીની મુખમુદ્રા કંઈ ઓછી ખીલી ન હતી. જાણે આ દૈવી સૌંદર્યની પૂર્તિ કરવા માટે એ ઇંદ્રધનુષ્યના આંગણામાં જાતજાતનાં પક્ષીઓનાં ટોળાં આવ્યાં. પ્રથમ બહુ નાનાં આવ્યાં, પછી ધોળાં આવ્યાં;—જાણે ઊડતા શંખ. પછી આવ્યા પોપટ. એમની સંખ્યા સૌથી વધારે હતી. એ થાક્યા હોય એમ લાગતું જ ન હતું. પોતાનાં લાંબાં લાંબાં પીછાં સાથે બાણોની જેમ સોંસરા જાય અને ઘડીકમાં ગતિની દિશા ફેરવી ઘુમાનચક્ર કરી નાખે. એમનાં પેટ ઉપર સૂર્યનાં કુમળાં કિરણો પડ્યાં હતાં. અષ્ટમીના ચંદ્રની પેઠે પોપટનું પેટ અર્ધું પ્રકાશિત અને અર્ધું છાયામાં એવું સુંદર ચળકતું હતું કે એ પોપટ આ દુનિયાના નથી જ પણ કોઈ જાદુઈ દુનિયામાંથી આવ્યા છે એમ ભાસતું હતું. એમના રંગ કરતાં એમની હોશિયારી જરાયે ઊતરતી નહોતી.

અને આસપાસનાં ઝાડ? હમણાં હમણાં જ યુવાન થયેલો પીપળો અને જેલ બહારના લીમડાઓ પૂરેપૂરાં સોનાનાં વૃક્ષ થયાં હતાં. ઉપર પોપટ ઊડતા હતા, અને નીચે પીપળાનાં પાંદડાં થથરતાં હતાં.

એટલામાં પવન પડ્યો, પોપટ ગયા અને પાંદડાં નિશ્ચેષ્ટ થઈ ગયાં. જાણે સાયંપ્રાર્થના માટે ધ્યાનસ્થ થવાની તૈયારીમાં જ.

આ વાતાવરણના આનંદમાં ભળી નહોતા શકતા ફક્ત કાગડા. એવા ગભરાયેલા દેખાતા હતા કે ક્યાં જવું એ જ તેમને સૂઝતું નહોતું, એટલે આમતેમ અવ્યવસ્થિત રીતે ઊડતા હતા. આજે વરસાદ આવવાની એમણે અટકળ નહિ કરી હોય; અને છેલ્લી ઘડીએ પોતાના માળા ભીંજાઈ જશે એવી બીક હૈયામાં પેસી ગઈ હશે?

ઇંદ્રધનુષ્ય હજીયે દેખાતું હતું. મને કાલિદાસનો શ્લોક યાદ આવ્યો. પણ બધી લીટી ઝટ હાજર ન થાય. કોને પૂછું? અને યાદ આવે તોયે એ આનંદના ભાગીદાર કોને બનાવું? આજના જમાનાના લોકો સંસ્કૃતનાં સુંદર રત્નોને અગ્નિ સમજીને અડકતાયે નથી! એટલે ફરીફરી ગણગણી પ્રયત્નપૂર્વક એ આખો શ્લોક મેં જ મેળવ્યો અને મનમાં જ મૂકી દીધો. અહીં આખો લખીને સમાધાની મેળવી લઉં:

नवजलधरः संनद्धोयं न दृप्तनिशाचरः ।
सुरधनुरिदं दूराकृष्टं न नाम शरासनम् ॥
अयमपि पटुर्धारासारो न बाणपरंपरा ।
कनकनिकषस्निग्धा विद्युत्प्रिया न ममोर्वशी ॥

બસ, શ્લોક ધ્યાનમાં આવ્યો અને કાલિદાસની નજરે સુરધનુને હું જોવા લાગ્યો.

ઇંદ્રધનુ તો વિધાતાનું વિલક્ષણ કાવ્ય છે. જ્યાં કંઈ નથી ત્યાં એકાએક સાતેસાત રંગ મોટી કમાનમાં ફેલાઈ જાય છે. સામાન્ય ધનુષ્ય ખેંચેલો બાણ દૂર સુધી ફેંકે છે. આ ધનુષ્ય આશ્ચર્યચકિત થયેલા દૂરના લોકોની દૃષ્ટિ પોતાના તરફ ખેંચે છે. આખું ધનુષ્ય ખૂબ લાંબા વખત સુધી ટક્યું એટલે અમને ખૂબ ધન્યતા જણાઈ અને છતાં થોડી અધીરાઈ પણ અમે અનુભવી એ કબૂલ કર્યા વગર છૂટકો નથી. સ્ટેશન પર કોઈ વહાલા મિત્રને વિદાય આપવા ગયા હોઈએ, હમણાં ગાડી છૂટશે એ બીકે કહેવાનું બધું ઉતાવળે ઉતાવળે કહી દીધું હોય, અને છતાં ગાડી ત્યાં ને ત્યાં ઊભી રહે! ઊપડવાને ઘણી વાર છે એવું જોયા પછી એક બાજુએ

આનંદ થાય છે કે પ્રિયજનને થોડોક વખત વધારે મળાશે અને બીજી તરફથી વિદાયની વસમી ઘડી લંબાતી જોઈ એ તાણ સહન નથી થતી. હવે એ ગાડી જાય અને છૂટા પડવાના છીએ તો ઝટ પડીએ તો સારું એવું થાય છે. બીજાં કામો પણ નથી હોતાં એમ નહિ, એટલે ઊભા રહેતાં આનંદ અને અકળામણ એકીસાથે અનુભવાય છે. બરાબર એ જ જાતની લાગણી ધનુષ્ય લાંબો વખત સુધી ટક્યાથી મનમાં ઉદ્ભૂત થઈ અને બીજી તરફ પ્રાર્થનાનો સમય થઈ રહ્યો હતો તે ન ચૂકવાની ઇંતેજારી પણ ખરી.

ઇંદ્રધનુષ્ય માણસને કેમ ગાંડા બનાવી દેતું હશે? સાત રંગ તો ગમે ત્યાં જોવા મળે છે, અને વર્તુળ તો આખા ક્ષિતિજ ઉપર હમેશાં પડેલું જ છે; પછી આ ઇંદ્રધનુષ્યમાં એટલું આકર્ષણ, એટલું કાવ્ય, એટલી માદકતા ક્યાંથી આવી હશે? એને જોઈને અથવા જોવાને બધા જ કેમ બાળક બનતા હશે?

પ્રાર્થનામાં આ બધા આનંદ સાથે ઈશ્વરનું સ્મરણ વણી દીધું અને આનંદ સાથે પ્રસન્નશાંતિ અનુભવી.

૨૦–૫–'૩૦

૩

ચંદ્રની શોભા રાતે એટલી બધી હોય છે કે દહાડે એને ધ્યાનપૂર્વક જોવાનું મન જ નથી થતું. અને જો એના તરફ નજર ગઈ તો અકસ્માત્ વિલાસચતુર પણ ગરીબ થયેલા ચારુદત્તનું સ્મરણ કરાવે છે. આજે સવારના નવ વાગ્યે પરિક્ષીણ ચંદ્રલેખા નજરે પડી. દીવાલની બાજુએ હું સૂતો હતો એટલે સૂર્યનાં ઉગ્ર કિરણની આંખ ઉપર અસર થતી ન હતી. ટૉલ્સ્ટૉયની કેળવણીની મીમાંસાનું ચિંતન કરતાં કરતાં ચંદ્રલેખાએ ધ્યાન ખેંચ્યું. ચંદ્ર નજરને ફિક્કો ન લાગ્યો. ખટાશથી ઉજ્જ્વલ કરેલા ત્રાંબાનો રંગ અને તેના ચળકાટની શોભા કરતાં ચંદ્રલેખાની શોભા વધારે હતી. તેમાંયે જે કોર સાવ સૂરજ બાજુની હતી એના લાવણ્યની તો રાતનો ચંદ્ર પણ અદેખાઈ કરે. ચંદ્ર આના કરતાં નાનો હોત તોયે ન શોભત અને મોટો હોત તોયે ન શોભત. એનાં

બે બાજુનાં શીંગડાંની અણીઓ સહેજ અસ્પષ્ટ હોવાને લીધે રાસકજનનાં મર્મવચન જેવી લાગતી હતી. આવા ચંદ્રખંડને ભાંગેલા ઈંડાની ઉપમા કોઈ આપે તો અન્નાહારી હિંદુને રસક્ષતિ જેવું લાગે. ચંદ્રલેખા આના કરતાં પાતળી હોત તો ઉતારેલા નખની ઉપમા આપી શકાત. એ પણ આપણા લોકો અભદ્ર જ ગણે કેમ કે ઊતરેલા વાળ કે નખને શબની પેઠે અસ્પૃસ્ય જ ગણાયા છે. આવો વિચાર કરતો હતો એટલામાં મને સ્મરણ થયું કે નાનપણમાં મારે માટે સોનાની કલ્લી કરાવવા માટે સોનું ખરીદ્યું હતું. એને ચંદ્ર જેવો જ કુલડીનો આકાર હતો. માત્ર અંદરની બાજુએ એ ખરબચડી હતી. પણ બહારના ચળકાટમાં ચંદ્ર કરતાં જરાયે ઊતરતી શોભા ન હતી. ચંદ્ર જોઈને આજે એનું કેટલે વર્ષે સ્મરણ થયું! છેલ્લાં ત્રીસ વર્ષમાં એ સોનાનું મને સ્મરણ થયાનું યાદ નથી. ત્યારે શું સાચેસાચ આપણે કશું ભૂલી જ જતા નથી?. જોયેલું અનુભવેલું બધું ક્યાંક દટાયેલું રહે છે ને પ્રસંગ આવ્યે પાપપુણ્યની પેઠે ઊભું થાય છે! તો તો સ્વર્ગમાં કોઈ સ્વતંત્ર ચિત્રગુપ્ત કે એના ચોપડા હોવાની જરૂર નથી. દરેકનું ચિત્ત એ જ ચિત્રગુપ્તનો ચોપડો. ચંદ્રને જોઈને જો પાંત્રીસ ચાલીસ વરસ પહેલાંની વાત યાદ આવી તો સરજનહાર આગળ ઊભા થઈશું ત્યારે શું શું યાદ નહિ આવે!

દહાડે દૂરબીન લઈને કોઈએ ચંદ્રનો પૃષ્ઠભાગ તપાસ્યો છે? એના ખાડાટેકરા અને સમુદ્ર દહાડે કેવાં દેખાતાં હશે? નાનપણમાં સરદાર હાઈસ્કૂલમાં ભણતો હતો ત્યારે એક મોટું દૂરબીન ગમે ત્યારે વાપરવાનું મળતું. કેટલીયે રાતો હાઈસ્કૂલના બાંકડા ઉપર સૂઈને ગાળી છે. ત્યારે ચંદ્રબિંબ દહાડે નિહાળવાનું કેમ ન સૂઝ્યું? જેલમાં આજે દૂરબીન ક્યાંથી આણીએ? હે રજનિનાથ! હવે તારી ઉપાસના આ ભવે તો શક્ય નથી. એટલે ભક્તિથી કેવળ એક નમસ્કાર પાઠવું છું તેટલાથી સંતોષ માનજે, તારાનાથ!

આખી રાત તારાઓએ ચળક્યા કર્યું. કેટલી સુંદરતા! જેમ દેવો મરતા નથી, અપ્સરાઓનું લાવણ્ય મ્લાન થતું નથી તેમ તારાઓની તાજગી વાસી થતી જ નથી.

* * *

બે ગ્રહો વચ્ચે કેટલું બધું અંતર! તારાઓ વચ્ચે તો એથીયે કેટલું બધું અંતર! પૃથ્વી અને સૂરજ વચ્ચે જ ૯ કરોડ ૨૦ લાખ માઈલનું અંતર છે. અંતર એટલે નર્યું પોલાણ. જ્યાં ત્યાં પોલાણ જ ભરેલું છે. અને છતાં મૂરખ લોકો આ વિશ્વને જડ કહે છે! આ અનંત આકાશમાં જડ વસ્તુ એટલી બધી ઓછી છે કે કરોડો માઈલ ખોજતા ફરીએ ત્યારે એકાદ કટકો જડી આવે. સહરાના હજારો માઈલના રણમાં પાંચ દસ નાળિયેરનાં છૂટાંછવાયાં ઝાડ મળવાથી કોઈ એને જંગલ કે મહાકાંતાર કહેતું નથી; એવી જ રીતે આ વિશ્વને પણ કોઈ જડ કહી ન શકે. વિશ્વ એટલે સનાતન શાંતિનું અનંત પોલાણ. એ પોલાણનો વિસ્તાર બરાબર ધ્યાનમાં ન આવે એ બીકે અત્યંત કંજૂસાઈથી જડ વસ્તુના થોડા કણો દૂરદૂર આમતેમ વેરી દીધા છે એટલું જ.

છતાં રાત્રે એ આખું પોલાણ ઘેરો નીલો રંગ ધારણ કરી ચળકતા દાંત કાઢી હસે છે.

આજે સવારે ચંદ્ર અને મંગળ અત્યંત પાસે પાસે આવ્યા હતા. એ મંગળ હતો એમ હું માની લઉં છું; કેમ કે બુધ એટલો વહેલો, આટલો ઊંચો ચડે નહિ. અને મંગળને છેલ્લો જોયેલો ત્યારે એ રોહિણીની આસપાસ ક્યાંક હતો, એટલે રેવતીના ચંદ્ર પાસે એ મંગળ જ હોવો જોઈએ. અમસ્તો તો એના લાલ રંગથી અને ઉગ્ર તેજથી મંગળ સહજ વર્તાઈ આવે, પણ ચંદ્રની સંનિધિમાં એનું વ્યક્તિત્વ કંઈક ઝાંખું જ પડે.

એ આટલો નજીક કેમ આવ્યો? ચંદ્ર તો પૃથ્વીનો એક કટકો. પૃથ્વીની આસપાસ હોવામાં જ એ સમાધાન માને છે અને પુરાણોમાં મંગળને પૃથ્વીનો દીકરો કહ્યો છે. મંગળનું એક સંસ્કૃત નામ કુજ છે. (કુ=પૃથ્વી, જ=જન્મેલો) એટલે ચંદ્ર અને મંગળ બંને જણ પૃથ્વીપુત્ર થઈ ભેટવા આવ્યા હશે? ગ્રીક પુરાણો વાંચીને કલ્પનાશક્તિ દોડાવનાર નરહરિ ભટ્ટને લાગ્યું કે મંગળ તો યુદ્ધદેવ છે. એને માથે શિરસ્ત્રાણ હોવું જોઈએ. અને સાચે આજની ચંદ્રલેખા ગ્રીક લોકોના શિરસ્ત્રાણ જેવી જ દેખાતી હતી. માત્ર એ હેલમેટના ચળકાટ આગળ યુદ્ધદેવ માર્સની આંખ to threaten and commandની શક્તિ ધરાવતી

લાગી નહિ. રાતના ત્રણ વાગ્યાથી એ બંને પૃથ્વીપુત્રો હાથમાં હાથ મિલાવી ચડતા હતા. એમને વંદન કરીને અમે પ્રાર્થનામાં બેઠા.

* * *

વૃશ્ચિકની શોભા જેટલી એના આકારમાં છે એટલી એની દિશામાંયે છે. એ ઊગતી વખતે લટકતો દેખાય છે, ચડે છે ત્યારે હમણાં કૂદશે એમ લાગે છે અને આથમે છે ત્યારે ભોંય ભેગો થયો હોય એવો લાગે છે. સપ્તર્ષિ, મૃગ અને વૃશ્ચિક ત્રણેની મજા હોય છે.

ગઈ; આકાશની નિરભ્રતા ગઈ ! આજથી કાચાં વાદળાં આવવા લાગ્યાં. ખેડૂતો એને ગરભ કહે છે. પણ સવારે તો એ નહોતાં. અત્યારે જ ક્યાંથી આવ્યાં. ઘણું કરીને ખંભાતના અખાતમાંથી આવતાં હશે. જાણે મોટામોટા હંસોનું અથવા બગલાઓનું ટોળું સૂરજનાં દર્શને દોડે છે. આ વાદળાં જરાયે ચાલાક દેખાતાં નથી. જેમ ઊંટ આમતેમ મૂરખ જેવાં ચાલે છે તેવાં જ આ વાદળાં દેખાય છે. સવારે વહેલાં ઊઠ્યાં નહિ તેથી આટલાં મલિન હશે ? ક્યારનાં આવે છે તોયે હજી ખૂટતાં નથી.

આકાશમાં કશું ન હોય ત્યારે એક રીતે આકાશ મોટું દેખાય છે; અને ઊડતાં વાદળાં વાદળીની પેઠે ફુલાતાં હોય ત્યારે પણ આકાશ વધતું જતું હોય એમ લાગે છે. પવન વાદળાંને પીંજે છે એ પરથી આપણે પણ રૂ પીંજવાની કાંઈ એવી જ યુક્તિ શોધી કાઢવી જોઈએ. આજની આપણી પદ્ધતિ તો કબૂલાત કઢાવવા તહોમતદારને પોલીસો પજવે છે તેના જેવી જ છે. એના કરતાં કંઈક સારી અહિંસક પીંજણપદ્ધતિ શોધી કાઢવી જોઈએ. આજની ધનુર્વિદ્યા ક્યાં સુધી ચલાવીશું ?

઼

આ પેલું ઈંડા જેવું વાદળું આવે. એનો નીચલો ભાગ કાળો છે ત્યાં ભીનાશ વધુ હશે. ઉપર ભીનાશ ઓછી એટલે એ બાજુ ધોળાશ વધારે. પણ ઈંડું આટલામાં ભાંગી ગયું. પેલી શું બચ્ચાની ચાંચ કહેવાય ? હવે એ સાવ પાસે આવી ગયું. હવે તો ઢાલ જેવું દેખાય છે. ના, ના; આરસપહાણનો કટકો લાગે છે,

ના ભૂલ્યો, અબ્બાસસાહેબની દાઢી છે. ગયું; દીવાલ બહાર ગયું. એને ક્યાં બહાર જવા માટે રજા લેવાની હોય છે?

પક્ષીઓ વગર આકાશ શોભે જ નહિ; અને પક્ષીઓમાં પણ ખાસ સમળી હોય ત્યારે એ શોભે. કવિએ રાત્રિના આકાશનું વર્ણન કર્યું છે शशिना च निशा, निशया च शशी। शशिना निशया च विभाति नभः॥ જો દિવસના આકાશનું વર્ણન કર્યું હોત તો કહેત, 'વાદળાંથી સમડી શોભે છે, સમડીથી વાદળાં શોભે છે ને સમડી ને વાદળાંથી આકાશ શોભે છે.' આ કબૂતરો ઊડે છે, પણ એ તો સાવ ગદ્ય પ્રાણી છે. એ નથી સમડીનું મહાકાવ્ય કે નથી પોપટની સૉનેટ. કબૂતર સહેજ ઊડે તોયે કામસર નીકળ્યાં હોય એવાં લાગે છે.

આજથી વાદળાંઓએ કહ્યું કે ઋતુ બદલાઈ છે. હજી પાણીથી લદાયેલા શામળભાઈઓ આવ્યા નથી. એ તો કાલિદાસનું વચન માની આષાઢને પહેલે દિવસે આવવાના અને રામગિરિથી ઊપડી અલકાપુરી તરફ પ્રયાણ કરવાના. આ વાદળાં તો આણુયે ન પહોંચે. મરઘાંનાં બચ્ચાંની પેઠે ચણવા આમતેમ દોડતાં હશે. આપણે એમની પાછળ નહિ દોડીએ. આપણને બીજું ઘણું કામ છે.

૨૫–૫–'૩૦

૪

સવારે એક પછી એક તારા અલોપ થતા હોય ત્યારે એક જાતનું આકર્ષણ હોય છે. આ એક તારા ગઈ, એ બીજી અલોપ થઈ, એ ત્રીજી પાણી ઉપર માથું રાખવાનો કેટલો પ્રયત્ન કરે છે. અરર! આખર એ પણ ડૂબી ગઈ એમ આપણે જોયા જ કરીએ છીએ અને કોણ કેટલી ટકી રહે છે એ જોઈને એક એકની કદર કરીએ છીએ. અને જ્યારે સૂરજ ઊગ્યા છતાં શુક્ર પોતાનું મોઢું ઊજળું રાખે છે ત્યારે એની બહાદુરી વિષે અસાધારણ આદર ઉત્પન્ન થાય છે.

સૂર્યાસ્ત પછી એથી બરાબર ઊલટો આનંદ હોય છે. સૂર્ય ગયો એટલે આકાશ ચાંલ્લા વગરના વિધવાના કપાળ જેવું થાય

છે. વાદળાં ન હોય અને સંધ્યાની રક્તિમા ઓછી થઈ ગઈ હોય એટલે આકાશ તરફ જોવાનુંયે મન ન થાય. (આજે અમાસની રાત છે એટલે ચંદ્રનું સ્મરણ ક્યાંથી જ થાય. સૂરજ ગયો એની સાથે ચંદ્ર પણ ગયો. दर्शः सूर्येन्दुसंगमः) પછી આતુરતાથી આપણે દેવોના આ દરબારમાં કોણ કોણ પ્રવેશ કરે છે એની રાહ જોઈએ છીએ. આ સ્વર્ગના દેવો ક્યાંકથી આવીને પોતાને સ્થળે નથી વિરાજમાન થતા પણ જ્યાં છે ત્યાં જ છતા થાય છે. એમનું સવારના અલોપ થવું અને સાંજના છતા થવું એ જોઈને જ જૂના લોકોને તિરસ્કરિણી વિદ્યાનો ખ્યાલ આવ્યો હશે.

ગમે તે સાંજ હોય. શુક્ર ગેરહાજર ન હોય તો પહેલવહેલું દર્શન દેવાનું માન એનું જ. ત્યાર પછી જ બીજાઓનું પ્રાગટ્ય થાય. નાનપણમાં કોકે કહેલું કે સાંજે એક જ તારા દેખાય એ અશુભ છે. એટલે તરત બીજીની શોધમાં આંખો દોડ્યા જ કરે. પરિણામે જ્યાં તારા નથી ત્યાં પણ દેખાયાનો ભાસ થાય. આજે શુક્ર સાથે પુનર્વસુના પ્રશ્વનનું દર્શન સૌથી પહેલું થવું જોઈતું હતું પણ એ વાદળાંમાં ઢંકાયો હતો. માથે એક તારા દેખાતી હતી. એ મઘાની છે કે ફાલ્ગુનીની એનો નિર્ણય ન થાય. તારાના તેજથી એમને ઓળખવા અશક્ય નથી પણ સાંજે એ કસોટી કામ નથી આવતી: સૂર્યના તેજમાં પણ તારાઓને ઝાંખા પાડવાની શક્તિ હોય એટલે નજર જરા પૂર્વ તરફ દોડાવી ત્યાં સ્વાતિએ દર્શન દીધાં. ચિત્રા કહે હું હાજર છું હો! પણ હસ્ત દેખાય નહિ. ચિત્રાસ્વાતિ જોયા પછી પેલી તારા મઘાના દાતરડાની એ વિષે શંકા ન રહી. થોડા જ વખતમાં ફાલ્ગુની (ડેનેબોલા)એ ચિત્રાસ્વાતિ સાથેનો પોતાનો સુંદર ત્રિકોણ પૂરો કર્યો. આ તારકત્રયીનો આનંદ નિહાળતો હતો એવામાં મઘાની ત્રણ તારાઓએ એક કાટખૂણ-ત્રિકોણ કરી બતાવ્યો. મઘામાં એવા બે કાટખૂણા પાસે પાસે પડેલા હોય છે. અથવા બે કાટખૂણા એક-બીજા ઉપર પડેલા હોય છે એમ કહીએ તો ચાલે.

હવે તો ફાલ્ગુનીના ચોરસમાંથી કર્ણની બે તારાઓ દેખાવા લાગી અને હસ્તની બે આંગળીઓ પ્રગટ થઈ છે. હવે તો

અંગૂઠો કલ્પનાથી હું જોઈ શકું છું. સ્વાતિ કહે છે કે કિરીટ પરનો પેલો કોહિનૂર જોયો ?

કોહિનૂર જોતાં જોતાં જાણે પારિજાતના ઝાડને ફૂલનો બહાર આવ્યો હોય તેમ આકાશમાં કેટલીયે તારાઓ એકસામટી દેખાવા લાગી. કોઈ પરદેશી સામ્રાજ્યનો અસ્ત થાય અને પછી દેશના કર્તૃત્વવાન લોકો પોતપોતાના પરાક્રમનો પરિચય અનાયાસે બતાવતા જાય તેમ અસંખ્ય તારાઓ જ્યાં જુઓ ત્યાં ચળકવા લાગી. સપ્તર્ષિ આવ્યા. હસ્ત આવ્યો. પુનર્વસુની હોડીનો પૃષ્ઠવંશ દેખાવા લાગ્યો. હવે કંઈ બેસી રહેવાય ! આંખોએ કહ્યું, પગે માન્યું અને અમે દર્શને ગિપડચા. એ પેલો દક્ષિણ તરફનો પાપળો, જે આખો દિવસ પોતાનાં પાંદડાં દ્વારા બોલાવી બોલાવી આનંદ દે છે. એ હવે વેરી થયો છે. એ ન હોત તો સ્વર્ગના દ્વારપાળ સમા બંને જય વિજય બરાબર દેખાત. પણ પીપળની ઘટા બહુ ભારે નથી એટલે એમાંથી એકે તો દર્શન દીધાં. ત્રિશંકુના ત્રણ તારાઓ છાપરા ઉપર મોભના નળિયાં બેસે એવી રીતે બરાક ઉપર બેઠા છે. અને બે હાથ ઊંચે ફેલાવ્યા હોય એમ એમના ઉપર બે તારાઓ ચળકે છે.

* * *

કોઈ નવી સુગંધ હવામાંથી આવે એટલે સ્મરણશક્તિ તરત આ જ જાતની સુગંધ ક્યારે અનુભવી હતી એ શોધીને એ સંસ્કારને તાજો કરે છે તેમ આ તારા વિષે પણ થાય છે. સપ્તર્ષિને જોઉં એટલે શ્રીનગરના (કાશ્મીર) નારાયણમઠમાં બેસીને હું તારાઓ જોતો હતો એ આનંદ જાગૃત થાય છે. ત્યાં તો સપ્તર્ષિનું પૂંછડું બરાબર માથે આવી પહોંચતું. જે જય વિજય ને ત્રિશંકુ હું મહામુસીબતે અહીં જોઉં છું અને ત્રાસ આપવા માટે પીપળા ઉપર ચિડાઉં છું એ જય વિજય બેલગામમાં તો કેટલાયે ઊંચા હોય છે અને કન્યાકુમારી કે સિલોનમાં તો પૂછવું જ શું ? આખું દક્ષિણ આકાશ જાણે માથે ચડી બેઠું હોય એવું તે વખતે લાગતું હતું અને મુંબઈથી સિલોન જતાં કેરંબા બોટમાં જે જે તારાઓ જોયા હતા એની તો વાત જ શા કરવી. જ્યાં

જુઓ ત્યાં કાળું કાળું મેશ પાણી અને ઉપર એટલું જ કાળું પણ નિર્મળ આકાશ અને એ આકાશ ઉપર આકાશગંગાની યાત્રાએ આવેલી તારાઓ. ઉપર આકાશગંગાનો પટો અને નીચે સમુદ્રમાં અમારા જહાજે સમુદ્ર ઉપર ખેડેલી ચળકતી લીટી. કેટલું મજાનું સામ્ય હતું.

હવે પુનર્વસુને આથમવા દઈએ નહિ તો શ્રવણને માબાપની કાવડ લઈ ઉપર આવતાં મુશ્કેલી પડશે. અને વૃશ્ચિકનો ડંખ ત્યાં દૂર પાંદડાંમાં સપડાયો છે એ પણ બહાર નહિ નીકળે. તારાઓ જોતા હોઈએ એટલે એ આનંદ લખવાનું મન થાય છે. અને લખતા હોઈએ એટલો વખત દર્શનનો આનંદ ખોયાનું દુઃખ થાય છે. નરહરિ ભટ્ટ લખે છે એટલે બંને કામ એકસામટાં થઈ શકે છે છતાં આનંદ લેતી વખતે વાણી મૌન રહે એ જ ઉત્તમ. આનંદની સીમા વાણીની દખલ પણ સહન ન કરે અને લખાવતી વખતે આંખો તારા તરફ હોય તોયે નવો આનંદ નથી લઈ શકતી. આંખો અંતર્મુખ થાય છે ત્યારે જ શબ્દોનું ઝરણુ વહે છે. એટલે દર્શન અને લેખન બંને વ્યાપાર વેણીની પેઠે ગૂંથાય છે. કેમ કે એમાં કલ્પનાશક્તિની ત્રીજી લટ હોય છે.

૨૭–૫–'૩૦

૫

બે અમાસ લાગલાગટ આવ્યા પછી ચંદ્રદર્શન તો પડવાને દિવસે જ થાય, અને એ પ્રમાણે થયું પણ ખરૂં.

શુક્ર, ચંદ્ર અને ગુરુ જ્યારે પાસેપાસે હોય છે ત્યારે આકાશ-પ્રેમી આંખોને હેરાનગતીનો પાર નથી રહેતો. ઘડીકમાં શુક્ર તરફ નજર જાય છે; એટલામાં ચંદ્ર પોતાના આંકડા વતી ખેંચીને નજર પોતાના તરફ લઈ જાય છે. ઘરડો કૃષ્ણચંદ્ર ક્યો અને ઊજળો બાળચંદ્ર ક્યો અને એની શોધમાં પડ્યા હોઈએ એટલામાં જાણે ભારે અવિવેક થયો હોય એવા પશ્ચાત્તાપથી નજર ગુરુ મહરાજ તરફ દોડે છે અને એમની સેવામાં ચોંટે છે. શુક્ર અને ચંદ્ર આગળ ગુરુનું તેજ તો ફિક્કું હોય છે; પણ તે જ કારણે એનું

મુરબ્બીપણું, એનું પીઢપણું વધારે વ્યક્ત થાય છે. ચંદ્ર અને શુક્રના તેજને લીધે ગુરુનો તેજોવધ નથી થતો. કોઈ ઘરડો વીર યુવાનોને ઉછેરી મોટા કરતો હોય અને પછી એ યુવાનો વૃદ્ધથી હવે ન થઈ શકે એવી પરાક્રમની કૃતિઓ કરી બતાવતા હોય ત્યારે એ ભોંઠો નથી પડતો, પણ એક જાતની કૃતાર્થતા અનુભવે છે. એના જમાનામાં એણે બધું કરી બતાવ્યું છે અને વિજયનું શ્રીફળ મેળવ્યું છે. હવે એના શિષ્યો પરાક્રમ બતાવતા હોય ત્યારે એને આનંદ જ થાય ને? હવે એ અખાડામાં હરીફ તરીકે નથી ઊતરતો, પણ કુશળ પરીક્ષક તરીકે, જૂના જાણકાર તરીકે તટસ્થ રહીને નિહાળે છે. ગુરુના તેજમાં એ તટસ્થ નજરની પ્રસન્નતા હોય છે, એટલે મુરબ્બીપણું એનું જ.

અને આકાશમાં ગુરુ પોતાનું સ્થાન ઝટઝટ નથી ફેરવતો. શુક્ર તો ઊંચોનીચો થયાં જ કરે છે, અને રાત્રિપતિ ચંદ્રને તો રોજ એકએક ઘરની પરોણાગત લેવાની હોય છે એટલે વરરાજાની પેઠે — અથવા સાચું કહીએ તો માનપત્રો ઉઘરાવતા રાષ્ટ્રપતિની પેઠે એ જતો હોય છે. બીજને દિવસે શુક્ર અને ગુરુ સાથે ચંદ્રે કાટખૂણો કર્યો હતો, પણ ત્રીજને દિવસે એ બધું તદ્દન બદલાયું. આકર્ણ ખેંચેલા ધનુષ્યમાંથી તેજસ્વી બાણ છૂટે તેવી રીતે ચંદ્રથી દૂર પશ્ચિમ તરફ ચળકતો શુક્ર દેખાતો હતો. જાણે પશ્ચિમમાં કોઈ અસુર અલોપ થયો છે એની પાછળ જ એ બાણ દોડતું ન હોય! પણ આ કલ્પનામાં ભૂલ છે. શુક્ર બાણ બને તોયે એ અસુરનો ગોર અસુરોનો ઘાત કરવા પ્રવૃત્ત ન થાય. પણ એવા કલ્પનાના ગોટાળા પુરાણકારોએ હમેશાં કર્યા છે; માટે ગુનેગાર હોઈએ તોયે એમાં પુરાણકારોના અનુયાયી જ છીએ. કૃષ્ણચંદ્રે પોતે જ નથી કહ્યું કે 'પૂર્વજોએ કરેલું જૂનું કર્મ જ કરજે!'

પણ હવે તો સવાર થઈ. વાજિનીવતી ઊષા કહે છે, હવે ઊઠો, કામે વળગો. પણ હંસ લોભી નજરે કહે છે, 'તમારા દર્શનમાં મારી હાજરી પૂરીને જ ઊઠોને'! અભિજિત કહે છે, 'ત્યાં શ્રવણ છે એની પણ નોંધ લેતા જાઓ.' અને સારસ કહે છે કે 'કલાક પહેલાં યમુના અને યામમત્સ્ય દેખાતા હતા તેમનો પણ નામોચ્ચાર કરો એટલે જૂનું ઉઘરાણું રહે નહિ.'

ભીની વાદળી કોઈ સ્લેટ પરના દાખલાઓ ભૂંસી નાખતી હોય તેમ નવજલભીનાં વાદળાંઓ નીલ આકાશ પર દોડતાં દોડતાં કહે છે: હવે રાતનો ખેલ ખલાસ. દિનકર સવિતાનારાયણનું સ્વાગત કરવાને, એનું ઉપસ્થાન ગાવાને તૈયાર થાઓ; હાથમાં અર્ઘ્ય લો; ભગવાન આવે છે. પૂર્વ દિશાના મુખ પરની લાવણ્ય કાન્તિ જોયા પછી ભગવાનનાં દર્શન થયાં જ સમજવું જોઈએ.

૨–૬–'૩૦

તારાઓનું સખ્ય

"આમ ઉપર શું જુઓ છો ?" એક ગામડિયા છોકરાએ મને પૂછ્યું. "આકાશના તારાઓ જોઉં છું." મેં જવાબ વાળ્યો.

"એમાં તે શું જોવાનું હોય ? તારાઓ તો છે જ. હરણિયું, હાથિયો, વીંછૂડો ને એવા બધા તારાઓ રોજ ઊગે છે ને આથમે છે. એ જોઈને શું મળવાનું હતું ? નકામી ડોક તાણી તાણીને હેરાન થાઓ છો !"

આ ગામડિયા છોકરાને તારાના આનંદની શી ખબર હોય ! જાનવરો પણ રાત્રે તારાઓ જોતાં હશે પણ એમને કંઈ એમાં ઉત્સાહ જેવું લાગતું હશે ? એને માટે તો સંસ્કારિતા જોઈએ છે. તારાઓનું ભવ્ય દર્શન, તારાઓનું કાવ્ય, તારાની શાન્તિ અને એમનો આધ્યાત્મિક સંદેશ એ તો આ ગામડિયા માટે ક્યાંથી હોય ?

* * *

થોડા દિવસ ગયા. હું શહેરમાં પાછો ગયો, અને એ જ છોકરાને મેં ઘરમાં નોકર તરીકે રાખ્યો. છોકરો અમારે ત્યાં જ રહે. અમારી સાથે જમે, ઘરના છોકરાઓ સાથે રમે અને મારી ઓરડી બહાર સૂવે. તુકારામનો ઉપદેશ મારે હૈયે ઠસેલો; दया करणें जे पुत्रासी । तेचि दासा आणि दासी ॥ જે દયાભાવ પોતાના દીકરા પ્રત્યે હોય તે જ ઘરના નોકરો પ્રત્યે રાખવો ઘટે છે, એટલે છોકરાને ઘર જેવું લાગે એવો પ્રયત્ન હું કરતો હતો. પંદર દિવસ ગયા હશે અને છોકરો મૂંઝાતો આવીને મને કહે "મારે અહીં નથી રહેવું, મને જવા દો !" મને આશ્ચર્ય થયું. મેં પૂછ્યું,

"કેમ ? શું થયું ? ખાવાનું નથી ભાવતું ? કોઈ કનડે છે ?" "ના" કહીને છોકરો મૂંગો જ રહ્યો. બહુ પૂછતાં તેણે કહ્યું: "અહીં બધું સુખ છે, પણ ઢોરો પાછળ દોડવાની મજા અહીં નથી, અને રાત્રે સૂઉં છું ત્યારે માથે તારાઓ નથી દેખાતા." મેં એને પૂછ્યું: "પણ તું જ મને કહેતો હતો ને કે તારાઓ જોવાની ગરજ શી?" "એ ખરું; પણ તારા હોવા તો જોઈએ જ, એના વગર ગમે નહિ." છોકરાને મજાની ઉપમા સૂઝી એટલે આંખો દીપાવીને કહે: "જેમ તંબૂરા વગર ગવાય નહિ તેમ તારાઓના ચંદરવા વિના સુવાય નહિ. રોજ જોઉં છું કે રાત્રે જાગ આવે ત્યારે તારા દેખાતા નથી, અને મૂંઝાઉં છું. જેમતેમ પંદર દિવસ કાઢ્યા. હવે મને જવા દો!"

મને તો આવું કોઈ દિવસ થયું ન હતું. હું તારા જોઉં, એના ઉદય અને અસ્ત નોંધી રાખું. દરેક તારો આજના કરતાં આવતી કાલે લગભગ ચાર મિનિટ વહેલો ઊગવાનો એ મેં મારી મેળે તારવી કાઢ્યું હતું. મોટા મોટા તારાઓ જે આજે નવ વાગ્યે ઊગે છે તે મહિના પછી સાંજે સાત વાગ્યે જ દેખા દેશે એમ લોકોને સમજાવતો. પણ તારાઓનું દર્શન એ કંઈ મારે માટે હવાપાણી, ઊંઘ કે ખોરાક જેવું થયું ન હતું. જ્યારે એ અબોધ છોકરાને તારાઓ પ્રત્યેની ભક્તિ પોતાની મા પ્રત્યેની પ્રીતિ જેવી જ હતી. મા તો છે જ, એની પૂજા થોડી જ કરવાની હોય! પણ મા ન હોય ત્યારે આખું બ્રહ્માંડ સૂનું સૂનું લાગે. ત્યારે ખરો કવિ કોણ? એ અબોધ પ્રાકૃતિક બાળક કે સંસ્કારના ભાનથી ભારે થયેલો મારા જેવો તારાપ્રેમી?

* * *

કોઈ આપણને પૂછે કે "તમારા ઘરમાં કોણ કોણ છે?" તો આપણે એમ નથી કહેતા કે "ઘરમાં માણસો છે." આપણે તો એ પ્રશ્ન સાથે કૌટુમ્બિક જીવનનું ભાન જાગૃત થવાથી કહીએ છીએ, "મારા બાપા છે, મારી બા છે, વિમલા ને કમલા છે, હું છું;— અને મીની અને મોતિયો છે."

કોઈ પૂછે કે "તમારો બગીચો કેવો છે?" તો તમે એમ નથી કહેતા કે "બગીચામાં છોડ છે, પાંદડાં છે, અને ફૂલો છે."

પણ તમે કહો છો કે “મોટા ગુલાબના ચાર છોડ છે. એક ખૂણે ચંપો છે, અને બીજે ખૂણે પારિજાત છે. મોગરાના છોડ તો હમણાં જ વાવ્યા છે; અને ગુલછડીને ધોળાં ધોળાં ફૂલ બેસવાની તૈયારી છે.”

ત્યારે જો તમને કોઈ પૂછે કે આકાશમાં તમે શું શું જુઓ છો? ત્યારે શું તમે એવો જ જવાબ આપવાના કે “આકાશમાં દહાડે સૂરજ હોય છે અને રાત્રે ચાંદો અને તારા હોય છે?” નવલખ તારાનાં નામ કોઈ આપણી પાસે માગતું નથી, પણ સવારસાંજ બારે માસ જે તારાઓ ફરી ફરી દર્શન દે છે, જેમને સાક્ષી રાખી આપણાં બધાં સગાંવહાલાંઓ પરણે છે, જેમને જોઈને ખેડૂતો વાવણી અને લણણી કરે છે, જેમના હિસાબથી મુસાફરો રાત્રે દિશા નક્કી કરે છે, જેમની મદદથી અજાણ્યા મુલકમાં પણ મોટી મોટી ફોજો અચૂક રસ્તો કાઢે છે, અને જેમના પરથી રાત્રે કેટલા વાગ્યા છે એ પણ આપણે થોડીક મહેનતથી નક્કી કરી શકીએ છીએ તે મોટા મોટા તારાઓનાં વીસ પચીસ નામોની પણ આપણને ખબર ન હોય! સપ્તર્ષિ, વીંછૂડો, હરણું, કૃત્તિકા, ચિત્રા, સ્વાતિ, હાથિયો, શ્રવણ વગેરે વેદકાળથી આપણને જગાડતા તારાઓની આકૃતિઓ અને એમનાં સ્થાન આપણે ઓળખી ન શકીએ?

સંગીત સાંભળવામાં જે આનંદ છે, બુદ્ધિબળ અજમાવવામાં જે એકાગ્રતા છે, મોટી નવલકથાનું અટપટું કથાનક જાળવવામાં જે તલ્લીનતા છે તે બધું આ તારાનિરીક્ષણમાં આપણને સહેજે મળે છે. આંખોને માટે એના કરતાં વધારે પૌષ્ટિક ખોરાક નથી. થોડાક તારાઓને પણ જે ઓળખી ન શકે તે માણસ સંસ્કારી નથી, અને પેલો મારો ગામડિયો છોકરો કહેશે કે એ માણસ ગામડિયો પણ નથી!

ઢોરો શું કહેશે એ આપણે જાણતા નથી. વખતે એમ જ કહી બેસશે—

આઓ ભાઈ હરખા!
આપણે બે સરખા!!

જાન્યુઆરી, ૧૯૩૬

કરાચી જતાં

[એક કાગળમાંથી]

સવારે ચાર વાગ્યે જાગ્યો. સ્ટીમર ડોલતી ડોલતી આગળ વધતી હતી. અહીં ક્યાંય જમીન નજરે પડતી નથી. ઉપર આકાશ ને નીચે પાણી. માણસનો પાણી પર કેવડો વિશ્વાસ કે જમીન નજર બહાર થયા છતાં દિવસ અને રાત એ દરિયો ખેડતો જઈ શકે છે! સંસ્કૃતમાં પાણીને જીવન કહે છે. તરસ ટાણે જે પેટમાં જાય છે તે જીવન, અને તોફાન ટાણે જેના પેટમાં જવું પડે છે તે મરણ, એવા પાણીને માટે આપણા પૂર્વજોએ બે જુદા શબ્દો કલ્પ્યા નથી.

પ્રાર્થના માટે સાથીઓને ઉઠાડું કે નહિ એનો વિચાર થોડો વખત મનમાં ચાલ્યો. પછી મન સાથે નક્કી કર્યું કે જહાજના પારણામાં પોઢેલા આ બાળકોને જગાડવા કરતાં બધા વતી આપણે એકલા એકલા જ હળવેથી પ્રાર્થના કરી લઈએ એ સારું. પણ તો પછી તે સામુદાયિક પ્રાર્થના કેમ ગણાય? મનમાં થયું કે ચાલો પાસેના કેન્વાસના જાડા પડદા ઊંચા કરીને જોઉં કે તારાઓ કોઈ જાગે છે કે નહિ. અનુરાધાએ કહ્યું કે 'અમે હમણાં જ ઊઠ્યાં છીએ. કૃષ્ણચંદ્ર પધારવાની તૈયારી છે.' એટલામાં એ શીંગડાં ઊંચાં કરીને ચંદ્ર બોલ્યો, 'તૈયારીને કાંઈ શીંગડાં ઊગવાનું બાકી નથી રહ્યું. આ જુઓ હું આવ્યો જ છું.' એણે ડાબા હાથમાં પારિજાત ધારણ કર્યો હોવાથી એ વિશેષ રૂપાળો લાગતો હતો.

જોતજોતામાં અભિજિતે ક્ષિતિજ ઉપરથી માથું ઊંચું કર્યું અને પછી સ્વાતિ, અભિજિત અને પારિજાત આ ત્રિકોણનો મોટો પિરામિડ પૂર્વ ક્ષિતિજ પર ઊભો થયો.

ચંદ્ર કાંઈક ઉપર આવ્યો અને અમારા જહાજથી માંડીને ચંદ્રના પગ સુધી એક સોનેરી પટો પાણી પર ચળકવા લાગ્યો, મને. થયું કે ચંદ્રલોકમાં જવા માટે કેટલો સહેલો અને સરળ રસ્તો! જહાજમાંથી ઊતરી પડીએ અને ચાલવા માંડીએ એટલી જ વાર!

પણ પાશ્ચાત્ય લોકો તો કહે છે કે ચંદ્રલોક પર ગાંડા લોકોની જ વસતિ છે. એટલે ફરી વિચાર થયો કે આટલી મહેનતને અંતે જો ત્યાં પોતાના જ ન્યાત-ભાઈઓ મળવાના હોય તો એ તકલીફ શા માટે ઉઠાવીએ ?

* * *

મને આકાશનાં વાદળાં બહુ ગમે છે. નાનું હોય કે મોટું, ધોળું હોય કે કાળું, મને આનંદ પમાડવાનું જ. પણ રાતનાં વાદળાં મને બિલકુલ ગમતાં નથી. એમનો આકાર ને રંગ બંને આકર્ષક હોય છે, પણ તારાઓની વચ્ચેથી ભૂતની પેઠે—અથવા મારાઓની પેઠે લપાતાંછુપાતાં તેઓ જાય છે એ જ મને ગમતું નથી.

ઉષઃકાળ પહેલાં આકાશ કેટલું રમણીય દેખાતું હતું ! ચાંદરણાંમાં સમુદ્રનાં મોજાંઓ—મોજાંઓ શાનાં ? નાજુક વિચિમાલા, અથવા સાગર બાપાએ હળવું સરખું સ્મિત કરવાથી એના મોં પર પડેલી કરચલીઓ—બરાબર ગણી લેવાય એટલાં સ્પષ્ટ હતાં. પણ આ વિઘ્નસંતોષી વાદળાંઓએ વચ્ચે આવીને બધું બગાડી મૂક્યું.

અમે પૂર જોસમાં ધપતા હતા. ઉગમણી બાજુએ, એટલે કે અમારી જમણી બાજુએ જમીન દેખાય છે કે કેવળ ભ્રમ છે એવી વિમાસણમાં હું હતો એટલામાં એકાએક દીવા દેખાવા લાગ્યા. મારી ખાતરી થઈ કે અમે શ્રીકૃષ્ણની દ્વારકાની નજીક પહોંચ્યા છીએ. થોડે અંતરે દીવાઓનું બીજું ઝુંડ ચમકતું હતું. એમાં એક દીવાદાંડીનો પ્રકાશ કોઈ વૃદ્ધની સ્મૃતિની પેઠે વચમાં વચમાં સ્પષ્ટ થતો હતો. ત્યાર પછી એક મિલના ભૂંગળામાંથી ધુમાડાની એક શાંત નદી ક્ષિતિજ સાથે સમાંતર વહેવા લાગી.

આકાશના તારાઓ જોયા અને તારું સ્મરણ થયું. સવારની ઉષા સાથે તારી શી દોસ્તી છે, કોણ જાણે ? આપણે મળ્યા તે પહેલાં જ ઓરડીમાં મેં પૂર્વ દિશાને અનસૂયા એ નામ બક્ષ્યું છે. 'જીવનનો આનંદ' એ ચોપડીમાં 'અનસૂયા પ્રાચી' એ નોંધ જોઈ લેજે.

* * *

૩૦–૧૨–'૩૭

અલૌકિક કલ્પના*

સવારે આકાશ કેવું દેખાય છે તેનું વર્ણન આજે રાત્રે કાકી કરતાં હતાં: "હું સવારે દૂધ લેવા જતી હતી ત્યારે આકાશમાં બહુ સરસ દેખાવ હતો. નરહરિભાઈના ઘરથી ચંદ્રશંકરભાઈના ઘર સુધી એક દરિયો દેખાતો હતો. દરિયામાં વહાણો હતાં અને બાજુ પર કાંઠે એક બાઈ છોકરાને લઈને વહાણની રાહ જોઈ બેઠી હોય એવી દેખાતી હતી." આટલું સુંદર વર્ણન સાંભળી મને વાલ્મીકિ યાદ આવ્યો ને મેં વર્ષાવર્ણનમાંથી આકાશવર્ણનનો એક શ્લોક સંભળાવ્યો:

क्वचित् प्रकाशं क्वचिदप्रकाशं, क्वचित्प्रकीर्णांबुधरं विभाति।
क्वचित् क्वचित् पर्वतसंनिरुद्धं, रूपं यथा शांत महार्णवस्य॥

કાકી તરત જ કહે: "અહો આમાં તો માના પ્રેમળ હૃદયનું વર્ણન છે. મા ઘડીકમાં રુએ, ઘડીકમાં રાજી થાય, બાળકને ખુશ જોઈને રીઝે — એ બધું આકાશના જેવું જ છે." કવિત્વનો આ ચમકારો આહ્લાદક હતો. પહેલાં એક દિવસ કાકીએ આકાશનું વર્ણન કરેલું. "સવારે જાણે ઋષિઓ સંધ્યાપૂજા કરતા હોય એવું આકાશ લાગે છે; બપોરે બ્રાહ્મણો યજ્ઞયાગ કરતા હોય એવું લાગે છે, અને સંધ્યા તો સાધુસંતોની." કાકા સાહેબ કહે "આ ભવ્ય Imageryમાં આખા હિંદુસ્તાનના ઇતિહાસનું Evolution સમાયેલું છે. હિંદુસ્તાનના ઇતિહાસની શરૂઆત ઋષિમુનિઓથી થઈ, બ્રાહ્મણોનો — યજ્ઞયાગનો — જમાનો પછી આવ્યો, સંતોનો કાળ એ સંધ્યા હતી; અને અત્યારે આપણી પર ઘોર તમિસ્રા છે."

માર્ચ, ૧૯૨૫

---

* ચંદ્રશંકરભાઈ શુક્લની નોંધપોથીમાંનું આ એક પાનું છે આશ્રમવાસી કાકા સાહેબના ઘરનું વાતાવરણ કેવું હતું એનો ખ્યાલ એ આપે છે એટલે એમની રજાથી એ અહીં મૂક્યું છે.

આકાશદર્શન

[૧૯૨૫ની સાલમાં આશ્રમમાં હસ્તલિખિત આશ્રમ સમાચાર સાપ્તાહિક નીકળતું. તેમાં તે તે વખતનું આકાશદર્શન લખી વિદ્યાર્થીઓને મુખ્ય મુખ્ય નક્ષત્રોનો પરિચય કરાવવાનું ધાર્યું હતું. આ આકાશદર્શનમાં કોક કોક વાર પ્રભુદાસ ગાંધી પણ લખતા. રાત્રીના તારા જોવામાં જેમને રસ પડતો તેવાઓનું એક બંધુમંડળ જામ્યું હતું. એ તારામંડળ નામે ઓળખાતું. આગળ જતાં વિદ્યાપીઠમાં અને જુદી જુદી જેલોમાં પણ તારામંડળ સ્થપાયાં હતાં. આજે પણ એ મંડળના સદસ્યો એકબીજાને અથવા મંડળના પ્રમુખને કાગળો લખે છે ત્યારે કોક કોક વાર આકાશની દિવ્યજ્યોતિની સુંદરતાના અનુભવની આપલે કરે છે.]

હીરા પાસે મોતી

હમણાં સવારે સાડા છએ બુધ, ગુરુ, શુક્ર, ટાઢમાં સૂર્યની રાહ જોતા એકબીજાની સોડે બેઠેલા દેખાય છે. આજે સવારે શુક્ર ને ગુરુની યુતિ અપૂર્વ હતી. હીરા પાસે મોતી. શુક્ર ને બુધની ગતિ ઘણા વેગે થાય છે. સાત દિવસમાં એ બંને સૂર્ય સાથે મકર રાશિમાં પહોંચશે. બુધનાં દર્શન પંચાગ જાણે પાછાં ક્યારે થશે!

સવારે શનિ અને સાંજે મંગળ માથા ઉપર ચળકે છે. તે જોઈ લેવા.

સમીસાંજ સાથે જ પુનર્વસુ ઊગે છે, તેના નમવા પરથી પરોઢ જણાય છે.

ઉત્તર તરફ બરાબર સપ્તર્ષિ માથે આવે છે, ને :·. .· આવી હારમાં માથા ઉપર પ્રાર્થના કરવા ગોઠવાય છે ત્યારે ચાર થાય છે.

કસરત વખતે દક્ષિણના દ્વારપાળ જય અને વિજય તથા ત્રિશંકુ અને અગસ્ત્ય જોઈ એ તરફ જ દોડવા જવાનું મન થાય છે.

૨૧-૧-'૨૫

દિવ્ય ષટ્કોણ

આજકાલ ચંદ્રે ચાંદનીનું પૂર વહેવડાવ્યું છે. એ જ્યોત્સ્ના-સાગરમાં ‘ગણ્યા ગણાય નહિ’ એવા બધા તારા ડૂબી ગયા છે, એટલે બાકી રહેલાં સુંદર સુંદર નક્ષત્રો પારખવાનો ઠીક લાગ આવ્યો છે. એ દિવસથી ચાંદારાજા પોતાના મુખ્ય મંત્રીઓ સાથે ભારે સંતલસ કરતા દેખાય છે. ગઈ કાલે રાતે તો એ ચળકતા તારાઓના ષટ્કોણમંડળમાં બેઠા હતા. પૂર્વમાં પુનર્વસુનું ધ્રુવ તરફનું જોડકું, જમણે પ્રશ્વન, અને ચાંદાની અદેખાઈ કરતો વ્યાધ, અને પશ્ચિમ તરફ ઉત્તરે વ્યાધથી સહેજ ઝાંખો બ્રહ્મહૃદય પછી રોહિણી અને છઠ્ઠો મૃગનો છેલ્લો પગ, એ ષટ્કોણના છ ખૂણાઓ અથવા સ્થાનો છે. આ ષટ્કોણની આગળ કૃત્તિકાનો પેલો ચળકતો ઝૂમખો દેખાય છે. રવિવારે થનારા ગ્રહણની ચિંતામાં પડી સૌ દૈવી રાજાની ચોકી કરતા જણાય છે.

૪–૨–’૨૫

ચંદ્રસૂર્યનાં નક્ષત્ર

આકાશમાં જે રસ્તે સૂર્યચંદ્ર ફરતા દેખાય છે તે ચક્રના ૨૭ ભાગ કરેલા છે. દરેકમાં એકાદ નક્ષત્ર કે સમૂહ પસંદ કરી તે વિભાગને તે નક્ષત્રનું નામ આપેલું હોય છે. ચંદ્ર, એક મહિનામાં આખું ચક્ર પૂરું કરે છે. એટલે એક નક્ષત્રમાં એક દિવસ રહે છે. સૂર્ય એ જ ચક્ર એક વર્ષમાં પૂરું કરે છે. એટલે સૂર્ય $\frac{૩૬૫}{૨૭}$=૧૪ દિવસ એક એક નક્ષત્રમાં રહે છે. સૂર્ય જે નક્ષત્રમાં રહે છે તે નક્ષત્ર આપણને દેખાતું નથી. આજકાલ સૂર્ય પૂર્વા ભાદ્રપદા અને ઉત્તરા ભાદ્રપદા વચ્ચે છે. એટલે સવારે શ્રવણ દેખાય સાંજરે અશ્વિની દેખાય. આજે બુધવારે ચંદ્ર ઉત્તરા ફાલ્ગુનીમાં અથવા એની આસપાસ હોવો જોઈએ એટલે એ સપ્તર્ષિ અને હસ્ત વચ્ચે દેખાશે.

૧૧–૩–’૨૫

તિથિ કઈ?

આજે તિથિ કઈ એ તો ચંદ્રને જોઈને જ કહેતાં આવડવું જોઈએ. અષ્ટમીનો ચંદ્ર જુઓ બરાબર અરધોઅરધ ભાખરી જેવો દેખાય છે. અને બરાબર મધ્યરાત્રે ઊગે છે. પૂર્વ તરફ મોં કરીને ઊભા રહીએ તો જમણી બાજુ પારિજાત અને ડાબી બાજુ અભિજિત સામટા ઊગે છે એ કોણે જોયું છે? મધરાતે જેઓ ઊઠે તેને જ એ જોવાની મજા મળે. ચાર વાગ્યે પારિજાત વીંછીના પેટમાં પરવાળા જેવો ચળકે છે અને અભિજિત શ્રવણની લીટીમાં ઊભેલો દેખાય છે.

૧૮–૩–'૨૫

હંસ અને ક્રાન્તિતેજ

મૃગને બાણ મારનાર વ્યાધ જો શંકર ગણાય તો શ્રવણને બાણ મારનાર અભિજિત દશરથ કેમ નહિ? સવારે પૂર્વ તરફ આકાશના એક છેડાથી બીજા છેડા સુધી આકાશગંગા પથરાયેલી હોય છે. અને તેમાં હંસ પોતાની પાંખો ફેલાવી ચાંચ બોળે છે. એ આજકાલની ખાસ મજા છે.

સાંજરે સૂર્યાસ્ત પછી પશ્ચિમ તરફ સંધ્યાનો પ્રકાશ લાંબા વખત સુધી દેખાય છે — તે નીકળી ગયા પછી પણ બરાબર પશ્ચિમે પ્રકાશમાં એક ઊંચો પટો દેખાય છે તે શાનો છે એ કોઈ જાણતું નથી. એને ક્રાન્તિતેજ કહે છે.

૨૫–૩–'૨૫

દેવયાની

આજકાલ મજા તો દેવયાનીના (કેસિયેપિયાના) ઉદયની છે. જેને હું દેવયાની કહું છું તે ધ્રુવવિષ્ણુની લક્ષ્મી છે. અને સપ્તર્ષિનું પૂછડું તો કોઈ હાથીએ લક્ષ્મી ઉપર અભિષેક કરવા પોતાની સૂંઢ ઊંચી કરી હોય તેમ દેખાય છે.

૮–૪–'૨૫

અભિજિતની રાત

આકાશદર્શન હવે બહુ મોઘું થયું છે. ચંદ્ર સાથે પારિજાતની મજા જોવાને ઊઠીએ ત્યારે અદેખાં વાદળાં વચમાં અંતરપટ રાખે. ચિત્રા, સ્વાતિ, અને શનિના ત્રિકોણ વચ્ચે ચંદ્રની શોભા ઓર જ છે એમ એમને ખબર ન હતી એટલે જ તે વખતે તેઓ વચમાં ન આવ્યાં. કહે છે કે ગુરુ અને ચંદ્ર જ્યારે પાસે આવે છે ત્યારે કેટલાક માણસની બુદ્ધિ બહુ તેજ થાય છે. મૃગલાને વીંછીનો ડંખ લાગ્યો એટલે બિચારું અલોપ થયું છે. આખી રાત ઉજાગરો કરીએ તોયે દેખા દે નહિ. લોક કહે છે મૃગ નક્ષત્ર બેઠું છે. હવે ચૌદ દિવસ સુધી સૂર્યનારાયણ એ ઘાયલ મૃગની સાથે જ ફરવાના. અને સૂર્યસ્નાનથી એને સાજો કરવાના.

આજકાલની રાત તો અભિજિતની.

૧૧–૬–'૨૫

મંદારમાળા

વાદળાં કંઈક ઓછાં હશે. ચંદ્રમાએ પોતાના તેજનો ધીમે ધીમે સંકોચ કરી ઘણા નાના નાના તારાઓને આગળ આવવાની તક આપી છે. આજકાલની મુખ્ય શોભા તો સપ્તર્ષિથી માંડીને સ્વાતિ, ચિત્રા ને હસ્ત સુધી ફેલાયેલી દિવ્ય રત્નમાળાની છે.

* * *

હરિહરભાઈએ શુદ્ધ સાયણ પંચાંગ પ્રગટ કરીને આવતા વર્ષ માટે ખૂબ સગવડ કરી રાખી છે.

૧૮–૯–'૨૫

સપ્તર્ષિઓની છબીઓ

સપ્તર્ષિઓની શોભા જોવી હોય તો આ જ દિવસોમાં. સપ્તર્ષિ ઊગતા હોય છે ત્યારે નાગે ફેણ માંડી હોય તેમ માથું ઊંચુ કરીને ઊગે છે. સહેજ ઉપર ગયાં એટલે આ સપ્તર્ષિ નથી પણ ધ્રુવબાળ લાંબી પૂછડીવાળો એક પતંગ ઉડાડતો હોય એમ દેખાય છે. બરાબર મધ્ય આકાશમાં આવે છે ત્યારે કોઈ બાહોશ ખલાસી કે તારાની પેઠે પગ બરાબર પાછળ છોડીને તરતા હોય એમ લાગે છે. ત્યાંથી જરાક ઢળી પડે એટલે મત્તગજેન્દ્રની સૂંઢનો આકાર ધારણ કરે છે. એથી આગળ વધે એટલે સિંગલબાર પર કોઈ ખેલાડી ગ્રાંડ સર્કલ કરતો હોય એવો આભાસ થાય છે. અને જ્યારે આથમતી વખતે ચોકડી અલોપ થઈ જાય અને ત્રણ તારાનું પૂંછડું જ ઉપર રહે છે ત્યારે કોઈ ખારવો માથું નીચું કરીને સમુદ્રમાં ડૂબી જતો હોય અને એના ઢીલા છોડેલા પગ જરાક વાંકા થયા હોય એવું ચિત્ર તૈયાર થાય છે.

૨૫–૯–'૨૫

વિદ્યારંભ

આકાશમાં ચંદ્રની કળા ખીલતી જાય છે તેમ તેમ નાનાં નાનાં નક્ષત્રો અદૃશ્ય થતાં જાય છે. સ્વાતિ, ચિત્રા અને શનિના ત્રિકોણુમાંથી પસાર થઈને ચંદ્ર ગઈ કાલે શનિનો પડોશી થઈ બેઠો હતો. આવતે અઠવાડિયે ચંદ્ર અને ગુરુનો સુંદર યોગ જોવા મળશે. એ યોગ વિદ્યારંભ માટે બહુ શુભ ગણાવો જોઈએ, કેમ કે ચંદ્ર અને બૃહસ્પતિ બંને બુદ્ધિના અધિષ્ઠાતા છે.

સૂર્ય હવે આર્દ્રા નક્ષત્રમાં ગયો છે. ભીની આર્દ્રામાં વરસાદની હેલી ન થાય તો જ નવાઈ. આજકાલ વાદળાંનો ઉઘાડ હોય ત્યારે કોક વાર સૂર્યાસ્ત પછી પશ્ચિમમાં એક ગ્રહ દેખાય છે. — સવિતાનો અનુચર બુધ હોવાનો ઘણો સંભવ છે.

૨–૭–'૨૫

જાણે વાલ્મીકિનું કાવ્ય

આકાશમાં કાંઈ સૂર્ય, ચંદ્ર અને ગ્રહનક્ષત્રો જ જોવાનાં નથી હોતાં. નક્ષત્રમંડળના પ્રમાણમાં આપણી પૃથ્વી તો બિંદુમાત્ર છે છતાં આપણી પૃથ્વીની આસપાસનાં વરાળનાં વાદળાં આખા ખગોળને આપણા પૂરતું ઢાંકી દે છે. એ વાદળાંની શોભા ચોમાસા પછી ખીલે છે એ ખરું, પણ આજકાલ સંધ્યા સમયે વાદળાં પાછળ અર્ધ ઢંકાયેલા સૂર્યની શોભા વાલ્મીકિના કાવ્ય જેવી ઉજ્જવળ હોય છે. રાત્રે આકાશમાં જ્યારે વાંદળાંનાં મોજાં ફેલાય છે ત્યારે ચંદ્ર એવો તો શોભે છે કે જાણે સમુદ્રમાં તરતું કોઈ સોનાનું વહાણ.

આપણી હથેળીમાંથી જેમ પાંચ આંગળી ફેલાય છે અથવા મોરની કળા જેમ વિસ્તરેલી હોય છે તેવાં જ વાદળાં કોઈ વખતે ઉત્તર દિશામાં ફેલાય છે. પછી દક્ષિણ પણ એના જવાબમાં એવી જ શોભા બતાવે છે.

૯–૭–'૨૫

ઉંદરબિલાડી

પૂર્ણિમાને દિવસે જેમ ચંદ્ર અને સૂરજ ઉંદરબિલાડી રમે છે તેમ અભિજિત અને અગસ્ત્યનું હમેશને માટે છે. આજકાલ અગસ્ત્યનો લોપ છે તેથી અભિજિતનું રાજ્ય ચાલે છે. અગસ્ત્ય સાથે મૃગનો પણ લોપ થાય. અભિજિત સાથે એક તરફ માબાપની કાવડ ઉપાડીને શ્રવણ ચાલતો હોય છે, ત્યારે બીજી બાજુ વૃશ્ચિક પોતાના ડંખનું સનાતન પ્રશ્નચિહ્ન ધરીને ઊભો રહ્યો છે.

આજકાલની મોટી મજા તો સપ્તર્ષિ અને દેવયાનીની છે. પિતાનો એકેક હાથ પકડી બે બાળકો જેમ ઉંદરબિલાડી રમતાં હોય તેમ સપ્તર્ષિ અને દેવયાની (લક્ષ્મી) ધ્રુવની આસપાસ ફરે છે. દેવયાનીને ગ્રીકલોકો 'કેસિયોપિયા' કહેતા. અંગ્રેજીમાં એને 'લેડીઝ ચેઅર' પણ કહે છે.

દેવયાની વધારેમાં વધારે ઊંચી હોય ત્યારે જ શોભે છે. વ્યાધનું કૂતરું આથમવા આવે ત્યારે શોભે છે. વૃશ્ચિક દક્ષિણમાં આડો પડ્યો હોય ત્યારે શોભે છે. ચિત્રાસ્વાતિ સાથે સાથે ઊગતાં હોય ત્યારે શોભે છે. અને મઘાનું દાતરડું બરાબર માથે ચડ્યું હોય ત્યારે જોવાની મજા હોય છે. અને અગસ્ત્ય, યમુના અને યામમત્સ્ય દક્ષિણ તરફ ક્ષિતિજ સાથે સમાંતર થઈ જાય છે ત્યારે ત્રાજવાની દાંડી જેવું તેનું દર્શન અદ્‌ભુત વિસ્મય પમાડે છે.

૧૫–૭–'૨૫

શર્મિષ્ઠા કે દેવયાની

જ્યાં દહાડે સૂર્યદર્શન પણ અનિયમિત થાય છે ત્યાં રાત્રે નક્ષત્રદર્શન મુશ્કેલ થાય તો આશ્ચર્ય નથી. મનુષ્ય, તથા પશુપક્ષી સૌના અન્નદાતા મેઘરાજ સામે તકરાર પણ થઈ કેમ શકે? તારકાદર્શન જેટલું દોહ્યલું થયું છે તેટલું જ શોખીનોને ઉત્કંઠિત કરનારું પણ થયું છે. સાંજે જે દિવસે શુક્ર દેખાય તે રાત ખૂબ પ્રસન્નતામાં જાય છે. ઉત્તર તરફ મોઢું રાખીને ઊભા રહીએ અને ડાબી બાજુથી જમણી બાજુ તરફ જોયા કરીએ. સ્વાતિના આથમ્યા પછી અભિજિત આથમવા જાય છે. માથા પર હંસ પોતાની બે પાંખો આકાશગંગાના બે કાંઠા પર પહોંચાડીને ચાંચ પાણીમાં ડુબાડતો દેખાય છે. એની પાસે જ 'કેસિયોપિયા' આરામ ખુરશી જેવી ઊંચે ઊંચે ચડતી જાય છે. જ્યોતિષના આપણા નવા ગ્રંથો જોતાં મારા ધ્યાનમાં આવ્યું છે કે 'કેસિયોપિયા'નું નામ દેવયાની નથી પણ શર્મિષ્ઠા છે. આ નામો જૂનાં નથી. બાળશાસ્ત્રી જાંભેકરે તે પાડેલાં છે. 'પર્સીઉસ' રાજકુમાર સાથે જેમનાં નામ આવે છે એ બે કન્યાઓ 'ઍંડ્રોમેડા' અને 'કેસિયોપિયા' એ બે પરથી બાળશાસ્ત્રીને સૂઝ્યું કે પર્સીઉસને બદલે યયાતિ, ઍંડ્રોમેડાને બદલે દેવયાની, અને કેસિયોપિયાને બદલે શર્મિષ્ઠા નામ રાખીએ તો ચાલે. મને થયું કે કેસિયોપિયા એ હિમાલયમાં 'ઝંપન' નામનું વાહન હોય છે એના જેવી જ દેખાય છે. એને

જો દેવયાન અથવા 'દેવયાની' કહીએ તો વધારે શોભે, એટલે હું તો એને દેવયાની જ કહેવાનો.

એને આપણે ધ્રુવની લક્ષ્મી કહીએ તો ઝઘડો જ મટયો. હંસ અને લક્ષ્મી વચ્ચે થઈને જરાક વધારે ઉપર જોઈએ એટલે પૂર્વા અને ઉત્તરા ભાદ્રપદાનો મોટો ચોરસ નજરે પડે છે. આને જ પાશ્ચાત્ય લોકો 'પેગૅસસ' કહે છે.

૨૭ નક્ષત્રોનો પરિચય ધીમે ધીમે કરવો હોય તો આ વખત અનુકૂળ છે. અશ્વિની, ભરણી, કૃત્તિકા, રોહિણી તો બરાબર દેખાય એમ છે. થોડા દિવસમાં સવારના મૃગ પણ દેખાતો થશે. અથવા આજકાલ દેખાતો હોય તો પણ નવાઈ નથી, કેમ કે સૂર્યનારાયણ પુષ્ય નક્ષત્રમાં ગયા છે.

૨૨–૭–'૨૫

મૃગ અને મહાદેવ

સવારે મૃગ નક્ષત્ર હવે સરસ દેખાય છે. મૃગ નક્ષત્ર એટલે આકાશની છત ઉપરથી દોડતું હરણિયું. આપણે નીચેથી એનું પેટ જોઈ શકીએ. ચાર બાજુના તારા એ એના ચાર પગ. ઉત્તર તરફના બે પગ વચ્ચે ઉત્તર તરફ ઝૂકેલો એક નાનકડો ઝાંખો તારાપુંજ છે તે એનું માથું. પાછળના બે પગ વચ્ચે બીજો ઝાંખો તારાપુંજ છે તે એનું પૂછડું. પેટમાં એક લીટીમાં આવેલા ચળકતા ત્રણ તારા (ઇષુત્રિકાંડ) છે તે વ્યાધે મારેલું, હરણના પેટને ચીરી નાખતું બાણ. એ ત્રણ તારાની લીટીની દક્ષિણ કે પૂર્વ તરફ જઈએ એટલે ગગનમંડળના રાજા સમો વ્યાધ દેખાય છે. હરણનું વર્ણન કાલિદાસના શબ્દમાં કરવું હોય તો નીચલી લીટી કામમાં આવે :

'पश्चार्धेन प्रविष्टः शरपतनभयात् भूयसा पूर्वकायम्'

શાકુંતલની શરૂઆતમાં કાલિદાસે વ્યાધને મહાદેવ કલ્પી કહ્યું છે :

'मृगानुसारिणं साक्षात्पश्यामीव पिनाकिनम्'

આમાં 'સાક્ષાત્' શબ્દ આકાશ તરફ હાથ કરીને બોલવાનો હોય છે.

ઇષુત્રિકાંડની લીટી બીજી તરફ ખેંચીએ તો રોહિણીના યોગતારા તરફ જાય છે. માત્ર એ ધ્યાનમાં રાખવાનું રહ્યું કે આકાશની લીટીઓ માથા પર ન હોય ત્યારે વાંકી હોય છે. બીજી એક કલ્પના પ્રમાણે મૃગ નક્ષત્ર એ કાલપુરુષ છે, પ્રજાપતિ છે. અને ઇષુત્રિકાંડ એના ગળામાંનું જનોઈ છે.

૬–૮–'૨૫

જો ચુનરીમેં ઝલક કિનારી

ગયા શનિવારે સાંજે એક અદ્‌ભુત દૃશ્ય જોવા મળ્યું. સૂર્ય વાદળાં પાછળ ઢંકાયો હતો. વાદળાંની કિનાર સોનાની જેમ ચળકતી હતી. વાદળું મેશ જેવું સાવ કાળું હતું એટલે સોનેરી કિનાર ખાસ ખીલી નીકળતી. પણ અદ્‌ભુતતા તો એ હતી કે કિનારના અમુક ભાગમાં લાલ, પીળો અને પોપટિયો રંગ એવા તો ખીલ્યા હતા કે ઇંદ્રધનુષ પણ લજ્જિત થાય. કેટલાયે વખત સુધી એ શોભા દેખાતી હતી. જોકે ક્ષણે ક્ષણે એમાં ફેરફાર થયાં જ કરતા હતા. તે જ રાતે પ્રાર્થના પછી ગુરુ અને શુક્ર સામસામા ઊગેલા દેખાતા હતા. સુર-ગુરુ પૂર્વમાં હતા, જ્યારે અસુરગુરુ પાશ્ચાત્ય પ્રદેશમાં ચળકતા હતા.

સાંજનું મુખ્ય આકર્ષણ દક્ષિણ તરફ પથરાયેલો વીંછી છે. જ્યારે સવારનું આકર્ષણ મૃગ પાછળ આવનાર વ્યાધ અને પુનર્વસુ છે. મૃગની એક બાજુ બ્રહ્મમંડળનો પંચકોણ દેખાય છે, તેમાં ચળકતો યોગતારો બ્રહ્મહૃદયને નામે ઓળખાય છે, તે ખાસ જોવા લાયક છે.

૧૩–૮–’૨૫

એ ત્રણ હાર

સાંજે પ્રાર્થના પછી શુક્ર, ચિત્રા, શનિ, ચંદ્ર, પારિજાત અને ગુરુ, એ બધાંની હાર ખૂબ સરસ દેખાય છે. ઉત્તર તરફની બીજી હાર સ્વાતિ, અભિજિત, શ્રવણ અને હંસની હોય છે. “કેસિયોપિયા” ઊગતી હોય છે ત્યારે બહુ વિચિત્ર દેખાય છે. સાંજની મુખ્ય શોભા તો આકાશગંગાની હતી, તેમાં હંસ, શ્રવણ, ગુરુ અને છેક છેડા પર ધનુરાશિ, એની શોભા છે. પણ ચાંદરણું વધ્યું એટલે આકાશગંગા ઝાંખી પડી છે. સવારે દક્ષિણ તરફ યામમત્સ્ય એકલો એકલો ચળકે છે. એથી દૂર ડાબી બાજુ જરાક નીચે યમુના પણ અટૂલો જ છે. અગસ્ત્ય ઉપર આવે ત્યારે એમની હાર બરાબર જામે.

૨૭–૮–’૨૫

ડાહ્યો બુધ

પહેલી તારીખથી પૂર્વ તરફ બુધનો ઉદય થયો છે. બુધ તો સૂર્યનારાયણનો અંતેવાસી અથવા પ્રાઈવેટ સેક્રેટરી છે. સૂર્યથી બહુ દૂર કોઈ કાળે જાય જ નહિ. જેમ ચંદ્ર પૃથ્વીની આસપાસ ફરતાં પોતાની પૂંઠ પૃથ્વીને બતાવે જ નહિ, તેમ બુધ પણ સૂર્યને પોતાની પૂંઠ બતાવતો નથી. જરાક જરાક જમણું કે ડાબું પડખું બતાવે ખરો. એ સૂર્યથી બહુ નજીક હોવાથી એટલે કે ફક્ત ૩ કરોડ ૬૦ લાખ માઈલ દૂર હોવાથી આપણા ૮૮ દિવસની અંદર સૂર્યની પ્રદક્ષિણા એટલે કે પોતાનું વર્ષ પૂરું કરે છે. બુધ ઉપર દિવસરાત્રિનું ચક્ર તો હોતું જ નથી. અમુક ભાગમાં હમેશાં મધરાત, અમુક ભાગમાં ચિરસંધ્યા, અને અમુક ભાગ તો હંમેશાં તડકો સહન કરવાથી ફાટી ગયેલો! આ ડાહ્યા બુધનું મગજ ફાટી ગયું છે એ સાંભળતાં કેવું લાગે છે! દૂરબીનમાંથી જોતાં ચંદ્રની પેઠે એની કળાઓ દેખાય છે. બુધ દોડનાર પણ જબ્બર છે. આપણી પૃથ્વી દર સેકંડે ૧૮ માઈલ દોડે છે. જ્યારે બુધ ૨૯ માઈલ — રોજના ૨૫ લાખ માઈલ — દોડે છે!

૧૦-૯-'૨૫

સુંદર અવસર

હવે રાત્રે વાદળાં ઓછાં રહે છે અને રાત પણ અંધારી છે. એટલે તારાઓનો પરિચય કરાવવાનો સુંદરમાં સુંદર અવસર છે. સૂર્ય હસ્ત નક્ષત્રમાં છે એટલે ત્રિશંકુ આજકાલ દેખાય નહિ. સાંજરે સૂર્યાસ્ત સાથે જ ચિત્રા લગભગ આથમી જવાની અને ફાલ્ગુની નક્ષત્ર સવારના પ્રકાશમાં ઢંકાઈ જવાનું. આ દિવસોમાં સપ્તર્ષિના બેહાલ થાય છે. સૂર્યાસ્ત વખતે એમનું પૂછડું જ ફક્ત દેખાય છે અને સવારે ફક્ત એમની ફેણ.

બાકીના બધા તારા સવારે કે સાંજે સરસ દેખાય છે. બે ભાદ્રપદાના ચાર તારા માથા ઉપર આવે ત્યારે ભવ્ય લાગે છે. પરમ દિવસે ચંદ્રની કોર તળે બુધ લટકતો હતો. યામમત્સ્ય અથવા મત્સ્યમુખ પોતાના વિભાગમાં અટૂલો છે. એ પૂર્વા ભાદ્રપદાની લીટીમાં દક્ષિણ દિશા તરફ હોય છે. સવાર પડવા આવે ત્યારે એ બહુ નીચે ઊતરે છે અને એની જ હારમાં યમુના અથવા નદીમુખ અને અગસ્ત્ય આવી જાય છે. આ ત્રણેની લાંબી લીટી જ્યોતિષશાસ્ત્રીઓને હંમેશાં આકર્ષતી આવી છે.

૧૭–૯–’૨૫

એકાકી અલ્ફાર્ડ

સવારે પાંચ વાગ્યાની આસપાસ એક નવા અટૂલા તારાની ઓળખાણ કરવા જેવી છે. સવારે પુનર્વસુ ઠીકઠીક ઉપર આવ્યા પછી મઘામાંથી નીચલા બે તારા સ્પષ્ટ દેખાય છે. એ બે તારા સાંધીને એ રેષા કંઈક દક્ષિણ તરફ દૂર ખેંચીએ એટલે એક તારો અમસ્તો જ આપણા તરફ જોતો હોય એવો દેખાય છે. એને અલ્ફાર્ડ કહે છે. એ ઝાઝો ચળકતો છે એવું નથી. પણ આકાશના એટલા વિભાગમાં જાણે કોઈ તપસ્વી એકલો જ કુટી બાંધીને રહેતો હોય એવો એ લાગે છે. પુનર્વસુ પાસેનો પ્રશ્વન અને મઘાની યોગતારા રેગ્યુલસ સાથે આ અલ્ફાર્ડ બરાબર કાટખૂણો કરે છે, એ ધ્યાનમાં રાખવું જોઈએ.

સવારે અગસ્ત્ય તો ઠીકઠીક ઉપર આવે છે. હવે ત્રિશંકુની રાહ જોવી જોઈએ. સાંજે આઠ વાગ્યા પછી વૃશ્ચિકના પૂંછડામાંથી નીકળતી આકાશગંગા હંસને નવડાવતી આગળ જાય છે. એ દશ્ય સુંદર હોય છે. સ્વાતિનો ઉદય અને અસ્ત બન્ને ખાસ આકર્ષક હોય છે. આજ કાલ સાંજે એ આથમે છે ત્યારે પારિજાતની પેઠે લાલ હોય છે. સ્વાતિ ઊગે છે ત્યારે વ્યાધ જેવી ભૂરાશ એનામાં હોય છે. આજકાલ સાંજે સ્વાતિનું તેજ અને સવારે વ્યાધની કાંતિ એ જ સૌથી વધારે આકર્ષક છે.

૨૪–૯–'૨૫

પ્રથમ શ્રેણીના તારાઓ

હવે પછી આકાશગંગા બરાબર પથરાઈ રહે છે. તેના તારાનાં ઝૂમખાંમાંથી ત્રણ તારાનો સમદ્વિભુજ ત્રિકોણ પ્રાર્થના વખતે આપણા માથા પર બરાબર તરી આવેલો હોય છે. તે ત્રિકોણનું શિરોબિંદુ તે શ્રવણ. પાયાના બેમાંનો વધારે ચળકતો તારો તે વીણામંડળનો યોગતારો અભિજિત અને બાકી રહ્યો તે મોતી ચરંતા હંસની ચાંચ. આ ત્રણે પહેલા વર્ગના તારા છે.

નરી આંખે દેખાતા તારાના છ વર્ગ પાડવામાં આવે છે. આંખે ઊડીને બાઝે તેવા તેજસ્વી તે પહેલા વર્ગના. સપ્તર્ષિની સોડે આવેલો અરુંધતિ તારો છઠ્ઠા વર્ગનો ગણાય છે. પહેલા વર્ગના તારા બહુ ઓછા છે. હાલ તેમાંના છ સાંજે અને નવ સવારે પાંચેક વાગ્યે દેખાય છે. સાંજના છમાં હંસ, અભિજિત ને શ્રવણ. ઉપરાંત દક્ષિણે વીંછીમાંનો પારિજાત, પશ્ચિમ ક્ષિતિજનો રાજા સ્વાતિ અને છઠ્ઠો સ્વાતિની બરાબર સામે પૂર્વમાં યામમત્સ્ય જે અમદાવાદની ધૂણીમાં ઢંકાઈ ઝાંખો દેખાય છે તે.

સવારે ચંદ્રના પ્રકાશમાં બાકીના નવ તારા તરી આવે છે. તેમાં વ્યાધ અને અગસ્ત્ય ઉપરાંત માથા પર બે મૃગના તારા, રોહિણી, રોહિણીની ઉત્તર બાજુ બ્રહ્મહૃદય, પુનર્વસુના બે ચળકતા તારા અને મઘા એ નવ. આ પંદર તારા અને ગુરુ, શુક્ર, બે ગ્રહ એટલાની ઓળખાણ આ વેળા પૂરતી છે.

૮-૧૦-'૨૫

અશ્વિની નક્ષત્ર

આ વેળા અશ્વિની નક્ષત્રનાં દર્શન કરીએ. શરદપૂનમનો ચંદ્ર આ અશ્વિનીમાં આવી ગયા પછી મોડી રાતે અશ્વિનીનાં દર્શન થતાં, પણ હવે તો સમીસાંજના જ ઈશાન તરફ ક્ષિતિજથી આઠેક અંશે એ નક્ષત્ર ચળકતું હોય છે. તેમાં ત્રણ તારા છે: બે દેવોના વૈદ્ય અશ્વિનીકુમારો અને ત્રીજો પાંચમા વર્ગનો આછો તારો, જે અશ્વિનીકુમારોની લીટી સાથે પહોળે ખૂણે નજીકમાં જ છે. આ તારા પરથી કેશવાળવાળી અશ્વની ડોક કલ્પી શકાય છે એટલે એ નક્ષત્રને અશ્વ અથવા અશ્વિની કહે છે.

અશ્વિની મેષ રાશિમાં છે. રાશિ બાર અને નક્ષત્ર સત્તાવીશ; એટલે દરેક રાશિમાં સવાબે નક્ષત્ર આવ્યાં. મેષ રાશિનાં બીજાં નક્ષત્ર ભરણી અને થોડે અંશે કૃત્તિકા. ભરણીના પણ ત્રણ તારા છે; પણ ચોથા પાંચમા વર્ગના હોવાથી તે નક્ષત્ર સહેજે દેખાતું નથી. કૃત્તિકા છ તારાનું ઝૂમખું છે, પણ તે નિહાળવાની મજા તો દેવદિવાળી પછી. ઘોડાનું મોઢું મેંઢાના મોઢા જેવુંય કલ્પી શકાય. માટે અશ્વિનીવાળી રાશિને મેષ કહી.

અશ્વિની નક્ષત્ર માથે ચડે છે ત્યાં સુધી તો પાણીદાર ઘોડો જાણે ચાલ્યો. પણ સવારે આથમતાં ઊંધી ડોકે તે ઘોડા જેવો લાગતો મટી જાય છે. ત્યારે તો એના ચળકતા બે તારા જ જોવાની મજા રહે છે.

આકાશમાં અશ્વિની શોધવી હોય તો લગભગ માથે આવેલા ભાદ્રપદના મોટા ચોરસની નીચે અથવા માથે ચડતી દેવયાનીની પૂર્વ તરફ એની જ હારમાં જોવું. આ બે તારાસમૂહો અશ્વિનીને ઠીક ઓપ પૂરે છે.

છેલ્લા પત્રમાં દર્શાવેલા બધા પ્રથમ વર્ગના તારા તો હજુ દેખાય છે : સાંજે અભિજિત, શ્રવણ, હંસ, પારિજાત અને યામમત્સ્ય. સવારે અગસ્ત્ય, વ્યાધ, મૃગશીર્ષના બે, પુનર્વસુના બે, રોહિણીનો યોગતારો, બ્રહ્મહૃદય અને મઘાનો યોગતારો, ફક્ત સ્વાતિ સૂર્યતેજમાં ઢંકાઈ ગયો.

આવતી વેળા અગસ્ત્ય ઋષિનાં દર્શન કરીશું.

૨૯–૧૦–'૨૫

ગુરુ–શુક્ર યુતિ

એ ચાર માસ પર ગુરુ પૂર્વમાં અને શુક્ર પશ્ચિમમાં એક બીજાની સ્પર્ધા કરી રહ્યા હતા. ત્યાંથી શુક્ર સૂર્ય પાછળ પડતો પડતો એનાથી ચડાય ત્યાં સુધી ઊંચે ચડ્યો. છે. ગુરુ આગળ વધતો વધતો યામ્યોત્તર થઈ પશ્ચિમે ઢળવા લાગ્યો છે. એટલે હવે ગુરુશુક્ર આપણને એક લીટીમાં દેખાવાના. એ સંયોગને ગુરુ–શુક્ર યુતિ કહે છે.

જ્યારે બે ગ્રહો દૂર હતા ત્યારે કોણ વધારે ચળકે છે તે પ્રશ્ન થઈ પડતો. સંધ્યાના તેજે શુક્ર થોડો તેજોહીન થતો તો ગુરુ પૂર્વક્ષિતિજનાં કાળાં વાદળાંની ભૂમિકા પર ખૂબ ચળકતો હતો. બન્ને જ્યારે પાસે આવ્યા છે અને શુદ્ધ સ્પર્ધા કરી શકે તેમ છે ત્યારે જણાય છે કે ગુરુ શુક્રથી અર્ધો પણ તેજસ્વી નથી.

શનિને છેલ્લો આપણે શુક્ર નીચે જોયો હતો. ત્યાં તો હમણાં બુધ આવે છે.

૨૬–૧૧–’૨૫

ભીની આર્દ્રા

રાત મોટી, એટલે આકાશદર્શન માટે ખૂબ અનુકૂળ છે. એક વૃશ્ચિક રાશિ બાદ કરીએ તો જોવા લાયક બધા જ તારા આજકાલ મળે છે. ગયા શનિવારે રાત્રે કે રવિની સવારે બે વિશાખા વચ્ચે જરાક ત્રાંસી ચંદ્રની કોર અને નીચે શનિમંગળની જોડી કોણે જોઈ લીધી હતી?

આર્દ્રાનો તારો કયો એમાં મતભેદ છે. કેટલાક તો મૃગના, ઉત્તર તરફના, આકાશગંગામાં મૂકેલા, એક પગને જ આર્દ્રા ગણે છે. આર્દ્રા ને રુદ્રનો સંબંધ જોડવામાં આવે છે. સૂરજ આર્દ્રા નક્ષત્રમાં જાય છે ત્યારે વરસાદ પૂર જોસમાં વરસે છે. તેથી જ એને આર્દ્રા કહે છે. આર્દ્રા એટલે ભીનું નક્ષત્ર.

વ્યાધ, એણે મારેલું ઇશુત્રિકાંડ બાણ અને રોહિણીનો યોગતારો એ ત્રણે લગભગ એક લીટીમાં હોય છે.

૧૭-૧૨-'૨૫

બધાની હાજરી—દિગ્વિજય

હમણાં જોવા જેવા બધા જ તારાઓ સાંજે સવારે મળીને જોઈ શકાય છે. માત્ર, સાંજે પૂર્વથી ન જોતાં પશ્ચિમથી શરૂ કરવું, જેથી કોઈ આપણી આંખમાંથી છટકી ન જવા પામે. પ્રથમ દક્ષિણ દિશા જોઈએ. ત્યાં જોવાના તારા તે 'અસ' અથવા 'બક' 'ફોમલહોટ' અથવા યામ-મત્સ્ય, 'આચરનાર' યા યમુના, 'કેનોપસ' અથવા અગસ્ત્ય, 'સધર્ન ક્રોસ' અથવા ત્રિશંકુ, અને 'પોઇન્ટર્સ' અથવા જયવિજય. આટલા જોયા એટલે દક્ષિણ દિશા જીતી કહેવાય.

ઉત્તરની જીત હંમેશાં સહેલી જ છે. સાંજથી શરૂઆત કરીએ તો પ્રથમ બ્રહ્મહૃદય (કૅપેલા); પછી પુનર્વસુના બે 'કેસ્ટર અને પોલૂક્સ'; પછી સપ્તર્ષિ, કિરીટમંડળ, શૌરી અને વીણામંડળ. છેલ્લે હંસ અને દેવયાની યયાતિ. ધ્રુવમત્સ્ય તો ગણાય જ નહિ કેમ કે એ તો રાત પડી કે હાજર હોય.

ગ્રહોમાં આજકાલ રજા પર કોઈ નથી. તેમાં બુધની શોભા વિશેષ છે.

૭-૧-'૨૬

શુક્ર અને અવળો પ્રશ્ન

પોણા પાંચ વાગ્યે દક્ષિણ તરફ આકાશદર્શન કરવા ઊભો. ત્યાં મેં શું જોયું? છેક દક્ષિણે ત્રિશંકુ તો આથમી ગયો છે. છતાં જયવિજય ચોકી કરે છે. ત્યાંથી દૃષ્ટિ જરા આગળ અને ઉપર ચલાવી તે નરતુંરંગ વટાવી હસ્ત ઉપર ઠરી. હસ્ત પાસે ચિત્રા તો હોય જ. ત્યાંથી આગળ જતાં માથા પર સ્વાતિ નક્ષત્ર દેખાયું. એથી આગળ જવું ન હતું એટલે મેં અભિજિત તરફ નજર ફેંકી. માબાપને લઈને આકાશગંગાને કિનારે ઊભેલા શ્રવણને એનું બાણ વાગે છે. શ્રવણના ત્રણ તારાઓ અને અભિજિત એક જ લીટીમાં લગભગ આવે છે. આજે તો શુક્ર પણ એ જ લીટીમાં હતો અને થોડા દિવસ રહેશે. શુક્ર એટલે ધોળો, તેજસ્વી. પણ સવારે ઊગતી વખતે આપણા વાતાવરણને લીધે એ લાલચોળ દેખાય છે. મને થયું કે દશરથે ધનુષ્ય આકર્ણ ખેંચીને બાણ ફેંક્યું તે શ્રવણને વીંધીને શુક્રને વાગ્યું, અને તે પણ એની ફૂટેલી આંખમાં તેથી જ એનું મોઢું આમ લોહીલોહાણ થયું છે. શુક્રે મંગળનું સ્મરણ કરાવ્યું. તે ભાઈ સાહેબ હંમેશાં લાલ હોય છે. પાસે પાસે હોવાથી મંગળ અને વૃશ્ચિકનો પારિજાત એ બે વચ્ચે સરખામણી સરસ થઈ શકે છે. આજકાલ વૃશ્ચિકનું દર્શન ભવ્ય હોય છે. એની પૂંછડી એટલે અવળું પ્રશ્નચિહ્ન. એ પ્રશ્નનો જવાબ કોણ આપી શકે? જ્યાં સવળા પ્રશ્નો પણ અઘરા હોય છે, ત્યાં અવળા પ્રશ્નની વાત જ શી? વૃશ્ચિકને માથે હાલ શનિશ્ચર વિરાજે છે. વિશાખાનો દરવાજો વટાવી શનૈશ્ચર હાલ અનુરાધા પાસે આવ્યા છે. સવારે ઊઠીને જુએ તેને માટે ચિત્રા, સ્વાતિ અને શનિ એ ત્રણનો ત્રિકોણ જોવા લાયક બન્યો છે. આટલામાં તો ગુરુરાજ બૃહસ્પતિ પધાર્યા છે એટલે તેમને નમસ્કાર કરી આપણે નિત્યકર્મ શરૂ કરીએ.

૧૮–૩–'૨૬

ખંડ ૩જો

નિવૃત્તિમાં નિરીક્ષણ

ઉષાદૂત

સવારે પાંચ વાગ્યે ઊઠું અને વિચાર કરું કે બીજું કોઈ કેમ જાગતું નથી એટલામાં આંબાના ઝાડ પરથી એક પક્ષી બોલે છે ચી—કુ, ચી—કુ. કોયલ પણ આટલી વહેલી ઊઠતી નથી. આ 'ચીકુ' પક્ષીનું ગાયન ખાસું અડધા કલાક સુધી ચાલે છે. એક વાર બોલે ચી . . . કુ, ચી . . . કુ, પછી આઠ સેકંડ થોભે અને ફરી બોલે ચી . . . કુ, ચી . . . કુ. આ પ્રદેશમાં ચીકુનાં ઝાડ ખૂબ વાવેલાં છે. ઘોલવડનાં ચીકુ મુંબઈમાં ખૂબ વખણાય છે. એ ચીકુની જાણે ખબર જાહેર કરવાની હોય તેમ આ પક્ષી સવારથી ફેરી બોલે છે ચી . . . કુ, ચી . . . કુ.

લાંબા વખત સુધી ચીકુનું ગાન કર્યા પછી એણે પોતાનો રાગ ફેરવ્યો. હવે બોલવા લાગ્યું ચિક્ . . . તુ; ચિક્ . . . તુ. આ ફેરફાર એણે કેમ કર્યો તેની ખબર ન પડી પણ એ ગાયન ઝાઝું ચાલ્યું નહિ. ફરી એણે ચાર પાંચ વાર ચી . . . કુનું જ રટણ ચલાવ્યું અને બધે પ્રકાશ થતો જોઈને દક્ષિણ તરફ ચાલી ગયું.

ત્રણ દિવસ થયાં એ ને એ જ પક્ષી એ જ વખતે અને એ જ ઝાડ પર બેસી ચીકુમાહાત્મ્ય ગાય છે અને ઊડી જાય છે. આખો દિવસ એનો અવાજ સાંભળવાને કાન તત્પર રાખું છું પણ ક્યાંયે સંભળાતો નથી. સંભવ છે કે એનું પ્રભાતગીત જુદું હશે અને મધ્યાહ્નગીત જુદું હશે.

બોરડી, ૧૫-૪-'૨૭

ક્રિયા કે કૃતિ?

સમુદ્રકિનારે જાતજાતની છીપો અને શંખલાઓ પડ્યા છે. એમનો આકાર, એમનો રંગ, એમના પરની ચિત્રવિચિત્ર ભાત, એમનું પ્રમાણ અને એમના પરનો શણગાર એ બધું એટલું તો ચેતોહારી હોય છે કે તાજમહાલ જેવી કલાકૃતિ જોતાં જેમ ચિત્ત એકાગ્ર થાય છે અને અસ્વસ્થ પણ થાય છે તેમ અહીં પણ થાય છે. સ્થાપત્યનો સર્વાંગસુંદર નમૂનો તૈયાર કર્યા પછી એના રક્ષણ અને પ્રદર્શન માટે આપણને કેટલી તૈયારી કરવી પડે છે. એક કલાત્મક વસ્તુ નિર્માણ કરી કે આપણને ધન્ય ધન્ય થઈ જાય છે. આપણું નામ અમર થઈ ગયું એમ આપણે માનીએ છીએ. અહીં કોઈ પણ મંદિરના ઉત્કૃષ્ટ શિખર કરતાં પણ વધારે રમણીય એવા શંખલાઓનો ભાવ પણ કુદરત પૂછતી નથી. તુચ્છ કીટકના શરીરની આસપાસ એ તૈયાર થાય છે, વધે છે અને સમુદ્ર પોતાની મોજાંરૂપી સાવરણીથી એવાં અસંખ્ય શિખરો રોજ વાળી નાંખે છે. એનો ભૂકો થાય, રેતી તળે એ દટાઈ જાય, ચૂનાની ભઠ્ઠીમાં એ શેકાઈ અને પિલાઈ જાય અથવા અરસિક માણસને હાથે એનાં બટન બની જાય તોયે સમુદ્રને કે કુદરતને એની દરકાર નથી.

કુદરતમાં અકળ એવી અક્કલ છે, યોજના છે, સૌંદર્ય છે, પ્રમાણ છે, ઔચિત્ય છે. પણ એ બધી વસ્તુઓનું એને મહત્ત્વ નથી. નિસર્ગની સર્ગશક્તિ અમર્યાદ છે, અનંત છે, એને ત્યાં શાની કિંમત હોય? કિંમત એટલે સરખામણી. જે વસ્તુને અંત જ નથી એની સરખામણી એની સાથે જ થઈ શકે ને?

કલા પાછળ ગાંડા થયેલા આપણે કુદરતની મૂંગી બેફિકરીમાંથી કંઈક પાઠ શીખવો જોઈએ. મૃત્તિકાની નિતાન્ત મનોહર મૂર્તિઓ તૈયાર કરી પૂજા પછી એને પાણીમાં પધરાવનાર આપણા કલાધર પૂર્વજો એ પાઠ શીખ્યા હતા. મહત્ત્વ ક્રિયાને છે, કૃતિને નથી. પાંડિત્ય પુસ્તક વાંચવામાં છે, પુસ્તકસંગ્રહમાં નથી. શૌર્ય તલવાર વાપરવામાં છે, કેડે લટકાવવામાં નથી.

બોરડી, ૧૬–૫–'૨૭

સમુદ્રની માસી

ઠાકોરભાઈએ મરજાદવેલનું નવું નામ આજે કહ્યું. એમના તરફ મરજાદવેલને સમુદ્રની માસી કહે છે. સમુદ્ર આવડો જબરો; ધારે તો કલ્પાંત આણી શકે; છતાં એ સહસા માસીને ઓળંગીને જતો નથી. એ તો માસી, એની આમન્યા રાખવી જ જોઈએ.

હું માનતો હતો કે મરજાદવેલને ફળફૂલ બેસતાં નથી. પણ આજે એક ઠેકાણે એનાં સરસ જાંબુડા રંગનાં ફૂલ જોયાં. એ નિર્ગંધ ખરાં પણ સુરંગી છે. એનો આકાર કંઈક તળાવ-નિવાસી નારીવેલનાં ફૂલ જેવો ગણાય.

બોરડી, ૧૭–૪–'૨૭

તાડ પાછળનો ચંદ્ર

રવિવારે સાંજે હીરાલાલભાઈને જોડે લઈ ફરવા ગયો હતો. પવન કાંઈ વિશેષ આગ્રહભર્યો વહેતો હતો. લાંબા વખત સુધી અમારી વાતો ચાલી અને પછી અમે બન્ને અંતર્મુખ થઈ સ્તબ્ધ બેઠા. મિત્રોના સહવાસમાં સંભાષણનો આનંદ અપૂર્વ હોય છે પણ એવા સંભાષણ પછીના મૌનનો આનંદ તો એકાગ્ર ધ્યાન જેટલો હોય છે. સાવ એકલા હોઈએ ત્યારે આ જાતનો એકાંત અથવા આનંદ જડતો નથી.

આખરે અમે ઊઠ્યા. રેતીના જે ઢગલા પાછળ અમે બેઠા હતા તેના પરથી ચાંદરણાનો ધોધ આવ્યો અને અમે શીતળ પ્રકાશમાં ભીંજાઈ ગયા. પૂર્વ તરફની સહ્યાદ્રિની કન્યકાઓ ઉપર પણ સોનાનો કોરો વરસાદ વરસતો હતો. ચંદ્ર ખૂબ ઉપર ચડ્યો હતો. પૂર્વમાં પાતળું ધૂમસ છવાયું હતું, તેથી જ ત્યાંની ત્રણે ટેકરીઓ આખા દિવસનો તાપ દૂર કરવા સોનાના વરસાદમાં સંધ્યાસ્નાન કરતી હોય એમ લાગતું. એ આનંદમાં અમે ચાલવા લાગ્યા. ઊંચાં અને પાતળાં તાડનાં ઝાડ અને ઠીંગણાં ને ભીમકાય ચુરમુલાનાં ઝાડો સાવ કાળાં કાળાં ભૂતો ઊભાં હોય તેવાં દેખાતાં હતાં. એની છાયારેખાઓ મનમાં વિવિધ ભાવો પેદા કરતી હતી. સીલુએટ (Silhouette) ચિત્રોને શું કહીશું? તિમિરચિત્રો કે રાત્રિદર્શન?

થોડાક આગળ ચાલ્યા અને એક વિરલ–પર્ણ તાલવૃક્ષ આવ્યો. એની ઊંચાઈ જેટલો જ ચંદ્ર ચડેલો. તાડનાં પાંદડાંના આરાઓ જે નાભિમાં ભેગા થતાં ત્યાં જ બરાબર ચંદ્ર હતો. બરાબર વચ્ચે તાડનો પાતળો છેડો, એની આસપાસ ચંદ્રનું ચળકતું બિંબ. તાડની પાંચ ડાળીઓથી એ ચંદ્રબિંબના પાંચ વિભાગ થયા હતા, જાણે ભૂચંપકની પાંચ પાંદડીઓ. અને ચંદ્રને ફરતાં તાડનાં પાંદડાંઓનું વલય. એટલું બધું આહ્લાદક અને પાવક લાગતું હતું કે આપણી યોગ્યતા કે ભાગ્ય કરતાં પણ એ ચડે છે એમ લાગતું. તાડનું મોટું પર્ણચક્ર મોઢા આગળ પકડીને ચંદ્ર હસતો હતો અને અમે એના એ હાસ્યનું આકંઠ અથવા આનેત્ર પાન કરતા હતા.

ત્યાર પછી દરેક તાડના પાંદડા પાછળ ચંદ્રને ઊભો કરી અમે નિહાળ્યો પણ પેલી શોભા ન આવે. ફક્ત એક નાળિયેરીએ પોતાનાં પાંદડાંના ઉઝરડા ચંદ્રના ગાલ ઉપર ખેંચી બતાવ્યા એની મજા પડી. જ્યારે અમારી ને ચંદ્રની વચ્ચે સરુનું પાતળું ઉપવન આવ્યું ત્યારે થયું કે, જાણે મોટો આગિયો જંગલમાં લપાતો લપાતો ઊડે છે.

ચંદ્રપ્રકાશ તળે સમુદ્રવેળાની રેતી ચાંદી જેવી ચળકતી હતી. અને એક કોયલ અંધારું થયાં છતાં ટહુકયા જ કરતી હતી !

બોરડી, ૧૮–૪–'૨૭

સંધ્યાપ્રાચી

સૂર્યાસ્ત અને સાગર બન્ને પશ્ચિમ તરફ હોવાથી એ બાજુએ જ ધ્યાન જાય છે. પૂર્વ પાસે ધીરજ હોવાથી પોતાના તરફ દુર્લક્ષ થયું છે, પોતાની અવગણના થઈ છે, એવા ખ્યાલથી એ ખંડિતા નથી થતી. એ સ્વાત્મનિ-તુષ્ટ હોય છે. પશ્ચિમને બધાનું અનુરંજન કરી બધા તરફથી આરાધના મેળવવાની ઇચ્છા હોય છે એટલે દરજ્જે એ પરાવલંબી. સંપૂર્ણ વિશ્વને આનંદિત કરતાં છતાં એનો આનંદ પારકાના હાથમાં જ રહેલો હોય છે. એને ચાહનાર હંમેશ કોઈને કોઈ મળતું હોવાથી પોતાની આશ્રિત દશા એના ધ્યાનમાં નથી આવતી. જો એને એ સ્થિતિનું ભાન થાય તો એ ઝૂરીને સુકાઈ જાય. ખરી વાત એ છે કે આશ્રિત દશા કોઈને એટલી સાલતી નથી પણ એનું ભાન સાલે છે. પશ્ચિમને થાય છે કે પોતે તાપતપ્ત દુનિયાને આનંદ આપનાર રાણી છે. જે દિવસે એને જણાશે કે પોતે આરાધનાની તરસી ભિખારણ છે તે દિવસે એનો ઉલ્લાસ વિલીન થશે, અને કાં તો એ સાવ સુકાઈ જશે અથવા ગંભીરતા ધારણ કરશે.

સંધ્યા વિષે જો પૂર્વ દિશાના મનમાં મત્સર હોત તો એના મોઢા પર લીલાશ છાઈ જાત પણ તેમ નથી બનતું. સંધ્યા સમયે પણ એની મુખમુદ્રા પર મુદિતાની લાલાશ જ પ્રગટ થાય છે.

ત્રણ દિવસ પહેલાં સહેજે પૂર્વ તરફ જોતાં વસંતકાળને શોભે એવો ઉજ્જવળ જાંબુડો રંગ ખીલેલો દેખાયો. કેટલાંય વર્ષો થયાં અનેક ક્ષેત્રોમાં ઉભય સંધ્યાનું ઉપસ્થાન શ્રદ્ધાપૂર્વક કરતો આવ્યો છું, પણ આટલી સાત્ત્વિક પ્રસન્નતા આ પહેલાં ક્યાંય જોઈ હોય એવું યાદ નથી આવતું. જેમ જોઉં તેમ રંગ વધતો જાય. ઊંડાણ વધે પણ પ્રસન્નતા ઓછી ન થાય. એનું કારણ પાછળથી સમજાયું. પૂર્ણિમાનો પ્રફુલ્લ ચન્દ્ર ટેકરી છોડીને આકાશમાં પહોંચ્યો હતો. એના કાંચનવર્ણને લીધે જાંબુડા રંગને રાજવૈભવ મળ્યો હતો.

બોરડી, ૧૯–૪–’૨૭

રેતીમાં ઘાસ

સવારે પશ્ચિમ તરફ લાંબી લીટી જેવાં વાદળાં ભેગાં થયાં હતાં તેથી આખી સમુદ્રવેલા, ઓટને લીધે ખસી જતાં મોજાં અને પશ્ચિમ તરફનું આકાશ બધું એકરૂપ થયું હતું. આમાં કઈ રેષા ક્ષિતિજની ગણાય એ નક્કી કરવું લગભગ અશક્ય હતું. એક બે કલાક પછી જ્યારે વાદળાં કંઈક ઓછાં થયાં અને મોજાં ક્ષિતિજ સુધી જઈ પહોંચ્યાં અને ત્યાં ફૂટી ફૂટી દાંત કાઢવા લાગ્યાં ત્યારે જમીનઆસમાન વચ્ચેનો ભેદ કંઈક સ્પષ્ટ થયો.

આજે રેતીના પટમાં જ્યાં ત્રણ ચાર દિવસથી ખરબચડાં મોજાંને લીધે નાના નાના ખાડા થયા છે ત્યાં ચાર ચાર આંગળ લીલું ઘાસ ઊગેલું જોયું. કસ્તૂરી રંગના પટમાં ફીકું લીલું પણ તાજું ઘાસ દૂરથી વિશેષ આકર્ષક લાગતું. આ ઘાસનું બીજ અહીં ક્યાંથી આવ્યું? સહરાના રણમાં જેમ ઝાડના ઝૂમખાનું રણોદ્યાન (Oasis) શોભે તેમ આ ઘાસનો ક્યારો શોભતો હતો. આટલા જ ભાગમાં ઘાસનાં બીજ શી રીતે આવી ઊગ્યાં હશે? ખારા પાણીમાં એ કેમ જીવતું હશે? અહીંની જ માટી કંઈ વિશેષ જાતની હશે? આ ઘાસ અહીં કેટલા દિવસ સુધી ટકશે? મોટી ભરતી સાથે એનું ઉન્મૂલન થશે કે ધીમે ધીમે અંગ્રેજી રાજ્યની પેઠે આ ક્ષુદ્ર તૃણ પોતાનાં મૂળિયાં જમાવી અહીં એક બેટ ઉત્પન્ન કરશે?

બોરડી, ૨૦-૪-'૨૭

कथं न ज्ञेयं अस्माभिः ?

અહીં આવ્યો ત્યારે સમુદ્રની ભવ્યતા અને એના શંખલાની સુંદરતા જોઈ ખૂબ આનંદ થયો. બન્ને પોતપોતાના એ ગુણોથી ઈશ્વરનું સ્મરણ કરાવતા હતા. મારી અંદરનો ભૌતિકશાસ્ત્રી વિરામ પામ્યો હતો અને ભક્ત ઊંઘમાંથી ઊઠવા માંડ્યો હતો. એ કહે—સંગ્રહબુદ્ધિ શા કામની ? તારે ક્યાં પ્રયોગ કરવા છે કે ગુણધર્મના જ્ઞાનમાં ઉમેરો કરવો છે ? પરમાત્માનું વિસ્મરણ થાય એ જ્ઞાન લઈને તું શું કરીશ ? જેમ 'कामी स्वतां पश्यति' તેમ ભક્તે તો દરેક વસ્તુમાં ઈશ્વરને જ જોવો જોઈએ. ઈટલીમાં જેમ એક વખતે બધા રસ્તાઓ રાજધાની રોમ તરફ જ જતા તેમ આપણું જ્ઞાન અને આપણું કર્મ ઈશ્વર તરફ લઈ જનારું જ હોવું જોઈએ.

પણ એક દિવસે પંડિતજી આવ્યા. તેઓ શંખલા વીણવા લાગ્યા. હું તો હંમેશનો છાત્રદેવ રહ્યો. મને પણ થયું કે આશ્રમના વિદ્યાર્થીઓ માટે ચાલો આપણે પણ થોડાક શંખલાઓ વીણીએ. માયા પ્રવેશ કરે છે ત્યારે પરોપકારનું રૂપ ધારણ કરીને જ આપણી આગળ ઊભી થાય છે. માયા જો માયાવી ન હોય તો બીજું કોણ હોઈ શકે ? માયાની શરૂઆત હંમેશ મીઠી હોય છે. પણ એનાં પરિણામ માઠાં આવે છે. માયાની શરૂઆત નંદનવન જેવી હોય છે. એનું અવભૃત સ્નાન નરકકુંડમાં હોય છે.

શંખલા વીણવાનો છંદ વધ્યો. લાંબા બોરના આકારના કોડી જેવા ચળકતા અને મજાની ભાતના શંખલા તો કોણ જાણે ક્યાંથી કિનારા પર ઊભરાવા જ લાગ્યા. આની તો સુંદર માળા થાય, ચિત્રો મઢાવવાનું ચોકઠું થાય. ચાલો ખૂબ વીણીએ. શંખલા વીણતો જાઉં અને શાળાના છોકરાઓ કેવા રાજી થશે એવા વિચાર કરતો જાઉં. કેટલાક મોટા, કેટલાક નાના, કેટલાક બહુ જ નાના. નાનાથી શરૂ કરી મોટા સુધી જઈ ત્યાંથી ધીરે ધીરે આકાર નાનો કરતાં ફરી નાના સુધી પહોંચીએ તો એવી માળા શેષાકૃતિ થશે. પહેલો અર્ધ તે વર્ધમાન શુક્લપક્ષ, બીજો અર્ધ તે ક્ષીયમાન કૃષ્ણપક્ષ એવી માળા કેવી શોભશે ? શંખલા જમીન પર ગોઠવી એ આકૃતિનો આનંદ પણ લીધો. કિંમતમાં ભલે નજીવી હોય પણ શોભામાં એ મોતીના હાર કરતાં ઊતરતી ન જ ગણાય.

ગઈ કાલે સવારે તરવડના વનમાં શંખલાને ઘેર એમને મળવા ગયો. શીંગડાવાળો લાખિયા રંગનો એક સાધારણ મોટો શંખ ત્યાં પડ્યો હતો. એનાં શીંગડાં તો જાણે બ્રહ્મદેશની કારીગરી. અંદર જીવડો નહોતો. એના પેટમાં ડોકિયું પણ મેં કરી જોયું ને પછી એને ગંગાબહેનના હાથમાં સોંપી દીધો. આગલે દિવસે એવો શંખ મળ્યો હતો તેની સાથે આની જોડી થશે એવો વિચાર પણ મનમાં આવ્યો. થોડા જ વખતમાં ગંગાબહેને કહ્યું આમાં તો જીવડો છે. જુઓ એના પગ કેવા બહાર આવે છે. જોઉં તો સાચે જ એના પગ દેખાતા હતા. મેં પહેલાં જોયેલું ત્યારે અંદરનું જીવડું મારી ઝેરી નજર ચૂકવવા પોતાનો સંકોચ કરી સાવ અંદર ભરાઈ ગયું હતું. એને શું લાગ્યું હશે ? કે ચાંચવતી હું એને ખાઈ જઈશ ? એને ક્યાં ખબર હતી કે બગલાની કુદરતી ભૂખ કરતાં માણસની કળાદૃષ્ટિ વધારે આંધળી ને ક્રૂર હોય છે.

મેં એ શંખલો હતો ત્યાં પાછો મૂકી દીધો. જમીન પર મૂકતાં આખા શરીરમાં એક ક્ષણને માટે ધ્રુજારી આવી ગઈ. ઘણી વાર એકાદ આફતમાંથી બચીએ છીએ ત્યારે આખા શરીરમાં 'હાશ છૂટચા'ની કંપારી ચમકી જાય છે. પાછા ફરતાં મનમાં

વિચાર આવ્યો, અત્યાર સુધી જેટલા શંખલા મેં ખાલી સમજીને વિગતફીટ સમજીને વીણ્યા છે તે શું સાચે જ ત્યજાયેલાં ઘરો હશે કે અંદર જીવડાં હોવા છતાં મેં એમને આણ્યા છે. મનની ખાતરી ન થઈ. ઘણુાખરા શંખલા તો રેતીથી પુરાયેલા જ જોઈને મેં લીધા છે પણ કેટલાક તો ખાલી સમજીને પણ વીણેલા. બસ, હવે પછી એકે શંખલો વીણવો નથી. શંખલા વીણવાની દુર્બુદ્ધિ મને ક્યાંથી સૂઝી? પેલી કોળીની સ્ત્રીઓ કાદવમાંથી છીપો વીણી કાઢે છે અને તેને ઉકાળી અંદરનું માંસ ખાય છે તેમના પ્રત્યે મને તિરસ્કાર છૂટતો નથી. 'જીવો જીવસ્ય જીવનં' એ કુદરતનો ન્યાય છે. અહિંસા, દયા એ આત્માનો ધર્મ છે. એનો વિકાસ હજી થવાનો છે. જેમ બાળક ઉપર આપણે નથી ચિડાતા, તેમને સમજાવવાના પ્રયત્ન કરીએ છીએ તેમ માંસાહારી કે મત્સ્યાહારી પ્રત્યે પણ આપણે ચિડાવું ન જોઈએ. માછલાંની મૃત્યુની બીક અને બગલાની ભૂખ બન્ને પ્રત્યે આપણો તટસ્થ સમભાવ હોવો જોઈએ પણ એમાંથી પ્રાણીના દુઃખ પ્રત્યે બેદરકારી ન જ પેદા થવી જોઈએ.

ભૂખને લીધે કોઈ હિંસા કરતું હોય તો તે સમજાય એવી વસ્તુ છે. પણ વિનોદ ખાતર કે સૌંદર્યના આસ્વાદ ખાતર જીવો વિષે બેદરકાર થવું, કળાને નામે નીતિધર્મને ગૂંગળાવી મારવો એ અધમતા છે. કળા તો યોગીની હોય; ભોગીની નહિ.

મનમાં નિશ્ચય કર્યો કે શંખલાનું હવે નામ ન લેવું પણ તરત જ વિચાર આવ્યો કે આમ બીજે છેડે જવાની જરૂર નથી. જે શંખલાને જ્યાં ત્યાં કાણાં પડ્યાં છે અથવા જે રેતીથી ભરાઈ ગયો છે, અથવા લાંબા વખત સુધી સૂકી રેતીમાં દટાઈ ગયો છે, એવા શંખલા સુંદર હોય તો જરૂર નારાયણ મલકાનીને મોકલી શકીએ. લાગણીની ઉત્કટતા યોગ્ય છે પણ એનો આંધળો અતિરેક મદદગાર નથી. હા, એટલું ખરું; ભૂલ થતી લાગતી હોય અથવા સંશય હોય ત્યાં ધર્મ્ય લાગણી તરફ ઢળી પડવું એ વધારે સારું.

એક વિચાર મનમાં આવ્યો કે આપણે હવે નિવૃત્તમાર્ગી પીઢ માણસ થયા. શંખલા વીણવાનું છોડી જ દઈએ તો?

જેમને એ જાતનો ઉત્સાહ છે તેવા યુવાનો ભલે એ પ્રવૃત્તિ આદરે. પણ એ પણ બરાબર નથી. વીણવામાં આપણે જેટલી ધર્મબુદ્ધિ વાપરી શકીએ તેટલી ઉત્સાહી યુવાનો ન વાપરે એટલે જે કામ જે માણસ અત્યંત યોગ્ય રીતે કરી શકે એણે જ એ કરવું જોઈએ. લોકસંગ્રહનો અર્થ કંઈક એવો જ નહિ હોય ? પણ આપણે પોતાને અધિકારી બનાવી શંખલા વીણવાની જવાબદારી માથે લીધી એટલે શું બીજા પોતાને અનધિકારી સમજી વીણવાનું છોડી દેવાના હતા ?

ઉત્તમચંદની વાત જુદી છે. તેઓ જૈન છે, મારા કરતાં વધારે સાવચેતી રાખે એવા છે.

બોરડી, ૨૩–૪–'૨૭

ઉદાવરણની પ્રજા

બે દિવસ થયાં સમુદ્રને કાંઠે વિચિત્ર માછલાંનાં શબ આવી પડેલાં હોય છે. સરેસ અથવા વાસી લોહી જેવાં લબલબ એમનાં શરીર, મોટા પતરાળા કરતાં પણ મોટાં; જાણે કાચબાની ઢાલ. બરફની કોથળી જેવા શરીરવાળા આ પ્રાણીને અવયવો તો હોતા જ નથી. બસ એને એક પેટ હોય છે. એના શરીર પર પંચકોણી કે સપ્તકોણી પાંદડીઓ જાણે દબાવીને ઉઠાવેલી હોય એવી દેખાય છે. એને જોતાંવેંત સૂગ ચડે. મરી ગયા પછી જ ભરતી સાથે આ શબો કિનારા પર આવીને પડે છે. બે દિવસમાં મેં આવાં આઠ દશ જોયાં. લોકો કહે છે કે પાણીમાં એના શરીર સાથે સ્પર્શ થાય એટલે બેહદ ખજવાળ થાય છે. આ પ્રાણીઓ સમુદ્ર તળે કેવું જીવન ગાળતાં હશે! એમને પણ આનંદ, દુઃખ, ભીતિ, થાક, ઉત્સાહ બધું હોતું હશે. પોતાનો ખોરાક જોઈને એને કેટલો રસ છૂટતો હશે. ઇંદ્રિયશૂન્ય એ પ્રાણી ખોરાક જુએ શી રીતે? એ તો ફક્ત ખોરાક અનુભવે, પણ એને આંખો ન જ હોય એમ કેમ કહેવાય? અંગ્રેજીમાં જેને 'હાયડ્રોઝુવા' કહે છે એ જાતિનાં આ પ્રાણી હોવાં જોઈએ. 'જેલી ફિશ' એ નામ તો એને માટે અન્વર્થક જ છે. પ્રથમ મેં માન્યું કે આ 'મેડુસા' હશે પણ મેં મેડુસાનાં જેટલાં ચિત્રો જોયાં છે તે બધાંને ખોરાક પકડવાની આંગળીઓ હોય છે. આ જાનવરને આંગળી તો હતી જ નહિ. કાં તો એને નહિ જ હોય અથવા કોવાઈને પડી ગઈ

હશે. કેટલાંક શબ્દોનો આકાર આકૃતિશૂન્ય હતો. એમાં જીભ જેવા કે આંચળ જેવા કેટલાક ભાગ દેખાતા. પણ એ પ્રાણી રેતીમાં દબાયેલું હોવાથી એનું ઝાઝું નિરીક્ષણ કરવાનું મન ન થયું.

આપણા પૂર્વજોએ જ્યારે ચોર્યાશીલક્ષ યોનિની ગણતરી કરી ત્યારે દરિયાની ઓલાદની પૂરતી ગણતરી નહિ કરી હોય. જ્યારથી મદ્રાસની જળચરી (acquarium)માં જાતજાતનાં સુંદર અને વિચિત્ર માછલાં જોયાં ત્યારથી ખાતરી થઈ કે વાતાવરણ કરતાં ઉદાવરણની પ્રજા સંખ્યામાં અને વિવિધતામાં વધારે છે જ. અને તે કેમ ન હોય? જમીન કરતાં પાણી ચારગણું વધારે છે ને? જેનું નામ જ જીવન તેમાં જીવનસૃષ્ટિ ફાલે જ પણ આપણે તો હવા પર જીવનારા રહ્યા. હવાઈ કિલ્લા જેટલા બાંધીએ તેટલા ઓછા.

બોરડી, ૨૯–૪–'૨૭

રણ કે સરોવર

ઘટના નિયમિત થઈ એટલે શું એની અદ્‌ભુતતા મટી ગઈ? છ કલાક પહેલાં ક્યાંય પાણી દેખાતું ન હતું. ઉત્તરથી દક્ષિણ સુધી સીધો સમુદ્રકિનારો ફેલાયો છે. પશ્ચિમ તરફ જ્યાં આકાશ નમ્ર થઈ ધરતીને સ્પર્શ કરે છે ત્યાં સુધી—ક્ષિતિજ સુધી—પાણીનું નામ ન મળે, એકે મોજું ન દેખાય. આ જ ક્ષણે આ સ્થાનને નવેસર જોનારને થાય કે આ કોઈ રણનો ભાગ હશે. વરસાદ પડીને ભીનો થયો લાગે છે; અથવા એને એમ થાય આ કોઈ જબ્બર કળણ છે માત્ર એમાં ઘાસ નથી એટલું જ. દૃષ્ટિ પહોંચે ત્યાં સુધી સપાટ સીધી જમીન જોઈ કેટલો આનંદ થાય છે. આટલી સપાટ ભૂમિ તૈયાર કરાવવાનું એન્જિનિયરને સોંપીએ તો એને અનહદ મેહનત કરવી પડે. પણ આ તો કુદરતની કારીગરી. ઊંચા ઊંચા પહાડોમાં ભવ્યતા હોય છે, જ્યારે આવા સમતલ પ્રદેશોમાં વિશાળતા, વિસ્તીર્ણતા હોય છે. આ વિશાળતાનું પાન કરવામાં મગ્ન હોઈએ એટલામાં દૂર ક્ષિતિજ ઉપર વહાણ જેવું કંઈક દેખાય છે. જમીન પર વળી વહાણ કેવું? એટલામાં દક્ષિણથી ઉત્તર સુધી ફેલાયેલી એક ભૂખરી લીટી ધીમે ધીમે જાડી થવા લાગી. એના પર વચમાં વચમાં ધોળી લહેરો દેખાવા લાગી. પાણીનું કટક આવ્યું. સેનાપતિના હુકમ પ્રમાણે એક-કતાર મોજાંઓ આગળ ધસવા લાગ્યાં. આવ્યું, આવ્યું, પાણી આગળ આવ્યું. અર્ધો પટ એણે વ્યાપી નાખ્યો. સૂરજ

ચડતો જાય, તાપ વધતો જાય અને મોજાંનો ઉન્માદ પણ વધવા માંડે. શું આ મોજાં ઈશ્વરનું કંઈ અસાધારણ કાર્ય કરવા માટે ચાલતાં આવે છે? યમદૂત જેવાં નહિ પણ દેવદૂત જેવાં તો જરૂર લાગે છે. જંગલમાં વરુનાં ટોળાં ફલંગ ભરતાં કૂદતાં આવે તેમ મોજાંઓ વધવા લાગ્યાં. જ્યાં નીરવ ભીનું રણ હતું ત્યાં ઊછળતાં ગરજતાં મોજાંઓનો સાગર ફેલાઈ ગયો. ભરતી પૂરજોસમાં આવી. મોજાંઓ આવે છે અને કાંઠા પર અથડાય છે. જરાક તાકીને મોજાં તરફ કલાક, અડધા કલાક સુધી જોયા કરો, તરત મનમાં સ્ફુરી આવે છે કે આ મોજાં જડ નથી પણ સચેતન છે. એમનો પણ સ્વભાવધર્મ છે. જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી. તરવડનાં ઝાડ પાણીમાં ડોલવા લાગ્યાં. જાણે હમણાં ડૂબી જાય છે. મરજાદવેલ ઘણે દિવસે ભાણેજ મળવા આવ્યો છે એમ જોઈ સ્નેહભીની થઈ છે; અને મોજાંઓનો મદ તો ઊતરે જ નહિ. હાથીની પેઠે દોડે, અને કિનારા પર વપ્રક્રીડા અનુભવે. કેટલું અદ્‌ભુત દશ્ય. જમીન પર ઢોળાવ હોય, નીચાણ હોય અને પાણી નદીરૂપે વહેતું હોય ત્યારે એનું આશ્ચર્ય નથી લાગતું. નીચાણ તરફ વહેવું એ પાણીનો સ્વભાવધર્મ છે પણ સપાટ ભૂમિ પર જ્યાં પાણી ન હતું, ત્યાં વરસાદ કે રેલ વગર પાણી દોડતું આવે અને પાણીનું જાડું પડ જમીન પર પથરાતું જાય એ કેટલું આશ્ચર્ય? જ્યાં હમણાં જ આપણે દોડતા, ફરતા હતા ત્યાં પગ ન ઠરી શકે એવી સ્થિતિ શી રીતે થઈ હશે? આટલા ટૂંકા વખતમાં આવડો મોટો વિપર્યાસ! જ્યાં હવામાં હાથ હલાવતા અમે ફરતા હતા ત્યાં ઊછળતાં મોજાંઓ વચ્ચે હાથનાં હલેસાં ચલાવી તરવાનો આનંદ લૂંટીએ છીએ. જાણે ઘોડા પર બેસી સહેલ કરવા ઊપડ્યા છીએ. આ ભરતીની ક્ષણે જો કોઈ માણસ નવેસર આવીને જુએ તો એને થાય કે ખારા પાણીનું આ છલકતું સરોવર હજારો વરસથી અહીં આમને આમ જ ફેલાયેલું હશે. પણ જરાક ઊભા રહેવાની તસ્દી લઈએ અને જોઈએ તો આવડા મોટા મહાયુદ્ધ જેવા આક્રમણનો પણ અંત છે. પોતાની લીલા જેમ ફેલાવી, તેમ પાછી ખેંચવાનો વખત આવ્યો લાગે છે. ઈશ્વરનું કાર્ય જાણે સમાપ્ત થયું. ઈશ્વરે જાણે પોતાની પ્રાણશક્તિ

પાછી ખેંચી લીધી. હવે એક એક મોજું કિનારા તરફ દોડતું આવતાં છતાં પાણી પાછાં વળ્યાં છે એવું સ્પષ્ટ દેખાય છે. ચાલ્યું, પાણી ખસવા લાગ્યું. દરિયાની પેલી પાર શું મોટો ખાડો પડયો કે એને પૂરવા આ બધું પાણી દોડતું જાય છે? અગ્રેસર મોજાંઓ પાછાં ફરતાં જોઈ પાછળથી આવેલાં મોજાંઓ અધવચ્ચે જ વિરસ થાય છે અને દોડતાં દોડતાં જ હસી પડે છે. સાગરના પાણીની ગણતરી કોણ કરે ! એ શી રીતે મપાય? આટલાં પાણી આવ્યાં કેમ અને જાય છે કેમ? શું એને કોઈ પૂછનાર નથી? અથવા પૂછનાર છે તેથી જ આટલા નિયમથી આવે છે ને જાય છે? જેમ જેમ વધારે વિચાર કરીએ છીએ તેમ તેમ આ બધા બનાવની અદ્દ્ભુતતા મન પર વધુ ને વધુ ઠસે છે. ભરતી અને ઓટ એ શી ચીજ છે, એનો શો ઉપયોગ છે, એ ન હોત તો સમુદ્રનું શું થાત, સમુદ્રજીવી પ્રાણીઓના જીવનમાં શા શા ફેરફાર થાત, ચંદ્ર ને સૂર્યનું આકર્ષણ અને સાગરનું પૃથ્વીના પડથી છૂટાપણું વગેરે વાદો છે તો બરાબર, પણ આની પાછળ ઉદ્દેશ શો એ જાણવા તરફ જ મન વધારે દોડે છે. પણ એ જિજ્ઞાસા હજી તૃપ્ત થઈ નથી.

જેટલી વાર સમુદ્રમાં ભરતીઓટ જોઈએ છીએ તેટલી વાર એ સરખી જ રીતે અદ્દ્ભુત લાગે છે અને ઈશ્વરની સૃષ્ટિમાં જ્યાં ત્યાં એ જ્ઞાનમય પ્રભુ વિરાજે છે એની પ્રતીતિ થાય છે.

सर्वम् समाप्नोषि ततोऽसि सर्वः । એમ કહીને હૃદય એને પ્રણામ કરે છે. સૃષ્ટિ મહાન છે તો સરજનહાર કેવો હશે? એને કોણ ઓળખે? એને પોતાને પણ ઓળખવાની દરકાર હશે ખરી?

બોરડી, ૧-૫-'૨૭

પગલાંની લિપિ

ઈશ્વરે માણુસને દૃષ્ટિ આગળ રાખી છે, પાછળ નથી રાખી, તેથી માણુસ આગળ જોઈ શકે છે પણ પોતાનાં કર્મોનાં પરિણામ પાછળ કેવાં થાય છે એ તરફ એનું ધ્યાન નથી રહેતું. માણુસે કરેલી મોટરમાં પણ આગળ અજવાળું અને પાછળ ગંધાતો ધુમાડો હોય છે. છતાં માણુસ પાછળ એનાં પગલાં પાડી રાખવાની વ્યવસ્થા કુદરતે કરેલી છે જ. અંગ્રેજીમાં કહેવત છે કે ખૂનની વાત છાની રહી શકતી નથી પણ એ નિયમ તો દુનિયાની દરેક વસ્તુને લાગુ પડે છે. કુદરતના પેટમાં કશું માતું જ નથી. એ કહી દે છે. આઠ દસ હજાર વર્ષ પછી પણ કહ્યા વગર એનાથી રહેવાતું નથી. સમુદ્રના ઉદરમાં કેવા શંખલા હોય છે એ બહારની દુનિયાને બતાવ્યા વગર મોજાંઓથી રહેવાતું જ નથી. હજારો વરસ પહેલાંનાં પ્રાણી, તુચ્છ ગણાતાં પ્રાણી, કેવાં હતાં એનો ઇતિહાસ પૃથ્વીના પેટમાં પથરાનાં કે કોલસાનાં પડ વચ્ચે સાચવેલો જડે છે. જેટલી ઘટનાઓ કુદરતમાં થાય છે તે બધી કુદરત ક્યાંક ને ક્યાંક નોંધી રાખે છે અને ઉપર લખે છે દા. પોતે. સૂર્ય ચંદ્ર, પૃથ્વી, તારા, પશુપક્ષી, ઝાડપાન, પહાડો અને નદીઓ, શહેરો ને ગામડાંઓ, નદીના પટ ને સમુદ્રનાં તળિયાં દરેક જણુ પોતાનો ઇતિહાસ બોલે છે. અને માણુસ? માણુસ દંભી છે, ઠગ છે, કળાબાજ છે, ડોળ કરવાની એની શક્તિ અસાધારણ છે. છતાં

એ પણ પોતાનો ઇતિહાસ ઉઘાડો પાડયા વિના રહેતો નથી. માથા પરના વાળ, કપાળ પરની કરચલીઓ, ગાલ પરના ખીલ અને આંખ પરની કાળાશ, સુકાઈ ગયેલા હોઠ અને ચંચળ કે જડ આંખ, ખસી ગયેલાં દાંત તળેનાં અવાળુ ને ફાટી ગયેલો અવાજ દરેક વસ્તુ જીવનનો ઇતિહાસ જાહેર કરે છે. જે સમજી શકે તે સમજી શકે છે. માણસની ભાષા અને એનું લખાણ, અક્ષરનો આકાર અને લીટીઓનો ચડાવ કે ઢોળાવ, દરેકમાંથી એનો સ્વભાવ સ્પષ્ટ થાય છે. માણસ જ્યારે ગાફેલ હોય છે ત્યારે એનો રૂઢ સ્વભાવ જાગ્રત હોય છે. માણસ ઇરાદાપૂર્વક બોલે છે ત્યારે એનો અનુભવ અને એના સંસ્કારો બોલે છે. પણ જ્યારે એનાથી બોલાઈ જવાય છે, ત્યારે એની જિંદગીની મૂડી ઉઘાડી પડે છે. માણસ આગળ ચાલે છે, એનાં પગલાં પાછળ પડે છે. સમુદ્રકિનારે મોજાંઓ પોતાનો ઇતિહાસ રેતીમાં લખી રાખે છે. થોડીક ટેવ પછી પવન કેમ વાતો હતો અથવા આજે કઈ તિથિની ભરતી હતી એ રેતીનાં મોજાં પરથી માણસ જો વરતી શકે તો તેમાં નવાઈ નથી. રેતીના પટ પર લોકોનાં પગલાં પડેલાં તપાસવાનો મને છંદ લાગ્યો છે. કેટલાક વરણાગી લોકો પોતાનો પોશાક અને પોતાના રુઆબની આસપાસના લોકો પર કેવી છાપ પડે છે એ તીરછી આંખે ચૂપચાપ જોઈ લે છે. એ છાપ બરાબર પડવા માટે બિચારા કેટલી કૃત્રિમતા કેળવે છે. પણ એ બાપડીને ખબર નથી હોતી કે એમનો સાચો સ્વભાવ કેવો છે, એ સંસ્કારી છે કે અસંસ્કારી છે એની છાપ એમના પગ રેતી પર પાડી બતાવે છે. ઇમાનદાર મજૂરોના પગ જુદી રીતે પડે છે. અને આળસુ ઉજળિયાત લોકોના પગ જુદા પડે છે એ એમના અંગૂઠા પરથી તપાસી લેજો. જેને ખૂબ ચાલવાની ટેવ છે, એની એડીઓ જુદી દેખાય છે, અને જેઓ ચાલવાનો ડોળ જ કરે છે તેમની એડી જુદી હોય છે. ફેશનેબલ સ્ત્રીપુરુષો અને છોકરાછોકરીઓ ચાલ્યાં ગયાં હોય તો એમનાં પગલાં પણ એમના બધા ચાળાની ચાડી ખાય છે. પોતાનું નારીપણું સમાજ પર વધારે ઠસાવવા માટે ઝીણી પાતળી એડીવાળા બૂટ તેઓ પહેરે છે તેથી તો ઘણું સહેલું થાય છે. ડોસાઓની

લાકડી એક રીતે બોલે છે, જ્યારે રમતિયાળ છોકરાઓની લાકડીની છાપ જુદી હોય છે.

આજે ફરીને પાછા આવતાં 'હાયપરબોલા' (Hyperbola) ના આકારની નિશાનીઓ દૂર સુધી મેં જોઈ. શાની હશે એની કેમે કરીને કલ્પના ન થાય. ઘડીકમાં લંબવર્તુળ થાય, ઘડીકમાં કંઈક અણીદાર થાય, પણ એનો વાંક અત્યંત સ્વાભાવિક અને એ છાપ સરખે આંતરે પડતી હતી. આ છાપ શાથી પડી હશે? મેં મારી લાકડી વતી એવી છાપો પાડવાનો ખૂબ પ્રયત્ન કર્યો. પણ પેલી છાપ જેમ સમભદ્ર હતી તેવી મારી ન આવે. ક્યાંક ને ક્યાંક વેલાંટી જેવો ઝુકાવ આવે. હું ફરી વિચાર કરવા લાગ્યો અને તપાસવા લાગ્યો. જોયું તો દરેક વક્ર છાપ વચ્ચે બૂટની નિશાની પડેલી. એક બે ઠેકાણે એ લીટી ઉપર જ બૂટની છાપ પડીને તેટલી લીટી ભૂંસાઈ ગયેલી. લીટીનો વક્ર કોણ જ્યાં વિશાળ હોય, ત્યાં લીટી જાડી થતી અને જ્યાં લઘુ હોય ત્યાં પાતળી થતી. બૂટની છાપ તપાસતાં ખાતરી થઈ, કે એ પગ નાના બાળકનો છે અને ઘણે ભાગે એ છોકરીનો હોવો જોઈએ. એની એડી અણિયાળી ન હતી પણ ચાલવાની ઢબ જ બતાવતી હતી કે લેડી શુથી ચાલવાનું અનુકરણ કરવાનો એમાં પ્રયત્ન છે. આનો અને પેલી લીટીનો સંબંધ હોવો જ જોઈએ. એટલામાં ધ્યાનમાં આવ્યું કે બૂટ પરથી બાળકીની ઉંમરની જેટલી કલ્પના કરીએ એના પ્રમાણમાં કદમ દૂર દૂર પડ્યાં છે. આટલો મસાલો ભેગો થયો અને તરત જ એમાંથી અનુમાન સળગી ઊઠ્યું કે છોકરી સ્કિપિંગ રોપ લઈને રમતી હોવી જોઈએ. દોરીના બે છેડા હાથમાં પકડી માથા પરથી પગ સુધી ચક્કર ચલાવતી ચલાવતી એ ચાલતી હોવી જોઈએ.

* * *

પરમ દિવસે એક ઠેકાણે એક મોટું હાડકું પડેલું હતું અને એની આસપાસ કૂતરાનાં પગલાં પડ્યાં હતાં. નિહાળીને જોતાં ખાતરી થઈ કે કૂતરાં બે હોવાં જોઈએ. એકના નખ ટૂંકા હતા, બીજાના જરા લાંબા હતા. જેના નખ ટૂંકા હતા એના

પગ તળેના તળિયાના ડાઘા ચપટા હતા એટલે એ કૂતરું નાનું હોવું જોઈએ. હાડકા માટે બંને દોડતાં આવ્યાં હશે, જરાક લડયાં હશે અને સમુદ્રનાં માછલાંઓએ હાડકા પર કરડવા જેવું કશું રાખ્યું નથી એનો અનુભવ થયા પછી નકામો લડયાનો પશ્ચાત્તાપ કરી મિત્ર થઈને પાછાં ગયાં હશે.

ગઈ કાલે સવારે એક ગાય અને વાછરડીનાં પગલાં રેતીમાં પડયાં હતાં. વાછરડી ગાયની પાછળ પાછળ ચાલતી હશે એ અનુમાન તો સહેજે થાય છે પણ પગલાં બતાવતાં હતાં કે ગાય સીધી ચાલતી હતી જ્યારે વાછરડી ઘડીકમાં જમણી બાજુ ચાલે અને ઘડીકમાં ડાબી બાજુ ચાલે. આમ કેમ હશે? કલ્પના બાંધી કે ચાલતાં ચાલતાં ધાવી શકાય તો ધાવી લેવું એવો મનસૂબો વાછરડીએ કર્યો હોવો જોઈએ.

માણસનાં પગલાંમાં એક મોટો ભેદ દેખાય છે. કેટલાકનો શરીરનો આખો ભાર પગની અંદરની બાજુ પડે છે, કેટલાકનો બહારની બાજુ. એનું કારણ હજી શોધી શક્યો નથી. જો કે શક જાય છે કે કદાવર લોકોનો ભાર અંદર પડતો હશે અને ઠીંગણા લોકોનો ભાર બહારની બાજુ. અત્યારે તો એ ખાલી કલ્પના છે. રેતીના પટને લીધે ઘણા લોકોને તપાસવાની તક મળી છે. કંઈ પણ નિયમ બાંધી શકાશે ખરો. કેટલાક લોકો અમુક દૂર સુધી ફરવા જઈ પાછા ફરે છે. એ વખતે પાછા ફરવાનો નિશ્ચય તરત કર્યો છે કે થોડોક વખત અનિશ્ચિત દશામાં રહી પછી નિશ્ચય કર્યો છે એ પણ પગલાં બતાવી દે છે. એકલા એકલા ફરનારા લોકો ઘણે ભાગે જેવા ગયા તેવા જ પાછા ફરે છે. આ નિયમ સાર્વત્રિક નથી. પણ જેઓ ફરતી વખતે મનમાં વિચાર કરતા જાય છે, અંતર્મુખ હોય છે તેમને માટે આ નિયમ હોવો જોઈએ. મોટું ટોળું હોય તો સીધું નથી ચાલતું. શંખલાની હારમાં જેઓ ચાલે છે તેઓ ઠેકાણે ઠેકાણે થોભેલા દેખાય છે. મારાં પોતાનાં જ પગલાં પાછા વળતાં તપાસી કેટલાંય અનુમાનો બાંધી શક્યો છું. અને કોઈક વાર મારી પેઠે પગલાંનું નિરીક્ષણ કરનાર કોઈ પાગલ મારી પાછળ આવે અને કંઈક અનુમાન બાંધે તો એને ભુલાવામાં નાખવા માટે નિયમવિરુદ્ધ પણ થોડોક ચાલ્યો છું.

પગીઓએ અને ચોરોએ આવી રીતે પોતાનું શાસ્ત્ર નક્કી કરેલું હોવું જોઈએ. વચમાં મનમાં વિચાર આવ્યો કે જોડા કે ચંપલ ઊંધા પહેરીને એટલે કે આંગળી તરફ એડી કરીને ચાલવાનો પ્રયત્ન જો થઈ શકે તો પગેરું કાઢનારની દિશાભૂલ કરી શકાય કે નહિ? પ્રયોગ કર્યા વગર એ કહી ન શકાય. પગના પડતા ખૂણા ઉપરથી એ યુક્તિ પણ વરતી શકાય એમ લાગે છે.

કુદરત આખી પોતાના હસ્તાક્ષર જ્યાં ત્યાં નોંધી રાખે છે. માણસનાં પગલાં એની પાછળ રહી જાય છે. દરેક માણસનો સ્વભાવ એના વંશજોમાં અને એના સમાજમાં કાયમનો નોંધાયેલો હોય છે. છાનું કે જાહેર માણસ જે કંઈ કરે છે તેની અસર આખા સમાજ પર થાય છે. આખું વિશ્વ સંકળાયેલું છે.

ત્યારે આકાશના તારાઓ એ કોનાં પગલાં હશે? એ કોનો ઇતિહાસ હશે? કવિઓ કહેશે કે એ પરમાત્માનાં છે. પણ તેમ ન માની શકાય કેમકે:—

दिवि सूर्य सहस्रस्य भवेद्युगपदुत्थिता ।
यदि भाः सदृशी सा स्याद् भासस्तस्य महात्मनः ॥

૩–૫–'૨૮

સાર્વભૌમ ભરતીઓટ

દરેક મોજું કિનારા સુધી આવે છે અને પાછું જાય છે. આ એક જાતની ભરતી અને ઓટ જ છે. તે ક્ષણજીવી છે. મોટી ભરતીઓટ બાર બાર કલાકે આવે છે. એ પણ એક જાતનું મોટું મોજું જ ગણાય. બાર કલાકની ભરતીઓટ જેનું મોજું છે એવી ભરતીઓટ તે કઈ?

આપણે શ્વાસ લઈએ છીએ અને છોડીએ છીએ એ પણ એક જાતની ભરતીઓટ જ છે. હૃદયના ધબકારા થાય છે અને એની સાથે લોહી આખા શરીરમાં ફરી વળે છે. એ પણ એક જાતની ભરતીઓટ જ છે. બાલ્યકાળ, જુવાની અને ઘડપણ એ પણ મોટી ભરતીઓટ છે. આવી રીતે ભરતીઓટનો ક્રમ વિશાળનો વિશાળતર થઈ આખા વિશ્વને પહોંચી શકે છે. જ્યાં ત્યાં ભરતીઓટ જ છે. રાષ્ટ્રોને ભરતીઓટ થાય છે. સંસ્કૃતિઓને ભરતીઓટ થાય છે. ધાર્મિકતામાં પણ ભરતીઓટ હોય છે. દરેક ઓટ પછી ભરતીને પ્રેરણા આપનાર તે આપણા રામચંદ્ર ને કૃષ્ણચંદ્ર જેવા અવતારી પુરુષો. સમુદ્રની ભરતીઓટને પ્રેરણા આપનાર ચંદ્ર ઉપરથી જ શું રામ અને કૃષ્ણને ચંદ્રની ઉપમા આપી હશે? બંનેનું દર્શન આહ્લાદક હતું એ ઉપરથી એમને ચંદ્રની ઉપમા મળેલી એમ કવિઓ કહે છે. અને કવિઓ કહે છે તે સાચું હોવું જ જોઈએ. પણ આમ પણ કેમ ન હોય કે ધર્મની ઓટ અટકાવનાર અને નવી ભરતીને ગતિ દેનાર એ ધર્મચંદ્ર હતા. એ ઉપરથી જ એમને ચંદ્રની ઉપમા આપી હશે.

એ કારણ અત્યાર સુધી ભલે અપાયું ન હોય પણ આજથી તો ધર્મસાગરના ચંદ્ર તરીકે જ એમનું નામ રામચંદ્ર અને કૃષ્ણચંદ્ર પડયું છે એમ આપણે તો માનવાના.

જળને ઠેકાણે સ્થળ અને સ્થળને ઠેકાણે જળ કરી શકે તે 'અઘટિત–ઘટના–પટીયસી' એવી ઇશ્વરની માયા કહેવાય છે. એ માયાનું અહીં આપણને રોજ દર્શન થાય છે; તોય આપણે કેમ ભક્તિનમ્ર થતા નથી? અદ્‌ભુત વસ્તુ રોજની થઈ એટલે શું એ નિ:સાર થઈ? મારા જીવનમાં ત્રણ વસ્તુઓએ પોતાના ગાંભીર્યથી વધારેમાં વધારે અસર કરી છે. હિમાલયના ઉત્તુંગ પહાડો, કૃષ્ણરાત્રિનું ઊંડું રત્નજડિત આકાશ, અને વિશ્વાત્માનું અખંડસ્તોત્ર ગાતો મહાર્ણવ. ત્રણ હજાર વર્ષ પહેલાં અથવા બે હજાર વર્ષ પહેલાં હશે (હજારનો અહીં હિસાબ નથી) બુદ્ધ ભગવાનના ભિક્ષુઓ તથાગતનો સંદેશો દેશદેશાન્તર પહોંચાડી આ જ સમુદ્રકિનારે આવ્યા હશે. સોપારાથી માંડીને કાનેરી સુધી, ત્યાંથી ધારાપુરી સુધી અને થાણા જિલ્લાના અને પૂના જિલ્લાની સરહદ પર આવેલા નાણા ઘાટ, લેણ્યાદ્રિ, જુન્નર વગેરે સ્થાનો સુધી, કાર્લે અને ભાજેના પ્રાચીન પહાડો સુધી અને આ તરફ નાશિકની પાંડવગુફાઓ સુધી બૌદ્ધ ભિક્ષુઓ શાંતિસાગર જેવા વિહાર કરતા હશે તે વખતનો ભારતસમાજ જુદો હતો. તે વખતના સવાલો જુદા હતા. તે વખતની કાર્યપ્રણાલી જુદી હતી. પણ તે વખતનો સાગર તો આ ને આ જ. આવી જ રીતે ઘૂઘવતો હશે. હશે શું, હતો જ. અને દૃશ્યજાત બધું નશ્વર છે, કર્મ એક સાચું છે. જેનો સંયોગ છે તેનો વિયોગ થવાનો જ. જે સંયોગવિયોગથી પર થયા, તેમને માટે જ શાશ્વત નિર્વાણસુખ છે એમ આજની પેઠે તે દિવસે પણ મહાસાગર બોલતો હતો. એ જમાનો બદલાયો. મહાસાગરનું નામ પણ બદલાયું. પણ એનો સંદેશો બદલાયો નથી. ભરતીઓટથી જે પર થાય તેને જ શાશ્વત શાન્તિ મળવાની છે. તે જ બુદ્ધ છે. તે જ સુગત છે. એ ગયો એ ગયો. ભરતી પાછી આવશે. ઓટ પાછી આવશે. એ પાછો આવવાનો નથી. એ સુગત છે.

બોરડી, ૭–૫–'૨૭

સહકારીઓ

વાદળાં અને સમુદ્ર બન્ને વિશાળ છે. બન્નેનો સહયોગ છે. એકબીજાને भावयंतः તેઓ સનાતન યજ્ઞ ચલાવે છે. વાદળાંઓ વરસીને દુનિયાને પાણી આપે છે અને મોજાંઓ તપ તપીને વાદળાંને પુષ્ટ કરે છે. છતાં દરેકનો સ્વભાવધર્મ જુદો તે જુદો જ. જો કોઈ વાદળાંને કહે કે સમુદ્ર જોડે સહકાર કરવા તમે સમુદ્રની અંદર આવી રહી જાઓ તો તે શું બનવાજોગ છે? તેથી શું દુનિયાને લાભ થશે? વાદળાંનું વાદળાપણું માત્ર મટી જશે અને સમુદ્રને કશો જ લાભ ન થાય. દરેક પોતાને ઠેકાણે જ યોગ્ય છે. પોતાનો સ્વભાવધર્મ સાચવીને જ બીજાને મદદ કરી શકે છે. વિવેક ખાતર એકબીજાનું અનુકરણ ભલે કરે. સમુદ્ર કોક કોક વખતે શાંત પડીને ભલે વાદળાંનું પ્રતિબિંબ દેખાડે અથવા તો ક્ષુબ્ધ થઈને ભલે વાદળાંનો રંગ ધારણ કરે અને વાદળાંઓ પણ ભલે કોઈક કોઈક વાર સમુદ્રનાં મોજાં જેવો આકાર બતાવે પણ બન્ને જુદાં તે જુદાં જ. અને જુદાં છે માટે જ સહકાર કરી શકે છે. એકની પાસે છે તે બીજા પાસે નથી એવી સ્થિતિ હોય અને તેથી બન્નેને એકબીજાની જરૂર હોય ત્યારે જ પરસ્પર પોષક સહકાર થઈ શકે છે. કુદરતમાં સર્વત્ર એ જ નિયમ છે. માણસ સમજે તો મનુષ્યસમાજ માટે પણ એ જ નિયમ કરી શકે છે. પણ તેમ કર્યા પછી યુદ્ધો શા રીતે થાય?

બોરડી, ૮–૫–'૨૭

મોજાંઓનો તાંડવયોગ

[કરાચી પાસે કીઆમારીથી સહેજ દૂર મનોરા કરીને એક બેટ આવેલ છે. ત્યાં એક મનનું મંદિર છે. બેટ ઉપર મોટે ભાગે પૉર્ટટ્રસ્ટના લોકો અને થોડુંક લશ્કર રહે છે. મનોરા બેટ કરાંચીનું ઘરેણું અને સમુદ્રનું રમકડું છે. એ બેટને દક્ષિણ છેડે એક મોટી કરાડ આવેલી છે. જ્યાં સમુદ્રનાં મોજાંઓ અથડાય છે. અને એથી આગળ ઠીક દૂર સુધી એક મોટી દીવાલ બાંધી મોજાંઓને પ્રતિબંધ કરેલો છે. તેથી ત્યાં મોજાંઓનો અખંડ સત્યાગ્રહ જોવાને મળે છે. આ દૃશ્ય જોવા હું એક વાર ગયો હતો. હિંદી સાહિત્ય સંમેલન માટે આ વર્ષે કરાચી જતાં ફરી વાર એ દૃશ્ય જોઈ આવ્યો. મોજાંઓની અસર પેલા પથરાઓ ઉપર ભલે ન થાઓ પણ હૃદય ઉપર એમની અસર થયા વિના કેમ રહે? હૃદય અને સમુદ્ર બંને સ્વભાવે જ ઊર્મિલ હોય છે.]

કોઈ પણ કુદરતી દૃશ્ય પહેલી વાર જોઈને જે અસર થાય છે તે અસર બીજી વાર જોઈને નથી થતી. પહેલી વાર બધું નવું નવું હોય છે. અજ્ઞાત વસ્તુનો પરિચય કરવાનો હોય છે. ડગલે અને પગલે આશ્ચર્ય અને ચમત્કૃતિનો અનુભવ થાય છે. બીજી વાર એ જ ઠેકાણે જવાથી ત્યાં કઈ કઈ વસ્તુની અપેક્ષા કરવી તેનો ખ્યાલ માણસને હોય છે. એટલે એટલા પ્રમાણમાં ચમત્કૃતિને અવકાશ ઓછો હોય છે. પરિચિત વસ્તુ પ્રત્યે પ્રેમ બંધાઈ શકે છે પણ આશ્ચર્ય અને ચમત્કૃતિ તો અપરિચિત વસ્તુ માટે જ હોઇ શકે છે.

એવી જ કંઈક પ્રેમપૂર્ણ પણ ઔત્સુક્યરહિત વૃત્તિથી હું કરાચી પાસે આવેલા મનોરાનાં મોજાં જોવા આ વખતે ગયો. જૂના પણ જુવાન મિત્રો સાથે આ રમ્ય ઠેકાણે વિસ્રબ્ધ વાર્તાલાપ થઈ શકશે તે આશાએ ત્યાં ગયેલો. મોજાંઓ તો ત્યાં છે જ. એમને જોતાં આનંદ થવાનો છે જ; એથી વિશેષ કાંઈ નહિ એમ મનને સમજાવીને ત્યાં ગયો.

ગયે ફેરે ઊછળતાં મોજાંઓનું ધવલ હાસ્ય પકડવા માટે જાતજાતના ફોટા લીધા હતા પણ એમાંથી એકે સારો આવ્યો નહોતો એટલે એ મોજાંઓ પ્રત્યે મનમાં થોડીક ચીડ હોવા છતાં વાર્તાલાપ માટે અનુકૂળ વાતાવરણ ત્યાં મળવાનું જ છે એટલો વિશ્વાસ હતો.

પણ ત્યાં જઈને મેં શું જોયું ? ગયે ફેરે જે દૃશ્ય જોયું હતું અને એનાં કાવ્યમય ચિત્રો જે ચિત્તમાં સંઘરી રાખ્યાં હતાં એમને ફિક્કાં પાડી ભૂંસી નાખનારાં મોજાંઓનું એક અખંડ તાંડવ જ એકાએક નજરે પડયું. હવે વાર્તાલાપ શાનો અને વિસ્રબ્ધ કથા શાની ? મને તો ત્યાં ઉન્મત્ત કરનાર નશો જ મળી ગયો. આ ઠેકાણે એકલો હોત તો એ મોજાંઓના તાંડવમાં ઝંપલાવીને એની સાથે એકરૂપ થવાના અંદરના ખેંચાણને હું રોકી શકત કે કેમ એ હું નિશ્ચયપૂર્વક ન કહી શકું.

એક જણ ગાય એટલે બીજાને ગાવાનું સ્ફુરણ થાય જ; એક શિયાળ રાત્રિની શાંતિ સામે બળવો જગાડે એટલે બધાં જ ક્રાંતિકારી શિયાળવાં પોતાનાં ફેફસાંની કસરત એમાં ઉમેરવાનાં જ; અરે ! તરફવાળી સતારના તારો પોતાના પ્રાણથી છેડી જુઓ; તરત નીચેના તારો એની મેળે પોતાનો આનંદઝંકાર શરૂ કરી દે છે. તો પછી મારા જેવો કુદરતઘેલો જીવ કુદરતની ભવ્યતાનું દર્શન કરી એની સાથેની પોતાની જુદાઈ ભૂલી જાય તો માનવીડહાપણની દૃષ્ટિએ એમાં ભલે આશ્ચર્ય હોય પણ એ કાંઈ અનહોની વાત નથી.

જેમ હાથીની આખી શોભા એના ગંડસ્થલમાં કેંદ્રીભૂત થાય છે, કિલ્લાની શોભા એના ગજેન્દ્રભવ્ય બુરજમાં હોય છે, જહાજની શોભા એના ઉપરના તૂતકમાં પરિપૂર્ણ થાય છે તેમ જ

મનોરાના આ છેડે જે કિલ્લા જેવી દીવાલો છે તેને કારણે આ બેટ અહીં વિશેષ શોભે છે અને સમુદ્રનાં મોજાંઓ પણ આ ઠેકાણે વપ્રક્રીડા ચલાવી પોતાની કંડુ શમાવે છે. આ કંડુવિનોદ સતત ચાલે તોયે એમાંથી કંટાળો ઊપજતો નથી, એટલે એ દૃશ્ય ચિરમનોહારી હોય જ છે. પણ આ સ્થળે માણસે એક લાંબી દીવાલ બાંધી દરિયાનાં મોજાંને અનહદ છેડ્યાં છે અને આટલાં વર્ષ થયાં એ મોજાં આવો આક્ષેપ હજી સાંખી શક્યાં નથી અને કોઈ કાળે સાંખીને બેસવાનાં નથી. જેટલી વાર એ અપમાનનું સ્મરણ એમને થાય છે એટલી વાર તેઓ ભારે કટક લઈ આવીને એ દીવાલ પર ધસારો કરે છે અને પથરાને પડકાર કરવાને એકબીજાને સિસકારતાં જાય છે. શો એમનો એ ઉન્માદ! શી એમની દૃઢ પ્રતિજ્ઞા! શો એ જીવલણ ધસારો! આજે તો એમના એ અમર્ષને પૂરી ભરતી આવી હતી પછી પૂછવું જ શું! જાણે વીરભદ્ર તમામ શિવગણોને ભેગા કરી મોજાંના રૂપમાં અહીં પ્રલયકાળ ભજવવા માગે છે!

એક એક મોજું જાણે ઊછળતી ટેકરી. એકની ઉત્તુંગ શોભા જોઈ બીજાં મોજાંએ એનું કૌતુક જ કરવું ઘટે છે. પણ તેમ કરવાને બદલે બંને જણાં એક થઈ એક નવી જ ઊંચાઈએ પહોંચે છે અને આસપાસનાં મોજાંને પણ પોતાના જેટલી ઊંચાઈએ ચઢવાને ઉત્તેજન આપતાં જાય છે. અને આ નાચ એક ક્ષણ પણ થોભ્યા વિના અખંડ ચાલુ જ રહે છે. ઠીક મીટ માંડીને આ તાંડવ જોયા કરો એટલે એમાં એક પ્રચણ્ડ તાલ દેખાઈ આવે છે. જાણે શિવતાંડવસ્તોત્રનું પ્રમાણિકાવૃત્ત પોતાની શક્તિ અજમાવવા માંડે છે અને હૈયું ભરાઈ આવે એટલે ઓઘ વધવાથી જોતજોતામાં પ્રમાણિકાનું પંચચામર થઈ જાય છે. અને પછી પોતાના તોરનું ભાન છોડી દઈ એ તાલ સાથે પુષ્પદત્ત પણ તાંડવનૃત્ય નાચવા માંડે છે.

જે બાજુએ મોજાંઓનો ધસારો વધારેમાં વધારે છે અને જ્યાં અફળાતાં મોજાંના ચૂરેચૂરા થાય છે અને આકાશમાં એનો ઇંદ્રધનુષ ઝીલતો મોટો પંખો તૈયાર થાય છે ત્યાં જ કેટલાંક પગથિયાં અખંડ સ્નાન કરતા ઋષિઓની પેઠે ધ્યાન કરતાં બેઠાં

છે. મોજાંનું પાણી એમને માથે પડી હસતું હસતું અને ગોમૂત્રિકાબંધ કરતું પગથિયાં ઊતરતું જાય છે. દિલ્હી–આગ્રામાં, કાશ્મીર કે મૈસુરનાં વૃંદાવનમાં માણસે વિલાસનાં જે સાધનો ઉપજાવ્યાં છે અને પાણીનો પ્રવાહ શ્રાવણ–ભાદરવાના ધોધમાં વહેવડાવ્યો છે તેનું સ્મરણ અહીં થયા વિના નથી રહેતું.

પણ કેટલાંક મોજાંઓ તો પેલી લાંબી દીવાલ સાથે અથડાઈને એને માથે પાણીની લાંબી લાંબી સેરો ફેંકવામાં જ મશગૂલ રહે છે. મોજું અથડાય, દીવાલ ઉપર સવાર થાય અને દીવાલની પહોળાઈનો અનાદર કરી સામી બાજુ કૂદી પડે અને આ હોળીની પિચકારીઓ દૂરથી આપણા તરફ દોડતી આવે એ દૃશ્ય દરેક રીતે ઉન્માદક હોય છે. અને આવો મહોત્સવ માણવા આવેલા આપણું જાણે સ્વાગત કરવાની ફરજ પોતાને માથે આવી પડી હોય તેવી રીતે આ સેરોમાંથી અને પેલા પંખામાંથી ફેલાતું પાણીનું ઝણ્ય આખી હવાને ઠંડી કરી મૂકે છે. આ ખરું ઝાકળ આંખની પાંપણ ઉપર, નાકના ટેરવા ઉપર અને આશ્ચર્યથી ખુલ્લા થયેલા હોઠો પર જ્યારે જામે છે ત્યારે આપણને થાય છે કે આપણે પણ નાગરિક કે ગ્રામવાસી નથી પણ વરુણના સામુદ્રિક રાજ્યની પ્રજા છીએ.

અને મહાસાગર ઉપરથી દોડતો આવતો શુદ્ધ પવન કહે છે કે "આ દૃશ્યની મહેમાનગીરી સ્વીકારવાની શક્તિ તમારા પામર હૈયામાં ક્યાંથી હોય! ચાલો હું તમને દૂર દૂરથી આણેલા ઓઝોનની (પ્રાણવાયુની) દીક્ષા આપું, ભાથું આપું; ઓઝોન જ્યારે હૈયામાં ભરાશે ત્યારે તમારાં ફેફસાં પવિત્ર થશે, (પ્રાણપૂર્ણ થશે) અને પછી જ અહીંનું વાતાવરણ અને ઉદ્દાવરણ તમે ખમી શકશો." અને ખરેખર પ્રાણવાયુના શ્વાસોચ્છ્વાસથી દરેકના મોઢા ઉપર ઉષાની રતાશ આવી હતી. અમે આઠ જણા આઠે બાજુ જોઈ જોઈને ધરાતા નહોતા.

એ જ ઠેકાણે અમારા પહેલાં એક સિંધીભાઈ એક મોટા પથ્થર ઉપર બેસી ચૂપચાપ એ આખા દૃશ્યના કાવ્યમાં તરબોળ નહાતો હતો. ન બોલે ન ચાલે, ન હસે ન ગાય. તલ્લીન થઈ એ સહેજસાજ ડોલતો હતો. અમે વાતો કરતા હતા, હૃદયના

ઉદ્‌ગારો ફોડતા હતા પણ પેલા ભાઈને એનું શું ! એને માણસની મોજ માણવી નહોતી પણ મોજાંની મસ્તી અપનાવવી હતી; પી જવી હતી. એક પગ ઉપર બીજા પગની પલાંઠી વાળીને તેના ઉપર હાથની કોણી ટેકવીને વાંકા ડોકે એ સમુદ્રધ્યાન કરતો હતો. એના ઓળેલા વાળના સેંથામાં સીકરબિન્દુની મુક્તામાલા ચળકતી હતી. જાણે વરુણદેવે પોતાનો વરદ હસ્ત એને માથે રાખ્યો હોય !

અમે સ્થાન ફેરવી ફેરવીને અનેક દૃષ્ટિકોણથી એ દૃશ્ય જોયું એટલે મોજાંઓના મનમાં અમારા પ્રત્યે સદ્‌ભાવ જાગ્યો. તેઓ કહે "આવો આવો, આટલે દૂરથી શું નિહાળો છો? તમે કાંઈ પરાયા નથી. પાસે આવો, મોજ માણો, હસો અને કૂદો. આ ક્ષણ અને અનન્ત કાળ વચ્ચે કશો ફરક નથી. ચાલો આવો." મોજાંઓનો વિવેક જુદો હોય છે. તેઓ આમંત્રણ આપતી વખતે હાથ ઝાલતાં નથી પણ પગ પખાળે છે. અમે વિવેકસર એ સ્વાગતનો સ્વીકાર કરી કહ્યું : "ખરેખર આવવાનું મન થાય છે પણ હમણાં નહિ. હજીયે અમારું કામ પૂરું થયું નથી. ઘણું બાકી છે. કેટલાયે સંકલ્પો પાર પાડવાના રહ્યા છે. જે ભારતમાતાના ચરણોનું અખંડ પ્રક્ષાલન તમે કરો છો તે ભારતમાતા હજી સ્વતંત્ર થઈ નથી. માણસ માણસ વચ્ચેનો વિગ્રહ હજી શમ્યો નથી. ગરીબ અને દબાયેલી જનતા સાથે એકતા જ્યાં સુધી પૂરેપૂરી અનુભવી નથી ત્યાં સુધી તમારી સાથેની એકતા માણવાનો અધિકાર અમને ક્યાંથી આવે ! તમે મુક્ત છો, અખંડ કર્મયોગી છો, સતત કાર્ય કરતાં છતાં કર્તવ્ય જેવું તમને કશું રહ્યું નથી. અમે તો કર્તવ્યનો ઢગલો દૃષ્ટિ આગળ જોતાં છતાં આળસમાં પડ્યા છીએ. અમને તમારી હારમાં જઈ નાચવાનો અધિકાર નથી. તમે અમને પ્રેરણા આપો, અમારા હૈયામાં તમારી મસ્તી ભરી દો, તમારો વેદાન્ત અમારા ચિત્તમાં વાવી દો. પછી અમારું કાર્ય પૂરું કરતાં, ભારતને આઝાદ કરતાં વાર લાગવાની નથી. અને એ એક સંકલ્પ બર આવ્યો એટલે કશા વિષાદ વગર તમારી પાસે દોડી આવીશું : તમારી સાથે અદ્વૈત સાધીશું અને તેમ કરતાં આ હાડકાં, ચામડી

અને માંસ વાંધા ઉઠાવે તો જેમ અગવડ કરતાં કપડાં ફાડી નંખાય તેમ આ શરીરના ચૂરેચૂરા કરી નાખીશું અને એ લોચાના નવા નવા આકાર થતા જોઈ હસવા માંડીશું."

"વારુ, તમારે ફાવે ત્યારે આવજો. તમો આવો કે ન આવો અમારું આ તાંડવનૃત્ય ચાલવાનું જ. જીવનનો રાસ પૂરો કરી ગોપીઓ આમાં ભળી છે. સંસારના ચકરાવામાંથી મુક્ત થયેલા તમામ સાધુસંતો, ફકીરો અને ઓલિયાઓ આમાં ભળ્યા છે. વિજ્ઞાનવીરો અને સત્યના ઉપાસકો આમાં ભળીને શાંત થયા છે અને તેથી જ અમારો આ સંઘ અખંડ અશાંતિ મચાવવા છતાં શાંતિનું સાગરસંગીત સંભળાવી શકે છે. સંભળાય છે એ સંગીત ?"

જૂન, ૧૯૩૭

જીવનનો આનંદ

ખંડ ૪થો

રખડવાનો આનંદ

સંધ્યારસ

ગૌરીશંકર* તળાવનું દર્શન ઓચિંતું થાય છે. આપણે બગીચામાં ગયા, ઝાડોની શોભા જોઈ, ચીની રકાબીના કકડાથી બનાવેલા નિર્જીવ હાથી, ઘોડા, વાઘ, સિંહનો રોફ જોઈ અને ઝાડો વચ્ચે લહેર કરતાં સજીવ પક્ષીઓનો કલરવ સાંભળી, તળાવને કાંઠે આવીએ, પગથિયાં ચડવા માંડીએ, ઠંડા પવનની શાંતિ અનુભવીએ, તોયે કલ્પના ન થાય કે તળાવ કેવું હશે. 'છેલ્લે (એટલે ઉપલે) પગથિયે જઈ પગ દીધો' અને એકદમ જાણે આકાશ ચીરીને અપ્સરા પ્રગટ થઈ હોય તેમ સરોવરનાં નીર આપણી સામે સસ્મિત વદને જોઈ રહે છે. ભલે તમે એકલા જ સરોવરને દર્શને જાઓ, ત્યાં તમે એકલા રહેવાના નથી. આકાશનાં વાદળાં અને બધા કરતાં વિશેષ ઉતાવળે દોડી આવેલી સંધ્યાતારકાને તમારી સાથે જ સરોવરની શોભા નિહાળતી તમે જોશો.

સરોવરો હમેશાં નીચાણુમાં હોય. ડુંગરની નીચે ઊતરીએ ત્યારે સરોવરનાં જળમાં પગ પખાળવા પામીએ પણ આ તો જાણે ગંધર્વકાસાર; જાણે વાદળાં પીગળીને ટેકરીને માથે છલકાતાં હોય !

* ભાવનગરનું બોર તળાવ.

સામો કાંઠો દેખાય એવું સરોવર કોને ગમે ? આટલાં પાણી ક્યાંથી આવે છે એવી અતૃપ્ત જિજ્ઞાસા જેની સાથે ન હોય તેના સૌંદર્યમાં દૈવી ગૂઢ ભાવ ક્યાંથી જડવાનો ? રેલવે લાઈન પણ જો સાવ સીધી હોય તો આપણને ગમે નહિ. ઊંચાણ હોય, નીચાણ હોય, જમણી કે ડાબી બાજુ વાંક હોય તો જ એ શોભે. સરોવર એ કંઈ ધોધ નથી કે ઊંચાનીચાની ક્રીડા બતાવે. ગૌરીશંકર ચારે બાજુની ટેકરીઓથી ઘેરાયેલું છે. પણ એ ટેકરીઓ મરણિયા થયેલા વીરોની પેઠે ભીડ કરીને ઊભી નથી રહેલી; તેથી પાણીને આમતેમ બધી બાજુ ફેલાઈ જવાનો અવકાશ મળ્યો છે.

સરોવરના બાંધ ઉપરથી પશ્ચિમ તરફ જોતાં એકાદ અદ્ભુત નવલકથામાં નવે રસ ગૂંથેલા હોય તેમ જાતજાતના રંગ પાણીમાં ફેલાયેલા દેખાય છે. પગ તળે આત્મહત્યાનો ઘેરો લીલો રંગ જાણે ક્ષણે ક્ષણે આપણને અંદર બોલાવતો હોય એવો દેખાય છે. એમાં પણ બધે સરખાપણું નથી. કોક ઠેકાણે મેંદીના પાન જેટલો ઘેરો, તો કોક ઠેકાણે લિંબોઈના પાન જેટલો ઊંડો. ખૂબ નિહાળીએ ત્યારે લાગે છે કે એ પાણીનો રંગ નથી પણ પાણીમાં લપાયેલું સ્વતંત્ર ઝેર છે. સહેજ આગળ જુઓ એટલે નિરાશામાંથી આશા પ્રગટ થતી હોય તેવો બદામી રંગ દેખાય છે. રંગ તો બદામી, પણ એમાં ધાતુનો ચળકાટ છે. આગળ જઈ, એ જ રંગ થોડુંક રૂપાન્તર પામી નારંગી વર્ણે સંધ્યાનું ઉપસ્થાન કરતો દેખાય છે. વાદળાંની જાંબુડી છાયા જો આડે ન આવી હોત, તો કોણ જાણે આ બાજુના નારંગી અને પેલી બાજુના સોનેરી વચ્ચે કેવી શોભા ખીલત !

આપણું ધ્યાન સોનેરી રંગ તરફ જાય એ પહેલાં જ મંદમંદ વહેતો પવન જલપૃષ્ઠ ઉપર સૂક્ષ્મ વીચિમાલા ઉત્પન્ન કરી આપણને કહે છે, 'સાંભળો આ સમયોચિત સ્તોત્ર !' સામેની ટેકરીએ માથું ઊંચું ન કર્યું હોત તો આ રસવતી પૃથ્વી ક્યાં પૂરી થાય છે અને નિઃશબ્દ આકાશ ક્યાં શરૂ થાય છે એ જાણવું કોઈ પંડિતને પણ અઘરું થઈ પડત.

ડાબી બાજુએ મેંદીની વાડ છે. સુઘડ વાડો જોવાનું કોને ન ગમે? પણ શૃંગારસાધિકા મેંદીનો શિરચ્છેદ મને જરૂર અસહ્ય લાગે છે. જમણી બાજુ જાણે સૂર્યનું તેજ ઠંડું પડેલું પણ થીજેલું નહિ એવું સરોવર, અને ડાબી બાજુ નીચે ઘાડી પાતળી ઝાડી. આવા પરસ્પર ભિન્ન રસ વચ્ચે જનકની પેઠે યોગયુક્ત ચિત્તે અમે આગળ ચાલ્યા. ત્યાં આવ્યો નિરાધાર સેતુ. સંસ્કૃત કવિઓએ એને જોયો હોત તો એનું નામ શિક્યસેતુ જ પાડયું હોત. આવા સેતુની શોધ પહેલવહેલી હિમાલયના વનેચરોએ જ કરેલી હોવી જોઈએ. આ નિરાધાર પુલ આપણને હળવે પગે લઈ જાય છે પાણી વચ્ચે તપ કરતા ઋષિ જેવા એક બેટના જટાભારમાં. પુલની અધવચ પહોંચ્યા એટલે આતિથ્યશીલ જળ ચેતવે છે, 'સાચવીને ચાલો, સાચવીને ચાલો.' અને યોગ્ય તક જડતાં પાદપ્રક્ષાલન કરતાં પણ પાણી ચૂકે નહિ.

અને પેલો દ્વીપ? એ તો નીરવ શાન્તિની મૂર્તિ. ચંદ્રમા પાણીમાં આટલો ખડખડાટ હસે છે છતાં એનો પડઘો ક્યાંય સંભળાતો નથી. જાણે કુદરતને બીક લાગે છે કે રખેને ધ્યાની મુનિની શાન્તિમાં ભંગ થાય. આ બેટમાં નથી રહેતો કોઈ સરપ કે નથી રહેતો કોઈ કાકીડો. પક્ષીઓ હોય તોયે પોતાના માળામાં નિશ્ચિંત સૂઈ ગયેલાં છે. આતિથેય મંડપ તળે અમે વિરાજમાન થયા. હવે તો પાણી ઉપર અજ્ઞાત અંધકારની છાયા ફેલાવા લાગી હતી. અષ્ટમીનું ચાંદરણું તો સીધું સોંસરું ઊતરીને પાણીમાં ઊતરી જતું હતું. ફક્ત જાતિવૈરી સુરઅસુરના ગુરુઓ દીર્ઘવિગ્રહથી કંટાળીને કંઈક વિષ્ટિ કરવા માટે ભેગા થયા હોય તેમ પશ્ચિમે ચળકતા હતા. પ્રકાશ અને અંધકારની સંધિ કરવાનો સંધ્યાએ અનેક વાર પ્રયત્ન કર્યો છે. તેમાં જો તે કોઈ કાળે ફાવે તો જ સુરઅસુરો વચ્ચે કાયમનું સમાધાન થાય. જુઓ, બન્નેના ગુરુઓ પોતાની દિશા ફેરવી પોતાની સ્વભાવોચિત ગતિએ ચાલ્યા જાય છે, અને સંધ્યાકાળની રક્ત કાલિમા બન્નેને કશા પક્ષપાત વગર ઘેરી લે છે. હંમેશ વિગ્રહ જ રાખે તેનો અસ્ત થવાનો જ.

હવે પાણીએ પોતાનો રંગ બદલ્યો. અત્યાર સુધી જાણે ચાંદીના રસ્તાઓ બનાવ્યા ન હોય તેવા પટાઓ પાણીના પૃષ્ઠ પર

વગર કારણે દેખાતા હતા તે હવે બંધ થયા. ખેલ બહુ થયો. હવે ગંભીરપણે વિચાર કરવો જોઈએ, એમ કંઈક લાગવાથી પાણીની મુખમુદ્રા અંતર્મુખ થઈ છે. ટેકરીઓ પ્રેતલોકના વાસનાદેહ વિચરતા હોય તેવી દેખાવા લાગી. વિસ્તીર્ણ શાંતિ પણ કેટલી અસ્વસ્થ કરી શકે છે એનો ખ્યાલ અહીં પૂરેપૂરો આવે છે. બધી ટેકરીઓ જાણે આપણો એક અવાજ સાંભળવાની જ રાહ જોતી ન હોય! જરાક સાદ પાડીએ તો 'હા! હા! એ આવીએ! એ આવીએ!' એમ કહેતી દોડતી આવશે એ વિષે જરાયે શંકા નથી રહેતી. પણ એમને બોલાવવાની હિંમત જ કેમ ચાલે? શું આ ટેકરીઓ કોઈ જોતું ન હોય ત્યારે મધરાતે કપડાં ઉતારીને સરોવરમાં નાહવા પડતી હશે? આજે તો નહિ જ ઊતરે, કેમ કે દુર્વિનીત ચંદ્રમા મધરાત સુધી એકીટસે સરોવરમાં જોતો હશે. અને મધરાત પહેલાં જ શિશિરની ટાઢનું સામ્રાજ્ય શરૂ થવાનું. પછી ઉષઃકાલ પહેલાં માઘસ્નાન કરવાની એમની મનીષા હોય તો કોણ જાણે. આવા કાંઈક પુણ્યસંચય વગર ટેકરીઓને પણ આટલી સ્થિરતા શી રીતે મળે?

કોક પુલ પરથી ચાલ્યું. પાણીમાં ખળભળાટ સંભળાય છે, અને એમાંથી નીકળતાં મોજાંનાં કૂંડાળાં દૂરદૂર દોડે છે. લોકો પોતપોતાનાં ગામડાંમાં રહેતા હતા છતાં, જેમ ખબરો એમની મારફતે દૂરદૂરની મુસાફરી કરે છે તેમ પુલ પાસેનો ક્ષોભ આ રીતે કિનારા સુધી પહોંચવાનો. શરીરમાં એક ઠેકાણે વાગે તો આખા શરીરને જેમ એની ખબર પડે છે તેમ પાણીનું પણ છે. પાણીની શાંતિનો ભંગ થાય તો એને પરિણામે એના ઉદરમાં પ્રતિબિંબિત થયેલું આખું બ્રહ્માંડ ડોલવા લાગે છે.

હવે તારાઓનો રાસ શરૂ થયો. પાણીમાં એનું અનુકરણ ચાલતું દેખાય છે, પણ ભૂલોકનો તાલ માત્ર જુદો.

ફેબ્રુઆરી, '૨૭

ભુવનગિરિ

કાઝીપેટથી અમે નિઝામ હૈદરાબાદ તરફ જતા હતા. રસ્તામાં ડાબી બાજુ પર એક મોટી ટેકરી નજરે પડી. હિંદુસ્તાનમાં ટેકરીઓની અછત નથી, પણ આ ટેકરીએ વિશેષ ધ્યાન ખેંચ્યું. ટેકરીનો પથરો આખો એક જ અને ગોળમટોળ હતો. એના ઉપર કાંઈક મંદિર હશે.

પથરો જોયો એટલે એના પર પ્રહાર કરી એના કકડા લઈ જવાનું માણસજાતને સૂઝવાનું જ. પણ આ ટેકરીનો પથરો એટલો તો ગોળમટોળ અને લીસો છે કે જેમ રૂપાળા અને પ્રસન્નમુખ બાળકને ચૂંટી ખણવાનું કોઈને ગમે નહિ તેમ આ ટેકરી ઉપર કોશ ચલાવવાનું કોઈને ગમ્યું નહિ હોય. એટલે ટેકરી પ્રકૃતિમાતાએ જેવી બનાવી તેવી જ ઊભી છે. ટેકરીને ધ્યાનપૂર્વક નિહાળવા જતો હતો એટલામાં સ્ટેશન આવ્યું ભોંગીર. તેલગુ લિપિમાં કોતરેલું નામ પ્રયત્નથી વાંચતાં આનંદ થયો, કેમ કે મૂળ નામ ભુવનગિરિ છે. આટલું રૂપાળું નામ છોડી માણસે શા માટે એનું ભૂંડું ભોંગીર કરી નાખ્યું હશે! હશે, ટેકરીની પણ એવી દુર્દશા ન કરી મૂકી એ જ ઉપકાર!

ગાડી સ્ટેશન પર પહોંચી અને સ્મરણ થયું કે સવારની પ્રાર્થના પછીનો ગીતાપાઠ રહી ગયો છે. રવિવારનો દિવસ હતો.

મારો પ્રિય અગિયારમો અધ્યાય વંચાશે એ ઉત્સાહમાં ચોપડી હાથમાં લીધી. અધ્યાય શરૂ કર્યો એટલામાં ગાડી ચાલી. સામાન્યપણે ગીતા શરૂ કર્યા પછી વચમાં હું ખંડ પડવા નથી દેતો. ગમે તેટલું બીજું આકર્ષણ હોય તોયે ત્યાં ધ્યાન ન દેતાં એકાગ્રપણે ગીતા પૂરી કરું છું. પણ આજે ગીતાની શરૂઆતમાં જ મગજમાં ભુવનગિરિ પેઠો હતો. સ્ટેશન આવતા પહેલાં એ ટેકરી એક બાજુથી ધરાઈને નિહાળી હતી, અને તેથી ગાડી આગળ જતાં બીજી બાજુથી એ જ ટેકરી કેવી દેખાય છે, ઉપર ચડવાનો માર્ગ રૂપાળો છે કે ભૂંડો કરી મૂકયો છે, એ બધું જોવાનું મન હતું. આંખો એ તરફ દોડવા માગતી હતી. ઉપાસનામાં એકાગ્ર થવાનો આગ્રહ હોવાથી આ બધી નવરી જિજ્ઞાસા છોડી દેવી જોઈએ એમ એક મન કહેતું હતું. બીજું મન કહે, ગીતાપાઠ તો રોજ ચાલે છે, આ ટેકરી જોવા કાંઈ આપણે રોજ આવવાના નથી. અધૂરું દર્શન પૂરું કર્યે જ છૂટકો. બે મિનિટ એમાં ગાળવાથી કશું નુકસાન થવાનું નથી. પહેલું મન ફરી કહે, પણ ઉપાસના અખંડ થવી જોઈએ એ આગ્રહ કેમ છોડાય? ગીતાપાઠની શરૂઆત ન કરી હોત તો વાત જુદી. આમે ગીતાપાઠ મોડો તો થયો હતો. પાંચ મિનિટ હજી મોડો શરૂ કર્યો હોત તો કશો વાંધો ન હતો. પણ શરૂ કર્યા પછી વચમાં વિક્ષેપ અણાય નહિ. વકીલાત કરવાને ટેવાયેલું બીજું મન કહે, ટેકરી નિહાળવાનું કામ આંખ અને હૃદય એકાગ્રતાથી કરતાં હતાં એમાં ગીતાપાઠનો વિક્ષેપ શા માટે આણ્યો? જો અખંડતાનો આગ્રહ હોય તો વિક્ષેપરૂપ ગીતાપાઠ કોરે મૂકવો જોઈએ અને સૃષ્ટિનિરીક્ષણરૂપી ધ્યાનયોગ અખંડ ચલાવવો જોઈએ.

બે મન વચ્ચેના આ ઝઘડાનો લાભ લઈ આંખોએ ત્રાંસી ગતિ પકડી ટેકરીનું નિરીક્ષણ શરૂ કર્યું. પણ નિગ્રહી મને એમની સાથે સહકાર કરવાની ચોખ્ખી ના પાડી. એણે આંખો પરની પોતાની લગામ ખેંચી અને એમને ગીતાશ્લોક ઉપર બાંધી દીધી.

એટલામાં એક ભારે ચમત્કાર થયો. ગીતાપાઠ અગિયારમા અધ્યાયના પાંચમા શ્લોક ઉપર આવ્યો. વૈખરી બોલી:

'पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः' હૃદયમાં ચાલતું યુદ્ધ એકદમ બંધ થયું, બન્ને મન વચ્ચે સુલેહ થઈ એકવાક્યતા જામી. આ ભુવનગિરિ પણ વિશ્વરૂપની જ એક વિભૂતિ છે એવો સાક્ષાત્કાર થયો. ભુવનગિરિ જોવામાં ગીતાભ્યાસનો દ્રોહ ન હતો, પણ એનો વિનિયોગ જ હતો. હૃદયે આંખોને કહ્યું, હવે ધરાઈને જુઓ. 'पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः'

પ્રથમ તો કેવળ કલારસિક આંખો જ નિહાળતી હતી, પણ ગીતાના શ્લોકે ધર્મપૂત દિવ્ય દૃષ્ટિ આપી. જાણે ભગવાને જ કહ્યું હોય: दिव्यं ददामि ते चक्षुः पश्य मे रूपमैश्वरम्. કલાની નજરે પ્રાકૃતિક રૂપ જોયા કરતાં શ્રદ્ધાભક્તિની નજરે ઈશ્વરી રૂપ જોયું એ કેટલું ધન્યભાગ્ય? ચિત્તને સમાધાન થયું. ભુવનગિરિએ નવું જ રૂપ ધારણ કર્યું હતું. હવે એ પાષાણ રહ્યો ન હતો, એ પરમાત્માની એક વિશાળ મૂર્તિ બન્યો હતો. સ્થૂલ કાયા હોવા છતાં એ સ્થૂલ ન હતો પણ ચૈતન્ય હતો. नमो पुरस्तादथ पृष्ठतस्ते કહી મેં એને અનેક પ્રણામ કર્યાં, અને ગીતાપાઠ આગળ ચલાવ્યો. જેમ ગીતાના એક શ્લોકથી ભુવનગિરિના દર્શનમાં ફેર પડ્યો તેમ ભુવનગિરિના દર્શનથી ગીતાપાઠમાં નવો અર્થ ઉમેરાયો. સખા ભુવનગિરિ! ગુરો ભુવનગિરિ! તને હવે શી રીતે ભુલાય? જ્યારે જ્યારે ગીતાપાઠનો અગિયારમો અધ્યાય આવશે ત્યારે ત્યારે તારું સ્મરણ થવાનું જ, અને તે વિક્ષેપરૂપે નહિ પણ વિશ્વરૂપના એક પ્રતીક તરીકે. તેં મારા હૃદયમાં પ્રવેશ કર્યો છે. મારી પ્રાર્થના એટલી જ છે કે હું તારા હૃદયમાં પ્રવેશ કરી શકું.

૨૫–૧૦–'૩૧

વૈરાગ્યવૈભવનો વારસો

[ત્રણ પત્રો]

[પશ્ચિમ હિંદમાં જે પ્રસિદ્ધ ગુફાઓ છે તેને વિષે હું એક પત્રમાળા લખવાનો હતો. તે અધૂરી જ રહી ગઈ. . . . એક રીતે એ સારું જ છે. એને લીધે કોઈ પ્રવાસરસિયો વીર યુવાન આ બધી ગુફાઓ જોઈ આવવા અને એને વિષે વિસ્તૃત ચોપડી લખવા કેમ ન પ્રેરાય ? . . . વૈરાગ્ય-વૈભવના આ આપણા વારસામાંથી જ ભારતીય જીવન ફરી જાગી ઊઠવાનું છે.]

૧

ગુફાઓ જોઈ એટલા બધા વિચારો મનમાં આવ્યા છે કે લખવા બેસું તો એકસામટા બહાર નીકળી એ દોડતાકૂદતા અને એકબીજાને પાછા ઠેલતા બહાર આવવાના. પણ જેમતેમ એમને નોંધ્યે જ છૂટકો.

જોગેશ્વરી, કાનેરી અને ઘારાપુરી ત્રણે એક જ કાળની ગુફાઓ છે કે ભિન્ન કાળની ? કોણે કોતરી ? શા હેતુથી કોતરી ? ક્યારે કોતરી ? કયા સંજોગોમાં કોતરી ? તે વખતે એ ગુફાઓનો શો ઉપયોગ થયો ? ક્યાં સુધી એ ચાલ્યો ? ત્રણે ઠેકાણે ચાલતી પ્રવૃત્તિઓનો અંત શી રીતે આવ્યો ? મુંબઈમાં રહેતાં, આ ત્રણે ગુફાઓ આટલી પાસે હોવા છતાં તેને વિષે આપણે કશું જ

જાણતા નથી; એટલે કેવળ કલ્પનાથી જ એ કાળ અને એ દશ્ય પ્રત્યક્ષ કરવાનું રહ્યું.

મુંબઈ આજે એક રીતે હિંદુસ્તાનની રાજધાની છે, કલકત્તા કે દિલ્લી કરતાં પણ મુંબઈનું મહત્ત્વ કેટલીક રીતે ચડે છે. પરંતુ આ ગુફાઓના કાળમાં આ બધા બેટો ભારે પ્રખ્યાત હોય એમ લાગતું નથી. ઇતિહાસમાં જે કલ્યાણી નગરીનું વર્ણન આવે છે તે શું હાલનું કલ્યાણ જ હશે? અને ધીકતી કલ્યાણી નગરીની નજીકમાં સારા રૂપાળા બેટો જોઈ આ ગુફાઓ કોતરાઈ હશે? જોગેશ્વરી અને ધારાપુરી તો ચોક્કસ સનાતની શૈવ સંપ્રદાયની ગુફાઓ છે. પણ કાનેરીની ગુફાઓ હિંદુ ધર્મની છે કે બૌદ્ધ ધર્મની? ઘણા સાધુઓ એકત્ર રહે, એકત્ર ભણે, એકત્ર ચિંતન અને ચર્ચા કરે એ પ્રથા કેવળ બૌદ્ધોની હતી કે સનાતનીઓમાં પણ હતી? આજે હૃષીકેશ પાસેની ઝાડીમાં સેંકડો સંન્યાસીઓ ઝૂંપડાં બાંધીને એ જ ઢબે રહે છે, એ પ્રથા કેટલી જૂની છે? ભગવાન વ્યાસ જેટલી? આદ્ય શંકરાચાર્ય જેટલી? કે બૌદ્ધ મઠોનું તે અનુકરણ છે?

ભગિની નિવેદિતાએ કલ્પના ચલાવી છે કે કાનેરી એ એક વિશ્વવિદ્યાલય હતું, જ્યારે ધારાપુરીની ગુફાઓ મંદિર અને મઠ હતાં. એમ જ હોય તો જોગેશ્વરીની ગુફા શું તંત્રમાર્ગી કે નાથસંપ્રદાયી યોગીઓનું ધ્યાનનું સ્થાન હતું? એ ગુફાઓમાં ઊભા રહી ત્યાંના વાતાવરણમાં ભૂતકાળને પ્રત્યક્ષ જોઈ સવાલ પૂછીએ છીએ કે 'આનું રહસ્ય કોણ કહી શકે?' ખવાઈ ગયેલી પથ્થરની દીવાલો જવાબમાં પૂછે છે—'કોણ કહી શકે!'

કાર્લીની અને ભાજાની ગુફાઓ અહીંથી બહુ દૂર ન કહેવાય. તે વરસે તું ચિંચવડથી જુન્નર શિવનેરી પાસેની લેણ્યાદ્રિની ગુફાઓ જોવા ગયેલો તે ગુફાઓ પણ નાણાઘાટ વાટે અહીંના પ્રદેશ સાથે જ સંબંધ ધરાવતી લાગે છે. નાશિકદેવલાલી તરફની પાંડવગુફાઓ પણ મુંબઈના રસ્તાની બાજુ પર જ છે. આ બધી ગુફાઓનો એકબીજા સાથેનો સંબંધ શો? ગુફાઓનું આ એક મોટું કુટુંબ હશે? કે એક પછી એક દીક્ષા ચલાવનારી કોઈ શિષ્યપરંપરા?

અને અજંટા તથા વેરૂળ (ઇલોરા)ની ગુફાઓનું શું? પશ્ચિમ કિનારાની આ ગુફાઓનું પેલું વૈભવશાળી અનુકરણ છે કે અજંટા વેરૂળની ગુફાઓની ઝાંખી પ્રતિકૃતિ—આછો અનુવાદ કરવાની દૃષ્ટિએ આ તટવાસી ગુફાઓ ખોદાઈ ગઈ છે? તું મોટો થઈશ ત્યારે આ બધું તપાસીશ?

૨

મારો છેલ્લો કાગળ મળ્યો હશે. ગુફાઓની કલ્પના માણસને ક્યાંથી સૂઝી હશે?

ઘરડામાં ઘરડા પહાડ આબુને પૂછવું જોઈએ. ત્યાં કેટલીક કુદરતી ગુફાઓ પ્રખ્યાત છે, જેમનો સંબંધ ગોરક્ષ, મચ્છીંદર અને રાજા ગોપીચંદ સાથે છે. નિવૃત્તિપરાયણ સાધુઓ ધ્યાનમાં જીવન વિતાવવા માટે આવા ગિરિકંદરો શોધતા હતા એવું પુરાણોમાં વર્ણન છે. પહાડમાં મોટું પોલાણ જોઈ તેમાં રહેવાની સગવડ શોધવાની પ્રથા હિંદુસ્તાનમાં જ નહિ, પણ દુનિયાના બધા દેશોમાં ચાલતી આવી છે. ટાઢ, વરસાદ અને તાપમાંથી રક્ષણ મેળવવા માટે ફાંફાં મારતો માણસ ગુફાઓમાં ઘૂસે એ અત્યંત સ્વાભાવિક છે. એક વાર નૈસર્ગિક ગુફાઓનું સાધન મળ્યું એટલે એવી જ કૃત્રિમ ગુફાઓ તૈયાર કરવા મથવું એ માણસના સ્વભાવમાં જ રહેલું છે; અને માણસ એક વાર ફાવ્યો એટલે એ વસ્તુને વિશાળ, વ્યાપક અને વ્યવસ્થિત બનાવતાં એને વાર લાગતી નથી. લોક-સંગીતમાંથી જેમ શાસ્ત્રસંગીત ઉદ્ભવે છે તેમ જ કુદરતી ગુફાઓમાંથી કોતરેલી ગુફાઓ સિદ્ધ થઈ છે એ અનુમાન જરાયે વધારે પડતું નથી.

ભિક્ષા, ભજન અને ધ્યાનમાં જીવન સમાપ્ત કરનાર તપસ્વીઓ હમેશ પાણીનો આશ્રય શોધે છે. કોઈ ઝરણું હોય, કોઈ તળાવ હોય, નદી હોય કે મહાનદ હોય, પણ પાણીની સગવડ જોઈએ જ. જેટલાં આશ્રમો અને શહેરો પ્રાચીન તરીકે પંકાયેલાં છે તે જળાશયને કિનારે જ છે. ભરવાડ, ગોવાળ, શિકારી અને સાધુઓ આવાં ઝરણાંનું અને નદી-નદનું મૂળ શોધતા જાય એમાં આશ્ચર્ય શું? અજંટાની ગુફાઓનું સ્થાન તપાસીએ. વાંકીચૂકી

ટેકરીઓ વચ્ચે થઈને એક નાનકડો પ્રવાહ વહે છે. પાણી સરસ છે. આસપાસની ભૂમિ શાંત, રમણીય અને પ્રસન્ન છે. એટલે સાધુઓ ત્યાં જઈને વસ્યા. હૃદયના ઊંડાણમાં વધુ ને વધુ પ્રવેશ કરવાની ઝંખના રાખનારા સાધુઓ ખુલ્લા મેદાનમાં નદીને કાંઠે લાંબા વખત સુધી શી રીતે રહી શકે? આ બધું પાણી ક્યાંથી આવે છે? પહાડની દરીમાં શું સંતાયેલું છે? એ શોધવા તેઓ ઊપડવાના જ. વાંક અને વળાંક ચડતાં ચડતાં સાધુઓ ટેકરીઓના ચકરાવાની અંદર ઘૂસ્યા, વધુ ને વધુ અંદર ઘૂસ્યા. અંતે ચંદ્રાકાર કરાડ પરથી પાણીનો ધોધ પડતો એમણે જોયો. નદીના મૂળ સુધી તેઓ પહોંચ્યા. શી એ સ્થાનની ભવ્યતા! જાણે કુદરત શાંતિની દીક્ષા આપવાની તૈયારીમાં છે. અહીં જ રહી જઈએ તો? નિર્ભય સાધુઓએ એ નિર્જન પ્રદેશમાં વાસો કર્યો. અગવડો વેઠવી એ તો એમને મન ઉજાણી. વાઘ, વરુ કે બીજાં જનાવરો કવિ કિપ્લિંગના મોગલી (Mogli) સાથે જે આત્મીયભાવે રહેતાં હોય તે જ ભાવે આ સાધુઓ સાથે પણ રહેવાના.

માણસના સ્વભાવની કેવી વિચિત્રતા! એને સમાજ કરીને રહેવાનું પણ સૂઝે છે અને સમાજનો ત્યાગ કરી એકાંત સેવવાનું પણ મન થઈ આવે છે; અને એથીયે વિચિત્ર વાત તો એ કે એકાંતના રસિયા બેચાર ભેગા થયા એટલે એકાંતને અખંડ વખાણતા વખાણતા ચોવીસે કલાક સાથે રહેવાના! નહિ તો અલખ નિરંજનનું ધ્યાન લગાવનાર બાવાઓનો અખાડો કેમ જામે?

આવા સાધુઓએ અજંટામાં ભેગા થઈ પહેલાં તો ગુફાઓ શોધી હશે. પણ પછી કિલ્લાની દીવાલ જેવી અંતર્વૃત ચંદ્રાકાર કરાડ જોઈ એમાં ગુફાઓ કોતરવાની હામ ભીડી. નિવૃત્તિમાર્ગીઓની પ્રવૃત્તિ વધી પડી. પાષાણનું હૃદય કોતરાયું અને ત્યાં હૂંફાળી ગુફાઓ તૈયાર થઈ.

આ સાધુઓ નિર્વાણની શોધમાં ભલે ભેગા થયા હોય, પણ અસલના તો કારીગરો હોવા જોઈએ. રાજાઓના મહેલ બાંધવાનું કામ તેમણે છોડી દીધું; પણ ધર્મરાજ તથાગતની સેવાથી તેઓ

કેમ અટકી શકે? જે કલાસમૃદ્ધિ સ્વાર્થથી તેમણે રાજપ્રાસાદમાં વેરી હોત તે જ અહીં વિહારમાં તેમણે ઠાલવી નાખી, રાજવી વિજય સિંહલદ્વીપને જીતવા જાય છે; ઇરાનના એલચીઓ પુલકેશીના દરબારમાં આવે છે; અપ્સરાઓ અને યક્ષકિન્નરો ધર્મચક્ર ચાલુ થયાનો આનંદ ગાય છે; એવાં એવાં અનેક ચિત્રો એમણે ગારાની છોમાં ચીતરી કાઢ્યાં. એ ઉત્સવ જોવા કોણકોણ ભેગા થયા હશે? ગરીબતવંગરોની કે એવી બીજી ન્યાતો તે વખતે પડી નહોતી, એટલે રાજા અને રંક, બાળકો અને પંડિતો, સતીઓ અને ગણિકાઓ, તપસ્વીઓ અને રસિકો બધાં જ ઊલટ્યાં હશે.

વેરૂળની ગુફાઓ અજંટા પછી તૈયાર થઈ લાગે છે. અજંટામાં લાલિત્ય વધારે છે, વેરૂળમાં ભવ્યતાનો ઉન્માદ છે. અજંટામાં ધ્યાનવીરો રહેતા હશે, જ્યારે વેરૂળમાં વિદ્યાવીરો જ્ઞાનનાં અનેક ક્ષેત્રો ખેડતા હશે. બહારની દુનિયા જોવા આવે તો અજંટા તેને સહન કરશે; વેરૂળ, બહારની દુનિયા ન આવે તો એને નોતરશે.

૩

કાર્લીની ગુફાઓ તેમ જ નાશિકની ગુફાઓ અજંટાના વલણની છે. વચમાં એક વિશાળ વ્યાખ્યાનમંડપ; એની સામે બોધિસત્ત્વ કે બુદ્ધની મૂર્તિ અથવા સ્તૂપ; બાજુ ઉપરની દીવાલમાં અંધારામાં સંતાયેલી શ્રમણોની ઓરડીઓની હાર; અને વ્યાખ્યાનમંડપમાં તેમ જ સામેની મૂર્તિ ઉપર પ્રકાશ પાડવા માટે પ્રવેશદ્વારને માથે પીપળપાનના આકારનું મોટું ગવાક્ષ; એ આ ગુફાઓનું સામાન્ય સ્વરૂપ ગણાય. આ ગુફાઓ ત્રણે ઋતુમાં સ્થિરસુખ હોવાથી સાધુઓ માટે ખાસ અનુકૂળ હોય છે. એક વાર કોતરાઈ તે કોતરાઈ. પછી દર વરસે એની મરામત કરાવવાપણું ન રહે. બહાર ધોધમાર વરસાદ પડતો હોય તો પણ અંદરની ઓરડીઓ કોરી ને કોરી. શિયાળામાં બાણના વર્ષાવ જેવો તીણો પવન વાતો હોય તોયે અંદરની હૂંફ જરાયે દગો ન દે અને હિંદુસ્તાનના પ્રખર ગ્રીષ્મમાં જુઓ તો અંદર શીતળ શાંતિ જ સચવાઈ હોય. દરેક ગુફા દીઠ પાણીની ટાંકી તો હોય જ,

જેમાં પહાડનું જીવતું અને અમૃત જેવું પાણી હમેશ ભરેલું મળે. નિવૃત્ત થવું હોય તો અહીં બહારની આખી દુનિયા ભૂલી શકાય, અને ડોકિયું કરવું જ હોય તો મોટા જળપ્રપાત, દૂર દૂર સુધી પથરાયેલી ગલીચા જેવી વનરાજી અથવા જીવન સાથે જ સરખાવી શકાય એવા સમુદ્રનો વિશાળ જીવનરાશિ સહેજે નજરે પડે. આ ગુફાઓમાં એકધારું વાતાવરણ રહે છે. તેને સુંદર અને વિવિધ બનાવવાનું કામ પ્રકાશ અને અંધારાનું હોય છે. આ સનાતન સમોવડિયાઓ અનંત કાળ માટે અહીં રમતો રમતા હોય છે. ભરતીઓટની લીલા થાકે તો પ્રકાશઅંધારાની રમત વિરમે. અને શું આ ગુફાઓમાં રહેનારા તપસ્વીઓ અને સંન્યાસીઓની હૃદયગુફામાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ, રસિકતા અને સંયમ, કારુણ્ય અને ઉગ્રતા એની અનેક જોડીઓની અખંડ રમત નહિ ચાલતી હોય? શાંત વાતાવરણમાં આવી સૂક્ષ્મ અશાંતિ કેટલી મીઠી અને છતાં કેટલી ગંભીર જણાતી હશે?

* * *

લગ્નમાં તો વિઘ્ન હોય જ છે, પણ લેખનમાં પણ વિઘ્નો કેટલાં? હવે આ કાગળ પૂરો કરવા બેસું તો કોણ જાણે ક્યારે મોકલાશે? એટલે આટલો જ કકડો મોકલું છું.

સોનાની ખાણ

ભાઈ દેવદાસના ઉત્સાહથી અમે 'કોલર' ગોલ્ડ માઈન્સ જોવા પામ્યા. બંગલૂરથી જ બધી તૈયારી કરી હતી. રાજગોપાલાચાર્ય, એમની લક્ષ્મી, દેવદાસ, મણિબહેન, ચંદ્રશંકર વગેરે અમે કેટલાય જણ હતા. લગભગ બપોરે કોલર પહોંચ્યાં. મૈસૂર રાજ્યના અમલદારો વિવેકમાં પાવરધા એટલે અમને કશી અગવડ નડી નહિ. કોલરની સોનાની ખાણો લગભગ ગોરાઓના જ હાથમાં છે, એમ કહીએ તો તેમાં જરાય આશ્ચર્ય નથી. પ્રેસિડન્ટ ક્રૂગરે કહ્યું હતું કે જો ચંદ્ર ઉપર સોનું હોત તો અંગ્રેજ ત્યાં પણ પહોંચ્યા હોત. જ્યારે અંગ્રેજ અને મૈસૂર રાજ્ય વચ્ચે સરહદ નક્કી થઈ ત્યારે કોઈને ખ્યાલ સરખોય નહોતો કે અહીં સોનાની ખાણો હશે. પણ બન્યું છે એવું કે સોનાનો મુલક બધો મૈસૂર રાજ્યમાં જ આવ્યો છે.

સોનું કઈ રીતે તૈયાર થાય છે એ જોવા કે જાણવા હું બહુ ઇંતેજાર નહોતો; પણ પૃથ્વીના પેટમાં ખાડા ખોદીને ઊંદરની પેઠે અંદર માણસ કેમ કામ કરે છે, એ જોવાની ખૂબ ઇંતેજારી ખરી. પ્રાથમિક વિધિઓમાંથી પસાર થઈ અમે ખાણો તરફ ગયા. ત્યાં એક મોટા ઓટલા ઉપર એક ગોરો ઊભો હતો. જેમ રેલવે ઉપર ગાડીના પાટા ફેરવવાની કેબિન હોય છે અને ત્યાંથી એક ડગલું પણ ખસ્યા વગર માણસ સ્ટેશનના

વિશાળ આંગણામાં ગમે તે ગાડીને ગમે ત્યાં લઈ લે છે, તેવી જ રીતે અહીં ઊભેલો માણસ ખાણોમાં ઊતરનાર પારણાંઓ કેટલે ઊંડે ઊતરે, કયે વેગે જાય એ બધું નક્કી કરતો હતો. મુંબઈમાં ચડઊતર કરવા માટે આજકાલ જે પારણાંઓ ગોઠવ્યાં છે, તેટલા પરથી આ ખાણનાં પારણાંનો પૂરતો ખ્યાલ નહિ આવે. પ્રથમ અમારે એક કાયદેસર લખત કરી આપવું પડ્યું કે ખાણમાં અમે પોતાની ઇચ્છા અને પોતાને જોખમે જઈએ છીએ, કંઈ પણ અકસ્માત થાય તો કંપની તે માટે જવાબદાર નથી. કાયદેસર આ લખત ન કરી શકે એવાં બાળકોને અંદર નથી લઈ જવા દેતા. મને સ્મરણ છે કે અમારી સાથે એવો એક છોકરો હતો જેને એ જ કારણસર બહાર રહેવું પડ્યું હતું. બિચારાને કેટલું માઠું લાગ્યું હશે તેનો ખ્યાલ મારા મનમાં તે વખતે બહુ આવ્યો. અમે બધા પારણાવાળી ઓરડીમાં એકસામટા જઈને ઊભા. અંદર વીજળીનો પ્રકાશ હતો. ઘંટ વાગ્યો અને અમે પૃથ્વીના પેટમાં સોંસરા ઊતરવા લાગ્યા. જેમ જેમ આ દોડતા કમરાની ગતિ વધતી ગઈ, તેમ તેમ આપણે કેવી વિચિત્ર સ્થિતિમાં છીએ તેનો ખ્યાલ આવતો ગયો. તરવા માટે કે ડૂબી ગયેલી ગાગર કાઢવા માટે ઊંડા કૂવામાં હું ઘણી વાર ઊતર્યો છું. વૈજનાથના ડુંગરામાં જે ઊંડી ગુફા છે, એમાં પણ ખૂબ અંદર સુધી ઊતર્યો છું. પણ આ તો પૃથ્વીના સીધા પેટમાં જ જતા બોગદાની મુસાફરી! વેગ વધતો જાય અને અમારું ગાંભીર્ય ઊંડું થતું જાય. અમારા કમરાને બાજુ પર એક કાણું હતું. એમાંથી ભોંયરાની દીવાલ દેખાતી હતી, અને વેગનો ખ્યાલ પણ આવતો હતો. રેલવે મેઇલ કરતાં અમારા કમરાની ગતિ ઓછી નહોતી એમ જ તે વખતે લાગ્યું.

ઘડિયાળ ઉપરથી આપણને હંમેશ થાય છે કે બધી મિનિટની લંબાઈ સરખી જ હોય છે. પણ એવું નથી. કેટલાક કલાકો જોતજોતામાં જાય છે, જ્યારે કોક કોક વાર પાંચ મિનિટનો ગાળો પણ એક દિવસ જેટલો લાંબો અને કંટાળાભરેલો લાગે છે. મુંબઈમાં એક વાર મંગેશરાવ તેલંગને ત્યાં એમનું બીન સાંભળવા ગયો હતો. પાંચેક મિનિટ બીન સાંભળ્યું હશે એટલામાં ઘડિયાળમાં એક કલાક પૂરો થઈ ગયો! અને પાણીમાં ડૂબકી

મારીએ છીએ ત્યારે એકએક ક્ષણ કેટલી લાંબી હોય છે એનો ક્યાં આપણને અનુભવ નથી! શ્વાસ લીધા વગર પાણીની અંદર આપણે કેટલો વખત ગાળી શકીએ છીએ, એ તપાસવા આપણે એક, બે, ત્રણ, ચાર ગણીએ છીએ, ત્યારે એકએક ક્ષણ હાથપગ તાણીને પૂરતી લંબાય છે. જ્યારે સરકસમાં તાર પરનું કામ જોતા હોઈએ ત્યારે એ જ ક્ષણો કબૂતરની પેઠે ઊડતી જાય છે. કાળની ગતિ સરખી છે જ નહિ.

અમે જોરથી અંદર ચાલ્યા. જાણે પૃથ્વીના પેટમાં ભૂગોળનું મધ્યબિંદુ જ શોધવા નીકળ્યા હોઈએ! કમરાના કાણામાંથી બહારની દીવાલ જોરથી ઉપર દોડે છે એવું દેખાતું હતું. અમે એક બીજા તરફ જોઈને કશું બોલ્યા વગર આંખથી જ પોતપોતાના અનુભવની તુલના કરતા હતા, એટલામાં પગતળે ભાન થયું કે ગતિ ફરી છે અને અમે ઉપરઉપર જઈએ છીએ. આ શું થયું! આપણે પાછા કેમ જઈએ છીએ! તેના વિચારમાં હું પડ્યો એટલામાં કાણા તરફ નજર ગઈ અને જોયું તો બહારની દીવાલ હજી ઉપર ને ઉપર દોડે છે. માત્ર એની ગતિ કંઈક ધીમા પડી છે. હવે હું સમજ્યો, ગતિ ફરી એ તો માત્ર ભ્રમ હતો. જે ગતિએ નીચે જવાની શરીરને તાજેતર ટેવ પડી હતી તે ગતિ ઓછી થતાંવેંત એ ટેવનો પગતળે વિરોધ થવા લાગ્યો. અને પગતળેના દબાણે આપણે ઉપર જઈએ છીએ એવું ભાન કરાવ્યું.

આના પહેલાં વિશ્વવિખ્યાત ગણિતી આઇનસ્ટાઇન વિષેની ચોપડી વાંચી હતી, એટલે અનુભવની સાપેક્ષતા અથવા 'રિલેટિવિટી' એ દરેક ક્ષેત્રમાં કેટલી વ્યાપેલી છે તેનો દાખલો આપવા માટે એમાં આવા જ એક કમરાનું ઉદાહરણ આપ્યું છે એનું પણ સ્મરણ થયું. સાપેક્ષતા જાણ્યા પછી ખાતરી જેવી વસ્તુ રહેતી જ નથી. આ દૃષ્ટિએ આ સાચું, અને બીજી દૃષ્ટિએ બીજું સાચું; 'કેવળ સાચું' શું છે એની તો ખબરે ન પડે. જેને આપણે કેવળ સાચું માનતા હોઈએ તે આપણી બુદ્ધિ અને માન્યતાની અપેક્ષાએ સાચું હોય છે. અને માન્યતા સ્થિર છે એમ કોણે સિદ્ધ કર્યું છે? આપણો અનુભવ જ એની વિરુદ્ધ છે.

પાંચ હજાર ફૂટ પૂરા થયા, લગભગ એક માઈલ; અને એ પડની ખાણમાં અમે પ્રવેશ કર્યો. ખૂબ બફારો થશે એમ મેં માન્યું હતું, પણ ઉપરથી સરસ ઠંડો પવન આવતો હતો. એટલે પ્રમાણમાં અંદરનું વાતાવરણ ઠીક હતું. અમે અંદર ચાલવા મંડયા. ખૂબ ચાલ્યા. પથરા ભરીભરીને લઈ જનાર ટ્રૉલીના પાટા ઓળંગવા પડતા, જ્યાં ત્યાં મજૂરો જોવાને મળતા, જાણે ભૂતસૃષ્ટિ ઊભરાઈ હોય! આવે ઠેકાણે માણસ એકલો આવે જ શાને? અને આવે તો ગાંડો નહિ થઈ જાય? પણ ટેવથી માણસ શું ન કરી શકે?

અંદર કેટલાયે રસ્તાઓ છે, રસ્તાના ફાંટા છે; જ્યાં નવું ખોદાણ થતું હોય ત્યાં ઉપરની માટી માથે ન પડે અને માણસ દટાઈ ન જાય એટલા માટે કેટલીયે સાવચેતી રાખેલી છે. છતાં દર વરસે સેંકડો લોકો અકસ્માતથી મરે જ છે. અંદર ખૂબ ખૂબ આઘે ગયા, ત્યાં યંત્રનો ભારે અવાજ સંભળાયો. પાસે જઈને જોયું તો એક યંત્ર પથરા સાથે ઝઝૂમી રહ્યું છે.

સોનાના પથરા પીળા નથી હોતા, પણ મકાન બાંધવા માટે કે કપડાં ધોવા માટે જે રાખના રંગના અને ધોળા કાબરચીતરા પથરા હોય છે તેવા જ હોય છે. એવા પથરાનાં પડ પૃથ્વીના પેટમાં માઈલો સુધી ફેલાયેલાં હોય છે. એ પથરા ત્યાં તોડીને ઉપર લઈ જવામાં આવે છે. પૃથ્વીના પેટમાં આમ ઊંડે ઊતરી અંદર મોટા શહેરની પેઠે અસંખ્ય રસ્તાઓ ખોદી, વીજળીની મદદથી પૃથ્વીનાં આંતરડાંના કકડા માણસ તોડી કાઢે અને એમાંથી ચળકતી પીળી મુલાયમ રેતીના કણ જીવને જોખમે ભેગા કરે, અને એને માટે અંતે મોટાંમોટાં રાષ્ટ્રો લડે એ ચિત્ર નજર આગળ ખડું થતાં, માણસની શક્તિ તેમ જ પામરતા કેટલાં અમર્યાદ છે એ સ્પષ્ટ થયું. સરવાળે એ તુચ્છ કોટિમાં જ હું જન્મ્યો છું એ ખ્યાલથી આખી માણસજાત સાથે પોતાની જાત ઉપર પણ મનમાં તિરસ્કાર છૂટચો.

સોનું એ શા ચીજ છે? એ કંઈ અનાજ નથી કે ખાઈને પેટ ભરાય; એ કંઈ ફૂલ નથી કે સૂંઘીને મન પ્રસન્ન થાય; એ કંઈ ફળ નથી કે એના રસથી ધરાઈએ; એ કંઈ રૂ કે ઊન

કે રેશમ નથી કે એનાં કપડાં બનાવી શરીરનું રક્ષણ કરીએ; એ કંઈ લાકડાં કે લોઢું નથી કે એમાંથી નિત્યના વ્યવહારની અનેક વસ્તુઓ તૈયાર કરી લઈએ; અરે એ તમાકુ કે અફીણ પણ નથી કે જેના કેફમાં દુનિયાનું દુઃખ ભૂલી જઈએ. અને એ ઝેર પણ નથી કે જેને ખાઈને એક ભવમાંથી તો મુક્ત થઈએ.

છતાં એ ઝેર નથી એમ કેમ કહેવાય? માણસનો પરસ્પર વિશ્વાસ, પ્રેમ અને આદર એ નષ્ટ કરે છે. માણસની ધર્મબુદ્ધિનો એ નાશ કરે છે. પવિત્રમાં પવિત્ર સંબંધ પણ એક ક્ષણમાં એ તોડે છે. અને એ નશાની ચીજ નથી એમ પણ કેમ કહેવાય? એ પેટમાં નથી જતી એટલા માટે? એનો નશો તો માણસનું આખું જીવન બગાડી દે છે. મોટાંમોટાં રાષ્ટ્રોને એ સ્વાતંત્ર્યનાશક પ્રવૃત્તિમાં ઉતારે છે. સોનું એ મોટામાં મોટો અનર્થ છે.

૧૯૨૮

નંદીદુર્ગ

[એક પત્ર]

આપણે પૂનામાં ત્રિવેદીસાહેબને ત્યાં મળ્યા એ સારું થયું. જેમને પોતાનું ઘર જ નથી તેમને આખું વિશ્વ પોતાનું ઘર બની જાય છે. हें विश्वचि माझे घर। ऐसी जयाची मति स्थिर। किं बहुना, हें चराचर। आपणचि झाला॥ છતાં ત્રિવેદીસાહેબનું ઘર વિશેષ રીતે આપણને કૌટુંબિક વાતાવરણ પૂરું પાડે છે. પૂનેથી હું બેલગામ આવ્યો અને ત્યાંથી બેંગલોર. પૂનેથી બેલગામ ટ્રેનમાં ભીડ તોબા હતી. જ્યારે બેલગામથી બેંગલોર લહેર કરતો આવ્યો એમ કહી શકું.

રેલસંકટને વર્ષે હું બેંગલોર આવ્યો હતો પણ ત્યારે તો પૂ. બાપુજી નંદીથી ઊતરી કુમારાપાર્કમાં પહોંચી ગયા હતા. એટલે આ પ્રદેશનું આ ઘરેણું હું જોવા પામ્યો ન હતો. તને ખબર છે, આપણું કુટુંબ મૂળે કિલ્લેદારનું છે. આપણા પૂર્વજોએ શિવાજીના વખતમાં કિલ્લાઓ લડાવ્યા હશે. એ જ કારણે આપણને પહાડની મુસાફરીનો આટલો શોખ લાગ્યો હશે. જ્યારે કોઈ ઊંચી ટેકરી કે જબરદસ્ત પહાડ જોઉં છું ત્યારે એના શિખર ઉપર પહોંચી જવાની ચળ મારા પગને છૂટે છે. એ પહાડ ઊંચો છે અને હું નીચે છું એ સહન જ થતું નથી. પણ આ વૃત્તિ વિજેતાની નથી, જિજ્ઞાસુની છે. જેમ ઉપર જઈએ તેમ વધારે દેખાશે, દૂરદૂરનું દેખાશે અને એટલો આત્મીયભાવ વધશે એ જ એનો આનંદ હોય છે. સ્વદેશભક્તિ એટલે સ્વજનસેવા, સ્વદેશમાં રહેતા લોકોની સેવા એ હું જાણું છું, છતાં હિંદુસ્તાનની કેવળ ભૂમિ પ્રત્યે સ્વતંત્ર આકર્ષણ ઓછું નથી. મારા દેશનો મોટામાં મોટો ભાગ

એકસામટો જ્યારે નજર તળે આવે છે ત્યારે હૈયું ફુલાય છે. રોટલીનું કે લાડુનું મોટું બટકું મોઢામાં નાખવાથી નાનપણમાં તને જે આનંદ આવતો એ જ આનંદ મને આ નાની આંખોમાં સ્વદેશનો મોટો બૂકડો ભરી દેતાં થાય છે. હિમાલયમાં તુંગનાથ ઉપર કે એવા જ બીજા ઊંચા શિખર ઉપર ઊભા રહી સેંકડો માઈલનાં બરફનાં શિખરોનો મેળો જ્યારે જોયો ત્યારે કેટલો આનંદ થયો હતો! સિલોનની દક્ષિણે દેવેન્દ્રમાં જ્યાં આપણી દુનિયા પૂરી થાય છે ત્યાં દીપગૃહ ઉપર ચડી ઉત્તરે જ્યારે નાળિયેરનાં ઝાડોનો દરિયો ઊછળતો જોયો ત્યારે એટલો જ આનંદ થયો હતો. દક્ષિણે હિંદી મહાસાગર, અને ઉત્તરે વિશ્વામિત્રની અવનવી સૃષ્ટિનો સાગર — આ બેનું મિલન જોઈ હૃદયસાગરમાં અખાત્રીજ થઈ હોય તો એમાં આશ્ચર્ય શું? નદીનો જ ત્રિવેણીસંગમ હોય છે એમ નહિ; સાગરોનો પણ એવો સંગમ કલ્પી શકાય છે.

કુર્ગની રાજધાની મરકારામાં પણ એક એવું જ સ્થાન છે જ્યાં પ્રકૃતિમાતા સમ્રાજ્ઞીની પેઠે પોતાનો અતુલ વૈભવ પ્રગટ કરે છે. અને સિલોનમાં જ્યારે અનુરાધાપુર પાસે મહેન્દ્રના શિખર ઉપર સંધ્યાકાળે જઈ પહોંચ્યો ત્યારે દૂરદૂરનો પ્રત્યક્ષ પ્રદેશ દેખાયો એમાં આશ્ચર્ય શું? પણ સમ્રાટ અશોક, મહેન્દ્ર અને સંઘમિત્રાના દિવસો સુધીનો આપણો ઇતિહાસ પણ મારી નજર આગળ પ્રત્યક્ષ થયો. જેને હૃદય વિશાળ કરી આ વિશ્વ સાથે એકતા અનુભવવી છે એણે ઉપર અને ઉપર ચડવું જ જોઈએ એમ ધર્મરાજ યુધિષ્ઠિર પણ જાણતા હતા. ગિરિઆરોહણ એ પણ જન્મભૂમિની ઉપાસનાની એક ઉત્તમ સાધના છે.

તને થશે કે નંદીનું વર્ણન કરવા જેવું કશું નથી એટલે આમ બીજા પહાડોની જૂની વાતો લખી છે; પણ એવું નથી. કોઈ પણ પ્રવૃત્તિ શરૂ કરતાં પહેલાં એના પૂર્વાચાર્યોનું સ્મરણ કરવું એ સ્વાભાવિક છે અને શાસ્ત્રવિહિત પણ છે. તારી જો અપેક્ષા હોય કે નંદીના આ પહાડનો જૂનો ઇતિહાસ તને હું લખવાનો છું તો તારે નિરાશ થવું જોઈએ. આપણે જાતે સંશોધન તો કરતા નથી. ગેઝેટિયર મંગાવીએ છીએ અને એમાં જે માહિતી જડે તે જુદી જુદી રીતે લખીએ છીએ. મારે એ નથી કરવું. હું એટલું

જ કહીશ કે નંદીનું આખું નામ નંદીદુર્ગ છે. અને પ્રાચીન કાળમાં આ જ સ્થાનનું નામ નંદગિરિ હતું. નંદ એટલે આનંદ. આજે પણ આ પહાડ ઉપર આનંદનો ઢગલો પડેલો છે જ. આ પહાડની તળેટીમાં નાના મોટા અનેક શિલામાં કોતરેલા નંદી વિરાજમાન છે અને આખો પહાડ પણ મોટા પોઠિયા જેવો જ દેખાય છે. સંસ્કૃત કવિઓને શાબ્દિક સામ્ય ઉપરથી પણ કલ્પના સૂઝે છે. શૃંગ એટલે શિંગડું અને શૃંગ એટલે શિખર; એ ઉપરથી નંદી અને પહાડ બન્ને શૃંગી છે માટે પણ આ પહાડનું નામ નંદને બદલે કોકે નંદી કર્યું હશે. પહાડ તળે ભોગનંદીનું મંદિર છે જ્યારે પહાડ ઉપર યોગનંદીનું મંદિર છે. ભોગ છોડીને માણસ ચડે ત્યારે જ એ યોગારૂઢ થઈ શકે છે!

નંદી સ્ટેશને લગભગ સાડાદસ વાગ્યે પહોંચ્યો. સ્ટેશનથી પહાડ બહુ આકર્ષક નથી લાગતો. મુંડન કરેલો કોઈ સાધુ ઊભો હોય એના જેવું એનું માથું છે. દૂરથી એ માથા ઉપર મહાદેવના મંદિર જેવું કંઈક દેખાય છે એટલી જ એની શોભા. તળેટી સુધી મને લઈ જવા માટે એક રિક્ષા આવી હતી. પણ માણસ જેવો માણસ ઢોર બની આપણને ખેંચીને લઈ જાય એ સ્થિતિ મને પસંદ નહોતી. અને પહાડ ચડતાં પહેલાં બે માઈલ ચાલી નાખવું એ પણ મોટો સવાલ નહિ હોવાથી મેં મારો સામાન રિક્ષામાં મૂકી દીધો અને પગે ચાલવાનું પુણ્ય પોતાનું કર્યું.

પહાડની તળેટીએ તમને જીવતા ઊંચકવા ચાર માણસ તૈયાર જ હોય છે. બેસવા માટે નેતરની આકર્ષક ખુરશી પણ નોતરે છે, છતાં પહાડ ચડવાનો આનંદ મળે અને ખુરશીના અઢી રૂપિયા બચે એમાં બધી બાજુએ લાભ જ હતો. પણ મેં એક ભૂલ કરી. એક સ્વયંસેવક ઉપરથી મારે માટે ફળોનો નાસ્તો લઈ આવ્યો હતો. મેં એ ફળ ધરાઈને ખાધાં. મને થયું કે એન્જિન પહાડ ઉપર ચડે એ પહેલાં એની પાસે કોલસા પાણી પૂરતાં હોવાં જોઈએ. પહાડ ચડનારા અમે ત્રણ ચાર જણ હતા. અમને જતા જોઈ નીચેના ગામડાના એક અજાણ્યા છોકરાને થયું કે ચાલો આપણે પણ સાથે જઈએ. ગાડું જોઈને એની સાથે દોડવાની નિષ્કામવૃત્તિ કેવળ ગ્રામસિંહને જ હોય છે એમ

નહિ, માણસમાં પણ આવી સામાજિક વૃત્તિ મૂળથી જ છે. માણસે વિચારપૂર્વક એ કાઢી નાખવાનો પ્રયત્ન કર્યો છે, છતાં મરણ અને પરણ વખતે તો એ દેખા દે છે જ. છોકરાને મેં ઠીક ઠીક નાસ્તો આપ્યો એટલે એણે મારી એક નાનકડી ટોપલી ઉપાડવાનું પસંદ કર્યું. થોડોક ભાર પેટમાં અને થોડોક પીઠ ઉપર એ વ્યવસ્થા એને ફાવતી આવી અને હું બેવડા બોજામાંથી મુક્ત થયો.

નંદી ચડવાના મુખ્ય રસ્તા બે છે. એક જૂનો અને પગથિયાંવાળો, અને બીજો દૂરનો પણ હળવો. અંગ્રેજીમાં એને 'બ્રાઇડલ પાથ' કહે છે. આપણે એને ઘોડરસ્તો અથવા ટટ્ટુરસ્તો કહીશું. પૂ. બાપુજી આ રસ્તે ચાલતા આવ્યા. પાંચ માઈલનો એ રસ્તો પૂરો કરતાં એમને બે કે અઢી કલાક લાગ્યા.

ટૂંકે રસ્તે નીચેથી ઉપર સુધી મોટાં મોટાં પગથિયાં છે. પચાસ પચાસને આંતરે પગથિયા ઉપર આંકડા લખેલા છે. છેક ઉપરના ફાટક આગળ ૧૬૫૦ વંચાય છે. આ આંકડા પગથિયાંના છે કે ફૂટના એ વિષે અમારી વચ્ચે મતભેદ છે. મહાદેવભાઈ માને છે કે એ ફૂટના છે જ્યારે મને લાગે છે કે એ પગથિયાંની સંખ્યા બતાવે છે. વચમાં વચમાં મેં ગણી જોયું ત્યારે એ આંકડા વચ્ચે બરાબર ૫૦ પગથિયાં ગણાયાં. જ્યારે મહાદેવભાઈને બે આંકડા વચ્ચે ૫૩ પગથિયાં જણાયાં. ગેઝેટિયરમાં લખ્યું હશે કે તળેટીથી શિખર ૧૬૫૦ ફૂટ ઊંચું છે, અને તળેટી સમુદ્રની લેવલથી ૩૦૦૦ ફૂટ છે, એટલે આ પહાડ ઊંચાઈમાં અલમોરાની નજીક આવ્યો ગણાય. જેમણે પહાડની મુસાફરી નથી કરી તેમને આ ઊંચાઈની ચર્ચા અને ચીકણાશ અર્થ વગરની લાગશે. પણ પહાડના રસિયાઓને તો આમાં ક્રિકેટમેચના સ્કોર કરતાંયે વધારે રસ પડે.

મેં પગથિયાં શરૂ કર્યાં અને પેટમાંનાં ફળોએ વાંધો ઉઠાવ્યો. પેટમાં જમણી બાજુએ દુખવા માંડ્યું. મનમાં બીક પેઠી કે કદાચ રસ્તામાં બેસવું પડે. પણ ઘણી વાર આવી બીક અસ્થાને હોય છે. જે કાચા જીવનો હોય એ જ એને ગણકારે છે. આટલો ઊંચો પહાડ ચડવાનો છે એવો ખ્યાલ મનમાં આણી

મારા સાથીઓ ઉતાવળે ચાલવા મંડયા. હું એવી ભૂલ કેમ કરું? રસ્તાની ઊંચાઈ અને ચાલવાની ગતિનું પ્રમાણ સાચવવાની કળા મારા હાથમાં અથવા ખરું કહું તો મારા પગમાં આવી ગયેલી છે. મેં તો આસ્તે આસ્તે કદમ દર કદમ ચાલવા માંડયું. અને કોઈ પણ ઠેકાણે થાક ખાવા કે વાતો કરવા થોભ્યા વગર ૪૬ મિનિટમાં ટીપુ સુલતાનના ગ્રીષ્મવિહાર ભેગો થયો. કહે છે આ રસ્તો સવા કલાકનો છે. મારી ખાતરી છે કે કોઈ પણ સામાન્ય માણસ મારી ઢબે ચાલે તો ૪૫ મિનિટમાં પહોંચી જ જાય.

બીજી પંદર મિનિટ અને હું ઓકલેન્ડઝમાં પૂ. બાપુજીને પગે લાગ્યો. હવા સરસ હતી. જેમ જેમ ઉપર ચડીએ તેમ તેમ દૂરદૂરનાં ખેતરો, પહાડો, ગામડાંઓ અને તળાવો દેખાવા લાગ્યાં. લાલ લાલ જમીન અને એમાં ચાંદીના રસ જેવાં ચળકતાં તળાવો! આવું દૃશ્ય ગોઠવવા જઈએ તો મુશ્કેલ. અને આ વિસ્તીર્ણ પ્રદેશમાં અનેક રસ્તાઓ, માણસની વસ્તીઓ શોધતા શોધતા દૂર દૂર જાય છે. માણસને જો યાત્રાનું પુણ્ય મળતું હોય તો યાત્રા કરાવનાર આ રસ્તાઓનું પુણ્ય કેટલું! દૂરદૂર જનારા અને એ બાજુનાં ઝાડો પરથી વર્તાઈ આવનારા રસ્તાઓ પહાડ ઉપરથી જોઈ કેટલાક વિવિધ વિચારો મનમાં આવે છે. રસ્તાની ન્યાત વણજારાની છે. પ્રજાઓ વચ્ચે એ સંસ્કૃતિના એલચીનું કામ કરે છે. જંગલોનાં હૃદય વીંધીને માણસ માટે એને ઉઘાડાં કરે છે. દરેક જાતની નિશાનીઓ ભૂંસી નાખનાર રેતીનાં રણ ઉપર પણ એ વિજય મેળવે છે. આમતેમ વાંકોચૂંકો ફરી પહાડોની ખુશામત કરતો એ એને માથે ચડી બેસે છે. નદીનાળાં પણ એને રોકી શકતાં નથી. માણસની દુર્દાન્ત પરિવ્રાજક ઇચ્છાશક્તિનો એ પ્રતિનિધિ છે.

નંદીનો રસ્તો સિંહગઢ જેટલો લાંબો કે આકરો નથી એટલે હું એનું લાંબું વર્ણન લખું તો તે પ્રમાણ બહાર થઈ જાય. સિંહગઢને રસ્તે રાત્રે વાઘ પણ મળે; અહીં તો સસલું પણ ન મળે. જે રસ્તે વીજળીના દીવા હોય તેને કોઈ જંગલી રસ્તો કહે ખરા? અહીં તો ઠેકઠેકાણે પાટિયાં ચોડયાં છે કે રાજ તરફથી અહીં આટલાં જામફળ વાવ્યાં છે, અહીં આટલાં મોહોગોની છે,

આટલાં કરણુજી છે ઇત્યાદિ. સર વિશ્વેશ્વરૈયાએ નંદીને શણગારવાનું શરૂ કર્યું અને સર મિરઝા ઇસ્માઇલે તે પૂરું કર્યું. હવે નીચેથી ઉપર સુધી મોટરો આવી જાય એવો રસ્તો કર્યો એટલે થઈ રહ્યું. પછી તો નંદીની શાન્તિ અને સાત્ત્વિકતા આસપાસની ટેકરીઓ ઉપર ભાગી જશે. અને અહીં હોટેલો, મોજમજા અને રેડિયો આવી જશે. મુંબઈએ મલબારહિલનું જે કર્યું તે જ બેંગલોર નંદીનું કરી મૂકશે. ભોગલોલુપ માણસને કુદરતી સૌંદર્ય બગાડતાં બરાબર આવડે છે.

થાકચાપાક્યા તમે ઉપર આવો એટલે પહેલો આનંદ અહીંની ઝાડી છે. અંદર પેસતાંવેંત ગંભીર રાજપુરુષ ઊભા હોય એવી રીતે જાડાં થડવાળાં યુકેલિપ્ટસનાં ઊંચાં સરલ વૃક્ષોની ઘટા દેખાય છે. જ્યાં જુઓ ત્યાં આ ઝાડો અથવા એમનાં બચ્ચાં કાળજીપૂર્વક વાવેલાં દેખાય છે. વચમાં વચમાં કપૂરનાં ઝાડ પણ છે. બોરડીમાં હતાં એવાં સરુનાં ઝાડ પણ છે.

દુર્ગની વચ્ચોવચ્ચ એક વિશાળ પુષ્કરિણી છે જેનું નામ અમૃતસરોવર પાડ્યું છે. ચારે બાજુનાં ઊતરતાં પગથિયાં માણસને પાણી તરફ દોડી જઈ હાથ, પગ, માથું અને પેટ ઠંડુ કરવાને નોતરે છે. પણ રાજ્ય તરફથી બહુ જ ઉપયોગી અને કડક પ્રબંધો હોવાથી અંદર કોઈ માણસ કે જાનવર ઊતરી શકતું નથી. કાયદાને ન માનનારાં કેટલાંક પાંદડાંઓ પવનની મદદથી અંદર તરવા ઊતરે છે, પણ એમને પણ એ લહેર લાંબા વખત સુધી મળતી નથી. આટલું સ્વચ્છ રાખેલું પાણી આરોગ્યપ્રદ છે એ કહેવાની જરૂર ન હોય, છતાં દર મહિને ડૉક્ટરો તરફથી આ પાણીનું રીતસર રાસાયનિક પૃથક્કરણ કરવામાં આવે છે. આજકાલ તો દર પંદર દિવસે થાય છે.

આપણાં તીર્થસ્થાનોમાં પાણી સ્વચ્છ રાખવા વિષે શાસ્ત્રોમાં નિયમો છે પણ આપણે લોકોએ દરેક ઠેકાણે એવો તો બગાડ કર્યો છે કે તીર્થસ્થાન એટલે અનાચાર અને નફટાઈ સાથે મરકીનું પણ એક પિયર થયું છે.

દુર્ગની દક્ષિણે મહાદેવનું મંદિર છે. એમાં મહાદેવ સાથે નંદી, અંબિકા, કાલભૈરવ ઇત્યાદિ અનેક કલ્પેલી મૂર્તિઓ છે.

દેવોની મૂર્તિઓ તો હોય જ. પણ અહીં આવીને વસેલા પહેલવહેલા ઋષિની મૂર્તિ પણ છે. ઉષ્માંડ ઋષિ એનું નામ.

પશ્ચિમ તરફ એક કરાડ છે. ટીપુના વખતમાં જેને દેહદંડની સજા કરવી હોય તેને આ કરાડ ઉપરથી ધકેલી દેતા હતા. મહારાષ્ટ્રના દરેક કિલ્લા ઉપર આવું સ્થાન હોય જ છે. આપણે ત્યાં એને કડેલોટ કહે છે. સિંહગઢ પરનો કડેલોટ તેં જોયો છે જ. અહીંના કડેલોટને 'ટીપુઝ ડ્રૉપ' કહે છે. વીજળીની ખુરશીમાં બેસાડી માણસને મારવા કરતાં આ પદ્ધતિ ઓછી ખરચાળ અને વધારે માણસાઈભરી ગણાવી જોઈએ. માણસને હવાની મુસાફરી કરવા મોકલી દીધો એટલે હેબતાઈને જ એ અધ્ધર મરી જવાનો અને ન મરે તોયે બેભાન તો થવાનો જ. પછી પતકાળાની પેઠે નીચે અથડાયો કે એક ક્ષણમાં ચૂરેચૂરા. પછી તો લાશની વ્યવસ્થા કરવાપણું પણ ન રહે. વાઘ, વરુ, શિયાળવાં, સમડી કેટલાંય એ ઉજાણીનાં ઉમેદવાર.

અમે રોજ સવારસાંજ ખૂબ ફરીએ છીએ. હવા તો મઘમઘ મહેકતી જ હોય. પવન મોટેમોટેથી વાતાવરણનો રિપોર્ટ આપતો હોય. ધોળાં અને લાલ ફૂલ જાણે નશો કર્યો હોય તેમ ડોલતાં હોય અને જાતજાતનાં પંખીગાયકો પોતપોતાનો ખાસ આલાપ હવામાં છોડતાં હોય એવે વખતે રખડતાં કોણ થાકે? અને થાકો તોયે ઠેકાણે ઠેકાણે પથરાના બાંકડા 'આવો બાપુ, બેસો બાપુ,' કહીને પંપાળતા હોય.

ના, પંપાળવાનો ખરો ઠેકો તો અહીં સૂરજનાં સોનેરી કિરણોએ લીધો છે. આજકાલ બધે વાદળાં તો હોય જ એટલે સૂરજ ઊગે ત્યારેય સંતાકૂકડી અને આથમે ત્યારેય એ જ રમત. અને સૂરજનાં કિરણો ફેલાયાં એટલે આસપાસનાં અને દૂરદૂરનાં અસંખ્ય જળાશયો એકાએક ચળકવા માંડે છે. ઘડીકમાં થાય છે કલાઈનો રસ ઢોળાયો છે; ઘડીકમાં થાય છે કે આકાશનું ઝુમ્મર તૂટીને એના કકડા વેરાયા છે; ઘડીકમાં થાય છે કે મયાસુરને ઇંદ્રનો રાજમંડપ ઊભો કરવો છે તેની આ પૂર્વતૈયારી છે; અને ઘડીકમાં થાય છે કે લોકો તરફથી થતી હેરાનગતિથી કંટાળીને પૃથ્વીમાતાએ પોતાનું સોનું અને પોતાની ચાંદી બધી જ

પેટમાંથી ઓકી કાઢી છે. અથવા વનસ્પતિસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિની ભૂખનો ખ્યાલ આવતાંવેંત ધરતીએ આ સ્તન્યધારા છોડી છે એમ કેમ ન હોય! ગમે તે હો પણ જ્યાં જુઓ ત્યાં જળાશય એ અહીંના દૃશ્યની ખાસિયત છે. અને છતાં આ કંઈ બંગાળની ભૂમિની પેઠે દલદલ કે કળણ નથી. આ તો ખાસી ત્રણ હજાર ફૂટ ઊંચી ખડબચડી જમીન છે. અહીં કાદવ ન મળે.

કાલે રાત્રે મોટું તોફાન થયું. પવનના વંટોળિયા ચક્કર ખાવા લાગ્યા. બોર જેવા છાંટા પડવા લાગ્યા. અમે બારીબારણાં બંધ કરી પક્ષીનાં બચ્ચાં માળામાં બેઠાં હોય એમ બેસી ગયાં. એટલામાં કડાક થઈને વીજળી પડી અને ઘરની અંદરની વીજળીની બત્તીઓ ઓલવાઈ ગઈ. આવે વખતે અંધારાની લહેજત માણવા જેવી હોય છે. અંધારું એ કંઈ દારિદ્ર નથી પણ સમૃદ્ધિ છે. પૃથ્વી કરતાં જેમ આકાશ અનંતગણું મોટું છે, વાણી કરતાં મૌન અનંતગણું મોટું છે, તેમ જ પ્રકાશ કરતાં અંધારું—તુલના ન થઈ શકે એટલું વૈભવશાળી છે.

અમાસની રાત્રિએ કરોડો તારાઓ ચળકે છે. છતાં એ બધા મળીને પણ આકાશનું પોલાણ રતીભર પણ ઓછું કરી શકતા નથી. તે જ પ્રમાણે દુનિયાની તમામ જ્યોતિઓ મળી 'બધે અંધારું જ છે,' એટલું જાહેર કરવા જેટલી પણ શક્તિ ધરાવતી નથી. આખા હિંદુસ્તાનમાં જો ત્રણ ઝાડો હોય તો કોઈ એને વન કે જંગલ ન કહી શકે. એવી જ રીતે આકાશમાં નવલખ તારા મળીને પણ એને કોઈ વસ્તી ન કહી શકે.

અમારી પૂર્વ તરફ સુલતાનપેઠ, નંદી અને ચિકબળાપુર આ ત્રણ ગામડાં છે. ત્રણેમાં વીજળીની સગવડ છે. એટલે આકાશના તારાનગરની પેઠે આ ત્રણેય ગામડાં આખી રાત ઝબૂકઝબૂક ઝળકે છે. તારાઓ અને દીવાઓ વચ્ચે પ્રમાણ ન હોય છતાં સામ્ય છે. સૂસવતો પવન અમને બંગલાની અંદર હાંકી ન મોકલત તો હું તો આખી રાત એ બંનેનું ધ્યાન ધરવા જ બેસી જાત.

મે, '૩૬

જોગના ધોધનું પુનર્દર્શન

હિમાલય, વિન્ધ્ય અને સહ્યાદ્રિ જેવા ઉત્તુંગ પર્વતો; ગંગા, સિન્ધુ, નર્મદા, બ્રહ્મપુત્રા જેવી સુદીર્ઘ નદનદીઓ; ચિલકા, વુલર તથા મંચર જેવાં પ્રસન્ન સરોવરો જે દેશમાં વિરાજતાં હોય તે દેશમાં એકાદ મહાન, ભીષણ અને રોમાંચકારી જલપ્રપાત ન હોય તો પ્રકૃતિમાતા કેવી રીતે કૃતાર્થતા અનુભવે? દક્ષિણ હિન્દમાં આવેલા કારવાર જિલ્લા તથા મૈસૂર સંસ્થાનની સરહદ ઉપર એવો એક ધોધ છે કે જે જગતમાં અદ્વિતીય અથવા સર્વશ્રેષ્ઠ પદનો એકમાત્ર ભોક્તા ન હોય તોય એવા સર્વશ્રેષ્ઠ ધોધમાંનો એક છે એમાં શંકા નથી. અંગ્રેજો તેને 'ગેરસપ્પા ફૉલ્સ'ને નામે ઓળખે છે. તેનું દેશી નામ 'જોગ' છે.

લૉર્ડ કર્ઝન જ્યારે હિંદુસ્તાનમાં આવ્યો ત્યારે જોગનો ધોધ જોવા એ એટલો ઉત્સુક થયો હતો કે આ દેશમાં આવ્યા પછી પહેલી તકનો લાભ લઈ તે જોગનો ધોધ જોવા ગયો, અને તેના અદ્‌ભુત સૌન્દર્યથી તેણે પોતાની આંખો ઠારી. તે વખતથી આપણા દેશમાં આ ધોધની પ્રતિષ્ઠા વધી. જે જગ્યાએથી લૉર્ડ કર્ઝને ધોધ જોઈ પોતાની જાતને કૃતાર્થ કરી તે જગ્યાએ મૈસૂર સરકારે એક બાંકડો મુકાવ્યો છે. તેને 'કર્ઝન સીટ' કહે છે.

ધોધની નજીકમાં જ મૈસૂર સરકારે એક અતિથિશાળા બંધાવી છે. તેની વિઝિટર્સ બુકમાં કુદરતપ્રેમી દેશી પરદેશી પ્રવાસીઓએ વખતોવખત પોતાના આનંદોદ્‌ગાર લખી મૂક્યા છે. આ

ઉદ્‌ગારોનો જ એક સંગ્રહ છપાવવામાં આવે તો તે પ્રકૃતિ-કાવ્યનો એક અસાધારણ ગુચ્છ થાય. એ આખું કાવ્ય ભલે ઊંચી કક્ષાનું હોય તોપણ જોગના પ્રત્યક્ષ દર્શનથી તો તેની અપૂર્ણતા જ સિદ્ધ થાય છે અને મોઢામાંથી એકદમ ઉદ્‌ગાર બહાર પડે છે: एतावान् अस्य महिमा अतो ज्यायांश्च पूरुषः ।

શરાવતી એક નાનકડી નદી. છતાં તેનાં ત્રણત્રણ નામ શા માટે પાડ્યાં હશે? પ્રથમ તે ભારંગી અથવા બારગંગા નામથી ઓળખાય છે; વચલા ભાગમાં તેને શરાવતી કહે છે; અને જ્યાં તે પ્રૌઢપણે સમુદ્રને જઈ મળે છે ત્યાં તેને બાલનદી કહે છે. શરાવતીના પ્રવાહે એ રોમાંચકારી પ્રપાતનું રૂપ ધારણ ન કર્યું હોત તોયે તેણે પોતાના કુદરતી સૌન્દર્ય વડે માણસનું મન હરણ કર્યું જ હોત. પણ એવું થાત તો તે હિંદુસ્તાનની અનેક નદીઓમાંની જ એક નદી ગણાત. આ પ્રપાતને કારણે નાનકડી શરાવતી નદી ભારતવર્ષની એક અદ્વિતીય નદી થઈ બેઠી છે.

જોગના આ અલૌકિક દૃશ્યનું દર્શન કરવા માટે રાજાજી તથા બીજા મિત્રો જોડે હું પ્રથમ ગયો હતો તે વખતનું વર્ણન 'જોગનો ધોધ' નામના લેખમાં અગાઉ આપી ચૂક્યો છું. 'લોકમાતા'માં એ વાંચવાને મળશે. તે વખતના તે અદ્‌ભુત દૃશ્યના દર્શનથી એક કુતૂહલ તૃપ્ત થવા માંડ્યું, એટલામાં તો માનવીસ્વભાવને અનુસરી એક નવો સંકલ્પ મનમાં ઊઠ્યો, કે આટલી ઊંચાઈએથી કૂદકો માર્યા પછી આ નદી આગળ ક્યાં જાય છે, ત્યાં કેવી દેખાય છે, અને સરિત્પતિ જોડે તેનો મેળાપ કેવી રીતે થાય છે એ બધું એક વખત જાતે જોવું જોઈએ, અને બની શકે તો બાળકની જેમ શરાવતીના વક્ષસ્થળ ઉપર નૌકાવિહાર કરવો જોઈએ. અંતરાત્માની આ જિજ્ઞાસાને સત્યસંકલ્પ પરમેશ્વરે સાશીર્વાદ વધાવી લીધી અને એક તપનો અવધિ પૂરો થવા આવતાં જોગનું બીજી વાર દર્શન લેવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું. પહેલી વાર અમે ઉપરની બાજુએથી ધોધ તરફ ગયા હતા; આ વખતે નદીના મુખ તરફથી પ્રવેશ કરી હોડીમાં બેસીને અમે પ્રતીપપ્રવાસ કર્યો અને હોડી અટકી પડી ત્યાંથી તૈલવાહનની (મોટરની) સહાયથી ઘાટ ચડી ધોધને માથે જઈ પહોંચ્યા.

ત્યાં શરાવતીના અર્ધચંદ્રાકાર દરીમાં ચાર ધોધ છે. જમણી બાજુએ 'રાજા' નામનો ધોધ છે તે ઉપરથી એકદમ ૯૬૦ ફૂટ નીચે કૂદકો મારે છે. એનું રાજા નામ યથાર્થ જ છે. તેનો જલરાશિ, તેનો ઉન્માદ, અને તેની હિંમત કોઈ જગદેકસમ્રાટને શોભે તેવાં જ છે. તેની ડાબી બાજુએ મહારુદ્રની જેમ ગર્જના કરનારો 'રુદ્ર (Roarer) પ્રપાત' રાજાના ચરણ ઉપર જઈ પડે છે. રુદ્રની ઘોર ગર્જના આસપાસની ટેકરીઓ તથા ખીણને માઈલો સુધી નિનાદિત કરી મૂકે છે. તેના ધ્વનિને નહિ કહી શકાય મેઘગંભીર કે નહિ કહી શકાય સાગરગંભીર. કારણ મેઘગર્જના આકાશવિદ્રાવી હોય તો પણ ક્ષણજીવી હોય છે અને સાગરની સનાતન ગર્જનાને ભરતીઓટના ઝોકા ખાવા પડે છે. રુદ્રનો ધ્વનિ અવિરત, અખંડ અને ધારાવાહી છે. તે ધ્વનિનો ઉન્માદ કંઈ વિલક્ષણ હોય છે.

રાજાને અને રુદ્રને દુનિયામાં કોઈ પણ ઠેકાણે સમ્રાટની પદવી મળી શકે. પણ જોગનો સાચો વૈભવ તો આકાશમાં વિવિધ રૂપે ઊડનારી વીરભદ્ર (Rocket)ની શુભ્ર જટાજાલને લીધે છે. વીરભદ્રનો પ્રપાત હાથીના ગંડસ્થળ જેવા એક વિશાળ શિલાખંડ ઉપર પડતાંની સાથે જ તેમાંથી દારૂખાનાનાં બાણ જેવા ફુવારા ઊંચે ને ઊંચે ઊડતા જ જાય છે. આ શું શંકરનું તાંડવ નૃત્ય ? કે મહાકવિ વ્યાસની પ્રતિભાનો નવનવોન્મેષશાલી કલ્પનાવિલાસ ? કે સૂર્યબિંબના પૃષ્ઠભાગમાંથી બહાર પડતી સર્વસંહારકારી પણ કલ્પનારમ્ય જ્વાળાઓ ? કે વળી ભૂમાતાના વાત્સલ્યપ્રેરિત સ્તન્યધારાના ફુવારા ? એવી અનેક કલ્પનાઓ મનમાં ઊઠે છે. સાચે જ વીરભદ્ર જોનારની આંખોને પાગલ બનાવી દે છે.

વીરભદ્રની ડાબી બાજુએ કર્પુરગૌરા, તન્વંગી અને અનૂદરી પર્વતકન્યા પાર્વતી (Lady) પોતાના લાવણ્યથી આપણને આનંદિત કરે છે.

ચારે પ્રપાતોનું જાણે રક્ષણ કરવા માટે જ તેમની બન્ને બાજુએ બે પ્રચંડ પર્વતો ઊભા છે. ઊભા ઊભા આ સંતરી બીજું શું કરી શકે ? પ્રપાતોની અખંડ ગર્જનાને પ્રતિક્ષણ પ્રતિધ્વનિત કરવી, તેમનાં ઇંદ્રધનુષ્યો ધારણ કરવાં, અને વિવિધ

પ્રકારની વનસ્પતિથી પોતાનો દેહ શણગારી પુલકિત રહેવું એ જ તેમનો અવિરત ઉદ્યોગ થઈ બેઠો છે.

આ વખતે અમે ગયા ત્યારે ઉનાળાના દિવસો હતા. ભારંગીનાં પાણી સારી પેઠે ઓસરી ગયાં હતાં. વીરભદ્રની જટાઓ ક્યાંય દેખાતી ન હતી. રુદ્રની લાંબી લાંબી છલંગો પણ ટૂંકી થઈ ગઈ હતી. પાર્વતીએ હવે વિરહિણીનો વેષ ધારણ કર્યો હતો. કંઈ નહિ તો 'રાજા'નો વૈભવ તો જોવા જેવો હશે જ એવી અમે આશા રાખી હતી, પણ વિશ્વજિત યજ્ઞને અંતે જેમ કોઈ સમ્રાટ અકિંચન બની જાય છે અને એ રીતે પણ પોતાનો વૈભવ વ્યક્ત કરે છે—બરાબર એવી જ દશા 'રાજા'ની થયેલી હતી.

આ વખતે અમે શરાવતીની જમણી એટલે કે ઉત્તર તરફની બાજુએ આવી પહોંચ્યા હતા. અતિથિગૃહમાં ન રોકાતાં અમે દોડતા સીધા 'રાજા' પ્રપાતને પડખે જઈને ઊભા.

ત્યાં એક તરફથી સખત તડકો અને બીજી તરફથી નીચેથી ઊડતા તુષારોનું ઠંડું ધુમ્મસ એ વચ્ચે સપડાયાથી અમારી જે દશા થઈ તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. રાજાના મુગટ જેવા શોભતા ગરમ ગરમ પથ્થરો ઉપર વાંકા વળીને નીચે ખીણમાં અમે ડોકિયું કર્યું. ઉપરથી રાજાની જે ધારા નીચે પડતી હતી તે ઊંડે જમીન સુધી પહોંચતી જ ન હતી. કોઈ મદોન્મત્ત હાથીની સૂંઢ જેવો એક પ્રચંડ સ્રોત ઉપરથી નીચે પડતો અમને દેખાતો હતો. નીચે પડતાં પડતાં તે શતધા વિદીર્ણ થઈ તેની સહસ્ર ધારાઓ બની જતી અને આગળ જતાં તે ધારાનાં મોટાં જલબિંદુ બનીને મોતીની માળાની જેમ તેઓ શોભવા લાગતી. આ મોતીઓનું પણ હજી આગળ જતાં ચૂર્ણ થઈ તેના મોટા મોટા કણ દેખાવા લાગ્યા. હવે નીચે આગળ વધવું છોડી દઈ તેઓએ થોડોક સ્વચ્છન્દવિહાર શરૂ કર્યો. એ મોટા કણ પણ છિન્નભિન્ન થઈ ગયા અને તેઓએ સીકરપુંજનું રૂપ ધારણ કર્યું અને વાદળાંની જેમ તેઓ વિહરવા લાગ્યા. પણ આટલેથી પ્રકૃતિમાતાને સમાધાન થયું નહિ. આ વાદળાંમાંથી આગળ જતાં નિહારિકાનું

ધુમ્મસ બન્યું અને પવનની લહેરો સાથે ઊડીને તે બધી હવાને શીતળ બનાવવા લાગ્યું. નવાઈની વાત તો એ કે આટલી મોટી જલધારાનો એક છાંટો પણ ઠેઠ જમીન સુધી પહોંચતો ન હતો! નીચેની જમીન જોઈએ તો ગરમ અને ઉપરની ઠંડી! એવી સ્થિતિ જોઈને મને રાજાઓનું દાન યાદ આવ્યું. પ્રજાજનોને દુકાળથી પીડાતાં જોઈને રાજાઓ જ્યારે ઉદાર હસ્તે પૈસા આપવા માંડે છે ત્યારે તેના જયનાદથી આખું વાતાવરણ ગાજી ઊઠે છે, પણ ગરીબ બિચારી જનતાના મુખ સુધી અન્નનો એક કણ પણ પહોંચતો નથી.

અહીંના ઇંદ્રધનુષ્યની શોભા તો એવી હતી કે અલકેશ્વરના મનમાં પણ ઈર્ષ્યા ઉત્પન્ન થાય. માત્ર આ ઇંદ્રધનુષ્યો સ્થાયી ન હતાં. પવનની લહેર જેમ દિશા બદલે તેમ એ સીકરપુંજો પણ પોતાનું સ્થાન બદલતા. આથી પાર્વતીના ઇશારા પ્રમાણે જેમ શંકર નાચવા માંડે તેમ આ ઇંદ્રધનુષ્યો આમથી તેમ દોડતાં દેખાતાં હતાં. ક્ષણમાં તેઓ ક્ષીણ થઈ જતાં, તો બીજી જ ક્ષણે મયાસુરના મહેલની શોભા ધારણ કરતાં. કર્મની સાથે જેમ તેનું ફળ આવે જ છે, તે પ્રમાણે દરેક ધનુષ્ય સાથે તેનું પ્રતિધનુષ્ય પણ પોતાનો વર્ણક્રમ બરાબર ઊલટો કરીને હાજર થતું. અમે જગ્યા બદલી એટલે પેલાં સુરધનુષ્યોએ પણ પોતાનું સ્થળ બદલ્યું. સુરધનુ અને સુરધુનીની આ આહ્લાદજનક રમત અમે લાંબા વખત સુધી વિસ્મયવિમુગ્ધ ભાવે જોતા જ રહ્યા. જેટલું વધારે જોતા તેટલી દર્શનની પિપાસા વધ્યે જ જતી. કલાક બે કલાક જ અહીં થોભી શકાશે એમ અમે જાણતા હતા. પ્રતિક્ષણે અમારું પુણ્ય ક્ષીણ થતું જાય છે, અને થોડા વખતમાં જ અમારે મર્ત્યલોકમાં જવાનું છે એનું અમને ભાન હતું. સ્વર્ગલોભી દેવો જે વિષાદથી સ્વર્ગસુખનો ઉપભોગ લે છે, પરાક્રમી પુરુષો પોતાના યૌવનના ઉત્તરાર્ધમાં પોતાના સંકલ્પની પૂર્તિ માટે જેવા અધીરા બની જાય છે તેવા વિષાદથી અને તેટલા અધીરા થઈને અમે બધા પેલી ગંધર્વનગરીનું આંખ, કાન, ઘ્રાણ અને આખી ત્વચાથી સેવન કરવા લાગ્યા અને સાથેસાથે અમારી કલ્પનાઓ દ્વારા તે જ આનંદને શતગુણિત કરીને તેનો લહાવો લેવા લાગ્યા.

આગલે દિવસે અમે ત્રણ હોડીઓ લઈને નીકળ્યા હતા. વચલી હોડીમાં સ્ત્રીઓ અને બાળકો હતાં અને અમે પુરુષો બાજુએ ચાલતી બે હોડીઓમાં બેઠા હતા. રાત્રિનો સમય હતો. ચંદ્રમા ઉપર આકાશમાં હસતો હતો. તેનું તે કાવ્ય બાળાઓએ હૃદયમાં ઝીલ્યું અને ત્યાંથી તે આલાપોના રૂપે બહાર પડવા લાગ્યું. દરેક બાળાએ પોતાનું વહાલું ગાયન નદીના સપાટા ઉપર તરતું મૂક્યું. તે નાદ કાને પડતાં વેંત નાળિયેર અને સોપારીનાં વૃક્ષ રોમાંચિત થયાં અને પોતાનાં ઉન્નત મસ્તકો કિંચિત્ નમાવીને તે આલાપોનું પાન કરવા લાગ્યાં. થાકી જતાં સુધી બાળાઓએ ગાયનો ગાયાં. પછી તેઓ સૂઈ ગઈ. ચંદ્રમા આથમી ગયો. સર્વત્ર અંધારાનું સામ્રાજ્ય પ્રસ્થાપિત થયું અને અનંત તારકાઓ આસપાસની ટેકરીઓ તરફ મીટ માંડીને જોવા લાગી. આસપાસની નીરવ શાંતિ જાગતી હતી કે નિદ્રામાં પડી હતી તે કહેવું મુશ્કેલ છે.

જ્યારે જ્યારે ઊંઘમાંથી જાગીએ ત્યારે ત્યારે કોક વખત હલેસાંનો અવાજ, કોક વખત ખલાસીઓના વાંસ સાથે કુસ્તી ખેલતાં પાણીનો અવાજ અને વળી કોક વખત ખલાસીઓ એકબીજાને સાદ પાડતા હતા તેનો તીણો અવાજ કાને પડતો. આખરે પરોઢ થયું. પક્ષીઓએ પોતાનો કિલકિલાટ શરૂ કર્યો. વચલી હોડીમાં સૂતેલી કોયલો પણ જાગે તો કેવું એમ મને થયું. મારા ગદ્ય આમંત્રણને તેઓએ આલાપોથી જ જવાબ આપ્યો. વૃક્ષોએ પણ રાત્રે સાંભળેલા આલાપ યાદ કરીને 'આ જ તે ગઈ રાત્રિનું સંગીત' એમ એકબીજાને જણાવવા માટે પોતાનાં મસ્તકો હલાવવાની શરૂઆત કરી. રાત્રિનો જલવિહાર સાચે જ સાત્ત્વિક, શાંતિમય અને યૌવનમય હતો.

ઉષઃકાલનો જલવિહાર સાત્ત્વિક, શાંતિમય અને યૌવન-પ્રસન્ન હતો ખરો, પણ ધોધનું આ દર્શન માત્ર અદ્દભુતભીષણ અને રોમહર્ષણ હતું. હવે તે બાળાઓના મોઢા ઉપર પ્રાતઃકાળની મુગ્ધ પ્રસન્નતા રહી ન હતી. 'આવું અદ્દભુત દશ્ય કેવી રીતે સર્જાયું હશે? સાચે જ આપણે પૃથ્વીતલ પર છીએ કે સ્વપ્નસૃષ્ટિમાં?' એ જાતનો વિસ્મય તેમના મોઢા ઉપર સ્પષ્ટ

દેખાતો હતો; તેઓ એકબીજાની આંખ સામે જોઈને પોતાનો વિસ્મય વધારતી જતી હતી; અને એમનો તે વિસ્મય જોઈને અમે જ જાણે આ કાવ્યમય સૃષ્ટિના વિધાતા છીએ એવું અભિમાન અમને થતું હતું.

ખાવાનો સમય થઈ ગયો હતો. અમે એક ગામડા નજીક આવી પહોંચ્યા હતા. ત્યાં એક ડાંગર ભરડવાની ઘંટી હતી. ભફ્ ભફ્ ભફ્ ભફ્ કરતી તે મિલ લોકોની શાંતિ, તેમનું સ્વાસ્થ્ય અને તેમની આજીવિકાને ભરડી નાખતી હતી. અમે ધરાઈને જમી લીધું અને અમારી વાટ જોતા ઊભેલા તૈલવાહનમાં આરૂઢ થયા.

રસ્તામાં અમારો સારથિ પેટ્રોલના ડબ્બામાં થોડું તેલ હતું તેમાં જ પાણી ભરી લાવ્યો અને તે તેણે મોટરમાં રેડ્યું. પાણી ગરમ થયું અને તેલનો ધુમાડો પાણીમાં મળ્યો એટલે પૂછવું જ શું ? ડગલે ને પગલે મોટર અડવા લાગી, ચીસો પાડવા લાગી, તકરાર કરવા લાગી અને દુર્ગંધ છોડવા લાગી. અમે કંટાળી ગયા, ચિડાયા, ક્રોધે ભરાયા અને કશો ઉપાય નથી એ જોઈને ઠંડા પડી ગયા. જેમતેમ કરીને મહામુસીબતે પાણીવાળી જગ્યાએ જ્યારે આવી પહોંચ્યા ત્યારે જૂનું બંડખોર પાણી અમે કાઢી નાખ્યું અને સજ્જન પાણી ભરી લીધું. ત્યાર પછીનો અમારો માર્ગ સાવ સહેલો થઈ ગયો.

ગેરસપ્પાના ધોધમાંથી વીજળી ઉત્પન્ન કરવી કે નહિ તેની ચર્ચા કેટલાંય વર્ષોથી ચાલુ છે. શરાવતીનું પાણી એક બાજુએ વાળી લઈને મોટા મોટા નળમાંથી નીચે ઉતારીને ત્યાં તેની સહાયથી વીજળી પેદા કરવામાં આવે તો આખા મૈસૂર સંસ્થાનને સસ્તામાં સસ્તે ભાવે તે પૂરી પાડી શકાય. એટલું જ નહિ પણ ઉત્તર અને દક્ષિણ કાનડા જિલ્લાને પણ તે પૂરી પાડી શકાય. તેથી લોકોને ભારે લાભ થશે. પણ આમ કરવાથી એ અદ્ભુતરમ્ય પ્રાકૃતિક દૃશ્ય કાયમનું નષ્ટ થશે. આ બે વસ્તુમાંથી કયું વધારે ઇષ્ટ છે તેનો હજી નિર્ણય થઈ શક્યો નથી. હજારો—નહિ લાખો લોકોને પેટ પૂરતું ખાવાનું મળશે, સેંકડો વિજ્ઞાનવેત્તા નવજુવાનોને પોતાની લાયકાત સિદ્ધ કરવાની તક મળશે, હજારો

જનાવરોની પીડા દૂર થશે, એક ઠેકાણે આવી જાતનું કારખાનું યશસ્વી થાય તો હિંદુસ્તાનના બધા પ્રપાતોનો આવો જ ઉપયોગ કરી શકાશે અને દેશને એક મહાન શક્તિનો કાયમને માટે લાભ થશે. તો પછી શું કેવળ એક ભીષણરમ્ય દૃશ્યના લોભથી આપણે આ અનેક હિતકર વસ્તુઓને જતી કરવી? કલાના શોખને પણ કંઈ મર્યાદા હોય કે નહિ? પોતાની રાણીના મનોવિનોદન ખાતર પોતાની રાજધાની રોમને બાળી નાખનાર નીરોની સુલતાની વૃત્તિમાં અને આવી કલાભક્તિમાં તત્ત્વતઃ શો ફરક છે?

આ પ્રશ્નના જવાબમાં જે ઉત્તર આપવામાં આવે છે તેનો ઉલ્લેખ કરતાં પહેલાં થોડુંક વિષયાંતર કરવાની જરૂર છે. યુરોપમાં જ્યારે મહાયુદ્ધ શરૂ થયું અને લાખો જુવાનો તોપો તથા બંદૂકોના ભોગ બન્યા ત્યારે સાહિત્યશિરોમણી રોમેં રોલાંની ભૂતદયા દ્રવીભૂત થઈ અને તેમણે ઘવાયેલા લોકોની સેવાનો થોડોક પ્રબંધ કર્યો. પણ ઉભયપક્ષના શત્રુઓએ જ્યારે એકબીજાની કલાપૂર્ણ ઇમારતો ઉપર બૉંબનો વરસાદ શરૂ કર્યો ત્યારે માત્ર તેમનાથી રહેવાયું નહિ; તેમનો કલાત્મા પુણ્યપ્રકોપથી સળગી ઊઠ્યો અને તેમણે બુલંદ અવાજે આખા યુરોપને ચેતવણી આપી કે "હે કમબખ્તો, તમારે એકબીજાને મારવા હોય તો ભલે મારી નાખો, તમારે જગતમાંથી સદંતર નષ્ટ થવું હોય તો નષ્ટ થાઓ; પણ આ કલાકૃતિઓ તો આત્માની અભિવ્યક્તિની અમર કૃતિઓ છે; એની દ્વારા જ સમસ્ત માનવજાતિનો આત્મા પોતાને વ્યક્ત કરે છે — કંઈ નહિ તો એમનો તો તમે નાશ ન કરો!"

રોમેં રોલાંની આર્ષવાણી યુરોપના આત્માએ સાંભળી અને યુધ્યમાન પક્ષોએ કલાકૃતિઓનો સંહાર બંધ કર્યો. તો કલાકૃતિઓ શું સાચે જ માનવઆત્માની અભિવ્યક્તિની દ્યોતક કે પ્રેરક છે? કે પછી તે માત્ર ઉચ્ચ અભિરુચિના આવરણ પાછળ રહેલી વિલાસિતાની જ સાધનસામગ્રી છે?

કલાને જેણે સાચેસાચ ઓળખી છે તે તરત જ કહી દેશે કે કલા અને વિલાસિતા વચ્ચે આસમાન-જમીન જેટલો તફાવત છે,

અને કલાકૃતિ દ્વારા માણસને જે નિરતિશય આનંદ થાય છે તે સૂતેલા આત્માને ખરેખર જાગૃત કરે જ છે. કરોડો વૉલ્ટની વીજળિક શક્તિ ઉત્પન્ન કરીને લાખો લોકોની આજીવિકાની વ્યવસ્થા કરવી એ કંઈ જેવીતેવી વસ્તુ નથી; પણ અસંખ્ય માણસોને કલા દ્વારા જે આનંદ અને સંસ્કારિતા મળે છે તે તો આત્માને પોષનારી વસ્તુ છે.

અને જોગ કંઈ માનવકૃત કલાકૃતિ નથી. ઊલટું એ તો કલાકારોને ભવ્યતા અને રમણીયતાનું એકીસાથે શિક્ષણ અને દીક્ષા આપનારી પ્રકૃતિમાતાની અલૌકિક વિભૂતિ છે. તેને બગાડવી એ નાસ્તિક વિદ્રોહ કરવા સમાન છે અને તેમ કરવા જતાં પહેલાં આપણે હજાર વખત વિચાર કરવો પડશે. જોગનો પ્રપાત કંઈ આ ચાલુ જમાનાની સંપત્તિ નથી. આપણા અનેક ઋષિપૂર્વજોએ એની પડખે બેસી પરમેશ્વરનું ધ્યાન ધર્યું હશે, અને આપણા વંશજોના વંશજો પણ તેનાં દર્શન કરી પોતાના જીવનની અજ્ઞાત શક્તિઓનો સાક્ષાત્કાર કરશે.

ઉપયુક્તતાવાદનો આશ્રય લઈ अल्पस्य हेतोर्बहुहातुमिच्छन् એવા જડ આપણે ન બનીએ. આ પ્રપાતને સુરક્ષિત રાખીને તેમાંથી જો કોઈ લાભ ઉઠાવી શકાતો હોય તો ભલે ઉઠાવો. એ વસ્તુ માનવબુદ્ધિ માટે અશક્ય ન હોવી જોઈએ. પણ આ તાંડવયોગના દર્શનથી મનુષ્યજાતિને વંચિત કરવાનો ધર્મતઃ કોઈને હક નથી. મંદિરમાં આપણે મૂર્તિની સ્થાપના કરીએ છીએ; કુદરતે પણ એવી જ રીતે અહીં વિરાટ સ્વરૂપની ભવ્ય પ્રતિમાઓ અમારી આગળ સ્થાપન કરેલી છે. અહીં કેવળ દર્શન, ધ્યાન અને ઉપાસના માટે જ આવવું અને હૃદયમાં કંઈ સામર્થ્ય હોય તો તદાકાર થઈ જવું.

મે, ૧૯૩૮

પથારીની આસપાસ

[એક પત્ર]

ચાલુ વર્ષની શરૂઆતમાં જ હું ચિંચવડ આવી ગયો છું. ત્રણ સપ્તાહ પૂરાં થયાં; હજી જે સંસ્થાનો હું મહેમાન છું તે જોવા પણ ગયો નથી. 'પથારીમાં પડ્યો પડ્યો, ચોવીસે કલાક ચારે બાજુનાં બારીબારણાં ખુલ્લાં રાખી મહારાષ્ટ્રની — શ્રી સમર્થ રામદાસ સ્વામીના આનંદવનભુવનની — શુદ્ધ અને પવિત્ર હવા સેવું છું. અહીંના જ ચોખા, અહીંનો જ ઘઉંનો લોટ, વજ્ર જેવા કઠણ પથરામાંથી નીકળતું સાકર જેવું પાણી અને કાઠિયાવાડી 'તાંબુ'નું દૂધ, આટલા ખોરાક ઉપર મારું વજન સારી પેઠે વધતું જાય છે. બેશક એમાં શામળભાઈની પ્રેમાળ સેવા અને ડાંગના જંગલના મધનો ફાળો તો છે જ.

આસપાસની હવામાંથી જેટલી મળે તેટલી જ માહિતીથી મારે સંતુષ્ટ રહેવું પડે છે. પણ આસપાસની હવા કાંઈ ઓછું નથી આણતી. પથારીમાં પડ્યો પડ્યો મારી સામે દૂર આકાશ સાથે વાતો કરતો સિંહગઢ હું જોઉં છું. ત્યાંથી પવન આવે એટલે ફરીફરી તાનાજીની વીરકહાણી અમને સંભળાવે છે. પેલી ઊંચી કરાડ જેના ઉપર થઈને તાનાજી સિંહગઢ ચડ્યો, પેલી નાનકડી તાનાજીની સમાધિ જેની આગળ ઊભા રહી શ્રી. શિવાજી

મહારાજે કેટલીયે વાર આંસુ ઢાળ્યાં હશે. અને રાજારામની સમાધિ ! એ તો એક સ્વતંત્ર જ પ્રકરણ છે. દિલ્હીના શહેનશાહ ઔરંગઝેબે આ ખડતલ મરાઠાઓને જીતવા માટે ઓગણીસ વર્ષ ફાંફાં માર્યાં, અને તે પણ ક્યારે ? શિવાજી અને સંભાજીના સ્વર્ગવાસ થયા પછી. દિલ્હીના ખજાનાના પૈસા અને બાદશાહી ફોજનું લોહી મહારાષ્ટ્રમાં ધોધબંધ રેડાયાં પણ એ બધું મહારાષ્ટ્રના સ્વાતંત્ર્યવૃક્ષને ખાતર તરીકે જ કામમાં આવ્યું. એ વખતનું મહારાષ્ટ્રનું શૌર્ય રાજારામને ચરણે ધરેલું હતું. મહારાષ્ટ્રના સ્વાતંત્ર્ય માટે રાજારામે જેટલાં કષ્ટ વેઠ્યાં છે, જેટલું ખમ્યું છે, તેટલું બીજા કોઈ પણ રાજાએ ખમ્યું નથી. રાજારામ તો તિતિક્ષા અને શ્રદ્ધાની મૂર્તિ હતા. આજે તેમનાં હાડકાં તાનાજીની નિધનભૂમિ પાસે જ આરામ લે છે.

અરે પરમ દિવસે જ લોકમાન્યની વાણી એ સિંહગઢ ઉપર અમે સાંભળી હતી. 'પડોશી મુસલમાની રાષ્ટ્રોની મદદથી આપણે સ્વરાજ્ય મેળવી શકીશું એ ખ્યાલ ભૂલભરેલો છે. આપ મૂઆ વિના સ્વર્ગે નહિ જવાય. આપણે હિંદુસ્તાનના બધા લોકો એક થઈશું ત્યારે જ સ્વરાજ મળશે.' એ તે વખતે સાંભળેલી તિલક–વાણી હજી પણ પેલો દક્ષિણ તરફનો વાયુ સંભળાવે છે.

* * *

અને દક્ષિણ તરફ કંઈ એકલો સિંહગઢ જ નથી. એ પેલો પ્રચંડગઢ પણ કહે છે: 'તારા પૂર્વજોના પરાક્રમનો હું પણ એક સાક્ષી અહીં ઊભો છું.' આ બન્નેનું ધ્યાન ધરવા જાઉં તો પેલાં અદેખાં વાદળાં વચમાં આવીને કહે છે: 'અરે પામર પ્રાણી ! ગુલામો વળી સિંહગઢ અને પ્રચંડગઢનાં ધ્યાન ધરતા હશે ? મહારાષ્ટ્રનું નિશાન ત્યાગ અને બલિદાનને સૂચવતા ભગવા રંગનું હતું. એ રાષ્ટ્રીય સદ્‌ગુણ જ્યારે તારા અને તારા દેશભાઈઓના હૃદયમાં ફરી સ્થિર થશે ત્યારે જ સિંહગઢનાં દર્શન કરવાને તમે લાયક થશો. છે આજે એ ત્યાગ અને વૈરાગ્ય આજના મહારાષ્ટ્રીઓમાં ? શ્રી સમર્થે અમથો એ રંગ પસંદ કર્યો નહોતો. મહારાષ્ટ્રની બુદ્ધિ

અને મહારાષ્ટ્રનું સાહસ જ્યારે ત્યાગ અને વૈરાગ્યના ઝંડા તળે એકત્ર થશે ત્યારે જ સ્વરાજ્યના દિવસો મહારાષ્ટ્ર જોઈ શકશે.' આટલું કહી એ વાદળાંઓ બન્ને ગઢ ઉપર જઈ બેઠાં — જાણે મોટાં મોટાં ગરુડ પક્ષીઓ પોતાના પહાડી માળા ઉપર બેસી ઈંડાં સેવતાં ન હોય. હવે મારી દૃષ્ટિ આગળ શું રહ્યું ? ખડકીનું રણક્ષેત્ર, અને ગણેશખિંડમાં આવેલો નામદાર ગવર્નરનો બંગલો. ઘડી પહેલાં જ સિંહગઢ જોયા પછી ગણેશખિંડના સ્મરણથી હૃદય ખિન્ન થઈ જાય છે. શું પ્રતિયોગી સહકારિતાની ભૂખડી દૃષ્ટિ એ સ્થાનનું જ ધ્યાન ધરે છે ?

ઉદ્વિગ્ન દૃષ્ટિ જમણી તરફ ફેરવવાથી મોરયા ગોસાવીનું ચિંચવડ દેખાય છે. ચિંચવડ અહીંથી એક ગાઉ પણ નહિ હોય છતાં મારી વચ્ચે અને ચિંચવડ વચ્ચે વીસ વર્ષનું અંતર છે. ૧૯૦૫માં એ સ્થાન જોવા હું ગયો હતો. એ વખતનાં એ મંદિર અને નદીના ઘાટ દૃષ્ટિ આગળ છે પણ આજનું ચિંચવડ કેવું છે, એ હું અહીં પડ્યો શું જાણું ?

મોરયા ગોસાવી કરીને એક મોટા સાધુ પુરુષ ૩૦૦ વર્ષ પહેલાં થઈ ગયા. લોકોની માન્યતા એવી છે કે એ શ્રી ગણેશના અવતાર હતા. એ ગોસાવીના કુળમાં લાગલાગટ ત્રણ કે સાત સત્પુરુષો થઈ ગયા એમ કહેવાય છે.

* * *

મુળશીપેટા પણ અહીંથી બહુ દૂર નથી. મુળશીપેટાની કહાણી શું કહે છે? એ કરુણ કહાણી સાભળતાં પણ હૈયું વલોવાઈ જાય છે. મુળશીપેટા કહે છે કે મહારાષ્ટ્રમાં ગરીબોની દાઝ વચ્ચે અને રાજદ્વારી બુદ્ધિ વચ્ચે છૂટાછેડા થયા છે. સાચા મહારાષ્ટ્રને આજે કોઈ આગેવાન જ નથી. ખેડૂત મહારાષ્ટ્ર—સ્વતંત્ર સરદારોનું પરતંત્ર મહારાષ્ટ્ર થવા માગે છે કે કેમ ? એ સવાલ જ અસહ્ય થઈ જાય છે. આનો જવાબ કોણ આપે ? દિવસમાં સો સો વખત દોડતી રેલવે ? કે ટાટા કંપનીના હાથ તળે કામ કરતા મજૂરો ? કે પૂના–મુંબઈ રોડ ઉપર દોડતી હડકાઈ મોટરો ?

અથવા દિવસ રાત ધડધડ, ધડધડ, ચાલ્યા કરતી બળદગાડીઓ ? પૂનેથી મુંબઈ અને મુંબઈથી પૂને ફરતી આગગાડીઓને મધરાતે પણ વિસામો ન મળે, તેમ ન મળે વિસામો પેલી ચૂનાની ભઠ્ઠાઓને. એક રાતે વાયવ્ય ખૂણાથી પવન વાવા લાગ્યો. મેં આશા બાંધી કે સંત શિરોમણી તુકારામ મહારાજના દેહુની કંઈક વાતો એ આણશે. કંઈ નહિ તો પાંચ અભંગો ગાઈ સંભળાવશે. પણ એણે તો ભઠ્ઠીનો ધુમાડો આણ્યો. આખી ઓરડી ધુમાડાથી ભરાઈ ગઈ અને જાણે આ મહેમાનગીરી કાચી ન રહે એટલા માટે ધુમાડા ઉપર ધૂમસે પોતાની પથારી પાથરી. એ બોજાથી દબાઈને ધુમાડો મારી ઓરડીમાં એવો તો ભરાઈ ગયો, જાણે ધોળી મીંદડીનાં ધોળાં બચ્ચાં. શ્વાસ લેવો મુશ્કેલ થઈ પડયો. છાતી ઉપર ઓથાર ચંપાતો હોય, એવો બોજો જણાવા લાગ્યો. મનમાં થયું નીચલી ઓરડીમાં જઈને બેસું તો કંઈક આરામ મળશે. પણ પંદર દિવસ સુધી ઓરડી બહાર ન જવાનું ડૉકટરી વ્રત હતું.

* * *

અહીંથી દેહુ બહુ પાસે છે, દેહુની હવામાં જ ભક્તિ ભરેલી છે. એ પેલો ભંડારા પર્વત, જેના ઉપર બેસી તુકારામ મહારાજે એના વિઠ્ઠલ આગળ પોતાનું હૃદય ઠાલવ્યું હતું. દેહુ પાસે ઇંદ્રાયણી નદીનો એક ઊંડો ધરો છે. એનો કાંઠો એ તુકારામ મહારાજની ભજનભૂમિ. એક ખૂણામાં આવેલા નાનકડા દેહુ ગામમાંથી તુકારામ મહારાજે પોતાની અભંગવાણીની એવી તો રેલ રેલાવી કે ત્રણસો વરસ થયાં હજી પણ મહારાષ્ટ્રની હૃદયભૂમિ એથી ભીની છે. એક અભંગ યાદ આવ્યો :

देव होसी तरी आणिकांतें करिसी,
संदेह येविशीं करणें न लगे ।
दुष्ट होसी तरी आणिकांतें करिसी,
संदेह येविशीं करणें न लगे ।
तुका म्हणे जे दर्पणीं बिंबले,
तें तया बाणलें निश्चयेसी ।

તું દેવ હઈશ તો બીજાને દેવ બનાવીશ. એમાં શંકા કરવાની જરૂર નથી. તું દુષ્ટ હઈશ તો બીજાને દુષ્ટ બનાવીશ. એમાં પણ શંકા નથી. તુકારામ કહે છે, જે બિંબ દર્પણમાં પડ્યું તે ત્યાં અચૂક ચોટ્યું જ સમજજે.

પણ આજકાલ દેહુ તરફનો પવન વાતો જ નથી. બાળના પતંગે ગઈ કાલે જ કહ્યું કે હવે તો આળંદીનો પવન શરૂ થયો છે. અને આળંદી પણ કેટલું દૂર છે? બહુબહુ તો નવ માઈલ.

આળંદી એ જ્ઞાનેશ્વર મહારાજનું સ્થાન. મહારાષ્ટ્રના પ્રતિભાવાન આદિકવિ અને શ્રેષ્ઠ સંતાનના ધામ તરીકે આળંદી મહારાષ્ટ્રનાં તીર્થોમાં બહુ ઊંચું સ્થાન ભોગવે છે. 'જ્ઞાનેશ્વરી' અને 'અમૃતાનુભવ' જેવા અદ્વિતીય ગ્રંથો લખી મહારાષ્ટ્રમાં ઉજ્જ્વળ સંતપરંપરા ચાલુ કરી, પોતાની ઉંમરને બાવીસમે વરસે સ્વેચ્છાપૂર્વક જ્ઞાનદેવે જીવતાં સમાધિ લીધી તે દિવસ આજનો એટલે કાર્તિક વદ ૧૩નો હતો. આજે આળંદીમાં પચાસસાઠ હજાર લોકો એ જ્ઞાનદેવને દર્શને ભેગાં થયાં હશે. પંઢરપુરની કાર્તિકી એકાદશી પૂરી કરી કે લગભગ બધી યાત્રા આળંદી આવવાની. પાંચ દિવસ સુધી આળંદીમાં ભક્તિનો મહોત્સવ થાય છે.

* * *

અમે અહીં આવ્યા છીએ ત્યારથી પાસેના રસ્તા ઉપરથી કેટલાયે વારકરીઓ હાથમાં મંજીરા અને ખભા પર વૈરાગ્યની ધજા ધારણ કરી જતા દેખાય છે. ક્રુસેડનાં યુદ્ધોના જમાનામાં ધર્મવીરો જે ઉત્સાહથી જેરૂસલમની ઝંખના કરતા હતા, એ જ આતુરતાથી આ વારકરીઓ પંઢરપુરની ઝંખના કરે છે. ફરક એ કે ક્રુસેડરો ઝનૂની, અને ઉન્મત્ત હતા અને વિધર્મીઓ પ્રત્યે ક્રૂર હતા, જ્યારે આ વારકરીઓ શુદ્ધ, સાત્ત્વિક, પ્રેમાળ અને અજાતશત્રુ જેવા હોય છે. કેટલાક ગાય છે:

पंढरीचे वाटे बाभळीचे काटे ।
सखा माझा भेटे पाण्डुरंग ॥

અને તે કેટલું સાચું ! સ્થૂળ અર્થમાં તેમ જ આધ્યાત્મિક અર્થમાં. અને કેટલાક તો એક જ ધૂન ચલાવે છે :

ज्ञानबा तुकाराम । ज्ञानबा तुकाराम ।
ज्ञानबा तुकाराम । . ...

વળી કેટલાક આપણે આશ્રમમાં ગાઈએ છીએ તેમ — ' निवृत्ति, ज्ञानदेव, सोपान, मुक्ताबाई, एकनाथ, नामदेव, तुकाराम ।' એવી રીતે ગાય છે. આ ધૂન તો મહારાષ્ટ્રને માટે ઋષિતર્પણ અથવા સંતતર્પણ છે. અને જ્યારે મનમાં વિચાર આવે છે કે જ્ઞાનોબા તુકારામનાં સ્થળો અહીંથી આઠ આઠ માઈલને અંતરે જ છે ત્યારે પગને રોકવા મુશ્કેલ થઈ પડે છે. મંદવાડ મને અહીં સુધી લઈ આવ્યો અને તે જ મંદવાડ મને ત્યાં જતાં રોકે છે!

આળંદીથી દૃષ્ટિ ફેરવીએ તો ખડકી અને પૂના નજરે પડે, પણ ખડકી એટલે અંગ્રેજોનું લશ્કર અને પૂના એટલે બુદ્ધિભેદનું અરાજક. દૃષ્ટિ ત્યાંથી ઉદ્વિગ્ન થઈ પાછી ફરે છે અને ફરી ' ज्ञानबा तुकाराम 'ની ધૂન મનમાં જાગે છે.

ડિસેમ્બર, ૧૯૨૬

ચિંચવડના પથરા

અહીંના પથરાની ખૂબી તો ઓર જ છે. સહેજ અર્ધો પોણો કલાક ફરવા જઈએ કે પથરાનું અદ્ભુત કાવ્ય નજરે પડે છે. કવિઓ પોતાનું જે કાવ્ય લખે છે તે દુનિયા આગળ પ્રગટ થાય એને માટે એમનામાં કેટલી ઇંતેજારી હોય છે! પણ કુદરત તો પોતાનું ભારેમાં ભારે કાવ્ય પૃથ્વીના ઉદરમાં હજારો અને લાખો વરસ સંતાડી રાખતાં પણ સંકોચાતી નથી. એક ઊંડી ખાણમાંથી એક ખડબચડો ગોળ પથરો અમે લઈ આવ્યા. અમે એ ભાંગ્યો તો અંદર શું મળે! જાંબુડા રંગનાં અને સાકર જેવા પાસાવાળાં નાનાં મોટાં રત્નોનો ભંડાર! પૈસાદાર લોકો આ રત્નોની કિંમત ન કરે, અથવા એમને પોતાની વીંટી ઉપર ન બેસાડે, કે હાર કરીને પોતાના ગળામાં ન પહેરે, તેથી શું આનું રત્નપણું ઓછું થયું? સૂક્ષ્મદર્શક યંત્રમાં એના પાસા જોયા તો તેમાં તો અનેક પગથિયાં દેખાયાં; જાણે કાંકરિયા તળાવનાં પગથિયાં.

બીજા કેટલાક પથરાઓ બરાબર એથી ઊલટા. એમના આખા શરીર પર નાનામોટા ખાડા અને એ બધા ખાડા પાસાદાર અને અણિયાળા. આમાં વળી રંગની મજા જુદી જ. કેટલાકની નાભિ લાલ રંગની, જ્યારે કેટલાકની સાવ આસમાની રંગની. જ્યારે કેટલાક પથરાઓ પર હીરાકણીની ભાત પડેલી; ગમે તે દિશાએ જુઓ એ ચળકયા જ કરે. આ કણીઓમાં કેટલીક રાઈ કરતાંય ઝીણી, અને કેટલીક અમદાવાદી બોર કરતાંય મોટી. લીલા રંગના પથરાનો તો કોઈ અહીં ભાવ પણ ન પૂછે. કેટલાક પથરાઓમાં અંદર બહાર બધે લીલાં લીલાં ટપકાં જ હોય છે, અને વચમાંવચમાં અબરખ જેવો ચળકાટ હોય છે. એ પથરો જેટલો રૂપાળો હોય છે તેટલો જ સુંવાળો પણ હોય છે. પથરામાં

એની જાત કાચી ગણાય. કુદરતમાં લીલો રંગ અસ્થિર છે. લીલા રંગનો ભરોસો ન રખાય. આજે છે ને કાલે નથી. વનસ્પતિમાં પણ આપણે નથી જોતા કે તડકાને લીધે જ લીલો રંગ ખીલે છે અને એ તડકો જ એ રંગને ચૂસી જાય છે? લીલો રંગ એટલે ઘડીકની લહેર. વાદળી રંગ એથી સાવ ઊલટો— આકાશ જેવો સ્થિર. અમારી પાસે વાદળી રંગના જાતજાતના પથરાઓ છે. કેટલાકનો રંગ બહુ ઘેરો હોય છે ને કેટલાકનો સાવ ફીકો. આ રંગ બધે સરખો નથી હોતો. श्यामाच्छबलं प्रपद्यते એ ઉપનિષદનું વચન રટતા હોય તેવા આ પથરા હોય છે. સ્લેટના રંગથી માંડીને સફેદ રંગ સુધીના અનેક પ્રકારો એમાં હોય છે. પરવાળાના રંગના પથરા બહુ મળતા નથી, પણ જ્યારે મળે છે ત્યારે મન હરી લે છે. એમનો લાલ રંગ હસમુખો અને ડાહ્યો છતાં ખાનદાન હોય છે. બીજો એક પથરો લીંબુના ચોથા ભાગની ચીરના આકારનો છે. એની એક બાજુ તમે જુઓ તો કહેશો કે લાલ દરવાજા આગળની મસ્જિદમાં જે અર્ધગોળ જાળી છે તેવો જ એ દેખાય છે. આની ધરતી ખડબચડી ભાતવાળી છે, અને એની કોર આંગળી જેટલી જાડી ને વાદળી રંગની છે. બીજા એક પાતળા પથરામાં પાસાદાર ચકમકની એક ઊંડી ગુફા છે. બાળ ઘણી વાર સૂક્ષ્મદર્શક કાચ લઈને અંદરનું સંશોધન કરે છે, પણ એ કેટલી ઊંડી છે એનો પત્તો એને હજુ નથી લાગ્યો. પથરો તોડીને જોવા જેટલો એ અરસિક સંશોધક નથી થયો.

પથરાની બીજી એક જાતને અમે અનેનાસનું નામ આપ્યું છે. એને ભાગીએ કે અનેનાસનાં પતીકાં અને તેની ચીરો જેવા કકડા થાય છે. એમાંનો એક કકડો જાપાની પંખાના આકારનો છે. એક કાચબા જેવો છે; માત્ર છેક कूर्मोऽङ्गानीव सर्वशः । એક ચકમકનો પથ્થર ચામડાના રંગનું બખતર પહેરી બેઠો છે. આપણા મોટામોટા પાણીના દેગડા પરની કંસારાની હથોડીના ઠોક જેવી તેના પર ભાત છે. કેટલાક પથરાઓને ચકમકના કહેવા કે આરસપહાણના? એવી શંકા આવે. કેટલાક તો મીણના ગોળા જેવા લાગે છે. એક પથરામાં પ્રશ્નચિહ્ન જેવી લીટીઓ છે જ્યારે બીજામાં અષ્ટકોણી રકાબીનો ભાંગેલો કકડો હોય એવી ભાત છે.

તમે શંખજીરું જોયું છે? એ બહુ લીસો ને પોચો પથરો હોય છે. મરડામાં ને સંઘરણીમાં એની ઝીણી ભૂકી કરી માવાની બરફી સાથે ખવડાવે છે. એ શંખજીરા જેવા—પણ શંખજીરું નહિ—પથરાઓ પણ અહીં મળે છે. એનો આકાર સકરપારિયા ચોસલા જેવો હોય છે. એનાં પડ દેખાય છે એક રીતે, પણ એને ભાંગીએ ત્યારે બીજી જ રીતે ભાંગે છે. મારી પાસે એક મજાનો ત્રિકોણી પથરો છે. એ ચળકે છે ફટકડીની જેમ. પણ એની ભાત કઈ રીતે વર્ણવું? એક જ પાયા પર નાનામોટા અનેક સમદ્વિભુજ ત્રિકોણો ઊભા કરીએ તો જેવી આકૃતિ થાય તેવો એ છે. બાણુની ટોચના આકારનો પણ કહી ન શકાય. કેટલાક પથરાઓમાં વાંકીચૂંકી પણ સમાંતર ને સફેદ લીટીઓ હોય છે. આપણે ત્યાં જિલ્લાવાર 'કાન્ટોર મૅપ્સ' પડેલા છે. એમાં ટેકરી બતાવવા માટે જે લીટી દોરેલી હોય છે તે ઉપરથી કંઈક ખ્યાલ આવશે.

અંગ્રેજીમાં ત્રણ શબ્દો છે: 'ટ્રાન્સ્પેરન્ટ, ટ્રાન્સ્લ્યૂસંટ, અને ઓપેક.' ટ્રાન્સ્પેરન્ટ એટલે સજ્જનના મન જેવા પારદર્શક, ઓપેક એટલે મુત્સદ્દીઓના હેતુ જેવા અપારદર્શક, અને ટ્રાન્સ્લ્યૂસન્ટ એટલે વિદ્યાર્થીઓના નિબંધ જેટલા અસ્પષ્ટપારદર્શક. મારી પાસે ત્રણે જાતના પથરાઓ છે અને વિશેષ મજા એ કે એક જ પથરામાં કોકકોક વાર આ ત્રણે સ્થિતિ જોવા મળે છે. કેટલાક પથરાઓ સાવ બાઘા જેવા દેખાયં છે, પણ જ્યારે પ્રકાશ અને આપણી આંખ વચ્ચે આપણે એમને ધરીએ ત્યારે પોતાની અંદર રહેલી બધી કળાઓ પ્રગટ કરે છે. તમે સમુદ્રની છીપો તો ઘણી જોઈ છે. અહીં એ રંગના દૂધિયા પથરા પણ મળે છે. એક નાનકડો પથ્થર કાચકાગળ જેવો છે. એના પર અમે અમારી પેનાસલની અણિ કાઢીએ છીએ.

ચોમાસાના વરસાદમાં જેને દિનરાત કામ કરવું પડ્યું છે એ જાણે છે કે પગનાં આંગળાં સડી જાય છે ને બે આંગળાં વચ્ચેનો ભાગ આસમાની ધોળો થઈ જાય છે. પગની એ સ્થિતિ જોઈ આપણને ચીતરી ચડે છે, પણ પથરામાં જ્યારે એ ઝાંખ દેખાય છે ત્યારે એ જોતાં મન ઠરે છે. બાળે ક્યાંકથી હાથની આંગળી જેવો જ એક પથરો આણ્યો છે. એના પર કાચકાગળ જેવી કણીઓ છે.

પણ આવી કણીવાળો ઉત્તમમાં ઉત્તમ પથરો પ્રભુદાસ પાસે છે. કોઈ પણ કળારસિક માણસ એને એક વાર જુએ તો ભૂલી ન જાય. અમારી પાસે પથરાનું એક નાનકડું ભૂંગળું પણ છે એની અંદરની બાજુ બધા હીરા હીરા ચોંટેલા છે. એ કઈ રીતે બને છે એ તમારે જાણવું જોઈએ. ખાંડમાંથી સાકર કઈ રીતે બનાવે છે જાણો છો? સમુદ્રના પાણીમાંથી મીઠાના સરખા જ પાસાવાળા અને આકારવાળા નાનામોટા ગાંગડા કઈ રીતે બને છે એનો તમને ખ્યાલ છે? મોરથૂથુ અને ફટકડી બંને એક જ પાણીમાં ઓગળી ગયા પછી એમને ફરી અલગઅલગ કેવી રીતે કરવાં એની યુક્તિ તમે સાંભળી છે? નાનકડા કે લાંબા કાગળમાં એ બધું હું તમને ન કહી શકું. કિશોરલાલભાઈને અથવા શંકરલાલભાઈને તમે પૂછી જોજો. વેરૂળની કે અજંટાની હજાર કે બે હજાર વરસ પહેલાંની કારીગરી જોઈને આપણને અચંબો થાય છે અને આપણે એમની પાસેથી મળતો ઇતિહાસ શોધીએ છીએ. પણ મારા હાથમાં રમતા આ નાનામોટા પથરાઓ પાસે એટલો બધો જૂનો ઇતિહાસ છે કે વેદકાળને પણ આ પથરાઓ ગઈ કાલને નામે સંબોધે છે!

તમારામાંથી કેટલાક જણ જાણતા હશો કે ભૂસ્તરવિદ્યા કરીને વિજ્ઞાનનો એક ભાગ છે. એ શાસ્ત્ર પૃથ્વીના પડની સ્થિતિ કેવી છે, તે શાથી આવી બની છે, વગેરે બધી વસ્તુઓની તપાસ કરે છે. આ શાસ્ત્રનો ખેતીમાં, કૂવા ખોદવામાં, ખાણો ખોદવામાં વગેરે અનેક કામમાં ઉપયોગ થાય છે. ધરતીકંપનાં કેટલાંક કારણો પણ આ શાસ્ત્ર પાસેથી મળી શકે છે. ભૂતકાળ તરફ પ્રયાણ કરતાં જ્યાં ઇતિહાસ થાકે છે ત્યાં આ શાસ્ત્ર પોતાનું કારભારું શરૂ કરે છે. જો ચંદ્રશંકરને તમે પકડી શકો તો એચ. જી. વેલ્સના ઇતિહાસમાંનાં પહેલાં થોડાં પ્રકરણનો સાર એ તમને આપી દેશે, અને પૃથ્વીની ઉંમરમાં આખી માણસજાતનો ઇતિહાસ એક ક્ષણ સમાન જ છે એ તમને સિદ્ધ કરી આપશે. એ માનવપૂર્વ ઇતિહાસના પ્રતિનિધિ તરીકે આ પથરા અહીં છે!

તમારામાંના કેટલાક જણ મારી સાથે ખંભાત આવ્યા હતા. ત્યાં આપણે અકીકની કારીગરી જોવા ગયા હતા. રાજપીપળાના

ડુંગરામાંથી અકીકના પથરા આણી ભઠ્ઠીમાં તે પંકવે છે એટલે એ પથરામાં જાતજાતના રંગો અને ભાતો ખીલે છે. એ તો કૃત્રિમ ક્રિયા થઈ. કુદરત એ જ ક્રિયા લાખો વરસથી — હા સાચે જ લાખો વરસથી — પૃથ્વીના પેટમાં કરતી આવી છે. એ ક્રિયા આપણાથી અજ્ઞાત અને ચુપચાપ ચાલે છે. 'સીલીકેટ' (ચકમકનો પથ્થર)નો રસ બે પથરા વચ્ચે અથવા એકાદ મોટા પથરાના પેટમાં ઘૂસે છે. ત્યાં એના જાતજાતના આકાર થઈ જાય છે. એકાદ પથરાના પેટમાં પોલાણુ વધારે હોય અને 'સીલીકેટ'નો રસ ઓછો ગયો હોય એટલે એના મજાના પાસા પડે છે. અહીંથી કેટલાક સુંદર સુંદર પથરા મોકલવાનું મન થાય છે. તમને સાચવવાનું મન થાય તો સાચવશો, નહિ તો મહાવિદ્યાલયમાં શ્રી. નારાયણ મલકાનીને એ સોંપી દેજો. એ અજબ વસ્તુના શોખીન છે. એમનો કંઈક ઉપયોગ જરૂર કરશે.

અહીં પ્રભુદાસે પણ પોતાનો સંગ્રહ કરવાની શરૂઆત કરી છે. એની પાસે તો ખૂબ જ આકર્ષક પથરા ભેગા થયા છે. એક પથરાનો આકાર કાન જેવો છે. પણ એ કશું સાંભળતો જ નથી. રામનામનું રટણ કરતી વખતે વાલ્મીકિઋષિના કાન ક્યાં દુન્યવી વાતો સાંભળતા હતા? બીજા એક પથરામાં કાળી, પીળી અને જર્દા રંગની એવી મજાની લીટીઓ છે કે મને તો આગ્રાના ઇતમદ્દૌલાની કબર જ યાદ આવી. બીજા એક પથરામાં સમકેંદ્ર લીટીઓ જ છે. ડુંગળી અર્ધી કાપી હોય એટલે અંદરનાં પડ જેવાં દેખાય છે અથવા આંગળી ઉપરનાં શંખચક્ર જેવાં હોય છે તેવી જ આ લીટીઓ છે. માત્ર આની લીટીમાં ઠેરઠેર ખૂણા પડેલા હોવાથી આની શોભા કરોળિયાની જાળ જેવી છે. અહીં પાઠશાળાના વિદ્યાર્થીઓ પ્રભુદાસને પૂછે છે કે 'આ પથરાઓનું તમે શું કરો છો?' પ્રભુદાસ શો જવાબ આપે છે તે હું જાણતો નથી. મને એક વાર રામદાસભાઈએ પૂછેલું કે 'આ તારાઓ જોવાથી શો લાભ થાય?' ત્યારે મને કશો જવાબ સૂઝ્યો ન હતો. કેમ કે એ સવાલ જ મને સૂઝ્યો ન હતો.

જાન્યુઆરી, '૨૫

કવિ અને ચારણ

સવારની સાડાચાર વાગ્યાની પ્રાર્થના કરી આકાશમાં દોડતાં વાદળાંઓની રમત જોતો જોતો હું સૂઈ ગયો. ઘડીકમાં આકાશ વાદળાંથી ઘેરાઈ જાય અને ઘડીકમાં બધું સાફ થાય. અધીરા આકળા સ્વભાવવાળા મિત્રો વચ્ચે જે ગેરસમજ અને દિલ-સફાઈનાં ઝોકાં ચાલ્યા જ કરે છે તેવી જ આ રમત હતી. રાત્રે અગિયાર–સવાઅગિયાર વાગ્યે ઊગેલો ચાંદ અત્યારે માથા ઉપરથી ચાંદરણું વરસાવતો હતો.

અંતે જ્યારે ચિત્રા અને સ્વાતિની જોડી ઠીકઠીક ઉપર આવી ત્યારે અમે ઊઠ્યા. હવામાં ઠંડી તો હતી. પણ પથારી છોડવા સામે વાંધો ઉઠાવે એટલી આગ્રહી ન હતી. ચાદર, રજાઈ અને કંબળ એટલું મેં ઓઢ્યું હતું એના પર હવાએ ઝાકળની એક પછેડી ઓઢાડી. પરિણામે ઓઢેલી વસ્તુઓનો ભાર કાંઈક વધ્યો, અને ચાદર ઇત્યાદિ શરીર સાથે ચપ બેસી જવાથી હૂંફ પણ વધી.

*　　　*　　　*

મોસંબીનો રસ લઈ અમે ફરવા નીકળ્યા. પવનબુરજનો પુરાણો અનુભવ હું ભૂલ્યો ન હતો, એટલે માથે મફલર વીંટીને જ ત્યાં ગયો. કડેલોટ, પવનબુરજ, ઉદયભાનુની કબર, તાનાજી ચડ્યા તે "દરડ"; તાનાજીની સમાધિ, ગણેશ કુંડ, ખાનકડા, કલ્યાણ દરવાજા, ઝુંજાર બુરજ, દેવટાંકું એમ કરતા પાછા આવ્યા.

એક કલાકની અંદર આખા સિંહગઢની મુલાકાત પૂરી થઈ. કંઈક વધારે ફર્યા હોઈશું. કુદરતની ભવ્યતા અને ઇતિહાસનાં એ સ્મરણો માણુસને ભાટ બનાવી દે છે !

કુદરતના કિમિયાથી માણુસ કવિ બને એમાં આશ્ચર્ય નથી. એમાં અજુગતું પણ કશું નથી. પણ જેની તેની આગળ પોતાની માહિતી કે કલ્પના ફરીફરી કહેવાનો ઉત્સાહ એ ભાટચારણુની ખાસિયત છે. મારી સાથે સિંહગઢ જોવા કોઈ ફરે એટલે એ ચારણુવૃત્તિ જાગતી. પણ આખરે એ સાહચર્ય તરફ મારું ધ્યાન ગયું અને તરત ચારણીવૃત્તિ શમી ગઈ. જે દોષ દેખાઈ આવ્યો એનું જોર ઓછું પડવાનું જ. હવે નથી માનતો કે હું લોકોને સિંહગઢ વિષે સમજાવવામાં રસ લેતો રહીશ! કાવ્ય તો ખૂટવાનું જ નથી. બલકે વધશે. કેમ કે એ વસ્તુ જ ન્યારી છે. કાવ્યથી આત્મા—એટલે કે હૃદય સમૃદ્ધ થાય છે, ચડે છે. ચારણુવૃત્તિ એ એક સામાજિક વૃત્તિ ગણાય. એમાં અહંપ્રેમ કેળવવાનો પણ ભય રહ્યો છે.

કવિ કાવ્ય લખે છે તે પણ અન્તે સમાજને જ મળે છે. સમાજ એ કાવ્ય અનુભવે એથી કવિને સંતોષ પણ થાય. પણ સાચો કવિ કાવ્ય લખતી વખતે પોતાને ભૂલી જાય છે, પોતાની કાવ્યરસનિર્મિતિ સાથે એકરૂપ થાય છે. એમાં અહંપ્રેમનો સંભવ ઓછો.

વાસરીમાંથી, ૧૫-૪-'૩૩
સિંહગઢ

ઘંટાશિલેશ્વર

અમે રહીએ છીએ એની ઈશાન્ય-પૂર્વે આ ટેકરી આવેલી છે. આસપાસ એકે ઝાડ ન મળે, ઘાસ પણ એટલું ઓછું ઊગે છે કે આ સ્થાનને બીડ પણ ન કહેવાય. જ્યાં જુઓ ત્યાં ચકમકના જાતજાતના પથરાઓ પાથરેલા નજરે પડે છે.

આ ટેકરી ઉપર મોટી મોટી શિલાઓનું સ્નેહસંમેલન ભરાયું છે. જાણે અલમસ્ત અને કાળા મેશ જેવા પાડાઓનું ખાડું.

આમાં એક શિલા સ્વભાવે સૌથી જુદી પડે છે. જાણે શિલાઓની રાણી. આ શિલાએ પોતાને બેસવા માટે બીજી એક શિલાની ગાદી બનાવી છે, અને અઢેલવા માટે તકિયા તરીકે પણ એક શિલા જ રાખી છે.

આ શિલાના ઘડતરમાં જ એવી કાંઈ ખૂબી છે કે એના આસનમાં એ હું નથી જાણતો, પણ એ શિલાને લાકડી કે પથ્થર ઠોકીએ એટલે એમાંથી રણકાર નીકળે છે. જાણે મંદિરનો ઘંટ.

ગાયો ચરાવતા ચરાવતા રબારી છોકરાઓએ (અહીં એમને ગુરાખી [ગુરે+રાખી] કહે છે.) આ શિલાની કોણે અને ક્યારે શોધ કરી કોણ જાણે. પણ આજે તો એ ટેકરી અને આસપાસનું બીડ 'ઘંટાશિલેશ્વર' તરીકે પ્રખ્યાત છે.

છોકરાઓએ એ શિલાના પેટ ઉપર એક ખાડો કોતરી કાઢ્યો છે. એ ખાડામાં મોટા નાળિયેર જેવો પથરો મૂકી અથડાવે છે. અને ઘંટાનાદનો આનંદ લે છે. તમે જો કોઈ કાળે ચિંચવડ આવો તો ઘંટાશિલાનું દર્શન કર્યા વગર જતા નહિ.

ચિંચવડ, જાન્યુઆરી, '૨૬

પુણ્ય તારાનગરી

પૂનાથી સિંહગઢ જોવામાં કશી વિશેષતા નથી. દક્ષિણે એક ઊંચો પહાડ પથરાયેલો છે. અને જમણી બાજુ એનું ઊંચું શિખર કંઈક સપાટ ફેલાયું છે, એટલો જ સિંહગઢનો ખ્યાલ આવે છે. કિલ્લાની ડાબી બાજુનો, એટલે કે પૂર્વ તરફનો ભાગ કંઈક દબાયો છે, ત્યાં એક પગથિયું થયું છે અને એની સામે એક શિખર ઉપર બટાકો રાખ્યો હોય એવો એક પથ્થર છે. કલ્પના બહુ દોડે તો એટલું જ કહે કે મહાદેવ આગળ નંદી બેઠો હોય તેવી રીતે સિંહગઢ આગળ તે ઉચ્ચ પથરો બેઠો છે.

પણ સિંહગઢ પરથી પૂનાનું દૃશ્ય અનેક રીતે આકર્ષક છે. મૂઠા નદી ઉત્તર તરફની આખી ખીણ ધોતી ધોતી આગળ વધે છે. ખડકવાસલાના બાંધને કારણે એનું કશું જ નુકસાન થયું નથી. સમૃદ્ધિશાળી સરોવરની પેઠે એ ચારેકોર પ્રસન્નપણે ફેલાય છે, અને તેટલી જ શાંતિથી આગળ વધે છે. એને કોઈ માતાની પેઠે પૂનાને કેડે લઈ મૂળા નદીને મળવું છે. પણ મળવાની એને કશી ઉતાવળ નથી. સંગમ આગળ મૂળા–મૂઠા મળે છે ત્યાં કોઈ જાતનો સંભ્રમ કે ઉન્માદ દેખાતો જ નથી.

સિંહગઢ ઉપરથી પૂના નરી આંખે સ્પષ્ટ દેખાય છે, અને દૂરબીનમાં તો એથીયે સ્પષ્ટ દેખાય છે. પૂના શહેર કેટલું પહોળું છે એનો ખ્યાલ આટલી ઊંચાઈએથી જ બરાબર આવી શકે છે. પર્વતી અને પર્ણકુટી એન્જિનિયરિંગ કૉલેજ અને ખેતીવાડી કૉલેજ–બધું સ્પષ્ટ દેખાય છે. સોગન ખાવા માટે અહીં જે એક બે મિલો છે તે પણ અરસિકપણે પોતાની હસ્તીનું ભાન કરાવે છે.

પણ પૂનાનું સાચું દર્શન તો રાત્રે જ થાય છે. જ્યારે આકાશ સ્વચ્છ હોય છે અને ચાંદરણું નથી હોતું ત્યારે વીજળીના અસંખ્ય તારાઓ એક છેડેથી બીજે છેડે સુધી ઝબૂક ઝબૂક ચળકયાં જ કરે છે. મધ્યરાત્રે ઊઠીને જુઓ તોયે પૂનાના એ તારાઓ સૂતાં નથી હોતા. સવારે ઊઠીને જુઓ તોયે એ જ સ્થિતિ. જ્યારે પૂર્વ તરફ હસતી ઉષા આવે છે, ત્યારે જ એ દીવાઓ પૂનાને એના સુરક્ષિત હાથમાં સોંપી દઈ પોતે વિરામ પામે છે. ત્યાં સુધી એ દીવાઓ "અવિચળ મંગલ નત નયને, અનિમેષે" પ્રકાશ પાઆં જ કરે છે.

સિંહગઢ પરથી જ્યારે પૂનાનું આ તારાનગર જોઈએ છીએ ત્યારે તે કેટલું શાંત, પ્રસન્ન અને પવિત્ર લાગે છે! ન મળે કોઈ અવાજ, ન મળે કોઈ ઉત્પાત કે ધમાલ; કેવળ વીજળીના અગણિત દીવાઓ પોતાનો સૌમ્ય મંગલ પ્રકાશ અનંત આકાશમાં ફેંકી દે છે. મેજ પરના ફૂલપાત્રમાં ભેગાં થયેલાં ફૂલો જેમ હસ્યાં જ કરે છે તેમ વિશાળ અંધકારમાં આ દીવાઓનું સંમેલન ટમટમ્યાં કરે છે. આ લક્ષાવધિ પ્રકાશબિંદુઓ એકત્ર થઈને પણ રાત્રિનું અંધારું અને રાત્રિની શાંતિ નષ્ટ કરી શકતાં નથી. નિર્વાત પ્રદેશમાં પવનનો નાનો સરખો સુસવાટ જેમ ફેલાયેલી શાંતિને વધારે સ્પષ્ટ અને વધારે નિબિડ બનાવે છે તેમ જ આ દીપવૃંદ રાત્રિની નિવૃત્તિને જ વધારે ઉત્કટ કરે છે. જ્યારે પ્રત્યક્ષ પૂનાના રસ્તાઓ ઉપર ફરીએ છીએ ત્યારે આ વીજળીના દીવાઓ એમની નફફટ આત્મશ્લાઘાને કારણે કેટલા ભૂંડા દેખાય છે! પણ આટલે અંતરે એ જ દીવાઓ મંદિરની દીપમાળાની પેઠે સૌમ્ય અને પવિત્ર બની જાય છે. ચારે કોર પથરાયેલા ધ્વાંતસાગરમાં એક મોટું જહાજ લંગર નાંખીને પડયું હોય અને ગમે તે ક્ષણે મુસાફરીએ નીકળવાની તૈયારીમાં હોય એવું દર્શન દે છે.

એમાં પણ બધા દીવા સરખા નથી. પૂનામાં જે પ્રમાણમાં સંપત્તિ વેરાઈ છે તે જ પ્રમાણમાં આ દીવાઓ પણ ઓછાવત્તા પ્રકાશ ફેલાવે છે એ વસ્તુ તરફ ધ્યાન ગયા વગર રહેતું નથી.

જ્યોતિષ પરની સ્ટૉકલેની ચોપડીમાં એક ફોટો છે, એમાં દુનિયાની સૌથી મોટી વેધશાળા પરથી પસાદેના (Pasadena)

શહેરના દીવાઓ કેવા દેખાય છે એનું ચિત્ર છે. એનું પણ સ્મરણ પૂનાના દીવાઓ જોયા પછી થયા વગર રહેતું નથી.

*   *   *

આ શાંત પ્રકાશ તળે શું શું ચાલતું હશે એવી પૃચ્છા મનમાં જાગી અને ચિત્ત તરત વલોવાયું. પૂના જેવી વિશાળ નગરી. એમાં મોજમજા ચાલે, ખટપટો ચાલે, કોઈ ઠેકાણે ખૂન પણ થતું હોય, સટોરિયા જુગાર રમતા હોય, રેસ્ટોરાંની અંદર શરાબની બાટલીઓ ઊડતી હોય, વિલાસી લોકો સિનેમામાં 'ધર્માત્મા'ની ફિલ્મ જોઈ પોતે પણ ધર્મનિષ્ઠ છે એમ મનાવવાનો પ્રયત્ન કરતા હશે અને કેટલાક વિદ્યાર્થીઓ ઊંઘને ભોગે અરસિક ચોપડીઓમાં કાવ્યની વ્યાખ્યા મોઢે કરતા હશે!

લાખોની જ્યાં વસ્તી છે ત્યાં એકે સાચો ધર્માત્મા ન જ હોય એમ કેમ કહેવાય? એ બિચારો ગીતાના સંયમીની પેઠે જાગૃત રહી ભગવાનનું ધ્યાન ધરતો હશે, અથવા કરગરીને ઈશ્વરની પ્રાર્થના કરતો હશે, "દયામય પ્રભો! માણસજાતિનું આટલું અધઃપતન તું કેમ ઠંડે પેટે જોતો હશે! માણસનો ઉદ્ધાર કરવો એ શું તારે માટે અઘરું કામ છે? આટલા બધા દીવાઓ તારી કૃપાને જાહેર કરે છે છતાં એમાંનું એકે કિરણ લોકોના હૃદય સુધી કેમ નહિ પહોંચતું હોય!"

અને ફરી જ્યારે એ દીવાઓ તરફ મારું ધ્યાન ગયું ત્યારે એમ જ લાગવા માંડ્યું કે આ કિરણોનો પ્રકાશ નથી પણ પેલા મનુષ્યપ્રેમી ભક્તની પ્રાર્થના જ અંધારાના હૃદયને વીંધવાનો પ્રયત્ન કરે છે.

પૂજ્ય બાપુજીએ મને એક વાર લખેલું કે આકાશના અનંત તારાઓ ભલે અસહ્ય રીતે ધગધગતા હોય, પણ આટલે અંતરે તો એ આપણને અપાર શાંતિ જ બક્ષે છે.

ત્યારે એમ જ ખરું કે દુનિયામાં દરેક વસ્તુનો વિવિધ રીતે ઉપયોગ થાય છે. આખી પૃથ્વીને ઓગાળી નાખે એવી ઉષ્ણતાવાળી લાખો માઇલની જ્વાળા આકાશમાં ફેંકતો સૂરજ પૃથ્વી પરની નાજુકશી કળીને ફૂલવે છે, અને એ જ સૂરજ ચંદ્ર મારફત પોતાનાં

કિરણો સૌમ્ય કરીને તળાવનાં કુમુદોને હસાવે છે. ત્યારે જે વસ્તુ ભયાનક દેખાય છે એમાંથી પણ સૌમ્ય અને કલ્યાણકારી કેટલાંયે પરિણામો નીપજતાં હશે!

મનનો સ્વભાવ જ છે કે એક અનુભવ મળ્યો એટલે એવા જ બીજા અનુભવો તાજા કરવા અને એમની સાથે સરખામણી કરવી. પૂનાના આ રજનીદર્શને મુંબઈનું એવું જ એક દર્શન યાદ કરાવ્યું. શ્રી. હીરાલાલ શાહ જોડે રાત્રે મલબાર ટેકરી ઉપર ગયા હતા, ત્યાં જ્યાં મુંબઈનું દૃશ્ય પિત્તળના પતરા ઉપર કોતરેલું છે તેની પાસે ઊભા રહી મુંબઈના દીવાઓ અમે જોયા. એ દૃશ્ય અદ્‌ભુત, ભવ્ય અને વૈભવયુક્ત લાગ્યું—પણ કાવ્યમય ન જણાયું. એ વિલાસ આગળ જાણે આપણે પોતે દબાઈ ગયા છીએ, ઊંચે છતાં અપમાનિત થયા છીએ એમ જ લાગતું હતું. મુંબઈનો પ્રકાશ આકાશને જ ભૂંસી નાંખે છે. બિચારા કાગડાઓને પણ શંકા જાય છે કે આ રાત્રિ છે કે દિવસ. એકાદ કાગડો એને દિવસ સમજી પોતાનો રાગડો તાણવા જાય છે પણ એમાં આત્મવિશ્વાસનો નિશ્ચિત સૂર નથી હોતો. મુંબઈમાં તો જ્યાં જોઉં ત્યાં પ્રકાશની સેરો જ છૂટે છે અને આગ લાગ્યાનાં દૃશ્યો નાનપણમાં જોયાં હોય તેમનું સ્મરણ કરાવી અકળામણ પેદા કરે છે. એના કરતાં મૈસૂરની ચામુંડા ટેકરીની અખંડ દિવાળી વધારે સારી. ચામુંડાની ચળકતી કિનારી જોઈ મનમાં કેવળ ભક્તિભાવ જ પેદા થાય છે. એ ઉત્સવમાં આપણે ભળી જઈએ એટલે ભગવતી કલ્યાણલક્ષ્મી આપણું ભલું કરશે એ શ્રદ્ધાથી ચિત્ત પ્રસન્ન થાય છે.

એક રાત્રે અમે એ ચામુંડા ટેકરી ઉપર જઈ, માતાનું દર્શન કરી, ઉપરથી નીચેનાં તારાનગરોનું દર્શન કર્યું. થયું કે આટલા બધા હીરાઓ શી રીતે વેરાયા હશે? કોહિનૂરનો વંશવિસ્તાર શું કૌટુંબિક સંમેલન માણવા અહીં ભેગો થયો હશે? ટેકરીની બન્ને બાજુએ પ્રકાશ અને અંધારાની આવી શોભા નિહાળી ધન્ય ધન્ય થઈને અમે પાછા આવ્યા. જીન્સની ચોપડીમાં આકાશમાં દૂરદૂર વસતા તારાઓનું વર્ણન વાંચ્યું હતું અને અનંત કોટિ બ્રહ્માંડનાયક માટે રચેલાં આપણાં કવિઓનાં સ્તોત્રો નાનપણથી મોઢે કર્યાં હતાં તે કારણે આ શોભાનો આનંદ અનંતગણો વધ્યો.

હતો. જેમ દૂરબીનમાંથી જોયેલી વસ્તુ હજારગણી મોટી થાય છે તેમ શાસ્ત્રો અને કવિઓની મદદથી જોયેલાં દશ્યો અનુભવગંભીર, કલ્પનાદઢ અને કલ્પનાવિશાળ બને છે.

નંદી ટેકરી ઉપરથી ચિકબળ્ળાપુર અને દોડ્ડબળ્ળાપુર એ બે ગામડાંમાં નવી દાખલ થયેલી વીજળી કેવી રીતે ચમકે છે એ જોવા હું કલાકો સુધી બેસતો. એનું દર્શન જુદું અને પૂનાનું દર્શન જુદું. સિંહગઢ નંદી કરતાં વધારે ઊંચો છે એ ખરું, પણ સિંહગઢથી પૂના ખૂબ દૂર રહ્યું એટલે આપણે માથા પરથી જોઈએ છીએ એમ નથી લાગતું.

સિંહગઢ ઉપર જ્યારે શિવાજી અથવા રાજારામ રહેતા ત્યારે જો પૂનામાં એકાએક વીજળીએ પ્રવેશ કર્યો હોત તો એમને શું લાગત ? આપણી રાજધાની બળી જાય છે. હવે એને કેમ ઓલવી શકાય એવા વિચારથી એમના હૈયામાં ધ્રાસકો જ પડી જાત.

* * *

ઘણી વાર એક વિચાર મનમાં આવે છે. આપણે આટલી બધી વીજળી પેદા કરી આખું વરસ દિવાળી ઊજવીએ છીએ, એની વાતાવરણ ઉપર, વનસ્પતિસૃષ્ટિ ઉપર, માણસના સ્વાસ્થ્ય ઉપર અને એના સ્વભાવ ઉપર કંઈ ભારે અસર નહિ થતી હોય ? જો ફટાકા અથવા તોપો ફોડવાથી વરસાદ પડી શકે છે, સૂરજ ઉપર ડાઘા આવવાથી ખેતી બગડીને દુકાળ પડી શકે છે તો આટલી બધી વીજળીની પેદાશથી દુનિયા ઉપર ભારે અસર થતી હોવી જ જોઈએ. આમાંથી જ માણસને માણસની બીક લાગતી હશે અને એમાંથી જ યુદ્ધો થતાં હશે ?

પૂના જેવાં કેટલાંક શહેરો આમ આખી રાત ચળકે છે તે બધાં કુદરતમાં ભારે ક્રાંતિ પેદા કરે છે. મનુષ્યસ્વભાવમાંયે દહાડે દહાડે ફેરફાર થતો જાય છે, એમાં જેટલું કારણ આર્થિક પરિસ્થિતિનું છે એટલું જ અથવા એથીયે વધારે આવાં હજીયે ન શોધેલાં ભૌતિક કારણો પણ હોઈ શકે છે.

આવી વિચારમાળામાં હું સપડાયો એનું કારણ તો પૂનાના દીવાઓ જ છે.

તા. ૨૩-૫-'૩૮

મરાઠી કવિઓ આપે?

[એક પત્ર]

નાનપણમાં ભવ્યતાનું પ્રથમ દર્શન થયું તે સહ્યાદ્રિના ઘાટોમાં જ. સાવંતવાડી તરફનો અંબોલી ઘાટ, ગોવાને રસ્તે આવતો દૂધસાગરનો તિનઈ ઘાટ અને મુંબઈ પૂના વચ્ચેનો બોર ઘાટ—આ ત્રણ ઘાટો કરતાં અધિક ભવ્યતા બીજે ક્યાંય હોઈ શકે એવી કલ્પના સરખી થતી નહિ. આ ત્રણ ઘાટ વચ્ચે આવેલો મહારાષ્ટ્ર નાની નાની ટેકરીઓ, વાંકાંચૂકાં ખેતરો, આંબાવાડીઓ તથા ઘાસનાં બીડોને લીધે આકર્ષક લાગતો. મહારાષ્ટ્રનો સૂર્યોદય તથા સૂર્યાસ્ત એવા દરબારી રુઆબના હોય છે કે જોતજોતામાં પોતાના વિવિધ રંગ બદલીને થોડા જ વખતમાં ખેલ આટોપી લેવાની તેમને આટલી અધીરાઈ શાની થતી હશે એવો વિચાર આવી મનમાં ચીડ ચઢે છે. મહારાષ્ટ્રનાં ગાય ભેંસનાં ધણ, ઘેટાં અને બકરીનાં ટોળાં તથા હવામાં ઊડતાં હરણોના ઝુંડ એક વાર જોયા પછી તેનું ચિત્ર કેમે કરીને હૃદયમાંથી ભૂંસાતું જ નથી.

મહારાષ્ટ્રનાં પક્ષીઓની હારો આકાશમાં સર્પાકાર ઊંચે ઊડતી હોય ત્યારે આ વરુણનું લશ્કર કયા નવા પ્રદેશ જીતવા માટે સીમોલ્લંઘન કરી રહ્યું છે તેની તપાસ કરવાનું સહેજે મન થઈ જાય છે. પણ મહારાષ્ટ્રનું ભાવિ તો તેની સહ્યાદ્રિરૂપ કરાડ સાથે

તથા તેની ઉપર વીરોના માળા જેવા શોભતા કિલ્લાઓ સાથે સંકળાયેલું છે એમાં સંદેહ નથી.

તો પછી મહારાષ્ટ્રના કવિઓએ તથા ભાટ ચારણોએ આ પહાડોના ભવ્ય અને સુંદર વિસ્તારનું વર્ણન કરીને પોતાની વાણી આજ સુધી કેમ પાવન કરી નથી? આ અલૌકિક સૌંદર્યના દર્શનથી રસમત્ત થયેલી પોતાની વાણીસુધાનો માદક આસ્વાદ લેવા માટે રસિક જનોને આમંત્રણ કેમ આપ્યાં નથી? પ્રાચીન કવિઓને ધર્મજડ અને ભક્તિમૂઢ માનનારા આધુનિક કવિઓએ પણ અહીંની રમ્યાદ્‌ભુત વનશ્રી વિષે મહાકાવ્યો ક્યાં રચ્યાં છે?

મહારાષ્ટ્રની ઉત્તુંગ ભવ્યતાનું વર્ણન કરવાનું સામર્થ્ય જ આપણામાં નથી એમ માનીને બધાએ આ આખો વિષય જ કોરે મૂક્યો હોત તો તેમાં પણ એક રીતે ઔચિત્ય જળવાયું એમ કહી શકાત. પણ કેટલાક કવિઓએ સંસ્કૃત તથા અંગ્રેજી કાવ્યોનું અનુકરણ કરીને મહારાષ્ટ્રની ભૂમિનું સાદી ઘરગથ્થુ ભાષામાં વર્ણન કરવાના પ્રયત્નો કર્યા છે. તેથી ફરી સવાલ ઊઠે છે કે જેની ભવ્યતાનું ગળથૂથીમાં જ પાન કરીને શિવાજી, સંભાજી તથા રાજારામ જેવા વીરો પેદા થયા; ધનાજી, બાજી તથા ખંડોબલ્લાળ જેવા રાષ્ટ્રસ્તંભો જે મહારાષ્ટ્રના ખડકોમાંથી કોતરાયા; તે જ રાષ્ટ્રમાં ઉત્તુંગ પ્રતિભા વ્યક્ત કરનારા અને હૃદયમાં મહત્ત્વાકાંક્ષાના સ્વૈર નાચ નચાવનારા કવિઓ કેમ પેદા થયા નથી? અને એવા નાના મોટા કવિઓ જો થઈ ગયા હોય તો, તેમનાં પ્રકૃતિકાવ્યો ખાણનાં રત્નોની જેમ ઠેકઠેકાણે વેરાયેલાં હોય તો તે બધાંને એકઠાં કરીને મહારાષ્ટ્ર ભૂમિનાં યશોગાન ગાતાં નિસર્ગકાવ્યો એક ખામણામાં બેસાડવાનું કાર્ય આજ સુધી કેમ કોઈએ પણ કર્યું નથી?

સ્કૉટલૅન્ડનાં સરોવરોનો જ દાખલો લઈએ. તેના પહાડોની ખીણોમાં તથા સરોવરોના વાંકાચૂકા કિનારા ઉપર ભટકતા કવિઓએ દરેક ગુફા, દરેક શિખર, દરેક અરણ્ય અને દરેક સરોવરને પોતાની કવિત્વશક્તિથી અમર બનાવ્યું છે. આ કવિઓનાં વર્ણનો વાંચીને જેમનાં હૃદય ભાવભીનાં થઈ ગયાં છે એવા સંખ્યાબંધ પ્રવાસીઓ દુનિયાના જુદા જુદા દેશોમાંથી સ્કૉટલૅન્ડ આવે છે અને પોતાના

હૃદયની ભક્તિ તથા ખીસામાંના પૈસા ત્યાં ઠાલવે છે. મહારાષ્ટ્રની દરેક ખીણમાં સ્વાતંત્ર્યવીરોએ પોતાનું ઊનુંઊનું લોહી રેડયું છે. મહારાષ્ટ્રમાં ઇતિહાસ કે દંતકથાઓનો દુકાળ નથી. મહારાષ્ટ્રમાં ધર્મપરાયણ ચારિત્ર્યધન સંતોની અછત નથી. તેમ જ જેથી કલ્પના પણ થથરી જાય અને એના શરીરે બાવળના કાંટા જેવડાં રૂંવાં ખડાં થાય એવી ભૂતપિશાચોની વાર્તાઓ પણ મહારાષ્ટ્રમાં કંઈ ઓછી નથી. મહારાષ્ટ્રના સાપ, તથા મહારાષ્ટ્રના દીપડાઓ, મહારાષ્ટ્રના શિકારીઓ તથા મહારાષ્ટ્રના માંત્રિકો — એમણે પણ અદ્‌ભુત રસ પૂરો પાડવામાં પોતાનો પૂરતો ફાળો આપેલો છે તો પછી મહારાષ્ટ્ર ગિરા આ બાબતમાં કંગાલ શાથી? અને મહારાષ્ટ્ર ગિરાને વિષય સૂઝતો નથી એમ કહી માથું ખંજવાળવાનો અને એ મૂંઝવણને જ કવિતાનો વિષય બનાવવાનો વારો શાથી આવ્યો છે?

નાનપણમાં આ ત્રણ ઘાટ જ્યારે જોતો ત્યારે હૃદય ઊભરાઈ આવતું અને ક્ષણમાત્ર કૃતાર્થ થયા જેવું લાગતું. પણ બીજી જ ક્ષણે એમ થતું કે આ બધું સૌંદર્ય હૃદયમાં કેવી રીતે સંઘરી રાખું, કોને આપું, કોને બતાવું? આવી ભવ્યતાને સંઘરવા માટે હૃદય પણ તેટલું જ ભવ્ય બનાવ્યા વિના ન ચાલે. પણ તે કેમ કરી કરવું? યોગીઓ પાસે અણિમા, મહિમા ઇ. અષ્ટ સિદ્ધિઓ હોય છે; પણ આપણે કેમ કરીએ એમ થઈ જતું. અને હવે એમ થાય છે કે અફસોસ! આખો જન્મારો ગયો; આ વિશાળતા, આ દૃઢતા અને આ વીરતા વ્યક્ત કરવા માટે પૂરતી ભાષા આજ સુધી કેમ ન કેળવી?

મુંબઈથી પૂના અને પૂનેથી પાછા મુંબઈ 'દખ્ખણની રાણી'-નો આશ્રય લઈ દોડધામ કરનારા મહારાષ્ટ્રીઓ આજે કંઈ ઓછા નથી. પચાસ રૂપિયા ખરચી લોખંડી પાંખોની મદદથી આ જ પ્રદેશ ઉપરથી ઊડી જનારા મહારાષ્ટ્રીઓ પણ થોડાક તો હશે જ. પણ સહ્યાદ્રિના ચેતોહર ભૂભાગોની એક સ્વતંત્ર ચિત્રમંજૂષા (album) પણ આજ સુધી કોઈએ બનાવી નથી. ઉનાળાના દાવાનલ, શિયાળાનું ધૂમસ, ચોમાસાની વનશ્રી અને પહાડને ખોળે નિર્ભય થઈને કૂદંકૂદા કરતા જલપ્રપાત એમનું કાવ્ય પણ કોઈએ રચ્યું નથી.

ભાવિક લોકો કહે છે કે જાત્રાનાં ધામો સુલભ થવાની સાથે જાત્રાનું પુણ્ય ઓછું થાય છે. પુણ્ય તો ક્ષીણ થતું હશે જ, પણ સુલભતાને લીધે શ્રમશૂન્ય પ્રવાસ કરતાં કરતાં કાવ્યવૃત્તિની પ્રતિભા સુધ્ધાં ક્ષીણ થતી હોવી જોઈએ.

તો પછી શું સહ્યાદ્રિની દરેક કરાડને ને દરેક ખીણને અંગ્રેજો જ પોતાનાં નામ આપ્યા કરે અને આપણે અંગ્રેજી સાહિત્ય દ્વારા તે માહિતીમાં નિષ્ણાત હોવાની બડાઈ હાંકયા કરવાના ?

*　　　*　　　*

આ મારો કાગળ પ્રસિદ્ધ થાય તો મહારાષ્ટ્રાભિમાની એવા અનેક આધુનિક સાહિત્યવીરો તેના ઉપર ચર્ચાત્મક લેખોનો મારો ચલાવશે અને ગુજરાતમાં રહીને, ગુજરાતી બની જવાથી મારામાં મહારાષ્ટ્રાભિમાન રહ્યું જ નથી એમ કહી મને હસી કાઢશે. તેમને હું શી રીતે સમજાવું કે મારે બચાવના લેખો નથી જોઈતા પણ હું માગું છું તે જ મારે જોઈએ છે ? મને જોઈએ છે તે આપો નહિ તો મારું નામ ન દેશો એમ હું કઈ ભાષામાં તેમને સમજાવી શકું ?

કુતુબમિનાર પરથી

દૃશ્ય ગમે તેટલું સુંદર હોય તોપણ જો એ રોજ ને રોજ જોવાને મળતું હોય તો તેને વિષેનું બધું કાવ્ય ધીમેધીમે સુકાઈ જાય છે. બે વર્ષ ઉપર મેં લખ્યું હતું કે મુંબઈ—પૂના વચ્ચે જે ખંડાળા ઘાટ છે તેની ભવ્યતા ભલભલા કવિઓને, ચિત્રકારોને અને ગિરિપ્રવાસી પરિવ્રાજકોને મોહિત કરે એમ છે. છતાં રેલગાડીઓ એ રસ્તે દિવસના સાતઆઠ વાર આવજા કરે છે તેથી લોકોને એનો આજે અતિપરિચય થયો છે. પરિણામે આપણે એ વિશ્વરૂપ દર્શનની અવજ્ઞા કરીએ છીએ, એટલું સ્મરણ પણ રેલના મુસાફરોને થતું નથી. કુદરત પ્રત્યે અલિપ્ત અનાસક્ત ભાવ કેળવી એ લોકોને બહાર જોયા વગર બીડી પીતા, તડાકા મારતા કે કેક બિસ્કિટ ચેવડો ખાતા જોઈને એવી તો ચીડ ચઢે છે કે એકએકને ઊંચકીને એ પહાડને ચરણે ફેંકી દેવાનું મન થાય છે. બહાર ડોકિયું કાઢી જો એ વિશાળ દૃશ્યનું માણસ પાન કરે તો શું એને અપચો થવાનો હતો, આંખો પાકી જવાની હતી કે ઝાંખી પડવાની હતી!

પણ એના ઉપર ચિડાતા પહેલાં મારે વિચાર કરવો જોઈએ કે આવડું વિશાળ આકાશ માથે તણાયું હોવા છતાં હું ક્યાં ગદ્ગદ કંઠે અને સજલ નેત્રે એનું દર્શન કરું છું? પરિચયને

લીધે ઔત્સુક્ય મરી જાય છે અને પછી વસ્તુનો વિયોગ થાય ત્યારે જ એનું રૂપલાવણ્ય અથવા એનો ગુણસમુચ્ચય ધ્યાનમાં આવે છે.

* * *

દિલ્હીમાં જઈએ એટલે મોગલ વૈભવના અવશેષો જોવાનું મન થાય જ. હમણાંહમણાં ત્યાં મધ્ય એશિયામાંથી લૂંટી આણેલાં ચિત્રોનું મ્યુઝિયમ સ્થપાયું છે. એટલે દિલ્હીનાં અનેકાનેક આકર્ષણોમાં એક મહત્ત્વનો ઉમેરો થયો છે.

હવે આ બધી વસ્તુઓ દિલ્હી જનાર માણસ ગમે ત્યારે જોઈ શકે છે. પણ કુતુબમિનાર સહેજ દૂર હોવાથી—સહેજ શું? ખાસો બારપંદર માઈલ દૂર હોવાથી—ત્યાં સહેજે જવાતું નથી. એનું પોતાનું સૌંદર્ય, એનો ઇતિહાસ, એને વિશેની પૃથ્વીરાજના સમય સુધી પહોંચતી દંતકથાઓ બધું જ આકર્ષક છે, પણ કુતુબમિનાર પણ અતિપરિચયનો ભોગ થઈ પડચો છે. કુતુબ વિશે હવે શોધખોળ કરવાની બાકી રહી નથી. એનો ઇતિહાસ એની ગાઈડબુકમાં રીતસર છપાયેલો મળે છે. એ મિનારો મુસલમાનોએ બાંધ્યો કે હિન્દુના કીર્તિસ્તંભની છાલ ઉતારી મુસલમાનોએ એની તબદીલ કરી એ વિશેની બધી ચર્ચા પણ તમને એકાદ હિન્દી માસિકમાં મળવાની. કૅમેરા લઈ કુતુબમિનારનો ફોટો પાડવાનો પણ તમને ઉત્સાહ ન થાય. કેમ કે બધી બાજુએથી એના અનેક ફોટા લેવાયા છે એટલું જ નહિ પણ એ બધા છાપેલા, તમારી આગળ જાહેરખબરની પેઠે મૂકવામાં આવે છે. હવે કુતુબ વિશે મનમાં કાવ્ય કે કુતૂહલ ક્યાંથી જ પેદા થાય!

છતાં કુતુબ તે કુતુબ! એ કંઈ મુંબઈનો રાજાબાઈ ટાવર નથી કે એક વાર જોઈ લીધો કે ધરાયા. કુતુબ આગળ જો મુંબઈ જેવો દરિયો હોત તો કોણ જાણે એણે કેટલો ઉન્માદ પેદા કર્યો હોત! મેં કુતુબ અનેક વાર જોયો છે; એની જ પડખે, પોતાની પ્રતિષ્ઠા સાચવી ઊભેલો પ્રાચીન લોહસ્તંભ તેટલી જ વાર નિહાળ્યો છે. એટલું જ નહિ પણ સ્તંભ તરફ પીઠ કરી એને અવળી બાથમાં લેવાનો પ્રયત્ન પણ કર્યો છે. કેમ કે ત્યાંના એ સ્થાનમાહાત્મ્યનો

અનાદર ન કરાય. હવે હું કુતુબ પાસે જાઉં છું તે કુતુબનું સૌંદર્ય જોવા માટે નહિ. આવો સુંદર મિનારો શી રીતે બાંધ્યો હશે? એની પાછળ કેટલા પૈસા ખર્ચાયા હશે? બાંધનાર લોકોએ કેટલાં વરસ સુધી એનું ધ્યાન ધર્યું હશે? એ કારીગરોનો મુખ્ય સ્થપતિ હિંદુ હતો, હિંદુસ્તાનનો હતો, કે કોઈ પરદેશી હતો એ પણ હવે હું તપાસવા બેસતો નથી. ભૂકંપ થઈને એનો મુકુટ પડી ગયો તે કેવો હશે એની કલ્પના પણ હું હવે નથી કરતો. કોઈ અંગ્રેજ 'લુહારે' એને માથે એક ચબૂતરો બાંધેલો લૉર્ડ હાર્ડિંગે નીચે ઉતારી રાખ્યો છે તેને મિનારા ઉપરથી જોતાં છતાં એ આ મિનારને માથે હતો ત્યારે શોભતો હશે કે કેમ એની પણ હું મીમાંસા કરવા બેસતો નથી. એને ઉતારવાની આજ્ઞા આપતા એ વાઈસરૉયના મનમાં શા શા વિચારો આવ્યા હશે એની કલ્પના પણ હવે હું નથી કરતો. કુતુબ ઉપર ચઢતાં કે ઊતરતાં એનાં ૩૭૮ પગથિયાં ગણું છું ખરો પણ એ કેવળ ટેવને લીધે.

હું કુતુબ ઉપર ચઢું છું એનો ઉદ્દેશ જુદો જ હોય છે. એની આસપાસ દરિયાનાં મોજાં ઊછળતાં નથી એ ખરું પણ પાંડવકાળથી માંડીને ગાંધીઅરવિન સમાધાન સુધીના ઇતિહાસનાં મોજાં સ્મૃતિ-સાગરમાં ઊછળે જ છે અને હૃદયસરોવરને અસ્વસ્થ કરી મૂકે છે, તેનો અનુભવ કરવા માટે જ ઉપર જાઉં છું.

કુતુબ ઉપરથી દૂર દિલ્હી દેખાય છે—દિલ્હી હંમેશ દૂર જ હોય છે—અને એ દૂર જ રહે એમાં ખોટું શું? મારી કલ્પનાની આંખો વડે જ્યારે જ્યારે કુતુબ ઉપરથી દિલ્હી જોઉં છું ત્યારે ત્યારે મને સ્મશાનભૂમિમાં ઊગેલા એક સારા સરખા ફૂલ જેવી એ લાગે છે. નાશ, વિનાશ, સંહાર, મૃત્યુ, વિસ્મૃતિ, વિશાદ અને પરિતાપ બધે જ દૂર દૂર સુધી ફેલાયાં હોય અને એમાંથી કેવળ વૈરાગ્યની જ ફોરમ ફૂટતી હોય એવું એ દિલ્હીની આસપાસનું દૃશ્ય છે. અહીં જેટલા આવ્યા તેટલા ગયા. નાના નાના જમીનદારો પણ ગયા અને મોટા મોટા સમ્રાટો પણ ગયા. પોતાની કીર્તિ અજરામર કરવા ખાતર લોકોએ કઠોર પથ્થર ઘડી ઘડીને ભવ્ય અને ઉત્તુંગ કીર્તિસ્તંભો અહીં ઊભા કર્યા એ બધાં ખંડેર થઈ પડયાં છે. કોઈ કોઈનો ભાવ પૂછતું

નથી. પાણિપત જો મહાસેનાઓની સ્મશાનભૂમિ છે તો દિલ્હીની આસપાસનો પ્રદેશ સામ્રાજ્યોનાં સ્મારકોની સ્મશાનભૂમિ છે. એવા સ્મશાનભૂમિના વાતાવરણમાં પણ ભોગવિલાસમાં રાચનાર અને ક્ષુદ્ર મહત્ત્વાકાંક્ષા પાછળ ગાંડા થનાર માનવીસમાજનું સુંદર રહેઠાણ તે દિલ્હી ! જાણે ખખડધજ ડોસીમાતાઓના ખોળામાં ખેલતું બાળક.

એમ તો મુંબઈ, કલકત્તા કે મદ્રાસના પ્રમાણમાં દિલ્હી કોઈ મોટું શહેર ન ગણાય પણ દિલ્હીને એના યોગ્ય વાતાવરણમાં જોવું હોય તો એની આસપાસના ખંડેરના વિસ્તારમાં એ કેવું દેખાય છે એ જ ખાસ જોવું જોઈએ. કુતુબમિનાર એને માટે સૌથી યોગ્ય મદદગાર છે. વિશાળ ભૂતકાળમાં વર્તમાન કેટલો ક્ષણજીવી છે એનો ખ્યાલ પણ કુતુબમિનાર જ આપી શકે છે. આ વૈભવ પણ જૂને રસ્તે જ જવાનો છે. એ ખ્યાલ મનમાં આવી પ્રેમકૌતુક સાથે વિષાદ મળી જાય છે અને ચિત્તવૃત્તિ સહેજે ભર્તૃહરિ કે ઉમર ખય્યામને શરણે જાય છે.

ડિસેમ્બર, ૧૯૩૮

તાજમહાલ

તાજમહાલ ઉપર કશું લખવું જ નહિ એમ મારા મન સાથે મેં નક્કી કર્યું હતું. તાજમહાલ વિષે લખનાર, એના ફોટા પાડનાર અને શંખજીરાની એની નાનીનાની પ્રતિકૃતિઓ કરનાર દરેક જણે એ શિલ્પકાવ્યને લાભ જ પહોંચાડ્યો છે એમ ન કહેવાય. દેલવાડાનાં જૈન મંદિરો, વિજયનગરનાં ખંડેરો, અજંટાની ગુફાઓ અને વેરૂળની ભવ્ય કૃતિઓ જોતાં પહેલાં એક જાતનું ઔત્સુક્ય અને પરિચય પહેલાંનો મુગ્ધભાવ મનમાં હતાં. તે તે ઠેકાણે કાંઈક અદ્ભુત છે, અપૂર્વ છે, એટલી જ ખબર હતી, અને તેથી જ આંખો પિપાસુ થઈને ત્યાં જતી. તાજમહાલ જતાં પહેલાં એનાં અનેક ચિત્રો જોયેલાં, અનેક વર્ણનો વાંચેલાં, તાજમહાલ જોઈને સ્ફુરેલા અનેક કવિઓના આનંદઉદ્ગાર પીધેલા. પોતાની રસિકતા પોતાના દીવાનખાનામાં જ ઠાલવી દેનાર, આધુનિક સંસ્કારી કુટુંબોના ઘરમાં નાનામોટા અનેક તાજમહાલો જોયેલા. કશું કરવાનું બાકી રાખ્યું ન હતું. અધૂરામાં પૂરું તાજમહાલ કોણે બાંધ્યો, ક્યારે બાંધ્યો, કેટલે વર્ષે બાંધ્યો, એની પાછળ કેટલું ધન અને કેટલી મહેનત અને કેટલી જબરદસ્તી ખરચાયાં એનો ઇતિહાસ પણ ક્યાંક ક્યાંક હતો. તાજમહાલની નિર્મિતિ એકલા શાહજહાનનાં પ્રેમાશ્રુમાંથી નથી થઈ, પણ વેઠે પકડેલા અસંખ્ય મજૂરો અને કારીગરોનાં

દુઃખાશ્રુમાંથી પણ થઈ છે, એ હું જાણતો થયો હતો. મોગલ વૈભવની આ કબર વિષે જેટલી કલ્પનાઓ બાંધી શકાય, જેટલી ભાવનાઓ જગાડી શકાય તે બધી ઉદ્ભૂત થઈ ચૂકી હતી. તાજમહાલ જોવો હોય તો કયે ખૂણેથી જોવો, કયે વખતે જોવો, એ પણ બધું મન સાથે નક્કી કર્યું હતું.

'If thou wouldst view fair Melrose aright,
Go visit it by the pale moonlight;'

એ સ્કૉટની લીટીઓથી શરૂ થતું વર્ણન કલ્પનામાં મેં ક્યારનુંયે તાજમહાલને લગાડી દીધું હતું. એટલે તાજમહાલ જોવો એમાં કશું જ નાવીન્ય લાગતું નહોતું. તાજમહાલ જોવા જતાં હૃદયના ધબકારા વધે એમ રહ્યું ન હતું. છ વરસના કારાવાસ પછી જ્યારે લોકમાન્ય પૂને મધરાતે પોતાને ઘેર પાછા આવ્યા ત્યારે અંદર કાંઈક અપરિચિત દૃશ્ય જોવાને મળશે એવી ઉત્કંઠા એમના મનમાં થવી જેમ અશક્ય હતી તેમ તાજમહાલ પહેલવહેલો જોવા જતાં મને કશું જ લાગ્યું નહિ.

૨

જતી વખતે તો સાવ સહજભાવથી તાજમહાલ જોવા ગયો. જેમજેમ નજીક ગયો તેમતેમ મનમાં તાજમહાલના વિચાર આવવાને બદલે અસ્તમાન સૂર્યનારાયણનાં સુવર્ણ કિરણ તરફ અને રવિકન્યાના મંદ શીતલ પ્રવાહ તરફ જ ચિત્ત ચોટ્યું હતું. ઠેકઠેકાણે પથરાયેલા માટીના મોટામોટા સૌન્દર્યશૂન્ય ઢગલાઓ, અને જાણે પોતાનું કંઈ ખોવાઈ ગયું હોય તેમ એ ટેકરીઓ વચ્ચે વિમનસ્કપણે ફરતો પવન, એ બંને તરફ પણ મારું લક્ષ ખેંચાયું; છતાં તાજમહાલનો વિચાર સરખો પણ ન આવ્યો. તાજમહાલ તો છે જ.

૩

મારી એ સ્વસ્થતા, અને અપેક્ષાની નિશ્ચિતતા તાજમહાલના બગીચાની લાલ દીવાલની અંદર પગ મૂક્યા પછી પણ ટકી એમ હું ન કહી શકું. તાજમહાલનું વર્ણન દરેક જણે કર્યું હતું, એના ફોટા અનેક રીતે પાડવામાં આવ્યા હતા; પણ એ પ્રેમમંદિરની અભિતઃ કેટલું કાવ્ય પથરાયું હતું એનો ચિતાર કોઈએ આપ્યો ન હતો,

આપ્યો હોય તો તે મારા ધ્યાનમાં ચોંટયો ન હતો. નાનપણમાં વાર્તા સાંભળતા હોઈએ ત્યારે કથાનક તરફ, અને 'આખરે શું થયું' એ જાણવા તરફ મન એટલું બધું ચોંટેલું હોય છે કે વાર્તામાંનો પોણો કાવ્યરસ અધીરાઈની તપ્તભૂમિમાં અલોપ થાય છે. અહીં મારું તેમ જ થયું હશે.

લાલ પથરાની પવિત્ર દેખાતી દીવાલોનો તે વિસ્તીર્ણ પ્રાકાર, પ્રેમસૌંદર્યના દુઃખિત સ્મરણના ગાંભીર્યને છાજે એવો અંદરનો બગીચો, વિરહી હૃદયના અરીસા જેવાં અંદરનાં તળાવ, અને ફરી ફરી છૂટતી દુઃખનિરાશાની સેરો સમાન ફુવારાઓ અને સરુનાં ઝાડો, એની અસર કેવી થાય છે એની તો પ્રથમ કલ્પના પણ ન હતી.

મુમતાઝ અને શાહજહાનની પ્રેમકહાણીની કલ્પના કરવાથી જે આદર તાજમહાલ પ્રત્યે ઉત્પન્ન થાય છે તે જ આદર કારીગરે તાજમહાલને પ્રમાણબદ્ધ ઊંચો ને પહોળો ઓટલો આપીને પેદા કર્યો છે. નીલધવલ શિખરને માટે આધાર તો હસ્તિદંતસદૃશ અથવા ચિરતપ્ત દુગ્ધ સમાન પીતપાંડુર કલેવરથી જ મળી શકે એમ છે. ઉપર ચડવાનાં પગથિયાં એક વિશાળ ભિત્તિથી ઢંકાઈ ગયેલાં હોવાથી ઉપરનું સ્થાન દુષ્પ્રાપ છે, દૂરથી જ એની પૂજા થઈ શકે એવું સૂચન થાય છે. તળાવ સામે ઊભા રહી, નીલાકાશમાં ભળી જતું તાજમહાલનું શિખર ઘડી સુધી જુઓ, અને પછી નીચે પાણીમાં વિહાર કરતું એનું તરલ પ્રતિબિંબ જુઓ. સૂર્યનારાયણનાં લંબાયમાન કિરણો જાણે સામેના ચિરસ્થગિત મહોત્સવને પ્રકાશિત કરવા લલચાયાં હોય તેમ કેટલાક વખત સુધી ત્યાં ને ત્યાં જ રહે છે. ઘડીકમાં ચાર બાજુના ચાર મિનારા તરફ ધ્યાન જાય છે, ઘડીકમાં કમાન ઉપર ચડાવી ઉજ્જવલ કરેલા તાજમહાલના મુખચંદ્ર તરફ ધ્યાન જાય છે, ઘડીકમાં એ અષ્ટકોણાકૃતિ ઇમારતના લાવણ્યથી મન મોહાઈ જાય છે, તો ઘડીકમાં પાછળના ભવ્ય મહાદ્વાર તરફ દૃષ્ટિ વળે છે. આમ દૃષ્ટિ ગમે તેટલો સ્વચ્છંદવિહાર કરે તોયે ફરીફરી દૃષ્ટિને તાજમહાલના એ મનોહારી શિખર—ગુંબજ તરફ જોવું જ પડે છે. કેટલી મોહક એની આકૃતિ! કેટલું શુદ્ધ એનું પ્રમાણ! કેટલી સંયમી એની કોમળતા! ગાયનમાં જેમ ધ્રુપદ

ફરીફરી આવે છે અને એક જાતની તૃપ્તિ અર્પે છે તેમ તાજમહાલના સૌંદર્યની પૂર્તિ એ ગુંબજમાં જ થાય છે.

દિલ્હીની મોતી મસ્જિદનાં શિખરો પણ નિતાંતરમણીય છે. પણ તાજમહાલના ગુંબજનું જાદુ એમાં નથી. અને શી રીતે હોય? મોતીમસ્જિદ નિમાજને માટે છે; તાજમહાલ હૃદયના દર્દને સ્થિર કરવા માટે છે.

તાજમહાલ ભવ્ય નથી, રમ્ય છે; આહ્લાદક નથી, ઉન્માદક છે; અને એટલે દરજ્જે પવિત્રતામાં ન્યૂનતા આણે છે.

૪

આગ્રાના એક ધર્માભ્યાસી વૃદ્ધ રસિકે મને પૂછ્યું, 'તાજમહાલમાં તમે શું જોયું?' મેં તરત જવાબ આપ્યો: 'એની સંસ્કારી સાદાઈ અને અલૌકિક સંયમ.' એમણે સંતોષની મુદ્રાથી કહ્યું, 'બસ, વધારે કહેવાની જરૂર નથી. એમાં બધું આવી જાય છે.'

સંગેમરમરનાં પગથિયાં ચડી ઉપર ગયા પછી એ જ છાપ મન ઉપર પડે છે. આ રોજો નથી; એક રસિક સમ્રાટનું ગંભીર દુ:ખ અહીં થીજી ગયું છે. એની દીવાલ ઉપર સૌંદર્ય કાતર્યું નથી, પણ પ્રેમવિરહ ફૂટી નીકળ્યો છે. રોજાની ચારે બાજુની જમીન ઉપર પથ્થરનો ગાલીચો પથરાયો છે. લાલ ધરતી અને ધોળી રેષાઓ એ પણ આખા વાતાવરણને અનુકૂળ છે. પ્રદક્ષિણા કરતા કરતા પેલી પાર જઈએ એટલે મરણનું દુ:ખ અને નિરાશા ધોઈ કાઢવા યમરાજની બહેન કાલિંદી ઊભી જ છે. કેટલીય વાર આમતેમ ફર્યો હોઈશ, પણ એકાએક અંદર જવાનું મન થાય જ નહિ. પુષ્પગુચ્છ સમી એ ઇમારત ચારે બાજુએથી અનેક વાર નિહાળી. દરવાજાઓ અને જાળીઓ દૂરથી જોયાં. તડબૂચ ખાતી વખતે અંદરનો બિયાં વગરનો સરસ લાલ ગરભ છેલ્લો ખાવા માટે રાખવાનું જેમ મન થાય છે, તેમ બહારનું દૃશ્ય ધરાઈને જોયા પછી જ અંદર જવું એમ મન સાથે નક્કી કર્યું હતું.

અંદર જઈ અંદરની અષ્ટકોણી પ્રદક્ષિણા કરી. હિંદુ દેવાલયોમાં જ્યાં જુઓ ત્યાં કારીગરી નજરે પડે છે. દર્શની બાજુઓ અને ખાનગી બાજુઓ એવો ભેદ એમાં નથી હોતો.

તેવું જ અહીં હશે એમ ધારેલું. પણ ભારે નિરાશા થઈ. બાજુ પર જમીનમાં કે દીવાલમાં કારીગરી તો દેખાવાની એક કોરે રહી, સંગેમરમરનો પથ્થર પણ નહિ. ફક્ત ટાલિયાના માથા જેવી ચળકતી છો. એ જોઈને પહેલી વાર મનને ખાતરી થઈ કે આખરે હાડકાંને સંઘરતી કબ્રની અંદર જ આપણે છીએ. વૈભવ બતાવવા માટે છે, કારીગરી શોભાને માટે છે, સંગેમરમર કીર્તિને માટે છે. જે જીવને મૃત્યુનો ભેટો થયો છે તે તો ધોળા ચૂનાના જ લાગનો. નિઃસાર, નિઃસાર! જીવન વ્યર્થ છે. મરણ પોલું છે. સ્મરણ શૂન્ય છે. જ્યાં 'હોવું' મટી ગયું ત્યાં 'બતાવવું' જ રહ્યું.

૫

પ્રદક્ષિણા પૂરી કરી હું અંદર ગયો. ત્યાં ન દેખાઈ મુમતાઝ અને ન દેખાયો શાહજહાન. જાતજાતના રંગબેરંગી પથરાઓ ગોઠવી ઝાડપાનની ચેતોહર કારીગરી અને પથરામાંથી ફૂલના હાર બનાવ્યા હોય તેવી જાળીઓ! ત્યારે શું પ્રેમ આવો શૂન્ય અને દેખાવ પૂરતો જ હોય છે? ના, ના, એમ હોય નહિ. પ્રેમ ગમે તેવો પાર્થિવ હોય તોય એમાં દૈવી અંશ તો હોવાનો જ. હૃદયના વિકાસ વગર બે જીવ એકબીજાને અખંડ ચાહી ન શકે. જ્યાં હૃદયનો જરા સરખો પણ વિકાસ થયો હોય ત્યાં આત્મતત્ત્વને ઊભા રહેવાને અવકાશ છે જ. ઈશ્વર જો પ્રેમસ્વરૂપ હોય તો પ્રેમમાં કંઈ દૈવી વિભૂતિનો સાક્ષાત્કાર થવો જ જોઈએ. ધોળા કબ્રસ્તાનની અંદર એકલાં ભૂકો થઈ ગયેલાં હાડકાં જ નથી હોતાં પણ કાળથી પણ અવધ્ય એવી કોમળ અને પ્રેમળ સ્મૃતિ પણ દટાયેલી હોય છે, અને ચિરકાળ સુધી એની સુવાસ એમાંથી ફેલાયાં જ કરે છે.

આવી રીતે મનમાં વિચાર ચાલતા હતા એટલામાં એક જણે કહ્યું કે સાચી કબર તો નીચે છે. મારું એ તરફ ધ્યાન કેમ ન ગયું એ જ આશ્ચર્ય; નીચે અંદર ઊતર્યો તો એમાંથી લોબાનની ઉપાસનાસુગંધીની મહેક આવતી હતી. ગૂઢ રહસ્યનો કંઈ ખ્યાલ આપવા મથતો હોય એવો ઝાંખો પ્રકાશ હું ગયો એ જ રસ્તે

મારી પાછળ પાછળ આવતો હતો. એને મદદ કરવા એક ચાંદીનો મંદ દીવો ત્યાં લટકતો હતો. પણ પ્રેમ અને મૃત્યુની વાતો કરવાને બદલે એ અસંસ્કારી પદાર્થ લૉર્ડ કર્ઝનની જ બડાઈ હાંકવા લાગ્યો. મેં ચિડાઈને એને કહ્યું, 'હટ, ખસ અહીંથી. કયે ઠેકાણે કઈ વાત કરવી એનો તને કંઈ વિવેક છે?'

પ્રકાશ વધારે સ્પષ્ટ થતાં આ અંધારામાં મેં એ બાદશાહી પ્રેમી યુગલ જોયું. વચ્ચોવચ્ચ મુમતાઝ સૂતેલી છે, અને આશક શાહજહાન એને પડખે એક બાજુ પડ્યો છે. બંનેને એકત્ર સુવાડવાની ઇંતેજારીથી ઔરંગઝેબે એ સ્થાનની સર્વતોભદ્રતા બગાડી ખરી, પણ પ્રેમના રાજ્યના ઔચિત્યનું અસાધારણ વિધાન સાધ્યું.

તાજમહાલનાં અસંખ્ય વર્ણનોમાં, તાજમહાલના દર્શનમાં, તાજમહાલની પ્રદક્ષિણામાં, એની કારીગરીમાં જે મને ન દેખાયું તે અહીં એકાએક જડ્યું. વૈભવ, કીર્તિ, કળા, સૌંદર્ય—બધું ફૂચા છે. પ્રેમ એ જ સાચો છે. પ્રેમ એ જાતિ, પંથ અને દેશથી પર છે; કાલાતીત છે. સાચા હૃદયનો સાચો પ્રેમ એ સામ્રાજ્યના સ્વામિત્વ કરતાં અધિક છે. મરણ કરતાં સ્મરણ વધારે બળવાન છે.

૬

તમારે જો શાહજહાનની નજરે તાજમહાલ જોવો હોય તો આગ્રાના કિલ્લામાંથી રાજમહેલના ઝરૂખા પર ઊભા રહીને જુઓ. ચિત્રકાર અવનીન્દ્રનાથ તમને મદદ કરશે.

એપ્રિલ, '૨૮

મહાવીરની કૈવલ્યભૂમિ

નાલંદા અને રાજગીર જતાં પાવાપુરીનાં દર્શનનો લાભ અમને અણધાર્યો જ થયો. અરુન્ધતિદર્શનન્યાયથી કહેવું હોય તો પાવાપુર બિહારશરીફ પાસે છે. બિહારશરીફ બખત્યારપુરથી વીસ પચીસ માઈલ દૂર છે, અને બખત્યારપુર બિહારની રાજધાની બાંકીપુર પટનાથી પૂર્વ તરફ મેઈન લાઈન ઉપર આવેલું છે.

બખત્યારપુરથી રાજગીર કુંડ સુધી જે રેલવે જાય છે તે નાની છે. અને ટ્રામની માફક ગાડાંઓને રસ્તે ગામડાંનાં ઘરોની બે હારોની વચ્ચે થઈને જાય છે. દેશદેશાંતરનાં જિજ્ઞાસુ યાત્રાળુઓ માટે જ આ રેલને ખાસ બનાવી લાગે છે.

બિહારશરીફ સુધી પહોંચતાં અમારો સંઘ સારી પેઠે વધી ગયો હતો, એટલે પાંચ એક્કાઓ કરી તેમના ઉપર અમે સવાર થયા. આ એક્કાઓનો આકાર કયા સૈકામાં નક્કી થયો હશે એની તપાસ કરવા જેવી છે. માણસનાં હાડકાં સીધી રીતે ભાંગ્યા વગર તે મુકામ સુધી પહોંચાડે છે એમાં શક નથી. આવા એક્કાઓ ઉત્તર હિંદુસ્તાનમાં બધે હોય છે, અને ત્રણ ત્રણ, ચાર ચાર સુધી માણસો તેના પર સવારી કરે છે. એક્કાનો બોજ હલકો હોવાથી એમાં ઘોડાને સગવડ છે ખરી. આવા એક્કાના અનુભવની સરખામણીથી જ જૂના લોકોએ પાલખીને સુખવાહનનું નામ આપ્યું હશે.

આસપાસનો મુલક લીલોછમ અને રળિયામણો છે. વચમાં ઠેકઠેકાણે નાનાં મોટાં તળાવો આવે છે. તેના ઉપર બાઝેલી લીલ લીલી નથી હોતી, પણ લાલ કે અંજિરિયા રંગની હોય છે, અને તેથી દેખાવે બહુ સુંદર હોય છે. અજાણ્યાને આ વનસ્થલી નીચે પાણી હશે એવી કલ્પના પણ ન આવે.

બાર વાગ્યે નીકળેલા અમે લગભગ બે વાગ્યે પાવાપુરી પાસે આવી પહોંચ્યા. પાવાપુરીનાં પાંચ સુધાધવલ મંદિરો દૂરથી જ એકાદ સુંદર બેટ જેવાં લાગે છે. આસપાસ બધે ડાંગરનાં સપાટ ખેતરો, અને વચ્ચે મંદિરોનું સફેદ જૂથ. રસ્તો જરા ગોળ ફરીને આપણને મંદિર તરફ લઈ જાય છે.

પાંચ મંદિરોમાં એક જ મંદિર વિશેષ પ્રાચીન ગણાય છે: મંદિરો જૈનોનાં છે, એટલે પ્રાચીનતા ક્યાંયે ટકવા તો દીધી જ નથી. ખૂબ પૈસા ખરચી ખરચીને પ્રાચીનતાનો નાશ કરવો એ જાણે તેમનો ખાસ શોખ હોય એમ જ લાગે. પાલીતાણાની પણ એ જ દશા થઈ ગઈ છે. ફક્ત દેલવાડામાં જૂની કારીગરીને છાજે એવી મરામત થાય છે.

મુખ્ય મંદિર એક સુંદર તળાવની અંદર આવેલું છે. તળાવમાં કમળોની એક ઘટા બાઝી છે. પાણીમાં માછલાંઓ અને સર્પો આમતેમ સળવળતા ખૂબ દેખાય છે. અમે ગયેલા ત્યારે તળાવનું પાણી ઓછું થયેલું હોવાથી કમળની ડોક ઉઘાડી પડી હતી, અને બિચારાં પાંદડાઓ પાપડ જેવાં થઈ ગયાં હતાં.

અમૃતસરના સુવર્ણમંદિરની પેઠે અહીં પણ મંદિરમાં જવાને એક પુલ બાંધેલો છે. મંદિરો બેઠા ઘાટનાં અને પ્રમાણશુદ્ધ છે. ગર્ભગૃહની આસપાસ ચારે બાજુ પર લંબચોરસ ગુંબજ છે એ આ મંદિરની વિશેષતા છે. કલાકોવિદ લોકો આવા ગુંબજનો આકાર ખૂબ વખાણે છે. બાકીનાં આસપાસનાં મંદિરો ઊંચાં શિખરોવાળાં છે. શિખરોમાં કંઈ ખાસ કલા જણાતી નથી, છતાં દૃષ્ટિ પર તેની છાપ સારી પડે છે.

આ મંદિરોની કેટલીક મૂર્તિઓ અસાધારણ સુંદર છે. ધ્યાનને માટે આવી જ મૂર્તિઓ હોવી જોઈએ. મૂર્તિની સુંદરતા જોઈ તેમને હું મોહક કહેવા જતો હતો, પણ તરત જ યાદ

આવ્યું કે આ મૂર્તિનું ધ્યાન તો મોહને દૂર કરવા માટે હોય છે. ચિત્તને એકાગ્ર કરવાની શક્તિ આ મૂર્તિઓમાં જરૂર છે.

આ મંદિરોની પૂજા ત્યાંના બ્રાહ્મણો જ કરે છે. જૈન મંદિરોમાં બ્રાહ્મણોને હાથે પૂજા થાય એ એક રીતે અજુગતું લાગ્યું, છતાં हस्तिना ताड्यमानोऽपि न गच्छेज्जिनमन्दिरम् કહેનારા બ્રાહ્મણો ભલે લોભથી — પણ આટલા ઉદાર થયા એનું મનને સમાધાન લાગ્યું. આજે પાવાપુરી એક નાનકડું ગામડું છે. અહિંસાધર્મનો પ્રચાર કરનાર મહાવીર જ્યારે અહીં વસતા ત્યારે તેનું સ્વરૂપ કેવું હશે? હિંદુસ્તાનમાં કેટલીયે મોટી મોટી નગરીઓનાં ગામડાં થઈ ગયાં છે; અને કેટલીક નગરીઓનાં તો નામોનિશાન પણ રહ્યાં નથી; એટલે આજના ગામડા ઉપરથી પ્રાચીન પાવાપુરીની કલ્પના થઈ જ ન શકે પ્રાચીન કાળનો અહીં કશો અવશેષ દેખાતો નથી. ફક્ત મહાવીરના મહાનિર્વાણનું સ્મરણ આ સ્થાનને વળગેલું છે, અને તેથી જ શ્રદ્ધાની દૃષ્ટિ અઢી હજાર વર્ષ જેટલી પાછળ જઈ શકે છે, અને મહાવીરની ક્ષીણ પણ તેજસ્વી કાયા શાંત ચિત્તે શિષ્યોને ઉપદેશ કરતી હોય એવી આંખ આગળ ઊભી રહે છે. આ સંસારનું પરમ રહસ્ય, જીવનનો સાર, મોક્ષનું પાથેય તેમના મુખારવિંદમાંથી જ્યારે ઝરતું હશે ત્યારે તે સાંભળવા કોણ કોણ બેઠા હશે? પોતાનો દેહ હવે પડનાર છે એમ જાણી તે દેહનું છેલ્લું કાર્ય—પ્રસન્નગંભીર ઉપદેશ—અત્યંત ઉત્કટતાથી કરી લેવામાં છેલવેલ્લી બધી ઘડીઓ કામમાં લઈ લેનાર તે પરમ તપસ્વીનું છેલ્લું દર્શન કોણે કર્યું હશે? અને તેમના ઉપદેશનો આશય કેટલા જણ બરાબર સમજ્યા હશે? દૃષ્ટિને પણ અગોચર એવા સૂક્ષ્મ જંતુથી માંડીને અનંત કોટિ બ્રહ્માંડ સુધી સર્વ વસ્તુજાતનું કલ્યાણ ચાહનાર તે અહિંસામૂર્તિનું હાર્દ કોણે સંઘર્યું હશે? માણસ અલ્પજ્ઞ છે, તેની દૃષ્ટિ એકદેશી હોય છે, સંકુચિત હોય છે માટે તેને સંપૂર્ણ જ્ઞાન નથી થતું; દરેક માણસનું સત્ય એકાંગી સત્ય હોય છે, તેથી બીજાના અનુભવને વખોડવાનો તેને હક નથી, તેમ કરતાં અધર્મ થાય છે, એમ કહી સ્વભાવથી ઉત્તમ એવી માનવી બુદ્ધિને નમ્રતા શીખવનાર તે પરમ ગુરુને તે દિવસે કોણે વંદન કર્યું હશે? આ શિષ્યો પછી પણ માનવજાતિને —

હા, સમસ્ત માનવજાતિને તે ઉપદેશ ખપમાં આવશે એવો ખ્યાલ તે પુણ્યપુરુષના મનમાં આવ્યો હશે ખરો ?

હું માનું છું કે સ્યાદ્વાદે માનવબુદ્ધિનું એકાંગીપણું ઓળખી તે શાસ્ત્રશુદ્ધ રીતે માનવબુદ્ધિ આગળ રજૂ કર્યું છે. અમુક દૃષ્ટિએ જોતાં એક વસ્તુ એક રીતે દીસે છે, બીજી દૃષ્ટિએ તે બીજી રીતે દેખાય છે. જન્માન્ધો જેમ હાથીને તપાસે તેવી આપણી આ દુનિયામાં સ્થિતિ છે. આ વર્ણન યથાર્થ નથી એમ કોણ કહી શકે ? આપણી આવી સ્થિતિ છે એટલું જેને ગળે ઊતર્યું તે જ આ જગતમાં યથાર્થ જ્ઞાની. માણસનું જ્ઞાન એકપક્ષી છે એટલું જે સમજ્યો તે જ માણસોમાં સર્વજ્ઞ. વાસ્તવિક સંપૂર્ણ સત્ય જે કોઈ જાણતો હશે તે પરમાત્માને આપણે હજુ ઓળખી શક્યા નથી.

જ્ઞાનની આ મર્યાદામાંથી જ અહિંસા ઉદ્ભવેલી છે. જ્યાં સુધી હું સર્વજ્ઞ ન હોઉં ત્યાં સુધી બીજા ઉપર અધિકાર ચલાવવાનો મને શો હક ? મારું સત્ય મારા પૂરતું છે. એનો અમલ મારા જીવન પૂરતો હું અવશ્ય કરું. બીજાને તેનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી મારે ધીરજ જ રાખવી જોઈએ. આવી વૃત્તિ તે જ અહિંસાવૃત્તિ.

કુદરતી રીતે જ માણસનું જીવન દુઃખમય છે. જન્મજરા-વ્યાધિથી માણસ હેરાન થાય જ છે, ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ પણ જીવનમાં છે જ. પણ માણસે પોતાની મેળે કંઈ દુઃખો ઓછાં ઊભાં કર્યાં નથી. માણસ જો સંતોષ અને નમ્રતા કેળવે તો મનુષ્યજાતિનું નેવું ટકા દુઃખ ઓછું થઈ જાય. આજે જે દેશ દેશ વચ્ચે અને કોમ કોમ વચ્ચે કલહ ચાલી રહ્યો છે અને મૃત્યુ પહેલાં જ આપણે આ સૃષ્ટિ ઉપર જે નરક ઉપજાવીએ છીએ તે એકલી અહિંસાવૃત્તિથી જ આપણે અટકાવી શકીએ.

હિંદુસ્તાનના ઇતિહાસનો જો કંઈ વિશેષ સાર બોધ હોય તો તો તે એ જ છે કે

सर्वेऽत्र सुखिनः सन्तु सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद्‌दुःखभाग्भवेत् ॥

આ વૃત્તિમાં આખું જીવનસાફલ્ય રહેલું છે. હિંદુસ્તાનમાં જેટલા આવ્યા તેટલા બધા અહીં જ રહ્યા છે. કોઈ ગયા નથી. આશ્રિત તરીકે આવ્યા તેઓ પણ રહ્યા છે અને વિજેતાના ઉન્માદથી આવ્યા તેઓ પણ રહ્યા છે. બધા જ ભાઈ ભાઈ થઈને રહ્યા છે અને રહેશે. વિશાળ હિંદુધર્મની — જનકના હિંદુધર્મની, વ્યાસ વાલ્મીકિના હિંદુધર્મની, ગૌતમબુદ્ધના હિંદુધર્મની, મહાવીરના હિંદુધર્મની આ પુણ્યભૂમિમાં સૌને સ્થાન છે, કેમ કે આ જ ભૂમિમાં અહિંસાનો ઉદય થયો છે. આખી દુનિયા શાંતિ ખોળે છે. ત્રસ્ત દુનિયા ત્રાહિ ત્રાહિ પોકારે છે, છતાં તેને શાંતિનો રસ્તો જડતો નથી. જેઓ દુનિયાને લૂંટે છે, મહાયુદ્ધોને સળગાવે છે તેમને પણ આખરે શાંતિ જ જોઈએ છે. પણ શાંતિ તે કેમ પ્રાપ્ત થાય?

બિહારની આ પવિત્ર ભૂમિમાં શાંતિનો માર્ગ ક્યારનો નક્કી થઈ ચૂક્યો છે. પણ દુનિયાને તે સ્વીકારતાં હજુ વાર છે. પાવાપુરીના આ પવિત્ર સ્થળે તે મહાન માનવે પોતાનું આત્મસર્વસ્વ રેડી દુનિયાને તે માર્ગ સંભળાવ્યો હતો અને પછી શાંતિમાં પ્રવેશ કર્યો હતો. દુનિયાના શાંતિતરસ્યા લોકો નમ્ર થઈ, નિર્લોભ થઈ, નિરહંકાર થઈ જ્યારે ફરી તે દિવ્ય વાણી સાંભળશે ત્યારે જ દુનિયામાં શાંતિ સ્થપાશે. અશાંતિ, કલહ, વિદ્રોહ એ દુનિયાનો કાનૂન નથી, નિયમ નથી, સ્વભાવ નથી, પણ તે વિકાર છે. દુનિયા જ્યારે નિર્વિકાર થશે ત્યારે જ મહાવીરનું અવતારકૃત્ય પૂર્ણતાને પામશે.

૪–૨–'૨૩

બુદ્ધગયા

"આ જ આસન પર મારું શરીર સુકાઈ જાઓ, મારા શરીરનાં ચામડી, માંસ અને હાડકાંની માટી થઈ જાઓ, પણ અનેક કલ્પોમાં મળવું મુશ્કેલ એવું મોક્ષદાયી જ્ઞાન મને ન મળે ત્યાં સુધી આ આસન ઉપરથી આ કાયા ખસવાની નથી." આવી ભીષણ પ્રતિજ્ઞા લઈ શાક્યમુનિ સિદ્ધાર્થ એક પીપળાના ઝાડ નીચે બેઠા. દેવો, યક્ષો અને ગંધર્વો આ અલૌકિક લોકનાયકને જોવા આકાશમાં ભેગા થયા. માર—મનુષ્યમાત્રનો શત્રુ માર—પોતાનું કર્તવ્ય સમજી આ પ્રતિજ્ઞા તોડાવવા કટિબદ્ધ થયો. ઘનઘોર યુદ્ધ ચાલ્યું. મારે બીક, મમતા અને પ્રલોભન બધું બતાવ્યું, પણ સિદ્ધાર્થની દૃઢતા આગળ મારનું કશું ચાલ્યું નહિ. સિદ્ધાર્થ મારજિત થયો અને કૃતાર્થ થયો. તે બોધિનો આનંદ એટલો બધો ઉત્કટ હતો કે કેટલાયે દિવસ સુધી બુદ્ધ ભગવાનને એ સમાધિમાંથી ઊતરવાનું મન જ ન થયું,

પણ શાક્યમુનિનો ગૃહત્યાગ બોધિનો આનંદ મેળવવા પૂરતો જ ન હતો. દુનિયાનું દુ:ખનિવારણ કરવાના વિરાટ સંકલ્પથી જેની તપશ્ચર્યા શરૂ થઈ હોય તેને આમ સ્વસુખ–સમાધિમાં બેસી રહે કેમ પાલવે? સમાધિને અંતે એક અવાજ હૃદયમાંથી ઊઠ્યો, "આ દુ:ખી જનોની વેદનાનું શું?" તરત જ શંકા ઊઠી,

"વેદનાનું ઓસડ તો મળ્યું પણ તે લે એવા છે કોણ? મારી સાધના દુનિયાની પ્રવૃત્તિથી અવળી જ છે. એને કોણ ગ્રહણ કરે? નેવાંનાં પાણી મોભે કેમ ચડે?"

"હાય! ત્યારે આ અલૌકિક તપશ્ચર્યા, આ દિવ્યજ્ઞાન એળે જ જવાનું?" આકાશમાં દેવોનાં વિમાન થરથર કંપવા લાગ્યાં, સૃષ્ટિ સ્તંભિત થઈ. સાધુસંતોની આંખમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યાં. આ ક્ષણે લોકોનો ઉદ્ધાર નહિ થાય તો પછી ક્યારે થવાનો? નિરાશાનું સામ્રાજ્ય ફેલાયું. એટલામાં ચતુર્મુખ બ્રહ્મા ત્યાં ઊતર્યા. તેમનાં ચારે મુખનાં જુદાં જુદાં નામ છે. મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા. આ ચાર મુખથી સિદ્ધાર્થના હૃદયમાં બ્રહ્મા બોલ્યા: "ગૌતમ ઊઠ તું બુદ્ધ થયો છું. તથાગત છે તું મારજિત્ થયો છે. હવે લોકજિત્ થા, આખી દુનિયા તારી વાટ જુએ છે. તેં શોધી કાઢેલો રસ્તો ભલે અપૂર્વ હોય, ભલે પ્રતીપ હોય પણ તે વ્યર્થ તો નથી જ. કેટલાક લોકો જરૂર એવા છે કે જેઓ તારે રસ્તે ચાલશે અને તારો ઉપદેશ દુનિયામાં ફેલાવશે. તેમના પર શ્રદ્ધા રાખ અને તારા વિશાળ હૃદયની ગંભીર કરુણાને સફળ કર."

તથાગત ઊઠ્યા અને ધર્મચક્ર ચલાવવા માટે આ ભૂમિ ઉપર વિહરવા લાગ્યા. જ્યાં જ્યાં તેમનો પગ પડ્યો ત્યાં ત્યાં અવેર–અહિંસા–કરુણા–પ્રેમનાં કમળ ઊગી નીકળવા લાગ્યાં અને તેમના વિહારની વિહારભૂમિ તેમના મંગળ ઉપદેશથી સુવાસિત થઈ.

સનાતન ઇતિહાસને પણ સાનંદાશ્ચર્યમાં ડુબાડે એવી એ ઘટના થયે અઢી હજાર વરસ વીતી ગયાં, પણ ધર્મચક્ર ચાલુ જ છે. જેના હૃદયમાં તે મહાઉપદેશનો પડઘો પડ્યો છે તે દુઃખમુક્ત થઈ જાય છે અને ફરી એક વાર મારનો પરાજય થાય છે.

* * *

"ભારતવર્ષના મોક્ષનો રસ્તો મને જડ્યો છે. તે સીધો છે, ધર્મ્ય છે, સર્વોદયકારી છે." એમ ઉપદેશતા ઉપદેશતા વાયુવેગે ભારતવર્ષનું ભ્રમણ જે મહાત્માએ કર્યું તેનો ઉપદેશ ભારતવર્ષ કબૂલ રાખે છે કે નહિ એ નક્કી કરવા આ વરસે આપણે પ્રાચીન બોધભૂમિ પર ભેગા થયા હતા. મહાસભાની સ્વરાજ્યપુરી

અક્ષયવટ અને બોધિગયા વચ્ચે જ વિરાજતી હતી. ઘણા લોકો ગાડીમાં કે ચાલીને બોધિગયા જતા હતા. કોઈ ફલ્ગુ નદીના વિશાળ અને રેતાળ પટની સુંદરતાનાં વખાણ કરતા હતા, કોઈ ગગનવિહારી તાડવૃક્ષના મર્મરધ્વનિનું કાવ્ય સાંભળતા હતા. કોઈ શસ્યશ્યામલા અન્નપૂર્ણાની સમૃદ્ધિનો ખ્યાલ કરતા હતા. જ્યારે કોઈ દૂર દૂરના પહાડો પહેરેગીરની પેઠે બૂમ પાડી આપસમાં શું બોલે છે તે સાંભળવા માગતા હતા. આ પહાડોએ હિમાલય અને વિંધ્યાચળની વચ્ચેનાં વિશાળ મેદાનોમાં થયેલી કેટલીય ઐતિહાસિક ઘટનાઓ નિહાળી હશે, એમણે ગયાસુરનો પ્રાણસંન્યાસ અને શાક્યમુનિનો ગૃહસંન્યાસ તો કાલ સવારે જ જોયેલ છે. મહાવીરને તેમણે અહીં પ્રથમ આવકાર આપ્યો હતો. ચીન અને મધ્ય એશિયાના મુનિઓને તેમણે ઊભા ઊભા રસ્તો બતાવ્યો હતો. તેઓ આજે શું બોલતા હશે? સ્વરાજ્યપુરીને શું તેઓ જનકના જ્ઞાન-સત્રની સાથે સરખાવતા હશે? કે 'છે એક આઠ દિવસની ગંધર્વનગરી' એમ કહીને તુચ્છતા બતાવતા હશે? જેમણે યાજ્ઞ-વલ્કય અને જનકનો સંવાદ સાંભળ્યો છે તેમને જ સત્યમૂર્તિ અને શ્રીનિવાસ આયંગાર, રંગાઆયર અને શ્યામલાલ નેહરુ, શિવપ્રસાદ ગુપ્ત અને સુંદરલાલનાં વ્યાખ્યાનો આઠ આઠ દિવસ સુધી સાંભળવાં પડ્યાં છે!!

કેટલાક લોકો બિહારની ભૂમિની ફળદ્રુપતા અને લોકોની કંગાલિયતનો વિરોધ જોઈ આશ્ચર્ય પામી કહેતા કે અન્નપૂર્ણાનાં સંતાનો ભૂખે મરે છે અને હંમેશાં કાકલૂદીથી બોલે છે ત્યાં કેટલો ઘોર અન્યાય ચાલતો હોવો જોઈએ?!

* + *

ગયા સ્ટેશનથી લગભગ છ સાત માઈલ પર બોધિગયા છે. રસ્તો ફલ્ગુ નદીને કાંઠે કાંઠે જાય છે. બુદ્ધકાળમાં આ નદીને નેરંજરા કહેતા અને આ પ્રદેશને ઉરુવેલ કહેતા. સાત માઈલનો રસ્તો વટાવ્યા પછી મોટાં મોટાં વૃક્ષોની ઘટા જોવામાં આવે છે અને ડાબી બાજુ પર કિલ્લા જેવા એક મકાનની દીવાલ દેખાય છે. આમાં બુદ્ધગયાનો મહંત પોતાના શિષ્યો સાથે રહે છે.

તે બૌદ્ધ નથી છતાં બુદ્ધગયાના મંદિરના માલિક તરીકે બિરાજે છે. કહે છે કે એની પાસે મંદિરની માલકીનું કેટલુંક ઝવેરાત છે. બ્રહ્મદેશના રાજાએ એ ઝવેરાત અર્પણ કરેલું હતું. આ મંદિરની માલિકી વિષે કેટલાંક વરસ પર તકરાર થતાં કોરટે મંદિર મહંતની માલિકીનું ઠરાવ્યું હતું. કલકત્તાની મહાબોધિ સોસાયટીએ એ મંદિરનો કબજો મેળવવા માટે મહાસભા પાસે ઇન્સાફ માગ્યો છે.

* * *

મહંતની ગઠી વટાવ્યા પછી જમણી બાજુએ ચડીએ એટલે સામે એક મોટો ઊંડો અને પહોળો ખાડો દેખાય છે અને તેમાં જ બુદ્ધગયાનું ઇતિહાસપ્રસિદ્ધ મંદિર બિરાજે છે. આ મંદિરનો નીચેનો અને આસપાસનો ભાગ માટીમાં દટાઈ ગયો હતો તે સરકારી પુરાતત્ત્વ ખાતાએ લગભગ ચાલીસ વરસ ઉપર ખોદી કાઢી સાફ કર્યો છે. મંદિર ખૂબ ઊંચું અને ભવ્ય છે. મંદિરની આસપાસનો કઠેરો પથ્થરનાં પાટિયાંનો બનાવેલો હતો. આજે તેનો બહુ જ થોડો ભાગ અવશેષ રહેલો છે પણ જે રહેલો છે તેના ઉપરની સુંદર કારીગરી અને ભાવપૂર્ણ છબિઓ અસલી શોભાની ઝાંખી કરાવે છે. મંદિરની ભવ્યતાના પ્રમાણમાં ખુદ મંદિરની કારીગરી ખાસ આકર્ષક નથી. ભારતવર્ષમાં સ્થાપત્યકળાનો પહેલો ઊભરો શમી ગયા પછી આ મંદિર બંધાયું હોય એમ લાગે છે. પાશ્ચાત્ય શોધકો માને છે કે આ મંદિર પાંચમા સૈકામાં બંધાવેલું હોવું જોઈએ. આનો બંધાવનાર મહાપુરુષ અમરસિંહ છે. અમરકોષ રચનાર અમરસિંહ તે જ જો આ અમરસિંહ હોય અને એ જ અમરસિંહ જો ભોજ રાજાના દરબારનું એક રત્ન હોય તો આ મંદિરનો કાળ સહેજે નક્કી થઈ જાય છે.

મંદિરના ઘડતરમાં કોતરકામની ઝીણવટ બતાવવામાં આવી નથી, છતાં તે એટલું બધું પ્રમાણશુદ્ધ છે કે સમર્થ સ્થપતિએ જ તે કલ્પ્યું હશે એવું અનુમાન થાય છે. ત્યાગી, સંયમી અને વિરાગી બુદ્ધ ભગવાનના મંદિરમાં લક્ષ્મીપતિ વિષ્ણુની ચારુતા શોભે નહિ એમ માનીને જ આ મંદિરમાં કળાનો આટલો સંયમ રાખ્યો હશે.

મંદિરની અંદર પ્રવેશ કરતાંવેંત બોધિગુરુ બુદ્ધ ભગવાનની વિશાળ મૂર્તિ જોવામાં આવે છે. મૂર્તિની મુખમુદ્રા ઉપરની મુદિતા અને દૃઢતા ધ્યાન ખેંચ્યા વગર રહેતી નથી. પૂજારીઓ મૂર્તિના ગળામાં વસ્ત્ર કે પડદો ન બાંધે તો મૂર્તિનું પૂરું સ્વરૂપ પોતાની પૂરેપૂરી અસર પાડે. બાજુના દાદર પરથી ચડીએ એટલે બે બાજુ પર ઊભેલા બે બોધિસત્ત્વોનું દર્શન થાય છે. અહીંથી શિખરની આસપાસ ફરવાથી મંદિરના પ્રાંગણની શોભા દેખાય છે. મંદિરની પાછળની બાજુ પર એક પીપળાનું ઝાડ છે અને તેની નીચે એક મોટી શિલા છે. આ ઝાડ નીચે અને આ શિલા પર બેસીને બુદ્ધ ભગવાને પોતાની તપશ્ચર્યા પૂરી કરી હતી એમ મનાય છે. આ ઝાડ બહુ જૂનું નથી. દસ વરસ પર હું આવ્યો હતો ત્યારે તે બહુ જ નાનું હતું. મૂળ ઝાડનો નાશ થયાનું ઇતિહાસ કહે છે. અહીંના એ મૂળ બોધિવૃક્ષની એક ડાળ સિલોનમાં લઈ જવામાં આવી હતી, જે અનુરાધાપુરમાં હજી જીવે છે. ત્યાંના બૌદ્ધ લોકો એની પૂજા કરે છે. મંદિરની પ્રદક્ષિણા પૂરી કરતી વખતે મંદિરના ડાબા હાથ તરફ એક લાંબો ઓટલો દેખાય છે, જેના પર ઉઠાવદાર કમળો બનાવેલાં છે. દયામય પ્રભુની પવિત્ર પગલી જ્યાં જ્યાં પડે ત્યાં ત્યાં કમળો ઊગી નીકળતાં એ પૌરાણિક માન્યતા આ રીતે વ્યક્ત કરવામાં આવી છે. બુદ્ધ ભગવાન અંતર્મુખ વૃત્તિથી આ ઠેકાણે આંટા મારતા હતા, જેને બૌદ્ધ પરિભાષામાં 'ચંક્રમણ' કહે છે. આસપાસના બગીચામાં પાષાણના કોતરેલા સુંદર સ્તૂપો અને મૂર્તિઓ છે. અનેક ભક્તોની ભેટ તરીકે એ અહીં સ્થાપેલાં હોવાં જોઈએ.

* * *

બિચારા બોધિદ્રુમે દુનિયાનું શું નુકસાન કર્યું હતું? એણે ન તો કોઈને ઝેર પાયું હતું કે ન તો એ કોઈ હત્યાનું સાક્ષી પણ થયું હતું. આર્ત લોકોના દુઃખનું નિવારણ કરવાને અર્થે પોતાના શરીરને સર્વ પ્રકારનાં કષ્ટ દેનાર ગૌતમબુદ્ધને એણે પોતાના તરલ પર્ણથી છાયા આપી હતી. અને વાયુ ઢોળ્યો હતો. છતાં ઝનૂની અશોકના—હા, અશોકના ક્રોધનું એ ભોગ થઈ પડ્યું

હતું. બૌદ્ધધર્મની દીક્ષા લેતાં પહેલાં અશોકે તે ધર્મ ઉપર કરડી નજર રાખી હતી. હૃદયનો પલટો થયા પછી એ જ અશોકે ત્યાં બીજા વૃક્ષનું બીજારોપણ કર્યું. ખ્રિસ્તી ધર્મનું નખોદ વાળવા બેઠેલા સંત પૉલે જેમ આખી જિંદગી ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવામાં જ આખરે ગાળી તેમ તેના પહેલાં અશોકે પણ કર્યું છે. અશોક પછી બે વાર હિંદુ રાજાઓના ક્રૂર પ્રહાર એ બોધિદ્રુમને સહેવા પડ્યા હતા એમ ઇતિહાસ કહે છે.

હિંદુસ્તાનનાં મંદિરો અને ગ્રંથાલયોનો નાશ કરવાના ગુનાને સારુ આપણા મુસલમાન ભાઈઓને જેઓ બિલકુલ ક્ષમા કરી શકતા નથી તે હિંદુભાઈઓએ બોધિદ્રુમનો આ કિસ્સો ધ્યાનમાં રાખવો જોઈએ. દરેક જાતનો અત્યાચાર નિંદ્ય છે અને અધર્મ છે; પણ એ દોષ અમુક જાતિમાં છે અને અમુક જાતિમાં બિલકુલ નથી એમ નથી જ, અને એવો દોષ બધે જડ્યા પછી કઈ જાતિમાં તે વધારે છે અને કઈ જાતિમાં ઓછો એની ચર્ચામાં ઊતરવું એ આજે નિરર્થક છે. બુદ્ધગયામાં બોધિદ્રુમ અનેક વાર કપાયું પણ તેની જે એક ડાળ ભારતીય જહાજમાંથી પ્રાચીન કાળમાં લંકામાં ગઈ તે હજીયે ત્યાં અનુરાધાપુરમાં પૂર જોસમાં ફાલેલી જોવામાં આવે છે.

મંદિરને જમણે હાથે રાખી સીધા આગળ જવાથી એક તળાવનો ઘાટ દેખાય છે. તળાવ બહુ મોટું નથી, પણ ઘાટ વ્યવસ્થિત છે. કેટલાયે બૌદ્ધ ભિક્ષુઓએ અને શ્રમણોએ આ તળાવના કાંઠા પર બેસી જળમંડળનું ધ્યાન ધર્યું હશે!

*   *   *

ઐતિહાસિક ડહાપણથી ડાહ્યા થઈ આજે આપણે પ્રાચીન કારીગરી અને માન્યતાઓ શોધી કાઢવા ફરીએ છીએ અને દરેક વસ્તુના કાળ અને શિલ્પપદ્ધતિ નક્કી કરવામાં પુરુષાર્થ ગણીએ છીએ. પણ આ મંદિરો કંઈ કોઈ શરીરરચનાશાસ્ત્રીના ટેબલ પર પડેલાં કોઈ અજ્ઞાન અને ખ્યાતિવિહીન જાતિનાં પ્રાચીન હાડકાં નથી. તે આપણા જ પૂર્વજોના હૃદયનું અને ઉત્સાહનું સ્મારક છે. આપણામાં પ્રાચીન છતાં ચેતન એવો પ્રાણ ફૂંકનાર

આપણો પવિત્ર વારસો છે. આ મંદિરો ગમે તેટલાં ખંડિત થય. હોય તો પણ આપણે માટે તે નિષ્પ્રાણ નિરશ્મિ રાખ નથી. ભારતવર્ષને માટે આ મંદિરોમાં અમૃતસંજીવની રહેલી છે. આપણે શ્રદ્ધાથી તેમનું દર્શન કરીએ, તેમની પાસેથી આશીર્વાદ મેળવીએ અને હિંમત હોય તો બુદ્ધ ભગવાન જેવો ત્યાગ દાખવી તે ત્યાગને માટે લાયક બનીએ, ત્યાગને છાજે એવું આર્ય જીવન ગાળીએ. શાક્યસિંહની કીર્તિ અમરસિંહે અમર કરી તે આપણા કૌતુકને માટે નહિ, પણ આપણા જાગરણ માટે, કલ્યાણને માટે.

૧૪-૧-'૨૩

નિશીથ યાત્રા

જબલપુર નજીક ભેડાઘાટ પાસે આવેલા નર્મદાના પ્રવાહનું રક્ષણ કરનારા સંગેમરમરના પહાડો અમે રાત્રિએ જોઈ આવીએ એવી કલ્પના મધ્યરાત્રિનાં સ્વપ્નાંમાં પણ નહોતી આવી. સંગેમરમરના એ પહાડોની સૌ પહેલી માહિતી બચ્ચે આનાના પિક્ચર પોસ્ટકાર્ડ્સથી મળેલી. The Famous Marble Rocks of Jubblepore એ નામે ઓળખવામાં આવતાં એ ચિત્રો આસમાની પથ્થરો કેમ બતાવે છે? — એવી શંકા મનમાં આવી ગઈ હતી. કાળા ખડકો જેવા એ સફેદ ખડકો સુંદર દેખાતા હશે અને તેનાં પાણીમાં પડતાં પ્રતિબિંબ ખૂબ જ આકર્ષક હશે, એટલી જ કલ્પના એ વેળા મનમાં આવેલી. પણ 'સબિન્દુસિન્ધુ સુસ્ખલત્ તરંગભંગ રંજિતમ્' એવું જેનું વર્ણન એક કાળે સંધ્યાસમયે અમે ગાતા હોઈશું એ શર્મદા નર્મદાનાં દર્શન કરવા એ સુંદર કાવ્યમય સ્થાન હોવું જોઈએ એવો એક અસ્પષ્ટ સંકલ્પ મનને કોઈ ખૂણે બંધાઈ ગયેલો.

હિમાલયની યાત્રાએ જતાં હું કયારેક જબલપુર ઊતર્યો હોઈશ, પણ ત્યારે ભેડાઘાટની નર્મદાનું સ્મરણ સુધ્ધાં નહોતું થયેલું. ગંગોત્રી અને શ્રીનગરના ચિંતન પાછળ નર્મદાનું સ્મરણ ક્યાંથી થાય? નર્મદાકાંઠાની ગહનતામાં મહાદેવને છોડી, હું ગંગોત્રીની યાત્રાએ નીકળ્યો હતો.

ફૈજપુર કૉંગ્રેસ વખતે અજંતા જવાનું અમે ઠરાવ્યું હતું, પણ રેલવે કંપનીએ ઝોન ટિકિટો કાઢી, અમારામાં આસપાસ વધુ પ્રવાસ કરવાની વૃત્તિ જગાવી. જબલપુરની યાત્રા મફત થાય છે. તો જવામાં હરકત શી? એવો વિચાર કરી અમે નીકળ્યા. પણ તેમ કરવા જતાં, મુકરર મુદત કરતાં ફૈજપુર ૨૪ કલાક મોડું પહોંચાય તેમ હતું. આપ્પાસાહેબ પટવર્ધનને જોકે અમે વચન દઈ ચૂકયા હતા, પરંતુ ફૈજપુરમાં કામનો પ્રારંભ થવાને હજી વાર હતી, એટલે અમે તારથી તેમની પરવાનગી મેળવી લઈ, જબલપુરની વાટ લીધી.

રાધાકિસનજીએ કોઈ સ્નેહીને પત્ર લખીને અગાઉથી સર્વ વ્યવસ્થા કરાવી દીધી હતી, પણ તેમાંની કંઈ જ ઉપયોગી ન નીવડી. આપણે માનેલી અગત્ય યજમાનોમાં નથી એવું લાગી જવાની બહુ વિચિત્ર સ્થિતિ ત્યાં હતી. અમે કોઈ ખાસ કામ નિમિત્તે તો જબલપુર જતા નહોતા; પણ કેવળ એક દિવસની મોજ કરવી એવી પણ અમારી વૃતિ નહોતી.

દેશમાંનાં જુદાં જુદાં ધાર્મિક સ્થળો, ઐતિહાસિક સ્થાનો, કલામંદિરો અને નિસર્ગરમણીય દશ્યો જોઈને મેં માત્ર ચક્ષુતૃપ્તિ કદી અનુભવી નથી. જે રીતે મંદિરમાં જઈ આપણે દેવદર્શન કરીએ છીએ એ જ રીતે ભૂમિમાતાની આ વિવિધ વિભૂતિનાં હું દર્શન કરવા આવ્યો છું એ જ ભાવનાએ મેં મારી સઘળી યાત્રાઓ આજ સુધી કરી છે. મારા દેશના ગામડેગામડાની માહિતી મને હોવી જોઈએ અને એ માહિતી સાથેસાથ ભક્તિની પણ વૃદ્ધિ થવી જોઈએ એવી મારી અપેક્ષા રહી છે.

જેમ જેમ હું પ્રવાસ કરું છું અને અભિમાન તથા પ્રેમથી હૃદય ભરાઈ જાય એવાં દશ્યો જોઉં છું તેમ તેમ એક વાત મને અસ્વસ્થ કર્યા જ કરે છે; આવડો સુંદર અને ભવ્ય આ દેશ પરતંત્ર છે તેને માટે હું જવાબદાર છું. પારતંત્ર્યનું લાંછન કપાળે લઈને હું આ અદ્દભુતરમ્ય દેશની ભક્તિ પણ શી રીતે કરું એમ મને લાગી આવે છે. આ દેશ મારો જ છે એમ શું મારાથી માની શકાય ખરું કે? હું દેશનો છું એમાં તો શંકા નથી; કારણકે દેશે મને જન્મ આપેલો છે; મારું પાલનપોષણ અખંડ તે જ કરે

છે; મને રહેવાને સ્થાન, ખાવાને અન્ન અને આરામ માટે આશરો તે જ આપે છે; મારાં બાળબચ્ચાંને એના જ આધારે હું નિશ્ચિંતપણે છોડી શકું છું; જે ઉજ્જવલ ઇતિહાસ વડે હું જગતમાં ઊંચું માથું કરીને ચાલું છું એ આર્યોનો પ્રાચીન ઇતિહાસ પણ દેશે જ મને આપ્યો છે. આમ, મારું સર્વસ્વ દેશ પાસેથી જ મને મળ્યું છે. પણ આ દેશ મારો છે એમ માનવાયોગ્ય દેશને સારું મેં શું કર્યું છે? મારો જન્મ થવાની સાથે હું તો દેશનો થયો, પણ દેશને મારો કહેવડાવવા ખાતર મારે જિંદગીભર ખપી જવું જોઈએ.

આવા પ્રકારના ખ્યાલો મનમાં ઘૂંટાતાં હું ક્ષણભર અસ્વસ્થ થાઉં છું, પણ એ અવસ્થામાંથી જ ધર્મનિષ્ઠા ઉત્પન્ન થઈ દૃઢ થાય છે. આ અસ્વસ્થતાને લીધે જ સ્વરાજ્યસંકલ્પ બળવાન બને છે અને દેશ ખાતર—દેશમાં અસહ્ય કષ્ટ ઉઠાવનારા ગરીબો ખાતર—યત્કિંચિત્ પણ કષ્ટ સહન કરવાની સંધિ મળે છે ત્યારે ઉપકૃત થયા બરોબર લાગે છે. અને જેમ જેમ પ્રવાસ કરતો જાઉં છું તેમ તેમ અંગમાં નવી શક્તિનો સંચાર થતો લાગે છે. જુવાનોને હંમેશાં જ હું કહેતો આવું છું કે, 'સ્વદેશમાં ફરીને દેશનાં અને દેશમાંના લોકોનાં દર્શન કરવાની એક પણ તક ન ગુમાવતા.'

આ પ્રકારની ઉત્કટ ભાવના જે વેળા હૃદયમાં ઉદય પામે ત્યારે પાસે કોઈ જ ન હોય તો સારું એમ થાય એ સ્વાભાવિક છે. આપણી નાજુક ભાવનાઓ લખીને લોકો સમક્ષ મૂકવી એ એટલું કઠિન નથી. પણ એ ભાવનાથી અસ્વસ્થ થતાં આપણી જે વિહ્વળ દશા થાય છે ને આપણે જે છોકરવાદી કરીએ છીએ તે કોઈની નજરે પડે એ આપણાથી સહન નથી થતું. આથી હું જ્યારે જ્યારે ભક્તિયાત્રાએ નીકળું છું ત્યારે ત્યારે મને લાગે છે કે હું એકલો જ જાઉં અને એકાંતમાં જ નિસર્ગનો અનુનય કરું તો ઠીક. પણ મારી જાત કાગડાની. એકલાં એકલાં સેવન કરેલું કંઈ મને પચતું જ નથી. એટલે હું અનિચ્છાએ પણ બધાને કહી વળું છું કે 'મારાથી હવે થોભાવાનું નથી. હું તો આ નીકળ્યો.' અને પરિણામે કોઈ ને કોઈ સાથે આવે જ છે.

લોકોને થાય છે કે જોડે જવાથી આપણાં ચર્મચક્ષુને એના પ્રેમ-ચક્ષુની મદદ મળશે અને આપણો દેશ આપણે ચાર આંખે જોઈ શકીશું. આ જ મારી સ્થિતિ મારા એક મિત્રને મેં એક વાકયમાં જણાવી હતી કે, 'હું શોધું છું એકાન્ત, પણ સાધું છું લોકાન્ત.'

છેવટે આ બધાનું એ પરિણામ આવે છે કે, ચાર ચૌદ જણની જોડે પ્રવાસ કરવો પડે છે અને મને મારી ઊછળેલી મનોવૃત્તિઓ દબાવવી પડે છે અને મન અંતર્મુખ બનીને ચિંતનમગ્ન થવાને બદલે બહારની મંડળીના વાતાવરણને અનુકૂળ થઈ જાય છે.

પ્રવાસમાં શું કે ગમે તેવા મહત્ત્વનું કામ કરતાં શું, મંગળાચરણમાં જ જો એકાદુંયે વિઘ્ન ન નડે તો મને કંઈક ગુમાવ્યા જેવું થઈ આવે છે. નિર્વિઘ્ન પ્રવૃત્તિ મારી સ્વપ્નસૃષ્ટિમાંયે મેં દેખી નથી, તો જાગૃતિમાં તો એ કયાંથી જ આવે ? મોટા ઉત્સાહથી અમે ભુસાવળથી નીકળ્યા અને ઇટારસીમાં પહેલી જ ઠેસ લાગી. અગાઉથી ધારેલું તે મુજબ ઇટારસીના સ્ટેશન માસ્તરને અમારે સારુ કંઈ વ્યવસ્થા કરતાં આવડેલી નહિ. નવો ડબો જોડવામાં આવે તો એંજિનમાં તે ખેંચવાની તાકાત નહોતી, કારણ, ઇટારસીની પહેલાં જ ગાડીને વધુમાં વધુ ડબા જોડાયા હતા ને સઘળા ડબામાં માણસો ખીચોખીચ ભરાયાં હતા. હવે અહીંથી જ પાછા જવું કે શું ! કેવડી નિરાશા ! ! એક વિચાર આવ્યો કે મન વાળીને આંસુ લૂછવા સારુ અહીંથી હોશંગાબાદ સુધી મોટરમાં જઈ, નર્મદામાતાનાં દર્શન કરીએ ને ફૈઝપુર તરફ પાછા ફરીએ; પણ એટલી હિંમત ન થઈ અને છેવટે અમે આવેલી ગાડીમાં જેમતેમ કરીને ઘૂસ્યા.

જબલપુરના સ્ટેશને અમારા સ્વાગતની અમે શી અપેક્ષા રાખેલી ને શા અનુભવ થયા તે અહીં લખવા નહિ બેસું; પણ ટૂંકામાં એટલું જ કહું કે સ્થાનિક એક બે સજ્જનોની મદદથી અમે નજીકની એક ધર્મશાળામાં જઈ પહોંચ્યા અને મોટર મેળવવાની મહેનતમાં પડયા.

એકાદ મોટા સંઘ સાથે લઈને પ્રવાસ કરવામાં જે વ્યવસ્થા-શક્તિની આવશ્યકતા છે તે જ યુદ્ધોમાં મોટાં સૈન્યોની હિલચાલ

કરવા માટે જરૂરી છે. એકાદ આશ્રમ, એકાદી સંસ્થા, એકાદું મંદિર અથવા નાનાંમોટાં સંસ્થાન ચલાવવામાં જે ગુણ અને શક્તિનો વિકાસ થાય છે તેનો જ ઉપયોગ એકાદ રાજ્ય અથવા સામ્રાજ્ય ચલાવવામાં થાય છે. કોઈ કર્તવ્યપરાયણ ખેડૂત પણ તક મળતાં ઉત્તમ કારભારી થઈ શકે, અને જબરાં કારખાનાં ચલાવતો કલ્પક અને યોજક કારખાનાદાર એકાદ સામ્રાજ્યનાં સૂત્રો પણ ચલાવી શકે. પ્રવાસમાં મનુષ્યની કર્તવ્યપરાયણતાના જુદાજુદા પ્રકારોની પરીક્ષા થાય છે અને એમાં યોગ્યતાવાળા પુરુષો — અને સ્ત્રીઓ પણ — આપોઆપ આગળ નીકળી આવે છે.

આ વિચાર અહીં કેમ સૂઝયો એ જણાવવા સારુ પણ નહિ થોભીએ. આપણે વેળાસર ભેડાઘાટ પહોંચવાનું છે, અને વરસાદ તો જાણે 'આ આવ્યો' એમ તોળાઈ રહ્યો છે. ખરું જોતાં તો આ કંઈ વરસાદના દિવસ નથી; પણ હિંદુસ્તાનના ચારે ખૂણાના લોકો ફૈઝપુરની મહાસભામાં જઈ રહ્યા છે ત્યારે વરસાદને થયું કે આપણે પણ જુદાંજુદાં સ્થાનો જોતા ચાલો ફૈઝપુર પણ જોઈ આવીએ. પણ શિયાળાના દિવસોમાં વરસાદના પગમાં જોર નથી હોતું, એટલે દોડતાં દોડતાં તે રસ્તામાં જ તૂટી પડયો ને ફૈઝપુર સુધી પહોંચી શકયો નહિ! તેના હાથમાં સ્વરાજ્યની જ્યોત હોત તો કદાચ લોકોએ તેને મદદ કરી હોત.

હશે. અમારી બંને મોટરો પૂર ઝડપે ઊપડી અને સંધ્યાકાળને વખતે અમે ભેડાઘાટ પહોંચ્યા. સંગેમરમરના ખડકો જોવા સારુ આ પહેલાં આવે વખતે કોઈ આવેલું નહિ. પણ પ્રકૃતિનાં બાળકોને વળી વખતની સાથે શું લાગેવળગે?

* * *

અહીં આવીને તો અમે મોટી મુશ્કેલીમાં પડયા. નજીક જ એક ટેકરી પર મહાદેવનું મંદિર ઘેરીને ચોર્યાસી યોગિનીઓ તપ કરતી બેઠી હતી. તપ કરતાં કરતાં અહલ્યાની પેઠે તે શિલારૂપ બની ગઈ હશે. રામના ચરણનો સ્પર્શ થવાને બદલે મુસલમાનોના દંડાઓનો સ્પર્શ થવાને લીધે એમાંની કેટલીક યોગિનીઓની ભારે દુર્દશા થયેલી છે. આ ટેકરીની નજીક ધુવાંધાર નામથી ઓળખાતો એક પ્રખ્યાત ધોધ છે. એ જોવા જવું

કે સંગેમરમરના ખડકો જોવા સારુ નૌકાવિહાર કરવો? વિહાર કરવા સારુ નૌકા માત્ર એ જ હતી, એટલે અમે બધા એ જ વાત પર એકમત થઈએ એમાં લાભ નહોતો. છેવટે અમે બે ટુકડીઓ પાડી નાખી. આ સ્થાન સંગેમરમરના ખડકો માટે જ પ્રસિદ્ધ હોવાથી મોટી ટુકડીએ એ બાજુ જવાનું પસંદ કર્યું. અમારી બીજી ટુકડીએ યોગિનીઓનાં દર્શન કરી ધુવાંધાર જવાનું નક્કી કર્યું અને અમે પગથિયાં ચડવા લાગ્યા. સર્વે યોગિનીઓનાં દર્શન અમે અમારા હાથમાંની એક વીજળીની નાની મશાલની મદદથી કર્યાં! મૂર્તિઓ સુંદર રીતે કોતરેલી ને કલાપૂર્ણ લાગી. મંદિરમાંના મહાદેવ તથા તેમનો નંદી પણ જોવાલાયક છે.

મનમાં વિચાર આવ્યો કે જ્યારે એકાદ લડાઈમાં આપણે ઘાયલ થઈએ છીએ ત્યારે તાબડતોબ ઇલાજ લેવાથી જ આપણે સારા થઈએ છીએ. ગામમાં કોઈ રોગી માણસ મરે ત્યારે તેને તરત બાળી કે દાટી દઈએ છીએ. જમીન પર દૂધ ઢોળાય તો એના અભદ્ર ડાઘ જમીન પર રહેવા ન જોઈએ એમ માની આપણે તે લીંપી નાખીએ છીએ. એવો મનુષ્યસ્વભાવ હોવા છતાં આપણી ખંડિત મૂર્તિઓ આપણે કેમ જેમની તેમ રહેવા દીધી છે? ધર્માન્ધ મુસલમાનોના અત્યાચારોનું સ્મારક રાખવા?! કે આપણી કાયરતા અને સામાજિક બેજવાબદારીની કબૂલાત તરીકે?! અપ્રતિમ કલામૂર્તિઓ તૈયાર કરવાનો કસબ આપણા દેશમાંથી નષ્ટ થયો છે એ વેળા આવા પ્રાચીન અવશેષના નમૂના સાચવી રાખવા એ યોગ્ય તો છે જ. પણ મેં જોયું છે કે આબુ પરના દેલવાડાના મંદિરમાં આરસની કારીગરી કરનારા કુટુંબોની કાયમી નિમણૂક કરવામાં આવી છે અને મંદિરમાંના કોઈ પણ ભાગમાં કાંઈ ભાંગફોડ થઈ કે તરત મૂળ બરોબર જ તેની દુરસ્તી કરી લેવામાં આવે છે; અને એ જ રીતે લાહોરના મ્યૂઝિયમમાં પણ મેં જોયું છે કે મૂર્તિનો એકાદ કુશળ સર્જન ઘાયલ થયેલી મૂર્તિના હાથ પગ નાક હોઠ વગેરે સિમેન્ટની મદદથી બેમાલૂમ રીતે સાંધી સુધારી શકે છે. પરંતુ આપણાં મંદિરો યોગ્ય અથવા પુરુષાર્થી લોકોના તાબામાં છે જ ક્યાં? 'ધણી વગરનાં ઢોર' જેવી આપણા સમાજની સ્થિતિ છે.

યોગિનીઓના આશીર્વાદ લઈ અમે ટેકરી ઊતરવા લાગ્યા. હજુયે થોડો થોડો પ્રકાશ હતો એટલે અમે હસતાખેલતા પણ ઉતાવળે ધુવાંધારની શોધે નીકળ્યા. આગળ થનારાઓની લગામ ખેંચવાનું અને પાછળ રહેનારાઓને ચાબુક લગાવવાનું કામ એક જ જીભને કરવાનું હતું. અને મારો અનુભવ છે કે નાસતા મેંઢા કે વાછરડાને જેમ પાસે લાવવા પ્રયત્ન કરીએ છીએ તેમતેમ તેને દૂરદૂર ભટકવામાં મોટી બહાદુરી લાગે છે. અને તેના પર ગુસ્સે ભરાઈ તેને પાછો આણવામાં પડતા કષ્ટથી સંઘપતિને પણ પોતાનું મહત્ત્વ વધ્યા સરખું લાગે છે. પરસ્પરની ખેંચતાણના ત્રાસની મજા બંનેથી છૂટતી નથી.

જ્યાં જોઈએ ત્યાં સફેદસફેદ પથ્થર. જબલપુરનો જ એ પ્રદેશ ! પણ એક ઠેકાણે અમને શંખજીરાનું એક ખેતર જ મળી આવ્યું. શંખજીરું એ એક અદ્‌ભુત વસ્તુ છે. સફેદ તો ખરું જ પણ બિલકુલ લીસું. જાણે પેન્સિલમાંનું સીસું જ. નાનપણમાં એક વખત મને સંગ્રહણી થયેલી ત્યારે આ શંખજીરાની પડીકી વસ્ત્રગાળ કરી બરફીમાં નાખી ખાધી હતી. ત્યારથી શંખજીરા પર મારી શ્રદ્ધા બેઠી હતી. આ પડીકી આંતરડાંમાં સરીને જ્યાં જ્યાં જખમો પડ્યા હોય ત્યાં ત્યાં ભરાઈને તે પૂરવામાં મદદ કરે છે. અને જખમ પુરાઈ જતાં જ પેટમાંથી આપોઆપ નીકળી જાય છે. પથ્થરની ભૂકી: એ થોડી જ પચવાની છે ! પેટમાં રહે તે રોગ મટાડવા. પણ પોતાનું કામ પૂરું થતાં ઉપકારનાં વચનો વસૂલ કરવા સારુ પણ તે વધુ દિવસ રહેવાની ભૂલ નથી કરતી.

હવે તો ચારે બાજુ ઠીક ઠીક અંધકાર જામી ગયો. સર્વત્ર ભયંકર એકાંત હતું અને અફાટ સમુદ્રમાં કોઈ વહાણ ચાલે તેમ એ એકાંતને કાપતી અમારી ટુકડી આગળ વધતી હતી. હવા કંઈક ગૂંગળાયેલી લાગતી હતી. ક્યારે વરસાદ આવે એનો નેઠો નહોતો. આકાશમાં જોયું તો કાળાં કાળાં અભ્રો વચ્ચે એક બાજુ એક જ તારો ચમકતો હતો;—ચમકતો શાનો ? દુઃખે કષ્ટે બિચારો સહેજ ડોક લંબાવી જોતો હતો. એક જબરા મોટા મકાનમાં કોઈ એકાકી વૃદ્ધા ગોખમાં બેસીને ખાલી રસ્તા પર જોતી હોય એમ. અમે આગળ ચાલ્યા. હવે જમીન સારી રીતે

ભીની આવી, વચ્ચે વચ્ચે પાણી અને કીચડનાં ખાબોચિયાં પણ આવતાં.

અંધારું ખૂબ વધી ગયું. ખાડાખડબામાંથી રસ્તો કાઢવો મુશ્કેલ પડવા લાગ્યો. આગળ જવાનો ઉત્સાહ ખૂબ ઓછો થઈ ગયો. આવી મુશ્કેલ જગ્યાએ અંધારી રાતે અમે અહીં સુધી આવ્યા એને જ પ્રવાસનો આનંદ માની અમે પાછા જવાનો વિચાર કર્યો. આવા નિર્જન અને ભયાનક સ્થળે ચોર ભેટે તો?—એવી શંકા મનમાં આવી. કેટલાક લોકોને એકલા પ્રવાસ કરતાં ચોરચપેટાની બીક લાગે છે. મોટો સમુદાય હોય તો બીક જાણે સઘળામાં વહેંચાઈ જઈ, પ્રત્યેકને ફાળે બહુ ઓછી આવે છે અને એકમેકના આધારે પ્રત્યેક જણ પોતાની બીક મનમાં ને મનમાં દાબી દઈ શકે છે. કેટલાક લોકોનું એથી ઊલટું જ હોય છે. એકલા હોતાં તેમને પોતાની કંઈ જ પરવા નથી હોતી, પોતાનું ચાહે તે થાય. મારામારી કરવાનો પ્રસંગ આવે તો સામી છાતીએ આબરૂભેર આખે શરીરે માર ખાઈ લેવામાં પણ કંઈ મોટું નુકસાન નથી; અને અહિંસક વૃત્તિ હોય તો ગુસ્સો ન કરતાં કે ડરીને નાસી ન જતાં માર ખાતા રહેવાની મજા કંઈ જુદી જ છે; કારણકે સત્યાગ્રહી વૃત્તિએ ખાધેલો માર દેનારાને સારો તો લાગે છે; પણ મારનારો પ્રત્યેક ક્ષણે પોતાના જ મન સમક્ષ ફજેત થાય છે.

પરંતુ જ્યારે આખી ટોળી બરાબર હોય ત્યારે પ્રત્યેક જણ કેમ વર્તશે, એની આપણને ખાતરી નથી હોતી. છોકરાંઓ અથવા બૈરાંઓ સાથે હોય ત્યારે જુદી રીતે જ વિચાર કરવો પડે છે. પોતાની જાતને સંકટમાં નાંખવામાં જે લિજ્જત છે તે એવા પ્રસંગે અનુભવવામાં નથી આવતી. બધા જ સત્યાગ્રહી હોય તો જુદી વાત, પણ મોટું લાવલશ્કર વળગાડીને સંકટને ઠેકાણે કદી પણ જવું નહિ. શ્રીકૃષ્ણના કુટુંબકબીલાને લઈને જનારા વીર અર્જુનની કેવી દશા થઈ તે આપણે પુરાણોમાં વાંચીએ જ છીએ.

આ આવા અંધારામાં ખડકો ખડકો વચ્ચેથી તે ક્યાં સુધી જવું અને ત્યાં શું જોવા મળવાનું, એની કલ્પના ન હોતાં અહીંથી પાછા જવું જ સારું એવો વિચાર મનમાં આવ્યો ત્યાં જ જમણી બાજુએ એક નાનીશી તૂટીફૂટી ઝૂંપડી નજરે પડી. આવા નિર્જન

પ્રદેશમાં ચોર જુએ તોય શાની ચોરી કરે? પણ ચોરી કરીને થાકયા પછી શાંત અને નિશ્ચિતપણે બેસવા સારુ આ જગ્યા સરસ છે. ચોરોની શોધ કરવા નીકળેલા લોકોને અહીં સુધી આવવાની કલ્પના જ ન આવે. કે આ ઝૂંપડીમાં નિરંજનનું ધ્યાન ધરનારો કોઈ અલગ ઉપાસી સાધુ રહે છે? અમે ઝૂંપડી નજીક ગયા. અંદર કોઈ જ નહોતું! ત્યારે તો આ ઝૂંપડી સાધુની ન હોય. ફકીર સારો દિવસ ગમે ત્યાં રખડે પણ રાતે તો પોતાની મસીદમાં આવવાનું ન જ ચૂકે. અને બાવો હોય તો તેની રાત બહાર કયાંયે ન વીતતાં પોતાની સહચરી આગની ધૂણીના સહવાસમાં જ જવાની.

ત્યારે તો આ ઝૂંપડી માછલાં મારનાર માછીમારોની હોવી જોઈએ. ચાહે તેની હો, આપણુને તેનું શું? આપણે કંઈ થોડી જ આજની રાત અહીં કાઢવાની છે? થોડેક આગળ જતાં ખાતરી થઈ કે રસ્તો વગેરે ઠીક ન હોવાથી હવે આગળ અંધારામાં જવું એ કેવળ કષ્ટને જ નોતરવા જેવું છે. એટલે મેં હુકમ છોડયો, ‘ચાલો, હવે આપણે પાછા ફરીએ.’ એટલામાં કેમ જાણે સત્ત્વપરીક્ષા પૂરી થઈ હોય તેમ વાદળાં થોડાંક હટયાં અને બરાબર માથે આવેલા ચંદ્રે ‘પશ્યાશ્ચર્યાણિ ભારત,’ મુજબ આસપાસનો પ્રદેશ પ્રકાશિત કર્યો. સૂર્ય બધું જ પ્રગટ કરી દેતો હોવાથી તેના પ્રકાશમાં કંઈ કાવ્ય નથી હોતું. અંધારી રાતે આકાશમાંના તારામાં વિચરનારી દૃષ્ટિને ચંદ્ર પૃથ્વી પર મોકલે છે ને કહે છે: થોડુંક આંખોથી જુઓ અને બાકીનું બધું કલ્પનાથી ભરી કાઢો!

ચન્દ્રે મદદ કરી અને દૂર દૂરથી ધુવાંધારનો ઘોષ સંભળાવા લાગ્યો. હુકમ બાજુએ જ રહ્યો અને પગ જોરથી આગળ ઊપડવા લાગ્યા. થોડાક જ આગળ ગયા ત્યાં જાણે દૂધનો સ્રોત વહેતો હોય એવો ધુવાંધાર નજરે પડયો. સરસર ધબધબ! સુળસુળ ધબધબ! કર્રર્રર્ર ધબધબ! ધબધબ ધબધબ! ઉન્મત્ત પાણી વહ્યે જ જતું હતું. અને એ પાણીમાંથી બહાર નીકળતી સીકરવૃષ્ટિ સર્વત્ર પ્રસરતી હતી. વૃષ્ટિ શાની? તુષારનો ફુવારો જ! કેટલું બધું અતિથિશીલ! આ સૂક્ષ્મ જીવનકણોએ

અમારી આ જીવનક્ષણોનું સાર્થક કર્યું. ચંદ્ર હસતો હતો, પાણી રમતું હતું, તુષાર ઊડતું હતું, હવા ઝૂલતી હતી ને અમે ડોલતા હતા. આ જુઓ, આ જુઓ, ત્યાં જુઓ, કેવી મજા છે એવા ઉદ્‌ગારો ધોધ વધુ ને વધુ જોતાં શરૂ થયા. અમારી સાથે આવેલા સ્વયંસેવક વાટાડેએ જુદી જુદી ઋતુમાં ધુવાંધાર કેવો દેખાય છે તેનું વર્ણન કરવાની શરૂઆત કરી. અહીં લોકો તરવા કેમ આવે છે, ક્યાંથી ડૂબકી મારે છે, ઉનાળામાં ધુવાંધારની ઊંચાઈ કેટલી હોય છે વગેરે કેટલીક માહિતી તેણે અમને સંભળાવી અને પોતાની માહિતી અને રસિકતા બદલ અમારી પાસેથી એણે પોતાની કદર કરાવી લીધી. અમે એકધ્યાને ધુવાંધારની સાથે એકરૂપ થવામાં ગરક થયા. કેટલાં ભવ્યપાવન દર્શન એ! અરણિના મંથનમાંથી પ્રથમ ગરમી પેદા થાય છે, એ પછી ધુમાડો નીકળવા લાગે છે અને ધુમાડો ઠેકાણે પડતાં તણખા ઝરે છે ને પછી ભડકો નીકળવા લાગે છે. એ જ પ્રમાણે નિસર્ગયાત્રાથી કુતૂહલ જાગૃત થાય છે, તેમાંથી અદ્‌ભુતતા જન્મ લે છે અને તે સારી રીતે એકઠી થતાં એકાએક ભક્તિનો ઉમળકો બહાર પડે છે. 'ચાલો આપણે અહીં શિલા પર બેસીને પ્રાર્થના કરીએ.' પ્રાર્થના માટે આવું પવિત્ર સ્થાન ને આવો શુભ કાળ હમેશાં નથી મળતો. સર્વે જણ ટપોટપ એ ઠેકાણે ઝૂકી પડ્યા અને 'યં બ્રહ્મા વરુણેન્દ્ર૦'નો ધ્વનિ ધુવાંધારને કાને પડ્યો.

જેમ જુદા જુદા વખતે જુદા જુદા રાગ ગાવામાં આવે છે તેમ મને જુદે જુદે સ્થળે જુદાં જુદાં સ્તોત્રો સૂઝે છે. હિંદુસ્તાનની દક્ષિણે કન્યાકુમારી ત્રણ વખત ગયો હતો ને વેળા મને ગીતાનો દસમો તથા અગિયારમો અધ્યાય સૂઝ્યો હતો. વિભૂતિયોગ અને વિશ્વદર્શનયોગનો ઉત્કટ પાઠ કરવા સારુ એ જ યોગ્ય સ્થાન છે. અને જ્યારે સિલોનના મધ્ય ભાગે—અનુરાધાપુર નજીક—મહેન્દ્ર પર્વતના શિખર પર સંધ્યાસ્તે પહોંચ્યો હતો, ત્યારે પાટલિપુત્રથી આકાશમાર્ગે આવી, આ શિખર પર ઊતરનારા મહેન્દ્રનું સ્મરણ કરી હું ઈશાવાસ્યોપનિષદ બોલ્યો હતો. અનાત્મવાદી બુદ્ધ શિષ્યોના આત્માને ઈશોપનિષદ સાંભળી શું થયું હશે એ દૈવ જાણે! અને પૂનાથી શિવનેરી ગયો હતો ત્યારે

મસીદની ઊંચી ભીંતનાં પગથિયાં ચઢી, શ્રી શિવાજી મહારાજના બાલ્યકાળની ક્રીડાભૂમિનાં દૂરથી દર્શન કરવા લાગતાં, કોણ જાણે કેમ, માંડૂક્યોપનિષદ ઠીક લાગ્યું. એ ઉપનિષદ શ્રી સમર્થને પ્રિય હતું એમ જ માનવાનો ક્યાંયે પુરાવો નથી. પણ 'नान्तःप्रज्ञं न बहिःप्रज्ञं नोऽभयतःप्रज्ञं न प्रज्ञानघनम् न प्रज्ञं नाप्रज्ञम् ।' એ કંડિકા બોલવા લાગતાં કેમ જાણે શિવકાલીન મહારાષ્ટ્ર તેમ જ અભેદભક્તિ કરનારા સાધુસંતો જોડે હું તદ્દન એકરૂપ થઈ જતો હતો. ધુવાંધારની મસ્તી અને તેના તુષારનું હાસ્ય જોઈને અહીં સ્થિતપ્રજ્ઞ ગાવું ઠીક લાગ્યું.

ઉત્કટ ભાવનાનું સેવન લાંબા વખત સુધી કર્યાં જ કરવું જોઈએ એવું કાંઈ નથી. એકાદ આલાપમાં એક અખિલ ભાવસૃષ્ટિ સમાવી શકાય. એકાદ જલબિંદુમાં પ્રચંડ સૂર્ય પ્રતિબિંબિત થઈ શકે. એકાદ દીક્ષામંત્રથી યુગયુગનું અજ્ઞાન હટાવી શકાય. એક ઘડીમાં અમે ધુવાંધારનું વાતાવરણ અમારું કર્યું. આંખોની શક્તિ કેટલી અજબ છે! ધુવાંધારનું પાન મોંએથી કરવું અશક્ય હતું. અમે થોડા જ કુંભસંભવ અગસ્તિ હતા! પણ અમારી બે નાનકડી કીકીઓએ એ અખંડ વહેનારા ધોધનું આકંઠ પાન કર્યું: મને લાગે છે કે આવા દગ્-પાનને 'આ-કંઠ' ન કહેતાં 'આ-પાંપણ' કહેવું જોઈએ. અને સૌએ પોતપોતાની આંખોમાં આ લૂંટ એક ક્ષણમાં ભરી લઈ પાછી ફેરવી લીધી અને અમારી ભૂતાવળ તરેહતરેહની વાતો કરતી અને બુમાટા પાડતી મોટરના અડ્ડા પર આવી પહોંચી.

અહીં સંગેમરમર (ભેડાઘાટ)ના ખડકો જોઈ આવેલી ટુકડી અમને મળી. પરસ્પરના અનુભવની અમે આપલે કરી અને એ ટુકડીને મુરબ્બીવટથી સલાહ આપી કે આટલી રાતે ધુવાંધાર જવું કંઈ જ ઉપયોગનું નથી, તેથી તમે અમારા તૈલવાહનમાં બેસી સીધા જબલપુર જાઓ. અમે માત્ર તમે ગયેલા ઠેકાણે થોડો નૌકાવિહાર કરી તરત જ પાછા આવીએ છીએ. અમારી આ સલાહ એ ટુકડીને રુચી કે નહિ તે કોણ જાણે.

રસ્તાની બાજુએ ઊતરતા ઊતરતા અને અંધારામાં ટિચાતા અમે પ્રવાહના કિનારા પર્યંત પહોંચ્યા. અને ફરી અમારી પણ

બે ટુકડીઓ પાડી બે હોડીમાં અમે ચઢી બેઠા. અમારી હોડી આગળ નીકળી. જ્યાં જોઈએ ત્યાં ભરપૂર શાંતિ ભરી હતી. અને કેમ જાણે તે કેટલે ઊંડે સુધી પસરેલી છે તેનો તાગ લેવો હોય તેમ વચ્ચે વચ્ચે અમારી હોડીનાં હલેસાં તાલબદ્ધ અવાજ કરતાં હતાં. ચન્દ્ર પોતાની ટમટમતી મશાલ માથે ધરી, 'આસપાસની શોભા દિવસે કેવી દેખાય છે એની કલ્પના કરો' એવો કોયડો જાણે રજૂ કરતો હતો. કેટલેક ઠેકાણે બિલકુલ અંધારું હતું. વચ્ચે વચ્ચે ચાંદનીના ડાઘ હતા. આકાશ નિરભ્ર નહોતું એટલે ચાંદની છાશ જેવી પાંખી બની ગઈ હતી. અને આકાશમાંનાં વાદળાં વચ્ચે વચ્ચે મલમલ જેવાં પાતળાં છે એ વાત તરફ ધ્યાન ખેંચાઈ જતું હતું. બંને બાજુના સંગેમરમરના ખડકો ત્યારે કેટલા ઊંચા દેખાતા હતા! ઊંચા અને ભયંકર! જાણે કોઈ રાક્ષસોની જમાત જ વસેલી ન હોય! અને આ ખડકો વચ્ચે નર્મદાનો પ્રવાહ ઘૂમરી ખાતો પોતાનો ચક્રવ્યૂહ રચતો હતો.

ઊંચા ઊંચા આ ખડક અથવા પહાડ ખૂબ જ નજીક હોવાથી, પ્રાચીન કાળમાં એક સરદારે પોતાના ઘોડાને એડી મારી આ શિખરથી સામેના શિખરે કુદાવેલો એવા પ્રકારની દંતકથા અહીં ચાલુ છે. વાંદરા તો ખરેખર એવા કૂદકા મારે જ છે. અહીં જ આવી વાતો હોડીવાળા ખલાસીઓ પાસેથી તમને સાંભળવા મળવાની.

અહીં આ ખડકોમાં કેટલીક ગુફાઓ પણ છે. આ ગુફાઓમાં ઋષિમુનિઓ ધ્યાન ધરવા રહેતા હોવા જોઈએ જ. અને મધ્ય યુગમાં રાજકુલમાંના આપદ્‌ગ્રસ્ત લોકો તથા સ્વાતંત્ર્યની સાધના કરનારા દેશભક્તો પણ અહીં જ આત્મરક્ષણ સારુ લપાઈ જવા રહેલા હશે, અને છછુંદરની જેમ સરતી હોડીઓ દ્વારા એવા લોકોને ગુપ્તપણે આહાર, બાતમી અને આશ્વાસન પણ પહોંચાડવામાં આવતાં હશે. આ ગુફાઓને જો વાચા હોત તો ઇતિહાસમાં ન નોંધાયેલો એવો કેટલોયે વૃત્તાંત આપણને જણાવ્યો હોત.

હોડીમાં કોતરની વચ્ચોવચ જતાં જતાં અમે એક એવા ઠેકાણે આવ્યા કે જેને શાંતિનું ગર્ભગૃહ કહેવામાં આવે. અહીં અમે હલેસાં બંધ કર્યાં, શ્વાસ સાંભળવામાં આવે એ ભયે મંદ

કર્યો. પ્રાર્થનાના શ્લોક અમે ત્યાં બોલ્યા કે નહિ તેનું સ્મરણ નથી. પણ હું માત્ર મનમાં સોળ ઋચાઓનું પુરુષસૂક્ત મોટી ઉત્કટતાથી બોલવા મંડ્યો. પછી લાગ્યું કે આટલી શાંતિમાં આપોઆપ સમાધિ જ લાગવી જોઈએ. કેટલો વખત ગયો એ કોણ જાણે પણ એટલામાં ડબ ડબ ડબ કરતી બીજી હોડી આવી પહોંચી. તેમાંની ટોળીએ એક મંજુલ ગીત ગાવાની શરૂઆત કરી. અને આસપાસનાં કોતરો તેનો પ્રતિધ્વનિ કરવો કે ન કરવો એ વિચારમાં અરધો ઉત્તર દેતાં હતાં.

હવે અહીંથી આગળ જવું શક્ય નથી, અહીંથી પાછા જ વળવું જોઈએ એમ હોડીવાળાએ જણાવ્યું એટલે દોડતા મનને પાછું ખેંચી બોલ્યા, 'ચાલો ત્યારે તો! પુનરાગમનાય ચ!'

હવે જવું તો વર્ષાની આખરે, ચાંદનીના દિવસ જોઈને, દિવસરાત આ મૂર્તિમંત કાવ્યમાં તરંગત રહેવા સારુ જ જવું. ખરેખર, આ સ્થાન જોઈને મનમાં નિશ્ચય થયો કે જો ફરીથી આવવાનું ન હોય તો અહીં થઈને નીકળવું પણ નહિ.

ઑક્ટોબર, ૧૯૩૭

જીવનતીર્થ હરદ્વાર

ત્રિપથગા ગંગાના ત્રણ અવતાર છે. ગંગોત્રી અથવા ગોમુખથી માંડી હરદ્વાર સુધીની ગંગા તે એનો પ્રથમ અવતાર. હરદ્વારથી પ્રયાગરાજ સુધીની ગંગા તે એનો બીજો અવતાર. પ્રથમ અવતારમાં એ પહાડના બંધનમાંથી–શિવજીની જટામાંથી–મુક્ત થવા મથે છે. બીજા અવતારમાં એ પોતાની બહેનપણી યમુનાને મળવા તલસે છે. પ્રયાગરાજથી ગંગા યમુનાને મળીને પોતાના મોટા પ્રવાહ સાથે સરિત્પતિ સાગરમાં વિલીન થવાને ઝંખે છે એ એનો ત્રીજો અવતાર. ગંગોત્રી, હરદ્વાર, પ્રયાગ અને ગંગાસાગર એ ગંગાપુત્ર આર્યોને માટે મોટામાં મોટાં તીર્થસ્થાનો છે. જેમ ઉપર ચડીએ તેમ તીર્થનું માહાત્મ્ય વધારે એમ મનાય છે. એક રીતે એ સાચું પણ છે. પણ મારે મન ભારતજાતિ માટે અંત્યંત આકર્ષક સ્થાન હરદ્વાર જ છે. હરદ્વારમાં પણ પાંચ તીર્થો પ્રસિદ્ધ છે. દરેકનું માહાત્મ્ય પુરાણકારોએ શ્રદ્ધા ને રસથી વર્ણવ્યું છે, પણ એ કશું મહત્ત્વ જાણ્યા વગર પણ માણસ કહી શકે છે કે 'હરિકી પાયડી'માં જ ગંગાનું માહાત્મ્ય કહો તો માહાત્મ્ય અને કાવ્ય કહો તો કાવ્ય અધિક દેખાઈ આવે છે.

એમ તો દરેક નદીમાં કાવ્યમય ભૂમિભાગ હોય જ છે. ગંગાને કિનારે હરદ્વાર કરતાં અધિક રૂપાળાં સ્થાનો ન જ હોઈ શકે એમ કહેવાનો આશય નથી. 'હરિકી પાયડી'ની આસપાસ

બનારસની શોભાનો સોમો ભાગ પણ ન જડે; છતાં અહીં કુદરત અને માણસ એકબીજાના વેરી ન થતાં એમણે ગંગાની શોભાને વધારવાનું કામ સહકારથી કર્યું છે. ગંગાનો એ સાદો, સ્વચ્છ પ્રવાહ, મંદિર પાસેનો એ દોડતો ઘાટ, ઘાટ તળેનો નાનો સરખો વાંકોચૂકો ધરો. આ બાજુ હજારો લોકો સુખેથી બેસી શકે એવો પટ જેવો ઘાટ અને પેલી બાજુ નાનકડા બેટની ગરજ સારે એવો કકડો અને બે બાજુને સાંધનાર જૂનો પુલ. એ બધું જ કાવ્યમય છે. કાંઠાનાં મંદિરો અને ધર્મશાળાનાં સાદાં શિખરો એમાંનું એકેય ગંગા તરફ ચોંટેલું આપણું ધ્યાન પોતા તરફ ખેંચતાં નથી અને છતાં એ બધાં ગંગાની શોભામાં ભળે એવાં જ છે. બનારસના બજારમાં બેસતા આળસુ પોઠિયા જુદા અને શાંતપણે વાગોળતા અહીંના પોઠિયા જુદા. અહીં ગંગામાં ક્યાંય કાદવનું નામ ન મળે. એકબીજા સાથે અનંતકાળથી અથડાઈને ગોળમટોળ થયેલા સફેદ પથરાઓ જ બધે જોઈ લેવા.

'હરિકી પાયડી'માં સૌથી આકર્ષક વસ્તુ તરફ આપણું ધ્યાન જતું નથી. આપણે એની કેવળ અસર અનુભવીએ છીએ. અને એ છે અહીંની હવા. હિમાલયનાં દૂરદૂરનાં હિમાચ્છાદિત શિખરો પરથી જે પવનો દક્ષિણ તરફ વાય છે તે પહેલવહેલા અહીંની મનુષ્યવસતિને જ સ્પર્શે છે. આટલો પાવન પવન બીજે ક્યાંથી મળે? હરિકી પાયડી પાસે પુલ ઉપર ઊભા થાઓ એટલે ફેફસાંમાં અને હૈયામાં કેવળ આહ્લાદ જ ભરાઈ જાય છે. ઉન્માદકારી નહિ પણ પ્રશમકારી.

જેટલી વાર અહીં આવ્યો છું એટલી વાર એ ને એ જ શાંતિ, એ ને એ જ આહ્લાદ અને એ ને એ જ સ્ફૂર્તિ અનુભવી છે. મુંબઈની ચોપાટી સાથે કેટલાક લોકો આ ઘાટને સરખાવે છે. આત્યંતિક વિરોધનું સાદૃશ્ય આ બેમાં જરૂર છે. અહીં યાત્રીઓ માછલાંઓને આહાર આપે છે તો ત્યાં માછીઓ આહાર માટે માછલાંઓને પકડે છે.

હરિકી પાયડી જોવી હોય તો સાંજે સૂર્યાસ્ત પછી જવું. ચાંદરણું છે કે નહિ એનો વિચાર કરવાની જરૂર નથી. ચાંદરણું હશે ત્યારે એક જાતની શોભા મળશે, નહિ હોય ત્યારે

બીજી. એ બેમાં જે પસંદગી કરવા બેસે તે કલાપ્રેમી નથી. સંધ્યાકાશમાં એક પછી એક તારાઓ પ્રગટે છે અને નીચેથી એક પછી એક સળગતા દીવાઓ એમને જવાબ દે છે. એ આખા દૃશ્યની ગૂઢ શાંતિ મન ઉપર કંઈક અદ્‌ભુત અસર કરે છે, એટલામાં મંદિરમાંથી ટીંગ ટાંગ ટીંગ ટાંગ વાગતી ઘંટડીઓ આરતી માટે નોતરે છે. આ ઘંટાનાદને જાણે અંત જ નથી. ટીંગ ટાંગ ટીંગ ટાંગ, ચાલ્યાં જ કરે છે. અને ભક્તો જાતજાતની આરતી ગાયાં જ કરે છે. પુરુષો ગાય છે, સ્ત્રીઓ ગાય છે, બ્રહ્મચારીઓ ગાય છે અને સંન્યાસીઓ પણ ગાય છે; સ્થાનિક લોકો ગાય છે અને પ્રાંત પ્રાંતના યાત્રીઓ પણ ગાય છે. કોઈ કોઈને ગણકારતું નથી; કોઈ કોઈનાથી અકળાતું નથી. દરેક જણ પોતાના ભક્તિભાવમાં તલ્લીન. સનાતનીઓ સ્તોત્રો ગાય છે, આર્યસમાજીઓ ઉપદેશ કરે છે. શીખો ગ્રંથસાહેબના એકાદ મહોલ્લામાંથી આસા દિ વાર લલકારે છે. ગૌરક્ષા પ્રચારકો તમને અહીં સમજાવે છે કે દુનિયામાં સફેદ રંગ છે કેમ કે ગાયનું દૂધ સફેદ છે. ગાયના પેટમાં તેત્રીસ કરોડ દેવ છે; ફક્ત ત્યાં પેટ પૂરતું ઘાસ નથી. કેટલાક નાસ્તિકો આ મેદનીનો લાભ લઈ ઈશ્વર ન હોવાનું પ્રમાણસર સિદ્ધ કરી આપે છે અને ઉદાર હિંદુધર્મ એ બધું સદ્‌ભાવપૂર્વક ચલાવવા દે છે. ગંગામૈયાના વાતાવરણમાં કોઈનો જ તિરસ્કાર નથી; બધાંનો સત્કાર છે. ભગવાં કપડાં પહેરીને પોતે મુક્ત હોવાનો ડોળ કરનારા મુક્તિફોજના મિશનરીઓ. પણ જો આવતી કાલે ઊઠીને અહીં હિંદુધર્મનો વિરોધ પ્રચારે તો આપણા યાત્રાળુઓ એમને શાંતિથી સાંભળશે અને કહેશે કે ભગવાને જેવી બુદ્ધિ આપી છે તેવું બિચારો બોલે છે; એનો વાંક શો? હિંદુસમાજમાં દોષો અનેક છે અને એ દોષોને લીધે હિંદુસમાજે ઘણું વેઠયું પણ છે પરંતુ ઉદારતા, સહિષ્ણુતા અને સદ્‌ભાવ એ હિંદુસમાજની ખાસિયત દોષરૂપ નથી જ. ઉદારતાને લીધે હિંદુધર્મે ઘણું વેઠયું છે એમ કહેનારા હિંદુધર્મની જડ જ કાપી નાખે છે.

હજી પેલો ઘંટ ચાલે છે અને આરતીની વેળા હજુ વહી ગઈ નથી એમ આળસુ લોકોને કહી એમને મનખાનું કલ્યાણ કરવા કરગરે છે.

અને પેલી બાળાઓ જાણે પોતાના ભાગ્યની પરીક્ષા કરતી હોય તેમ, ખાખરાના પાંદડાંના મોટા મોટા પડિયામાં ફૂલો વચ્ચે ઘીના દીવાઓ રાખી એમને પ્રવાહમાં છોડી દે છે, અને તરત એ પડિયા હોડીની પેઠે ડોલતા ડોલતા,—પોતાની અંદર રહેલી જ્યોતિનું મહત્ત્વ જાણે જાણતા હોય તેવી રીતે ડોલતા, જીવનની સફર આરંભે છે. ચાલી, એ જીવનયાત્રા ચાલી. એક પછી એક, એક પછી એક, દીવાઓ પોતાના ભાગ્યને પ્રવાહમાં છોડી દે છે. મનુષ્ય-જીવનમાં વ્યક્તિઓનું થાય છે તેમ અહીં આ દીવાઓનું પણ થાય છે. કોઈ અભાગિયા યાત્રાની શરૂઆતમાં જ પવનને વશ થઈ જાય છે અને ચોમેર વિષાદ ફેલાવે છે; કેટલાક ભારે આશા દાખવી નિરાશ કરે છે; કેટલાક આજન્મ માંદલાની પેઠે ટગુમગુ કરતાં દૂર સુધી પહોંચે છે; કોઈ કોઈ વાર એ પડિયા પાસે પાસે આવીને એકબીજાને ચોંટી જાય છે અને પછી એ જોડહોડી દંપતીની પેઠે લાંબી લાંબી મુસાફરી કરે છે. એમને ગોળ ગોળ ફરતા જોઈ મનમાં જે ભાવ પ્રકટ થાય છે તે વ્યક્ત કરવા કઠણ છે. કેટલાકની તો જીવનજ્યોતિ હોલવાઈ જાય તે પહેલાં જ તેઓ દૃષ્ટિ આડે થઈ જાય છે. મૃત્યુ અને અદૃષ્ટ બંને મનુષ્યજીવનના છેલ્લા અધ્યાય છે. આ બે આગળ કોઈનું કશું ચાલતું નથી, અને તેથી જ માણસને ઈશ્વરનું સ્મરણ થાય છે. મરણ ન હોત તો વખતે સ્મરણ પણ ન હોત.

હિંમત હોય તો કોક દિવસ સવારે ચાર વાગ્યે ઊઠી એકલા એકલા આ ઘાટ ઉપર આવીને બેસો; જુદી જ જાતના ભક્તો તમને અહીં દેખાશે. ત્રણ વાગ્યાથી માંડીને સૂર્યોદય સુધી વિશેષ લોકો જ અહીં આવવાના. વાજિનીવતી ઉષા સૂર્યનારાયણને જન્મ દે છે અને તરત વ્યવહારુ દુનિયા આ ઘાટનો કબજો લે છે તેમ થાય તે પહેલાં જ આપણે અહીંથી ખસી જઈએ તે સારું. આકાશના તારાઓ પણ રાજી થશે.

માર્ચ, '૩૬

બિલ્વાશ્રમનું પુનર્દર્શન

જેમ ઉત્તર કાશી સાધુઓનો ઉનાળામાં રહેવાનો ગ્રીષ્મારામ છે તેમ ઋષિકેશ અને લક્ષ્મણઝૂલા તેમનો હેમંતારામ અને શિશિરારામ છે. આ સ્થાને સ્વર્ગાશ્રમમાં તથા રામાનુજ આશ્રમમાં કેટલાક દિવસ વસ્તી કરેલી અને નિવૃત્તિજીવનનું ચિંતન કરેલું તેથી એ પુણ્યભૂમિનાં ફરી એક વાર દર્શન થાય તો સારું એમ મનમાં રહેતું હતું. દર્શનની જેટલી ઉત્કટતા હતી તેટલી જ તે વિષે બીક પણ હતી. ચોવીસ વર્ષ પહેલાંનો સ્વર્ગાશ્રમ આજે ત્યાં ક્યાંથી હોય? પારલૌકિક જીવન વિષે શ્રદ્ધા રાખનારા અને છતાં ઐહિક જીવનનો લોભ કાયમ રાખનારા અને જાણે અજાણે પોતાની એ વૃત્તિનો ચેપ સાધુઓને પણ લગાડનારા ભગત લોકોએ પોતાની દાનશ્રદ્ધાથી આ આખું સ્થાન બજાર જેવું કરી મૂક્યું હશે અને સાધુઓને રહેવાની સગવડો વધારવાની સાથે દુનિયાની બધી બદીઓને પણ અહીં રહેવાની સગવડો ઊભી કરી હશે એવી બીક મનમાં હતી. અમે હતા ત્યારે કેટલાક સાધુઓ, પોતાની ભૂખ કરતાં ત્રણ ગણી રોટલીઓ ભેગી કરી, વધારાની રોટલીઓ શિયાળા પૂરતા આવી વસેલા ભોટ લોકોને પૈસે રોટલીને ભાવે વેચતા અને એ પૈસામાંથી સાધુ થયા છતાં રહી ગયેલી વાસનાઓ પૂરી પાડતા. તે વખતે સાંભળ્યું હતું કે દૂર જંગલમાં એક છૂપી મધુશાલા પણ

છે. આ સમાચાર સાંભળી જોકે હું હેબતાઈ ગયો હતો છતાં એ સમાચાર કેટલે દરજ્જે સાચા છે એની તપાસ કરવાની હિંમત નહોતી. બીક હતી કે એ સમાચાર સાચા જ નીવડશે; તેથી આ સ્થાનને સંશયનો લાભ આપવા માટે તપાસ કરવાનું જ મેં માંડી વાળ્યું હતું.

આ સ્થાને મેં મારી જિંદગીનો થોડોક પવિત્રતમ કાળ ગાળ્યો હતો. અત્યારે સ્મરણ છે તે પ્રમાણે તો એ કાળમાં કોઈ જાતના વિકારોને હું વશ નહોતો થયો. અભિમાન, અહંકાર આદિ મનુષ્યસુલભ મનોવૃત્તિને પણ અહીં ઓછામાં ઓછો અવકાશ હતો. પરમ પ્રિય સાથીઓના પવિત્ર સહવાસમાં સમાજહિતની અનેક યોજનાઓ ઘડતો, જીવનના જૂના અનુભવનો સાર તારવતો, સંત-વચનોના જીવંત સહવાસમાં ચિત્તવૃત્તિને શોધતો અને કુદરતના નિર્મળ ભવ્ય સૌંદર્યમાં તલ્લીન થતો, હું અહીં રહ્યો હતો.

આ અરસામાં તપસ્યાનો કાંઈક મૂઢાગ્રહ મને વળગ્યો હતો એટલે એક ધોતિયું અને એક ઉપરણું એ જ મારો પહેરવેશ હતો. અંદર લંગોટી ખરી. ઓછામાં ઓછું ઓઢવું અને પાથરવું, ઓછામાં ઓછું સૂવું, ઓછામાં ઓછું બોલવું, સવારે ઊઠીને ગંગાજીના ધરામાં ધરાઈને નાહવું, માથાના અને દાઢીના વાળ સૂકવ્યા વગર ઉઘાડે ડિલે એક બિલ્વવૃક્ષ તળે જપ કરવા બેસવું, બે ટંક અન્નક્ષેત્રમાંથી આણેલી રોટલી અને દાળ ખાવાં, અને દિવસરાત ધ્યાન ધરવું અથવા ધાર્મિક ગ્રંથોનું પારાયણ કરવું એ જ મારો વ્યવસાય હતો. આસપાસ કેટલાક બંગાળી અને મદ્રાસી સાધુઓ રહેતા એમની સાથે વાતો ચાલતી. પણ સ્વર્ગાશ્રમનું જીવન મને સદ્યું નહિ. ખોરાકમાંથી પૂરતું પોષણ ચૂસી લેવાની હોજરીની શક્તિ નહિ એટલે વધારે ખાવાની ટેવ પડી. જેમ તબિયત બગડે તેમ વધારે ખાધા વગર તૃપ્તિ થાય જ નહિ. આઠ આઠ દસ દસ રોટલીઓ ખાઉં, બબ્બે ચચ્ચાર વાટકા જેટલી ચણાની દાળ ઉડાવું, બપોરે ગોળ અને ચણા મળે તો તે પણ ખરા. આમાં સ્વાદ કરવાની દાનત નહિ પણ આહારશાસ્ત્રનો જરાય ખ્યાલ ન હતો. ભૂખ કેમે કરીને શમે નહિ. અંતે પેટ બગડ્યું, તબિયત બગડી. રોજ સાંજે ટાઢ વાયા પછી સખત

તાવ આવે. એક લોઢાના પતરા ઉપર ચટાઈ નાખીને સૂતો એ પતરું પણ ટાઢ સાથે વાતું હતું. એના અવાજના તાલ સાથે હું ભજનો ગાતો. રોજ બે માઇલ જઈને ભિક્ષા આણવાની, ગંગાને કાંઠે બેસી આરોગવાની અને ધ્યાન, ભજન, જપ, ટાઢ અને તાવ વચ્ચે આખો દિવસ વહેંચી નાખવાનો. આવું ચાલ્યું.

આખા શરીરે કરચલીઓ પડી. કસાયેલું શરીર ઘસાવા લાગ્યું. મનને ખાતરી થઈ કે શરીર હવે અહીં જ પડવાનું. એ ખાતરીનો પણ આનંદ અને ઉન્માદ જ જામ્યો અને મારી નિવૃત્તિની પ્રવૃત્તિ બમણા વેગથી ચાલી. શરીર છૂટે તે પહેલાં સાક્ષાત્કાર થવાનો જ છે એ જાતનો વિશ્વાસ હૈયામાં હતો. જો મને આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન હોત, આહારશાસ્ત્રનો કાંઈક ખ્યાલ હોત તો મારા જીવને, મને લાગે છે, ક્યારની કૃતાર્થતા અનુભવી હોત. મને લાગે છે કે મેં સ્વાદ ઠીક ઠીક જીત્યો છે છતાં આહાર જીત્યો નથી. અત્યારે પણ સહેજે વધારે ખવાઈ જાય છે.

સાધકોને માયા કેમ પરાસ્ત કરે છે અને એની નબળાઈનો મર્મ જોઈ ત્યાં જ ઘા કરે છે એનો એક વધારાનો દાખલો પૂરો પાડવા માટે જ આ બધું લખ્યું છે.

તે વખતે મને હિંદી બોલતાં આવડતું નહિ એટલે લોકો સાથે વાતો કરતાં કે ભમતાં મુશ્કેલી પડતી. આ કારણે હું અતડો જ રહેતો. ગુનેગારના મોઢા પર જેમ ફજેતીનો, હડધૂતપણાનો ભાવ હોય તેવો મારા મોઢા ઉપર રહેતો હશે એવો કંઈક મને ખ્યાલ છે. આપણને ક્યાંય આવકાર મળશે એવી મનમાં અપેક્ષા જ નહિ. બધા જ મારો તિરસ્કાર કરે છે, મને ત્યાજ્ય ગણે છે એવી ભાવના હૈયામાં ઘર કરીને બેઠી હતી. મારી સાધનાને એ પોષક હોવાથી એને હાંકી કાઢવાનો મેં પ્રયત્ન કર્યો નહિ. પ્રયત્ન કરત તોયે ફાવત કે કેમ એ વિષે શંકા છે.

એવે વખતે સ્વામી આનંદ આલમોરાથી અચાનક મને મળવા આવ્યા. મારી સ્થિતિ જોઈ તેઓ ચોંકી ગયા; અને એમણે દરેક રીતે મને સાજો કરવાના પ્રયત્ન આદર્યા. એ વખતની એમની સહાનુભૂતિ ખરેખર દૈવી હતી. વીરોચિત તો ખરી જ. સેવાવીર શું શું કરી શકે છે એનો એમણે ઉત્તમ

દાખલો બેસાડ્યો છે. તેઓ મને સ્વર્ગાશ્રમમાંથી ઋષિકેશમાં, રામાનુજઆશ્રમમાં લઈ આવ્યા. ત્યાંના દિવસો અનેક રીતે સંસ્મરણીય થયા છે. એ સંસ્મરણો અહીં આપવાં જોઈએ; પણ અત્યારે એટલી ધીરજ નથી. તે વખતે સમાજહિતની જે અસંખ્ય યોજનાઓ ચર્ચી અને ગોઠવી તેનું જો વિસ્તૃત બયાન લખી કાઢું — અને તે અશક્ય નથી — તો તે પણ મારે મન એક કીમતી વસ્તુ થઈ જાય. મારા જીવનતત્ત્વજ્ઞાનના પાયાનો મોટો ભાગ ત્યાં જ ચણાયો એમ કહું તો ચાલે. માતાની પૂજા, દુર્ગાસપ્તશતીનો પાઠ અને શક્તિઉપાસનાનો તે કાળ હતો. મારી શક્તિઉપાસનામાં કોઈ પણ જાતનો વામાચારનો સ્પષ્ટ અસ્પષ્ટ જરા સરખો પણ અંશ ન હતો. આધ્યાત્મિક શક્તિની ઉપાસના હતી. મહાકાળી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીનું બ્રહ્મવિદ્યાપ્રાપ્ત્યર્થ એ સમષ્ટિરૂપે ધ્યાન હતું. કુદરત તરફ તે વખતે હું કલાધરની નજરે જોતો ન હતો; પણ કલાધરની નજર વિશુદ્ધ કરી, કલાતીત થવાનો પ્રયત્ન કરનાર નિષ્કલ પરબ્રહ્મનો સાક્ષાત્કાર કુદરતવાટે પણ કરવા મથનાર સાધકની નજરે જોતો; એટલે કુદરત પાછળ અથવા કુદરતની અંદર જે ચૈતન્ય અખંડ ધારારૂપે સ્ફુરે છે એની સાથે તન્મય થવાના મારા પ્રયત્નો ચાલતા. જ્યારે જ્યારે સ્વર્ગાશ્રમ અને તે વખતના વાતાવરણનો વિચાર કરું છું ત્યારે ત્યારે એ સાધના ફરી જાગૃત થાય છે અને કવિની મસ્તી કરતાં કાંઈક અંશે ચડિયાતી મસ્તી અનુભવું છું.

તે વખતે મરાઠી ભાષા સમૃદ્ધ કરવાના, એના કાવ્યની અમૃતસંજીવનીમાં અવગાહન કરવાના સેવાશ્રમો સ્થાપી દરિદ્રનારાયણ સાથે એકરૂપ થવાના, વેશ્યાઓ વચ્ચે રહી એમના જીવનનો મેલ ધોઈ કાઢવાના, મોટાં મોટાં વિદ વિદ્યાલયો સ્થાપી આર્ય સંસ્કૃતિને ફરી ઉદ્દીપિત કરવાના, સંસ્કૃતનો નિચોડ ભારતની તમામ ભાષાઓને પાવાના, ગામડાની કારીગરીમાં શોધકબુદ્ધિ ઉમેરવાના, દરેક મંદિરમાંથી એક એક જીવનસંસ્થા સ્થાપવાના, એક મોટું જહાજ ભાડે રાખી હિંદુસ્તાનના સર્વોત્તમ વિદ્યાર્થીઓને દુનિયાની મુસાફરીએ લઈ જવાના, યુરોપમાં શહેરે શહેરે નિરામિષાહારી ભોજનગૃહો સ્થાપી ત્યાં અન્નાહારનો પ્રચાર કરવાના,

ચીન, ટિબેટ, તાર્તરી અને રશિયા સુધી પગપાળા મુસાફરી કરવાના, હિંદુસ્તાનના તમામ પહાડોનાં શિખરો ઉપર જબરદસ્ત 'હેલિયોગ્રાફ' રાખી સ્વદેશી તારખાતું ખોલવાના, અફઘાનિસ્તાન અને ઈરાનમાં રહી ઇસ્લામમાં ધર્મસંસ્કરણ કરાવવાના, હિંદુધર્મ અને બૌદ્ધનો સમન્વય કરી જાપાન, ચીન, સિયામ, બ્રહ્મદેશ અને હિંદુસ્તાનનું વિશાળ સંગઠન કરવાના—એવા એવા અનેક સંકલ્પ અને યોજનાઓ હું યોજતો. શું શું થવું જોઈએ, એ કઈ રીતે કરાય એની કલ્પના ચાલતી. હું જાતે એનો આરંભ કેમ કરીશ એની તો મને કલ્પનાઓ પણ ન આવતી; અને એની મને વિમાસણ પણ નહોતી થતી. કોઈ કોઈ વખતે થતું કે અત્યંત ઉત્કટતાથી અને એકાગ્રતાથી આમાંથી એક જ સંકલ્પ લઈને યોગયુક્ત સ્થિતિમાં સંકલ્પ્યા કરું તોયે દુનિયામાં એનું વાતાવરણ જામશે અને એની મેળે એ વસ્તુ દુનિયાના લોકોને હાથે સિદ્ધ થવા માંડશે. દુનિયા નહિ જાણે કે એ બધા પરિવર્તન પાછળ મારો સંકલ્પ કામ કરી રહ્યો છે, પણ મને સમાધાન હશે કે મારો સંકલ્પયોગ ફળી રહ્યો છે.

એક દિવસે એક શંકા મનમાં આવી અને સંકલ્પયોગનો ઉન્માદ કાંઈક શમી ગયો. આટલી ઉત્કટતાથી આટલા બધા શુભ સંકલ્પો વિગતવાર આવે છે તે મારી જ સાધના છે કે કોઈ લોકોત્તર મહાત્માના જબરા સંકલ્પનાં મોજાં મારા હૈયા સુધી પહોંચે છે, અને એને અસ્વસ્થ કરી મારા હૃદયની તૈયારી કરાવે છે?

આ શંકાને કારણે કહો, અથવા નિવૃત્તિ હજમ ન થઈ શકી તે કારણે કહો, અથવા ધ્યાનમાંથી તે વખતે જેટલું જોઈતું હતું તેટલું સમાધાન મળી ગયું તે કારણે કહો, પણ ફરી પ્રવૃત્તિમાં આવવાનું સૂઝયું, અને પછી ઋષિકેશનું જીવન અને ઋષિકેશનું ચિંતન સ્વપ્નમય, કાવ્યમય, સંસ્મરણમય થઈ ગયું. કોક વખતે મનમાં શંકા આવતી કે ખરેખર ઋષિકેશ જેવું સ્થાન છે કે એ આખી સ્વપ્નસૃષ્ટિ જ છે? ઋષિકેશ જઈ આવેલા લોકો જ્યારે મળતા ત્યારે તેમની સાથે વાતો કરીને ચુપચાપ ખાતરી કરી લેતો કે ના, ખરેખર એ સ્થાન ત્યાં છે અને હું ત્યાં રહી પણ આવ્યો

છું. કોક વખતે મનમાં થતું કે આટલી વિગતવાર સ્મૃતિ સ્વપ્નું ન જ હોય. અંતે કુતૂહલ વધ્યું અને મન સાથે નિશ્ચય કર્યો કે આપણે મથુરાના શ્રીકૃષ્ણ ન જ થઈએ. શ્રીકૃષ્ણે ગોકુળ વૃંદાવન એક વાર છોડયું તે છોડયું જ, પાછા કોઈ કાળે વૃંદાવન ગયાનો દાખલો નથી. મારે એ જૂનું સ્થાન એક વાર જોવું જ જોઈએ, આજની નજરે એ કેવું દેખાય છે એ અજમાવવું જોઈએ.

આધ્યાત્મિક વૃત્તિ પ્રધાન રાખી કેળવણીનું અને જનસેવાનું કાર્ય કરનાર આચાર્ય દેવશર્માજીએ મને આ વર્ષના ગુરુકુળઉત્સવમાં ભાગ લેવા નોતર્યો. જબરજસ્તીથી લઈ ગયા એમ કહું તો ચાલે. એટલે અનાયાસે ઋષિકેશ જવાની તક મળી. બીજાં પણ કારણો થયાં. અને પતિયાળા તરફના બે ગુલાબી પંજાબી ભાઈઓ સાથે એમની મોટરમાં અમે લક્ષ્મણઝૂલા સુધી જવા ઊપડયા. જૂના વખતમાં ગયેલો તે પગપાળો અને જાણે અજ્ઞાત ભવિષ્યમાં કેવળ શ્રદ્ધાનું ભાતું લઈને જતો હોઉં તેમ. આ વખતે શ્રદ્ધાળુ યાત્રીની મોટરમાં જૂના અનુભવો જાગૃત કરવાને સ્મરણયાત્રાનું એક પ્રકરણ જીવતો હોઉં એ રીતે જતો હતો. જીવનનો અનુભવ કણશઃ અને ક્ષણશઃ લેવાય છે, જ્યારે સ્મરણયાત્રા કોક વખતે મોટરવેગે અને કોક વખતે મનોરથને વેગે જ કરવાની હોય છે, એટલે મોટર લઈને જવામાં સંકોચ ન હતો. તે વખતનો ઉનાળાનો તાપ અને આ વખતનો શિયાળુ વરસાદ એ પણ જાણે બન્ને યાત્રાને અનુરૂપ જ હતા. તરાઈનાં ઝાડો પવનથી રક્ષિત હોઈ સજ્જનોની કલ્પનાની પેઠે ધરતીમાંથી સીધાં આકાશ તરફ જતાં હતાં. સુકાયેલાં પાંદડાં પવન સાથે ગેલ કરવાને બદલે અને હસાહસ ચલાવવાને બદલે રડીને રાજ મેળવનાર બાળકોની પેઠે વરસાદના ટીપાથી પ્રસન્નપણે ચળકતાં હતાં. રેલનો સાંકડો રસ્તો જંગલને અને શ્રદ્ધાને વીંધીને લોકોનું કુતૂહલ શમાવવા માટે દોડતો હતો. મોટર દોડતી જાય અને જૂનાં સંસ્મરણો તાજાં થતાં જાય : આ પહાડી ઝરણાંને કાંઠે હું નાહવા ઊતર્યો હતો, અહીં સંધ્યાવંદન કર્યું હતું; અહીં

आजिचा सुदिनरे सुदिन।

आमुचा उदयला भाग्याचा आमुचा उदयला भाग्याचा॥

ગાયું હતું અને લક્ષ્મીનારાયણ આગળ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં હતા, આ ઠેકાણે હરિહરની જયગર્જના સાથે અપાયેલી રોટલી અને દાળ ખાધી હતી, આ ઠેકાણે ઝાડીની છાયામાં ઝરણાંને કાંઠે સ્વામી ઉપર ચિડાયો હતો અને પેલે ઠેકાણે પેલા બંગાળી બ્રહ્મચારી સાથે ચૈતન્યસંપ્રદાય અને શક્તિઉપાસનાની બંગાળ ઉપર થયેલી અસરની ચર્ચા કરી હતી. આગળ જતાં એક સ્થાન આવ્યું જ્યાં બેસીને એક યોગમાર્ગી સાધુ જોડે આજની યોગસાધનાના દોષોની વાતો કરી એને નારાજ કર્યાનું સ્મરણ થયું, જ્યારે બીજે ઠેકાણે ભૂસ્તરશાસ્ત્રના સિદ્ધાંતો પ્રમાણે હિમાલયની રચનાનો વિચાર કર્યો હતો. એક ઠેકાણે ભૂતિયા લોકોના દર્શન સાથે એક જૂનું સ્મરણ તાજું થયું. સવારે ઊઠીને ઋષિકેશથી હરદ્વાર જતો હતો. રસ્તામાં ભૂતિયા લોકોની બેચાર ઝૂંપડીઓ બળીને રાખ થતી હતી અને એ બિચારા લોકો દોડદોડા કરી બળતામાંથી પોતાને કીમતી એવી ચીજો બચાવવાનો પ્રયત્ન કરતા હતા. બીજે દિવસે બપોરે એ જ રસ્તે પાછા વળતાં જોયું તો એ લોકોએ જંગલમાંથી ઘાસ લાકડાં આણી અને ઘાસની જ દોરીઓ વણી પહેલાં જેવાં જ ઝૂંપડાં તૈયાર કર્યાં હતાં; અને અંદર એમનાં છોકરાં કલ્લોલ કરતાં હતાં.

હિમાલયમાં હવામાં જરા સરખો ભેજ જામે એટલે ઇંદ્રધનુષ્યો ફેલાયાં જ છે. આ વખતે સામેના પહાડ ઉપર—પહાડના આકાશના નહિ પણ પહાડના વિશાળ ડિલ ઉપર—ઇન્દ્રધનુષ્યનો એક કટકો તણાયો હતો. લીલી ઝાડીની ધરતી (Back ground) ઉપર એ ફેલાયેલું હોવાથી એ જરા પાતળું થયું હતું પણ તેથી કાંઈ ઓછું મોહક નહોતું. દોડતી મોટર જેમ દિશા ફેરવે તેમ ધનુષ્ય પોતાનું સ્થાન ફેરવે.

ક્ષણે ક્ષણે મનમાં થતું કે હમણાં ઋષિકેશ આવશે અને ત્યાંનાં વધી પડેલાં બજારો અને પરદેશી માલની દુકાનો મારા જૂના સ્મૃતિકાવ્યને ભાંગી નાખશે. ઋષિકેશ આવ્યું. બજારો અને દુકાનો પણ દેખાઈ. શિલાજિતની જાહેર ખબરો પણ આંખોને કનડવા લાગી. અને આ બધો અત્યાચાર સહન કરવા કરતાં પાછા જવાનું મન થયું. પણ જિંદગીમાં ઘણી વાર પાછા જવા કરતાં આગળ જવામાં જ સાર હોય છે એ જાણતો હોવાથી, મેં કહ્યું,

આપણે અહીં થોભીએ નહિ; સીધા લક્ષ્મણઝૂલા સુધી જઈએ. મોટર ચાલી ત્યાં તો સ્વાગત માટે કેટલાંક ઊંટ અને ખચ્ચર હાજર હતાં. ઊંટને અને પહાડોને બનતું નથી. મોટાં મોટાં રણો જે ઓળંગી શકે તે રણવીર નાનકડી પહાડી જોઈને પણ ગાંગરવા માંડે છે. અને હવે આપણું શું થશે એવી મૂંઝવણ અને અસ્વસ્થતા ધારણ કરી ચોમેર અને આકાશ તરફ જોયા જ કરે છે. બળદ, હાથી, ઊંટ જેવાં ભવ્ય ગંભીર પ્રાણીઓને અસ્વસ્થ થયેલાં જોઈ હું જાતે બહુ જ અકળાઉં છું. એમાં વળી ઊંટની દશા વિશેષ ખરાબ. એની લાંબી ડોક અને સુકલકડી પગ અસ્વસ્થ દશાથી સાવ તિરસ્કારપાત્ર થઈ જાય છે. આના કરતાં તો પાંખ ન ઊગેલાં સમડી અને કાગડાનાં બચ્ચાં જોવાં સારાં.

અમારી આગળ ઊભેલા સ્વાગતસમિતિના આ ચતુષ્પાદ સભ્યો અકળાયેલા લાગતા ન હતા છતાં અસ્થાને તો ખરા જ. ખચ્ચરોનું એવું ન હતું. મજૂર અને દુકાનદારની પેઠે ગમે તે પરિસ્થિતિમાં એમને સ્થાન હોય જ છે. અમારા વગર તમારું ચાલવાનું નથી એ જાતનો ભાવ એમની આંખોમાં સ્પષ્ટ દેખાય છે.

હવે ઠંડો અને મીઠો પવન વહેવા લાગ્યો અને એની સાથે વિચારોનો પવન પણ બદલાયો. જેમ જેમ ઊંચા જઈએ તેમ તેમ જીવનના વિચારો અને જીવન પર પ્રકાશ નાખતું અધ્યાત્મ મન પર સવાર થવા લાગ્યું. અમારો રસ્તો દર્શનશાસ્ત્રની પેઠે જંગલમાંથી આગળ વધવા લાગ્યો. સામેના ભવ્ય પહાડ ઉપર એક શિખર તૂટીને નીચે પડી ગયું હતું અને લોહીના પ્રવાહની પેઠે એક પથરાની નદી એમાંથી નીચે સરી હતી. આ દૃષત્સરા તન્વંગી હતી પણ તરલા ન હતી, ઊર્મિલા પણ ન હતી પરંતુ રુદ્રા અને દુર્ગા હતી. ઇન્દ્રે હજી જૂનું વેર છોડ્યું નથી પણ તક સાધીને હિમાલયના શિખર ઉપર પોતાનું વજ્ર ફેંકતો જ રહે છે. ઇન્દ્ર ચપલા સાથે વજ્ર ફેંકે એટલે પહાડમાં પાર્વતી પ્રગટ થવાની જ. પણ આ શિખરમાંથી કોઈ પાર્વતી નીકળે એમ ન હતું એટલે એનું સ્થાન દૃષદ્‌તીએ લીધું. ખરેખર એ દૃશ્યે લાંબા વખત સુધી મારું ધ્યાન રોકી રાખ્યું, અને પૌરાણિક વાર્તા તે વખત પૂરતી સાચી બનાવી.

લક્ષ્મણઝૂલા પાસે પહાડો એવી રીતે ગોઠવાયા છે કે સહેજે જોનારને લાગે કે ગંગાનો ઉગમ અહીં જ છે. એ પેલો સ્વર્ગાશ્રમ દેખાય છે, પણ હવે ત્યાં પહેલાંની બોરની ઝાડી દેખાતી નથી. હવે એ બદ્રિકાશ્રમ પણ રહ્યો નથી અને સ્વર્ગાશ્રમ પણ રહ્યો નથી. અમે જ્યાં ઊભા છીએ ત્યાંથી આશ્રમ એટલો નીચો છે અને ત્યાં ફરતા માણસો એવા તો વાલખિલ્ય જેવા દેખાય છે કે એ સ્થાનને સ્વર્ગાશ્રમ કહેવાનું મન નથી થતું. ધોળાં ધોળાં મંદિરો અને ઝૂંપડાંઓ બિલાડીના ટોપ ઊગ્યા હોય એવાં દેખાય છે. બે તપ પહેલાંની મારી ઝૂંપડી હજી એ ને એ જ ઠેકાણે હશે ખરી? ક્યાંથી હોય? બધું ફર્યું ત્યાં મારો એ બિલ્વાશ્રમ, એની પાસેથી વહેતું નાનકડું ઝરણું, ખૂણા ઉપર આવેલી મારી ઝૂંપડી અને એની પાસેની પેલી વાઘની બોણ એ બધું અત્યારે ક્યાંથી હોય?

ઝરણું સુકાઈ જાય, ઝૂંપડી પડી જાય, બિલીનું ઝાડ કપાઈ જાય, પણ વાઘની બોણ અને એની તળેનો ગંગાનો ધરો એ તો ઠેકાણે હોવાં જ જોઈએ. અમે ઊભા હતા એ ઊંચાઈએથી ધરો અને બોણ શોધી કાઢતાં વાર ન લાગી. પણ જ્યારે એ બોણની બાજુએ મારી એની એ ઝૂંપડી પણ દૂર દેખાઈ આવી ત્યારે મારા હર્ષનો પાર ન રહ્યો. અધિકાર ન હોવા છતાં મનમાં ભર્તૃહરિનો શ્લોક હું ગાવા લાગ્યો :

भस्मोध्धुलन भद्रमस्तु भवते ।

रुद्राक्षमाले शुभम् । ઇત્યાદિ

જે ઝૂંપડીએ મારી સાધનાના દિવસોમાં મને આશ્રય આપ્યો હતો તેના તરફ માતૃભક્તિની લાગણી મનમાં જાગે એમાં આશ્ચર્ય શું? એ જ ઝૂંપડીને બારણે યાત્રીઓ મને મોટો મહાત્મા સમજી ઝૂંપડીનું બારણું ખખડાવી દર્શનયાચના કરતા. એ જ ઝૂંપડીની અંદર બેસી કેરળના બ્રહ્મચારી ગિરધારીની જીવનકથા મેં સાંભળી હતી. લક્ષ્મણઝૂલા પાસે રહેતા અમારા અનંતબુવા આ જ ઝૂંપડીમાં આવીને મને મળતા અને શ્રીરામચંદ્ર પ્રભુના દર્શનની પોતાની તાલાવેલી મારી આગળ વ્યક્ત કરતા અને હું પણ ક્ષણે ક્ષણે ચિત્તશોધન કરી ઈશ્વરી કૃપાને લાયક બનવાનો અખંડ પ્રયત્ન કરતો હતો. કોક કોક વાર મારા જ મનમાં

શંકા ઊઠતી કે હું ગાંડો તો નથી કે ચિત્રવિચિત્ર વિચારો મનમાં સેવું છું અને એનાં ઊંડાણ તપાસવા મથું છું.

મારા જીવનની અનેક ઘટનાઓ મંગળવારે થઈ છે. આ સ્થાને રહેવા આવ્યો હતો તે દિવસ પણ મંગળવાર જ હતો. એટલે પ્રથમ એ ઝૂંપડીને મેં મંગળઆશ્રમનું નામ આપ્યું હતું. પાછળથી જ્યારે પાસેના બિલ્વવૃક્ષ તળે પલાંઠી વાળીને, ભીને ડિલે સવારથી બપોર સુધી, જપ કરવા બેસવા લાગ્યો ત્યારે આખા ખૂણાનું નામ બિલ્વાશ્રમ પાડવું એ જ મને ઠીક લાગેલું. દર્શનકારો કહે છે કે સૃષ્ટિ નામરૂપાત્મક છે. ખરું જોતાં રૂપસૃષ્ટિ કુદરતની છે. નામો તો માણસે ઉમેરેલાં હોય છે. માણસની દુનિયામાં નામ-માહાત્મ્ય વધારે હોય છે. નામમાંથી રૂપ તરફ જવું અને અંતે બંનેને વટાવીને વસ્તુને ઓળખવી એ જ મુખ્ય બૌદ્ધિક સાધના છે. વાસનાઓને મારીને સંકુચિતતા કાઢી નાખવી અને અનાસક્ત પ્રેમથી બધા સાથેનું ઐક્ય અનુભવવું એ હાર્દિક સાધના છે. ધ્યાન અને તપ વડે આ બન્ને સાધ્ય થયા પછી પણ કર્મરૂપી યજ્ઞ દ્વારા એ પરમતત્ત્વની અભ્યર્ચના કર્યાં વગર માણસને સિદ્ધિ મળતી નથી એવી જ્યારે ખાતરી થઈ ત્યારે આ સ્થાન છોડી સેવાના ક્ષેત્રમાં જવાનો સંકલ્પ કબૂલ રાખ્યો.

આ સ્થાનમાં આવીને રહેલા બધા જ ભિક્ષસેવી લોકો કાંઈ સાધુ નથી હોતા એટલે અહીં અનાચારને અવકાશ રહે છે. છતાં આ સ્થાન હજી જાગૃત છે એવો પોતાનો અનુભવ કેટલાય સાધુઓએ જાહેર કર્યો છે. મારો પણ એ અનુભવ છે કે જ્યારે માણસ ઉત્કટતાથી ધારે છે ત્યારે અહીં એની સાધના ઝપાટાભેર થાય છે; અને વિક્ષેપો ઓછામાં ઓછા આવે છે. મહાન સાધકોએ અહીંની હવામાં એ વસ્તુઓ રેડી હશે. સંસ્થા અને મંદિરમકાનના પ્રેમી આજના સાધુઓ, તેમ જ દાન અને તેને જાહેર કરતી આરસપહાણની તકતીઓના રસિયા યાત્રીઓએ એ જૂનું વાતાવરણ દૂર કરવાનો સખત પ્રયત્ન બરાબર ચલાવ્યો છે. હવે એ માહાત્મ્ય આ હુમલા સામે કેટલો વખત ટકે છે એ જોવાનું છે.

લક્ષ્મણઝૂલા પરનું દૃશ્ય માણસ કોઈ કાળે ભૂલી શકે ખરો? પહેલાંનો ઝૂલો કેટલાંક વર્ષ પહેલાં તણાઈ ગયો એટલે સરકારે

મોટું ખર્ચ કરી સારો મજબૂત ઝૂલો (Hanging Bridge) અહીં બાંધ્યો છે. જૂનો પુલ બાંધનાર શેઠિયાના દીકરાએ એ પુલ બાંધવાનું ખર્ચ સરકારને આપી પોતા માટે અને પોતાના પૂર્વજો માટે એનું પુણ્ય મેળવી રાખ્યું છે અને સરકાર પાસેથી કબૂલાત પણ મેળવી છે કે યાત્રીઓ પાસેથી આ પુલ ઓળંગવાને ખાતે સીધો કે આડકતરો કરવેરો લેવામાં નહિ આવે.

ગંગા જ્યારે ચોમાસાની વાર્ષિક રેલને લીધે અથવા ઉનાળાની હિમરેલને લીધે પૂરજોસમાં વહે છે ત્યારે, આ ઝૂલો જાણે ઉપરની તરફ દોડતો હોય એમ, નીચે પાણી તરફ જોનારને થાય છે.

અત્યારે પાણી સ્વચ્છ પન્ના જેવું છે. આસપાસની રેતી અને પથરા નાહીધોઈને અનાવિલ બનીને બેઠા છે. બબલભાઈની શ્રદ્ધા, ઉપરથી એનું દર્શન કરીને સંતોષ શી રીતે માને? તેઓ દોડતા દોડતા પૂલ તળે પહોંચ્યા. સ્વચ્છ પાણીમાં હાથપગ ધોઈ ધરાઈ ધરાઈને ગંગાજળ પીધું. પાન સાથે દાન તો હોય જ, એટલે અમારે માટે થોડું ગંગાજળ ઉપર લઈ આવ્યા. ગંગાની મુખમુદ્રા કરતાં એમની મુખમુદ્રા ઓછી પ્રસન્ન નહોતી. ત્યાં ધન્યતા પણ દેખાતી હતી એ વધારાનું. ગંગા ઊતરતી હતી, બબલભાઈ ચડતા હતા, અને શાંતપણે હું એ દૃશ્ય જોતો હતો.

લક્ષ્મણઝૂલાની ખૂબી એ છે કે અહીં ગંગાનો પ્રવાહ ગંભીર અને શાંત છે. અહીં જો પથરા ઉપર બેસી, વિશુદ્ધિમાર્ગમાં બતાવ્યા પ્રમાણે, જળમંડળનું ધ્યાન કર્યું હોય તો ચિત્તવૃત્તિ તરત એકાગ્ર થઈ જાય છે. બિલ્વાશ્રમથી સહેજ નીચે જ્યાં પાણી છીછરું છે અને ખળખળ વહે છે ત્યા પાણીનો ભૂરો લીલો રંગ અને એના પરની ગોમુત્રિકાબંધ જેવી લીટીઓ કવિવૃત્તિને અનુકૂળ છે, ધ્યાનને માટે નથી. ગંગાનો અખંડ કલરવ અનાહત ધ્વનિને દબાવી દેતો હશે. અહીંથી દૂર ઋષિકેશ તરફ જોતાં ગંગાનું રૂપ નિસર્ગમનોહર છે. પહાડની સંકડામણ ઓછી થતાંવેંત રાજી રાજી થઈને એ દોડે છે. અનેક મોટા મોટા પથરાઓને અને નાનાં મોટાં ઝાડને બાથમાં લે છે, કાલું કાલું બોલે છે અને મુક્તિનો આનંદ વ્યક્ત કરે છે. જે સંતમુનિઓએ આ સ્થાન પ્રથમ શોધી કાઢ્યું અને તીર્થ તરીકે કાયમ કર્યું તે મોટા કવિ

હોવા જોઈએ. કાવ્યમય સ્થાનને વિલાસભૂમિ કરવાને બદલે તપોભૂમિ બનાવનાર મનુષ્યહૃદય જ કાવ્યની કદર કરી શકે છે. કવિનો કલાત્મા જીવનને વિલાસથી છીછરું ન કરતાં સંયમ અને તપથી ઘેરું બનાવે એ જ તેની કૃતાર્થતા છે.

પાછા ફરતાં સંધ્યાનું સામ્રાજ્ય જામવા માંડયું. જંગલનું ઊંડાણ વધારે આકર્ષક દેખાવા લાગ્યું; તેથી બપોર કરતાં એની અસર વધારે થવા લાગી. પશ્ચિમનાં સૂર્યકિરણ પૂર્વ તરફના પહાડ ઉપર પડી ત્યાંનાં રંગબેરંગી ઝાડોને અલગ અલગ ગણી કાઢવા નોતરતાં હતાં. લીલા રંગના પણ કેટલા પ્રકાર હોય છે! અને કેટલાંક ઝાડો તો કશા સંકોચ વગર લીલો રંગ ફગાવી દઈ ત્રાંબાનો રંગ ધારણ કરી ઊભાં હતાં. પણ એ કોઈ સંન્યાસી નહોતાં. રસિકતાનો જ એ એક નોખો પ્રકાર હતો. અત્યારે ઇંદ્રધનુષ્ય નહોતું છતાં પહાડનાં ઝાડો, એનાં પાંદડાંઓ અને એમને માથે શોભતાં ધોળાં વાદળાંઓ બધાંએ મળીને ઇંદ્રધનુષ્યના જેટલી જ સુંદરતા આણી હતી.

અમે આગળ ચાલ્યા. સંધ્યા પણ વધી. ડાબી બાજુએ વેદાન્તી સંન્યાસીઓની પ્રખ્યાત ઝાડી દેખાવા લાગી. અહીં જ વિવેકાનંદ અને અભેદાનંદ જેવા સંન્યાસીઓ પ્રસ્થાનત્રયીનું અધ્યયન કરી ચૂકયા છે અને અહીં જ પેલે કાંઠે પ્રાચીન સંન્યાસીએ પોતાના શરીર ઉપર તરાપ મારી એના કકડા કરતા વાઘની ક્ષુધાનિવૃત્તિનો આનંદ અનુભવ્યો હતો અને સોઽહંસોઽહંની ગર્જનાથી પોતાની અનુમતિ અને તૃપ્તિ છેવટની ઘડી સુધી જાહેર કરી હતી.

વ્યાસ અને શંકરાચાર્ય આ જ ઠેકાણે બેસી ભારત ધર્મને ઘડતા હતા અને એને ઓપ ચડાવતા હતા. તે વખતનો એમનો ભાવનાપ્રવાહ કેવો હતો એ કોણ કહી શકે? મૌન ધારણ કરી બેઠેલા મુનિ જેવા આ પહાડો જાણે તોયે બતાવે નહિ! અને આ સમુદ્રગામિની ગંગા પૂર્વકાળનું સ્મરણ કરે નહિ!

હવે ઋષિકેશ આવ્યું. લક્ષ્મણઝૂલા, સ્વર્ગાશ્રમ અને ઝાડીના દર્શનનો કેફ અમને એટલો તો ચડયો હતો તે હવે ઋષિકેશના બજારમાં આડાઅવળા ગયા તોયે વિષાદને હૈયામાં ઘૂસવાનો અવકાશ મળે એમ નહોતું. અમે સીધા ત્રિવેણી ઉપર ગયા.

ત્યાં મારે જૂના વખતની મારી દોસ્ત માછલીઓના વંશજોને જોવા હતાં. જે ઠેકાણે બેસી અન્નક્ષેત્રના રોટલા હું ખાતો હતો તે જ ઠેકાણે બેસી ખજૂર, સંતરાં અને ચમુના ખાવાં હતાં. જૂના વખતમાં મારા આનંદ સાથે ભાગ પડાવનાર ધ્યાનપ્રેમી અનંતબુવા હતા. આ વખતે એમનું સ્થાન સેવાપ્રેમી બબલભાઈએ લીધું હતું. બે જણાએ એકબીજાને જોયા નથી, પણ બે જણ વચ્ચેના સામ્યનો હું સાક્ષી છું. જીવનની પેલી પાર જ્યારે આ બે જણા એકબીજાને મળશે ત્યારે એક ક્ષણની અંદર ભાઈ ભાઈ થઈ જશે. હું જ્યારે બુવાને મળીશ ત્યારે એમને બબલભાઈ વિષે પ્રથમથી કહી રાખીશ. સારા લોકોની ઓળખાણ કરાવવી એ ખરેખર પરમાનંદ છે.

સૂર્યે હવે પ્લેટિનમનો રંગ ધારણ કર્યો હતો. ચાંદીનો ઉગ્ર ચળકાટ અને સોનાની ભવ્ય કોમળતા, બંનેનું જ્યારે યોગ્ય પ્રમાણ સૂઝયું ત્યારે જ બ્રહ્મદેવે પ્લેટિનમની ધાતુ પેદા કરી. એની સુંદરતા ઓળખવા માટે કલાત્મક દૃષ્ટિ કેળવેલી હોવી જોઈએ. આ દૃશ્ય નિહાળતાં નિહાળતાં સૂરજનું સોનું થયું. પણ જ્યારે કેસૂડાનાં ફૂલોની અદેખાઈ એનામાં આવી ત્યારે તરત એના સોનાનું ત્રાંબુ થઈ ગયું. સમભાવી વાદળાં પણ તરત બળી ઊઠ્યાં અને એમણે આકાશમાં ફાગ વધાવ્યો. રસ્તા પર વિચરતા સંન્યાસીઓનાં ભગવાં કપડાં એ આખા દૃશ્યમાં ભળી ગયાં એમાં આશ્ચર્ય શું?

ફાગણ પૂર્ણિમા, ૧૯૯૨
તા. ૮-૩-'૩૬

સહસ્રધારા

જૂનું દેવું વખતે ટળી શકે પણ જૂના સંકલ્પો ટળતા નથી. પચીસ વરસ પહેલાં જ્યારે હું દહેરાદુન ગયો હતો ત્યારે સહસ્રધારા જોવા જવાનો સંકલ્પ કરેલો. ઘણી ઉત્કંઠા હતી છતાં જવાયું નહિ. થોડા દિવસ સુધી એનો ખરખરો રહ્યો પણ પાછળથી એ ભૂંસાયો. કાળે કરીને સહસ્રધારા જેવું સ્થાન દુનિયામાં ક્યાંય છે એ સ્મૃતિ પણ ભૂંસાઈ ગઈ. પણ સંકલ્પ કંઈ ટળે ?

આચાર્ય રામદેવે મને ઘણો આગ્રહ કર્યો કે એક વાર અમારું કન્યાગુરુકુલ જોઈ જાઓ. મારે પણ એ ખીલતી સંસ્થા જોવી હતી. ગયે વરસે ન જવાયું એટલે આ વરસે વચનબદ્ધ થઈ હું ત્યાં ગયો. હવે કુદરત પાછળ પડીને ગાંડા નથી થવું, હવે તો માણસોને મળવું છે, સંસ્થાઓ જોવી છે, રાષ્ટ્રીય સવાલોની ચર્ચા કરવી છે, સારા સારા માણસો શોધી કાઢીને કામે ગોઠવવા છે, સેવકો સાથે વિચારોની અને અનુભવોની આપલે કરવી છે—એવી વિવિધ ધારાઓ મનમાં ચાલતી હતી, ત્યાં સહસ્રધારાનું સ્મરણ ક્યાંથી જ થાય ? હું તો હિંદી–હિંદુસ્તાનીની ચર્ચામાં જ મશગૂલ હતો. એટલામાં યુવાન રણબીર મને મળવા આવ્યો. કોકે એની ઓળખાણ કરાવી. એણે પોતાની મેળે કહ્યું કે અહીં જોવા લાયક સ્થાનોમાં ફૉરેસ્ટ કૉલેજ છે, લશ્કરી નિશાળ

છે અને પ્રાકૃતિક દશ્યોમાં ગુચ્ચુ પાણી અને સહસ્રધારા છે. બસ છેલ્લું નામ સાંભળ્યું અને પચીસ વરસના વિસ્મૃતિના પથરાની કબર તોડી જૂની સ્મૃતિ અને જૂનો સંકલ્પ ભૂતની પેઠે નજર આગળ ઊભાં થયાં. હવે એ સંકલ્પને ગતિ આપ્યે જ છૂટકો.

તૈલવાહન મોટરની સગવડ થઈ અને પાંચસાત માઈલનો ઓતરાદો રસ્તો કાપી અમે રાજપુર પહોંચ્યા. અહીંથી જ ઉપર મસૂરી જવાય છે. અમે રાજપુરથી અઢીએક માઈલ પૂર્વ તરફ જંગલમાં ચાલ્યા. બરાબર ૬૫ મિનિટ ચાલીને અમે સહસ્રધારા પહોંચ્યા. સાંજનો વખત હતો. પાછળ સૂરજ આથમતો જાય અને એનાં લંબાતાં કિરણો અમારો આગળનો પંથ લાંબો ને લાંબો કરતાં જાય. પાંચદસ મિનિટની અંદર અમે માનવસંસ્કૃતિ છોડી જંગલમાં પ્રવેશ કર્યો. પાણીનાં વહેણ વહી વહી ઊંડાં કોતરો થયાં હતાં. એમાં થઈને જવાનું હતું. અમે ચાર જણ હતા. વાતો કરતા જઈએ, આસપાસનું સૌન્દર્ય નિહાળતા જઈએ અને વખતનો હિસાબ કાઢતા જઈએ. અમરનાથ, તુંગનાથ, બદ્રિવિશાળ જેવાં સ્થાનો જેણે જોયાં છે તેને મસૂરીના પહાડના શા પાડ? પણ ઘણે વર્ષે ફરીફરી હિમાલયની તળેટીમાં જવાનું થયું એટલે આ દશ્ય પણ આંખોને ભવ્ય લાગતું.

મસૂરીના પહાડમાં અનેક વાર ટેકરીઓ સરી પડે છે, જેને અંગ્રેજીમાં લેન્ડસ્લીપ કહે છે. કોઈ ઝુંઝાર યોદ્ધાને જબરદસ્ત ઘા થયો હોય તેવું આ દશ્ય દેખાય છે. મોટા મોટા પર્વતો નાનાંમોટાં વૃક્ષોથી ઢંકાયેલા હોય અને વચમાં જ મોટો પહાડનો ભાગ તૂટી જવાથી એક આખી બાજુ ઉઘાડી પડી હોય એવું દશ્ય જોઈ હૈયામાં કંઈનું કંઈ થઈ જાય છે. આવાં પ્રમાણુ બહારનાં પ્રાકૃતિક દશ્યો બહુ મોટાં હોય છે. અને એ અકસ્માત સામે કશો ઇલાજ હોતો નથી. એટલે આવા ઘા વિષમ લાગતા નથી. ઊલટું એનો આદરપાત્ર વૈભવ જ દેખાય છે.

અમે નીચે ઊતર્યા, ફરી ચડયા, ફરી ઊતર્યા, ખૂબ ચડ્યા. ત્યાંથી ચક્કર આવે એવો ઉતાર આવ્યો.

So steep the path, the foot was fain
Assistance from the hand to gain.

અમે ચતુષ્પાદ થઈને ધીમે ધીમે નીચે ઊતર્યા. રસ્તામાં દરેક ઠેકાણે ઊતર્યા એટલે એક પથરાની નદી પથરાયેલી હોય જ. ચોમાસામાં એ એટલો તો કોલાહલ કરે છે કે આખી ખીણ સહસ્રનિનાદથી ગાજી ઊઠે છે, પણ અત્યારે જ્યાં જુઓ ત્યાં ભીષણ શાંતિ. નાનાં નાનાં પક્ષીઓ એક બીજાને દૂરદૂરથી ઇશારો ન કરતાં હોત તો અહીં ઊભા રહેતાં પણ હૈયામાં 'ધડક' પેસી જાત. છેલ્લો ઉતાર આવ્યો અને જ્યાં જોઉં ત્યાં સ્લેટવાળો પથ્થર. જાન બચાવવા એકાદ તખ્તીને પકડવા જઈએ ત્યારે એના ચૂરા થઈને હાથમાં આવી જાય છે.

જેમતેમ કરીને નીચે ઊતર્યા. લગભગ કલાક થવા આવ્યો. જેની મોટરમાં આવ્યા હતા તે ભાઈ કહે, 'હું તો અહીં જ બેસું છું, તમે આગળ જાઓ.' મેં કહ્યું, 'તમારી સાથે અમે કરાર કર્યો હતો કે એક કલાકમાં પાછા ફરીશું. પણ પહોંચતાં જ એક કલાક કરતાં વધારે જશે એટલે તમે પાછા જ જાઓ અને મોટર લઈને વખતસર દહેરાદુન પહોંચો. અમે ભાડાના બસમાં આવી જઈશું.' રણબીર કહે, 'હવે તો દસ મિનિટમાં આપણે પહોંચી જઈશું. સામે ટેકરીની કેડે પેલી ધોળી ઝૂંપડી દેખાય છે એની બાજુ ઉપર જ સહસ્રધારા છે.'

આટલે દૂર આવ્યા છીએ ત્યારે પાંચ મિનિટ વધારે એમ વિચાર કરી અમે ચાલ્યા. પાછા વળીને જોવાનું મન થયું, તો સૂરજ આકાશમાં લટકતો હતો અને તળેટીની ખીણના પહાડો બે હાથ ઊંચા કરી દડો ઝીલવાની તૈયારી કરતા હોય એમ એનું સ્વાગત કરતા હતા. માતાના હાથમાં બાળક પડતાં જ્યારે હસે છે અને માતા રાજી થાય છે તેવું એ દશ્ય હતું. આવે વખતે માતાનો આનંદ મનમાં સેવવો કે બાળકનું વિશ્વાસપૂર્ણ હાસ્ય ખીલવવું, કોની સાથે તાદાત્મ્ય અનુભવવું, એનો નિશ્ચય ન થવાથી મન મૂંઝાય છે. આટલું જ એક દશ્ય જોવા માટે અહીં સુધી અવાય; પણ સંકલ્પ તો સહસ્રધારાનો હતો, એટલે અમે લંબાતાં સૂર્યકિરણ તરફ પીઠ ફેરવી આગળ ધસ્યા.

ત્યાં એકાએક સહસ્રધારાનો ધોધ ધબધબતો દેખાયો. ઊંચેથી સ્વચ્છ પાણી મજબૂત થયેલી માટીની દીવાલ પરથી સરી

પડે છે, અને અવાજ કરે છે, અલમસ્ત એકતાનતાથી અવતરે છે. પાસે કોઈ છે કે નહિ, કોણ જુએ છે? શું થાય છે એની એને કશી પરવા નથી. ધબધબ ધબ અને ધબ ચાલે જ છે. પથરા ઉપરથી પાણી પડે છે ત્યારે એટલું આશ્ચર્ય થતું નથી. પણ આ તો પોતાની જીદ ન છોડનાર માટી પરથી પાણી પડે છે. હું જોતો જ ઊભો રહ્યો. પાણીમાં આટલો કેફ હોય છે એમ જો દારૂડિયાઓ જાણે તો નશો છોડી અહર્નિશ અહીં આવીને બેસી જાય. ક્ષણ માટે હું તો ભૂલી જ ગયો કે પાછા જવાનું છે. આપણે, ભલે એક ક્ષણ માટે, કુદરત સાથે એકરૂપ થઈ જઈએ છીએ ત્યારે એ ખરેખર અદ્વૈતાનંદ હોય છે. પોતાનું ભાન ભૂલી ગયા પછી આનંદ જ રહેવાનો.

ત્યારે શું જેને આપણે જડસૃષ્ટિ કહીએ છીએ તે જડ નથી પણ અદ્વૈતાનંદની સમાધિમાં એકતાન થઈને પડી છે? એનો જવાબ કોણ આપી શકે?

રણબીર કહે, 'હવે આપણે સહેજ આગળ જઈએ.' હવે મોડું કરવાની મારી દાનત ન હતી. પણ થોડુંક રહી ગયું એમ મનમાં વિષાદ ન રહે એટલા ખાતર હું આગળ ચાલ્યો. નીચે પાણી વહેતું હતું. ધીમે રહીને અમે નીચે ઊતર્યા ત્યાં તો સુરાખારની મહેક આવવા લાગી. નીચે ઊતરીને એ પાણી સહેજ પીધું. કહે છે કે તમામ ચર્મરોગ માટે આ પાણી 'બહોત મુફીદ હૈ.' આ પાણી અને તેના અદ્ભુત ગુણનો વિચાર હું કરતો હતો પણ હૈયું તો પેલા ધોધના ધબકારા સાથે તાલ ધરતું હતું. એટલામાં જમણી બાજુએ ઊંચે એક ઝઝૂમતી કરાડ ઉપરથી પાણીનાં ટીપાં પડતાં જોયાં. જાણે અત્યંત સૌમ્ય અને મૂક જલતરંગ, અથવા વૃંદગાયન.

આ જ ખરી સહસ્રધારા. હજારો ટીપાં એ ગુહા ઉપરથી અને અંદરથી ટપટપે છે. પણ એનો અવાજ ભેગો થતો નથી. શાંતપણે ટીપાંઓ પડતાં જ જાય છે. એક બાજુ પરથી અમે ઉપર ચડ્યા. ત્યાં એક ઊંડી સરખી ગુફા હતી. વચમાં થાંભલા જેવો પથરાનો ભાગ હતો. એની આસપાસ અમે ફર્યા. બધે જ સહસ્રધારાનો વરસાદ ચાલતો હતો. એ આખો પહાડ ઓગળી

જતો હોય એમ લાગતું હતું. અમે બરાબર પલળી ગયા. એક કલાક સુધી તેજ ચાલીને આવેલા હોવાથી શરીરમાં ગરમી ખૂબ હતી. તેથી આમ પલળી જવાનો આનંદ તો ઓર જ જણાયો. કેટલું ઠંડું અહીંનું દૃશ્ય! અહીં રહેવા માટે માણસનો ભવ કામનો નથી. અહીં તો વેદમંત્રનું ચાતુર્માસે રટણ કરનાર દેડકાંઓનો અવતાર લઈને જ રહેવું જોઈએ. જે હૈયું થોડા સમય પહેલાં શક્તિશાળી ધોધ સાથે એકરૂપ થયું હતું તે જ અહીં એક ક્ષણમાં આ ઝરમર ઝરમર સહસ્રધારામાં બાલનૃત્ય સાથે તન્મય થઈ ગયું. મેં રણબીરને હૈયું ભરીને ધન્યવાદ આપ્યા અને કહ્યું, 'જો આટલો સુંદર ભાગ જોયા વગરનો રહી જાત, તો ખરેખર પસ્તાવા જેવું થાત.' વરસાદ સામે રક્ષણ આપતી ગુફાઓ તો મેં અસંખ્ય જોઈ છે. પણ ઉનાળામાં પણ પોતાના પેટમાં વરસાદને સંઘરતી ગુફા તો આ જ પહેલવહેલી જોઈ. સિલોનની મધ્યમાં એક ઠેકાણે મોટી ગુફા છે તેમાંથી એક ઠેકાણે એક નાનકડું ઝરણું ટપટપે છે, પણ આવો અખંડ વરસાદ તો અહીં જ પહેલવહેલો જોયો. અમને પાછા જવાની ઉતાવળ હતી તેવી આ વરસાદને ન હતી. એને એનું જીવનકાર્ય મળી ચૂક્યું હતું. પથરા પરની લીલને કારણે પગ લપસતા હતા. અને અહીંના સૌંદર્ય, પાવિત્ર્ય અને શાંતિને કારણે પગ અહીં ચોંટી રહેતા હતા. આ સ્થિતિમાં જેટલો વખત ગયો તેટલો જ લાભ એમ મનને થતું હતું.

અંતે ત્યાંથી પાછા ફરવું જ પડ્યું. હવે તો બેવડા વેગથી પાછા જવાનું હતું. રસ્તામાં કેટલાયે મજૂરો અને ગોવાળો ઉતાવળે ચાલતા દેખાયા. બિચારા ગરીબ લોકો, મુશ્કેલીથી આવે ઠેકાણે જીવે છે. પણ સહસ્રધારાની અમીનજર તળે એ લોકોને રહેવાનું મળે છે એની જ અદેખાઈ મનમાં થઈ.

ઊતરતાં ઊતર્યા, પણ હવે અંધારામાં ચડાશે કેમ એ સવાલ હતો. મનમાં થયું કે એકાદ સોટી હાથમાં હોય તો સારું. ત્યાં એક ગામડિયા દુકાન હતી. દુકાનદારને અમે કહ્યું, 'ભૈયા, એક અચ્છીસી લકડી દે દોગે?' હું એક કાને સાંભળતો નથી, તો દુકાનદાર બંને કાને બહેરો, મારી વાત સમજે નહિ, અને હું અધીરો બનેલો. અંતે એક સાથીએ ઇશારાથી એને કહ્યું. એણે

તરત અંદરથી પોતાની વાંસની લાકડી આણી આપી. પૈસા આપું તો લે નહિ. એની લાકડી લઈને મેં જ એના ઉપર ઉપકાર કર્યો હોય એવી ધન્યતા આંખમાંથી બતાવતો એ કહે, 'લે જાઈએ, આપ લે જાઈએ.' ત્યાર પછી રણબીરે કહ્યું, 'યે મહેમાન તો મહાત્મા ગાંધી કે આશ્રમ સે આતે હૈ,' પછી તો એની ધન્યતાનો અને મારી શરમનો પાર ન રહ્યો. લાકડી લઈને હું નાઠો.

હવે અમારું બોલવાનું બંધ થયું. પગ દોડતા જાય અને હું મનમાં પ્રાર્થના બોલતો જાઉં. આકાશમાં ગુરુ અને શુક્ર ચંદ્ર વિષે કંઈ ટીકા કરતા હતા.

પેલા મોટરવાળા ભાઈ પહાડની ટોચે બેસી અમારા પાછા આવવાની રાહ જોતા હતા. જ્યારે અમે ભેગા થયા ત્યારે એ કહે, 'તમે દોડતા ગયા અને ઉતાવળા પાછા આવ્યા અને હું આટલો વખત આ ખીણના ભવ્ય વિસ્તારનો અને આથમતા પ્રકાશનો, એના પલટાતા રંગનો આનંદ માણતો રહ્યો, ત્યારે કહો આપણામાંથી વધારે આનંદ કોણે લૂંટ્યો?'

મેં મનમાં પ્રતિધ્વનિની પેઠે પૂછ્યું, 'ખરેખર, કોણે લૂંટ્યો?'

ડિસેમ્બર, ૧૯૩૬

ગુચ્છુપાની

અથવા

પહાડને વહેરીને વહેતું ઝરણું

ગુચ્છુપાની કુદરતની એક મજાની રમત છે. બે વર્ષ ઉપર જ્યારે દેહરાદુન ગયો હતો ત્યારે એક દિવસની નવરાશ હાથમાં હતી. કેટલાકે કહ્યું કે આપણે ગુચ્છુપાની જઈએ. બીજા ભાઈઓએ કહ્યું કે 'સહસ્રધારા' જોવા ચાલો. ગુચ્છુપાની નામ તો મજાનું લાગ્યું; પણ વિસ્મૃતિના ભાર તળે દબાયેલા જૂના સંકલ્પે સહસ્રધારાની તરફેણમાં પોતાનો મત આપ્યો હતો એટલે ગુચ્છુપાની જવાનું રહી જ ગયું.

આ વર્ષે જ્યારે કન્યા ગુરુકુળના ઉત્સવ ઉપર આવવું જ પડ્યું ત્યારે હવે કાંઈ ગુચ્છુપાની બોલાવ્યા વગર છોડે? બે ત્રણ કલાક પાસે હોય તો દેહરાદુનથી ગુચ્છુપાની સુખેથી જઈ અવાય. મોટરમાં નહિ પણ પગપાળા જઈ આવતાં ત્રણ સાડાત્રણ કલાકથી વધારે નહિ લાગે. પ્રથમ તો દોઢેક માઈલ સુધી તૈલવાહન માટે બનાવેલો આસ્ફાલ્ટનો વજ્રલેપ રસ્તો આપણને ધીમે ધીમે ઊંચાં ઊંચાં ઝાડ વચ્ચે થઈને ઊંચે ચડાવે છે; અને સામેના પહાડ ઉપર ચળકતી મસૂરીની ગંધર્વનગરીનું દર્શન કરાવે છે. ત્યાંના બંગલાઓની વાંકીચૂકી હાર જ્યારે સંધ્યાકિરણોમાં ચળકવા માંડે છે ત્યારે ચકમકનાં ચોસલાં આડાંઅવળાં ગોઠવાયાં હોય એવો આભાસ થાય છે.

અમે રસ્તો છોડી ડાબી બાજુના ખેતરોમાં ઊતર્યાં. ત્યાં તો સામે સાલનાં બાલવૃક્ષોની એક ઘટા દેખાવા લાગી. એ ઘટા વચ્ચે થઈને એક પહાડની છોકરી પથરા સાથે રમતી દક્ષિણ તરફ દોડતી જાય છે એવું દર્શન થયું. અત્યારે તો એના પાત્રમાં પાણીનું નામ ન હતું. કેવળ વાંકાચૂકા પણ લીસા સફેદ પથરા જ ત્યાં પથરાયેલા હતા. પાણી વગરની નદી આપણને સામાન્યપણે ગમતી નથી. પણ જ્યારે બંને બાજુ ઊંચી ઊંચી ટેકરીઓ હોય છે અને આખો પ્રદેશ નિર્જનરમ્ય હોય છે ત્યારે સુકાયેલી નદી પણ ભીષણ રમણીય રૂપ ધારણ કરે છે. પાણીનો પ્રવાહ ભલે ન હોય, પણ લીલાં લીલાં જંગલમાંથી થઈને ધોળા ધોળા પથ્થરોનો પટો જ્યારે ડુંગરામાં પોતાનો રસ્તો કાઢતો જાય છે ત્યારે સહેજે મનમાં થાય છે કે આ પથરાઓ નિશાળના છોકરાઓની પેઠે દોડની દોડ રમતા રમતા એકાએક થોભી ગયા છે.

અમે આગળ ચાલ્યા. ફરી ચડ્યા ને ફરી ઊતર્યાં. કોતરોમાં થઈને જવાનું હતું, એટલે દૂર સુધી જોવાને બદલે આકાશ તરફ જોઈને જ સંતોષ માનવો પડતો હતો. વચમાં વચમાં પાળાં અથવા ધોળાં ફૂલોનું ઉડાઉપણું જોઈને લાગતું કે અહીં કોઈકનો બંગલો હશે; પણ બીજી જ ક્ષણે ખાતરી થતી કે આવાં દૃશ્યો જોઈને જ શહેરના બંગલાવાળાઓને આસપાસ ફૂલો ગોઠવવાનું સૂઝ્યું હશે. બંગલાની ચાર દીવાલો તો કુદરતના ખોળાથી વિખૂટા પડેલા માનવી માટે જ હોય. અહીં તો કુદરતનો વિશાળ પ્રાસાદ છે. ચાર દિશા એની ચાર દીવાલો અને આકાશનો કટાહ એ એનો ગુંબજ. રાત પડે એ પહેલાં જ એ ગુંબજમાં ચંદ્રતારકાનો ચંદરવો નિયમસર તાણવામાં આવે છે. હવા બગડે છે ત્યારે એ ચંદરવો મેલો ન થાય એટલા માટે કોક કોક વાર એના ઉપર વાદળાંનો પડદો ઢાંકવામાં આવે છે એ ખરું.

ફૂલો પ્રસન્નપણે હસતાં હતાં. કોને જોઈને હસતાં હતાં કોણ જાણે! અમે આવવાના છીએ એની સૂચના તો અમે આપી નહોતી અને સૂચના મળી હોત તોયે પોતાના શિકારીઓનું આગમન એમને વહાલું લાગત કે કેમ એ પણ એક સવાલ છે.

વચ્ચેવચ્ચે નાની નાની ઝૂંપડીઓ, અને એ ઝૂંપડીઓનું અપમાન ન કરે એવાં ચૂના–માટીનાં ઘરો આવતાં હતાં. રસ્તાઓ અને મ્યુનિસિપાલિટીની સગવડ વગરનાં આ ઘરો વનશ્રીની સાથે સુંદર રીતે ભળી જતાં હતાં અને ત્યાંનું ગામડિયા જીવન શોભાવતાં હતાં. ગોરાઓની ફોજી નોકરીમાંથી નિવૃત્ત થયેલા ગુરખાઓ અહીં કુદરતના ખોળામાં નિવૃત્તિનો આનંદ અનુભવે છે અને પોતાનાં ઘરડાં પહાડી હાડકાંઓને આરામ આપે છે.

અમે આગળ ચાલ્યા. આગળ એટલે સીધા આગળ તો નહિ જ. પહાડી કેડીઓના ચકરાવામાં તો જેમ પેસાય એમ પેસવાનું હોય છે. ડાબી બાજુ જવું હોય તોયે કોક કોક વાર જમણી વાટ લઈ એની ખુશામત કરતાં એને વાળવાનું હોય છે. ચંદન કહે કે 'આસપાસનું રૂપાળું દૃશ્ય અને આકાશનાં ક્ષણે ક્ષણે બદલાતાં દૃશ્યો પોતા તરફ ધ્યાન ખેંચે છે, પરંતુ એક ક્ષણ માટે પણ પગ તરફનું ધ્યાન ચુકાયું તો પેલી પહાડી નદીના પથરાની માફક ગબડી જવાનું માથે આવવાનું.' અને એ વાત સાચી હતી. પગ તળે જેટલા મોટા મોટા પથરાઓ હોય તેમને માથે પગ દઈને ચાલીએ તો વિશેષ સુખ અનુભવાય છે. એ મોટા મોટા પથરા સરખે અંતરે શાના જ હોય? એટલે કોણ ક્યાં છે, કોણ આપણો ભાર માથે આવવા છતાં ડગે નહિ એવા ધીરોદાત્ત છે એની 'સર્વે' કરતાં કરતાં જ્યાં આગળ જવાનું હોય ત્યાં દરેક ડગલે આપણું ચિત્ત પરોવવું પડે છે. હાથમાં પૂણી લઈ સૂતર કાંતતી વખતે જેમ તસુ તસુમાં આપણું ધ્યાન પણ કંતાય છે, તેમ આવી પહાડી યાત્રામાં ડગલે ડગલે આપણું ચિત્ત યાત્રા સાથે વણાય છે, અને તેથી જ યાત્રાનો આનંદ ઘટ્ટ થતો જાય છે.

હવે તો એક મોટી પહોળી નદી નીચે દેખાવા લાગી. જમણી બાજુની ખીણમાંથી આવી ડાબી બાજુએ બે શાખામાં એ વિભક્ત થઈ જતી હતી. સામી બાજુની ટેકરી ઉપરથી તારખાતાના થાંભલાઓએ પાંચસાત તારોની હાર છોડીને આ કાંઠે દૂર નીચાણમાં એ ઝીલી હતી. જાણે કોઈ બાળકે પોતાના હાથ અને પોતાની

આંખો તણાય તેટલી તાણીને નદીની પહોળાઈ આટલી છે એમ બતાવવાનો પ્રયત્ન કર્યો હતો.

એ નદીના પટ પર થઈને એ ઝીણા પ્રવાહો કોઈ રાજવીના અસ્ત થયેલા વૈભવની પેઠે ધીમેધીમે જતા હતા. પાણી તો બાળકોના હાસ્ય કે રીસ જેટલું જ નિર્મળ. થયું કે થોડુંક પાણી પેટમાં પહોંચાડીએ. પણ ત્યાં ધર્મદેવજીની રસિકતા આડે આવી. એમણે કહ્યું, 'પેલું સામે ઝરણું દેખાય છે એનું પાણી એક વખતે હું રોજ સવારે અહીં આવીને પીતો. ત્યાં જ જઈએ.' અમે ગયા, ત્યાં એક છોટી પહાડીની કેડ ઉપર એક નાનો સરખો ગોખલો હતો એમાંથી અમૃત જેવા ઝરણને નીકળી આવવાનું સૂઝયું હતું. કોઈ પરોપકારી માનવીને એ ગોખલા આગળ એક લાકડાની પરનાળ ગોઠવવાનું મન થયું એટલે અમને જલદાનનો સ્વીકાર કરતાં સહેલું પડ્યું. પાણી પીતાં પહેલાં પશ્ચિમ તરફ ઢળતા સૂર્યને એક મનોમય અર્ઘ્ય આપતાં હું ભૂલ્યો નહિ.

હવે તો જે દિશાએ સૂર્યકિરણો ફેલાતાં હતાં ત્યાં અમે ધીમે ધીમે નદીના પટમાં ચડવા માંડ્યું. આગળ શું દેખાશે એની કલ્પના થતી ન હતી. નદીનો ઉગમ હશે, કે ઉપરથી પાણી ટપકતું હશે કે સહસ્રધારાની પેઠે પાણીમાં ગંધક હશે, એવી અનેક કલ્પનાઓ મનમાં થતી હતી. એ ઝરણાના નામની પેઠે એનું રહસ્ય પણ અમારે માટે ગુહ્ય હતું. (ગુચ્છુ શબ્દ ગુહ્ય ઉપરથી આવ્યો હશે એમ મનાય છે.)

દૂર એક બખોલ દેખાતી હતી. ત્યાં સુધી પહોંચ્યા તો બધું જુદું જ નીકળ્યું. અહીં અમને ખબર પડી કે ગુચ્છુપાની એટલે શું?

જેમ પહાડને તોડીને રેલવે લઇ જવા માટે સુરંગ અથવા બોગદા ખોદાય છે તેવી જ રીતે એક આગ્રહી ઝરણાએ એ આખી ટેકરી આરપાર વીંધીને પોતાનો રસ્તો કાઢ્યો છે. ના. આ તો ખોટી ઉપમા અપાઈ. જેમ કોઈ કરવત લાકડાને કે પોરબંદરી પથરાને વહેરતી વહેરતી નીચે ઊતરે છે તેમ આ ઝરણાએ એક ટેકરી સીધી વહેરી કાઢી છે. આમાં યુક્તિ નથી વપરાઈ, કેવળ સત્યનો જ એ ખેલ છે. વજ્રકાય પાષાણોને વીંધીને નીર

જ્યારે નીકળી જાય છે ત્યારે આશ્ચર્યચકિત થયેલું મન સવાલ પૂછે છે કે સમર્થ કોણ? અડગ પહાડ અને એના પ્રાચીન પથરાની અભેદ્ય દીવાલ કે એક ક્ષણનો પણ વિચાર કર્યા વિના પોતાનું બલિદાન આપવા તૈયાર એવાં ચંચલ અને તરલ નીર?

એ વિવરમાં ઘૂસતાં છાતીમાં જરા ધડધડ થાય તો આશ્ચર્ય નહિ, એટલું આશ્ચર્યકારી એ દૃશ્ય હતું. મોતના મોઢામાં પ્રવેશ કરવા જેવું એ સાહસ ગણાય. અંદર ઘૂસતાં મને તો ગીતાના અગિયારમા અધ્યાયના શ્લોકો યાદ આવવા લાગ્યા. છતાં પહાડ અને જલની શક્તિથી પોતાનું સામર્થ્ય વ્યક્ત કરનાર પ્રકૃતિમાતાના સ્વભાવ ઉપર વિશ્વાસ રાખી અમે અંદર પ્રવેશ કર્યો. સિમેન્ટમાં પથરા ચણ્યા હોય તેવી રીતે કાળા, ધોળા અને લાલ ગોળમટોળ પથરાઓ એ ટેકરીના કુદરતી વજ્રલેપમાં ચણેલા હતા. અને પગ તળેના નાના નાના પથ્થરો ઉપર થઈને જળનો નમ્ર પ્રવાહ પોતાનો વિજય બોલતો દોડતો હતો. માથું ઊંચું કરીને જોયું તો પાણીએ ટેકરી વહેરીને બનાવેલી બાસી વીસ ત્રીસ ફૂટની બે દીવાલો પોતાના લાખો વરસના ઇતિહાસની સાક્ષી પૂરતી હતી. મારે બદલે કોઈ ભૂસ્તરશાસ્ત્રી અહીં આવ્યો હોત તો એણે એ પથરા ગ્રેનાઇટના છે કે સૅન્ડસ્ટોનના, એ પહેલાં જોયું હોત; પછી દીવાલની ઊંચાઈ કેટલી છે, પાણીનો ઢાળ કેટલો છે, દર દસ વર્ષે આ પાણી કેટલું ઊંડું જાય છે, એ બધાનો હિસાબ કરી આ કુદરતી સુરંગની આવરદા એણે નક્કી કરી હોત; અને કહ્યું હોત કે આ પર્વતીય પ્રવાહની આ રમત પચાસ હજાર કે બે લાખ વર્ષ સુધી ચાલતી આવેલી છે. બાજુની દીવાલમાં ફસાઈ પડેલા રંગબેરંગી પથરાઓ જોઈ એણે એમને એમની ઉંમર પૂછી હોત અને એમને પકડી બેઠેલી માટીનું વજ્રલેપ સિમેન્ટ થતાં કેટલાં વર્ષો ગયાં હશે એનો હિસાબ કાઢી એણે ટેકરીની ઉંમર પણ આપણને ગણી આપી હોત, અને જો એને કોઈ અહીં થઈ ગયેલા ધરતીકંપનો ઇતિહાસ આપી દેત તો પોતાના ગણિતમાં તે પ્રમાણે ફેરફાર કરી નવા નિર્ણય પણ એણે આપણને આપ્યા હોત. એ વજ્રલેપ સિમેન્ટમાં ચામડા જેવી કે ઝીણાં જાળાં જેવી વચમાં વચમાં ભાત કેમ પડી છે અને એમાં થઈને પાણીની સૂક્ષ્મ સેરો કેમ

નીકળે છે એ પણ એણે આપણને કહ્યું હોત. ખરેખર નક્ષત્રવિદ્યા જેટલી જ આ ભૂસ્તરવિદ્યા પણ અદ્ભુત-રમ્ય છે. મનોવિજ્ઞાન કરતાં એની ખોજ ઓછી અટપટી નથી. આ ત્રણે વિદ્યા માનવીના બુદ્ધિબળનો વિલાસ છે.

અમે એ વિવરમાં દૂર સુધી ગયા. એક ઠેકાણે ઊંચે પણ ચઢવું પડ્યું. પાસે જ પાણીનો નાનકડો પ્રપાત થતો હતો. સહેજ આગળ ગયા ત્યાં પથ્થર અને ચૂનાથી માણસે બાંધેલી બે દીવાલો જોઈ હું કેમે કરી મારું હસવું ખાળી ન શક્યો! માનવીએ માન્યું કે પહાડનું હૈયું વીંધી જનાર પાણીને બે દીવાલોથી આપણે અટકાવી શકીએ! મારો ભાવ સમજતાં વેંત પેલો વિજયી ધોધ પણ મને કહે, 'અને હું પણ એ જ કારણે હસું છું.' પહાડનું ચિરાયેલું હૃદય ભગ્ન છતાં, ભવ્ય દેખાતું હતું, જ્યારે માનવીની 'આ ભાંગેલી દીવાલ એના મનોરથની પેઠે જ તિરસ્કાર અને હાસ્ય ઉપજાવતી હતી. કોઈ ઉદ્દામ માણસને તમાચો મળે અને ફરી ગયેલું એનું મોઢું વીલું દેખાય તેવી આ દીવાલો ઝાઝો વખત જોવાની ઇચ્છા પણ થતી નહોતી. કોઈની ફજેતીના સાક્ષી પણ આપણાથી લાંબા વખત સુધી કેમ થવાય?

જેમ અંદર જઈએ તેમ એ વિવરની શોભા વધતી જ જાય! એટલામાં એક મોટો પથરો એ બે દીવાલ વચ્ચે પડતો પડતો અટકેલો જોવામાં આવ્યો. ઉપર થઈને એણે ભૂસકો માર્યો હશે અને પાસેની હેતાળ દીવાલોએ એને કહ્યું હશે, 'અલ્યા થોભ, પાણીની રમતમાં ભંગ પાડીશ નહિ.' શું કરે બિચારો! લટકતો ત્યાં ને ત્યાં જ ઊભો છે. ઊંધે માથે લટકતાં પાણીની રમત પરાણે જોયા જ કરવી એ એના ભાગ્યમાં લખ્યું હતું. એની દયા ખાતા આગળ જઈએ ત્યાં બીજો એક પથરો એવી જ રીતે લટકતો અને પોતાની પીઠ ઉપર પોતાથી ત્રણગણા મોટા પથરાનો ભાર વહેતો રોકાયેલો દેખાયો. એની નીચે થઈને પણ અમે પસાર થયા. જો બાજુની દીવાલો જરા ધસીને પહોળી થઈ હોત તો અમારાં હાડકાંના કકડા શું, ચૂરા જ થઈ જાત અને બેચાર પળને માટે પાણીનો રંગ લાલ લાલ થાત. પછી તો કુદરત કહેત કે, આપણને કશી ખબર જ નથી. ચાર માનવી અહીં આવ્યાં

હશે અને પોતાની નવરી જિજ્ઞાસાની કિંમત એમણે આપી હશે. એ બીના થોડી જ ધ્યાનમાં રાખવા લાયક છે? એમના જેવા જ બીજા માનવી અહીં ફરી આવશે અને એમને પથરામાં દટાયેલા કેટલાક અવશેષો જડશે એટલે ખરીખોટી કલ્પનાઓ દોડાવી એકાદ પ્રકરણ ઊભું કરશે; બીજું શું?

અમે ચાલીને તો થાક્યા નહિ. પણ ઠંડા પાણીમાં પથરાઓમાં થઈને ઉઘાડે પગે ચાલતાં પગ દુખવા માંડ્યા એનો ઇન્કાર ન કરાય. પણ એ વિવરપ્રવેશની અદ્ભુતતા અનુભવતાં અનુભવતાં ધરાયા. જઈ જઈને અંદર કેટલું જવાય? આખરે આગળ જવાનો ઉત્સાહ મંદ પડ્યો. પણ મન કહેવા લાગ્યું, હાર ખાઈને પાછા કેમ જવાય? આટલે સુધી ગયા છીએ તે આરપાર ગયે જ છૂટકો. છેડો ન જુએ તો એ માનવી મન નહિ.

આગળ જતાં જરા પહોળી જગ્યા આવી ગઈ, ને પ્રવાહની ભીષણતા ઓછી થઈ ગઈ એટલે ડાહ્યા થઈને અમે માની લીધું કે હવે આગળનું દશ્ય મોળું મોળું જ હશે. ત્યાં ન જઈએ તો ચાલે. અમે પાછા વળ્યા. ફરી એ ને એ જ દશ્ય, એ ને એ જ ભીતિ; એ ને એ જ ઉત્કંઠા અને એ ને એ જ ભાવનાઓ!!

એ વિવરમાંથી બહાર નીકળતાં અમે ખાસી સોળ મિનિટ લીધી!!! મારા રિવાજ પ્રમાણે એ યાત્રાના સ્મારક તરીકે લીસા રૂપાળા બે પથરા મેં લીધા અને અમે અંધારામાં ઝપાટાભેર રસ્તો કાપતા પાછા ઘેર આવ્યા. મનમાં એક જ વિચાર ચાલતો હતો, સમર્થ કોણ? આ વજ્રકાય પ્રાચીન પહાડ કે આ નમ્ર છતાં આગ્રહી જીવનધર્મી સત્યાગ્રહી નીર?

ડિસેમ્બર, ૧૯૩૯

ધૌલી પછી કાલસી

હિંદુસ્તાનના ધાર્મિક, સામાજિક, અને રાજ્યદ્વારી ઇતિહાસમાં સમ્રાટ અશોકનું સ્થાન અનેરું છે. જેમનું વ્યક્તિત્વ દુનિયામાં જીવતું અને જાગતું હતું એમ કહી શકાય એવા, આંગળીના વેઢા ઉપર ગણી શકાય એવા લોકોમાં અશોકની ગણના થાય છે. જેમ પુરાણો દ્વારા રામ, કૃષ્ણ, જનક અને હરિશ્ચંદ્રનાં નામો ગામડે ગામડે અને ઘેર ઘેર પહોંચ્યાં છે, દંતકથા દ્વારા રાજા વિક્રમ, ભર્તૃહરિ, ભોજ, અકબર અને બીરબલની વાતો ઘેર ઘેર સંભળાય છે તેવી જ રીતે બુદ્ધ ભગવાન અને અશોક, મહિંદ અને સંઘમિત્રાનાં નામો પણ આપણા લોકોમાં પરિચિત થવાં જોઈએ.

રાજા અશોક એક મહાન વિજેતા સામ્રાજ્યસંસ્થાપક તો હતો જ પણ એ ધર્મસમ્રાટ, રાષ્ટ્રપિતા, સંસ્કૃતિવર્ધન અને સમાજવ્યવસ્થાપક પણ હતો; દુનિયાનો સૌથી પહેલવહેલો મિશનરી અશોક જ હતો એમ કહી શકાય.

દક્ષિણના પાંડ્ય ચોલ અને કેરળ છોડી દેતાં બાકીના આખા હિંદુસ્તાનનું રાજ્ય અશોક ચલાવતો હતો. પશ્ચિમમાં આજે જે ભાગને બલુચિસ્તાન અને અફઘાનિસ્તાન કહે છે એ પ્રદેશ પણ અશોકના રાજ્યનો જ એક વિભાગ હતો. આવા મોટા સામ્રાજ્યમાં રાજ્યવ્યવસ્થા એક જ ઢબે ચાલે અને કેવળ રાજ્યવ્યવસ્થા જ નહિ પણ લોકજીવન પણ એક જ ઉન્નત સંસ્કૃતિને રંગે રંગાય એ માટે અશોકે કેટલાક નિયમો ઘડી કાઢ્યા અને તે પોતાના સામ્રાજ્યમાં ઠેકાણે ઠેકાણે પથ્થર પર કોતરાવ્યા. એટલું જ

નહિ પણ પોતાના રાજ્યવ્યવસ્થાપક તેમ જ ધર્મવ્યવસ્થાપક રાજપુરુષોને એણે આજ્ઞા કરી કે દર પંદર દિવસે લોકોને ભેળા કરી એમની આગળ એ શાસનો વંચાય; જેથી અમલદારોને અને પ્રજાને જાગૃતિ રહે કે કેવી સંસ્કૃતિ અશોકના રાજ્યમાં ખીલવવી છે. અશોકના એવા શિલાલેખો લગભગ એક જ ભાષામાં કોતરેલા ઠેકઠેકાણે જડી આવે છે. હિંદુસ્તાનના ઇતિહાસના અનેક સવાલોનો ઉકેલ આ શિલાલેખોથી થયો છે. એવો એક શિલાલેખ જૂનાગઢ પાસે ગિરનારને રસ્તે દામોદરકુંડ પાસે આવેલો છે. બીજો એક શિલાલેખ મુંબઈ પાસે શૂર્પારક અથવા સોપારા પાસેના એક પથરા ઉપર કોતરેલો હતો. આજે એનો ખંડિત અવશેષ જ જડી આવે છે.

સરહદ પ્રાન્ત ઉપર શાહબાજગઢી અને માનસેરા એ બે ઠેકાણે આ શિલાલેખો જડી આવ્યા છે. પૂર્વ તરફ ઓરિસ્સામાં જૌગઢ અને ધૌલી એ બે ઠેકાણે આ જ શિલાલેખો એક મહત્ત્વના ફેરફાર સાથે કોતરેલા છે, અને એ જ શિલાલેખ દહેરાદુન પાસે આવેલા કાલસી નામના એક રમણીય સ્થાનમાં જોવાને મળે છે.

આ શિલાલેખો ખૂબ ધ્યાનપૂર્વક વંચાયા છે અને એના અધિકાધિક શુદ્ધ અને સાચા તરજુમા પણ કરવામાં આવ્યા છે. હવે ઘેર બેઠાં એ શિલાલેખો વાંચી એના ઉપર લોકો ગમે તેટલો વિચાર કરી શકે છે, અને અનુમાનો કાઢી સંસ્કૃતિમીમાંસામાં ઉમેરો પણ કરી શકે છે. છતાં યાત્રી તરીકે આ સ્થાને પ્રત્યક્ષ જઈ ત્યાંની પરિસ્થિતિ તેમ જ વાતાવરણમાંથી ઘણું લઈ શકાય એમ છે. શિલાલેખો વાંચી એમનો અર્થ કરવા માટે નહિ પણ એ ધર્મશિલાઓનું દર્શન કરી પાવન થવા માટે અને આસપાસનાં પહાડોને તેમ જ નદીઓને, જંગલોને અને ખેતરોને અશોક વિષે અને એના આર્યહૃદય વિષે અનેક વાતો પૂછી શકાય એ ખાતર જવું જોઈએ.

ગિરનારનો શિલાલેખ જોયે ચોવીસ વરસ થઈ ગયાં. જૌગઢનો શિલાલેખ જોવાની તક લગભગ બાર વર્ષ પૂર્વે મળી હતી પણ તે વિશેષ કારણે છોડી દીધી હતી. આ વર્ષે રાષ્ટ્રભાષા હિંદીના

પ્રચારને અર્થે ફરતાં ફરતાં ધૌલીનો પ્રખ્યાત શિલાલેખ જોઈ શક્યો. અને ત્યાર પછી થોડા જ મહિનામાં કન્યાકેળવણીની સેવામાં દહેરાદુન ગયો હતો ત્યાં કાલસી પણ જઈ આવ્યો. સેવા કરતાં કરતાં આસ્થાવાળો માણસ પોતાનું જીવન અને પોતાની જીવનદૃષ્ટિ અનેક રીતે સમૃદ્ધ કરી શકે છે.

૨

અશોકના શિલાલેખોમાં એનો કલિંગવિજય વિષેનો ઉલ્લેખ દરેક રાષ્ટ્રહૃદયને બલ્કે મનુષ્યહૃદયને હચમચાવી મૂકે એવો છે. બાલ્હિકથી માંડીને બંગાળ સુધી અને કાશ્મિરથી માંડીને કેરળપુત્ર સુધી વિસ્તરેલા પોતાના સામ્રાજ્યમાં એક કલિંગ દેશ (હાલનો ઉત્તર ઓરિસ્સા) અણજિતાયેલો રહે એ સમ્રાટની મહત્ત્વાકાંક્ષાથી સહન ન થયું. સ્વતંત્ર કલિંગ અશોકની વિજિગીષાને શલ્ય જેવો ખૂંચવા લાગ્યો. મોટું કટક લઈને એણે કલિંગ ઉપર ચઢાઈ કરી અને વિજેતાના ઉન્માદથી કલિંગને મેદાનમેદાન કરી નાખ્યું. કલિંગના બ્રાહ્મણો અને શ્રમણો, ત્યાંના ગૃહસ્થીઓ અને કારીગરો— બધા જ દેશના સ્વાતંત્ર્ય ખાતર ઝનૂનપૂર્વક લડ્યા હોવા જોઈએ. અશોકે લાખો લોકોને ઠાર કર્યા. લડાઈમાં એથી અનેકગણા લોકો ઘાયલ થયા અને લડાઈને અંતે જેઓ પકડાઈ ગયા અને જેમને બંદી તરીકે લઈ જવામાં આવ્યા તેમનો હિસાબ તો જુદો જ. રણમત્ત સમ્રાટની સામ્રાજ્યતૃષ્ણા તૃપ્ત થઈ અને ત્યાં મનુષ્યપ્રેમી હૃદયનો ઉદય થયો. અશોકને ધર્મભાવના વળગી અને પોતે કરેલા વિજય માટે એને ભારે પશ્ચાત્તાપ થયો. ત્રાસ અને ધાક ફેલાવીને નહિ પણ ધર્મ, ક્ષમા અને પ્રેમનો વિસ્તાર કરી લોકોનું કલ્યાણ કરવું જોઈએ એ વાત અશોકને ગળે ઊતરી અને એનું પાષાણ હૃદય પીગળ્યું. એ હૃદયપરિવર્તન અને એ ધર્મકોમળ લાગણી એણે હિંદુસ્તાનના અનેક પાષાણો ઉપર કોતરી એમની દ્વારા આપણા સુધી પહોંચાડી છે.

તે વખતની પ્રજાએ આ વિલક્ષણ પરિવર્તન આશ્ચર્યચકિત થઈને જોયું હશે. રાજાના આ નવજીવનની અસર અનેક પ્રાંતના અનેક સેવકો ઉપર થઈ હશે. તે વખતનાં લોકગીતોમાં અશોકનો

અને એણે ફેલાવેલા ધમ્મનો જયજયકાર બોલાયો હશે. જેવું રામરાજ્ય તેવું જ અથવા તેથીયે ચડિયાતું આ ધર્મરાજ્ય છે એમ લોકોએ ઠરાવ્યું હશે. પણ વિસ્મૃતિની શક્તિ કૃતજ્ઞતાની લાગણી કરતાંયે જબરદસ્ત નીવડી. જેમ શિયાળામાં સળગાવેલી સગડી ઓલવાઈ જાય છે અને એનું રૂપાંતર આખા ઓરડાની ઉષ્ણતા વધારવામાં થાય છે તે જ રીતે અશોકે અમલમાં આણેલું જીવનપરિવર્તન પ્રજાએ પચાવ્યું, સંસ્કૃતિ સાથે એકરૂપ થયું અને જેમ ખાધેલા, પચાવેલા અને લોહી થઈ ગયેલા ખોરાકની યાદ પણ રહેતી નથી, તેમ અશોક અને તેના કાર્યની સ્મૃતિ પણ કૃતજ્ઞ આર્યો ભૂલી ગયા. Transubstantiation કહે છે તે આ જ હશે?

પણ લાગણીવાળા માણસે જે ખોયું તે આ જડ શિલાઓએ સંઘરી રાખ્યું. ધૌલીમાં જે શિલા છે તેનું નામ અશ્વત્થામા છે અને કાલસીમાં જે શિલા અમે કાલે જોઈ આવ્યા એને ત્યાંના લોકો ચિત્રશિલા કહે છે. અશ્વત્થામાએ અને ચિત્રશિલાએ ભારતવર્ષ ઉપર અને એના ઇતિહાસ ઉપર અનેક ઉપકાર કર્યા છે તેથી મૂર્તિપૂજક તરીકે નહિ પણ કૃતજ્ઞ રાષ્ટ્રપ્રેમી તરીકે એ બન્ને શિલાને વંદન કરવું ઘટે છે.

કલિંગ જીત્યાનો ઉલ્લેખ અને પશ્ચાત્તાપ અશોકે કલિંગ દેશમાં કોતર્યો નહિ, પણ શાહબાજગઢી, માનસેરા, કાલસી અને ગિરનારમાં કોતરાવ્યો છે. એણે આવું ઇરાદાપૂર્વક જ કર્યું હશે એ વિષે શંકા નથી. કેટલાક કહે છે કે પશ્ચાત્તાપની વાણીમાં ભલે હોય પણ કલિંગસંહારની વાતો કલિંગની જનતા આગળ વંચાય એ અશોકને અજુગતું લાગ્યું. કલિંગના લોકો પોતાનું દુઃખ ભૂલી જાય અને અશોકના પ્રેમાળ રાજ્યશાસનનો લાભ ઉઠાવે એ ઇરાદાથી એણે એ તેરમો શિલાલેખ જૌગઢ અને ધૌલીમાં ન કોતરાવ્યો પણ દૂરદૂર સામ્રાજ્યને બીજે છેડે એણે પોતાના પશ્ચાત્તાપનો એકરાર અમર કરી રાખ્યો હોવો જોઈએ.

કાલસીના શિલાલેખમાં બીજી ઘણી વસ્તુઓ છે પણ આ ક્ષણે આપણું ધ્યાન તો એ રાજ-પશ્ચાત્તાપ તરફ જ જાય છે. બીજી વાતો મહત્ત્વપૂર્ણ તો છે જ. એ ક્યાં નાસી જવાની હતી?

કાલસીના શિલાલેખમાં ધૌલીની શિલા સાથે એક વિશેષ સામ્ય છે અને તે છે એના ઉપર કોતરેલી હાથીની આકૃતિનું. પણ એને વિષે યથાસ્થાને કહીશું.

૩

કાલસી ક્યાં છે એની તપાસ અમે પહેલેથી જ કરી રાખી હતી. દહેરાદુનથી બપોરે ઊપડી તૈલવાહનના સાધનથી સાંજ સુધીમાં પાછા અવાશે એની ખાતરી કરી લીધી હતી. સમ્રાટ અશોકે આ જ સ્થાન કેમ પસંદ કર્યું હશે એનો પણ વિચાર કરી રાખ્યો હતો. વેપારનું મથક અને યાત્રાનું સ્થાન, બન્ને રીતે કાલસીનું મહત્ત્વ ઘણું હશે એ વિશે શંકા નથી. પહાડના રસ્તાઓ ઘણી વાર નદીને કાંઠે કાંઠે જાય છે. નદીનું ઉગમસ્થાન માણસની જિજ્ઞાસાનું, શોધખોળનું પ્રતીક છે. જ્યાં બે નદીઓનો સંગમ થાય છે ત્યાં મનુષ્યજાતિની પ્રાથમિક અવસ્થામાં વેપારનો તેમ જ સંસ્કૃતિનો પણ સંગમ હોય છે. પાટલીપુત્રમાં ગંગા અને શોણનો સંગમ છે, પ્રયાગરાજમાં ગંગા અને યમુનાનો સંગમ છે, તેમ જ કાલસીમાં યમુના અને ટોંસ (તમસા) નદીનો સંગમ છે. પ્રાચીન કાળથી ઘેટાની પોઠ લઈને પહાડી વેપારીઓ અહીં આવતા હશે અને ભાબરના તેમ જ તરાઈના લોકો જોડે વેપાર કરતા હશે. મેદાનના વેપારીઓ પણ પોતાની કીમતી વસ્તુઓનાં ઘરાક શોધતા અહીં આવતા હશે. જ્યાં વેપારનું મથક જામે છે, માનવમેદની ઊભરાય છે ત્યાં ધર્મઉપદેશક અચૂક પહોંચી જવાનો. ધર્મવિજયી રાજા અશોકે પોતાના પ્રચાર માટે આ જ સ્થાન પસંદ કર્યું એમાં નવાઈ શી?

* * *

કન્યાગુરુકુળનો ઉત્સવ પૂરો કરી અમે કાલસી જોવા ઊપડ્યા. પંડિત ધર્મદેવજીએ પુરુષાર્થ કરી નોતરેલા તૈલવાહનને રીતસર ખવડાવી વખતસર આવવાજવાની બાબતમાં નિશ્ચિંત થયા અને વજ્રલેપ રસ્તા ઉપર થઈને અમે દોટ મૂકી. દહેરાદુન શહેર આધુનિક સુખાકારી અને વ્યવસ્થાનું પ્રતીક છે. સુંદર સરખા રસ્તા, એમની બંને બાજુએ વાવેલાં ઊંચાં ઊંચાં વિશાળ વૃક્ષો,

એની પાછળ ફેલાયેલાં સ્વચ્છ મેદાનો અને વચમાં વચમાં દેખાતા ફૂંદાળા બંગલાઓ, એ બધું દશ્ય આહ્લાદક હોય છે. ક્ષિતિજ તરફ જોતાં એ બાજુ પોલી દેખાશે એ બીકને અવકાશ જ નથી. પશ્ચિમ તરફના કરકરિયા પહાડ અને એમના ઉપરનો વાદળાંનો વિહાર એ એક માયાવી કાવ્ય છે. ઉત્તર તરફ મસૂરીનો પહાડ અનેક આમંત્રણો આપે છે. પૂર્વ તરફની શોભા તો એથીયે વિશેષ; કેમ કે આપણે જેમ દોડીએ તેમ એ બાજુએ એક પછી એક રૂપાળી ખીણો ઊઘડે છે અને બિડાય છે. અહીંની કામરૂપિણી સૃષ્ટિને જો કોઈ નામ આપવું હોય તો એને પ્રમદા કહી શકાય એટલી એ માદક છે. અમે વીસ માઈલથી વધારે ગયા હોઈશું. રસ્તામાં એકબે દષદ્વતીઓ અમે ઓળંગી. એમના પટમાં કામ કરતા મજૂરો પ્રત્યે સહાનુભૂતિ કેળવી અને એટલાથી સંતોષ માની વીસબાવીસ માઈલ ગયા ત્યાં હર્બર્ટપુર આવ્યું. ત્યાંથી જમણી બાજુએ વળીને બીજી દોટ મૂકી અને ચુહડપુર પહોંચ્યા. અહીંની બજાર ગામડાંની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વની ગણાય. આજકાલ કાલસીનું મહત્ત્વ ચુહડપુર પચાવી બેઠું છે.

ચુહડપુરથી થોડા આગળ ગયા અને અમે યમુનાની પુણ્યસુંદર ખીણમાં ઊતર્યા. ચારે દિશાની મુસાફરી કરી આવેલા યાત્રીનું મન પણ લોભાવે એવી એ ખીણ છે. યમુના પરના પુલનું દશ્ય પણ ઓછું મનોહારી નથી. મનુષ્યકૃતિ ઘણી વાર કુદરત સાથે ભળી શકતી નથી, પણ પુલોનું એવું નથી. પુલો માણસજાતિ માટે સંધિકારી મિત્રો છે. બંને કાંઠાને પોતાના આકર્ષણથી સાંધીને એક કરે છે તેથી આશીર્વાદરૂપ હોઈ કુદરતના વાતાવરણને પોષક જ નીવડે છે. યમુના પરનો આ પુલ નલ–નીલ–જાંબુવંતોની ન્યાતમાં (ઇજનેરોમાં) ઘણો વખણાય છે. ભૌગોલિક દૃષ્ટિએ પણ આ પુલે મહત્ત્વનું સ્થાન પસંદ કર્યું છે. કેમ કે એક પછી એક આવતા બે સંગમ વચ્ચે એ આડો પડ્યો છે, ઉપર અનાવિલા અમલવા નદી કાલી કાલી વાતો કરતી યમુનાને મળે છે જ્યારે નીચે યમુનાની જ્યેષ્ઠ બહેનપણી તમસા નદી પોતાના પહોળા અને ઊંડા પટ સાથે યમુનામાં ભળી જાય છે. જો પક્ષપાત છોડીને કેવળ ગૌરવનો જ વિચાર કરીને નિર્ણય

આપવાનો હોત તો માણુસે એમ જ કહ્યું હોત કે યમુના નદી ટોંસને મળે છે અને તે કારણે આગળના પ્રવાહને તમસાનું જ નામ આપ્યું હોત. પણ યમરાજકન્યા કાલિન્દી નાની નીવડી તોયે શું? એની મહત્તા તો ગંગા આગળ જ શરણ જઈ શકે છે. ટોંસે પોતાનાં જળ સાથે પોતાનું નામ પણ છોડી દીધું અને યમુનાની વૃદ્ધિમાં જ પોતાનું સાર્થક્ય જોયું.

કાલસીની આસપાસના પહાડો ઊંચાઈમાં ઓછા નથી પણ ખાસા પહોળા અને વિશાળ હોવાથી સાધારણ રીતે ભીડને કારણે જે ભીષણતા આવે છે તેમાંથી એ મુક્ત છે. કાલસીની આ ખીણમાં વિહરતા માણસને પહાડ આગળ અપમાનિત થયા જેવું લાગતું નથી. પહાડની ચઢણ જ્યારે બહુ સખત હોય છે ત્યારે ત્યાંનાં ઝાડો પણ બહુ ઠીંગણાં હોય છે. માંડ જીવતાં હોય અને પોતાની બધી શક્તિ વાપરી પોતાનું સ્થાન ટકાવતાં હોય એમ જોઈ તેઓ આપણો દયાયુક્ત આદર મેળવે છે. અહીં એવું નથી. અહીંનાં વૃક્ષો એવાં તો સુસ્થ અને પુષ્ટ છે કે આપણા મનમાં અદેખાઈ જ ઉપજાવે છે.

કાલસીના ડાક બંગલા પાસે આવીને અમે થોભ્યા. અને જમણી બાજુ નાની અમલવાની સાવ નાનકડી નહેર વહે છે એને કાંઠે જઈ પહોંચ્યા. મેં વાંચ્યું હતું કે ચિત્રશિલાની આસપાસ પ્રાચીન વસ્તુસંરક્ષકખાતાએ કંઈક બાંધકામ કર્યું છે. પણ મને કલ્પના ન હતી કે આબુ તરફના રેલવે સ્ટેશન જેવી ગુંબજવાળી ઓરડી અહીં ઊભી કરી હશે. ડાકખાનાના ખાનસામાએ એ ઓરડી અમને ઉઘાડી આપી અને દીર્ઘકાળ સુધી જેની ઝંખના કરી હતી તે શિલા અમે જોઈ. દસ ફૂટ ઊંચી અને એટલી જ પહોળી એ શિલા પ્રથમ દર્શને અમારી સાથે કશું બોલી જ નહિ. અમે એની પ્રદક્ષિણા કરી. દર્શનલોભી આંખોએ શિલાલેખની શોધ કરી પણ કંઈ પત્તો ન ખાધો. મનનો ક્ષોભ જ્યારે સહેજ ઓસરી ગયો અને આંખો ત્યાંના પ્રકાશથી ટેવાઈ ગઈ ત્યારે આપણી જમણી બાજુએ એટલે કે શિલાની ડાબી બાજુએ હાથીની એક આકૃતિ પથરા ઉપર કોતરેલી જોઈ. હાથીના આગળના અને પાછળના પગ વચ્ચે 'ગજતમ' એ ચાર અક્ષરો

કોતરેલા છે. અમારી સાથે આવેલા હરિશ્ચંદ્રે કહ્યું કે માથું ઊલટું કરીને વાંચવા જતાં અંગ્રેજી અક્ષરો Ryav જેવું આ વંચાય છે. ધૌલીમાં શિલાનો એક ભાગ કોતરીને એક હાથીનો આગલો ભાગ મૂર્તિરૂપે બનાવેલો છે. અહીં કેવળ હાથીની એક આખી રૂપરેખા દોરેલી છે. આ આકૃતિ પણ મેં ધારી હતી એવી મોટી ન નીવડી એટલે સહેજ નિરાશા થઈ, પણ તેથી કંઈ મારી ભક્તિ ઓછી થઈ નહિ; કેમ કે આ હાથીની આકૃતિ બૌદ્ધ કલ્પના પ્રમાણે તુષિત સ્વર્ગમાંથી ઊતરી આવેલા ખુદ બુદ્ધ ભગવાનની પ્રતિનિધિ છે. એક ઠેકાણે હાથી નીચે લખેલું છે 'व स्वेतो हस्ती सवा लोक सुखाहरो नाम.' કાલસીની આ ચિત્રશિલા એટલી તો ધોળી છે કે એના ઉપર કોતરેલો હાથી શ્વેત હસ્તી જ કહેવાય. હવે તો અહીં શિલાલેખ પણ જોઈ શક્યા. શિલાની સાફ કરેલી લીસી બાજુ ઉપર લેખ પૂરો ન થયો એટલે જમણી બાજુએ જેમ ફાવે તેમ કોતરીને એ પૂરો કર્યો છે.

અશોકના વખતમાં આ પ્રદેશની જાહોજલાલી કેવી હશે, કેટલા લોકોએ અહીં આવીને અમલવા–યમુનાના સંગમમાં સ્નાન કરીને આ શિલાની પ્રદક્ષિણા કરી હશે અને ગજતમ બુદ્ધ ભગવાનને ચંદન ચઢાવી અશોકનું ધર્મપ્રજ્ઞાપન વાંચ્યું હશે અને એ ધર્મસમ્રાટની પ્રેરણા હૈયામાં ધારણ કરી પશુપક્ષીઓ વિષે પ્રેમથી ઊભરાતા એ લોકો ઘેરઘેર ગયા હશે! ટોંસ અને યમુનાના સંગમ પર જ્યારે જ્યારે મેળો ભરાયો હશે ત્યારે ત્યારે પણ લોકોએ નદીને કાંઠે ગાઉ બે ગાઉ ચાલીને આ શિલાનું દર્શન કર્યું જ હશે.

* * *

પશુહત્યામાં રાચતો શાક્ત–સંપ્રદાય આપણા દેશમાં કેટલો જૂનો છે? જ્યાં જ્યાં ભારે પશુહત્યા થતી હોય ત્યાં ત્યાં અશોકે પહોંચીને લોકોને હુકમ નહિ કાઢ્યો હોય કે આ સ્થાને પશુહત્યા ન થવી જોઈએ! જેટલા લોકોએ આ શિલાલેખોનો અર્થ કર્યો છે તેમનું ધ્યાન 'હિદા' અથવા 'ઇધ' શબ્દ તરફ કેમ નથી ગયું એ સમજવામાં નથી આવતું. हिदा ना किछी जिवे आलभित्तु पजोहितविये नोपि चा समाजे कटविये.—અહીં ન કોઈ પ્રાણી મારીને હોમવામાં આવે અને ન કોઈ સમાજ કરવામાં આવે. સમાજ

એટલે માંસમદિરાનું સેવન કરી મોજમજા કરવાની ઉજાણી. જે જે ઠેકાણે છાકટા શાક્તો માંસમદિરા આરોગી આખી રાત લહેર કરતા હશે અને શ્રીચક્રનું પૂજન કરી અનાચારમાં ડૂબી જતા હશે ત્યાં ત્યાં 'આ ઠેકાણે પશુહત્યા ન કરાય,' 'મોજમજા ન કરાય,' એમ આ સમ્રાટે ફરમાવ્યું હોવું જોઈએ. બંગાળ–ઓરિસ્સા તરફની શાક્તપ્રવૃત્તિ જાણીતી છે. ઓરિસ્સાની જનતાએ ધર્મ-સમ્રાટની આજ્ઞાની કેટલી કદર કરી એનો જવાબ પુરી, ભુવનેશ્વર અને કોણાર્કનાં મંદિર ઉપરની ગંદી મૂર્તિઓ આપશે. એ મૂર્તિઓ જોયા પછી ભારતવર્ષનો અધઃપાત કેમ થયો હશે એનું આશ્ચર્ય કરવાનું કશું કારણ રહેતું નથી.

ખરું જોતાં કાલસીની શિલા ટોંસના સંગમ પર નથી પણ અમલા–યમુનાના સંગમ પર છે. સારો રૂપાળો પથ્થર અહીં જ જડ્યો માટે આ સ્થાન પસંદ કર્યું કે ટોંસ કરતાં અમલાની નિર્મળ શોભા સમ્રાટને વધારે પસંદ પડી તેથી આ સ્થાન પસંદ કર્યું એ કોણ કહી શકશે !

આ યાત્રાના સાથીઓ સાથે અહીં ઘણી વાતો કરી. નદીના પ્રવાહમાંથી અનેક રૂપાળા પથ્થરો વીણ્યા, ચાલુ જમાનાને વફાદાર રહી એક બે ફોટા પણ પડાવ્યા. પણ હું તો આખો વખત અંતર્મુખ જ હતો. સમ્રાટ અશોકની આંખે અને ઉપગુપ્તની શ્રદ્ધાથી અહીંના પ્રાચીન પહાડો જોવા હું ચાહતો હતો. તે વખતના ધર્મપરાયણ યાત્રાળુઓના હૃદયપ્રવાહનું દર્શન આ નદીઓનાં પ્રસન્ન પાણીમાં કરવા મથતો હતો અને અઢી હજાર વરસ વચ્ચે કલ્પનાનો પુલ બાંધી ભૂતકાળને પ્રત્યક્ષ કરવાનો પ્રયત્ન કરતો હતો.

એ પ્રાચીન પ્રેરણા આજે પણ ફરી જાગી છે, એ ઉત્સાહ અને એ શ્રદ્ધા આજે નવું રૂપ ધારણ કરીને નવા પ્રયોગો કરવા મથે છે. એના લેખો કેવી શિલા ઉપર લખાશે? એનું સ્મારક કયાં સાધનથી ભવિષ્યકાળના હાથમાં સોંપાશે ? અને આજથી અઢી હજાર વર્ષ પછી આ જ ઠેકાણે વિચરનારા ભારતીઓ અશોકના યુગની અને આજના યુગની કેવી સરખામણી કરશે ? એ બધું કોણ જાણે ! કોણ કલ્પે !

તા. ૨૯–૧૨–'૩૮

અશોકના શિલાલેખો

અશોકના શિલાલેખો એ હિંદુસ્તાનના ઇતિહાસમાં જ નહિ પણ દુનિયામાં એક અપૂર્વ વસ્તુ છે. રાજા ગમે તેટલો સારો હોય તોપણ રાજહૃદય એના વૈભવ પાછળ અને રુઆબ નીચે દબાઈ જાય છે. રાજાની નાનામાં નાની સૂચના આજ્ઞાનું રૂપ ધારણ કરે છે અને રાજાએ નોંધેલી હકીકત આત્મપ્રશંસાની કોટિમાં જઈ પડે છે. પણ ધર્મસમ્રાટ અશોક પોતાનો વૈભવ સાચવીને પણ પોતાનું કોમળ હૃદય કઠણમાં કઠણ પથ્થર મારફત લગભગ અઢી હજાર વર્ષને અંતરે પણ આપણી આગળ ખુલ્લું કરે છે. કલિંગ દેશ જીત્યા પછીનો તેનો શિલાલેખ પશ્ચાત્તાપની વાણી તરીકે દુનિયાના સાહિત્યમાં અમર થઈ ગયો છે. પોતાના અમલદારોને ઉદ્દેશીને લખેલા શિલાલેખો પિતાતુલ્ય પ્રજાપ્રેમી રાજાના હૃદયના ઉદ્‌ગાર કેવા હોય એ બતાવે છે અને પ્રજાને ધર્મમાર્ગે ચાલવાનો ઉપદેશ કરનાર શિલાલેખો તો મનુષ્યજાતિની સદ્‌બુદ્ધિ ઉપર રાજા કેટલો વિશ્વાસ રાખે છે એના નમૂના છે. અશોકનો એક શિલાલેખ આપણા ગુજરાતમાં ગિરનારની તળેટીમાં છે.

કલિંગના શિલાલેખમાં અશોક કહે છે :

"ગાદીએ બેઠા પછી આઠમે વર્ષે પ્રિયદર્શીએ કલિંગ દેશ જીત્યો. તે પ્રસંગે દોઢ લાખ બંદી થયા, એક લાખ કતલ થયા,

એ ઉપરાંત બીજા પાર વિનાના લોક મરી ગયા. એ બધાનાં સગાંવહાલાં તો હશે જ. તેમને કેટલું દુઃખ થયું હશે એનો વિચાર કરતાં પણ પ્રિયદર્શીને આજે દુઃખ થાય છે. જીતનો અર્થ જ એ છે કે લાખો અને કરોડો લોકોનો સંહાર. આજે તે વખતના હત્યાકાંડનો સોમો કે હજારમો ભાગ પણ ફરી થાય તો પણ પ્રિયદર્શીને ભારે દુઃખ થાય. પ્રિયદર્શી હવે માને છે કે ઐહિક જીત કરતાં ધર્મની જીત શ્રેષ્ઠ છે."

પોતાના અમલદારોને તે લખે છે કે તમારે પ્રજાનું પાલન પિતાની પેઠે કરવું જોઈએ. એટલા જ માટે મેં તમને આટલી સત્તા આપેલી છે. અમલદાર જો પ્રજાભક્ષક થઈ જાય તો પ્રજાનો નાશ થાય. મારી આજ્ઞાઓ દર વરસે નક્કી કરેલા દિવસે જાહેરમાં પ્રજા આગળ વંચાય, જેથી લોકોને પ્રિયદર્શીની આજ્ઞા શી છે એ વિષે શંકા ન રહે. મારા અમલદારો મારી આજ્ઞાનું પાલન કરે છે કે નહિ અને પ્રજા ધર્મને માર્ગે જાય છે કે નહિ એ જોવા માટે મેં નિરીક્ષકો નીમ્યા છે અને હું પોતે પણ ફરવાનો છું. મારાથી જેટલું કામ થાય તેટલું ઓછું. આપણે બિલકુલ આળસ ન કરીએ.

પોતાની રાજ્યવ્યવસ્થા વિષે અશોક જણાવે છે કે પ્રાણીઓની હિંસા બનતા સુધી ઓછી કરી નાંખેલી છે. અમુક અમુક દિવસે તો હિંસા બંધ જ કરવામાં આવી છે. જંગલો બાળી નાખવાની મનાઈ થઈ છે. તહેવારોને દિવસે થતો પશુવધ અટકાવ્યો છે. અપરાધીઓને થતી સજાઓ ઘણી સૌમ્ય કરી છે. માણસ અને પશુને માટે દવાખાનાં બાંધવામાં આવ્યાં છે. વનસ્પતિઓ અને જડીબુટ્ટીઓ દરેક ઠેકાણે મળે એવી ગોઠવણ કરવામાં આવી છે. મોટા મોટા રસ્તા ઉપર કૂવાઓ ખોદવામાં આવ્યા છે અને ઝાડો વવરાવ્યાં છે.

જંગલી લોકોની અશોકે ખાસ કાળજી લીધી હતી, તેમની ઉપર જુલમ ન થાય, તેમને બીક બતાવવામાં ન આવે, તેમને ધર્મોપદેશ મળે, સુધરેલા લોકોના સહવાસથી જંગલી લોકોને ત્રાસ ન છૂટે, ઊલટું તેમનું કલ્યાણ જ થાય એવો બંદોબસ્ત કર્યો હતો.

દિનરાત ગમે ત્યારે લોકો રાજા પાસે અરજી લાવી શકતા. અશોક લખે છે કે હું જમતો હોઉં કે અંતઃપુરમાં હોઉં, પથારીમાં હોઉં, વાહનમાં બેસી જતો હોઉં કે બગીચામાં ફરતો હોઉં, ગમે તે દશામાં દૂતોએ મને પ્રજા સંબંધી કામકાજ વિષે વાકેફ કરવો જોઈએ. અને જો હું મોઢેથી હુકમ દઉં અને તે વિષે કાંઈ ગોટાળો થાય તો તરત જ મને તે બાબતની ખબર પડવી જોઈએ. મારે પ્રજાહિતમાં જ હમેશાં રોકાવું જોઈએ અને પ્રજાના કામમાં ઢીલ ન જ થવી જોઈએ. પ્રજાનું હિત અદા કરવાનું મારું ઋણ છે. લોકો પાપરૂપી સંકટમાં ન પડે એની મારે કાળજી રાખવી જોઈએ.

ન્યાયદાનમાં નિરપરાધી માણસને ભૂલથી પણ સજા ન થવી જોઈએ, કેમ કે તેમાંથી અસંતોષ પેદા થાય છે. ગુનાની બાબતમાં સત્ય શું છે એ શોધી કાઢવું અશક્ય નથી. જો મારા અમલદાર મત્સરી, આળસુ, ક્રૂર, અધીરા અથવા એશઆરામી થશે તો તેઓ સત્યનિર્ણય નહિ કરી શકે, પણ ધીરજ અને ખંત રાખશે તો બરાબર ન્યાય આપી શકશે.

પ્રજાને અશોક જણાવે છે કે માતાપિતાની અને વડીલોની સેવા પ્રત્યે આદર, ભૂતમાત્ર વિષે દયા, સ્વચ્છતા અને પ્રમાણિકપણું એ જ મુખ્ય ધર્મ છે. લોકોએ હમેશાં આત્મનિરીક્ષણ કરવું જોઈએ અને પોતાના દોષ કાઢી નાખવા જોઈએ. સર્વ દાનોમાં જ્ઞાનદાન શ્રેષ્ઠ છે. આપણે કોઈનો દ્વેષ કરવો ન જોઈએ, બધા ધર્મો વિષે સહિષ્ણુતા રાખવી જોઈએ, કેમ કે દરેકને પોતાનો ધર્મ વહાલો હોય છે. બધા ધર્મ વિષે આપણા મનમાં આદર હોવો જોઈએ. બીજાના ધર્મની નિંદા કરવાથી પોતાના જ ધર્મને હાનિ થાય છે.

ઉપર આપેલા શિલાલેખોના સાર ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે હિંદુસ્તાનમાં તે વખતે કેળવણીનો પ્રચાર સારી પેઠે થયેલો હતો, લોકોની નૈતિક સ્થિતિ ઊંચા દરજ્જાની હતી, રાજા ધર્મપરાયણ હતો અને પ્રજામાં ગુના બહુ જ ઓછા થતા હતા.

૧૯૨૩

દેવાનાંપ્રિય પ્રિયદર્શી અશોકવર્ધન

દુનિયાનો ગમે તે દેશ અશોક જેવા રાજાને માટે મગરૂર થાય. અશોકનો વૈભવ એવો હતો કે દુનિયાના ગમે તે બાદશાહને તેની અદેખાઈ આવે. રાજ્ય ચલાવવાની કુશળતામાં તે ગમે તેવા મુત્સદ્દીનો હરીફ થઈ શકે એવો હતો. છતાં અશોકની કીર્તિ એક ધર્મનિષ્ઠ અને દયાવાન મનુષ્યપ્રેમી મહાન વ્યક્તિ તરીકે જ છે. માણસને વિપત્તિમાં જ ધર્મ સૂઝે છે, વૈભવમાં માણસ ક્રૂર અને સ્વાર્થી બની જાય છે, એ સિદ્ધાંત સાર્વત્રિક નથી — એને પણ અપવાદ હોય છે એ અશોકે સિદ્ધ કરી બતાવ્યું.

બિન્દુસાર મરણ પામ્યા પછી તેનો દીકરો અશોકવર્ધન ગાદીએ આવ્યો. પિતાના મરણ પછી ત્રણ વર્ષે તેનો રાજ્યાભિષેક થયો એટલા ઉપરથી કેટલાક એવું અનુમાન કાઢે છે કે સહેલાઈથી તેને રાજગાદી નહિ મળી હોય. ચંદ્રગુપ્તે પોતે નંદવંશની ગાદી પચાવી પાડેલી, તેથી કેટલાક લોકોને તેનું દુઃખ હતું. અમિત્રઘાત બિંદુસારની સત્તાથી દબાયેલો અસંતોષ તેના મરણ પછી ફાટી નીકળ્યો હશે અને તેની સામે લડતાં અશોકને ત્રણ વર્ષ લાગ્યાં હશે, એવું કેટલાકનું અનુમાન છે.

ગાદીએ આવ્યા પછી અશોકે કેટલાંક વર્ષો રાજ્યની વ્યવસ્થા કરવામાં ગાળ્યાં હશે. પિતાની હયાતીમાં અશોકે

તક્ષશિલા અને ઉજ્જયિનીમાં સૂબા અથવા રાજ્યપ્રતિનિધિ તરીકે કામ કરેલું એટલે રાજ્યવહીવટની વિગતોથી તે સારી પેઠે વાકેફ તો હશે જ. ચાણક્યે ઘડી કાઢેલી રાજ્યપદ્ધતિનો અમલ ચલાવતાં અશોકને ઓછો અનુભવ મળ્યો નહિ હોય. તેના રાજ્યનો વિસ્તાર હિંદુકુશથી કામરૂપ (આસામ) સુધી અને કાસ્મીરથી કૃષ્ણા નદી (મહારાષ્ટ્ર) સુધી હતો. ફક્ત પૂર્વ કિનારા ઉપર આવેલો કલિંગ દેશ (મહાનદીની આસપાસનો પ્રદેશ) મગરૂરી સાથે પોતાની સ્વતંત્રતા જાળવી રહ્યો હતો.

અશોક જેવા પરાક્રમી રાજાને કલિંગની સ્વતંત્રતા કાંટાની પેઠે ખૂંચતી હતી. તેણે કલિંગ દેશ ઉપર ચડાઈ કરી. કલિંગ લોકોએ કેસરિયાં કર્યાં. લક્ષાવધિ લોકો માર્યા ગયા અથવા પકડાઈ ગયા. અશોક પોતે આ ચડાઈમાં હાજર હશે અથવા તો શત્રુની નગરીમાં વિજયપ્રવેશ કરવા માટે ત્યાં ગયો હશે. ત્યાં પોતાના વિજય કરતાં પ્રજાના થયેલા સત્યાનાશ તરફ તે સમ્રાટનું લક્ષ અધિક ગયું. તેજાબની પેઠે તે ચિતારે રાજાનું હૃદય દઝાડ્યું. જેમ અર્જુનને થયેલું —

अहो बत महत्पापं कर्तुं व्यवसिता वयम् ।
यद्राज्यसुखलोभेन हन्तुं स्वजनमुद्यताः ॥

તેમ તેને થયું. અશોકે નિશ્ચય કર્યો કે આજથી યુદ્ધને નમસ્કાર. આજથી મૃગયા પણ બંધ. હવે બહાર ફરવા નીકળવું તો તે ધર્મને માટે જ. રાજ્યવૈભવનો ઉપયોગ ધર્મને અર્થે જ. લોકોને રંજાડીને તેમનાં શરીર ઉપર રાજ્ય કરવા કરતાં તેમને રીઝવીને તેમનાં હૃદય ઉપર રાજ્ય કરવું એમાં જ પુરુષાર્થ છે. માણસના સામ્રાજ્ય કરતાં ધર્મનું સામ્રાજ્ય શ્રેષ્ઠ અને કાયમ ટકનારું છે.

અશોકે બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો, ગુરુને શરણ ગયો અને દહાડે દહાડે એ આત્મશુદ્ધિ કરતો ગયો. પ્રથમ ગૃહસ્થાશ્રમી બૌદ્ધ તરીકે તે રહેવા લાગ્યો, પણ પછી તે પણ છોડી દીધું. બૌદ્ધ સાધુની પેઠે તે રહેવા લાગ્યો. મૃગયા છોડી યાત્રાએ જવાનું રાખ્યું. પોતે માંસાહાર ત્યજી દીધો, એટલું જ નહિ પણ પોતાના રાજમહેલમાં થતી હિંસા પણ ક્રમશઃ એણે બંધ કરી.

જેમ ગુજરાતનો રાજા કુમારપાળ હેમાચાર્યને શરણે જઈ તેના આદેશ પ્રમાણે સાધના કરવા લાગ્યો તે જ પ્રમાણે રાજા અશોક તેના વખતના મહાન ધર્માચાર્ય ઉપગુપ્તને શરણ ગયો અને તેને સાથે લઈ ભગવાન બુદ્ધના સંબંધથી પવિત્ર થયેલાં કપિલવસ્તુ, ગયા, રાજગૃહ, ઋષિપત્તન (સારનાથ), કુશીનગર, શ્રાવસ્તી વગેરે સ્થાનોની એણે યાત્રા કરી. બુદ્ધ ભગવાનને નામે ત્યાં ધર્મદાન કર્યાં.

ઉપગુપ્તની દેખરેખ નીચે રાજાએ ધર્મ સંબંધી કેટલાક કઠણ પ્રશ્નોનો નિર્ણય કરવા માટે એક સંગીતિ (પરિષદ) બોલાવી અને તેની મારફત સંઘ શુદ્ધ કર્યો. આ પરિષદને લીધે મતભેદ દૂર થવાને બદલે દૃઢ જ થયા હશે. ફક્ત એક મતને રાજાશ્રય મળવાથી તે વધ્યો હશે એટલું જ.

અશોકે બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવા માટે કાશ્મીર, ગાંધાર, મૈસૂર, કોંકણ, મહારાષ્ટ્ર, હિમાલય, બ્રહ્મદેશ, સિંહલદ્વીપ અને યવનદેશ સુધી મહાન ધર્મોપદેશકો મોકલી દીધા હતા. પોતાના દેશમાં જ્યાં જ્યાં બની શક્યું ત્યાં મોટી મોટી શિલાઓ ઉપર વખતોવખત ધર્મ સંબંધી પોતાની આજ્ઞાઓ એણે કોતરી કઢાવી. એલચીઓને પરદેશ મોકલી ત્યાંના લોકોને અને રાજ્યકર્તાઓને પોતાના તરફથી અભય અને મૈત્રી અર્પણ કર્યાં. સરહદ ઉપરની જંગલી કોમો તરફ ખાસ દયાવૃત્તિ રાખવાને પોતાના અમલદારોને હુકમ કર્યો. લોકો ધર્મ પ્રમાણે ચાલે છે કે નહિ તે જોવા માટે એણે ધર્મમહામાત્રો નીમી દીધા. દક્ષિણ તરફ સિંહલદ્વીપ તો તેણે પોતાના પ્રિય પુત્ર યુવરાજ મહેન્દ્ર અને કન્યા સંઘમિત્રાને દીક્ષા દઈ મોકલી દીધાં. દેશમાં લોકોની સુખાકારી માટે ધર્મશાળાઓ, રસ્તાઓ અને કૂવાઓ બાંધ્યા. મૂંગાં પ્રાણીઓને માટે રુગ્ણાલયો (દવાખાનાં) ખોલ્યાં. અને સર્વત્ર ધર્મનું રાજ્ય સ્થાપન કરવાના પ્રયત્નો આદર્યા.

દંતકથા કહે છે કે આ રીતે ધર્મકાર્ય કરતે કરતે અશોકનો ઉત્સાહ ઘટવાને બદલે વધતો જ ગયો. સર્વસ્વ દાન કરી દેવાની તેની ઇચ્છા થઈ. પણ તેના અમલદારોએ આને રાજાના ઘડપણનું

ગાંડપણુ સમજી તે ઇચ્છા અમલમાં ન મૂકી. આખરે વિરક્ત થઈ રાજપાટ છોડી દઈ તે વનમાં ચાલ્યો ગયો.

રાજાને ચારુવાકી નામની એક રાણી હતી. તે ધર્મનિષ્ઠ અને દાતાર હતી. બીજી રાણી તિષ્યરક્ષિતા કૈકેયી કરતાં પણ ભૂંડી હતી. એણે અશોકના એક પુત્ર કુણાલની આંખો ફોડાવી નાંખી હતી, એવી દંતકથા છે, પણ તેને ઐતિહાસિક આધાર મળતો નથી.

અશોકનો પૌત્ર દશરથ શિલાલેખોમાં પ્રખ્યાત છે. નાગાર્જુન નામની ટેકરી ઉપર તેનો એક શિલાલેખ મળી આવે છે.

અશોકે બાૈદ્ધ ઉપદેશકોને પશ્ચિમ તરફ મોકલેલા હતા તેની અસર ત્યાંના સમાજ ઉપર થઈ હશે અને તેને પરિણામે પાપીઓને પણ ક્ષમા કરવા કહેનાર, દુર્જનોનો પણ પ્રતિકાર ન કરવા ઉપદેશનાર ખ્રિસ્તી ધર્મ ઉદય પામ્યો હશે એવું અનુમાન કેટલાક લોકો કાઢે છે, તે અસંભવિત નથી લાગતું. બુદ્ધ ભગવાન આખી દુનિયા માટે કહી ગયા હતા :

> नहि वेरेण वेराणि संमन्तीव कुदाचन ।
> अवेरेण च संमन्ती एस धम्मो समंतनो ॥

૧૯૨૩

આસામયાત્રા

[એક પત્ર]

હિંદુસ્તાનના ઈશાન કોણમાં ભારતવાસીઓથી જ્યાં સુધી જઈ શકાય ત્યાં સુધી જઈ આવ્યો. દિબ્રુગડ, તિનસુખિયા, ડિગબોઈ ત્યાં સુધી ગયો હતો. આગળ તિબેટ, ચીન, બ્રહ્મદેશ વગેરે દેશોની સીમા અડકે છે. દિબ્રુગડ પાસે બ્રહ્મપુત્રનો દેખાવ જોઈને હું તો છક થયો. નદીના પટનો ઓછામાં ઓછો વિસ્તાર હોઈ હોઈને પણ કેટલો હોવો જોઈએ ? અહીં પટનો વિસ્તાર ઓછામાં ઓછો સાત માઈલનો છે. હિમાલયનાં પાણી દક્ષિણના હિંદુસ્તાનને મળે અને ઉત્તર તરફનાં ટિબેટને મળે એ ન્યાય્ય 'Award' ચુકાદો બન્યો હોત, પરંતુ કુદરતે સારાય હિમાલયને હિંદુસ્તાન માટે જ અનામત રાખ્યો હોવાથી ઉત્તર તરફનાં પાણી સુધ્ધાં હિંદુસ્તાનને મળે એવી વ્યવસ્થા કરવામાં આવી. માનસરોવર અને રાક્સતાલ આ બે સરોવરોમાંથી ત્રણ નદીઓનું ઉદ્દ્ગમ છે અને હિમાલયના ઉત્તર તરફના પાણીનું એકેએક ટીપું તે કાળજીપૂર્વક દક્ષિણ તરફ લઈ આવે છે. આ પૈકી સતલજ તો જાણે રામબાણ જેવી. એણે હિમાલયને વીંધીને મેળવી શકાય એટલું પાણી, આ બાજુ આણવાનો ક્રમ ચાલુ રાખ્યો છે. સિંધુ અને બ્રહ્મપુત્રા આ નદીઓ વધુ જવાબદાર છે. એકે પૂર્વ તરફ અને બીજીએ પશ્ચિમ તરફ રહેવાનું ઠરાવ્યું અને હિમાલયનું ઉત્તર તરફનું સઘળું પાણી ખેંચી લઈ દક્ષિણ તરફ આણ્યું છે.

બ્રહ્મપુત્રાનેય તે કેટલાં નામ છે. સાનપો, લિહાંગ, લોહિત વગેરે નામ તો તેની બાલ્યાવસ્થાનાં છે. મોટી થતાં એણે ધારણ કરેલું નામ છે બ્રહ્મપુત્રા. પણ ગંગાને મળવાની જ્યારે ઘડી આવે છે ત્યારે બિચારીને નામ બદલી યમુના કહેવડાવવું પડ્યું. તુલસીદાસે જે પ્રમાણે વૃંદાવનમાં જઈ કહ્યું કે 'કૃષ્ણ, તું રામ થઈશ ત્યારે જ હું તને પ્રણામ કરીશ' એ જ પ્રમાણે ગંગાએ પણ કહ્યું હશે, 'અરે મસ્તાન, જો તું મારી સખી યમુના બનશે તો જ તારાથી મારામાં એકાકાર થઈ શકાશે.' અને બિચારો બ્રહ્મપુત્ર કરે પણ શું? નારદની નારદી થઈ એ પ્રમાણે બ્રહ્મપુત્ર નદ યમુના નદી થઈ. (ગંગા સાથે સંગમ થાય છે ત્યાં બ્રહ્મપુત્રાને 'જમના' એ નામ મળ્યું છે.) આગળ વહેતાં ઉભયે પોતાનું નામ બદલી પદ્માનો પ્રવાહ વહાવ્યો. પરંતુ છેવટે સાગરને ભેટવા જતી વેળા એ નામ પણ બદલી તેમને 'મેઘના'એ નામ ધારણ કરવું પડ્યું! What is there in a name!

આસામમાં હાથીઓ છે. ગેંડા પણ છે. ચાના બગીચાઓ છે. સોપારીની વાડીઓ છે. અને બકરાંનાં બલિદાન આપવા માટે કામાક્ષીનું મંદિર પણ છે. અસમિયા સંગીત અને નૃત્ય છે. હિંદુસ્તાનની અન્ય ભાષાઓમાં ઝાઝાં ન મળે એવાં પ્રાકૃતિક સૌંદર્યનું વર્ણન કરનારાં કાવ્યો છે. માનવીને તેના બચપણની યાદ કાયમ રાખવા માટે પહાડી જાતિ છે. લોકોમાં કંકાસ છે એ બીનામાંથી ફાયદો ઉઠાવનારા અંગ્રેજ લોકો પણ ત્યાં છે. ડિગબોઈમાં ઘાસલેટની ખાણો છે અને ત્યાં કામ કરવાને જુદા જુદા પ્રાંતોમાંથી ભેગાં થયેલાં અઠ્ઠાવીસ હજાર મજૂરો પણ છે. નરકાસુર અને બાણાસુર, ઉષા અને સત્યભામા, ચિત્રાંગદા અને જમતિ વગેરેના કામરૂપ કિંવા આસામ પ્રદેશ પરત્વે લખવાને બેસું તો ખાસ્સું એક પુરાણ રચવું પડે. સાત દિવસમાં અમારો આસામનો પ્રવાસ પૂરો થયો.

શિલોંગ એ પહાડી શહેર આસામનું પાટનગર છે. અહીંથી ચાલીસ માઈલ પર પ્રખ્યાત ચેરાપૂંજી આવેલું છે. દુનિયાભરમાં સૌથી વધારે વરસાદ પડતો હોય તો તે આ સ્થાને. એક બાજુએ જેકોબાબાદ, જ્યાં સમૂળગો વરસાદ જ પડતો નથી; અને બીજી

બાજુએ ચેરાપૂંજી, જ્યાં આકાશ મુશળધારાએ રડે છે. આ બેઉ સ્થાનો વચ્ચે આપણો દેશ પ્રસરેલો છે.

આસામનું ખરું રાજનગર બ્રહ્મપુત્રાને કાંઠે વસેલું અને કામાક્ષીના મંદિરથી વિખ્યાત થયેલું ગૌહત્તી શહેર જ છે. સાહિત્યિક કેન્દ્ર કહેતાં ગૌહત્તીની સમાન કક્ષાનું જોરહાટને માનવામાં આવે છે. જોરહાટમાં અમે આસામી નૃત્ય અને ગીતનો આસ્વાદ લીધો. નૃત્યમાં ભાવપ્રવણતા અને લાવણ્ય અસાધારણ હતું. 'ડફલા' ટેકરીઓ અને લોહિતકુમાર બ્રહ્મપુત્રા એને ઉદ્દેશીને રજૂ કરવામાં આવેલું નૃત્ય જોઈ ચિત્તવૃત્તિ નિસર્ગ સાથે તદાકાર થઈ ગઈ.

અહીંના લોકો ભાત અને મચ્છી ખાય છે. ચા પીએ એમાં આશ્ચર્ય શું? પ્રત્યેક કન્યાને વણતાં તો ઉત્તમ આવડે છે. પ્રત્યેક ઘરમાં એક હાથસાળ હોય છે જ. સાસુ, વહુ, નણંદ, જમાઈ બધાં જ સાળ પર બેસે છે. જે કન્યાને વણતાં ન આવડતું હોય તેનાં લગ્ન થવાં સુતરાં નથી હોતાં.

સમુદ્રથી દૂર રહેલા પ્રદેશમાં પૂર્વે મીઠું મળવું દુર્લભ હતું અને આહારમાં જો લાવણ્ય ન હોય તો તંદુરસ્તી સારી કઈ રીતે રહી શકે? કુદરત ગમે એટલી ક્રોધે ભરાય પણ મનુષ્યની ચાણાક્ષ-બુદ્ધિ જ્યાં સુધી સ્થિર છે ત્યાં સુધી તેને ચિંતા કેવી? લોકો તળાવ-માંથી પણ કેટલીક વનસ્પતિ આણી તેને સૂકવે છે. પછી તેને બાળીને ખાખ કરે છે. આ રાખને પાણીમાં મેળવી ઓટાવી તેમાંથી એક ક્ષાર તૈયાર કરે છે. આ ક્ષારમાં સોડા (પાપડખાર), પોટાશ વગેરે કેટલાંય તત્ત્વો પુષ્કળ પ્રમાણમાં હોય છે. રસોઈમાં આ ક્ષાર વાપરવામાં આવતાં એથી આવતી મીઠાશ પહેલે દિવસે તો આપણને પસંદ નહિ આવે, પરંતુ એક વખત એને માફકસર બનાવતાં આવડી ગયું કે તે પછી તે મીઠાશનો તો ચટકો જ લાગે છે.

એપ્રિલ, ૧૯૩૮

શ્રીનગરને રસ્તે

કુદરત હો કે પરમાત્મા, એમની પાસે કંજૂસાઈ નથી. જ્યાં દસ માગીએ છીએ ત્યાં તેઓ આપણને સો આપે છે. હું બદરીનારાયણની યાત્રા કરવાનો સંકલ્પ કરી નીકળેલો, તેમાં ગંગોત્રી અને જમ્નોત્રી ઉમેરાયાં.

જમ્નોત્રીથી અમે પાછા આવતા હતા. ચાર વાગ્યે એક ગામડામાં એક સુંદર ઝરણું અને આતિથ્યશીલ ઝાડ જોઈને ત્યાં જ મુકામ કરવાનું અમે નક્કી કર્યું. ઝરણાને કાંઠે બેસી તેના તાલમાં સાંજની પ્રાર્થના કરી, રાંધીને ખાધું અને પાસેના જ એક પર્ણમંડપમાં રાત્રે સૂઈ ગયા. ત્યાં બે સાધુઓનો મેળાપ થયો. એક જણ વૃદ્ધાસન વાળી બેઠો હતો અને બીજો પોતાની પાવડી ઉપર આધાર રાખી બેઠો હતો. સાધુઓ મળે ત્યારે યાત્રા સિવાય બીજી શાની વાત કરે? મેં મારી કરેલી યાત્રાઓ કહી. તેમણે પોતાની ગણાવી, અને વૃદ્ધાસનવાળાએ કહ્યું : 'બેટા, અમરનાથ હો આયે હો!' મેં કહ્યું : 'ના જી.' પછી એ સાધુએ કાશ્મીરમાં બરફના પહાડમાં અમરનાથ કેટલું દૂર છે, ત્યાંની એક ગુફાના ખૂણામાં બરફનું જ એક સ્વયંભૂ લિંગ કેવી રીતે બને છે એનું વર્ણન કર્યું. અમાસને દિવસે લિંગ ઓગળી જાય છે અને પૂર્ણિમાને દિવસે ખૂબ મોટું થઈ જાય છે. ભગવાનકી લીલાકા પાર કિસને જાના હૈ? મેં કહ્યું : 'સત્ બચન.'

ત્યાર પછી સાધુએ કેટલીયે વાતો કરી, પણ મારું મન એ શિવલિંગનું માનસિક દર્શન કરવામાં જ ગિરફતાર થયું. ઉત્તરાખંડની યાત્રા પૂરી કરી અને તરત જ હું કાશ્મીર જવા નીકળ્યો. વચમાં લાહોરમાં કેટલાક વિદ્યાર્થીઓના આગ્રહથી એક દિવસ રોકાયો હતો. વિદ્યાર્થીઓ મેડિકલ કૉલેજના હોઈ બૂટસૂટ કૉલરથી વિભૂષિત હતા. અને હું એક ધોતિયું અને ખેસ એટલાનો જ આશ્રય કરી ફરતો હતો. એમણે મને પૂછ્યું: 'તમે સંસ્કારી કપડાં કેમ નથી પહેરતા?' હસતાં હસતાં મેં જવાબ આપ્યો: "દરજીની કૃપા વડે સંસ્કારી બનવાની મારી ઇચ્છા નથી. આજે દુનિયામાં જંગલી લોકોને સંસ્કારી કરવાનું કામ દરજીઓના હાથમાં છે. 'ટેલર મેડ સિવિલિઝેશન'ના તાપથી હું કંટાળ્યો છું." જ્યેષ્ઠ આષાઢના દિવસો હતા, છતાં લાહોરનો ઉનાળો અસહ્ય લાગતો; અને આ લોકો શર્ટ, જૅકેટ તથા કોટ પહેરીને અને પગમાં સૉક્સ તથા બૂટ પહેરીને ફરતા હતા!

રાવલપિંડીમાં અમે ટ્રેનની રજા લીધી અને શહેરમાં પ્રવેશ કર્યો. ત્યાં સાંભળ્યું કે શહેર બહાર તપોવન નામનો એક સુંદર બગીચો છે. ત્યાં સાધુઓ રહે છે. તપોવનનું નામ સાંભળી ત્યાં જવાને મન લલચાયું. ત્યાં દસવીસ સાધુઓ રહેતા હતા. દરવાજા પાસે જ લાંબી દાઢી અને મોટી શિખાવાળો એક શીખ એક મોટી શિલા પાસે બેસી ભાંગ ઘૂંટતો હતો. અમારો સામાન ધર્મશાળામાં રાખી અમે કૂવા પર નાહવા ગયા. કૂવાનું થાળું ખૂબ ઊંચું હતું અને થાળાની સાથે એવી કૂંડીની ગોઠવણ કરી હતી કે એની ખાળમાંથી નાહનારના માથા ઉપર પાણીની અર્ધચન્દ્રાકાર ધારા પડતી. હું નાહી રહ્યો હોઈશ એટલામાં પેલો સાધુ એક ગ્લાસ ભરી મારે માટે ઠંડાઈ લઈ આવ્યો. 'બ્હોત અચ્છી હૈ. મીઠી હૈ. લીજિયે ભગવન્.' કરીને એ મને ઠંડાઈનો આગ્રહ કરવા લાગ્યો. એનું મોટું ફુંદાળું પેટ, તેના ઉપર શોભતી દાઢી, હાથમાં ઠંડાઈનો ગ્લાસ અને માથાના કેશમાં ખોસેલી કાંસકી એવી એ મૂર્તિ હજી મારા ધ્યાનમાં છે. મેં નમ્રતાપૂર્વક કહ્યું: 'મુઝે માફ કીજિયે. મૈં ભાંગ કો છૂતા નહિ હૂં. ઔર

ચીની ભી ખાતા નહિ . . . હૂં'. બિચારો સાધુ આટલી મહેનત ઉઠાવી બદામ, એલાયચી, ધાણા અને ખાંડ નાંખી બનાવેલી ભાંગવાળી ઠંડાઈથી મારું આદરાતિથ્ય કરવા આવેલો. હું ના પાડીશ એવી એની કલ્પના પણ નહોતી. હાથમાં મીઠી ઠંડાઈ હોવા છતાં બિચારાની મુખમુદ્રા ખાટી થઈ. આખરે એને ત્યાં જમવાની હા પાડી મેં એને સંતોષ આપ્યો અને મારું નિત્યકર્મ પૂરું કર્યું. એ વચન પણ હું ન પાળી શક્યો. ભગત ઈશ્વરદાસ કરીને એક વકીલ ત્યાં આવ્યા હતા એમની સાથે રાષ્ટ્રીય શિક્ષણની ચર્ચા કરવા એમને ઘેર હું ગયો અને ત્યાં જ જમ્યો. બીજે દિવસે અમારી યાત્રા ખરી રીતે શરૂ થઈ. બધો સામાન મેં પીઠ ઉપર બાંધી લીધો અને રસ્તો પૂછતાં પૂછતાં અમે આગળ ચાલ્યા.

આ પ્રદેશમાં શીખ લોકોની વસ્તી ખૂબ છે. શીખ લોકોમાં સાધુઓ માટે વિશેષ આદર દેખાય છે. બપોરે અમે શીખ ધર્મ-શાળામાં જઈ પહોંચ્યા. ધર્મશાળા એટલે ગ્રંથસાહેબની પૂજાનું મંદિર. મંદિરમાં રેશમનાં કપડાંથી ઢાંકેલા મોટા ગ્રંથસાહેબ હોય છે. એના પર માટી ન પડે એટલા માટે છત પાસે રેશમનો જ મોટો ચંદરવો તાણેલો હોય છે. મોટા ચંમર વતી એ ગ્રંથ સાફ રાખવામાં આવે છે. કોઈ ભક્ત આવે એટલે દક્ષિણા આપે અને ગ્રંથી—ગ્રંથ સાહેબની સારવાર રાખનાર ગોર કહીએ તો ચાલે —ગ્રંથસાહેબમાંથી જે કેટલાક શબ્દો વાંચી બતાવે તે આદરથી સાંભળે. આપણાં મંદિરોમાં દક્ષિણાના બદલામાં ચરણામૃત ચાખવા મળે છે; શીખ મંદિરમાં ભક્તિથી ભરેલાં બે ચાર વચનામૃત સાંભળવા મળે છે; અને પૂજાને વખતે જાઓ તો 'કણા સાહેબ' પણ મળે. 'કણા સાહેબ' એટલે પ્રસાદનો શીરો. એક ધર્મશાળામાં અમે ગયા એટલે ગ્રંથીનો દીકરો દોડતો દોડતો લોટો ભરી ગરમ પાણી લઈ આવ્યો ને મારા પગ ધોવા લાગ્યો. મેં કેટલીયે ના પાડી, પણ તેણે પોતાની જ હઠ ખરી કરી. ધર્મશાળામાંથી જ મને રોટી મળત, પણ મારી સાથે બુવા હતા તે તો ચુસ્ત દક્ષિણી બ્રાહ્મણ. તેઓ પંજાબી રોટી ન જ ખાય. એટલે ગ્રંથી સાહેબ બુવા સાથે પાંચ દુકાને ભીખ માગવા તૈયાર

થયા. આ પ્રદેશમાં આ એક વિશેષ રિવાજ છે. ધર્મશાળામાં સાધુ આવીને રહે એટલે ભિક્ષાને માટે ક્યાં જવું તે આ ગ્રંથીઓ સાથે આવીને બતાવે. ગામડાંના બધા ગૃહસ્થો ઉપર એકસરખો જ ભાર પડે એવી રીતે ગ્રંથી આ બધું સાચવી શકે છે; અને સાધુઓ પણ આંટાફેરા ખાઈ રખડવાની તકલીફમાંથી બચી જાય છે. વીસ પચીસ માઈલ ચાલી આવેલા સાધુઓ માટે આ કંઈ ઓછી રાહત નથી.

બીજે દિવસે અમે કુમરી અથવા મરી નામના એક સુંદર રમણીય એવા પહાડી શહેરમાં આવી પહોંચ્યા. મરી એ યુરોપિયન શહેર છે. રસ્તાઓ ઊંચાનીચા ને વાંકાચૂકા હોવાથી દરેક રસ્તાનું દૃશ્ય સ્વતંત્ર કાવ્યમય હોય છે. આસપાસની ટેકરીઓ ઉપર ચીડ અને દેવદારનાં વૃક્ષ, આકાશમાં આમતેમ દોડતાં રંગબેરંગી વાદળાંઓ, અને એમને પકડવા લાંબે સુધી પહોંચનારાં સૂર્યકિરણો, એ જ આ સ્થાનની વિશેષતા છે.

મરીમાં મેં એક સુંદર સગવડ જોઈ. ગાડારસ્તો શહેર પાસે આવે ત્યાં કાચની ફ્રેમમાં બેસાડેલો મરીનો નકશો હતો. આ નકશામાં મરીના રસ્તાઓ, મોટા મોટા બંગલાઓ, અને સાર્વજનિક સ્થાનો — જેવાં કે ડાકઘર, તારઘર, સફાખાના (દવાખાનું) — બધાં બતાવેલાં હોય છે. દરેક બંગલાનું સ્વતંત્ર નામ હોવાથી માણસની તથા પોસ્ટની સગવડ સારી રીતે સચવાય છે. મારે 'કાશ્મીર હાઉસ' માં જવું હતું. નકશામાં રસ્તો જોઈ લીધો અને બરાબર એ બંગલો શોધી કાઢ્યો. સૂર્યાસ્ત વખતે ખાસ જોવાનાં પૉઈન્ટસ પણ હું ફરી આવ્યો. રાત્રે મારા યજમાને શીખ લોકોના નિત્યપાઠના પુસ્તક 'સુખમની'માંથી સરસ સરસ ભાગ વાંચી સંભળાવ્યા. બદલામાં મેં એમને તુકારામના અભંગ ગાઈ બતાવ્યા. બન્નેએ આનંદ કર્યો. રાત્રે ભોજનમાં પાંચ દસ પ્રકારનાં અથાણાં પીરસેલાં જોઈ હું તો મૂંઝાયો. પંજાબી લોકો લગભગ દરેક શાક અને ફળનું અથાણું બનાવે છે — રીંગણાં; મૂળા, અંજીર, સફરજન, ખારેક, ગાજર દરેક વસ્તુનું.

બીજે દહાડે અમે પહાડ ઊતરવા લાગ્યા. રસ્તામાં લશ્કરી લોકોના તંબૂની હારો હતી. તે વટાવી આગળ ચાલ્યા અને

કોહાળાપુલ આગળ આવી પહોંચ્યા. આ પુલ ઓળંગ્યા પછી જ આપણે કાશ્મીરની યાત્રા કરીએ છીએ એમ લાગે છે. એક તરફ ઊંચો પહાડ, બીજી બાજુ ઊંડી ખીણ, અને ખીણમાં ઘૂઘવતી નદી. કેટલેક ઠેકાણે નદીના પડખેના મોટા પથ્થર તોડી રસ્તો આગળ કાઢવામાં આવેલો હોય છે.

તે દિવસે બપોરે મારા ઉપર એક ભારે પ્રસંગ આવી પડ્યો. બેએક વાગવા આવ્યા હશે. તરસ ખૂબ લાગેલી. આસપાસ ક્યાંય પાણી જણાતું ન હતું, એટલામાં એક ખીણમાંથી ઠંડો પવન આવ્યો. મને થયું કે ત્યાં જરૂર જલાશય હશે. એ દિશામાં હું ચાલ્યો. બુવાને તરસ ન લાગેલી એટલે તેઓ રસ્તા પર જ રોકાયેલા, રસ્તો છોડી હું જંગલમાં પેઠો ત્યાં પહાડમાંથી ઝરતું એક સુંદર ઝરણું મેં જોયું. પાસે પથ્થરોની એક વાડ હતી અને તેના ઉપર એક શિલાની તકતી રાખેલી હતી. ઝરણાની આસપાસ ગંદકી ન થાય એટલા માટે મેં એ શિલાને ખૂણે બેસી પેશાબ કર્યો. એટલામાં એક પહાડ જેવો જુવાન મુસલમાન ત્યાં આવ્યો. એના હાથમાં પરશુરામ જેવી કુહાડી હતી. મને જોઈ તે ખૂબ ગુસ્સે થયો, અને ક્રોધે ભરાઈ બોલ્યો કે 'અમારી નમાજ પડવાની જગ્યા પર પેશાબ કરવા બેઠો? તને શરમ નથી આવતી? તમારી ધર્મશાળામાં (એટલે શીખ મંદિરોમાં. એણે મને શીખ સાધુ ધારેલો.) અમે પેશાબ કરીએ તો તમે સહન કરશો?' એ ક્રુદ્ધ માણસને શાંત કરવા જેટલી હિંદી ભાષા મને નહોતી આવડતી. આવા નિર્જન જંગલમાં ધાર્મિક ઝનૂનવાળા એક મુસલમાન સાથે પ્રસંગ આવી પડ્યો. મનમાં બીક તો લાગી, પણ બીજી જ ક્ષણે વિચાર આવ્યો કે જે સાધુવેશે ફરે છે તેને બીક શોભે નહિ. તેની ઉગામેલી કુહાડી જોઈને હું ધીમેથી એની આગળ જઈને ઊભો રહ્યો. મારી શાંતવૃત્તિ જોઈ એને અચંબો થયો. તેણે ધાર્યું હશે કે હું કાં તો નાસી જઈશ કે સામો લડવા તૈયાર થઈશ. નાસી જવાનું મને મન થાત તો પણ જંગલમાં ક્યાં જાત? પાછા જવાના રસ્તા પર તો એ ભાઈ પોતે જ ઊભા હતા! એમાંથી મેં કાંઈ ન કર્યું એટલે એ વિસ્મિત થયો. એણે ઉગામેલો હાથ નીચે નમાવ્યો, છતાં ક્રોધથી કહ્યું: 'હવે તને અહીંથી હું

જીવતો ન જવા દઉં'. મેં કહ્યું : 'તેથી તને શો લાભ થશે? એક સાધુ દુનિયામાંથી ઓછો થશે! હું કંઈ તમારા દેશનો નથી. મેં જાણીબૂઝીને કંઈ આ સ્થાનનું અપમાન નથી કર્યું. નમાજ પઢવાનું સ્થાન હોય તો ભલા માણસ, આની આસપાસ તમારે વાડ કરવી જોઈએ.' મારું કહેવું એ કેટલું સમજ્યો તે એનો ખુદા જાણે. પણ એ કંઈક શાંત થયો. એણે કહ્યું : 'ઠીક થયું કે મેં જ તને જોયો. બીજો હોત તો મારી જ નાખત. હવે ભાગ અહીંથી.' મેં કહ્યું : 'એમ તો ન જાઉં; મને બરતન આપ, તો પાણી લાવી આ પથ્થર ધોઈ નાંખું.' મારી આ ધર્મનિષ્ઠા જોઈ પેલો માણસ સાવ મોળો પડી ગયો. એણે મને એક આટલું આપ્યું. મેં બતાવાય તેટલી શ્રદ્ધા બતાવી ઝરણાના પાણીથી શિલા ધોઈ કાઢી, અને આ નિખાલસ મુસલમાનનું કૌતુક કરતો ત્યાંથી હું નીકળ્યો. આ માણસ આટલો ગુસ્સે થયો હતો, તો પણ એણે ગાળ ન કાઢી, અથવા કાઢી હોય તો હું સમજી ન શક્યો. પણ હું માનું છું કે એણે ગાળ કાઢી જ નહોતી. ખેર. પાણી પીધું અને હું બુવાને જઈ મળ્યો; અને વિતસ્થા (જેલમ) નદીનું જળમંથન સાંભળતો સાંભળતો આગળ ચાલ્યો.

બીજે દિવસે ખૂબ વરસાદ પડ્યો. તે દિવસે મારા જીવનમાંનો એક અપૂર્વ અનુભવ મેં કર્યો. ગાડીરસ્તો ગોળ ગોળ જતો હોવાથી વચલી પગદંડી લેવાનું અમને મન થયું. વચલે રસ્તે મોટો ફેરો બચી જાય તેમ હતું. બુવા અને હું વાતો કરતા ચાલતા હતા. આદર્શ વીશી કેવી હોય એ વિષય ઉપર ચર્ચા ચાલતી હતી. હું કહું, માણસ જેટલું ખાય તેટલા પૂરતા જ પૈસા આપે એ 'પ્લેટ સિસ્ટમ' મને પસંદ છે. બુવા કહે, આમાં તમારો ઝેરી વ્યક્તિવાદ ભરેલો છે. વીશીમાં એકસરખું રાંધેલું હોય, અને જે ત્રણ આના આપે તેને પેટ ભરીને ખાવાનું મળે એ પદ્ધતિ જ ઠીક છે. આ પદ્ધતિથી ગરીબ લોકોને અન્ન સાદું મળે છે, પણ પેટ પૂરતું મળે છે. તમારા જેવા ઓછું ખાનારા લોકોને ત્રણ આના વસૂલ કરાવતાં મુશ્કેલી પડે ખરી. પણ એમાં જ સામાજિક કલ્યાણ રહેલું છે. તમારી 'પ્લેટ સિસ્ટમ' દાખલ કરવા જઈએ તો ઘણા લોકોને અર્ધે પેટે રહેવું પડે. હું મારા વ્યક્તિવાદનો

બચાવ કરવા જતો હતો, એટલામાં મારા પગ તળેની માટી ખસી ગઈ અને હું લથડીને ઘણા પથ્થરો સાથે અથડાતો અથડાતો ટેકરી પરથી નીચે આવી પડ્યો! વચમાં કાંટાળાં ઝાંખરાં ખૂબ હતાં. મારા બે હાથમાં બે છત્રીઓ હતી તેનો આધાર લેવાનો મેં પ્રયત્ન કર્યો, પણ વ્યર્થ. ઊભી ટેકરીની એક આખી કોરાણ તૂટી પડી હતી. આવા 'લૅન્ડસ્લિપ્સ' આ પ્રદેશમાં ઘણા થાય છે. અહીંની ટેકરીઓ ખડકની નથી હોતી, પણ માટી અને મોટા ગોળ પથ્થરોની બનેલી હોય છે. વરસાદ પડે એટલે માટી પોચી પડી જાય અને એ અંદરના પથ્થરનો ભાર ન ઝીલી શકે એટલે 'લૅન્ડસ્લિપ્' થાય. ઘણા લોકો આવા 'લૅન્ડસ્લિપ્' તળે દબાઈ મરી જાય છે. કેટલીક વાર ગાડીઓ અને મોટરો પણ એના ઝપાટામાં આવી ચગદાઈ જાય છે.

હું ટેકરીને મથાળે હતો તેથી જ દબાઈ કે મરી ગયો નહિ એ સ્પષ્ટ છે. બુવા તો મને પડતો જોઈ આભા જેવા જ બની ગયા હતા. એમને કશું જ સૂઝયું નહિ. મને આમ લગભગ પોણોસો ફૂટ નીચે પડતો જોઈ શું કરવું એનો તે ખ્યાલ કરે તે પહેલાં તો હું છેક તળિયે પહોંચી ગયેલો! ઝાંખરાના કાંટાના ઉઝરડા તો શરીર પર બધે દેખાતા હતા. પણ મને બહુ વાગ્યું નહિ. રસ્તા પર પથ્થર અને માટીના ઢગલામાં જ્યારે તેમણે મને ઊભો થયેલો જોયો ત્યારે તેમના જીવમાં જીવ આવ્યો; અને પછી તેઓ રોવા લાગ્યા! છેવટે મારે જ એમનું સાન્ત્વન કરવું પડ્યું! વીશી વીશીને ઠેકાણે રહી, ને બાકીનો આખો દિવસ કંઈ પણ વાતચીત કર્યા વિના આખે રસ્ત અમે મૂંગા મૂંગા જ આગળ ચાલ્યે રાખ્યું.

'લૅન્ડસ્લિપ્'નો બીજો એક પ્રસંગ અહીં જ કહી દઉં એ ઠીક. એ કાશ્મીરના જ રસ્તા ઉપર એક દહાડો અમે ચાલતા હતા. વરસાદ ઝરમર ઝરમર પડતો હતો. એટલામાં જમણી બાજુ ઉપરથી 'ફડ ફડ ફડ' અવાજ સંભળાયો. જૂના અનુભવ ઉપરથી મેં જાણ્યું કે 'લૅન્ડસ્લિપ્' થાય છે. અમે રસ્તા પર હતા. આગળ દોડવું એ સલાહભર્યું છે કે પાછા નાસવામાં સલામતી છે એનો નિર્ણય કરવો મુશ્કેલ હતો, એટલે અમે બંને જ્યાં હતા ત્યાં જ ઊભા રહ્યા! ઊભા રહેવાનો અમે નિશ્ચય જેવો કર્યો ન હતો,

પણ પગ જ ત્યાં થંભી ગયા. એટલામાં ઉપરથી માટલા માટલા જેવડા બે મોટા પથ્થર કૂદતા કૂદતા આવી રસ્તા પર પડ્યા. એક મારી પાછળ પડ્યો, અને એક આગળ! સહેજ પણ ડહાપણ વાપરવા જાત તો બેમાંથી એક પથ્થરનું નિશાન બનવાનું મારા નસીબમાં આવી પડત. પણ અમારા નસીબની લીટી એ પથ્થરોની લીટીમાં ન હતી!

પછીના પ્રવાસમાં અમને ચારપાંચ સંન્યાસીઓનો સાથ મળ્યો, અને તેથી મારું દુઃખ વધ્યું. જો કે બુવાનો બોજો કંઈક હળવો થયો હતો. હવે પછી દરેક મુકામે બુવા પોતાપૂરતી જ ભિક્ષા માગી આટો લઈ આવતા અને પોતા માટે જ રાંધી ખાતા. મારે પેલા સાધુઓ સાથે સ્થાનિક લોકોની પરોણાગત સ્વીકારવી પડતી. પંજાબી લોકો રોટલી ખૂબ મજાની કરે છે. રોટલી ખૂબ જાડી છતાં કૂણી રહેતી. પણ એની સાથે હંમેશાં બટાટા અને ડુંગળીનું શાક જ હોય. મને નાનપણથી ડુંગળીની સૂગ છે, અને વળી સાધુથી ડુંગળી ખવાય જ નહિ એ મારી માન્યતા. અને અહીં તો બધા સાધુસંન્યાસીઓ ડુંગળીનું જ શાક પસંદ કરે! અમારા યજમાનને ડુંગળી ન વાપરવાની હું સૂચના કરું તો મારા બધા સાથીઓ નારાજ થાય; અને સૂચના ન કરું તો મારે શું કરવું? નોખું રંધાવવું? એ કેમ શોભે? બીજા ઘરમાં જવું એ પણ અયોગ્ય, અન્તે મેં પણ નક્કી કર્યું કે શાકમાંથી ડુંગળીના કકડા કાઢીને પડખે બેઠેલા સાધુને આપવા અને બટાકા બટાકા ખાઈ જવા. આટલાથી જ મારો મરજાદી ધર્મ સચવાયો એમ હું મનનું સમાધાન કરી લેતો!

અમારામાં એક સંન્યાસી શાક્ત હતો. એ રોજ સપ્તશતીનો પાઠ કરતો. સપ્તશતીમાં જે પ્રાર્થનાઓ છે તેમાં એક લીટી નીચે પ્રમાણે આવે છે: 'भार्याम् मनोरमाम् देही मनोवृत्तानुसारिणीम्'. મેં સંન્યાસીને પૂછ્યું: 'ભગવન્! આપને મોઢે આવી પ્રાર્થના!' તે દિવસ સુધી એ બિચારાએ તે લીટીનો અર્થ સરખોયે કર્યો નહોતો! પણ જવાબ તો આપવો જ રહ્યો, એણે કહ્યું: 'આ પ્રાર્થના આ ભવને માટે નથી, પણ બીજા જન્મને માટે છે!' મેં પૂછ્યું: 'ભલે, સંન્યાસી બીજો જન્મ પણ ઇચ્છે? અને તેમાં

ઇચ્છા મુજબ વર્તનાર રૂપાળી સ્ત્રીની પણ આજથી જ ગોઠવણ કરી રાખે ?' બધા હસી પડયા. પેલાને સૂઝયું નહિ કે હવે શો જવાબ આપવો ? એટલે જિદ્દી થઈ એણે કહ્યું : શાસ્ત્રનો અર્થ કરવો એ જ મૂર્ખાઈ છે. મેં હસતાં હસતાં એ મૂર્ખાઈ કબૂલ રાખી અને આખી જિંદગી આવી જ મૂર્ખાઈ કરવાની મારી ઉમેદ જાહેર કરી વાદનો અંત આણ્યો.

પણ આવી વાતો અને વિગતોમાં આપણે રોકાઈ રહીશું તો આઠ દિવસમાં શ્રીનગર પહોંચવું મુશ્કેલ છે. રાવળપિંડીથી બસો માઈલિ દૂર આઠ દિવસમાં જવું હોય તો ઝડપ વધારવી જ જોઈએ. અમે જેમ જેમ આગળ ચાલ્યા તેમ તેમ ઘઉંની રોટલીને બદલે મકાઈના પીળા પીળા રોટલા મળવા લાગ્યા, શાકને ઠેકાણે ભાજી આવી અને સૃષ્ટિસૌન્દર્ય દર માઈલે વધવા લાગ્યું. વિતસ્થા નદીનો ખળખળાટ પણ વધ્યો અને આખરે જ્યાં નદીનો વેગ વધારે છે ત્યાં વીજળીનું કારખાનું મેં જોયું. આ જેલમ નદી કાશ્મીરની સપાટ ભૂમિમાં બહુ જ ધીમે ધીમે ચાલે છે, અને બારામુલ્લા પછી એકદમ નીચે પડવા માંડે છે. ત્યાં જ વીજળીનું કારખાનું છે. આ વીજળી શ્રીનગરમાં બધે વપરાય છે. કારખાનાની આસપાસના પહાડો સાવ કાળા મેશ અને ચીકણા દેખાતા પાષાણના છે. વનશ્રી સમૃદ્ધ છતાં સૌમ્ય છે. બપોરનો તડકો બહુ મીઠો હોય છે. રાત્રે ટાઢ સાથે લડવું અઘરું છે ખરું, પણ કાશ્મીરનાં લાંબાં ઊનવાળાં બકરાં ને ઘેટાંની કૃપાથી અહીં કંબલ સારા મળે છે. સૂર્યોદય અને સૂર્યાસ્તની શોભા દરરોજ નવી. કેટલીક વખતે નવ વાગ્યા સુધી સૂર્યદર્શન થાય જ નહિ, કેમ કે બધી બાજુ ઉપર ઊંચા ઊંચા પહાડ હોય. કોક વાર રસ્તામાં જ્યાં ત્યાં નાનાં નાનાં ઝરણાં આવે. કેટલેક ઠેકાણે રસ્તા પાસેના લીસા પથ્થર ઉપરથી પાણી ઝરે છે. જેને તરસ લાગે તે ઝાડનું એક પાંદડું એ પથ્થરમાં બેસાડી દે એટલે પીવા માટે પાણીની ધારા મળે.

બારામુલ્લા પાસે અમે આવ્યા. ત્યાં અમરનાથ નામના ગોરમહારાજનો ભેટો થયો. મેં મારા રિવાજ પ્રમાણે એને જવાબ જ ન આપ્યો. પણ મારી ધીરજ કરતાં એની ધીરજ વધારે નીવડી. આખરે અકળાઈને મેં કહ્યું : 'અરે ભાઈ, જાઓ;

મારી પાસેથી તમને કશું મળવાનું નથી. હું સાધુ છું અને મફતનું ખાઉં છું.' ઘણી વાર સુધી તો એને એ મશ્કરી લાગી, પરંતુ ખાતરી થયા પછી પણ એનો લોભ છૂટે એમ ન હતું. એ કહે: 'તમે સાધુ હો તો તમારા શિષ્યો મારે ત્યાં આવશે. મારા ચોપડામાં તમારી સહી આપો.' મેં એને ખાતરી આપી કે હું શિષ્ય કરવાનો નથી, અને મહારાષ્ટ્રમાંથી આટલે દૂર અમરનાથની યાત્રા કરવા મારું નામ લઈને કોઈ આવવાનો નથી. તારું નામ તો બધા જ લે છે. મને લાગ્યું કે આ રામબાણ દલીલ હતી. પણ એણે જવાબમાં એટલું જ કહ્યું: 'વારુ ત્યારે આજે નહિ તો કાલે સહી આપજો!'

આપણે જ્યાં જ્યાં યાત્રા માટે જઈએ છીએ ત્યાં ત્યાં આવા ગોરો—પંડાઓ—આપણને મળે છે. એ પંડાની સંસ્થા કેટલી જૂની છે અને એનું સ્વરૂપ શું છે એનો કોઈએ વિચાર કર્યો છે? વિલાયતમાં કોઈ પ્રેક્ષણીય સ્થળ જોવા જાઓ તો ત્યાં 'હોટેલ-કીપર'ને શરણ ગયા વગર તમારો છૂટકો ન થાય. એ પોતાના દર નક્કી કરે છે અને તમારી સાથે ફરવાને એક ભોમિયો આપે છે. તેના પૈસા પણ એ કહે તેટલા જ આપવા પડે. ભોમિયો લીધા પછી એ તમને જ્યાં ફેરવે ત્યાં જ તમારે જવું પડે છે. એ માહિતી આપે તેટલી જ તમને મળે. રૂપિયા બે રૂપિયા આપી ગાઈડબુક ખરીદો તો સહેજ વધારે માહિતી મળે. ભારે ખરચમાં ઊતરવા છતાં એના આશ્રિત જેવા જ તમે રહો છો. એ લોકોની કમ્પની એટલી બધી મોટી હોય છે કે એના મૅનેજર આગળ તમારી છાપ પડે જ નહિ. એ તમારી સગવડ કરી આપે તેથી વધારે તમે માગી જ ન શકો. આપણા પંડાઓ એ જ જાતનું કામ કરે છે. તમે યાત્રામાં જાઓ તો તમને રહેવાની, ફરવાની અને દર્શનની સગવડ કરી આપે છે. ક્ષેત્ર સ્થાનનું માહાત્મ્ય વાંચી સંભળાવે છે. તમારે જે કંઈ દાનપુણ્ય કરવું હોય એનો 'ઍસ્ટિમેટ' અંદાજ કાઢી આપે છે; અને આ બધાના બદલામાં તમે જે કંઈ આપો તે લઈને સંતોષ માની લે છે. એ તો તમારો તીર્થગુરુ. તમે એના શિષ્ય. તમે એને જે દક્ષિણા આપો તેમાં એ સંતોષ માને અને તમારી પાસે એટલું જ

માગે કે ચોપડામાં તમે સહી કરો. જેથી તમારાં બાલબચ્ચાં અને વંશજો એ ગુરુપદ કબૂલ રાખે. કેટલી સુંદર અને સાદી વ્યવસ્થા? આ સહીઓને લીધે મોટા મોટા વંશોનો જૂનો ઇતિહાસ આજે આપણે મેળવી શક્યા છીએ. પણ આ પંડાઓ લોભમાં ફસાઈ પોતાની પ્રતિષ્ઠા ગુમાવી બેઠા છે. દક્ષિણાને તેઓ પોતાની આવક — અથવા તેમની જ ભાષામાં કહું તો પોતાની ખેતી ગણે છે; અને લોકો જેટલો તિરસ્કાર બતાવે તેટલી નફટાઈ કેળવે છે. પંડા લોકો જો સહેજસાજ સંસ્કૃત ભણે, વર્તમાન સ્થિતિથી વાકેફ રહે, ને લોકોનો સ્વભાવ ઓળખે તો પોતાની પ્રતિષ્ઠા જાળવી તેઓ વધુ આવક મેળવી શકે; અને યાત્રાળુઓને પંડાની પજવણીથી બચાવવાની સમિતિ (એવી સમિતિ પ્રયાગમાં છે) સ્થાપન કરવી ન પડે. લોકોની ધાર્મિક શ્રદ્ધા અને દાનશીલતા વટાવીને તેના પૈસા કરવાના દિવસો હવે રહ્યા નથી. હિંદુ લોકોની ધર્મશ્રદ્ધા બુઠ્ઠી કરવાનું પાપ જો કોઈએ કર્યું હોય તો તે આ પંડા લોકોએ જ.

બારામુલ્લાનું વિચિત્ર નામ સાંભળી મારી સંશોધકવૃત્તિ જાગૃત થઈ. લાંબી લાંબી દાઢીવાળા બાર મુલ્લાઓ અહીં રહેતા હશે એમ મેં કલ્પના કરી. મહારાષ્ટ્રમાં સાળશી નામનું એક ગામ છે. ત્યાં (साहा+आळशी) છ આળસુ લોકો રહેતા હતા. એ જ પ્રમાણે આ બારામુલ્લાનું બન્યું હશે એમ મેં માન્યું. પણ શ્રીનગરમાં જઈ સંશોધન કરતાં કંઈક બીજું જ નીકળ્યું.

આજે જ્યાં કાશ્મીરનો રમણીય પ્રદેશ છે ત્યાં પુરાણકાળમાં સતીસર નામનું સુદીર્ઘ સરોવર હતું. હરમુખ પર્વત અને પીર-પુંજાળ વચ્ચે આ સરોવર ફેલાયેલું હતું. પાર્વતી પોતે આ સરોવરમાં વિહાર કરતાં. પણ પછી ઘણા રાક્ષસો આવી સરોવરમાં ભરાયા. તેથી દેવોએ સતીસરનો નાશ કરવાનું નક્કી કર્યું. ભગવાન કશ્યપે વરાહની ઉપાસના કરી. વરાહે સંતુષ્ટ થઈ પોતાની દાતરડી વતી પહાડમાં ખીણ પાડી અને સતીસરનું પાણી 'વરાહમૂલમ્'ની ખીણમાંથી વિતસ્થા નદીને રૂપે વહેવા લાગ્યું. વિતસ્થા તે જ જેલમ; અને 'વરાહમૂલમ્' તે બારામુલ્લા. પાણી તો છૂટી થયેલી ગાયોની પેઠે દોડવા લાગ્યું. પણ એ મોટાં

ઝરણાં સરોવરને કેમે કરી ખાલી થવા ન દે. ભગવાન કશ્યપે ફરી વિષ્ણુની પ્રાર્થના કરી. વિષ્ણુને બીજી વાર તકલીફ લેવા દે એટલો તેનો વાહન ગરુડ બેદરકાર ન હતો. તે પોતાની ચાંચમાં બે કાંકરા લઈ આવ્યો અને એણે ઉપરથી બોમ્બની પેઠે બરોબર એ ઝરણાના મોઢા ઉપર નાખી દીધા. એ જ શ્રીનગર પાસેનાં હરિપર્વત અને શંકરાચાર્યની ટેકરી.

ભૂસ્તરશાસ્ત્રીઓ કહે છે આ પૌરાણિક દંતકથામાં પૂરેપૂરું સત્ય છે. હરમુખ પર્વત અને પીરપુંજાળની ટેકરીઓ ઉપર હજી પણ છીપો અને માછલીનાં હાડકાં મળે છે. તેઓ કહે છે કે સતીસર કાંઈ નહિ તો બે હજાર ફૂટ ઊંડું હોવું જોઈએ.

બારામુલ્લામાં સરદાર ——ની ધર્મશાળામાં જઈને અમે ઊતર્યા. સાંજરે સરદાર સાહેબ પોતે આવીને પોતાના હાથે સાધુઓને રોટલી અને શાક પીરસે અને પોતે પણ ત્યાં જ સાધુઓની પંગતમાં બેસીને જમે. સાધુઓ કહેતા કે સરદાર ભારે ધર્માત્મા છે.

સવારે ઊઠીને હું જેલમ નદીને કાંઠે ફરવા ગયો. કાંઠાની સુંદરતા તો અપૂર્વ હતી, પણ મચ્છરનો પાર ન હતો. શરીર પર આવીને બેઠા પછી એમને મારીએ તો પણ એ ઊડે નહિ એટલા એ સમાધિસ્થ થઈ જતા હતા. થોડે દૂર ગયા પછી મેં એક 'હાઉસ બોટ' જોઈ. 'હાઉસ બોટ' એટલે હોડીમાં બાંધેલું નાનકડું ઘર. એમાં સામાન્ય રીતે એક ઓટલો, ત્રણ ઓરડીઓ, રસોડું, અને ઉપરથી અગાશી એટલું હોય અગાશી ઉપર એક બે આરામખુરશીઓ પણ હોય. આ નૌકાગૃહની વ્યવસ્થા મુસાફરો માટે બધી રીતે અનુકૂળ છે. ઘર ભાડે લેવા જઈએ તો તેમાં ટેબલ ખુરશી વગેરે ન મળે. અને નોકર ઢૂંઢવા જવો પડે. એક નૌકાગૃહ રાખો એટલે બધું મળે. હોડીવાળો તમારું બધું કામ કરે. તમને વાંધો ન હોય તો એની સ્ત્રી તમને રાંધી પણ ખવડાવે અને મોટો લાભ એ કે તમે ગમે ત્યારે તમારું ઘર ગમે ત્યાં લઈ જઈ શકો. આજે વૂલર સરોવરમાં તો કાલે ડલસરોવરમાં (કાશ્મીરી ભાષામાં ડલ એટલે — સરોવર), પરમ દિવસે શ્રીનગરમાં તે ચોથે દિવસે બીજબ્યારામાં.

નૌકાગૃહમાં એક પંજાબી છાપું વાંચતો બેઠો હતો. મેં ઘણા દિવસ થયાં મારું પ્રિય 'મોડર્ન રિવ્યૂ' વાંચ્યું ન હતું. એટલે મને તો વાંચવાની તલબ થઈ હતી. મેં એમને સીધું પૂછ્યું: "આપ 'મોડર્ન રિવ્યૂ' મંગાવો છો?" મારો આવો અવિવેકી સવાલ વિવેકી ભાષામાં સાંભળી એ ભાઈ ચોંકી ગયા. શો જવાબ આપવો એ એમને સૂઝયું નહિ. એમણે મને આવીને બેસવાનું કહ્યું, અને પૂછ્યું: 'આપ કયાં ઊતર્યા છો?' સરદાર ——નું નામ સાંભળતાંવેંત એમણે કહ્યું: 'હું આપ જેવા સાધુને એમને ત્યાં ન જ ઊતરવા દઉં. એ તો મહા ઠગ છે. વેપારમાં બધાને ઠગે છે, જુગાર રમે છે, અને એ બધું પાપ ધોઈ કાઢવા સાધુઓને જમાડે છે. આપને મારે ત્યાં જ રહેવું પડે.' મને નવા નવા અનુભવ તો જોઈતા જ હતા, અને સરદાર સાહેબનો હું કંઈ આમંત્રિત મહેમાન ન હતો એટલે મેં હા પાડી. એમણે મારે માટે ખાસ દૂધમાં રાંધેલો ભાત તૈયાર કર્યો હતો. કાંઠા ઉપર મેજ પાસે બેસીને અમે ખાધું. દુર્દૈવે એનો રસોઇયો બહુ જ પ્રેમાળ માણસ હતો. એણે જેટલો ભાત તૈયાર કર્યો હતો તેટલો બધોયે મારે ખાવો પડ્યો. બુવા સ્વયંપાકી હતા એટલે એ છટકી ગયા. અમારા યજમાન ન્યાતે શીખ હતા. એમની પાસેથી શીખ લોકોની હકીકત, એમનું સામાજિક જીવન, અને પંજાબની સ્થિતિ જાણવાની મને સરસ તક મળી.

અમે જમી પરવાર્યા હઈશું એટલામાં બીજા એક શીખ ભાઈએ ત્યાં આવીને કહ્યું કે સંત અતરસિંગ શહેરમાં આવ્યા છે. સંત અતરસિંગની પ્રતિષ્ઠા શીખ સમાજમાં અસાધારણ છે. કેટલીયે વાર શીખ લોકોએ હાથી ઉપર એમનું સરઘસ કાઢ્યું છે. હજારો શીખો અતરસિંગનાં વચનો ઈશ્વરવચન તુલ્ય માને છે. અમારા યજમાને મને પૂછ્યું: 'અતરસિંગના દર્શને જવા માગો છો?' મેં કહ્યું: 'એમને વિષે મેં ખૂબ સાંભળ્યું છે એટલે દર્શનલાલસા છે.' સાંજરે અમે શહેરમાં ગયા. સંત અતરસિંગ એક આંગણામાં શેતરંજી પર બેઠા હતા. એમનો પોશાક શુદ્ધ સફેદ હતો. મુદ્રા શાંત અને પ્રસન્ન હતી. આસપાસ પાંચ પચાસ શીખો (શિષ્યો)

બેઠા હતા. મહારાજે કહ્યું કે 'શબ્દ' બોલો એટલે શીખો ગાવા લાગ્યા. ભક્તિરસથી તરબોળ ભજનો સાંભળી અર્થ ન જાણવા છતાં મારું હૈયું ફુલાઈ ગયું. એક પંદર વર્ષનો છોકરો સુંદર ગાતો હતો. એની મુખમુદ્રા પર નમ્રતા અને અંતઃકરણની સ્વચ્છતા સ્પષ્ટ દેખાતી હતી. લોકો વધારે ને વધારે આવવા જ લાગ્યા. સંત સાહેબે અમને પ્રસાદને માટે રહેવા કહ્યું. મેં તરત જ હા પાડી અને બુવા વિષે માફી માગી. 'તેઓ સ્વયંપાકી છે,' મેં કહ્યું. મહારાજજીએ બુવા તરફ જોઈને કહ્યું: 'યહ સબ પાખંડ આપ છોડ દીજીએ. સાધુ વાસ્તે વહ ઠીક નહિ હૈ.'

બીજે દિવસે ટાંગામાં બેસી અમે શ્રીનગર જવા નીકળ્યા. બુવા ખૂબ થાકી ગયા હતા એટલા માટે ટાંગામાં બેસવું ઉચિત ધાર્યું. રાવળપિંડીથી બારામુલ્લા સુધી પહાડી મુલક છે. પણ હવે રસ્તો એટલો સીધો અને સપાટ આવવા લાગ્યો કે જાણે ટેનિસ કોર્ટ! બે બાજુ ઉપર સફેતા નામનાં વૃક્ષો હારબંધ આવેલાં છે. બબ્બે હાથને અંતરે એકેક વૃક્ષ છે. અંગ્રેજીમાં એને 'પોપ્લર્સ' કહે છે. આ ઝાડ ટોચ સુધી સીધું જ ઊગે છે. જમીનથી છ ફૂટ સુધી પાંદડું કે ડાળી મળે નહિ. અને ત્યાર પછી જે ડાળી ઊગે તે પણ સીધી આકાશ તરફ જાય છે. આ ઝાડોને લીધે રસ્તા ઉપર બપોરે એક બે કલાક જ તડકો પડી શકે. અને રસ્તાઓ પણ એટલા સીધા કે માણસ આંખ મીંચીને બે ચાર કલાક સુધી ચાલે તો પણ ક્યાંય અથડાય નહિ. આગળ જતાં બે રસ્તા આવે છે. એક જાય છે શ્રીનગર તરફ અને બીજો ગુલમર્ગ તરફ. ગુલમર્ગ એ યુરોપિયન લોકોને રહેવાનું ખાસ સ્થળ છે. ત્યાં હંમેશાં બરફ પડે છે. ગુલમર્ગની ઊંચાઈ ૭૦૦૦ ફૂટની હશે. શ્રીનગર ૫૦૦૦ ફૂટ ઊંચે છે. મારો વિચાર આ રસ્તે શ્રીનગર જવાનો ન હતો. બારામુલ્લાથી ડુંગી (હોડી) માં બેસી મારે વૂલર સરોવરમાં જવું હતું અને ત્યાંથી શ્રીનગર. વૂલર સરોવર અત્યંત રમણીય છે, એમ કહેવાય છે. જેલમ નદી આ સરોવરમાં એક તરફથી આવીને પડે છે અને બીજી તરફથી બહાર નીકળે છે. સરોવર બહુ જ મોટું હોવાથી તેમાં મોટાં તોફાન થાય છે. એ તોફાનના દિવસો હતા એટલે કોઈ માંઝી (હોડીવાળો) મને લઈ જવા તૈયાર ન હતો.

માંઝીઓ ગમે તેટલા બાહોશ હોય તો પણ વૂલર સરોવરનાં તોફાનનો અનુભવ કરવાની રસિકતા એમનામાં ક્યાંથી હોય? હું નિરાશ થયો અને બુવાની સલાહ માની અરસિક ટાંગામાં બેસવા તૈયાર થયો.

આટલી લાંબી લગભગ પોણાબસો માઈલની મુસાફરી કર્યા પછી ટાંગામાં બેસતાં જાણે કાંઈક મેલું અપવિત્ર કામ કરતા હોઈએ એવી ભાવના મનમાં પેદા થઈ, ઘોડાને વેગે ચાલતાં અડવું અડવું લાગવા માંડયું. પૃથ્વી કેટલી ઉતાવળે નીચેથી પાછળ પસાર થાય છે એવો ખ્યાલ નવા માણસને ઉત્સાહિત કરે છે પણ અમે તો શહેરના જૂના કીડા. મને તો અમારો એ વેગ જોઈ ગ્લાનિ જ પેદા થઈ. હવે બાકીના રસ્તામાં કાવ્યમય જેવું કશું ન લાગ્યું.

રસ્તામાં એક ભાંગેલું મંદિર, પુરાતત્ત્વખાતાએ જૂના પથરા ફરી ગોઠવી ઊભું કર્યું હતું. દરેક પથરા ઉપર ખાતાએ ધોળા આંકડા લખ્યા હતા. એવા તો ખાવા ધાય કે આના કરતાં ભાંગી પડેલું મંદિર જ સારું એમ મનમાં થતું. રસ્તામાં એક ગામ આવ્યું. ત્યાં એક દુકાનદારે અમને આગ્રહપૂર્વક કહ્યું કે "આટલા તડકામાં તમે ક્યાં જાઓ છો? જરા ઠંડું પાણી પીને મારી મેડીએ અડધો કલાક સૂઈ જાઓ તો આરામ મળશે." એને મન હવા સખત ગરમ હતી. અમને એવું લાગતું ન હતું. સાધુઓ માટેની આટલી લાગણી અને આ જાતની મહેમાનગીરી તદ્દન નવી. એટલે મને ભારે આશ્ચર્ય થયું.

રસ્તામાં બીજે એક ઠેકાણે એક મહાદેવના ગોરને મંદિર તરફ જતાં જોયો. એની પાછળ પાછળ એક મુસલમાન નોકર માથા પર એક માટીનો ભરેલો ઘડો લઈને જતો હતો. મંદિરને બારણે ગોરે નોકરને રોકયો, અને એની પાસેથી પાણીનો ઘડો લઈ મહાદેવને એણે અભિષેક કર્યો. મિયાંનું પાણી મહાદેવને માથે આમ ચડેલું જોઈ મારો મહારાષ્ટ્રી ચુસ્ત કર્મકાંડી આત્મા આશ્ચર્યમાં ડૂબી ગયો, પણ સુધારક આત્મા રાજી થયો.

સાંજ થવા આવી તે પહેલાં અમે સાત પુલવાળા શ્રીનગરના અમીરાકદલ નામના પ્રખ્યાત પુલ ઉપર આવી પહોંચ્યા.

ટાંગાવાળાએ અમને અમારા સામાન સાથે આ પુલ ઉપર જ ઉતારી દીધા. કહે કે હું આગળ નહિ આવું તમારે જ્યાં જવું હોય ત્યાં જાઓ. હું મૂંઝાયો. અમારી મૂંઝવણ જોઈ દયા ખાનારા ઘણા લોકો અમારી આસપાસ ટોળે વળ્યા; એથી તો હું વધારે મૂંઝાયો. અંતે બુવાને સામાન સાચવવા ત્યાં ઊભા રાખી હું રાજનો ધર્મીધકારી ક્યાં રહે છે એની તપાસ કરતો શ્રીનગરમાં ઘૂસ્યો.

શ્રીનગર તો કોઈ નવલકથાને શોભે એવું જૂનું શહેર છે. અહીં અમે ઠીક ઠીક રહ્યા, એટલે એનું વર્ણન બીજી ઢબે બીજા લેખમાં આપવું રહ્યું. કાશ્મીરનો અનુભવ એટલો બધો સમૃદ્ધ છે કે આખો નોંધવા જતાં એક ચોપડી લખવાનો સંકલ્પ કરવો પડશે. એ સંકલ્પ જાગ્યો નથી તે પહેલાં જ કલમ અટકાવવી સારી.

૧૦–૯–'૩૬

શ્રીનગર–કાશ્મીર

ઇટલીનું વેનીસ શહેર કંઈ મેં જોયું નથી. કઈ રીતે કહું કે કાશ્મીરમાં આવેલું શ્રીનગર એ હિંદુસ્તાનનું વેનીસ છે. શ્રીનગરમાં રસ્તાઓ પાણીના છે. જેમ બીજાં શહેરોમાં ગાડીમાં બેસી એક મહોલ્લામાંથી બીજા મહોલ્લામાં જવાય છે તેમ ત્યાં હોડીમાં બેસીને જવાય છે. આપણે અહીં બે ચાર ગાડીઓ સામટી રસ્તા ઉપર જતી હોય તો કેટલો અવાજ થાય છે! જાણે મગજ પીંજાતું હોય! શ્રીનગરમાં એવું કંઈ ન મળે. લાંબી લાંબી અને સાંકડી હોડીઓ કશો અવાજ કર્યા વિના તીરની પેઠે ચાલી જાય છે. નદીનાં પાણી પણ કેવાં ધીમાં! ઉપરથી નીચે જતાં હોડીને જેટલી વાર લાગે છે, લગભગ તેટલી જ વાર નીચેથી ઉપર જતાં થાય. નદી વહે છે સર્પાકારમાં. એની બંને બાજુએ લાંબી લાંબી નહેરો ખોદેલી છે. નદી અને નહેરોને બંને કાંઠે મકાનો ઊભાં છે. તેથી આ જલમય રસ્તાની સગવડ મળી છે.

શ્રીનગર કાશ્મીરની રાજધાની છે. હિમાલયના ઉત્તુંગ પહાડોની વચ્ચે પક્ષીના માળા જેવો ત્રીસચાળીસ માઈલનો સપાટ પ્રદેશ છે તેમાં આ શહેર આવેલું છે. ઉપર કહી ગયા તેમ વિતસ્થા નદી (હાલ એને જેલમ કહે છે) છે બહુ સૌમ્ય અને ધીમી, પણ જ્યારે વરસાદથી અથવા પહાડ ઉપરનો બરફ

ઓગળવાથી રેલ આવે ત્યારે તો શ્રીનગરનાં ઘરોમાં પણ પાણી ભરાઈ જાય છે. અનેક વાર ઘરો પડી પણ જાય છે. નદી ઉપર પુલ બાંધેલા છે. ત્યાં તેમને ‘ કદલ ’ કહે છે.

શ્રીનગર જવાના બે મુખ્ય રસ્તા છે. એક રાવલપિંડી થઈને અને બીજો જમ્મુ થઈને. રાવલપિંડીનો રસ્તો જેલમ નદીને કાંઠે કાંઠે જાય છે. આ રસ્તે ટાંગા અને મોટરો જઈ શકે છે. જમ્મુનો રસ્તો પહાડી હોઈ પગરસ્તો છે. એ રસ્તે ઘોડા જઈ શકે. આપણા ઘોડા નહિ પણ કાશ્મીર તરફનાં ટટ્ટુઓ. રાવલપિંડીનો રસ્તો અનેક ઠેકાણે ટેકરીઓ તોડીને તૈયાર કરેલો હોવાથી ચોમાસામાં જોખમભરેલો થાય છે. ટેકરીઓ મોટા ગોળ ગોળ પથરાઓ અને માટીની બનેલી છે. વરસાદ પડે એટલે માટી પોચી થઈ જાય છે અને મોટા પથરાઓ ઉપરથી ગબડતા રસ્તા પર આવીને પડે છે. ગાફેલ મુસાફર અથવા ગાડી, ઉપરથી પડતા પથરાના વરસાદ નીચે દટાઈ જવાનો ઘણો ભય રહે છે.

પણ આ બધું બારામુલ્લા (વરાહમૂલમ્) સુધી જ. ત્યાર પછી એકદમ કાશ્મીરનો રમણીય પ્રદેશ શરૂ થાય છે. બારામુલ્લાથી રસ્તો એવો તો સપાટ અને સીધો છે કે આંધળો પણ વગર ખટકે સીધો ચાલ્યો જાય. એમાં વળી બંને બાજુએ બે બે હાથને છેટે સફેતાનાં સીધાં અને ઊંચાં ઊંચાં ઝાડ. કવિઓએ નંદનવનની કલ્પના કાશ્મીર ઉપરથી જ કરી હશે. જમ્મુનો રસ્તો જહાંગીર બાદશાહે વધારે રૂઢ કર્યો હતો. આ રસ્તો પીરપુંજાલ પહાડ ઓળંગીને આપણને એકદમ પૃથ્વી ઉપરના સ્વર્ગ તરફ લઈ જાય છે. એક ઊંચા ઊંચા અને લીલાછમ વનસ્પતિથી ઢંકાયેલા પહાડના પગથિયા પાસે આપણે આવી પહોંચીએ કે તરત જ એક અષ્ટકોણ તળાવ નજરે પડે છે. અંદરનું પાણી જાણે નીલમણિનો અમૃતરસ. જોતાંવેંત થાય છે કે અહીં ગળીનાં રંગેલાં કપડાં કોઈએ ધોઈ કાઢ્યાં હશે. પણ એટલું સ્વચ્છ, મીઠું અને ઠંડું પાણી બીજે ક્યાં મળે? તળાવ જહાંગીર બાદશાહે બંધાવેલું છે. આ તળાવમાં જ જેલમ નદીનું મૂળ છે. તળાવમાંથી સુંદર બાંધેલી નહેર ચાલે છે, જેની અંદર અસંખ્ય માછલાં વિચરે છે. આ ભાગમાં માછલાં પકડવાની મનાઈ ન હોત તો ક્યારનીયે આ

શોભા નષ્ટ થઈ ગઈ હોત. આ સ્થાનને વેરીનાગ કહે છે. આગળ જતાં ખનબલ કરીને એક સ્થાન આવે છે ત્યાંથી જેલમ નદી હોડીઓ ચલાવવા જેટલી મોટી થાય છે. જેલમને સીધું ચાલવાનું સૂઝતું જ નથી. એક ઠેકાણે તો એ અઢી માઇલ આગળ વધતાં વાંક લઇલઈને એણે ચૌદ માઇલનો વિસ્તાર કરી નાંખ્યો છે.

શ્રીનગર પાસે બે સુંદર ટેકરીઓ છે. એક બહુ ઊંચી છે. બીજી ઊંચી નથી, પણ ખૂબ પહોળી છે. ઊંચી ટેકરીને શંકરાચાર્યની ટેકરી કહે છે. મુસલમાનો તેને તખ્ત–ઈ–સુલેમાન કહે છે. ત્યાંથી ચારે તરફ દૂર સુધીનો દેખાવ અત્યંત ચિત્તાકર્ષક છે. એના ઉપર લગભગ ૨૨૦૦ વર્ષનું જૂનું મહાદેવનું એક મંદિર છે. પહોળી ટેકરીને હરિપર્વત કહે છે. અકબર બાદશાહે એના ઉપર કિલ્લો બાંધ્યો છે. આ ટેકરી પર માતાજીનું સ્થાનક છે. જહાંગીરની બેગમ નૂરજહાં હરિપર્વત ઉપર રહેવા આવતી ત્યારે બદામના ઝાડ તળે બેસતી. નૂરજહાં આવે તે પહેલાં ગરમીથી બદામનાં ફૂલ ખરી ન પડે એટલા માટે કાશ્મીરનો સૂબો ઝાડની આસપાસ બરફ પથરાવતો. નૂરજહાં આવે કે બરફ કાઢી નાંખવામાં આવતો અને પડુંપડું થઈ રહેલાં ફૂલોની એકદમ વૃષ્ટિ થતી. એક બેગમને એક રોજને માટે ખુશ કરવા ખાતર હજારો મજૂરોને બરફમાં કામ કરવું પડતું !

શ્રીનગરની આસપાસ શાલામાર બાગ, નિશાત બાગ વગેરે રમણીય બગીચાઓ છે. તેમની અંદર ઊડતા ફુવારા, આસપાસનાં ઝાડો, અને નાક તથા ગાલ ઉપર બટકાં ભરતો ઠંડો પવન, એ બધાનો આનંદ એવો તો ઉન્માદકારી હોય છે કે એ સ્થાન છોડીને જવાનું મન જ થતું નથી. પણ શ્રીનગરની મુખ્ય શોભા તો ત્યાંનો ચીનારબાગ. ચીનાર એ વૃક્ષોનો રાજા છે. વડના જેવું એનું મોટું થડ હોય છે. એનો વિસ્તાર વડ અને પીપળા કરતાં મોટો હોય છે અને પાંદડાં એરંડાનાં પાંદડાં જેવાં મોટાં અને કરકરિયાવાળાં હોય છે. પણ પાંદડાંનો રંગ એરંડાના જેવો ફીકો નહિ પણ ઘેરો લીલો હોય છે. એક ઝાડ એક તંબૂ કે ધર્મશાળાનું કામ સારે.

શ્રીનગરની આસપાસનાં ખેતરોમાં ઠેકઠેકાણે ઊંટની ડોક જેવા લાંબા લાંબા વાંસ દેખાય છે. આના વતી ત્યાંના છીછરા કૂવાનું પાણી ખેતરોને પવાય છે. ગુજરાતમાં પણ કેટલેક ઠેકાણે આ રચના દેખાય છે. વિજાપુર પાસે આવા કૂવાઓ મેં જોયા છે.

શ્રીનગર જવું હોય તો અષાડશ્રાવણમાં જવું જોઈએ. અષાડ મહિનામાં ત્યાંની વનશ્રીનો વસન્ત પૂરબહારમાં હોય છે. ગુચ્છાદાર ફૂલોની અંદર કોક કોક ઠેકાણે લીલાં લીલાં પાંદડાં જોઈને ખૂબ આનંદ થાય છે અને સાથે સાથે જમીનની સમૃદ્ધિનો પણ ખ્યાલ આવે છે. શ્રાવણ પૂરો થયો કે સફરજન, પેર, ચીકુ, ગૌરીફળ, અખરોટ વગેરે જાતજાતનાં ફળોની ઉજાણી સૃષ્ટિમાતા આપણને આપે છે. નાસપાતીનો તો ત્યાં કોઈ ભાવ પણ પૂછતું નથી. સુવાસિક ભાત અને કડમની ભાજીનો સાદો આહાર પણ ત્યાં મિષ્ટ લાગે છે. રસોઈમાં આમલી કે કોકમને બદલે ખાટી દ્રાક્ષ અને દાડમ (અનાર) વપરાય છે. લોકો લગભગ બધા જ માંસાહારી છે. કાશ્મીરમાં ન્યાતો તો બે જ, બ્રાહ્મણ અને મુસલમાન. બ્રાહ્મણને પંડિત કહે છે. જે મુસલમાન નથી તે પંડિત. ખાસ શ્રીનગરમાં એંસી ટકા કરતાં વધારે વસ્તી મુસલમાનોની છે. શ્રીનગરમાં જૂની કારીગરી ખૂબ છે. અખરોટના લાકડાની જાતજાતની વસ્તુઓ બનાવવામાં આવે છે અને તેમાં હાથીદાંતની વેલપત્તી જડવામાં આવે છે. કાશ્મીરી શાલો તો પ્રખ્યાત છે જ. શાલના છેડા ઉપર કોઈ ભાત પ્રથમથી આંક્યા વગર ત્યાંના મુસલમાન કારીગરો બેઠા બેઠા સુંદર કોર અને છેડા ઉપરનાં પાન તૈયાર કરે છે. અહીંની મીનાકારી પણ ખૂબ વખણાય છે. કાશ્મીરનો વેપાર મધ્ય એશિયા સાથે હંમેશાં ચાલતો આવ્યો છે.

કાશ્મીરની હવા બહુ જ ટંડી હોય છે એ કહેવાની જરૂર નથી. આની સામે ત્યાંના લોકોએ બહુ રમૂજી ઇલાજો યોજ્યા છે. પટ્ટુના લાંબા લાંબા ડગલા પહેરે છે, એટલું જ નહિ પણ ડગલાની બાંય હાથની આંગળીઓ કરતાં પણ વેંત બે વેંત લાંબી રાખે છે. નિશાળે જતો છોકરો એક બે ચોપડી હાથમાં લે તોપણ તે બાંયની અંદર ઢંકાઈ જાય. છોકરાઓને કાંઈ ખાવું હોય તોપણ બનતાં સુધી બાંયમાંથી હાથ બહાર કાઢતા નથી. ખાવાની વસ્તુ બાંયના

કપડા વતી પકડીને જ પતાવી દે છે. મુસાફરો એક નેતરની ટોપલીમાં નાનકડી સગડી રાખી તે ગળામાં બાંધી લે છે, અને તેના ઉપર હાથ શેકે છે.

શ્રાવણપૂર્ણિમાએ અમરનાથની યાત્રા થાય છે. જ્યાં મનુષ્ય-વસ્તી નથી એવા પ્રદેશ વચ્ચે થઈને ચાર દિવસની મુસાફરી કરી યાત્રીઓ અમરનાથની ગુફામાં પહોંચે છે. ગુફામાં એક ખૂણામાં પાણી ટપકે છે અને તે ઠરીને બરફ થઈ જાય તેનું જ કુદરતી શિવલિંગ બને છે. કુદરતના જ નિયમ પ્રમાણે બનતો આ અદ્ભુત બનાવ જોવા હજારો યાત્રીઓ ભેગા થાય છે.

આપણે કાશ્મીર જઈએ તો ત્યાં ભાડે ઘર રાખી રહેવાની જરૂર નથી. મોટી મોટી હોડીઓ પર લાકડાની ત્રણચાર ઓરડીઓ બાંધેલી હોય છે. તેમાં રહેવાની સગવડ સારી હોય છે. રસોડું, સૂવાની ઓરડી, દીવાનખાનું અને ઉપરની અગાશી, અને અગાસી ઉપર ચારપાંચ ખુરસીઓ, એવી સુંદર સગવડ આ નૌકાગૃહોમાં હોય છે. અને લાભ એ કે ગમે ત્યારે, ગમે ત્યાં ઘર લઈ જવાય છે. આજે શ્રીનગરમાં તો કાલે અનંતપુર પાસે. એક દિવસ બીજબ્યારામાં તો બીજે દિવસે ખનબલ. હોડી ખેંચનાર માંજીઓ આપણો વાંધો ન હોય તો રાંધીને પણ ખવડાવે છે.

યુરોપિયન લોકો શ્રીનગરમાં ઓછા રહે છે. પણ શ્રીનગરથી થોડે દૂર ગુલમર્ગ કરીને એક પહાડ છે તેના ઉપર તેમણે એક યુરોપિયન શહેર જ વસાવ્યું છે.

કાશ્મીરમાં રેલવે નથી તેથી ઘી, દૂધ, ચોખા, ફળ બધું સસ્તું મળે છે. અને હવા સારી હોવાથી તંદુરસ્તી પણ બહુ સારી રહે છે. દુનિયાના જેટલા મુસાફરો કાશ્મીરમાં આવ્યા છે તેઓ બધા કહે છે કે કાશ્મીર એ સાચે જ પૃથ્વી ઉપરનું સ્વર્ગ છે.

ઑગસ્ટ, '૨૬

સેવકરામનો પરચો

અમારે ક્ષીરભવાનીને દર્શને જવું હતું. રિવાજ મુજબ પ્રથમ તો ઘેરથી ઊપડયા, અને પછી તપાસ કરી કે ક્ષીરભવાની ક્યાં છે? કેટલે દૂર છે? એ સ્થાનનું માહાત્મ્ય શું? થોડેક દૂર ચાલ્યા અને એક લાંબી શિકારાબોટમાં બેસી મહારાજા કદલના બજાર સુધી પહોંચ્યા. ખાસો અર્ધો કલાકનો રસ્તો. પગરસ્તો કે ગાડીરસ્તો નહિ, પણ નૌકારસ્તો. ત્યાં સેવકરામ કરીને એક વૈશ્ય અમારી સાથે થયો. એને પણ ક્ષીરભવાનીને દર્શને આવવું હતું. સેવકરામની અને અમારી ઓળખાણ ત્રણ ચાર દિવસની જ હતી. બહુ વિચિત્ર માણસ. કોઈ સંન્યાસીના શિષ્ય તરીકે ફરતો. એનો આખો દિવસ ઉપદેશ માગવામાં અને આપવામાં જતો. પોતાના કરતાં જરા પણ ચડિયાતો કોઈને જુએ કે અત્યંત નમ્ર બની કહે, 'હું જડ મૂઢ છું. મને કંઈક ઉપદેશ આપો કે જેથી મારાં ભવબંધન તૂટી જાય.' જાતજાતની શંકાઓ પૂછે, અને પરલોકમાં ન ખૂટે એવું ભાથું મેળવે. બીજી જ ક્ષણે જો કોઈ પોતાનાથી ઊતરતો માણસ હાથ આવે તો એને કહે, 'જ્ઞાન વગર તારું જીવતર વ્યર્થ છે. હું તને જ્ઞાન આપું. મારી આગળ હાથ જોડીને બેસ. હાથ જોડયા વગર ગુરુઓ જ્ઞાન આપતા નથી.' અને પછી ગુરુભક્તિના મહિમા ઉપર હજાર વરસનું વાસી પ્રવચન ચાલતું.

ચાલતાં ચાલતાં અમે એક ગામડામાં જઈ પહોંચ્યા. એક દુકાનદારના ઓટલા ઉપર બેઠા. દુકાનદારનો દીકરો બાવીસ વરસનો. પિતાએ હજી એને પરણાવ્યો નહોતો, એટલે એ મૂંઝાતો હતો. સેવકરામે એને કહ્યું, 'ચાલ મારી સાથે પેલા ઝાડ સુધી. હું તને મંત્ર આપું. શ્રદ્ધાપૂર્વક એ મંત્રનો જાપ કરીશ તો તારો વિવાહ થઈ જશે.' દુકાનદારના દીકરાના મોંમાં પાણી છૂટયું. એની શ્રદ્ધા જાગી. પણ આખરે વાણિયો ખરોને! પૂછે, 'પણ દક્ષિણા શી આપવી,પડશે?'

સેવકરામ પણ ન્યાતે વૈશ્ય હતો. એની પોતાની સ્ત્રી અને એનો દીકરો એનું માનતાં ન હતાં; સ્ત્રી પોતાના ભાઈને ત્યાં રહેતી હતી. અને એનો દીકરો મામાના કહ્યામાં રહી એની દુકાન ચલાવતો હતો. સેવકરામે સાળાને ત્યાં વૈતરું ઘણું કરી જોયું, પણ એની કાર્યશક્તિ ઉપર કોઈનો વિશ્વાસ બેસે જ નહિ. એટલે અપમાન (અથવા ભૂખ) અસહ્ય થવાથી એણે એ ઘર છોડયું (અથવા એને છોડવું પડયું હશે), અને એ સાધુનો શિષ્ય થયો. એ સાધુની સાથે જ તે કાશ્મીરની યાત્રાએ આવ્યો હતો.

સેવકરામે પેલા વૈશ્યપુત્રનો હાથ ઝાલ્યો, અને કહ્યું, 'હું કયાં તારી પાસે દક્ષિણા માગું છું? તારી શ્રદ્ધા હોય તે આપજે. અને ન આપે તોયે હું કયાં માઠું લગાડવાનો છું?' આટલો સોદો થયા પછી બંને વચ્ચે ગુરુશિષ્યનો સંબંધ બંધાયો. સેવકરામે વણિકપુત્રને માથે હાથ મૂકયો, અને કહ્યું, 'બોલ पत्नीं, मनोरमां, देहि, कुलवृत्ता, नुसारिणीं, तारिणीं, दुर्गसंसार, सागरस्य, कुलोद्भवाम्.' ત્રણ વાર આ મંત્રની દીક્ષા આપી અને કહ્યું, 'રોજ મધરાતે બાર વાગ્યે ઊઠી, હાથપગ ધોઈ, દીવો કરી આ મંત્ર બોલજે. છ મહિનાની અંદર તને સરસ રૂપાળી કન્યા મળશે.'

મારાથી ન રહેવાયું. એ દિવસોમાં હું દુર્ગાસપ્તશતીનો પાઠ કરતો. એટલે મારી પાસેની એ પોથી ખોલીને એમાંનો એ જ શ્લોક મેં પેલા વણિકપુત્રને કાઢી બતાવ્યો અને કહ્યું 'ધ્યાનપૂર્વક વાંચજે જેથી ઉચ્ચારમાં ભૂલ ન થાય.' એ આખલાને કન્યા મળે એના કરતાં એના ઉચ્ચાર ખોટા ન થાય એની ઇંતેજારી મને વધારે હતી. હું અધ્યાપક ખરોને! સેવકરામ મારી પર સારી

પેઠે ચિડાયો. વણિકપુત્ર દક્ષિણા લાવવા ગયો એટલે સેવકરામ મને કહે, 'તમે સારું ન કર્યું. એ મંત્ર મામૂલી છાપેલી ચોપડીમાં જ છે એટલું જોયા પછી એની શ્રદ્ધા જરૂર ઘટી જવાની. હવે એ કંઈ મને ઝાઝી દક્ષિણા નહિ આપે.' હું હસ્યો અને ત્યાંથી ચાલતો થયો. સેવકરામ પાછળથી આવી મને મળ્યો. એને કેટલી દક્ષિણા મળી તે મેં એને પૂછ્યું નહિ.

આગળ જતાં એક મોટું સરોવર આવ્યું. એ ઓળંગીને જવાનું હતું. કાશ્મીરમાં સરોવરો બહુ વિચિત્ર હોય છે. કોક ઠેકાણે બહુ છીછરાં, કોક ઠેકાણે ઠીકઠીક ઊંડાં. અને બધે કમળ, શિંગોડાં અને એવી જ બીજી વનસ્પતિનાં જાળાં બાઝેલાં. જંગલમાં ઝાડો તોડીને જેમ રસ્તા કરવામાં આવે છે તેમ આ સરોવરમાં પણ હોડીઓ આવે અને જાય એટલા માટે જાળાં તોડીને રસ્તાઓ રાખેલા હતા. રસ્તા જેટલો ભાગ ખુલ્લો હોવાથી તે ત્રણ વાગ્યાના તડકામાં ચળકતો હતો. બાકી બધે લીલાં પાંદડાંનો વિસ્તાર. નજર પહોંચે ત્યાં સુધી મોટાં મોટાં પ્રસન્ન પાંદડાંઓ. જાણે સરોવરની હૃદયઊર્મિઓ. અમે જમીને એક હોડીમાં બેઠા. સાધુઓ પાસેથી ભાડું તો લેવાય જ નહિ. એટલે અમે મફત ગયા. સેવકરામનો પોશાક ગૃહસ્થીનો અને પેશો સાધુનો; એટલે એને ખૂબ મુશ્કેલી પડી. વણિકપુત્ર પાસેથી કાં તો એને દક્ષિણા મળી ન હતી અથવા કંઈ આપવાની એની દાનત નહિ હોય.

કુદરતી શોભા નિહાળતા સાંજ પડ્યે અમે ક્ષીરભવાની પહોંચી ગયા. ક્ષીરભવાની એ એક નાનકડો કુંડ છે, અથવા એને તીર્થ કહો. એ કુંડ એ જ દેવી ક્ષીરભવાની. ત્યાં જુદી મૂર્તિ નથી. કાશ્મીરી બ્રાહ્મણો શિવમહિમ્નસ્તોત્રના અને દુર્ગાસપ્તશતીના રાગડા તાણીને પૂજા કરતા હતા. પાસે જ એક મોટી ધર્મશાળા હતી. કીડીઓનો રાફડો ઊભરાયો હોય એટલા યાત્રીઓ અંદર ભેગા થયા હતા. આસપાસ ચિનારનાં મહાવૃક્ષો ઊભાં હતાં. થોડીક દુકાનો પણ હતી. અને આ બધી જમીનની આસપાસ ચારે બાજુથી પાણીની એક નહેર વહેતી હતી. અને તેથી વચલો ભાગ બેટની સંજ્ઞાને પામ્યો હતો. અમે એ પાણીમાં

હાથપગ ધોયા અને સાયંસંધ્યા કરી. પાણી અને હવામાંથી કયું તત્ત્વ વધારે ઠંડું હતું એ કહેવું મુશ્કેલ હતું. સંધ્યા જીભ વતી બોલવાને બદલે દાંત વતી જ અમે બોલ્યા હઈશું.

ક્ષીરભવાનીના પાણીના રંગ વખતોવખત બદલાય છે એમ અમે સાંભળ્યું હતું. એ ચમત્કાર વિષે બધા જ ખાતરી આપતા હતા. પણ અમે ગયા એ જ અરસામાં કલિયુગ બેઠો હોવાથી તીર્થસ્થાનનું એ સત અમે જોવા પામ્યા નહિ.

રાત્રે સૂવું ક્યાં એ મોટો સવાલ હતો. ધર્મશાળામાં પ્રવેશ તો મુશ્કેલ હતો જ. પણ મુશ્કેલીથી અમે અંદર જાત તોયે ઊંઘવા તો ન જ પામત. અનેક પ્રાંતની અનેક ભાષાઓ બોલતી સ્ત્રીઓનો કોલાહલ અને મૂંઝાયેલાં બાળકોનાં તાર સ્વરનાં રુદન વચ્ચે અમારી ઊંઘને તો ત્યાં સ્થાન જ ન મળત. બહાર ખુલ્લામાં સૂવાની અમારી મરજી ન હતી; કેમ કે અમે જીવતર વિષે વિરક્ત થયા ન હતા. સવાર સુધી શરીરના લોહીના એકેએક ટીપાનું આઈસક્રીમ થઈ જાત એ ખાતરી હતી. સાંજે કંઈક ખાધું હોત તો તો લોહી ગરમ રહી શકત. પણ અમે લગભગ સવારના ભૂખ્યા હતા. આશ્રય મેળવવાને ફાંફાં માર્યાં, અને એક દુકાનના ઓટલા ઉપર સૂવાનું નક્કી કર્યું. ત્યાં તો દુકાનદાર આવીને કહે, 'કોણ છો તમે? ખસો અહીંથી. અમે પોતે જ અહીં સૂવાના છીએ.' અમે ઊઠ્યા, અને દુકાનથી જરા દૂર ચિનારનું એક બાદશાહી ઝાડ હતું એના ઓટલા ઉપર જઈને સૂતા. ઓઢવાપાથરવાનું સાથે નામનું જ રાખેલું, એટલે સવાર સુધી નભાશે એટલી ખાતરી ન હતી.

અહીં એકાંત ઠીક હતું. સેવકરામ કહે, 'ક્ષીરભવાનીને ત્યાં આવીએ અને ભૂખે રહેવું પડે તો ક્ષીરભવાનીનું સત શું રહ્યું? આજે ખાવાનું ન મળે તો સવારે હાથપગ ચાલશે કે કેમ એ વિષે શંકા જ છે.' મેં જરા ચિડાઈને એને કહ્યું: 'આવી રીતે ક્ષીરભવાનીની પરખ કરવી એ શું માણસનો ધર્મ છે? ભવાનીને યોગ્ય લાગશે તે પ્રમાણે તે આપણને રાખશે. એમાં એના સતની વાત ક્યાં આવી? આપણું ભલું શામાં રહેલું છે એ પણ જ્યાં આપણે જાણતા નથી ત્યાં ક્ષીરભવાનીના સતની વાત શાને કરીએ?

આજ સુધી ખાવાનું ન મળ્યું તેથી ભૂખે રહેવું પડ્યું છે એવો પ્રસંગ મારા જીવનમાં નથી બનેલો. ઉપવાસ કરવા ઇચ્છું તે જ દિવસે ભૂખે રહું. તેથી આજના ઉપવાસની તો મને મજા જ પડે છે. ખાવાનું ન મળે અને ઠંડે પેટે સૂવું પડે એ પહેલો અનુભવ મને ઘણું શીખવશે. હું તો ક્ષીરભવાનીની પારખ નહિ જ કરું.'

'મારા પર પરાણે ઉપવાસ કરવાના પ્રસંગો ઘણા આવ્યા છે. પણ મેં કોઈ કાળે પ્રભુ રામચંદ્રનો વાંક કાઢ્યો નથી.' બુવાએ કહ્યું.

'ठेविलें अनंतें तैसेची रहावें' મેં ટાપશી પૂરી. બુવાનું નામ અનંત હતું એટલે એ હસી પડ્યા. સેવકરામ પણ કંઈક શરમાયો. એણે કહ્યું, 'ના ના, હું એમ નથી કહેતો. મારો ભાવ કંઈ એવો ન હતો. પણ ક્ષીરભવાની તો અન્નપૂર્ણા કહેવાય. એના સત વિષે મેં ઘણું સાંભળ્યું છે. એટલે તો મનમાં જરા કંઈ થાય કે નહિ?' મેં કહ્યું: 'જન્મ અને મૃત્યુ બંને એની જ છાયા છે. અન્નપૂર્ણા ખવડાવે ખરી અને ભૂખે પણ રાખે. અહીં આવે તે બધાને ખવડાવવાની જવાબદારી જો અન્નપૂર્ણાને માથે હોય તો દુનિયાભરના આળસુ લોકો અહીં જ ધામો નાંખીને પડ્યા રહે; અને ઊભા રહેવાની જગ્યા ન મળે તો માંહોમાંહે લડે.'

ટાઢથી ઊંઘ ન આવતી હોય તો તડાકા મારીને ટાઢ ઉડાડી શકાય છે. એ શાસ્ત્ર પ્રમાણે અમારી વાતો ચાલતી હતી. એટલામાં પેલો ઓટલાવાળો દુકાનદાર અમારી પાસે આવ્યો, અને કહે, 'ભગવન્, અમે ખાવા બેસવાના છીએ, પણ અમારી પાસે એક જણ જેટલો જ ભાત વધારેનો છે. તમારામાંથી કોઈક એક જણ આવે તો એની જોગવાઈ છે.' બુવા અને હું બંને એકદમ બોલી ઊઠ્યા, 'સેવકરામ, જાઓ, તમને ક્ષીરભવાનીનું આમંત્રણ આવ્યું છે.' 'હું એકલો શી રીતે જાઉં? જે હોય તે હું જઈને લઈ આવું અને આપણે ત્રણે જણા ખાઈશું,' એણે વિવેક કર્યો.

દુકાનદાર કહે, 'મારી પાસે ભાત અને કડમનું શાક છે. જોઈએ તો આવીને લઈ જાઓ.' મેં કહ્યું, 'મારે નથી ખાવું. અને બુવા તો બીજાના હાથનું રાંધેલું ખાતા નથી. એટલે સેવકરામ, તમે જ જાઓ.' સેવકરામ ગયા અને દુકાનદારે ખેસમાં બાંધી આણેલો ભાત અને કાશ્મીરની ખાસિયત, કડમનું શાક એણે ધરાઈને ખાધાં.

સેવકરામને ગયાને પાંચેક મિનિટ થઈ હશે એટલામાં એક માણસ કંઈક રોફમાં આવ્યો અને કહે, 'અરે ઝાડ તળે કોણ સૂતા છો?' મને થયું કે અહીં પણ આપણને કોઈ સુખે સૂવા દેવાના નથી. નરમાશ બતાવીએ તો આ ઓટલો પણ ખોઈ બેસવાના. નાગા બાવાઓ કેમ ઘૂરકે છે તે મેં જોયું હતું. એટલે આત્મરક્ષાર્થે એનું અનુકરણ કરી મેં જવાબ વાળ્યો, 'અમે અહીં સૂઈએ તેમાં તમારું શું ગયું? સાધુઓ સૂતા હોય એમને હેરાન કરવા માંગો છો?' પેલા માણસે બેદરકારીથી કશા આદર કે સદ્‌ભાવ વગર જવાબ વાળ્યો, 'ભગવન્, મારે શી પડી છે કોઈને હેરાન કરવાની? અમારા શેઠ શ્રીનગરથી હમણાં આવ્યા છે. એમણે કહ્યું કે કોઈ ભૂખ્યા નારાયણને લઈ આવો. રસોઈ ગરમ ગરમ તૈયાર છે, એટલે હું બોલાવવા આવ્યો છું.' બુવા પ્રેમાળ માની પેઠે હંમેશ મારી સંભાળ રાખતા. એમણે મને મરાઠીમાં કહ્યું, 'ઊઠો કાકા જમી આવો. પેટમાં કંઈક હોય તો રાત નીકળશે.' મેં કહ્યું, 'જે થશે તે આપણા બંનેનું થશે.' "તમારી અને મારી વાત સરખી નથી. મેં કેટલાયે ઉપવાસ વેઠ્યા છે. તમને ભારે પડશે. અને કાલે તમે અહીં અટકી પડો તો તમને મદદ કરવા જેટલી મારી શક્તિ નથી. હમણાં હમણાં જ તો તાવમાંથી ઊઠ્યો છું.' બુવાની વાત સાચી હતી. અકિંચન મુસાફરો વિવેકને વશ ન થાય. એટલે મેં જમવા જવાનું સ્વીકાર્યું. એક દુકાનની અંદર એક મારવાડી શેઠ જમવાની તૈયારી કરીને બેઠો હતો. એની સાથે એના કોઈ નાતીલા અને નોકરો પણ હતા. રોલ્ડગોલ્ડનાં મારાં ચશ્માં જોઈ એને થયું આ કોઈ ભણેલા સાધુ દેખાય છે એટલે એના મનમાં માન વધ્યું. હાથપગ ધોવા ગરમ પાણી આપી મારે બેસવા એ લોકોએ

કામળો આપ્યો. અને ત્રણ જણ ખાઈ શકે એટલું બધું મારી આગળ પીરસ્યું અને એક પીતળનો લોટો દૂધથી ભરીને પાસે રાખ્યો. મેં શેઠને કહ્યું, 'મને શું તમે બકાસુર ધાર્યો કે આટલું બધું ખાવાનું મૂક્યું?' શેઠ કહે, 'શ્રદ્ધા હોય તેટલું ખાજો. બાકીનું પડતું મૂકજો.' મેં કહ્યું, 'એ ધર્મ નથી.' બીજી થાળીમાં મારે જોઈતું મેં લીધું અને શેઠને કહ્યું, 'તમને તકલીફ થતી ન હોય તો આ દૂધનો લોટો પેલા ચિનાર તળે એક મૂર્તિ સૂતી છે એને પહોંચાડો.'

'તો એમને પણ જમવા કેમ ન લઈ આવ્યા?'

'એ કોઈના હાથનું રાંધેલું ખાતા નથી. એ ચુસ્ત દક્ષિણી બ્રાહ્મણ છે. આ ગરમ દૂધ એમને કામ આવશે.' મને તેડીને આવેલો નોકર એ લોટો ઊંચકીને બુવાને આપી આવ્યો. હું જમ્યો. ભાતમાં ઘી એટલું બધું હતું કે પેટમાં સખત ભૂખ ન હોત તો એ ખાવાની જ મેં ના પાડી હોત. પકોડા તો હતા જ અને કચોરી પણ ખરી.

'ભગવન્, આપ અંગ્રેજી શીખ્યા છો?'

'થોડુંક આવડે છે ખરું.'

'ક્યાં સુધી ભણ્યા છો ભગવન્? આમ અમારાથી પુછાય નહિ એ જાણીએ છીએ. કહેવામાં વાંધો હોય તો નહિ કહેતા.'

'વાંધો શાનો હોય? કૉલેજમાં બી. એ. નું ભણતર પૂરું કર્યું છે.'

'અહો ધનભાગ્ય અમારાં! અને સંસ્કૃત પણ જાણતા હશો.'

મેં કહ્યું, 'અમારે ત્યાં ઘણાખરા વિદ્યાર્થીઓ કૉલેજમાં બીજી ભાષા તરીકે સંસ્કૃત જ લે છે.'

પછી તો પૂછવું જ શું? આપણો અતિથિ ચારે ઇલ્મ જાણે છે એ જાણીને બધા ખુશ થયા. ચાર ઇલ્મ એટલે અંગ્રેજી, સંસ્કૃત, ઉર્દૂ અને શાસ્ત્રી (શાસ્ત્રી એટલે હિંદી). હું ઉર્દૂ જાણતો હઈશ એમ એમણે માની જ લીધું. પંજાબ અને કાશ્મીર તરફ ઉર્દૂ ન જાણનાર ક્યાંથી હોય? એ લોકોએ મને ધર્મ, અર્થ, કામ, મોક્ષના કેટલાયે સવાલો પૂછ્યા. ધરાયેલો બ્રાહ્મણ વાતો

કરતાં ડરે નહિ. એટલે મેં પણ એમને એમના બધા સવાલોના યથામતિ જવાબો આપ્યા.

હું પાછો ચિનાર તળે ગયો. ત્યાં સેવકરામ અને બુવાની વાતો ચાલતી હતી. બુવા કહે, 'ક્ષીરભવાનીએ મને ક્ષીરનો એક લોટો મોકલ્યો. ગરમ ગરમ ખાસું દૂધ મળ્યા પછી માણસને બીજું જોઈએ શું?'

સેવકરામની શ્રદ્ધા હવે દૃઢ થઈ હતી. હું શી રીતે ગયો, ત્યાં શું ખાધું, શી શી વાતો કરી, એ બધું કહ્યું, એટલે સેવકરામ નિસાસો નાંખીને કહે, 'ક્ષીરભવાનીએ પોતાનો પરચો બતાવ્યો એટલું જ નહિ, પણ જેને જે ખોરાકની ટેવ હતી તે જ ખોરાક અચૂક આપ્યો. મારા નસીબમાં સવારનો ઠંડો ભાત અને કડમની ભાજી હતી. માણસનું કરમ કંઈ એને છોડે?' બુવા કહે, 'અને મને દૂધ કરતાં વધારે કશું જોઈતું જ નહોતું.'

અમે સૂઈ ગયા. સવારે એ જ ઓટલા પાસે એક મહારાજ પૂરીઓ તૈયાર કરતો હતો. એની પાસે ઘણી વાસી પૂરીઓ હતી. એ એક તાજી પૂરી તૈયાર કરતો જાય અને એના પર એક વાસી મૂકતો જાય. આમ તાજી અને વાસીને ઓતપ્રોત કરી એણે બધો માલ સુધાર્યો. સેવકરામે એની ખૂબ ઝાટકણી કાઢી. 'ક્ષીરભવાનીના બેટ ઉપર આવી હરામી કર્યે તારું કોઈ કાળે ભલું નથી થવાનું.'

'તે ક્ષીરભવાની મને ખવડાવવાનું માથે લે તો હું ધંધો જ નહિ કરું. ગઈ કાલે ઘરાકોએ બધી પૂરી મારી પાસેથી ખરીદી હોત તો આજે એમને આમ વાસી પૂરી ખાવી ન પડત.'

એને મન બધા ઘરાક મળીને એક વર્ગ હતો અને તેઓ એકબીજા માટે જવાબદાર હતા. આપણે પણ એ જ ઢબે વિચાર નથી કરતા?

વણિકપુત્ર પછી છ મહિનાની અંદર પરણ્યો કે નહિ તેની આપણને કોણ ખબર આપે? એટલે એટલો પરચો રહી જ ગયો!

ડિસેમ્બર, ૧૯૩૦

સ્વર્ગમાં નરક

કાશ્મીરને પૃથ્વી ઉપરનું સ્વર્ગ કહેવામાં આવે છે અને સાચે જ ત્યાંનું કુદરતી સૌન્દર્ય — ત્યાંના જલસ્રોત, મોટાં મોટાં તળાવો ને તેમાંનાં અગણિત કમળો, ફૂલ, પાન, અને ફળ, યોગી જેવા ધ્યાનગંભીર પહાડો અને બાળકની ચિત્તવૃત્તિ જેવા ચંચળ મેઘ — બધું જ સ્વર્ગીય છે. બારામુલ્લા (વરાહમૂલમ્) થી માંડીને ઠેઠ અમરનાથ સુધી અમે ખૂબ રખડ્યા, ઘણીએ વસ્તુઓ જોઈ, ઠીક ઠીક વાંચ્યું, ફળ અને મૂળ ખાધાં; સાધુસંતોનાં દર્શન લીધાં અને ત્યાંની કારીગરીનાં દર્શનથી આંખને તૃપ્ત કરી. ઝૂંપડીમાં રહેનારા ગરીબ ખેડૂતનું આતિથ્ય ચાખ્યું અને 'ક્ષીણે પુણ્યે' જમ્મૂના રસ્તે થઈને મર્ત્યલોકમાં આવવા માટે તૈયાર થયા.

હિમાલયમાં તે વખતે લગભગ અઢી હજાર માઈલની યાત્રા અમે પગપાળા પૂરી કરી હતી. દરમ્યાન અમારા બન્નેનાં શરીરમાં મૅલેરિયાએ ઘર ઘાલ્યું હતું. બુવા અને હું એટલા થાકી ગયા હતા કે એક પાણીનો લોટો ઊંચકવો પણ ભારે પડતો. શ્રીનગરથી ખનબલ સુધી જવા માટે અમે એક ડૂંગી ભાડે રાખી અને તેમાં સવાર થયા. નદીનો પ્રવાસ અમને બહુ જ રમણીય લાગ્યો; પણ હોડીવાળો અમને બીજબારા સુધી જ લઈ ગયો. આગળ જવાની તેણે સાફ ના પાડી. તેની ભાષા

સમજવી તો મુશ્કેલ જ હતી; પણ તેણે અમને સમજાવ્યું કે 'અહીંથી થોડે છેટે આજકાલ હોડીઓ વેડે પકડાય છે; આગળ જઈશ તો મારી હોડી વેઠે પકડી જશે.' અમે તેની સાથે ખૂબ લડયા, અમે કહ્યું કે જ્યાં સુધીનું ભાડું અમે તને આપ્યું છે ત્યાં સુધી તો તારે અમને લઈ જવા જ પડશે. એ કહેવા લાગ્યો કે 'પ્રાણ જાય તોય હું આગળ જવાનો નથી,' અને અમે પણ ઠાસીને કહ્યું કે ખનબલ પહોંચ્યા પહેલાં અમે હોડી છોડવાના નથી. એમ એક સત્યાગ્રહ જ શરૂ થયો. પણ મારો પક્ષ ધર્મપક્ષ હતો એમ કેમ કહી શકું ?

એ બિચારાની સ્થિતિ હું સમજી શકતો હતો, પણ ઇલાજ શો ? क्षीणा. नरा निष्करुणा भवन्ति !

છેવટે મારા હૃદયમાં ધર્મબુદ્ધિ જાગી અને નાવને ત્યાં જ પડતી મૂકી અમે બંને અમારો સામાન લઈ આગળ ચાલવા મંડયા. અમને આશા હતી કે ખનબલમાં એકાદ વાહન કે મજૂર મળશે અને પછી ત્યાંથી 'પીરપુંજાલ'નો પહાડ ઓળંગીને અમે સુખેથી જમ્મુ પહોંચી જઈશું. પણ ખનબલમાં મજૂર કે ઘોડો, કશું જ મળી શક્યું નહિ. લોકોએ કહ્યું કે અહીં મજૂર આમ ન મળી શકે. મામલેદારને અરજી કર્યા પછી જ સરકારની મારફત મજૂર મળી શકે. મામલેદારને ત્યાં અમે ગયા. મને સાધુના વેષમાં જોઈને હું કંઈ દાન માગવા આવ્યો હઈશ એવું તેણે અનુમાન કર્યું અને તરત ઘરની અંદર જઈ કહેવડાવ્યું કે 'મામલેદાર સાહેબ ઘેર નથી.' હવે શું કરવું ? મજૂર કેવી રીતે મેળવવો ? અને તે જો ન મળે તો સામાનનું શું કરવું ? અમારા બુવા બીજાનું રાંધેલું ખાતા નહિ તેથી તેમને માટે અમારે તવો, તપેલી વગેરે રાંધવાનાં વાસણો પણ સાથે રાખવાં પડતાં. અમે માંદા ન હોત તો આ બોજો અમારે માટે ભારે ન હતો પણ આજે તો અમને મજૂર વગર ચાલે તેમ ન હતું.

સંકટમાં પડેલા પ્રાણીને કોઈ ને કોઈ યુક્તિ સૂઝે જ છે. મજૂર મેળવી આપવા માટે મેં એક અરજી અંગ્રેજીમાં લખી અને જાતે મામલેદારની કચેરીમાં આપી આવ્યો. મારો વેષ તો પહેલાનો જ હતો પણ અંગ્રેજીએ મારું કામ પાર પાડયું. મામલેદાર સાહેબે

તાબડતોબ હુકમ આપ્યો કે "આમને અત્યારે ને અત્યારે એક મજૂર આપો."

તે જ દિવસે થોડી કાશ્મીરી ફોજ પણ જમ્મુ જવાની હતી. તેને માટે પણ મજૂરોની જરૂર હતી જ. સંખ્યાબંધ મજૂરો અને ટટ્ટુઓને પકડી આણવામાં આવ્યાં. લશ્કરવાળાઓએ પોતાના મજૂર પસંદ કરી લીધા. અને અમારે ભાગે એક હાથ તૂટેલો ઠૂંઠો મજૂર આવ્યો. અમે અમારા સામાનનું એક પોટલું બાંધ્યું અને તેના માથા પર ચડાવ્યું. તેણે પોતાના અદ્વિતીય હાથથી તે પકડી રાખ્યું. અમે ચાલ્યા. અમારી વાતો પણ અમારી સાથે જ ચાલવા લાગી. શરૂઆત તો હાથ તૂટવાના કારણ પૂછવાની સાથે થઈ. મારા પૂછવાથી ઘેર કોણ કોણ છે, ખેતી કેટલી છે વગેરે હકીકત તેણે જણાવી. નસીબ ઉપર હવાલો નાખી જીવન વિતાડનાર ખેડૂતવર્ગનો તે એક ભોળો પ્રતિનિધિ હતો. મારા મનમાં દયા ઉપજાવવાની કળા પણ તે ભોળા પાસે ન હતી. અથવા આ દુનિયામાં કોઈ કોઈની દયા ખાશે કે મધ્યમવર્ગના માણસનું હૃદય કોઈ દિવસ પીગળશે એવી તેને આશા પણ ન હોય. ભિક્ષા પર નભનાર આ સાધુ મધ્યમવર્ગમાંનો જ છે એ તો મારાં રોલ્ડગોલ્ડનાં ચશ્માં જ કહેતાં હતાં. તે ભોળો ખેડૂત પૂરેપૂરી નિખાલસતાથી પોતાનું વીતક કહ્યે જતો હતો. તેને ખબર પણ ન હતી કે અજાણપણે તે મારા હૃદયમાં વિષાદનું એક તીક્ષ્ણ ખંજર ધીમે ધીમે ઊંડું ભોંકતો હતો.

તે બિચારા ગામડિયાની કહાણી હવે પૂરતી ધ્યાનમાં પણ નથી. "ખેતીના કટોકટીના દિવસ છે, ઘરમાં કોક માંદું છે, હમણાં જ પરણેલો તરુણ છોકરો બાપનું કહ્યું માનતો નથી, ઘરમાંની એકની એક ગાલ્લી ભાંગી ગઈ છે, એકલે હાથે જ બધું વેતરું કરવું પડે છે." વગેરે મતલબની તેની સર્વસાધારણ કહાણી હતી. હું મનમાં વિચાર કરવા લાગ્યો કે હું આ શું કરી રહ્યો છું. અહીંની સરકારની મદદ લઈને ઓછામાં ઓછી મજૂરીએ મેં એક ગુલામ મારા કામ માટે પકડાવી આણ્યો છે. મારી સેવા કરવાની તેની તલભાર પણ ઇચ્છા નથી. કેવળ લાચાર થઈને

તે મારો સામાન માથે ઉપાડીને મારી સાથે ચાલી રહ્યો છે. મારી પ્રાર્થનામાંનો એક શ્લોક લાલ આંખ કરી મને કહેવા લાગ્યો—

न जातु कामान्न भयान्न लोभात् धर्मं त्यजेत् जीवितस्यापि हेतोः ।

શરીર કહેવા લાગ્યું — પણ આટલો બોજો લઈ બસો પોણાબસો માઈલનો પ્રવાસ કેમ વેઠાશે? 'समर्थो धर्ममाचरेत् ।' જે સમર્થ છે તે જ ધર્મનું સંપૂર્ણ પાલન કરી શકે. સંકટ સમયે ગમે તેમ કરી નભાવી લેવું જોઈએ. આ બિચારાને થોડી મજૂરી મળવાની પણ આશા નથી. એટલે તેને ભરપૂર મજૂરી આપવી— થોડીક વધારે આપવી અને ગમે તેમ કરી માર્ગ વટાવવો, એ જ આપદ્ધર્મ છે.

આપદ્ધર્મનો યુક્તિવાદ હમેશાં સીધોસાદો દેખાય છે પણ તે મારા હૃદયે કબૂલ રાખ્યો નહિ. હૃદય બોલી ઊઠ્યું: તને અહીં કોણે બોલાવ્યો હતો? કયું મહાપરાક્રમ કરવા તું અહીં આવ્યો? યાત્રાને બહાને, ધર્મપ્રાપ્તિ માટે, આત્મશુદ્ધિ થાય તેટલા માટે તું અહીં આવ્યો. હિમાલય જેવી પરમાત્માની વિશાળ વિભૂતિનાં દર્શન કરીને પણ જો મન આટલું દુર્બળ અને સંકુચિત રહે તો યાત્રાનું ફળ શું આવ્યું? અને તું જમ્મુ ન જ જાઈ શકે તો શી મોટી આપત્તિ આવી પડવાની છે?

માણસ માણસને — પોતાના ભાઈને — પશુ બનાવે અને તેની મરજી વિરુદ્ધ દમદાટીથી તેની પાસેથી પોતાની ચાકરી કરાવે એ શું ન્યાય છે? આ બિચારો એક હાથ તૂટી ગયો છતાં સમાજ પાસે પેન્શન પણ માગતો નથી. સવારથી સાંજ સુધી અને એક ચોમાસાથી બીજા ચોમાસા સુધી થાય તેટલી મજૂરી કર્યે જ જાય છે. પોતાના પરસેવાનો કમાયેલો રોટલો ખાય છે, ને પોતાનાં બાલબચ્ચાંને ખવડાવે છે, અને આખી દુનિયા માટે અન્ન પેદા કરે છે. શું આ તેનો ગુનો છે? આટલી એક વાત સાચી કે થોડુંક અંગ્રેજી શીખીને ગરીબોને કેમ ચૂસવા તેની કેળવણી માત્ર તેને મળેલી નથી. અને તેથી જ સરકારી અમલદારો તેને જનાવરની જેમ પકડી આણી શકે છે અને મારા જેવા આયતું ખાનારાના કામ માટે જબરદસ્તીથી મોકલી શકે છે.

અમે જેમ તેમ કરીને તે દિવસના મુકામે જઈ પહોંચ્યા. અમે બન્ને સાથે આણેલા મગદળના લાડવા આરોગવા બેઠા અને એ બિચારો એકહસ્ત કિસાન કપડાના ચીંથરામાં બાંધી આણેલો ટાઢો ભાત કાઢીને તેના ફાકા મારવા લાગ્યો. તે બિચારો ખૂબ આનંદથી અને રુચિથી ટાઢો ભાત ખાતો હતો. પણ મારા લાડવા કેમે કરી મારા ગળાની નીચે ઊતરે જ નહિ, પેટમાં ભૂખ સારી પેઠે હતી પણ વચ્ચે જ હૃદય બોલતું, "કેમ ખાય છે? આ તો હરામખોરી છે." હું ઊઠ્યો ને બધા લાડુ તે મજૂરને આપી દીધા અને એને ખાવાનો આગ્રહ કર્યો. પણ તે તેના ગળા નીચે કેમ કરીને ઊતરે? તેને પોતાનાં બાલબચ્ચાં યાદ આવ્યાં. એકે લાડુ તેણે ખાધો નહિ. ભાતના ખાલી થયેલા લૂગડામાં તેણે તે બાંધી લીધા. મને સારું લાગ્યું; પણ તે જ વખતે દૂબળા શરીરને ફરી લોભ છૂટ્યો. મેં કહ્યું, "અરે ભાઈ, અહીં જેટલી મજૂરી અપાય છે તેટલી તને પૂરેપૂરી આપીશ. પણ થોડાક દિવસ મારી સાથે ચાલ. દરેક મુકામે જતાંવેંત બીજો મજૂર મેળવવાની કોશિશ કરીશ અને કોક મળી આવે કે તરત તને રજા આપીશ." માણસને ધર્મજ્ઞાન ગમે તેટલું થાઓ, પણ લાચારી અને લોભ તેને સ્વાર્થ તરફ ખેંચ્યા જ કરે છે. મારા બોલવામાં કંઈક દયા ને માણસાઈ જોઈને મજૂર બોલ્યો, "સરકારી કાયદા પ્રમાણે હું જમ્મુ સુધી જવાને બંધાયેલો છું. પણ જો આપ મને અહીં જ રજા આપો તો આપનો ભારે ઉપકાર થશે. મને સરકારી કાયદા મુજબની નામની મજૂરીય નથી જોઈતી ને તમે આપશો તે પૂરી મજૂરી પણ નથી જોઈતી. મને જવા દો એટલે બસ."

તેની આંખ વાટે ધર્મ આ વખતે મારી સામું જોતો હતો. ધર્મે પોકારીને કહ્યું: ખરેખર વેઠ–બેગાર મનુષ્યદ્રોહ છે, હૃદયદ્રોહ છે; વેઠે વળગાડનાર ને વેઠ કરનાર એ બંને ઉપનિષદની ભાષામાં 'આત્મહન્' છે. મારી આ પરિસ્થિતિની તુચ્છતાનો હું પૂર્ણ અનુભવ લઈ શક્યો. નિર્લજ્જ લોભ સુકાઈ ગયો અને વ્રીડાનો વિજય થયો. સામાનના બોજા કરતાં આ પાપનો બોજો છેવટે અસહ્ય થયો ત્યારે ઓટીમાંથી પૈસા કાઢીને મેં તેને આપ્યા અને કહ્યું, "અરે ભાઈ તું સુખેથી તારે ઘેર જા. મારું જે થવાનું હોય તે થાઓ." અમે

ત્રણે એકબીજા તરફ નજર ટેકવીને પ્રસન્ન થયા. અમને ત્રણેયને તે રાત્રે પોતપોતાને ઠેકાણે સત્યયુગની નિદ્રા મળી.

બીજે દિવસે જ્યારે ફોજના સૂબેદારને ખબર પડી કે અમે અમારા મજૂરને રાત્રે રજા આપી દીધી છે ત્યારે તેણે અમારો સામાન પોતાના એક ટટ્ટુ ઉપર લદાવવાની ગોઠવણ કરી આપી. એમ ટૂંકમાં, અમને અમારો સામાન ઊંચકવો ન પડ્યો એ ખરું; પણ રોજ ૨૦-૨૫ માઇલની ને ક્યારેક તો ૩૦-૩૦ માઇલની મજલ કરતા કરતા ફોજના વેગથી અમારે જમ્મુ જવાની ફરજ પડી. કોક કોક વખતે ઉજાગરા ને થાકને કારણે આંખે અંધારિયાં આવતાં અને દારૂડિયાની જેમ પગલાં પડતાં. પણ તેમાં હૃદયને સુખ હતું.

સપ્ટેમ્બર, ૧૯૩૬

પાલખીવાળો સંન્યાસી

અમે અમરનાથની યાત્રા માટે કાશ્મીર ગયા હતા — મારા મિત્ર રામદાસી સાધુ, અનંતબુવા અને હું. રાવલપિંડીથી ૨૦૦ માઈલનો પ્રવાસ આઠ દિવસમાં પગપાળા પૂરો કરી અમે શ્રીનગર પહોંચ્યા. રસ્તામાં અનેક સાધુઓ સાથે પરિચય થયો. તેમાંના મોટા ભાગના સ્વાભાવિકપણે જ પંજાબ તરફના સંન્યાસીઓ હતા. ઠેકઠેકાણે શીખ *ધર્મશાળામાં ઊતરવાની સગવડ હતી. ધર્મશાળા-માંના *ગ્રંથીઓ હંમેશ સજ્જનો જ મળી આવતા. કેટલાક હાથપગ ધોવા સારુ ગરમ પાણી આપે, તો કોઈ હાથમાં સાવરણી લઈ જાતે વાળી કરી અમને ત્યાં અમારું આસન પાથરવા આગ્રહ કરે. સાધુઓની સંખ્યા ખૂબ વધી જતી તો આ ગ્રંથીઓ પોતાને ત્યાંના બધા જ કામળા ઓઢવા પાથરવા આપી દેતા!

અમારા અનંતબુવા મહારાષ્ટ્રના દેશસ્થ બ્રાહ્મણ. બીજા કોઈના હાથની રસોઈ તેમને ન ખપે, તેમને પોતાને હાથે જ રાંધવાનું છે એવી ખબર પડે એટલે ગ્રંથીઓ તેમને સાથે લઈ લોટ, દાળ,

---

* શીખોનાં મંદિરોમાં મૂર્તિઓ નથી હોતી. ત્યાં તેઓ તેમના ધર્મપુસ્તક 'ગ્રંથ સાહેબ'ની પૂજા કરે છે. આવાં મંદિરોને તે તરફ 'ધર્મશાળા' કહેવામાં આવે છે. અને ગ્રંથ સાહેબની પૂજા કરનાર પૂજારીઓને ગ્રંથી કહે છે.

મીઠું, ઘી વગેરેની ભિક્ષા માગવા માટે ગામમાં ફરતા. શ્રદ્ધાભક્તિ-પૂર્વક સાધુઓની આટલી સેવા થતી જોઈ શીખધર્મ અને શીખ સમાજ વિષે મારા મનમાં ભારે આદરભાવ જાગ્યો. આ ગ્રંથીમાંના કેટલાક તો ધર્મની ચર્ચા પણ કરતા. કેટલાક સારાં ભજનો ગાઈ સંભળાવતા. પ્રવાસી સાધુને જગતની ભલમનસાઈનો સારી પેઠે અનુભવ થાય છે. દોષ જોવા માટે તો એક જ ઠેકાણે લાંબા વખત સુધી રહેવું જોઈએ. આ શીખ ધર્મશાળાઓમાં જો કંઈ ગોટાળો હોય તો તે મારા ધ્યાનમાં કદાપિ આવ્યો નહિ.

અહીંના ગૃહસ્થી લોકોની શ્રદ્ધા જોઈને હું તો ચકિત થયો. પણ સાધુ લોકોનું જીવન આવી શ્રદ્ધાને માટે લાયક હતું એમ હું ન કહી શકું. સાધુઓનાં બ્રહ્મચર્ય કે નૈતિક જીવનની વાત હું અહીં નથી કરતો. સામાન્ય વ્યવહારમાં જે સજ્જનતા, ભલાઈ અને ખાનદાની હોવાં જોઈએ તેનો મોટે ભાગે અભાવ જોવામાં આવતો. વાત વાતમાં આ લોકો લડી પડતા, કોઈ પોચા દિલનો ભક્ત નજરે પડે કે તેની પાસેથી વધારેમાં વધારે લાભ પડાવવા તેઓ અંદર અંદર કાવતરાં રચતા. છતાં "भिक्षुको भिक्षुकं दृष्ट्वा श्वानवद् घुर्घुरायते।" એ જ અનુભવ બધે થતો. તેમાંના કેટલાક સાધુઓ આર્યવૃત્તિવાળા, અત્યંત ક્ષમાશીલ, ધીર, ગંભીર અને સહિષ્ણુ જરૂર હતા. ધંધાદારી સાધુઓની હીન વૃત્તિ જોઈને તેમને ખૂબ ખેદ ઊપજતો; પણ કહેવાથી કશું વળવાનું નથી એ પણ તેઓ જાણતા હતા. તેથી કલિકાલનું માહાત્મ્ય ઓળખીને નિરાંતે બેસી રહેતા.

અહીં મસૂરી–ટેહરીના રસ્તા ઉપર અન્ય સમયે બનેલી એક ઘટના યાદ આવે છે. અમે એક ગામમાં જઈને એક સારા એવા ઘરમાં જઈને 'અમારા ભોજનની કંઈ ગોઠવણ કરો' એમ ઘરધણીને કહ્યું. તે ગૃહસ્થે સીધી ના જ પરખાવી. અમે પાછા ફર્યા. તેના નકારથી અમને જેટલું આશ્ચર્ય થયું તેથી વધારે આશ્ચર્ય કશું બોલ્યાચાલ્યા વગર અમે પાછા ફર્યા તેથી તે ગૃહસ્થને થયું. તે ગૃહસ્થે અમને પાછા બોલાવીને કહ્યું, "ઘણા સાધુઓ આવીને અમારી સતામણી કરે છે, ખાવા બેઠા પછી અનેક જાતની વસ્તુઓ માગે, ન આપીએ તો ગાળો આપીને કહે છે કે જમાડવાનું પ્રથમ

વચન શા સારુ આપ્યું હતું? તેથી હું હવે કોઈને પણ જમાડતો નથી. તમે સજ્જન દેખાઓ છો. હું તમને જે કાંઈ અને જેટલું ખવડાવું તેથી જો તમને સંતોષ થતો હોય તો તમારા ખાવાની હું ગોઠવણ કરી શકું.''

અમે તરત હા પાડી. એક કલાકની અંદર ગરમ ગરમ ખાદ્ય પદાર્થોથી ભરેલી ચાર થાળી તે યજમાને અમારી આગળ આણીને ધરી. અમે ચાર મૂર્તિઓ હતા. અમે જોયું કે બધાને માટે એક થાળી જ પૂરતી હતી. ચાર પતરાળાં મંગાવીને અમે ત્રણ થાળીઓ પાછી મોકલી દીધી. યજમાનને ખૂબ નવાઈ લાગી, સાથે સાથે તેને દુઃખ પણ થયું. તેણે કહ્યું, "આવા સાધુઓ મારા જોવામાં કદી આવ્યા નથી. તમે વધારે માગશો એ અપેક્ષાએ ઘરમાં હજી વધારે રસોઈ તૈયાર કરી રાખી છે. પણ તમે તો હું લાવ્યો છું એટલું પણ ખાતા નથી!''

પણ ટેહરીની આ વાતને ત્યાં જ પડતી મૂકી આપણે આપણા કાશ્મીરના પ્રવાસ તરફ વળીએ. અમે જ્યાં જતા ત્યાં ડુંગળી ને બટાટાનું શાક મળતું. મહારાષ્ટ્રીય બ્રાહ્મણોને ડુંગળી સાધારણપણે ન ખપે. અને અમારી સાથેના પંજાબી સંન્યાસીઓને ડુંગળી ન હોય તો બટાટાનું શાક ગળાની નીચે ન ઊતરે. છેવટે મેં જ વિચાર કર્યો કે બબ્બે શાક રંધાવવામાં કંઈ માણસાઈ નથી. ડુંગળી એટલે શ્વેતવર્ણ શાલિગ્રામ જ. ઊભા કાપીએ તો શંખ થાય અને આડા કાપીએ તો ચક્ર થાય. એને નિષિદ્ધ માનવા યોગ્ય નથી. પછી તો હું મારા ભાણામાંથી ડુંગળીના કટકા વીણી વીણીને પંજાબી સાથીઓને આપતો અને માત્ર બટાટા હું ખાતો.

શ્રીનગરમાં ગયા બાદ અમે નારાયણમઠમાં ઊતર્યા. ભોજન પછી મઠપતિએ સવાલ કર્યો, "તમને ભિક્ષા મળી કે?" હું સાધુના વેષમાં યાત્રા કરતો હતો; સમાજનિરીક્ષણ કરવાના હેતુથી જો કે મેં ભિક્ષાવ્રત લીધું હતું તો પણ જ્યારે મઠાધિપતિએ મારા જેવા મહેમાનને પૂછ્યું, 'તમને ભિક્ષા મળી કે?' ત્યારે મને ખૂબ વિચિત્ર લાગ્યું. ગૃહસ્થી જીવનને ટેવાયેલા મારા કાનને "તમારું ભોજન થયું કે?" એવો સવાલ સાંભળવાની ટેવ હતી. ભિક્ષા

માગવા પ્રત્યે મને એટલી ઘૃણા ન હતી જેટલી ભિક્ષા શબ્દ સાંભળવા પ્રત્યે. એક ક્ષણમાત્ર વિચાર કરતાં હું મારા મનને સમજાવી શક્યો કે સાધુઓનું ભોજન માત્ર ભિક્ષા જ છે.

શ્રીનગરમાં જુદા જુદા પ્રાંતના અનેક સાધુઓ અમરનાથની યાત્રા માટે આવ્યા હતા. કાશ્મીર રાજ્ય તરફથી તેમને ભોજન મળતું હતું અને તમાકુ માટે થોડાક પૈસા પણ મળતા. એક સાધુએ જઈને મારું નામ લખાવ્યું ને મારા ભાગના તમાકુના પૈસા તે ઉધરાવી લાવ્યો. આખા જન્મારામાં મેં તમાકુ કે બીડીનો સ્પર્શ સરખો હોઠને થવા દીધો નથી; પણ કાશ્મીર રાજ્યના હિસાબના ચોપડામાં બ્રહ્મચારી દત્તાત્રેયને નામે તમાકુના પૈસા ઊધરેલા આજે પણ મળી આવે તેમ છે.

એક વૃદ્ધ સંન્યાસી તે જ વરસે અમરનાથની યાત્રા માટે શ્રીનગર આવ્યો હતો. જગત તેને ઓળખતું ન હતું એ કાંઈ તેનો દોષ નહોતો. એ પોતે પોતાની યોગ્યતા પૂરેપૂરી જાણતો હતો. તેનો ત્યાગ ને વૈરાગ્ય, તેનું જ્ઞાન ને ભક્તિ, તેનું શાસ્ત્રાધ્યયન ને અનુભવ એ બધું લોકોત્તર હતું એ વિષે તેના મનમાં રતીભાર પણ શંકા ન હતી. શ્રીનગરમાં આવતાંવેંત જ તેણે રાજ્યના અધિકારીઓને કહ્યું કે મારે અમરનાથ જવા માટે એક પાલખી જોઈએ. આ યાજ્ઞવલ્કય, અથવા મંડનમિશ્ર શ્રીનગર સુધી કયા વાહન ઉપર આરૂઢ થઈને આવેલા તેનો કોઈને જ પત્તો લાગ્યો નહિ. અમલદારોએ એમને ખૂબ સમજાવ્યા. સાધુની હઠ જોઈને તેમણે એક ઘોડો આપવાનું કબૂલ્યું. પણ હિમાલયના જેવો જેનો નિશ્ચય દૃઢ છે એવો સાધુ પોતાના શબ્દ પાછા લે ખરો? ' હું પાલખી જ લઈશ ' એમ તેણે તો ચોખ્ખું કહી નાખ્યું.

અમલદારો થાકયા, કંટાળ્યા અને ત્યાંથી નીકળી ગયા. પેલા સંન્યાસીએ તો ઉપવાસ શરૂ કર્યા. ચાર દિવસ ગયા, આઠ ગયા. કોઈએ તેની પૂછપરછ સરખી ન કરી. તેની પ્રાણશક્તિ ક્ષીણ થઈ, હવે તેને કોઈ પાલખી આપત તોય તે અમરનાથની યાત્રા ન કરી શકત. લોકોએ તેને ખુલ્લા મેદાન ઉપર એક ખાટલો પાથરી તેના ઉપર સુવાડયો હતો. ભોળા લોકો તેને સમજાવવાના પ્રયત્ન કરતા હતા. પણ ગીતામાં કહ્યું છે કે જે ત્રિગુણાતીત થયો છે તેને

તમોગુણ માટે ઘૃણાય નથી હોતી કે આદરેય નથી હોતો. મૂઢગ્રાહ (હઠવાદીપણું) હોય તોય શું? એ પણ એક જાતનું તપ તો છે જ ને? સાધુએ તપથી ચ્યુત ન થવું જોઈએ. "प्राण जाय अरु बचन न जाइ!" સંન્યાસીએ એ જ ખાટલા ઉપર એક ભગવી ચાદર નીચે પોતાના હાથપગ લાંબા કરી પ્રાણત્યાગ કર્યો.

જીવતાં જેની પ્રતિષ્ઠા સમાજે માન્ય ન રાખી તેની કીર્તિ તેના મરણ પછી આખા શ્રીનગરમાં ફેલાઈ. કેટલાક શ્રદ્ધાળુ લોકો એનાં દર્શન માટે ત્યાં જઈ પહોંચ્યા. અનંત બુવાને લઈને હું પણ ત્યાં જઈ પહોંચ્યો. સંન્યાસીના કપાળ ઉપર મનુષ્યસમાજની બેદરકારી માટે તીવ્ર ક્રોધ છવાયેલો સ્પષ્ટ દેખાતો હતો. જોતાંવેંત જ મનમાં મારી ખાતરી થઈ કે આ સાધુ મનુષ્યયોનિમાં ફરી આવવાનું કદી પસંદ નહિ કરે!

મનુષ્યનો પ્રાણ એક અદ્ભુત વસ્તુ છે. પ્રાણનું મૂલ્ય આપીને માણસ જે કંઈ કરે છે તેની કિંમત માનવી મનમાં વધતી જ જાય છે. મોટા મોટા ખૂની લોકો પણ પ્રાણદંડ મળતાં પોતાને માટે મનુષ્યસમાજની સહાનુભૂતિ મેળવે છે. સંન્યાસી જીવતો હતો ત્યાં સુધી તેની હઠ બધાને ઘૃણાસ્પદ લાગતી હતી; અને અમલદારોની દૃઢતા બધાને યોગ્ય લાગતી હતી. સંન્યાસીએ મરીને પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરી. હવે રાજ્યાધિકારીઓ તેની આગળ નાના દેખાવા લાગ્યા. સંન્યાસીના શબ આગળ ઊભા રહીને મેં ઈશોપનિષદ્નો પાઠ કર્યો. "वायुरनिलममृतमथेदं भस्मान्तं शरीरम् । ॐ क्रतो स्मर कृतं स्मर क्रतो स्मर कृतं स्मर ॥ अग्ने नय सुपथा राये अस्मान् विश्वानि देव वयुनानि विद्वान् । युयोध्यस्मद् जुहुराणमेनो भूयिष्ठां ते नम उक्तिं विधेम ॥"

શાન્તિપાઠ પૂરો થતાં મારી ભક્તિદૃષ્ટિ ઊઘડી અને મેં ચર્મચક્ષુથી નહિ પણ કલ્પનાદૃષ્ટિથી એક પાલખી આકાશમાંથી ઊતરતી જોઈ. અમરનાથ મહાદેવના દૂતોએ સંન્યાસીને ઊંચકી પાલખીમાં મૂક્યો અને તે જ આકાશમાર્ગે ખનબલ, જનકમહેલ તથા શેશનાગ થઈને વૈતરણી ઓળંગીને ભૂતનાથ અમરનાથના ચરણો પાસે તેને લઈ ગયા!

જૂન, ૧૯૩૬

નિર્વાણ ધામ કુશીનારા

બુદ્ધ ભગવાને કહ્યું હશે અથવા એમના કોઈ શિષ્યે એમના મોઢામાં મૂક્યું હશે પણ ત્રિપિટક ગ્રંથમાં છે કે તથાગત જ્યાં જન્મ્યા, જ્યાં એમને બોધિજ્ઞાન પ્રાપ્ત થયું, જે ઠેકાણે એમણે પોતાના સાથીઓને પહેલવહેલો ધર્મોપદેશ કરી ધર્મચક્ર ચલાવ્યું, અને જ્યાં તથાગતનું પરિનિર્વાણ થયું એ ચાર સ્થાનો બુદ્ધ ભગવાનને મતે અત્યંત પવિત્ર ગણાશે અને દેશદેશાંતરના લોકો એ સ્થાનોની યાત્રાએ આવશે.

બુદ્ધ ભગવાનને જ્યાં બોધિ પ્રાપ્ત થઈ તે સ્થાન એટલે કે બૌદ્ધગયા સૌથી પ્રથમ જોવા પામ્યો હતો. વૈરાગ્યની મસ્તીમાં ઘર છોડી હિમાલય જતાં વચમાં જે ત્રિસ્થળીની યાત્રા કરી હતી તે વખતે બૌદ્ધગયાનું સ્થાન જોયું હતું. બોધિવૃક્ષ તળે અથવા એના કોઈ ઉત્તરાધિકારી છોડ તળે જ્યારે ઉત્કંઠ ભક્તિથી સાષ્ટાંગ પ્રણિપાત કર્યાં ત્યારે ગેબી અવાજ સંભળાયો કે ત્યાગ કરવો પ્રમાણમાં સહેલો છે પણ એ ત્યાગને છાજે એવું જીવન વિતાડવું એ અઘરું છે.

એ દીક્ષા-વચનની અસર તળે જ હું એ ઠેકાણે ગયો જ્યાં બુદ્ધ ભગવાને પોતા પ્રત્યે અશ્રદ્ધા કેળવેલા ચાર સાથીઓને ધર્મોપદેશ કર્યો. સારનાથ એ એ સ્થાનનું આજનું નામ છે. પહેલાં

એને મગદાવ અથવા ઋષિપત્તન કહેતા હતા. આ સ્થાન બનારસથી બહુ દૂર નથી. સમ્રાટ અશોકે દુનિયામાં અત્યંત રૂપાળો એવો એક શિલાસ્તંભ ત્યાં ઊભો કર્યો હતો. આજે એ જ ઠેકાણે સ્વર્ગસ્થ અનગારિક ધર્મપાલ જેવાઓના પુરુષાર્થથી મૂલગંધ કુટિવિહાર સ્થપાયો છે. અને એ વિહારમાં બુદ્ધ ભગવાનનાં અસ્થિઓના અવશેષ મૂકવામાં આવ્યા છે.

૮૦ વરસની અખંડ સેવાને અંતે બુદ્ધ ભગવાને પોતાનો દેહ જ્યાં છોડયો અને દુનિયાના તમામ સત્ત્વોના અખંડ કલ્યાણની કામના જ પોતાની પાછળ રહેવા દીધી એ સ્થાન ક્યારનું બોલાવતું હતું. બુદ્ધશિષ્ય દિવ્યચક્ષુ અનુરુદ્ધનો સત્સંગ મારે ત્યાં કરવો હતો.

તથાગતના પરિનિર્વાણનું સ્થાન તે કુશીનારા. તે ગોરખપુરની પૂર્વે ૩૦–૩૫ માઇલ ઉપર છે.

યુક્તપ્રાંતમાં ગંગામાતાની સમૃદ્ધિને કારણે મોટાં મોટાં શહેરો ઘણાં છે. તેમાંયે ગોરખપુરનું આકર્ષણ વિશેષ છે. રામગઢ નામના એક વિશાળ તાલને કાંઠે વસેલું આ શહેર કોઈ પણ સમ્રાટની રાજધાની તરીકે શોભે એવું છે. ગોરખપુરથી કુશીનારાનો રસ્તો બાળકોના હૃદય જેવો સીધો અને યૌવનના ઉલ્લાસ જેવો ઉજ્જવળ છે. ડાંગરની ખેતીનો સમુદ્ર ચારે તરફ પથરાયેલો છે અને એની વચમાં વૃદ્ધ આંબાવાડીના બેટો દૂરથી એકબીજા સાથે વાતો કરે છે. એક એક આંબાવાડી જાણે એક એક ધર્મપરિષદ. એક ઠેકાણે સો બસો કુમાર આમ્રવૃક્ષો વચ્ચે આચાર્ય સમો એક વૃદ્ધ વૃક્ષ હતો. શું એ લોકો બૌદ્ધધર્મની ચર્ચા કરતા હશે? કે હિંદુધર્મમાં બૌદ્ધ ધર્મનું સ્થાન શું છે એનો નિર્ણય કરતા હશે?

કુશીનારામાં જોવા લાયક ત્રણ ચાર સ્થાનો છે. નવાં સ્થાનોમાં શ્રી. જુગલકિશોર બિરલાએ હમણાં હમણાં બાંધેલી આલીશાન ધર્મશાળા અને ચંદ્રમણિ કરીને આરાકાનના સાધુએ બાંધેલો પોતાનો મઠ.

ચંદ્રમણિ સાધુ હિંદી ઠીક ઠીક બોલે છે. બૌદ્ધ સાહિત્ય એણે ભક્તની નિષ્ઠાથી વાંચ્યું છે. અને જ્યારે અડવી અડવી લાગતી એની હિંદી ભાષામાં બુદ્ધજીવનના પ્રસંગો એ વર્ણવે છે ત્યારે જાણે બુદ્ધકાલીન કોઈ ભોળો સાધુ ફરી વાર જન્મ ધારણ

કરી જાતિ જોયેલી વાતો જ કહેતો હોય એવા રસથી અને એવી શૈલીથી આપણને એ નવડાવે છે.

એના મઠમાં જે બુદ્ધની મૂર્તિ છે એનો પણ જાણવા લાયક ઇતિહાસ છે. કોઈ સ્કૉટિશ અમલદાર એ મૂર્તિ હિંદુસ્તાનની કારીગરીના નમૂના તરીકે વિલાયત લઈ ગયેલો. એના દીકરાના દીકરાને સૂઝી આવ્યું કે આવી પૂજાની મૂર્તિ આપણે ત્યાં એક શોભાની ચીજ તરીકે રાખીએ એ ઠીક નથી. એમણે વિવેકપૂર્વક એ મૂર્તિ હિંદુસ્તાન પાછી મોકલી અને હવે એ કુશીનારામાં દેશદેશાંતરના બૌદ્ધ યાત્રીઓને કલ્યાણધર્મના આશીર્વાદ દેતી રહી છે. હિંદુસ્તાનમાંથી પરદેશ ગયેલી અપ્રતિમ વસ્તુઓ જો આવી જ રીતે સ્વદેશ પાછી આવી જાય તો ઇંગ્લંડ અને હિંદુસ્તાન વચ્ચે આધ્યાત્મિક બંધુત્વ સહેજે સ્થપાય. એ મૂર્તિ પાછી આપનાર ભાઈ બહેનોનો કાગળ જ્યારે મેં વાંચ્યો ત્યારે ઇંગ્લંડ વિષે મારી વધતી જતી નિરાશા કાંઈક અટકી ખરી.

કુશીનારાની જૂની વસ્તુઓમાં એક જૂની સુંદર મૂર્તિ છે. જેને ત્યાંના લોકો માથાકુંવરની મૂર્તિ કહે છે. માથાકુંવરનો કશો અર્થ ન થતો હોવાથી અને આ સ્થાન બુદ્ધ ભગવાનના મરણને કારણે પ્રસિદ્ધ હોવાથી કોઈકે ગોઠવી કાઢયું છે કે માથાકુંવર એટલે મૃતકુમાર.

આવી ઉટપટાંગ વ્યુત્પત્તિ ગળે ઊતરવી અઘરી છે. મેં સૂચવ્યું છે કે માથાકુંવર એ માયાકુંવરનો અપભ્રંશ હોવો જોઈએ. બુદ્ધ ભગવાનની માતાનું નામ માયાદેવી હતું એ તો બધા જાણે છે.

મૂર્તિની આસપાસની પ્રભાવળી ઉપરથી લાગે છે કે એ મૂર્તિ મધ્યકાલીન હોવી જોઈએ. માથાકુંવર કરીને કોઈ બુદ્ધપ્રેમીએ આ બૌદ્ધ મૂર્તિ અહીંના સંઘને અર્પણ કરી હશે. આજે એનો કશો ઇતિહાસ મળતો નથી.

કુશીનારામાં ખાસ તો એ જ વસ્તુ છે. જ્યાં બુદ્ધ ભગવાને દેહ છોડયો, તે ઠેકાણે પ્રાચીન કાળમાં એક સ્તૂપ હતો. એ ભાંગી ગયો હતો. બ્રહ્મદેશના એક દાની પુરુષે એ સ્તૂપ નવો બનાવી સોનાના વરખથી તેને મઢાવ્યો છે. આજે એ સ્તૂપ સૂર્યનાં

કિરણોમાં જ્યારે ચળકે છે ત્યારે બૌદ્ધ પુનરુદ્ધારની અનેક આશાઓ એ આપી દે છે.

એ સ્તૂપની આગળ બુદ્ધ ભગવાનની સિંહશય્યામાં સૂતેલી એક મોટી મૂર્તિ છે. એ મૂર્તિ પણ ભાંગીને એના કકડા થયા હતા. મથુરાના લાલ પથ્થરની એ બનેલી હોઈ, એના વેરાયેલા કકડા સહેજે ભેગા કરી શકાયા. મૂર્તિના સર્જન એક અંગ્રેજે એ બધા ખંડિત અવશેષો એકત્ર કરી જોડી દીધા અને બૌદ્ધ યાત્રીઓએ એ મૂર્તિ પર સોનાના વરખ ચડાવી એ મૂર્તિને ફરી જીવતી જેવી કરી.

સિંહશય્યા એ બુદ્ધ ભગવાનનું સૂવાનું મનપસંદ આસન હતું. માણસ જ્યારે જમણા હાથનું ઉશીકું બનાવી પડખા ઉપર સૂઈ જાય છે અને જમણા પગ ઉપર ડાબો પગ અને એના ઉપર ડાબો હાથ મૂકી દે છે ત્યારે એને સિંહશય્યા કહે છે. આ શય્યા પર સૂઈ જવાથી ઓછી નિદ્રા લેવાથી પણ શરીરને સમાધાન રહે છે અને વૈદકીય દૃષ્ટિએ આ આસનના અનેક સારા ગુણો બતાવ્યા છે.

જે ઓટલા ઉપર આ મૂર્તિ સુવાડી છે એની બાજુ પર ત્રણ મૂર્તિઓ કોતરેલી છે. એમાં એક છે બૌદ્ધકાલીન દેશ-વિખ્યાત વૈદ્ય જીવકની, વચલી મૂર્તિ છે તે ત્રિદંડી સંન્યાસી સુભદ્રની, કે જે બુદ્ધ ભગવાનની અંતિમ ઘડીએ, એમની આગળ શંકાનિવૃત્તિ માટે આવ્યો હતો. ચરણની બાજુએ ગમગીન મૂર્તિ છે તે બુદ્ધ ભગવાનના અંતેવાસી આનંદની. આ ત્રણે વિષે જાણવા જેવું ઘણું છે. બૌદ્ધ સાહિત્યમાં આ ત્રણે વિષે ઘણું વિસ્તારપૂર્વક લખાયું છે.

આ સ્તૂપ અને આ સૂતેલી મૂર્તિ જોઈને અઢી ત્રણ હજાર વર્ષો પૂર્વેનું વાતાવરણ એકાએક જીવતું થાય છે પણ ચિત્તને વિષણ્ણ કરી પછી શાન્તિ આપનાર સ્થાન તો કુશીનારાથી લગભગ એક માઈલને છેડે આવેલા ભગ્ન સ્તૂપનું છે.

આ સ્થાને બુદ્ધના અનુયાયીઓએ બુદ્ધશિષ્ય અનુરુદ્ધની સુચના પ્રમાણે તથાગતની કાયા લૂગડામાં લપેટીને તેલની દ્રોણીમાં મૂકી કશ્યપના આવવાની રાહ જોઈ હતી. કોઈ ચક્રવર્તીના ઠાઠથી કાયાનું દહન કર્યા પછી અગ્નિ અને રક્ષા માટે શિષ્યો

અંદર અંદર કપાઈ મરતા બચી ગયા. અને એમણે એના આઠ નવ વિભાગ કરી એ ફૂલ વહેંચી લીધાં. સારનાથમાં હમણાં જે સોનાનું વાસણ સ્થપાયું છે તેમાં આ વિભાગના જ કેટલાક અવશેષો છે એમ સિદ્ધ થયું છે.

જ્યાં તથાગતના શરીરને અગ્નિદાહ આપવામાં આવ્યો ત્યાં અસાધારણ ઊંચો એવો એક સ્તૂપ બાંધવામાં આવ્યો હતો. એનું જ ખંડેર આજે એક ટેકરીના રૂપમાં દેખાય છે. અને એને માથે એક વિસ્તીર્ણ અને બહુ ઊંચું પીપળનું વૃક્ષ બૌદ્ધ ધર્મના સ્મારક તરીકે ત્યાંના પવન સાથે રમે છે. એ પીપળના વૃક્ષને જોઈ ગમે તે માણસને ગીતામાં વર્ણવેલા અશ્વત્થ વૃક્ષનું સ્મરણ થાય. એની ઉપર નીચે જનારી શાખાઓ એટલી બધી છે અને તે એટલી બધી ગૂંચાળી થઈ ગઈ છે કે એને હિંદુ લોકોના સમાજ શાસ્ત્રની જ ઉપમા આપી શકાય. એ વૃક્ષ તળે એક ચીની સાધુ રહે છે. એનું નામ સૂર્ય અથવા એવું જ કાંઈક છે. સરકારના પુરાતત્ત્વ ખાતાએ એને ત્યાંથી ખસેડવાનો પ્રયત્ન કર્યો પણ એ પીપળના આશ્રયે રહેતા સરપની પેઠે એ ચીના સાધુને ખસેડવાની કોઈની હિંમત નથી. પીપળને માથે ડાળો વચ્ચે ઠેકાણે ઠેકાણે બેસવાની જગ્યા બનાવી એ સાધુએ પોતાની નિવૃત્ત રસિકતા પુરવાર કરી આપી છે. અને તુલસી રામાયણના અખંડ પાઠ ચલાવી એ ચીના સાધુએ બૌદ્ધ અને હિંદુધર્મની અભિન્નતા એટલી સચોટ રીતે સિદ્ધ કરી આપી છે!!

બુદ્ધ ભગવાનનો ઉપદેશ, એમનું જીવન, એમની પ્રેરણા અને એનો વિસ્તાર એ માનવી ઇતિહાસનો સહુથી મહત્ત્વનો અને સહુથી મોટો ખંડ છે. એના પ્રતીક તરીકે આજે જે સ્થાનો આપણે ત્યાં રહ્યાં છે તેમનું મહત્ત્વ સેંકડો અને હજારો વર્ષ થયાં આપણે પૂરતું પારખી શક્યા નથી.

બુદ્ધ ભગવાનનું જન્મસ્થાન લુંબીની દેવી હું હજી જોવા પામ્યો નથી એટલે એને વિષે અત્યારે કશું ન લખું. બુદ્ધમાતાના સ્મરણથી જે સ્થાન પવિત્ર થયું છે એનું માહાત્મ્ય મારે મન આ ત્રણે સ્થાનથી વધારે છે.

ઈસામસીહના જેરૂસલેમને કારણે ખ્રિસ્તીઓ અને ઇસ્લામીઓ દીર્ઘકાળ સુધી લડયા. બુદ્ધ ભગવાનના જીવન સાથે સંકળાયેલાં આ ચાર સ્થાનો માનવી વિગ્રહના કારણ થવાને બદલે તમામ એશિયાવાસીઓને જ નહિ પણ આખી માનવ કોટિને અવેરનો, પ્રેમનો, વિશ્વકુટુંબત્વનો સંદેશો આપવાનું સાધન થશે એ વિશ્વાસે એ કલ્યાણધામોને અને એમની મારફતે વ્યક્ત થતા કલ્યાણ ધમ્મને કોટિશઃ પ્રણામ.

૩૦–૫–'૩૯

લલિત અને ભવ્ય*

વૈદિક કાળમાં ઇંદ્રે કહ્યું : चराति चरतो भगः । જે ચાલે છે તેનું ભાગ્ય પણ ચાલે છે. દરેક દેશનો અનુભવ સુરપતિ ઇંદ્રનું આ વચન પુરવાર કરે છે. જે પ્રજાના યુવાનો મુસાફરીના શોખ ખાતર જ દેશદેશાંતર ફરે છે, જોખમના શોખ ખાતર જ જોખમ ખેડે છે તે પ્રજાનો ભાગ્યોદય નજીક આવ્યો સમજવો. મહારાષ્ટ્રના અભ્યુદયના પ્રભાતના સમયે મહારાષ્ટ્રીઓ દૂર દૂર સુધી પ્રવાસ કરતા, યાત્રા કરતા, એવું દ્રાવિડ કવિ વેંકટાધ્વરિએ લખી રાખ્યું છે. ગુજરાતની જાહોજલાલીના દિવસોમાં ગુજરાતના 'સાહસિક તરુણો રમણીમુખકમલનો મોહ ટાળીને પણ દરિયો ખેડતા', અને આફ્રિકાથી જાવા સુધી વેપાર કરતા. ઘોઘાનો વર લંકાની લાડી લાવતાં મૂંઝાતો ન હતો.

એ દિવસોમાં આજની પેઠે પ્રવાસનાં સાધનો આટલાં સુલભ ન હતાં. તેથી જ લોકોને દસ દસ વરસ કેવળ મુસાફરીમાં ગાળવાનું સૂઝતું. આજે ઘેર બેઠે બધા દેશો વિષે જાણી શકીએ છીએ. અને પારસલની પેઠે દુનિયાની મુસાફરી કરીએ તોયે બધે એક જ જાતની સંસ્કૃતિ, એક જ સાંચાનો અનુભવ થાય છે. મનીલા જાઓ કે મ્યુનિચ, કેપટાઉન જાઓ કે ફ્રીમેંટલ, બધે એક

* 'કુદરત અને કળાના ધામમાં એકવીસ દિવસ'ની પ્રસ્તાવના.

જ પ્રકાર દેખાવાનો. આજના જમાનામાં જો નવીનતા જોઈતી હોય તો પગે જ મુસાફરી કરવી જોઈએ. અને તે પણ જ્યાં આધુનિક જમાનાની યાંત્રિક એકાકૃતિ પહોંચી નથી ત્યાં.

હિંદુસ્તાનમાં બંને જાતની મુસાફરી કરી શકાય. કરાંચી, મુંબઈ, કોલંબો, મદ્રાસ, કલકત્તા અને રંગુન જઈને એક જાતનું નવું હિંદુસ્તાન જોઈ શકાય; જ્યારે હિમાલયનાં જંગલો અને રાજપૂતાનાનો વેરાન પ્રદેશ, કાશ્મીરનાં સરોવરો અને શરાવતીના ધોધ, બિહારનાં ખેતરો અને મહારાષ્ટ્રના ડુંગરો એ સાચા હિંદુસ્તાનનું પણ દર્શન કરાય.

વીસ દિવસની આ મુસાફરી લખનાર ભાઈ કુદરતના તેમ જ કળાના રસિયા છે. પુણ્યને લોભે જેમ આપણા પૂર્વજો યાત્રાના સંઘ કાઢતા તેમ સંસ્કારના લોભે આ ભાઈએ વીસ દિવસનો એક સંઘ કાઢચો, અને એટલા સમયમાં ડાંગનાં જંગલો, ત્યાંના દયાપાત્ર ભીલ લોકો, અજંટાની લલિત કળા, અને વેરૂળની શક્તિશાલિની શિલ્પકળા, બધી જ વસ્તુનું એમના સંઘે રસપાન કર્યું. વાહનની મુસાફરી કરનારને વીસ દિવસનો સાચો ખ્યાલ નહિ આવે. પગપાળા મુસાફરી કરનારને જે આનંદ અને અનુભવ મળે છે તે વાહનની મુસાફરીમાં કોઈ કાળે મળવાનો નથી; જેમ ખાદીમાં જે સંસ્કારિતા સમાયેલી છે તે મિલના કાપડમાં કોઈ કાળે મળવાની નથી.

* * *

સ્થાપત્ય નિહાળવાનો એમને શોખ હોવાથી પુરાતત્ત્વમાં ડોકિયું કરવાનું પણ એમને મન થાય છે, તેથી આ ચોપડી પ્રવાસની છે કે પુરાતત્ત્વવર્ણનની છે એ કહેવું મુશ્કેલ થાય છે.

આપણે ત્યાં પ્રવાસવર્ણનો ખૂબ લખાવાં જોઈએ. આપણા દેશમાં જોવા લાયક શું છે એની જ આપણને ખબર નથી હોતી. દેશી ભાષામાં તો જાણે આ વિભાગ ખેડાયો જ નથી. તેથી મુસાફરી કરતાં છતાં એનો પૂરતો લાભ મળતો નથી. આ જ વીસ દિવસની મુસાફરીમાં આપણે જોઈએ છીએ કે આપણા યાત્રીઓ નાશિક ગયા પણ ત્રણ ટેકરીવાળી જગ્યાએ આવેલી બૌદ્ધ ગુફાઓ

જોવા લાયક છે એમ એમને ખબર ન પડી. તેઓ દોલતાબાદ ગયા પણ ભારતવર્ષના કિલ્લાઓમાં અસાધારણ ગણાતો ત્યાંનો કિલ્લો, કિલ્લા પરની એક ગુજરાતીએ બનાવેલી પ્રાચીન તોપ અને મહારાષ્ટ્રસંત જનાર્દન સ્વામીની ધ્યાનની ગુફા જોયા વગર જ આગળ ચાલ્યા. વેરૂળની લેણીઓનો (ગુફાઓનો) એમણે અભ્યાસ કર્યો, પણ ત્યાંથી પાસે આવેલું દ્વાદશ જ્યોતિર્લિંગમાંનું ઘૃષ્ણેશ્વરનું લાલ મંદિર એમની નજર આગળ ન આવ્યું. દેવી અહલ્યાબાઈ હોળકરે એ બંધાવેલું છે. આ સંઘના સંઘવી શ્રી. ધીરજલાલ શાહ ઉત્સાહી છે, શોધક છે, ખડતલ છે, છતાં તેમને આ વસ્તુઓ ન જડી, તો જડપણે યાત્રા કરનાર અસંખ્ય યાત્રીઓની શી દશા થતી હશે! એ વિચારથી જ શોધખોળ અને માહિતીથી ભરેલાં અને ઉત્સાહભક્તિથી નીતરતાં આપણી ભાષાનાં પ્રવાસવર્ણનનાં પુસ્તકોનું હાર્દિક અભિનંદન કરવાનું મન થાય છે.

અજંટાની ચિત્રકળા આજે સાતે ખંડના મુસાફરોને અહીં ખેંચે છે. એ ચિત્રોમાં દેખાતા ઈરાનથી આવેલા એલચીઓ અને લંકામાં ગયેલા લાટદેશના રાજપુત્રો શા કારણે આ દેશ તરફ આકર્ષિત થયા હશે? જે જમાનામાં ચિત્રકારોને મુસાફરીના પ્રસંગો ચીતરવાનું મન થયું હશે તે જમાનો કુદરત અને કળાનો કેટલો આનંદ અનુભવતો હશે! બ્રહ્મદેશનાં કેટલાંક પેગોડા પર લાકડાની જાળીમાં કોતરેલાં બળદ સાથેનાં ગાડાં ખૂબ ધ્યાન ખેંચે છે. એ કોતરકામ કરનારા કારીગરોના આચાર્યોએ એ ગાડાંની કેટલી બધી મુસાફરી કરી હશે!

હું માનું છું કે અજંટાની બૌદ્ધ ગુફાઓમાં જે અસાધારણ કલાવિધાન રચાયું છે તે કોઈ રાજાની પ્રેરણાથી શહેરી ગુણીજનોએ રચેલું નથી. બુદ્ધના સંઘમાં અઢારે વર્ણના લોકો પ્રવેશ કરતા હતા. ચિત્રકારોના કોઈ સમર્થ જૂથે સંસારની અસારતા જોઈ સંઘનું શરણ લીધું હશે, અને જે વિગલિત વેદ્યાન્તર આનંદ બ્રહ્મદેવની સૃષ્ટિમાં ન મળી શક્યો તે કળાની દુનિયામાં એમણે આ રીતે મેળવ્યો હશે. એમને આમાં ધ્યાન-સમાધિ જેટલી જ શાંતિ મળી હશે.

અને એ લોકોએ સ્થાન પણ કેવું શોધી કાઢ્યું! ધ્યાન દ્વારા માનસક્ષેત્રમાં માણસ જેમ ઊંડો ઊંડો પ્રવેશ કરે છે તેમ આ સંઘે પહાડના મૂળવિવરમાં જલસ્રોતની દિશા પકડીને ઊંડો ઊંડો પ્રવેશ કરતાં અર્ધચંદ્રાકાર કરાડ સુધી પહોંચીને પ્રપાત આગળ પોતાની ગુફાઓ એમણે કાયમ કરી એ આખું દૃશ્ય જાણે ધ્યાનસમાધિનું એક પ્રતીક ન હોય એવું જણાય છે.

અને વેરૂળ (ઇલુરા)? ત્યાંનું કોતરકામ તો અજંટાથી તદ્દન જુદું. ત્યાંની ગુફાઓ ગમે તે પંથના લોકોએ કોતરાવી હશે, પણ એ બધા શક્તિના ઉપાસક હતા એ વિષે શંકા નથી. કૈલાસ જેવું મંદિર જેની કલ્પનામાં પ્રથમ પ્રગટ થયું એ કોઈ અસાધારણ વૈભવશાળી, બલાઢ્ય શિલ્પસમ્રાટ હોવો જોઈએ, અને એ કૈલાસની આસપાસ જે કદાવર મૂર્તિઓ કોતરેલી છે તેમની મુદ્રા, તેમના હસ્ત અને આયુધો અરે, એમના ઊભા રહેવાના પેંતરા પણ એટલા તો શક્તિશાળી છે કે એ જોતાંવેંત ઉપશાંત માણસને પણ આખી દુનિયા ફરી વળી આજ સુધી કોઈએ ન કરલો વિક્રમ કરવાનો ઉત્સાહ મનમાં પેદા થાય. સાધારણ રીતે ભવ્યતા એકાકી જ હોય છે. પણ અહીં તો હિમાલયનાં શિખરોની પેઠે દરેક જાતની ભવ્યતાનું મૂક સંમેલન જ ગોઠવ્યું છે અને એ નિઃશબ્દ શાંતિ કાંઈ ઓછી વક્તૃત્વશાલિની નથી. આ બધી સૃષ્ટિ જે લોકોએ સરજી તે લોકોનો પ્રાણ કેટલો પરાક્રમી હશે.

હિંદુસ્તાનનો ઇતિહાસ ગમે તેટલો વિસ્તરેલો હશે તોય દરેક જમાનો હજીયે આ પ્રાચીન સ્થાનો પાસેથી ભવિષ્યકાળના ગૌરવનું ધ્યાન પ્રાપ્ત કરશે, એટલું જ નહિ પણ ભવિષ્યકાળને માટે પૂરતી પ્રેરણા પણ મેળવી શકશે.

૧૯૩૧

અજંટા

[એક પત્ર: મૂળ મરાઠી ઉપરથી]

હૈદ્રાબાદની જેલમાં હું હતો ત્યારે તું બિહારના તારા પ્રવાસનાં વર્ણનો મને લખી મોકલતો હતો. ક્યાંય હરી ફરી શકાય નહિ, એવી સ્થિતિમાં મારે અદેખાઈ સાથે તારાં તે પ્રવાસ-વર્ણનો—બિહારના સૂર્યોદયો, ભૂકંપથી ચિરાઈ ગયેલું ભૂમિમાતાનું હૃદય, તારો હાથી પરનો પ્રવાસ, સંકટનિવારણની યોજના, વગેરે વાતો—વાંચવાં પડતાં. જેલર કહેતો: 'કેવા લાંબા લાંબા પત્રો લખે છે!' હું તેને ચિડાઈને કહેતો: 'મારા બહાર જતા પત્રો ઉપર તમો અંકુશ મૂકી શકો, પણ આવતા પત્રો થોડા જ તમે કાપી શકવાના હતા?' હમણાં તું અભ્યાસક્રમની કેદમાં સપડાયલો છે. પ્રયોગશાળાની બહાર ભટકવું તારે માટે શકય નથી. અજંટા તો શું, પણ ફૈજપુર સુધ્ધાં તારાથી અવાયું નહિ; આવી સ્થિતિમાં અમારી અજંટાની કળાયાત્રાનું, જબલપુરની નિસર્ગયાત્રાનું અને ફૈજપુરની સ્વરાજ્યયાત્રાનું રસભરિત વર્ણન લખી તને ચીડવવો એવો વિચાર આવ્યો છે. પણ સમયદારિદ્યને લીધે તોફાની મનોરથો સુધ્ધાં ઉત્પદ્યન્તે વિલીયન્તે.

પણ તને અજંટા વિષે ચાર લીટી લખી મોકલવી જ જોઈએ. કદાચ તું ચિડાય નહિ, તોપણ નારંગીની છાલનું તેલ આંખમાં નિચોવ્યું હોય તેમ જો આ પત્ર તારી આંખમાં ચમચમે તોયે મને સંતોષ છે!

કૉંગ્રેસ પૂરી થતાં જ લોકો અજંટા તરફ દોટ મૂકશે અને તે ગીરદીમાં કશું જોવાશે નહિ, એ બીકે મેં પુખ્ત વિચાર કરીને નિશ્ચય કર્યો કે કૉંગ્રેસના ભંગીકામમાં સામેલ થવા પહેલાં જ શાંત એકાંતમાં ત્યાંની ગુફાઓ જોઈ લેવી. કરેલો સંકલ્પ બોલી નાખવો એવો મારો સ્વભાવ છે. એટલે મેં એ ચિ. અનસૂયાને કહ્યો. તેણે પોતાના પતિરાજને જણાવ્યું અને વાત ષટ્કર્ણી થઈ. હોઠ બહાર તે કોટ બહાર એવું જે જૂના લોકો કહે છે, તે કાંઈ ખોટું નથી. ગીતાએ તો 'मौनं चैवास्मि गुह्यानाम्' કહીને જૂના અનુભવ ઉપર મહોર મારી છે.

છેવટે પાંચસાત ચુનંદા લોકો સાથે જવાનું નક્કી થયું. લોભે મને સમજાવ્યો કે હવે પ્રવાસમાં પોતાને કશી જ તકલીફ નહિ પડે. સાથેનાં માણસો બધું સંભાળશે. આપણે તો બરાબર જમાઈની પેઠે જઈશું. પણ મહિલાશ્રમમાંનાં સૌ. કમલાબાઈ લેલે ચિત્રકળાનાં અધ્યાપિકા છે, તેમને અને તેમની બે પ્રિય વિદ્યાર્થિનીઓને સાથે ન લઉં તો કેમ ચાલે? લોભે કહ્યું: '૧૨ થી ૨૦ સુધી સંખ્યા થશે તો જળગાંવ કે ભુસાવળથી એક આખું તૈલવાહન (મોટર બસ) કરી લેવાશે.' મેં કમલાબાઈને હા પાડી. એટલામાં ફૈજપુરના ભંગીકામમાં સાથ દેવા માટે મહિલાશ્રમની ૧૦ છોકરીઓ તૈયાર થઈ. છુટ્ટીની સુખની સહેલ છોડીને એ છોકરીઓ રાષ્ટ્રકાર્ય કરવા જવાની, એટલે તેમને કાંઈ નહિ તો અજંટાની ગુફા તો બતાવવી જ એવું નક્કી થયું. લોભની સાથે ધર્મે પણ કાન કરડવા માંડ્યા. ભંગીકામ કરનાર મંડળી એટલે સહધર્મી. તેમને છોડી દઉં તો આટલો કૈવલ્યાનંદ પેટમાં શી રીતે સમાય? इष्टैः सह भुज्यताम् ।

આમ કરતાં કરતાં મહિલાશ્રમની પાંચ પચાસ કાબરો સાથે આવવા તૈયાર થઈ. મહિલાશ્રમનો આખો મધપૂડો જ ઊપડ્યો એમ કહેને. સાઠ માણસો માટે સ્ટેશન ઉપર એક ડબ્બો કરી રાખ્યો. અને ભુસાવળમાં ચાર મોટર-બેંસો રોકી. જે પ્રમાણે ગુજરાતમાં એક વખતે ખંભાતના પ્રવાસમાં તમારા લોકોનું જબરદસ્ત ધાડું સાથે લઈને ગયો હતો, તેવું જ અહીં થયું. હિમાલયમાં બિલકુલ એકાંતસેવન માટે ગયો પણ ત્યાં પણ અમે ત્રણ જણ

થયા. પણ મારા નસીબની સ્વધર્મનિષ્ઠા તો આગળ આવે છે. તેની પ્રસ્તાવના તરીકે ઉપરનું લંબાણ કર્યું છે.

અમે અજંટા પહોંચ્યાં ને ખબર પડી કે નિઝામશાહીના કોઈક અમલદારની ભલામણ લઈને ત્રણસો માણસો તે જ દિવસે અજંટા જોવા આવવાનાં છે! તેમની આગળ અમારી સાઠ માણસની ટોળી તદ્દન જ ખાનગી લાગવા લાગી. કૉંગ્રેસ પછી પણ આટલી ગીરદી અમારે ભાગે આવી ન હોત. આપણું નસીબ ચાર ડગલાં આગળનું આગળ જ ચાલે છે, એમ કહે છે તે આ રીતે!

અમે પરોઢિયામાં ભુસાવળ પહોંચ્યાં. અગાઉથી ઠરાવેલી મોટરોમાં અમે જામનેર થઈને અજંટા ભણી દોટ મૂકી. ભુસાવળથી અજંટા* ચાળીસ માઈલ છે. વર્ધાથી અને મુંબઈથી અજંટા સરખું જ દૂર છે. ત્રણસો ત્રણસો માઈલ કહીએ તો ખોટું નહિ.

આપણા લોકોને કોઈ પણ સ્થળના અક્ષાંશ રેખાંશ આપવાની ટેવ નથી, અને આપ્યા હોય તો તે કેવી રીતે વાપરવા એની કલ્પના બહુ જ થોડા માણસોને હોય છે. ખરું જોતાં જે પ્રમાણે આપણી જન્મકુંડળી અનંતકાળમાંથી આપણી જન્મક્ષણ ચોક્કસ બતાવી આપે છે, તે જ પ્રમાણે અક્ષાંશ રેખાંશ પૃથ્વી ઉપરનું કોઈ પણ સ્થાન, પછી તે જમીન પર હો કે સમુદ્રમાં, બિલકુલ ચોક્કસપણે બતાવી આપે છે. એને લીધે દિશા, દેશ કે માઈલ કાંઈ જ પૂછવું પડતું નથી. પૃથ્વી પર અને આકાશમાં સર્વત્ર ચાલનારી આ સાર્વભૌમ અને વિશ્વવ્યાપી પદ્ધતિની માહિતી દરેક જણે મેળવી લેવી જ જોઈએ. અજંટાના અક્ષાંશ રેખાંશ નીચે પ્રમાણે છે: અક્ષાંશ ઉત્તર ૨૦°૨૫' અને રેખાંશ પૂર્વ ૭૬°૧૨'.

સત્તર વર્ષ પહેલાં નાગપુરની કૉંગ્રેસ પતાવી અજંટાની ગુફા જોવા ગયા હતા, તે વખતે એક વિચાર મેં જુગતરામભાઈને જણાવ્યો હતો. કોઈ વિચાર લખી કાઢ્યો કે કોઈને કહી નાખ્યો એટલે તે મારા મગજમાંથી ઊડી જાય છે. આ વિચારનું પણ તેમ જ થયું હતું. પણ પેલે દિવસે અજંટા જતાં વેંત જ બરાબર તે જ વિચાર તે જ ઠેકાણે આમલી પરના ભૂતની પેઠે 'હાઉ' કરતો સામે આવીને ઊભો રહ્યો.

બૌદ્ધ સાધુઓને આ જગ્યા જ કેમ સૂઝી, આ જગ્યા જ કેમ રુચી?

અજંટાનો રસ્તો એટલે જાણે ધ્યાનનો વિશુદ્ધિમાર્ગ. જુદા જુદા વળાંકો લઈને, ઊંડે ને ઊંડે અંદર ઊતરીને છેવટે રહસ્ય શું છે, તે શોધવાનું. ખીણમાં થઈને આવતો આ જીવનપ્રવાહ આ ચૈતન્યપ્રવાહ આવે છે ક્યાંથી એ જાણી લેવાની ઉત્કંઠા ગાય રાખનાર ગોવાળને અને ઘેટાં રાખનાર ભરવાડને તેમ જ ઇંદ્રિયોનું રખોપું કરનાર વાનપ્રસ્થોને અને અખંડ ભટકનારા પરિવ્રાજકોને થવાની જ. તમે નાનપણમાં આશ્રમ પાસેની ચંદ્રભાગાનું મૂળ શોધવા નહોતા જતા કે! આ વાઘોરી નદી આવે છે ક્યાંથી, તેના મહિયરનું વાતાવરણ કેવું છે, એ જાણવાની જેવી ચટપટી થોડા રબારીઓને લાગી હશે, તેવી જ જિજ્ઞાસાથી આ જુદા જુદા સંકલ્પવિકલ્પ હૃદયમાં ઊઠે છે કેવી રીતે, ઉછાળા ક્યાંથી મારે છે, અને તદ્દન સુકાઈ ગયા હોય તોયે આશાની સહેજ વૃષ્ટિ થતાં વેંત તેમાં ફરી પૂર શી રીતે આવે છે? એના મૂળમાં ગયા વગર છૂટકો નથી, એમ કહેતા કહેતા કેટલાક સાધનાવીર એકાંત શોધવા નીકળ્યા. તેમણે ઘર છોડયું, બાર છોડયાં, માયામમતા બધીય છોડી. ધન દોલત, નાતજાત, સામાજિક પ્રતિષ્ઠા અને ગૌરવ તો છૂટયાં જ, પણ તેમણે પોતાના પ્રિય વિષયો, પોતાના વિનોદ, અને પોતાની રસિકતા સુધ્ધાં મન કઠણ કરીને છોડી હતી. સાહિત્ય, સંગીત અને કળા તેમને હવે ખાટાં, તૂરાં અને ખારાં લાગતાં હતાં. મોઢામાં માટી કે રાખ પડે ને થૂ થૂ કરીને બહાર કાઢી નાખીએ તે જ પ્રમાણે તેમને પંચેંદ્રિયોના વિષયો સંબંધે વિરક્તિ લાગવા માંડી હતી. તેમણે સાધકવીર થવાનું નક્કી કર્યું હતું. 'અરતિર્જનસંસદિ' એમ ગોખતાં ગોખતાં શહેર 'સમાજ'ને છોડી તેઓ ગામડામાં ગયા. ત્યાં પણ કંટાળ્યા એટલે વિજનમાં ગયા. સ્વયંનિમ્નગા નદી તેમને ઉત્તેજન આપતી હતી: 'હજી આગળ ચાલો, હજીયે અંદર જાઓ, ઊંડે ઊંડે પ્રવેશ કરો, ઠેકાણે પહોંચો ત્યાં સુધી અટકશો જ નહિ.' અને આપણા આ નદીશિષ્ય પૂરેપૂરા જીવનના ઉત્સાહથી ગિરિગહ્વરમાં પ્રવેશ કરવા લાગ્યા. છેવટે બન્ને બાજુની ટેકરી એકદમ પાસે આવી જઈ

ભીંતની પેઠે ઊભી રહી. બિચારી નદીને અડચણ ન પડવી જોઈએ એમ ધારી થોડી જગ્યા તેમણે વચમાં રાખી ખરી. પોતાની એ ભયંકર ઊંચાઈ જોનારા મનુષ્યને ઊભા રહેવા પૂરતી પણ જો જગ્યા ન રહેવા દઈએ તો ગરદી કર્યાનું ફળ શું ?

પણ આ સાંકડી ગલી સીધી હોય તો પણ ન ચાલે. દૃષ્ટિને એક બાજુથી લાંબે સુધી અવકાશ મળે તો પણ મન કહેવાનું: 'इदानीमस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः।' મનને એટલો બધો આરામ શા સારુ આપવો ? એટલે આ ભેખડોએ પણ સાપના જેવો વાંકોચૂકો રસ્તો ધારણ કરી આ ગૂઢ જગ્યાને વધારે જ નિગૂઢ બનાવી છે. અને જ્યાં આ કરાડોની ખીણ પૂરી થાય છે, ત્યાં તેમની આ પાર્વતી કન્યા મહાદેવનું પાણિગ્રહણ કરવા માટે સપ્તપદીનો વિધિ કરતી હોય એ પ્રમાણે ઊંચેથી સાત પગથિયે સાત કુંડ ભરતી ઊતરે છે.

અહીં સુધી આવી પહોંચ્યા, હવે આગળ શું ?

આગળપાછળની કરાડો પ્રતિધ્વનિ કરીને પૂછે છે: 'આગળ શું ?'

હવે તો આ કરાડો ઉપર જ માથું કાં તો પછાડવાનું — નહિ તો ચલાવવાનું. આ કરાડોએ જ જો પરમ રહસ્ય છુપાવી રાખ્યું હોય, તો તેમનો પણ વેધ કરવો જોઈએ. થયું, સાધકવીરોએ કરાડો કોતરવાની શરૂઆત કરી. પુષ્કળ જગ્યા થઈ. હૂંફ, શાંતિ અને પ્રકાશ ત્રણે મળ્યાં. રોજ ઊગનારો અને બુદ્ધિને ચાલના દેનારો ચૈતન્ય સૂર્ય પરોઢનાં દસ કિરણો આપ્યા સિવાય કદી રહેવાનો નહિ. નીચે વહેતું જીવન, સામે ચડતો પ્રકાશ, ઉપર ફેલાયલું અનંત આકાશ અને ગુફામાં અખંડ શાંતિ, એનાથી વધારે શું જોઈએ ? સાધકોએ ધ્યાન ચલાવ્યું. સર્વ કાંઈ છોડી તેઓ અહીં આવ્યા હતા, પણ એક વાત છોડવાની તેઓ ભૂલી ગયા. ગફલતથી હો, આસક્તિથી હો કે દયાથી હો પણ આવતી વખતે તેઓ તોફાની પણ સ્નેહાળ એવું મન સાથે લેતા આવ્યા હતા. અને મન એટલે મોટો જાદુગર. તેની સ્મરણરૂપી ઝોળમાં તેમ જ વિસ્મરણરૂપી ભોંયરામાં નહિ નહિ એવી વસ્તુઓ ભરેલી હોય છે. ગુફામાંનું આકાશ અને અવકાશ જોતાં વેંત જ તેણે

વિશ્વામિત્રની પેઠે એક ગાજી રહેલી સૃષ્ટિ જોતજોતામાં નિર્માણ કરવાનું શરૂ કર્યું. હાં હાં કહેતામાં તો આ ગુફામાં જુદા જુદા વર્ણના રાજપુત્રો આવ્યા, તેમને અસ્વસ્થ કરનારી રાજકન્યાઓ આવી. હાથી, ઘોડા, દાસદાસી, સર્વ કાંઈ આવ્યું. અને 'અમે તો તમારી જ જાતનાં' એમ કહેતાં કહેતાં ખાસાં હકપૂર્વક ઝાડો ઉપરનાં વાંદરાં આવ્યાં. દેશપરદેશના વીર અને વકીલ નજરાણાં લઈને આવ્યા. ચારણ અને દૂત શુભાશુભ સમાચાર લઈને આવ્યા.

અને 'તમારી સાધનામાં અમારી મદદ જ થશે' એવું આશ્વાસન આપતી જુદી જુદી જાતકકથા પણ આવી.

પૂર્વપરિચિત સૃષ્ટિ આમ અકલ્પિત રીતે કલ્પનાકાય ધારણ કરીને ઊભી રહ્યા પછી પૂર્વની રસિકતા અને કળાકુશળતા થોડી જ સૂતેલી રહેવાની હતી?

નરમ માખણ જેવો કાદવ તૈયાર થયો. ડાંગરના કુશકાથી તે મજબૂત અને સુંવાળો બન્યો. સમુદ્રમાંની છીપો ભરીભરીને રંગ આવ્યો. ખિસકોલીની ઝૂમખાદાર પૂંછડીની નાનીમોટી પીંછીઓ આવી. ધીમે ધીમે ગુફાની છત ઉપર કમળો ઊઘડવા લાગ્યાં. તેમાં કલહંસ વિહાર કરવા લાગ્યા મોટા મોટા ગજરાજ તાડનાં પાંદડાં તોડી હાથિણીને પવન નાખવા લાગ્યા.

અને મૂર્તિકારના હાથ પછી સ્વસ્થ શા રીતે બેસે? તે બોલ્યા: 'અમે કોરી કોરીને આ પથરાનું એકદમ માણ બનાવી દઈશું. ચહેરા પર જે કોઈ ભાવ જોઈતો હશે તે આ નિર્જીવ પથરાએ બતાવવો જ જોઈશે. જડ અને ચેતન એ ભેદ જ ખોટો છે. જીવંત માણસો બિલકુલ પથરાની પેઠે અચળ થઈને ધ્યાન ધરવા સારુ અહીં આવ્યાં, અને તેમણે છેવટે આ અચળેશ્વરના પેટમાં પેસીને નર્યા પથરામાંથી બિલકુલ જીવંત હોય એવાં માણસો તૈયાર કર્યાં — બ્રહ્મદેવે બનાવેલાં માણસો કરતાં ભવ્ય અને એટલે જ દિવ્ય.

અપર બ્રહ્મ એવા તે કળાધરો કાળના પેટાળમાં અલોપ થઈ ગયા. અને તેમની તે કળાકૃતિ માત્ર કાળ સાથે ઝઘડતી એકાદ હાથ, એકાદ કાન કે એકાદ પગનું બલિદાન આપી હજી પણ અહીં વિરાજમાન છે. શી આ વિધિની વિચિત્રતા!

આ ગુફાઓમાં વિસ્તારેલો આ કલા-વિલાસ અહીંના નિર્વાણ-કામી સાધુઓની સાધનાને સાધક નીવડયો હશે કે બાધક ? કોઈ એક પ્રણયી રાજા પોતાની પ્રમદ્દરા રાણીને મદિરાનો પ્યાલો લેવાનો આગ્રહ કરે છે, અને તે મોઢે ના પાડતી પાડતી હાથ વડે પાસે ખેંચતી જાય છે, એવું દશ્ય જોઈ કયા સમાધિમાર્ગને અનુકૂળ વાતાવરણ જામ્યું હશે ? કોઈ રાજકન્યા મરવા પડી છે અને તેની દાસી ખિન્ન મને તેની છેવટની શુશ્રૂષા કરે છે, એવા કરુણ વાતાવરણનાં ચિત્રો જોઈને સાધકોને વૈરાગ્યસિદ્ધિ થવાની છે ? અથવા તેઓ મૃત્યુંજય બનવાના છે ?

આપણે સાંભળીએ છીએ અને જોઈએ છીએ કે કોઈ દુઃસાધ્ય રોગ ઉપર ઔષધ ન મળે એટલે આજકાલના ધન્વંતરિ અને આજીવક તે જ રોગની રસી કાઢી તેને તેજાબમાં નાખી મારી કાઢે છે, અને પછી એ મરેલી રસી — રોગજંતુનાં મડદાં — શરીરમાં દાખલ કરી તે જ રોગનું સૌમ્ય સ્વરૂપ રોગીના શરીરમાં ઉત્પન્ન કરે છે. રસી મારેલી હોવાને લીધે તેનાથી જીવલેણ રોગ ઉત્પન્ન થઈ શકતો નથી. બિલકુલ સૌમ્યપણે શરીરમાં આવી રીતે રોગ ઉત્પન્ન કર્યો એટલે શરીરમાંની કુદરતી શક્તિ તેનો પ્રતિકાર કરવા માંડે છે, અને એ અસમયુદ્ધ શરીરમાંની પ્રાણશક્તિના કાબૂમાંનું હોવાને લીધે તેને ધીમે ધીમે રોગ ઉપર વિજય મળવા માંડે છે. બીજી રીતે જોતાં એમ કહી શકાય કે તે રોગની થનારી અસર પૂરતું શરીર નઠોર નફ્ફટ બનવા માંડે છે, અને આખરે આ જડતા એટલી વધી જાય છે કે રોગના જીવંત જંતુ પણ હુમલો કરવા આવે તોયે શરીર ઉપર તેની વિશેષ અસર થઈ શકતી નથી.

વિષયવાસના મારવી હોય તો પહેલાં વિકારી પરિસ્થિતિમાંથી પોતાની જાતને દૂર રાખવી જોઈએ. પણ એટલાથી જ બસ થતું નથી. ઘણી વાર પ્રત્યક્ષ સહવાસ કરતાં વિરહાવસ્થામાં થનારું ધ્યાન વધારે આકર્ષક, વધારે કાવ્યમય અને એટલે જ વધારે ભયાવહ હોય છે. હવે એ ટાળવા માટે વિષયોનો પ્રત્યક્ષ સહવાસ સાધવો એટલે સાધકે આધ્યાત્મિક આત્મહત્યા જ કરવી, એમ કહેવાય.

આવી સ્થિતિમાં જે દુનિયા આપણે છોડીને આવ્યા, તેનું માત્ર પ્રતિબિંબ આપણી આસપાસ પસારી દઈએ તો સાંસારિક વાતાવરણનું પ્રત્યક્ષ દર્શન ટળે અને વિરહથી ઉત્પન્ન થનાર વિકૃત ધ્યાન પણ અટકે. ચિત્રસ્થ દુનિયા સાચી દુનિયાનો પરિચય ટકાવી રાખ્યા છતાં હમેશાં બાંધી રાખી શકતી નથી. રોજ આ બધું જોયા કરવું, અને 'આ બધું નશ્વર છે, દુઃખપૂર્ણ છે, એનો ઉપશમ જ કેવળ મંગળમય છે,' એવી મનની સમજૂતી દૃઢ કર્યા કરવી, એવી જાતની કોઈ સાધના તો આ ભિક્ષુઓએ યોજી નહિ હોય? આ સાધના પરિણામે કેવી સાબિત થઈ, તેનો અનુભવ તેમણે પોતાની પાછળ મૂકયો હોત તો કેટલું સારું થયું હોત!

આ ગુફાઓ કંઈ એક જ માણસે, એક જ ટોળીએ અથવા એક જ સંઘે એકદમ તૈયાર કરી એમ નથી. ઈ. સ. પૂર્વે ૨૦૦ વર્ષની આસપાસ અહીંની કેટલીક ગુફાઓ કોતરવામાં આવી. અહીં એ પહેલાં સાધુની કેટલી પેઢી થઈ એ જાણવાનો હવે કોઈ ઉપાય નથી. હાલમાં એ ગુફા જેવી અવાવરુ પડેલી છે, તેવી જ તે પ્રાચીન કાળમાં પણ અવાવરુ પડી હોય તો નવાઈ નહિ. કેટલેક કાળે ફરી બીજી વસ્તી આવી. એ પેઢીએ બીજી પાંચ સાત ગુફા કોતરી કાઢી. તેને પણ ઊતરતી કળા લાગી. આમ આ ભરતી-ઓટનો ક્રમ લગભગ હજાર વરસ લગી ચાલ્યો. વિંધ્યાદ્રિની કેડ ઉપર વિરાજેલી આ ગુફાઓ આજ અડોઅડ બેઠેલી બહેનો સરખી દેખાય છે. પણ કાળાનુક્રમે જોતાં વચલી ગુફાઓ ખરેખર આસપાસની ગુફાઓની દાદીઓ છે. અને આ ગુફામાંનાં ચિત્રો પણ ચિત્રકારોની કેટલી પેઢીનાં પ્રતિબિંબ છે તે પણ કોણ કહી શકે?

ચિત્રકામના જે કંઈ નમૂના આજે બચેલા છે, તે જોતાં તો લાગે છે, કે અહીં બધાંમાં કલમ એક જ છે. શૈલીમાં થોડો થોડો ફરક જણાય છે, પણ તેમાંયે ત્રણ ચાર શૈલીથી વધારે પ્રકાર દેખાતા નથી. આ ગુફાઓની શરૂઆત કયારે થઈ એ ત્યાંના શિલાલેખ ઉપરથી જણાય છે. પણ ગુફામાંના ચિત્રણની શરૂઆત કયારથી થઈ એનો કયાંય કશો પત્તો લાગતો નથી. પણ જે ચિત્રશૈલી અજંટામાં છે, તે જ સિંધિયાના રાજમાં આવેલી 'વાઘ'

ગુફામાં છે. તે જ શૈલી લંકાદ્વીપમાં આવેલ સિગીરી (શ્રીગિરિ) માં પ્રગટ થયેલી છે. અને તેની જ એક વસાહત મધ્ય એશિયામાંનાં તિબ્બતી મંદિરોમાં પહોંચેલી છે. દુનિયામાં કૌશલ્ય સદા દુર્લભ જ હોવાનું. એક ઠેકાણે સાધના થવાની જ વાર, તેના પડઘા દુનિયાના ઠેઠ બીજા છેડા સુધી પહોંચવાના. તળાવમાં એક પથરો નાખી જોજો, ત્યાંથી જે તરંગમાળા ઉત્પન્ન થાય છે, તે કૂંડાળાં પસારતી પસારતી ઠેઠ તળાવના કાંઠા સુધી જઈ પહોંચે છે. બોધિવૃક્ષ નીચે બેસીને કરેલો સંકલ્પ અને તેમાંથી મળેલો માર્ગ જો અઢી હજાર વર્ષ અને પચીસ હજાર માઈલ સુધી પહોંચી શકે છે, તો અજંટાની ગુફામાં ખીલેલી ચિત્રકળા દક્ષિણમાં દીપદ્વીપથી માંડીને આખા જંબુદ્વીપમાં પસરે એમાં નવાઈ શી ?

અજંટાની ચિત્રકળા સ્થળકાળનો પડદો ચીરી ઠેઠ અહીં સુધી આવી પહોંચી. પણ ત્યાંની સાધનાની ચિત્કલાનું શું થયું ? તે વધારે સૂક્ષ્મ હોવાને કારણે અધિક સ્થાયી, લગભગ અમર હોવી જોઈતી હતી. પણ કદાચ આ ગુફાઓમાં તેવા સાધનાસંગ્રામ અને તેવાં મારયુદ્ધો થયાં જ નહિ હોય. અહીં ઉપાસકો આવવાને બદલે તેનું અનુકરણ કરનારા વિસ્તારપ્રિય પૂજારી જ ભેગા થયા હશે. મને લાગે છે કે કદાચ અજંટા એ ઉપાસકોની તપોભૂમિ નહિ હોય, અને પૂજારીઓની ઉત્સવભૂમિ પણ નહિ હોય. સર્વ વિદ્યાકળાસંપન્ન એવા કુશળ વિદ્વાન અને અધ્યાપન–ધુરીણ એવા યોગી જ અહીં રહેતા હોવા જોઈએ. અને અજંટા એ એક ઐહિક અને પારલૌકિક વિદ્યાની વિદ્યાપીઠ જ હોવી જોઈએ. નહિ તો અવ્યાહત ચાલનારી પરંપરા સિવાય એક હજાર વર્ષ સુધી આ ગુફા ગાજતી શી રીતે રહે ?

પણ આ બધું પછી ગયું ક્યાં ? હજાર વર્ષની આ પરંપરા નામશેષ થઈ ગઈ એટલું પણ આજે કહી શકાતું નથી. કારણ તે પરંપરાનું આજે નામ પણ ક્યાં બાકી રહ્યું છે ?

જેમણે આ ગુફા કોતરાવી તેમણે પોતાનો સંકલ્પ અહીં નોંધી રાખ્યો છે. જ્ઞાનની ઉપાસના માટે આ ગુફાઓ તૈયાર કરાવી. આ લયનદાનના પુણ્યને પ્રતાપે દાતાના માબાપથી તે ઠેઠ અખિલ

વિશ્વના અશેષ સત્ત્વો સુધી સર્વનું જ કલ્યાણ થાઓ, સર્વને ઉચ્ચ ગતિ મળો.

આ સંકલ્પ કેટલો ઉદાત્ત છે ! અહીં જાત નથી, વર્ણ નથી, પંથ અને દેશ નથી, સ્ત્રીપુરુષ એવો ભેદ નથી. પછી આપપરભાવ હોય જ કયાંથી ?

જેમણે આ ધર્મકાર્ય શરૂ કર્યું, તેમને કલ્પના હશે ખરી કે આ બધું અનંતકાળ સુધી ટકવાનું નથી ? અહીંની એ બધી સાધના કયાં ગઈ? એનો નાશ શાથી થયો ? અંદરથી સડો લાગ્યા સિવાય બહારથી પડી ભાંગવું સહેલું નથી હોતું. વિજયનગરનું સામ્રાજ્ય હો કે આપણું મરાઠાઓનું હિંદવી સ્વરાજ્ય હો, એકે સડયા વિના પડયું નથી. આ બૌદ્ધ પ્રયોગનો અંત કેવો આવ્યો તે કોણ કહી શકશે ? બધા ઇતિહાસસંશોધકોની આગળ એ પ્રશ્ન પડેલો છે. કોઈને જ એનો ઉત્તર મળ્યો નથી. આ અજંટાની ગુફા સંબંધી ઇતિહાસ બહુ કહી શકતો નથી. પણ આ ગુફાઓ માત્ર પ્રાચીન કાળના સામાજિક ઇતિહાસ ઉપર મુબલક પ્રકાશ પાડી શકે છે. છેક ખૂણામાં – અંધારામાં આ ચિત્રો રહ્યાં એટલે જ તેમનામાં ભૂતકાળ પર પ્રકાશ નાખવાની શક્તિ આવી.

તને યાદ હશે કે શાકુંતલમાંનો વિરહી દુષ્યંત મનનું સમાધાન કરવા માટે શકુંતલાનું લાવણ્ય રેખાન્વિત કરતો હતો. તારા પ્રિય મેઘદૂતમાંની યક્ષપત્ની પણ પોતાના પ્રવાસી ભર્તાનું ભાવગમ્ય ચિત્ર આલેખતી હતી. રાજકન્યા ઉષાને માટે તેની સખી ચિત્રરેખાએ જુદા જુદા રાજપુત્રોનાં ચિત્રો કાઢી તેને બતાવ્યાં કારણ ઉષાને સ્વપ્નમાં દેખાયેલો રાજપુત્ર કોણ હતો તે નક્કી કરવાનું હતું. “અનિરુદ્ધનું ચિત્ર જોતાં જ ઉષા સંકોચ પામી” — અને શરમાઈ ગઈ, એવું વર્ણન છે. ઉત્તરરામચરિતમાં શ્રીરામ સીતાને વનવાસનાં રમ્ય ચિત્રો બતાવીને પૂર્વસ્મૃતિ તાજી કરે છે, એવું વર્ણન આવે છે, અને ચિત્રો જોઈને સીતાને જાણે સાચે જ ફરી વનવાસમાં ગયા જેવું લાગે છે. આ બધા પ્રસંગો વાંચતી વખતે મને લાગતું, કે આ બધી અતિશયોક્તિ છે. આપણા પૂર્વજોને કલ્પના દ્વારા આટલાં આબેહૂબ ચિત્રો કાઢતાં જ આવડતાં નહિ હોય. કવિઓને અતિશયોક્તિ કરવી સહેલી હોય છે. રામવિજય, પાંડવપ્રતાપ વગેરે

પોથીમાંનાં છાપેલાં ચિત્રો જોઈને અને દેવળોમાંનાં ભીંત ઉપરનાં દેવદેવીઓનાં ચિત્રો જોઈને મારો ઉપલો અભિપ્રાય દૃઢ થયો હતો. આપણી મૂર્તિઓ અને રજપૂત શૈલીનાં ચિત્રો જોઈને પણ અભિપ્રાય બદલવાનું મન થયું નહોતું. પણ અજંટાનાં ચિત્રો જોયા પછી ખાતરી થઈ કે આપણા દેશના ચિત્રકારોને ચિત્રમાં ફક્ત પ્રાણ જ પૂરતાં આવડતા નહોતા. બાકી આબેહૂબ ચહેરા, સૂક્ષ્મગતિ, સૂક્ષ્મભાવપ્રદર્શન, તરેહતરેહના લોકોના હાવભાવ, રાજમહેલનાં, બગીચાનાં અને જંગલનાં દૃશ્યો બિલકુલ ખરેખરાં ખડાં કરતાં તેમને આવડતાં હતાં. હાથી, ગાય, વાછરડાં, પશુ, પંખી, બરોબર ઉઠાવમાં લાવી તેઓ એવી કંઈ બહાર જમાવી દે છે કે તન્મય થયેલા મનુષ્યને કહેવું પડે છે કે અરે, આ તો ચિત્રો છે, આમ ગાંડા શાને થઈ જાઓ છો ?

ખાનદેશના ગૅઝેટિયરમાં આ સર્વ ગુફાઓમાંના એકેએક ચિત્રમાંના પ્રસંગોનું અને વ્યક્તિઓનાં રૂપનું એવું સવિસ્તર વર્ણન આપેલું છે કે તે વાંચતી વખતે અજંટાની ભીંતો ઉપરનું આખું મહાભારત પાછું નજર આગળ ખડું થાય છે. શાક્યમુનિ, બોધિસત્ત્વ, શુદ્ધોદનરાજા, માતા માયા, માસી મહાપ્રજાપતિ, ગોપા યશોધરા, નાનકડો રાહુલ, બધાં અહીં છે. રાજા પુલકેશીના દરબારમાં ઇરાની વકીલ પોતાના રસાલા સાથે આવેલા છે. છદંત હાથી પોતાની સૂંઢ વડે પોતાના છયે દાંત ઉખાડીને લોભી પારધિને અર્પણ કરે છે, અને તે દાંત જોઈને પૂર્વજન્મની તેની સ્ત્રી હતી તે રાણી પશ્ચાત્તાપમાં ડૂબી જાય છે. એક ઠેકાણે ક્રોધે ભરાયેલો રાજા પગ આગળ વેલીની પેઠે વાંકી વળેલી દાસીને શિક્ષા ફરમાવે છે, તો બીજી બાજુ ભિખારી ઇચ્છાભોજન મળ્યું એટલે સંતુષ્ટ દેખાય છે. હિંદુસ્તાનનો પ્રજાકીય ઇતિહાસ જ્યારે તૈયાર થશે ત્યારે આ ગુફામાંના પ્રસંગો તે સમયનું સામાજિક ચિત્ર ચીતરવા માટે વપરાશે. અજંટામાંના આ જુદા જુદા પ્રસંગો જોતાં જોતાં એક વાત આપણે ભૂલી જઈએ છીએ કે ચિત્રકારોએ આ સેંકડો પ્રસંગો કેવી ખૂબીથી એકબીજામાં ભેળવી દીધા છે. એક ચિત્રની પાર્શ્વભૂમિ બીજા ચિત્રની પુરોભૂમિ તરીકે કામ આવે છે. આંખને ક્યાંય અસંગત જેવું લાગતું નથી. મહાભારતકારને જે પ્રમાણે

યુદ્ધનાં વર્ણનો અને સાત્ત્વિક સંવાદ, સ્ત્રીઓનાં નામો અને તીર્થોનાં વર્ણન, મુત્સદ્દીઓની મસલત અને કમળો ચોરનારા ઋષિનો વિનોદ એ બધાંની સંસૃષ્ટિ કરતાં આવડે છે, તે જ પ્રમાણે આ ગુફાના અંધકારમાં તત્કાલીન જીવન ઉપર પ્રકાશ પાડનારા ચિત્રકારોને જીવનનું સાફલ્યપૂર્વક દર્શન કરાવતાં આવડતું હતું. ભારતરચના, ભારતીઓની નગરરચના અને ગિરિગહ્વરમાંની આ બૌદ્ધકાલીન ચિત્રરચના એક જ સંસ્કૃતિના માનસનો વિલાસ છે.

પ્રાચીન સંસ્કૃતિના આવા અવશેષ મળ્યા છે છતાં એનું શું કરવું એ વિષે મોટો મતભેદ છે. કેટલાકનું કહેવું એવું છે, કે જૂનું જે ભાંગી ગયું હોય, તૂટી ગયું હોય, ફીકું પડીને ઊડી ગયું હોય, તેની મરામત કરી તેને તદ્દન પહેલાંના જેવું કરવું. મૂર્તિનો એકાદ હાથ તૂટી ગયો હોય તો કોઈ 'સર્જન' મૂર્તિકારને બોલાવી તે હાથ હતો તેવો બેસાડાવી લેવો. ખબર ન પડે તેવી સિમેંટની મલમપટ્ટી કરવી અને ખોડ રહેવા ન દેવી.

લાહોરના સંગ્રહસ્થાનમાં એક મૂર્તિની બાબતમાં આવી જાતની સર્જરી ભારે ખૂબીથી કરેલી માલૂમ પડે છે. ભિન્ન ભિન્ન સમયે અને ભિન્ન ભિન્ન ઠેકાણે જડી આવેલા મૂર્તિના કેટલાક અવયવો એક જ મૂર્તિના હોવા જોઈએ એવું અનુમાનથી સમજી જઈ તે બધાને એકત્ર કરી છિન્નભિન્ન થયેલી એક અતિપ્રાચીન સુંદર મૂર્તિને ત્યાં અખંડ બનાવેલી છે. તે મૂર્તિએ આ પ્રમાણે પોતાને જીવનદાન દેનારા સર્જનને આભારપૂર્વક કહ્યું હશે જ, કે આ ઉપકારનો બદલો શી રીતે વળાશે? મરીને તારે પેટે અવતરું એવું થાય છે. બાકી પેટે પથરો અવતરે એ પેલા મૂર્તિકારને કેટલું ગમ્યું હોત એ સવાલ જુદો છે.

અમે આબુ ઉપર ગયા હતા ત્યારે અમે જોયું હતું કે ત્યાંના દેલવાડાના મંદિરમાં કંઈ ભાંગફોડ થાય છે, તો જયપુરી અથવા જોધપુરી આરસપહાણના પથ્થર મંગાવી કસાયેલા કારીગરો પાસે તાબડતોબ પહેલા પ્રમાણે ખબર ન પડે એવી મરામત કરાવી લેવામાં આવે છે. ત્યાં ખાસ આ જ કામ માટે પેઢી દર પેઢીના કારીગરોને કાયમના રાખેલા છે.

પણ એટલી કાળજી અને એટલી કુશળતા બધે જોવામાં આવતી નથી. કાઠિયાવાડમાં પાલીતાણા પાસે શેત્રુંજા પર્વત ઉપર જૈન લોકોનાં મંદિરોનું એક મોટું વન છે. ત્યાં મંદિરમાંની એકાદ મૂર્તિનાં નાક કાન તૂટ્યાં એટલે આરસપહાણની મૂર્તિને સુધ્ધાં સિમેંટનાં નાક કાન બેસાડી દે છે, અને તે પણ એટલાં બેડોળ કે પોતાની લાવણ્યમય કૃતિની આ વિડંબના જોઈ મૂળ મૂર્તિકારને મરવું જ પડે. નવી પેઢીને હાથે થતા આવા પ્રકારના બેવકૂફીભર્યા સુધારામાં કેવી આફત રહેલી છે, તે જોઈને દુનિયાના આગેવાનોએ હમણાં એવું નક્કી કર્યું છે, કે પ્રાચીન ખંડેરોનું નવીનીકરણ ન કરતાં અથવા અપૂર્ણની પૂર્તિ ન કરતાં, જે છે તેનું જ સંરક્ષણ કરવું એ જ યોગ્ય છે. તે જ ન્યાયે અજંટામાંની બચેલી ચિત્રકળાનું હમણાં ભારે કુશળતાપૂર્વક સંરક્ષણ કરેલું છે. દુખાયેલાં ચિત્રોને નવા કારીગરો પાસે સારાં કરાવવાનો આજે કોઈ પ્રયત્ન કરે તો તેને હજામ ઠરાવી હાંકી કાઢવામાં આવે.

અજંટાની ગુફામાંનાં ચિત્રોનું કેવળ સંરક્ષણ કરવું એ જ યોગ્ય છે. પણ ત્યાં ગયેલા ચિત્રકારો પોતાની અનુકૃતિમાં પૂર્ણતા લાવવાનો પ્રયત્ન કરે તેમાં કંઈ અયોગ્ય નથી. માત્ર ભ્રમ ઉત્પન્ન ન થાય એટલા માટે પોતે તેમ કર્યું છે એનો સ્પષ્ટ ઉલ્લેખ કરી રાખવો જોઈએ.

'यद् यद् साधु न चित्रे स्यात् क्रियते तत्तदन्यथा ।
न्यूनं संपूर्णतां याति शिल्पीभावप्रसादतः ॥'

(બીજી લીટીમાં ભૂલ હોય તો સુધારી લેજે, પણ કાલિદાસ તો ચિડાવાનો જ.)

અજંટાની ચિત્રકળા જ્યાં સુધી આધુનિકોની દૃષ્ટિ બહાર હતી ત્યાં સુધી ખૂબ સુરક્ષિત હતી. અંદર આરામ કરનારા વાઘ ભીંતના લેપ ઉપર નખો ઘસે તો પણ છેક નીચેના ભાગમાં જ તેના ઉઝરડા પડે. કદાચ પહેલાંના ભિખારીઓ જ અહીં રક્ષણને માટે રહેલા હશે! વાગોળે માળા બાંધી અથવા મલોત્સર્ગ કરી ચિત્રો બગાડ્યાં હોત તો તે યુક્તિપૂર્વક ધોઈ કાઢીને હતાં તેવાં કરી શકાત. પણ કોઈ ગાંજાખોર વૈરાગી અંદર ધૂણી ધખાવીને બેઠો એટલે પછી ધુમાડાથી બધાં જ ચિત્રો ધૂળ મળવાનાં. ચોમાસાની

ભેજવાળી હવાથી ભીનાં થયેલાં ચિત્રોનો લેપ ધૂણીની ગરમીથી એકાએક સુકાઈ જાય છે. પછી તેના પાપડ જેવા પોપડા થઈ ધીમે ધીમે ખરવા માંડે છે. આવી રીતે આ ગુફામાં ખૂબ નુકસાન થયેલું છે. કેટલેક ઠેકાણે અર્ધદગ્ધ યુરોપિયન ચિત્રકારોએ ચિત્ર ઉપર વાર્નિશ ચોપડીને તે કાળાં મેશ કરી મૂકેલાં છે. અને યુરોપિયન પ્રવાસીઓએ તો છરી ચલાવી આખાં ને આખાં ચિત્રો હાથ આવ્યાં તેવાં ઉડાવ્યાં એવું કહે છે. અને આપણા દેશના કેટલાક અસંસ્કારી લોકોએ આ ચિત્રો ઉપર પોતાનાં નામો પોતાને આવડે એવા અક્ષરે કોતરી કાઢી અમર કર્યાં છે. અથવા અમર ચિત્રકળાનો આવો નાશ કરનારા આ નાશકર્મી દુર્જન કોણ હતા તે નામ ઉપરથી ઓળખાઈ જશે એટલે અનંત કાળ સુધી પોતાને નામે લોકો શાપ દે એવી સગવડ તેમણે કરી મૂકી છે એમ જ કહેવું જોઈએ.

નવા દિલ્હીમાં વાઇસરોયના મહેલ પાસે એક સરકારી સંગ્રહસ્થાન હમણાં હમણાં જોઈ આવ્યો. મધ્ય એશિયામાંથી ઘણી જ મહત્ત્વની વસ્તુઓ હિન્દુસ્તાન સરકારના ગોરા અમલદારે લૂંટી આણીને ત્યાં ગોઠવેલી છે. ઘણોખરો માલ તો વિલાયત જ પહોંચી ગયો છે, પણ અહીંના પૈસાથી અને અહીંના લોહીથી કરેલા યુદ્ધની લૂંટ થોડી અહીં નાખી સરકારે ભલાઈ લેવાનો પ્રયત્ન કર્યો છે. આ સંગ્રહસ્થાનમાં મધ્ય એશિયાનાં મોટાં મોટાં મંદિરોની ભીંત ઉપરના લેપો તોડી આણીને તે ઉપરનાં ચિત્રો અહીં મૂળની પેઠે બરાબર બેસાડી દીધેલાં છે. લોભને લીધે માણસ કયું પાપ નથી કરતો? બચાવમાં કહે છે કે મધ્ય એશિયામાં ગમે ત્યારે પણ આનો નાશ થવાનો જ હતો, અને સુધરેલા માણસો ત્યાં સુધી જઈને આ અપ્રતિમ કળાકૃતિઓ જોઈ આવે એ શક્ય નહોતું, એટલે અમે ત્યાંથી અહીં લઈ આવ્યા એટલું જ.

જેમણે આ કળાકૃતિઓ નિર્માણ કરી તેઓ અને તેમના વંશજો તો જંગલી લોકો રહ્યા, તેમનામાં ક્યાં લૂંટ કરવાની બુદ્ધિ કે શક્તિ છે? જે પક્ષ પાસે તોપો બંદૂકો છે, તેના પક્ષમાં ન્યાયનીતિ હોવાની જરૂર શી?

એક પ્રશ્ન વારંવાર મનમાં જાગે છે. આ બધાં ચિત્રો અહીં રહેનારા કળાકાર બૌદ્ધ ભિક્ષુઓએ જાતે કાઢેલાં કે ધનાઢ્યોએ અને ગુણાઢ્યોએ ગુફા કોરાવી આપ્યા પછી કોઈ ચિત્રકારસંઘે સંઘસેવા તરીકે આ બધી ભીંતો રંગી આપી? અથવા એમ કેમ ન હોય કે કોઈ રાજાએ કોઈ ચિત્રકારમંડળનું અપમાન કર્યું હોય તેથી ચિડાઈને તે ચિત્રકારોએ બૌદ્ધ ધર્મની દીક્ષા લઇ વનવાસ સ્વીકાર્યો હોય અને પછી મોટા મોટા ચક્રવર્તી સમ્રાટોને પણ ઈર્ષ્યા આવે એવાં આ ચિત્રો અહીં નિર્માણ કર્યાં હોય.

દ્રવ્યને માટે અથવા કીર્તિને માટે કરેલાં કામ કરતાં ધર્મને માટે અને શાશ્વત કલ્યાણને માટે કરેલાં કામ હમેશાં અપ્રતિમ હોવાનાં જ.

આ ગુફાઓ તૈયાર થતાં હજાર વર્ષ લાગ્યાં. તેને તૈયાર થયાને આજ બે હજાર વર્ષ થયાં તેનો ઇતિહાસ મળતો નથી. તેનું રહસ્ય શોધવામાં, બીજાં હજાર વર્ષ ખર્ચીએ તોયે શું થવાનું હતું? 'सा रम्या नगरी महान् स नृपतिः ।' વગેરે શ્લોકો ગાઈને એક વૈરાગી રાજાએ કાળને નમસ્કાર કર્યાં. પણ કાળના સામ્રાજ્યને વિસરાવનાર કળાને વંદન કરવાં એ જ અજંટાની ગુફાઓમાં બેઠાં બેઠાં વધારે સ્વાભાવિક અને ઉચિત લાગે છે.

રાજપૂતાનામાં એક કહેવત છે કે ચીતડાં, ભીતડાં અને ગીતડાં એ ત્રણથી નામ અજરામર થાય છે. અજંટાની ગુફામાં ભીતડાં ઉપર ચીતડાં છે, હવે અહીં આવીને ગીતડાં ગાનાર કવિની જ જરૂર છે.

મહારાષ્ટ્રમાં આવાં કેટકેટલાં કળાત્મક સૌંદર્યસ્થાનો છે. પણ તેને ગાનારા કવિ નથી! ગમે ત્યારે વખત કાઢી આ અજંટાની ગુફા નિરાંતે જોજે જ.

૯–૨–'૩૭
મહાશિવરાત્રિ

બુદ્ધ, યશોધરા અને રાહુલ

[અજંટાના ૧૭મા નંબરની ગુફાના બારણાની જમણી બાજુના, આપણી ડાબી બાજુના ચિત્રનું રહસ્ય.]

સિદ્ધાર્થ યશોધરાનો ત્યાગ કરી પરિવ્રાજક થયો તે પ્રસંગ કરુણ હતો. ગૌતમ આખરે બુદ્ધ થઈ પોતાના ત્યાગથી મેળવેલું અમૃત યશોધરા અને રાહુલને પાઈ દે છે. એ આ પ્રસંગ દિવ્ય છે, અભિનંદનીય છે. સિદ્ધાર્થ અને યશોધરા જ્યારે પરણ્યાં ત્યારે લગભગ સરખી જ ઉંમરનાં અને સરખા જ જીવનવાળાં હતાં. ગૃહત્યાગ પછી સિદ્ધાર્થે જે તપશ્ચર્યા કરી તે તપશ્ચર્યા વડે અને મારવિજય વડે તે મહાન થયો છે. એનો પિતા શુદ્ધોદન પણ એના તરફ હવે માનની દૃષ્ટિએ જુએ છે. એ ધર્મરાજની મહત્તા અલૌકિક છે. એની ઊંચાઈ સામાન્ય લોકો કરતાં કેટલીયે વધારે છે. લોકો હવે એને સમાન દૃષ્ટિથી જોઈ શકતા નથી. નજર ઉપર કરે તે જ એને જોઈ શકે.

અને ભગવાનની આંખમાંથી કેવું અમી ઝરે છે! વૈરાગ્યના કશાય રંગનો એમને બોજો લાગતો નથી. એમના વદન ઉપર સંપૂર્ણ શાંતિ છે. એમનો પદક્રમ કારુણ્યપૂર્ણ છે, સર્વલોક-હિતકારી છે. તેથી જ્યાં એમનો પગ પડે છે ત્યાં કમળ જ ઊગે

છે. અત્યંત ઉદ્વેગથી તેઓ ઘર છોડીને વનમાં ગયા હતા. આજે શાંતિનું અરણ્ય તેઓ રાજધાનીમાં લઈ આવ્યા છે.

યશોધરા સમજી ગઈ છે કે એના હૃદયેશ્વર હવે એના છે અને એના નથી. તથાગતના હૃદયમાં વિશ્વજાતને માટે સ્થાન છે. એમાં પોતાને પણ છે અને પોતાના બાળકને પણ છે. બુદ્ધ ભગવાન જ્યારે ઘર છોડીને ગયા ત્યારે યશોધરાએ રાહુલને અપ-શુકનિયો દીકરો ગણીને હજાર વાર ધિક્કાર્યો હશે. પિતાએ તો એનું નામ જ રાહુલ પાડ્યું હતું. આજે એ જ માતા પોતાના — બુદ્ધ ભગવાનના એ પુત્રને દીક્ષા આપી રહી છે. કથાકારો કહે છે કે બુદ્ધ ભગવાને રાહુલને સંન્યાસદીક્ષા આપી. વાત ખોટી છે. જે ક્ષણે યશોધરાએ કહ્યું કે 'દીકરા, જો પેલો પુરુષસિંહ અકુતોભય-સંચાર કરે છે; એ તારો પિતા છે; એણે દુન્યવી રાજ્ય તજી કંઈક અલૌકિક રાજ્ય મેળવ્યું છે; તું એનો વારસ છે; જા, પિતા પાસેથી તારો વારસો માગી લે;' એ જ વખતે રાહુલને દીક્ષા મળી ચૂકી. બુદ્ધ ભગવાને એને કષાય વસ્ત્ર આપ્યાં હશે, એને ભિક્ષાપાત્ર સોંપ્યું હશે; પણ એ દીક્ષા ન ગણાય. એ તો કેવળ રૂપાંતર હતું, વેશાંતર હતું. દીક્ષા તો માતૃહૃદયે જ આપી.

યશોધરાને પરમશાંતિ ન મળી હોત, સિદ્ધાર્થના ગૃહત્યાગની બળતરા જ હૈયામાં રહી હોત તો એ દીકરાને દીક્ષા આપી ન શકત. બુદ્ધ ભગવાને સંઘ સ્થાપ્યો. એ સંઘ બગડ્યો. એની સાથે રાહુલ પણ બગડ્યો. પણ યશોધરા તો આર્ય સતી પતિ મારફતે જ એણે મુક્તિ મેળવી. એ ધન્ય થઈ ગઈ. આકાશમાંથી દેવો પુષ્પવૃષ્ટિ કરે છે તે કોના ઉપર? એ પુષ્પો નથી બુદ્ધને માટે કે નથી રાહુલને માટે; એ પુષ્પો આત્માર્પણનો ધર્મ પામનાર પુષ્પ સમી યશોધરાને માટે છે.

આ પ્રસંગમાં બુદ્ધ કૃતાર્થ છે, સાચા અર્થમાં સિદ્ધાર્થ છે. રાહુલ એ રાહુલ રહ્યો નથી. એ ધર્મરાજનો યુવરાજ થયો છે. યશોધરા તો પરમ કૃતાર્થ છે. ફક્ત વ્યર્થ દેખાય છે કેવળ પુષ્પ-વૃષ્ટિ કરી સંતોષ માનનાર પેલો દેવ, — જે આ ભવ્ય પ્રસંગની કદર કરી શકે છે, એનો રસ લૂંટી શકે છે, એ પ્રસંગને વધાવી

લઈ શકે છે, પણ એ પ્રસંગમાંથી પોતે દીક્ષા લઈ શકતો નથી. જે કદર કરી જાણે પણ અનુકરણ ન કરી જાણે તે વિદ્યાધર છે, કલાધર છે, છત્રધર છે પણ ઈશ્વર નથી. શું આ વિદ્યાધરની છાયા રાહુલ ઉપર પડી તેથી જ એની દીક્ષામાં કચાશ રહી? એને દીક્ષા મળી હતી; એણે લીધી ન હતી. મળેલું કેટલું ટકે? અને મેળવેલું ક્યાં ખોવાઈ જાય?

૧૯૩૦

જીવનનો આનંદ

ખંડ ૫મો

જીવનનો ઓપ

કળા, જીવન અને તત્ત્વજ્ઞાન

સામાન્ય રીતે તત્ત્વજ્ઞાન એ નીરસ વિષય ગણાય છે, અને કળા રસમય શું—રસરૂપ ગણાય છે. આજે સમાજમાં બન્ને પ્રત્યે અભાવ છે, કેમ કે બન્નેનો સમાજમાં અભાવ છે. સાચું જોતાં દરેક કળાની પાછળ તત્ત્વજ્ઞાન હોય છે, અને તત્ત્વજ્ઞાન જ્યારે જીવનમાં પ્રવેશ કરે છે ત્યારે જીવનના આનંદ સાથે ભળી જઈ તે તત્ત્વજ્ઞાન કળાનું રૂપ ધારણ કરે છે. સુંદર ગાયનની પાછળ જેમ ભાવગમ્ય છંદ અને તાલબદ્ધતા હોય જ છે તેમ કળાની પાછળ તત્ત્વજ્ઞાન પણ હોય છે. ભિન્ન ભિન્ન સમાજોમાં કળા ભિન્ન ભિન્ન હોય છે એનું કારણ પણ, તે તે સમાજનો જીવનનો આદર્શ અથવા પુરુષાર્થની કલ્પના ભિન્ન હોય છે તે છે. તેથી જ આપણા દેશમાં ધર્મભેદને અનુસરીને તાંત્રિક, વૈષ્ણવ, શૈવ, જૈન, બૌદ્ધ, ઇસ્લામી, વગેરે કળાઓ ભિન્ન ભિન્ન રીતે પ્રગટ થયેલી જોવામાં આવે છે. ધર્મભેદ ક્રમશઃ થાય છે, તેથી કળામાં પરિવર્તન પણ ધીમે ધીમે થાય છે. એકેશ્વરવાદી ખ્રિસ્તી ધર્મે ગ્રીક લોકોનાં અનેક દેવદેવતાઓનો ત્યાગ કર્યો, પણ યુરોપની પ્રજા આટલું પરિવર્તન એકાએક શાની ઝીલી શકે? પ્રજાએ દેવદેવતાઓને સ્થાને ખ્રિસ્તી સંતોને બેસાડી દીધા અને ઉપાસનાની બહુવિધતાની જૂની અભિલાષા તૃપ્ત કરવાનો નવો માર્ગ શોધી કાઢ્યો; અને આ રીતે ગ્રીક કળામાં જે કલ્પનાસમૃદ્ધિ હતી

તે જાળવી રાખી. આપણે ત્યાં પણ અશોકના વખતની કારીગરી એ જ સૂચવે છે કે અશોક પહેલાં કાષ્ઠસ્થાપત્ય બહુ જ લોકપ્રિય હતું, અને પથ્થર જેવા પદાર્થમાં પણ કાષ્ઠસ્થાપત્યની મર્યાદાઓ સાચવવામાં તે વખતના કારીગરોએ આનંદ માન્યો. કાર્લીની કે અજન્ટાની ગુફાઓની કારીગરી ઉપર પણ કાષ્ઠસ્થાપત્યનો પૂરેપૂરો પ્રભાવ દેખાય છે.

જીવનમાં જ્યારે ફેરફાર થાય છે ત્યારે સ્થાપત્યમાં, શિલ્પમાં, એટલું જ નહિ પણ નગરરચનામાં પણ ફેરફાર થાય છે. અમદાવાદની પોળોની રચના પાછળ ગુજરાતના સમાજની વૃત્તિ કેટલી તરી આવે છે એ તરફ કોઈનું ધ્યાન ગયું નથી એ આશ્ચર્યજનક છે. જે પ્રજા લડવાની હોંશ બિલકુલ ધરાવતી નથી છતાં સ્વસંરક્ષણને માટે રાજા કે રાજસત્તા ઉપર બહુ વિશ્વાસ રાખી શકતી નથી; ધન મેળવી શકે છે અને તેનો ઉપભોગ પણ કરી જાણે છે; રાજશાસનની ધમાલમાં પડતી નથી છતાં મહાજન દ્વારા સમાજશાસન અત્યંત સુધરેલી ઢબે કરી શકે છે; એવી પ્રજા અશાંતિના દિવસોમાં બીજી રીતે નગર-રચના ન જ કરી શકે. આથી વિરુદ્ધ પાટણની નગરરચના છે. એનું કારણ પાટણની સંસ્કૃતિ ભિન્ન છે એ નથી, પણ અસલી પાટણ હમણાં રહ્યું જ નથી એમ લાગે છે. હાલનું પાટણ શહેર ભિન્ન રાજકીય પરિસ્થિતિમાં બંધાયેલું હોવું જોઈએ

સામાન્ય મંદિરોમાં પણ આપણે જીવનનો વિકાસ જોઈ શકીએ છીએ. નિવૃત્તિપ્રિય એકાંતમાં ધ્યાનમગ્ન રહેનાર શિવ-ઉપાસકોએ ગુફાની પ્રતિકૃતિરૂપી નાનકડાં દહેરાં બાંધવાની પ્રથા શરૂ કરી. આજે એને ગર્ભગૃહ કહે છે. પ્રવૃત્તિપ્રિય વૈષ્ણવ લોકોએ જ્યારે સામુદાયિક ભક્તિમાર્ગ શરૂ કર્યો ત્યારે એ ગર્ભગૃહ આગળ સભામંડપની જરૂર જણાઈ. આ બે વચ્ચેનો અંતરાલ પ્રદેશ જે બાંધકામથી ઢાંકવામાં આવ્યો તેને અંતરાલ એ જ નામ આપવામાં આવ્યું. આ રીતે મંદિરના ત્રણ વિભાગ થયા : ગર્ભગૃહ અંતરાલ અને સભામંડપ. આ ત્રણ વિભાગનું પ્રતિબિંબ રાજમહેલમ પણ પડયું. ત્યાં પણ જોહુકમી સુલતાનનું મસલતખાનું, મંત્રીપરિવેષ્ટિ રાજાનો દીવાને–ખાસ, અને પ્રજાનુરંજક બાદશાહનો દીવાને–આ તૈયાર થયાં. જ્યાં રાજા હતો જ નહિ એવાં હિમાલયનાં ગ

રાજ્યોમાં નથી મસલતખાનું કે નથી દીવાને-આમ. ત્યાં તો ગામડાં પાસે ટેકરી ઉપર મોટા મોટા પથ્થરોનો એક ઓટલો અથવા ચોતરો બાંધેલો હોય છે. તેના ઉપર બેસીને વૃદ્ધ લોક સ્વરાજ્ય-રક્ષણનો વિચાર કરતા. આજે આપણે એક વિરાટ રાષ્ટ્ર બની ગયા છીએ. આજનો આપણો સ્વરાજ્ય મંત્ર દીવાને-આમમાં પણ માય એવો નથી. રાષ્ટ્રીય મહાસભા જેની અંદર બેસી શકે એવી રંગસભા હવે બાંધવી પડશે. જ્યાં જ્યાં લોકપ્રાધાન્ય હોય ત્યાં ત્યાં ગ્રીક સંસ્કૃતિનું કાંઈ પણ અનુકરણ કરવું જ પડવાનું. તેથી હવે આપણે વક્તૃત્વકળા ખીલવી છે. આપણી રંગસભા પણ ગ્રીક લોકોનાં એમ્ફીથિયેટર જેવી બનાવવી પડશે. માત્ર હિંદુસ્તાનની ઉપવન-સંસ્કૃતિને છાજે એવી તે રંગસભા થવી જોઈએ. ઈંટ અને પથ્થર કરતાં વૃક્ષો ઉપર હિંદી સંસ્કૃતિ વધારે નિર્ભર છે. તેથી આ એમ્ફીથિયેટર અથવા રંગસભાના વિભાગ અર્ધવર્તુલાકાર હારમાં વૃક્ષો વાવીને જ કરવા પડશે. સભા જો ખરે બપોરે ભેગી થવાની હોય તો ખાદીની ચાંદની આ ઝાડોને બાંધી શકાય છે. આ જ રંગસભા હમેશાંને માટે ગ્રામદેવતાના મંદિર તરીકે ગણાશે. એટલે ગ્રામવાસીજન સહેજે એની મરામત કર્યાં કરશે. અખાડા, વ્યાખ્યાન, નાટક આદિ બધું અહીં જ થાય. હિન્દુમુસલમાનઐક્ય સૂચક એક વિસ્તીર્ણ તળાવ આ મન્દિર પાસે જરૂર હોય.

આ રીતે સામાજિક જીવન અને સામાજિક કળાનો ત્રિકાલનો સંબન્ધ આપણે જોયો. અને તે ઉપરથી આપણે જોઈ શક્યા છીએ કે જેવું જીવન તેવી જ કળા. હવે એટલું જોવાનું રહ્યું કે જેવું તત્ત્વજ્ઞાન, જેવો સામાજિક પુરુષાર્થનો આદર્શ તેવી જ રહેણી, અને તેવી જ કળા. આ દૃષ્ટિએ આપણે ઉપર વર્ણવેલી મંદિરની રચના તપાસીએ. મન્દિરોમાં ત્રણ જાતના ઉપાસક જાય છે. 'देवो भूत्वा देवं यजेत्' એ તલ્લીનતાથી ગર્ભગૃહમાં બેસી પૂજાઅર્ચા કરનાર એક વર્ગ; એ અન્તે કહેવાનો—यो सावसौ पुरुषः सोहमस्मि. દેવ-દર્શનને નામે મન્દિરમાં ભેગો થઈને પુરાણશ્રવણ, કથાકીર્તન અને ધર્મવિવરણ કરનાર સભામંડપસ્થ બીજો વર્ગ; અને બન્ને વર્ગ સાથે સમભાવ ધરાવનાર અને ધ્યાન અથવા જપ એ જ શ્રેષ્ઠ સાધના માનનાર એક વચલો વર્ગ હોય છે; તે આ અંતરાલમાં બેસતો

આવ્યો છે. આમ થવાનું કારણ આપણને આપણા તત્ત્વજ્ઞાનમાં મળી આવશે. આપણું તત્ત્વજ્ઞાન આત્મપરાયણ છે. દર્શનકારો આત્માના ત્રણ વિભાગ કલ્પે છે: બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્મા. બહિરાત્મા પોતાને આ બાહ્ય સૃષ્ટિ સાથે સંલગ્ન અને અભિન્ન માને છે. અન્તરાત્મા દેહધારી હોવા છતાં દેહથી પોતાનું ભિન્નત્વ જાણે છે. અને પરમાત્માને તો દેહભાન હોતું જ નથી. મનુષ્યની આ ત્રણ દશાઓ છે; અને આ ત્રણ દશા પ્રમાણે તે જીવનમન્દિરમાં પ્રથમ સભામંડપમાં બેસે છે, ત્યાર પછી અંતરાલમાં બેસીને આત્મદેવનું દર્શન કર્યાં કરે છે, અને તે સાધના પૂરી થયા પછી ગર્ભગૃહમાં પ્રવેશ કરી અભેદભક્તિમાં વિલીન થાય છે. સમાજમાં કળાની પ્રગતિ પણ આ ત્રણ દશામાં જ થાય છે. સમાજની શું—અખિલ માનવકોટિની પ્રગતિ આ જ દિશામાં છે. સૃષ્ટિસંલગ્ન દશામાં કળા વધારેમાં વધારે બહિર્મુખી અને સૃષ્ટિઉપાસક હોય છે. તેને યથાર્થદર્શી Realistic કહે છે. સૃષ્ટિ કામરૂપિણી હોઈ તેની વિવિધતા અનંત છે, તેથી તેની ઉપાસનાનો અંત સહેજે આવતો નથી. એક રૂપમાં થાકી જાઓ તો બીજું રૂપ તમારી આગળ ઊભું રહ્યું જ છે. જેમ જેમ તમે સૃષ્ટિના પાશમાં સપડાઈ જાઓ છો તેમ તેમ તમને તમારી શક્તિ વધી છે એવો આભાસ આવે છે. જે વખતે પ્રભુતાનો મદ ચરમ સીમાએ પહોંચેલો હોય છે તે વખતે વસ્તુતઃ માણસ સૃષ્ટિનો દાસાનુદાસ થયેલો હોય છે. પણ ઈશ્વરની સૃષ્ટિમાં ચિરપતિત કોઈ નથી. આત્મતત્ત્વ અમર છે. અને તેથી માયાના પાશ પોતાના ભારથી જ આખરે ખરી પડે છે ત્યારે મનુષ્યને થાય છે કે [1]नियतिकृतनियमरहिता, [2]ल्हादैकमयी, [3]अनन्यपरतन्त्रा, नवरसरुचिरा એવી ભાવગમ્ય સૃષ્ટિ આપણે કેમ ન નિર્માણ કરીએ?

આ બાહ્ય સૃષ્ટિ પોતાના સુવર્ણમય ઢાંકણથી રસરૂપ પરમાત્માને ઢાંકી રાખે છે. તેથી યથાર્થદર્શી કળામાં સુખ સાથે અતૃપ્તિ વિષાદ ભેળવેલો હોય છે. તેના આનંદથી સમાધાન થવાને

---

૧. બ્રહ્મદેવે નિર્માણ કરેલી સૃષ્ટિના બાહ્ય નિયમની મર્યાદાથી મુક્ત. ૨. સુખદુઃખાત્મક નહિ, પણ શુદ્ધ આનંદરૂપ. ૩. બીજા ઉપર આધાર ન રાખે એવી સ્વતંત્ર.

બદલે વાસનાજ્વર જાગૃત થાય છે. પ્રવૃત્તિનો પ્રવાહ ગમે તેટલો રમણીય હોય તો પણ તે અધોગામી છે અને અંતે વિષાદમય જ છે.

આટલો અનુભવ થયા પછી ઉપાસક આત્માભિમુખ થઈ જાય છે. તે ઇંદ્રિયજન્ય રસને છોડી દઈ ભાવાત્મક રસ લેવા માંડે છે. તે આનંદ વ્યક્ત કરવાનાં સાધનો ભલે પાર્થિવ હોય અને ઇંદ્રિયગોચર હોય, તો પણ તે દ્વારા વ્યક્ત કરવાનો ભાવ ઇંદ્રિયાતીત હોય છે, અને તેથી તે દ્વારા મળતો આનંદ શુદ્ધ, નિષ્કલંક અને સ્થાયી હોય છે. તે આનંદ શમપ્રધાન હોય છે. વિલાસિતાને એથી પોષણ નથી મળતું. તે આનંદમાં પ્રવેશ કર્યા પછી માણસ विगलितवेद्यान्तर થઈ જાય છે. આ કળાને આદર્શ-દર્શી Idealistic કહે છે, કેમ કે આ કળાના આદર્શમાં આત્માનું પ્રતિબિંબ પડેલું હોય છે. ભારતવર્ષમાં આ આદર્શદર્શી કળાને જ પ્રાધાન્ય હતું. યથાર્થદર્શી કળા અહીં ન હતી એમ નથી. એમ કહેવાય છે કે મયાસુરની કળા યથાર્થદર્શી હતી, જ્યારે વિશ્વકર્માની કળા આદર્શદર્શી હતી. પણ અંતે આ ધર્મપરાયણ સમાજમાં વિશ્વકર્માની કળા જ લોકમાન્ય થઈ. મયાસુરની કળા વખતે ચીન દેશથી આવેલી હોવાથી અહીં ન ટકી હોય અથવા તો તે કળા આપણી ધાર્મિક ભાવનાઓને પોષક ન હોવાથી લોકો તરફથી ઉપેક્ષિત થઈ હોય. આ આદર્શપરાયણતા જેમ ચિત્રકળામાં તેમ શિલ્પમાં, જેમ સંગીતમાં તેમ સ્થાપત્યમાં પણ છે; જેમ પૂજાઅર્ચામાં છે તેમ જીવનસંસ્કારોમાં પણ છે, જેમ સાહિત્યમાં છે તેમ આપણા રીતરિવાજોમાં પણ છે. આમાં કળાનો ઉત્કર્ષ છે, પણ તે પરાકાષ્ઠા નથી. કાષ્ઠા અને પરાગતિ તો આત્મપ્રાપ્તિ જ છે, આત્મપ્રાપ્તિમાં માણસ કળાતીત થાય છે. રવીન્દ્રનાથ ઠાકુરના 'રાજા' ('રાજા' નાટકના) પ્રમાણે આત્મા સુંદર પણ નથી હોતો, તેમ કુરૂપ પણ નથી હોતો. તે સત્યરૂપ હોય છે, અને તેથી જ તેની સાથે જીવરાણીને રમમાણ થવું હોય તો તે રાણીએ પણ કળાતીત થવું જોઈએ. એ જ અભેદભક્તિ છે, એ જ ગર્ભગૃહમાં પ્રવેશ છે, એ જ સાયુજ્યમુક્તિ છે. એનું વર્ણન ન થઈ શકે, એનું સૂચન જ થઈ શકે. તે શબ્દાતીત છે, તે અવર્ણ્ય છે, તે નિષ્કલ પરબ્રહ્મ

છે. આદર્શદર્શી કળા આપણને તે તરફ લઈ જાય છે, તેનું સ્મરણ કરાવે છે, તેની ઝાંખી આપે છે, તે તરફ જવાને શક્તિમાન બનાવે છે. તેથી જ તે કળાની ઉપાસના એ બ્રહ્મપ્રાપ્તિની એક સાધના છે. તેથી જ જૂના શાસ્ત્રકારોએ કહ્યું છે કે નાદોપાસનાથી શુદ્ધ બ્રહ્મપ્રાપ્તિ થાય છે. કળાની સમ્યક્ ઉપાસના કરવાથી માણસ કળાતીત થાય છે અને મોક્ષ મેળવવાને લાયક બને છે.

આ કળાની ઉપાસના યોગથી થાય છે. નાક પકડીને શ્વાસ રોકવો એનું નામ યોગ નથી. યોગ એટલે સમત્વ. યોગ એટલે વાસનારાહિત્ય. યોગ એટલે નિર્વિકારતા. યોગ એટલે સંયમ. યોગ એટલે ધ્યાન. યોગ એટલે તદાકારતા. એ યોગ જે સાધે તે જ આર્ય કળાનું રહસ્ય સમજી શકે, તેનું પુનરુજ્જીવન કરી શકે, તેમાં નવીન પ્રાણ ફૂંકી શકે અને તે દ્વારા સમાજમાં નવીન યુગ પ્રવર્તાવી શકે. કળાનો ઉગમ અંદરથી થવો જોઈએ. તેટલા માટે આજે કળાધરોએ તપસ્યાપૂર્વક ધ્યાન કરવું જોઈએ. પોતાનું શરીર, પોતાનો સમય અને પોતાની સ્ફૂર્તિ વિલાસ માટે અથવા વિલાસી જનોને સંતુષ્ટ કરવા માટે નથી, પણ પોતાની કળા દ્વારા જનાર્દનની સેવા કરવા માટે છે એ ધ્યાનમાં રાખવું જોઈએ.

મે, ૧૯૨૩

કળાનું હાર્દ

લોકોને ખુશ કરવા ખાતર જે પોતાની કલ્પનાશક્તિ કેળવે છે, રૂપ કાઢે છે, આકર્ષક પદાર્થો નિર્માણ કરે છે, અથવા મોહક આલાપો લે છે તે નટ – વિટ – ગાયક – નર્તકની કોટીનો માણસ છે. એની વિદ્યા કે કળા જોકે દુનિયાને પ્રસન્ન કરે છે તો પણ એના સમાધાનને અર્થે તે બસ નથી હોતી. લોકો એના સંગીતના ભૂખ્યા હોય છે, અને એ સામાન્ય લોકોની વાહવાહનો ભૂખ્યો હોય છે. સંગીતમાં જે નિરતિશય આનંદ હોય છે તેની સાથે તલ્લીન થવા જેટલું હૃદય એણે કેળવ્યું નથી. કેવળ કંઠ કેળવ્યો એમાં એને શો લાભ થયો? એ સમાજનો આશ્રિત છે. જેને અંદરથી આનંદ મળે છે તે નિત્યતૃપ્ત હોય છે, સ્વસ્થ હોય છે. સહેજે ચિડાઈ જાય અથવા સહેજે ફુલાઈ જાય એવા સ્વભાવવાળા ગાયક કે ચિત્રકારને અને સાહિત્યસેવીને હું જોઉં છું ત્યારે મનમાં કહું છું, 'આ માણસ ગુણી છે, પણ કળાધર નથી.' યુદ્ધકળામાં અનેક આવડતો જોઈએ છે. પણ મુખ્ય વાત તો મોતની બેપરવાઈ, મરવાની તૈયારી, વીરતા એ જ છે. તેમ કળામાં અનેક વસ્તુઓની આવશ્યકતા હોય તો પણ **वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि** એવું હૃદયનું આર્યત્વ એ મુખ્ય હોવું જોઈએ. એ જ જીવવાની કળા છે. એ જ્યાં ન હોય ત્યાં વિષયનો વિલાસ જ છે—પછી એને ગમે તેટલું સુંદર રૂપાળું નામ આપો.

ઑક્ટોબર, ૧૯૨૫

કળા અને અશ્લીલતા

નગ્નતામાં અશ્લીલતા હોય જ છે એમ નથી. ફૂલો નગ્ન હોય છે; પશુપક્ષીઓ નગ્ન હોય છે; નાના નાના બાળકો પણ નગ્નદશામાં નિર્વ્યાજ મનોહર હાસ્ય સાથે કૂદંકૂદા કરે છે. એમાંનું કશું અશ્લીલ જેવું લાગતું નથી.

કુદરતનો કોઈ પણ સ્વાભાવિક વ્યાપાર સ્વતઃ અશ્લીલ નથી. વૈદકની ચોપડીમાં કે કાયદાની ચોપડીઓમાં એવી કેટલીયે વસ્તુઓ નોંધેલી હોય છે કે જે શિષ્ટ સમાજમાં આપણે રજૂ કરી નથી શકતા. યોગ્ય ઠેકાણે તે અશ્લીલ નથી ગણાતી. સરકાર સામે ઉશ્કેરનારો લેખ રાજદ્રોહી ગણાય છે. અને તે લખી પ્રસિદ્ધ કરવા માટે લેખક પ્રકાશકને સજા થાય છે. પણ એ જ લેખ કોર્ટના રિપોર્ટ તરીકે જ્યારે છપાય છે ત્યારે સામાન્યપણે તેમ કરવામાં રાજદ્રોહનો ગુનો નથી થતો, એના જેવું જ કંઈક અહીં છે. ધર્મ-ગ્રંથોમાં અને મહાભારત જેવાં ધાર્મિક કાવ્યોમાં કોક કોક વાર એવી વસ્તુઓ વર્ણવેલી હોય છે કે જે સામાન્યપણે આપણે અશ્લીલ જ ગણીએ. પણ પવિત્ર, ઉદાત્ત અને ભવ્ય પ્રસંગે અથવા સ્થાને અશ્લીલ વસ્તુઓ પણ અશ્લીલ નથી ગણાતી. ચિકિત્સાના મેજ પર ડૉકટર આગળ ગમે તે માણસ – પુરુષ કે સ્ત્રી–વિવસ્ત્ર દશામાં લાંબાં થઈ શકે છે પણ સામાન્ય વ્યવહારમાં તેવું કોઈ કરી ન શકે.

અશ્લીલતા એ હેતુ, પરિસ્થિતિ અને અસર ઉપર આધાર રાખે છે.

હા, કેટલીક વસ્તુઓ મૂળે જ એટલી બધી અકુદરતી અને બીભત્સ હોય છે કે એમનું દર્શન કે સ્મરણ જુગુપ્સા પેદા કરે છે. એવી વસ્તુઓ ભાગ્યે જ શ્લીલ એટલે કે શ્રીયુક્ત બની શકે છે.

કેટલીક કળાકૃતિઓ સીધી રીતે અશ્લીલ કહી શકાતી નથી અને છતાં એના દર્શનથી કે શ્રવણથી સારા ભાવ પેદા થતા નથી. હૃદય લલિત, દયિત, ઉદાત્ત અથવા ઉન્નત થતું નથી. એવી કળાકૃતિઓ પણ વિશ્રી અને હીણ લેખાવી જોઈએ. ઉચ્ચ કળાકૃતિ દ્વારા આપણું હૃદય ઉત્કટ અવશ્ય થાય છે. કોક કોક વાર અસ્વસ્થ પણ થાય છે એ જ એની ખરી અસર છે. પણ જ્યારે કોઈ કૃતિ સંસ્કારી ભદ્રપુરુષની અરુચિ ઉત્પન્ન કરાવે છે — કળાવૃત્તિને ગિલટ્ટી કરાવે છે ત્યારે એ અશ્લીલ છે એમ જાણવું.

ભોજનરસ અને કામવિકાર લોકયાત્રા માટે ગમે તેટલાં આવશ્યક હોય તોયે એમાં તટસ્થ આનંદ હોતો નથી. અલિપ્તપણે, અનાસક્તપણે જે આનંદ અનુભવી શકાય તે જ કળાનો વિષય થઈ શકે છે. એ તંત્ર જ્યાં ન સચવાયું ત્યાં કાં તો વિલાસિતા હોય અથવા અશ્લીલતા હોય. વિલાસિતામાં ઉન્માદક આકર્ષણ હોય છે. અશ્લીલતામાં હીનતા અને વિકૃતિ હોય છે. બન્નેમાં કળાનો પરિપોષ નથી. માટે બન્નેનો કળાના ક્ષેત્રમાંથી ત્યાગ જ વિહિત છે.

૧૯૩૭

જીવનમાં સૌંદર્યનું સ્થાન

[એક પ્રવચન]

સૌંદર્ય પોતે સુંદર વસ્તુ છે પણ તે વિષેનું વિવેચન કે મીમાંસા સુંદર હોય જ છે એમ નથી. કાવ્ય, સંગીત કે વિનોદમાં રહેલો આનંદ આપણે અનુભવીએ છીએ પણ આ સુંદર કળાઓની મીમાંસા કરવા જતાં કદાચ એ કાર્ય આનંદરહિત અને અ–સુંદર પણ થઈ બેસે. સૌંદર્યના અનુભવનો આનંદ સૌંદર્યમીમાંસાથી નીપજી ન શકે.

સૂર્ય તરફ નજર રાખી ચાલતાં પ્રકાશ પણ મળે છે અને છાયા પણ આપણી પાછળ આપમેળે જ ચાલી આવે છે, પરંતુ તેથી અવળી નજર રાખી છાયા પાછળ ચાલતાં પ્રકાશ પણ મળતો નથી અને છાયા તો હાથમાં આવતી જ નથી, તે તો આગળ અને આગળ દોડી જાય છે, તેવી રીતે સૌંદર્યની પાછળ પડતાં તે પ્રાપ્ત થતું નથી. તેની તરફ બેદરકાર રહેતાં આનંદ અને સૌંદર્ય બન્ને સહેજે મળે છે. બાળકોના જીવનમાં વ્યક્ત થઈ રહેલું સૌંદર્ય એને વિષે એને ભાન થતાં અને દરકાર લેવાતાં નષ્ટ થવા માંડે છે. સૌંદર્ય વિષે ભાન આવ્યું એટલે તેમાં વિકૃતિ પેસવાની જ. જ્યાં સુધી સૌંદર્યભાન ન હોય ત્યાં સુધી જ જીવનમાં સૌંદર્ય માટે સ્થાન રહે છે. આમ સુંદરતા વસ્તુ એવી છે કે તેના વિષે તટસ્થતા કે ઉદાસીનતા કેળવવાથી તે સહજ જ મળી રહે છે પરંતુ તેને માટે પ્રયત્નો કરવા જતાં તે

શરમાઈને દૂર જતી રહે છે. જેમાં સૌંદર્ય રહેલું હોય તેની જ ઉપાસના કરવાથી, સૌંદર્ય પણ આપોઆપ આવે છે.

આમ છતાં માણસ કોઈ ને કોઈ રીતે પોતાની સુંદરતા વધારવાનો પ્રયત્ન કરે જ છે. બજારમાં સુંદરતાની, એટલે દેખાવડાપણાની કિંમત હોય છે એટલે માણસ કૃત્રિમ સુંદરતા કેળવવાનો પ્રયત્ન કરે છે. રાજામહારાજાઓ અમલદારોની નિમણૂક કરતા પહેલાં તેમના ફોટા પરથી, તેઓ છાપ પાડી શકે તેવા દેખાવના છે કે નહિ તેની ખાતરી કરી જુએ છે. વેપારમાં પણ દેખાવડો, અસર પાડી શકે તેવા રૂપઢંગનો સેલ્સમૅન સફળ થવાનો જ. આ સૌંદર્ય કેળવવાનો પ્રયત્ન તે સારો છે કે ખોટો તે જુદી વસ્તુ છે. પણ દરેકના જીવનમાં તેનું સ્થાન હોય છે જ. પરંતુ બાળકોના બેદરકારીભર્યા સૌંદર્યમાં તેની જે કલ્પના રહેલી છે તેનાથી આ કલ્પના સાવ જુદી હોય છે. જેઓ જીવનને સમૃદ્ધ કરવા માગે છે, જીવનને સુંદર રીતે વ્યક્ત કરવા ઇચ્છે છે, તેમની આગળ સૌંદર્ય આવે જ છે અને તેઓનાં જીવનમાં તેનું સ્થાન પણ અનેરું હોય છે.

બાળકના જીવનમાં સહેજે શોભતી વસ્તુનું પ્રૌઢાવસ્થામાં અનુકરણ કરવાથી તે અસુંદર જ દેખાશે; કારણ ઉંમર વધતાં સૌંદર્યની કલ્પનાઓ પણ બદલાય છે. સૌંદર્યમાં વધારેમાં વધારે અગત્યનું સ્થાન હોય તો તે ઔચિત્યને છે. વખતે વખતે અને પ્રસંગે પ્રસંગે સુંદરતાની કલ્પના પલટાયા કરે છે.

જવાબદારી, કર્તવ્ય અને જીવન વિષેનું ભાન, તેમ જ પ્રેમ, કરુણા, ન્યાય આદિ સુવૃત્તિઓ જેમ જેમ જાગે છે તેમ તેમ સૌંદર્ય વિષેની કલ્પના ઉન્નત થતી જાય છે. અને અન્તે પ્રતીતિ થાય છે કે જે સુંદર રીતે જીવી જાણે છે તે જ સૌંદર્યમય છે. દરેક વ્યક્તિમાં સૌંદર્યની ભૂખ તો હોય છે જ, પ્રત્યેકના જીવનમાં એનું સ્થાન પણ છે; માત્ર જીવન કર્તવ્યશીલ બનતાં, તેની કલ્પના વિકસે છે અને માણસ તેનાં વધુ ઉન્નત સ્વરૂપો ભાળી શકે છે. આ રીતે જવાબદારીમાં જ સૌંદર્ય પ્રતિષ્ઠિત છે.

સૌંદર્યની કલ્પના જેમ જવાબદારીને કારણે બદલાય છે, તેવી જ રીતે પ્રેમને કારણે પણ બદલાય છે અને એ રીતે તે પ્રેમ સાથે વધારે સંકળાયેલી છે. ટૉલ્સ્ટૉયની પ્રખ્યાત નાયિકા એના કૅરેનીનાને

સત્તર વર્ષ સુધી દંપતીજીવન ગાળ્યા પછી પોતાના પતિ પરથી પ્રેમ ઊતરતાં તેનામાં સૌંદર્ય દેખાતું પણ બંધ થાય છે. આમ સૌંદર્યની કલ્પના, જ્યારે તે પ્રેમ પાછળ જાય છે ત્યારે આંધળી બને છે કારણ પ્રેમ આંધળો હોય છે અને પ્રેમનું લક્ષ્ય બદલાતાં તેની કલ્પના પણ પલટાય છે.

માટે કેટલાક કહે છે કે સૌંદર્યની કોઈ સર્વગ્રાહ્ય વ્યાખ્યા કરવી અશક્ય છે. પણ આ તો આત્મનેપદી – subjective – સૌંદર્યની વાત થઈ; પરસ્મૈપદી – objective – સૌંદર્ય પણ હોય છે. સ્વભાવે નિષ્પક્ષપાતી, તટસ્થ સમભાવી નિસર્ગનાં સૌંદર્યો સર્વ કોઈને પ્રિય થઈ પડે છે. વૃક્ષો, ફૂલો, નદીઓ, નાનાંમોટાં જનાવરો સૌમાં કંઈ ને કંઈ સુંદરતા ભરી હોય જ છે. સામાન્યપણે કહી શકાય કે કુદરતના પોતાના સર્જનમાં તો તે સુંદરતા છલોછલ ભરેલી છે; પણ જ્યારે માણસનો પગ ત્યાં પડે છે ત્યારે તેમાં વિકૃતિ પણ પ્રવેશે છે. માણસના મનના પાપની છાયા વસ્તુ કે પ્રસંગની સુંદરતાને આવરી દે છે અને ત્યાંથી સુંદર અસુંદરતાનો ભેદ શરૂ થાય છે, સૌંદર્યમાં ઊણપ આવે છે. પક્ષપાત, સ્વાર્થ કે ગરજ ન હોય તો વસ્તુમાત્રમાં સૌંદર્ય પ્રતીત થાય અને તેનો આનંદ લૂંટી શકાય. જેના મનમાં પાપ છે તે જ અસુંદર પરિસ્થિતિ અને પ્રસંગ પેદા કરે છે અથવા જોઈ શકે છે. વિકૃત માનસ આગળ સુંદર અસુંદરના ભેદ પડે છે અને જ્યાં નીતિનો અભાવ હોય ત્યાં સૌંદર્યનું નામનિશાન પણ રહેતું નથી. ખરું જોતાં જેમાં માણસ અને વસ્તુનો સ્પર્શ, સ્પષ્ટ સંયોગ થતો હોય છે ત્યાં સુખદુઃખ ઊભાં થાય છે. પણ સૌંદર્ય સુખદુઃખથી ભિન્ન અને પર એવી વસ્તુ છે અને તે આનંદઘન હોય છે.

જૂન. ૧૯૩૭

જીવનકળા*

સદ્‌ભાગ્યે મને કળાનું ભાન બહુ મોડું થયું.

નાનપણમાં કે મોટપણમાં ભણતરને મેં મારા જીવનવિકાસમાં આડે આવવા દીધું જ નથી. એટલે છેક બાળપણથી કુદરતની ગોદમાં જ રમ્યો છું ને ઊછર્યો છું. મુસાફરી એ મારો નાનપણનો આનંદ. અને તે મુસાફરી પણ પાર્સલની પેઠે રેલવેના ડબ્બામાં બેસીને કરેલી નહિ, પણ બળદગાડી સાથે મજલ દર મજલ મોટે ભાગે પગપાળા કરેલી. છોકરાઓ કે મોટાઓ સાથે હું ઝાઝો ભળતો નહિ, પણ પશુપક્ષી અને ઝાડપાન સાથે જ વધારે દોસ્તી બાંધેલી. ડુંગરાઓમાં વહેતાં ઝરણાંને કાંઠે બેસીને તેમની સાથે અર્થનિરપેક્ષ વાતો કરતાં પણ શીખેલો. થોડા જ દિવસમાં મેં જોયું કે શાળાના ઘણાખરા વિદ્યાર્થીઓએ અરુણોદયની શોભા જોયેલી જ ન હતી. મોડી રાતે ચંદ્રમા જ્યારે આથમે છે ત્યારે તે કેવો મજાનો તાંસળી જેવો દેખાય છે એનો તો તેમને ખ્યાલ જ ક્યાંથી હોય? એક વખત અમે સાવંતવાડીને રસ્તે મુસાફરી કરતા હતા. ચંદ્ર આથમવા આવ્યો હતો. રાતના બેનો શુમાર હશે. હું ગાડીમાં સૂતો સૂતો ચંદ્રને જોતો હતો. ચંદ્ર છેક ક્ષિતિજ

---

* સુરત ખાતે તા. ૧૪-૧૨-'૨૪ થી શરૂ થતા 'યુવક સપ્તાહ'ને અંગે મોકલેલો નિબંધ.

પાસે આવ્યો અને તેના પર લાલ કાળાશ છવાઈ. આખી કુદરત પણ ભારે ગમગીનીમાં પડી હોય એવી દેખાવા લાગી. કુદરતમાં સૌંદર્ય સાથે ભાવનાઓ પણ હોય છે એની છાપ તે દિવસે દસ વરસના બાળહૃદય પર પહેલવહેલી પડી.

છતાં કળાનું ભાન જાગ્યું ન હતું. ઘરમાં તેમ જ મંદિરોમાં ધાર્મિક સંસ્કારો, વિધિઓ, તહેવારોની આયોજનાઓ અને ઉત્સવો બધાની અસર નાનપણથી થતી હતી. ત્રણ ત્રણ કલાક સુધી ઘરમાં દેવપૂજા કરવાનો મારો આગ્રહ હોવાથી મૂર્તિઓની નવી નવી રચનાની, રંગરંગનાં ફૂલો અને દુર્વાની, તુલસી અને બિલ્વદલની નવી નવી શોભા જોવાની ટેવ અને આનંદ એની સાથે જ મળતાં. પિતા સાથે પ્રવાસ કરતાં જોયું કે દરેક પ્રાંતનાં વાસણો જુદાં, પોશાક જુદો, રિવાજો જુદા અને ઘરની બાંધણી પણ જુદી; એ જોઈને તેના ભેદ અને સામ્ય તરફ આપોઆપ ધ્યાન ખેંચાતું. દેશીરાજ્યોની રાજધાનીઓ પણ ફરી ફરી જોવાની તક મળતી હોવાથી દરબારી ઠાઠ, ગાયન અને નાચ, રાજમહેલો અને ત્યાંનો શિષ્ટાચાર, એ બધું નિહાળવા મળતું. અને તરંગી મન અનેક રીતે એનો વિચાર કરી કલ્પનાઓ બાંધતું. સંસ્કૃતિના નિરીક્ષણનો એ કાળ હતો.

છતાં કળાનું ભાન આવ્યું ન હતું. કળારસિકતા મુગ્ધ જ રહી હતી. તેના શુભ સંસ્કારો મળતા છતાં તેના ઉન્માદનો સ્પર્શ સરખો થયો ન હતો. તેથી આજે પણ હું માનું છું કે બાળકોને ભક્તિપૂત કળાનું વાતાવરણ જરૂર ભરપૂર મળવું જોઈએ, પણ ભાનપૂર્વક કળાસેવન તો તેમને માટે ન હોય તે જ સારું.

કેળવણી પૂરી કર્યા પછી જ્યારે હું જીવનના અંગપ્રત્યંગોનું મનન અને વિવેચન કરવા લાગ્યો ત્યારે જ કળાનું ભાન પહેલી વાર થયું, એનું મહત્ત્વ સમજાયું. મોજશોખ અને વિલાસમાં પડેલા લોકોનું જીવન કેટલું હીન, છીછરું અને દંભી હોય છે એનું ભાન તે પહેલાં જ થયેલું હોવાથી સાચી કળાનું સ્વરૂપ સમજતાં મને મુશ્કેલી ન નડી. આટલી તૈયારી પછી કળા પરના પ્રામાણિક ગ્રન્થો વાંચતાં રસ છૂટ્યો, અને શંકાકુશંકાઓનું તોફાન પણ મગજમાં ન ઊઠ્યું.

કળાનું વિવેચન શરૂ કરું તે પહેલાં જ ઉપરના અનુભવનો સાર કહી દઉં કે જીવનની પૂર્વદશામાં પ્રથમ સદ્‌ગુણો કેળવવા જોઈએ, દૃઢ કરવા જોઈએ, સદાચારની મહત્તા અને દુરાચારની હીનતા હૃદય પર શિલાલેખની પેઠે કોતરેલી હોવી જોઈએ. આટલું થાય ત્યાર પછી જ કળાની દીક્ષા લેવાની તૈયારી થઈ ગણાય. યૌવન જેમ ચારે પુરુષાર્થનો ઉત્તમ કાળ છે તેમ અનંત પ્રમાદોનું ઉગમસ્થાન પણ એ જ કાળ છે. યૌવન પાસે બધું હોય છે, માત્ર એક સુકાન નથી હોતું. એ સુકાન જો ધર્મસંસ્કારો અને સદાચાર પાસેથી ન મળે તો કળા પાસેથી મળવાનું નથી જ. વ્યાપક ધર્મ એક વાર જીવનમાં પ્રતિષ્ઠિત થયો એટલે માણસમાં સર્વ શક્તિ આવી ગઈ. ધર્મવીર્યથી માણસ ગમે તે ક્ષેત્રમાં કે વિષયમાં ઊંડાણ સુધી ઊતરી શકે છે અને તે તે ક્ષેત્રનું યથાર્થ રહસ્ય કળી શકે છે; જીવનસમસ્તમાં દરેક વસ્તુનું શું શું સ્થાન, પ્રયોજન અને વિનિયોગ છે તે તે નિર્મળ દૃષ્ટિથી નક્કી કરી શકે છે.

ધર્મના એટલે કે સદાચારના પાયા પર શ્રદ્ધાયુક્ત રચાયેલી કળા રસગંભીર હોય છે, પ્રાણપોષક હોય છે, અનંતવીર્ય અને અમિત-વિક્રમ હોય છે. કળા ઉપર રચાયેલા સદાચારમાં ઘણી વાર ઉપર-ઉપરનો ડાહ્યો વિવેક જ હોય છે. જેમ સડેલા ફળ પર પાતળો રંગીન કાગળ બાંધીને તેને દેખાવડું કરવાનો પ્રયત્ન થાય છે તેમ અસંસ્કારી અને અસંયત જીવન ઉપર નાગરતાનો ઓપ ચડાવી જીવન સદાચારી બતાવી શકાય છે. કેવળ કળાથી કેળવાયેલો સદાચાર એ તો હલકી ધાતુ પર ચડાવેલો ઢોળ જ ગણવો. ધર્મ જ્યારથી અપ્રતિષ્ઠિત થયો ત્યારથી સુધારો એ તો ફક્ત એક જાતનું 'વેનીર' બન્યું છે. વેનીર એટલે હલકા લાકડાની વસ્તુ પર સીસમ કે મોહાગની જેવા કીમતી લાકડાનો ચડાવેલો પોપડો.

માંસાહાર સદાચારથી વિરુદ્ધ છે એમ જો આપણે માનતા હોઈએ તો એ માન્યતાનો પાયો આપણને ધર્મમાંથી મળવો જોઈએ, કળામાંથી નહિ. માંસાહારમાં ક્રૌર્ય છે, પાપ છે, હૃદયધર્મનો દ્રોહ છે, એ ભાવનાથી કરેલો માંસાહારનો ત્યાગ સ્થિર હોય છે, બળપ્રદ હોય છે. કેટલાક કળાકારો અને કવિઓ કહે છે, 'અમે માંસાહાર નથી કરતા કારણ માંસાહાર વિશ્રી છે. માંસાહાર અમારી સૌંદર્યની

કલ્પનાને આઘાત પહોંચાડે છે, માટે અમે નિરામિષભોજી છીએ.' આવા લોકોના નિરામિષભોજનમાં વ્રતની દૃઢતા નથી હોતી. કોક દિવસ માંસ ખાઈ પણ લે. એકલી કળાના હિમાયતીઓ કળાનું સેવન કરી જાણે, જીવનપરિવર્તન દ્વારા કરવાનું પૂજન ન કરી શકે. આવા પૂજનની વૃત્તિ જ ધર્મમાંથી આવે છે. સ્વાર્થ અને અહંકાર માર્યા વગર આત્માર્પણથી થતું પૂજન સંભવતું જ નથી.

જીવન વિષેની કલ્પના જ્યાં સુધી શુદ્ધ થઈ નથી ત્યાં સુધી કળા શી ચીજ છે એનો ખ્યાલ જ આવવાનો નથી. પશુની પેઠે માણસમાં પણ ભોગવૃત્તિ રહેલી છે, સ્વામિત્વબુદ્ધિ રહેલી છે, આળસ રહેલું છે, ઢાળ ઊતરવાનો આનંદ રહેલો છે. માણસ બુદ્ધિમાન પ્રાણી રહ્યો, એટલે આ બધી વૃત્તિઓને સુવ્યવસ્થિત રૂપ તો આપી શકે છે, શબ્દજાળ પાથરીને પશુજીવનને પણ રસમય અથવા યથાર્થ બતાવી શકે છે. ભોગપ્રધાન જીવન રસમય કે યથાર્થ ન થઈ શકે, એ અનુભવ તો મોડો થવાનો, અને એકના અનુભવથી મળતા ડહાપણનો લાભ મફત લેવાની જ્યાં સુધી બીજાઓ ના પાડે છે ત્યાં સુધી ભોગની ફિલસૂફીને અને તેના પર રચાયેલા સૌંદર્યશાસ્ત્રને નવા નવા અનુયાયીઓ મળતા જ રહેવાના.

જીવનની સફળતા શામાં રહેલી છે, કેવું જીવન ગાળવાથી આપણે નિષ્પ્રાણ ન થઈએ, હીન ન નીવડીએ, વિનાશના યાત્રી ન બનીએ એ પ્રથમ નક્કી કરવું જોઈએ, અને પછી જ એવા મંગલ જીવનને અનુકૂળ એવી કળા આપણે ખીલવવી જોઈએ. ઇન્દ્રિયોનું પોતપોતાના વિષય તરફનું આકર્ષણ સ્વાભાવિક છે. એ આકર્ષણને જો કોઈ કળાવૃત્તિ માની બેસે; એને જ કોઈ રસિકતા સમજી લે, તો તેણે આપઘાત કર્યો છે અને કળાનું અપમાન કર્યું છે. કળાનો વ્યાપાર ઇન્દ્રિયગોચર હોય છે પણ એનો આનંદ તો વિષયાતીત હોવો જોઈએ.

* * *

કેટલાક વિરક્ત લોકો ઇંદ્રિયો પર પરિપૂર્ણ અવિશ્વાસ રાખે છે. તેઓ કહે છે, ' ઇંદ્રિયોને છૂટી મૂકો એટલે તેઓ તેમના વિષયો તરફ દોડવાની જ. અને વિષયોનું સેવન એ જ આધ્યાત્મિક મરણ છે એ વિષે ના કોણ પાડી શકે? ઇંદ્રિયોની પ્રવૃત્તિ શુભ

નથી જ, તે એકદમ બંધ થતી નથી, એકદમ બંધ કરવા જઈએ તો બળવાન ઇંદ્રિયગ્રામ કંઈક વિકૃતિ ઊભી કરે જ છે. માટે ક્રમે ક્રમે યુક્તિપ્રયુક્તિથી, કુનેહથી પણ દૃઢતાથી ઇંદ્રિયોને વિષયપરાઙ્મુખ કરવી એ જ આપણો એક માત્ર પુરુષાર્થ છે.'

કળાના ઉપાસકની દૃષ્ટિ આથી કંઈક જુદી હોય છે. તેઓ પણ કહે છે, 'ઇંદ્રિયોને વિષયસેવન માટે છૂટી મૂકીએ તો જોતજોતામાં તેઓ જીવનની બધી સુંદરતા વેડફી નાંખવાની. વિષયસેવનમાં તાત્કાલિક સુખ હોય, ઉન્માદ હોય પણ સુંદરતા નથી જ. સુંદરતા, કાવ્ય અથવા કળા એ ઇંદ્રિયાતીત વસ્તુ છે. એનો આનંદ સાચું જોતાં ઇંદ્રિયનિરપેક્ષ છે માટે જ શુદ્ધ સાત્ત્વિક છે. એ આનંદ સેવવામાં ઇંદ્રિયોની મદદ લઈ શકાય છે એટલું જ અમારે ઉમેરવું છે. ઇંદ્રિયોની બધી જ પ્રવૃત્તિ અધઃપાતને મદદગાર થાય છે એમ નથી. હૃદયની અમુક શુદ્ધિ પછી એ જ ઇંદ્રિયો પાસેથી સૌંદર્યનું આકલન કરાવી શકાય છે. એક જ યુવતી તરફ જેમ પતિ અને પિતા ભિન્ન ભિન્ન દૃષ્ટિએ જોઈ શકે છે તેમ વિષયી માણસ અને કળાપૂજક એક જ વસ્તુ તરફ એ ભિન્ન ભિન્ન દૃષ્ટિથી જોઈ શકે છે. પિતાની દૃષ્ટિની નિર્મળતા દુર્લભ છે એ અમને કબૂલ છે. કળારસિકને નામે ઓળખાતા આજના ઘણાખરા લોકો વિષયી કે વિલાસી હોય છે એની પણ ના નથી. અમારી નાતમાં આ ગેરલોકોની સંખ્યા જ વધી પડી છે, એ પણ અમે જાણીએ છીએ. જ્ઞાતિશુદ્ધિનો પ્રયત્ન અમે કરીએ, બધા જ કરે, પણ એ નાતનો નાશ કેમ કરાય?'

સાચા કળાપૂજકો જાણે છે કે કળાપૂજનમાં બધી જ ઇંદ્રિયો સરખી લાયકાત ધરાવતી નથી. સ્પર્શેન્દ્રિય અને સ્વાદેન્દ્રિય એટલી બધી ઉન્માદકારી અને અસંયત હોય છે કે કળાપૂજનમાં તેમની મદદ લેવાય જ નહિ. ગન્ધ એ પણ સ્પર્શસુખ જ છે, એટલે ગંધગ્રાહી ઇન્દ્રિયનું પણ કળાપૂજનમાંનું સ્થાન શંકાસ્પદ જ છે. બાકી રહી બે જ્ઞાનેન્દ્રિયો: શ્રવણ અને નયન. એ બેની સૂક્ષ્મ છતાં જબર શકિત અલિપ્તપણે કામ કરી શકે એમ છે. એ બેની વિલાસિતા અટકાવી એમને કલાગ્રહણની દીક્ષા આપી શકાય છે, ભોગપરાઙ્મુખ કરી એમને કેવળ સૌંદર્યપૂજક કરી શકાય છે.

પણ કળાનો સાચો આનંદ શબ્દ કે રૂપના આસ્વાદમાં નથી. નિર્દોષ ભાવ–સૃષ્ટિ નિર્માણ કરવામાં જ કળા આનંદ માને છે. એટલે હાથ અને કંઠની મદદથી જ કળાની ઉપાસના સરસમાં સરસ થઈ શકે છે. ગળામાંથી સ્વર્ગીય સંગીત કાઢવાનો આનંદ એ જ કળાનો મુખ્ય આનંદ છે. પણ કાન જ્યાં સુધી તે તપાસે નહિ, શ્રવણ દ્વારા સંગીતની અનુરંજક શક્તિનું અને ભાવના ઉદ્દીપિત કરવાનું સામર્થ્ય તપાસાય નહિ ત્યાં સુધી સંગીતનો આનંદ મળી જ ન શકે. સંગીતનો અન્તિમ આનંદ તો અન્તે ઇંદ્રિયોથી પર જ છે, પણ શ્રવણ અને કંઠની મદદથી જ તે જાગૃત થઈ શકે છે,

* * *

સાચું જોતાં દરેક ઇન્દ્રિય મારફતે કળાનો આનંદ મળી શકે એમ છે. પણ તે ઓળખવાની શક્તિ હોવી જોઈએ. કેટલીક ઇંદ્રિયોનો સંપૂર્ણ સંયમ કરવામાં જ એક અસાધારણ અને નિર્વિષય આનંદ મેળવી શકાય છે. મનુષ્યજાતિએ તે આનંદનો અનુભવ બહુ ઓછો કર્યો છે એ મનુષ્યજાતિનું દુર્દૈવ છે. જે માણસને ખૂજલી થઈ છે તે માણસ ખજવાળના વિષયસુખને જ આનંદ માને છે; પણ નીરોગી માણસ તો શુદ્ધ આરોગ્યાનંદ જ પસંદ કરે છે. શિયાળાના દિવસોમાં તબિયત બહુ સારી હોય અને સવારે ટાઢે પાણીએ વહેલા નાહ્યા હોઈએ એટલે આખા શરીરના રોમેરોમમાંથી જે આનંદ સ્ફુરે છે, જે ઉત્સાહ ઝરે છે, તે જતો કરી શું આપણે ખજવાળનું સુખ પસંદ કરીશું? બ્રહ્મચર્યનો આનંદ એ આરોગ્યાનંદ કરતાં હજારગણો અદ્ભુત અને ઉન્નત હોય છે. તેના અનુભવી બહુ ઓછા હોય છે એ કંઈ બ્રહ્મચર્યનો દોષ નથી.

પાલખીમાં કે મેનામાં બેસીને ફરવામાં પણ આનંદ છે, અને સામે પવન સૂસવતો હોય તે વખતે ટેકરી પર ચડવામાં પણ આનંદ છે. આળસમાં પણ આનંદ છે અને ઉદ્યોગમાં પણ આનંદ છે. પણ એ બેમાંથી પ્રાણપ્રદ કયો છે અને પ્રાણનાશક કયો છે એ ઓળખીને જ પસંદગી કરવાની રહી. આ રીતે વિચાર કરનાર માણસ કળા અને મજૂરીનો વિરોધ કલ્પે જ નહિ. જીવનરસને જ ચૂસી નાંખે એવી વીસમી સદીની મજૂરી એ સાચી

મજૂરી નથી. કળાને નામે વિલાસિતા વધારનાર પૈસાદાર લોકોએ જ એ જીવલેણ મજૂરી ઉત્પન્ન કરી છે એ વાત આપણે ક્ષણ પણ ભૂલીએ નહિ. અમેરિકન સ્ત્રીઓની ટોપીઓ શણગારાય એટલા માટે દુનિયાનાં અનેક દેશનાં અસંખ્ય પક્ષી મારવાનો ધંધો શરૂ થયો એમાં શું કળાને પોષણ મળે છે? લૉર્ડ કર્ઝને હિન્દુસ્તાનનું બીજું ગમે તેટલું નુકસાન કર્યું હોય, પણ હિંદુસ્તાનનાં મોર કે બીજાં પક્ષીઓનાં પીંછાં પરદેશ મોકલવાની એણે જે બંધી કરી તે તેણે એક સાચે જ સુંદર કામ કર્યું છે. દરેક પ્રામાણિક મજૂરીમાં—જીવનપોષક મજૂરીમાં કળાનો શુદ્ધ આનંદ રહેલો છે. જે વસ્તુ નિર્માણ કરતી વખતે પદે પદે અને ક્ષણે ક્ષણે અવધાનની આવશ્યકતા છે, જે આપણને સર્જનાનંદ આપે છે તેની અંદર કળા રહેલી જ છે. રેંટિયો ફેરવતી વખતે દરેક ક્ષણે સૂતરની સુંદરતા તરફ મારે ધ્યાન આપવું પડે છે, એટલું જ નહિ પણ સૂતરની સુંદરતાનો મારો આદર્શ ક્ષણે ક્ષણે ચડતો જ જાય છે. બેદરકારીથી કાંતેલું સૂતર આપણી બેદરકારીનું એવું તો સ્મારક બની જાય છે કે જેટલી વાર તેના પર નજર પડે તેટલી વાર મનમાં ગ્લાનિ જ ઊપજે છે. જ્યાં જ્યાં અવધાનની આવશ્યકતા છે ત્યાં ત્યાં કળાને સ્થાન છે, જે જે ક્રિયા સ્વાયત્ત છે તે તે ક્રિયા કળાને અવકાશ આપે છે આવો સર્વસામાન્ય સિદ્ધાંત આપણે નિર્ભયપણે બાંધી શકીએ છીએ.

કળાનો આનંદ શાંત હોય છે, સ્થાયી હોય છે. જેમાં વિલાસિતા છે તેમાં ક્લાન્તિ, ગ્લાનિ અને વિષાદ હમેશાં આવવાનાં જ. તેથી જ આપણે કહી શકીએ કે લાલિત્ય અને લાલસા બે પરસ્પર ભિન્ન વસ્તુ છે.

* * *

એક બંગાળી ભાઈએ મારી પાસે એવી તકરાર કરી હતી કે, ‘ કળાને નામે લોકોએ દેશનો પુરુષાર્થ ઓછો હણ્યો નથી. યુવાવસ્થામાં જ્યારે વિદ્યાર્થીઓનું જીવન અમર્યાદ મહત્ત્વાકાંક્ષાથી સ્ફુરતું હોવું જોઈએ, જ્યારે આખી દુનિયાનું દુઃખ હું એકલે હાથે દૂર કરીશ એવાં સ્વપ્નાં તેના મનમાં આવવાં જોઈએ, કીર્તિની લાલસા એ એક જ દોષ તેનામાં દેખાવો જોઈએ, કષ્ટ સહન કરવાં એ જ

હૃદયને સંતોષે એવો તેનો આનંદ હોવો જોઈએ, એવે વખતે આજના યુવકો કળાને નામે નબળું જીવન ગાળતા થયા છે, પરાયું દુઃખ જોઈને સળગવાને બદલે પોતાના દુઃખનો વિચાર કરીને જ પીગળતા થયા છે, અને આંસુ વહેવડાવવામાં તથા સ્ત્રીઓની ખુશામત કરવામાં જ પુરુષાર્થ માની બેઠા છે. આ નરવીરોને દુનિયામાં દૂર કરવા જેવું એક જ દુઃખ દેખાય છે, અને તે યુવતીઓના વૈધવ્યનું!' એ ભાઈની આખી ટીકા અહીં ન ટાંકું, કેમ કે અતિશયોક્તિભરી ટીકા પોતાના ઉદ્દેશને જ હણે છે. પણ એટલું તો દરેક વિચારવાન માણસે કબૂલ કર્યે જ છૂટકો કે સદાચાર અને પરાક્રમ વચ્ચે જેમ વિરોધ ન હોવો જોઈએ તેમ કળા વચ્ચે અને એ ઉભય વચ્ચે પણ વિરોધ ન જ હોવો જોઈએ. કળા જો સાચી વસ્તુ હોય તો તે જીવનના સંગીતરૂપ હોવી જોઈએ જીવનનાં બધાં જ અંગપ્રત્યંગો વચ્ચે જ્યારે સંગતિ સધાય ત્યારે જ જીવનમાં સંગીત રેલાય.

* * *

માટે જ સદાચાર એ સર્વશ્રેષ્ઠ કળા છે. સદાચારમાં જ કળાયુક્ત જીવન છે. રૂપની ઉપાસના કરતાં પ્રેમની ઉપાસના જ શ્રેષ્ઠ છે. લયલા ને મજનુંની વાર્તા રૂઢ કરનારા સૂફી કળાકારોએ મજનુંને સુદામાનો બીજો અવતાર કલ્પીને અને શ્યામા લયલાને કૃષ્ણરાત્રિનું કુસુમ કલ્પીને એ જ વસ્તુ જાહેર કરી છે કે ઉચ્ચ કળા બાહ્ય રૂપની પણ ઉપાસના ન કરે. ઘરના દીવાનખાનામાં હરણાના માથાનું અથવા શીંગડાનું પ્રદર્શન કરનાર માણસ સૌંદર્યનો ઉપાસક ભલે ગણાય, પણ એનું જીવન કળાશૂન્ય છે એમાં કંઈ શક છે ખરો? પછી શત્રુની ખોપરીઓ ભેગી કરનાર તિબેટના લોકોને તમે જંગલી કેમ કહો? શિકારી જીવન ગાળનાર રાષ્ટ્રો પાસેથી કળાના પાઠ શીખવા બેઠા પછી કળા ને વિકળાનો સંકર થાય તો તેમાં નવાઈ શી? હરણાંનાં માથાંથી દીવાનખાનાને શોભાવનાર આધુનિક રસિક માણસ અને જીતેલા લોકોનાં માથાં કાદવમાં ખોસી તેનો મિનારો રચનાર કોઈ તૈમુર લંગ વચ્ચે જમાનાનો ભેદ હશે જાતિનો ભેદ નથી. નાનાં બાળકોના હાથ તોડી તોડી તે ફૂલપાત્રોમાં બેસાડી દીવાનખાનાને શોભાવનાર માણસને જો તમે નરપશુ રાક્ષસ કહો તો

પ્રેમધર્મને ભૂલી જઈ કળા ખીલવવા માગનાર માણસને તમારે તે જ નામ આપવું ન જોઈએ?

કળા કોઈ કાળે ધર્મનું સ્થાન ન લઈ શકે, અને તે ધર્મની વિરોધી પણ ન જ થવી જોઈએ. કળા ભલે અંતિમ સત્ય સુધી પહોંચી ન શકે, પણ કળાએ સત્યનો દ્રોહ તો ન જ કરવો જોઈએ. કળામાં સંપૂર્ણ પુરુષાર્થ સમાયેલો ન હોય, પણ કળા એ પુરુષાર્થની વિઘાતક તો ન જ હોવી જોઈએ. સમાજોપયોગી દરેક મજૂરીમાં કળા જોવા જેટલી દૃષ્ટિ આપણી પાસે ન હોય તો પણ કળા મજૂરીનો તિરસ્કાર તો ન જ કરે. મજૂરીનું જીવન વિષમ કે વિષાદમય તો ન જ બનાવે. મજૂરીનો દ્રોહ કરીને જો જીવન પણ ન ટકી શકે તો કળા ક્યાં સુધી ટકવાની હતી?

* * *

કોઈ કહેશે, કળાને આટલાં બંધનોમાં જકડ્યા પછી તેને ક્ષેત્ર કેટલું રહેશે? જવાબ એ છે કે આ કળાનાં બંધનો નથી પણ સંરક્ષક ભાઈઓ છે. તેમના સહવાસમાં જ કળા ખીલી શકે છે. તેમની મદદ ન હોય તો કળાનું નામ ધારણ કરનાર કળાની નિત્યવૈરિણી વિકળા જોતજોતામાં કળાને ગૂંગળાવી મારે. ભાઈઓના સહવાસમાં બહેન જીવનવ્યાપી ક્ષેત્રમાં વિહાર કરી શકશે. ભાઈઓ બહેનનું ક્ષેત્ર સંકુચિત નથી કરવાના, પણ સંપૂર્ણ ક્ષેત્રનો તેને અધિકાર આપે છે. અને તે ભોગવવાને માટે પરિસ્થિતિની અનુકૂળતા કરી આપે છે.

કળાકાર

૧

મારી સાથે મહારાષ્ટ્રમાં ફરી આવેલા એક યુવાન ચિત્રકારના કાગળમાં નીચેની લીટીઓ છે :

"હવે તો એમ થાય છે કે મહારાષ્ટ્રમાં જઈ કળાના સાધુ થઈ ભયંકર સૌંદર્યદેવ સહ્યાદ્રિના જંગલમાં રખડવું અને કળાની જ ભિક્ષા લેવી. પરંતુ મને ઘણી વખત એવા વિચારો આવે છે કે ચિત્રકાર કરતાં કંઈક બીજા જ થવું; ચિત્રકળાને ગૌણ કરી નાખવી. મારે ચિત્રકાર થવું કે નહિ તે લખજો. તમને મારો આ નિશ્ચય યોગ્ય લાગે છે? ચિત્રકારનું જીવન કેવું હોવું જોઈએ?

"અને મારે એક વસ્તુ ખાસ જાણવી છે કે ઈશ્વર શું છે? ઘણા વિચારો કર્યા તો પણ કંઈ સૂઝતું નથી. પણ મને લાગે છે ઈશ્વર છે એમ જો સમજાય તો ચિત્રકળાની પ્રગતિ સહેલાઈથી કરી શકાય."

આ બંને વિચારો માટે એ યુવાનને અભિનંદન ઘટે છે. એની ઉંમર વિચારતાં એને જે જવાબ ઘટે છે તે મોકલ્યો છે. પણ એણે જે સવાલો ઉઠાવ્યા છે તે વધારે મહત્ત્વના હોઈ વિશેષ ચર્ચા માગે છે.

ચિત્રકળા એ એક સ્વતંત્ર દર્શન છે. એટલે કે ચિત્રકળા મારફતે આપણે જીવનનાં અનેક ગૂઢ રહસ્યોનું દર્શન કરી શકીએ

છીએ. સામાન્ય જીવનમાં જે કંઈ સુંદર પદાર્થો, અથવા આકર્ષક દશ્યો, વનોઉપવનો, પશુપક્ષીઓ, મનુષ્યો કે પ્રસંગો આપણે જોઈએ છીએ તેનું આબેહૂબ ચિત્ર રજૂ કરવું એટલો જ કંઈ ચિત્રકળાનો હેતુ નથી. એ તો સૌંદર્યની કેવળ નોંધ થઈ. જ્યાં સુંદર કુદરત ચારે કોર પથરાયેલી છે અને જીવનના હૃદયવેધી પ્રસંગો આપણને ક્ષણે ક્ષણે જોવા મળે છે ત્યાં કેવળ એની નોંધ જોવામાં કોને વિશેષ રસ પડે ? નિરીક્ષણમાં આવતી સુંદરતા ઉપરાંત એવી કેટલીયે સુંદરતા મનુષ્યજીવનમાં પ્રવેશ કરી શકે છે જે કેવળ ભાવગમ્ય છે. મનુષ્યની સંસ્કારિતા, એની ઉચ્ચ અભિલાષા, એની કોમળ, ઉત્કટ અને પવિત્ર લાગણીઓ, અને જીવનના સર્વોચ્ચ આદર્શની સ્પષ્ટ કે અસ્પષ્ટ ઝાંખી; એ બધાને લીધે એના હૃદયમાં અસાધારણ સુંદરતા પ્રગટે છે; જે વ્યક્ત કર્યા વગર કળાકારને ચેન પડે નહિ અને છતાં એ ગૂઢ વસ્તુ વ્યક્ત કેમ કરાય એની મૂંઝવણ એને રહે જ છે. મૂંગા માણસને કંઈ અદ્‌ભુત દર્શન થયું હોય, તે બીજાને કહેવાની એની ઉત્કંઠા અદમ્ય થઈ જાય; અને છતાં એ વ્યક્ત કરવાનું કંઈ સાધન પોતાની પાસે નથી એમ જોઈ એ ફરી ફરી પસ્તાય છે. એવી જ સ્થિતિ કળાકારની પણ છે. જીવનની આર્યતાનો કંઈક અપૂર્વ પાસો એની નજરે ચડ્યો, એને અસાધારણ આનંદ થયો, હવે એ તે શી રીતે વ્યક્ત કરે ? એ આનંદને જો એ અમર ન કરી શકે તો એનું જીવન શી રીતે કૃતાર્થ થાય ?

જો એ કવિ હોય તો શબ્દો મારફતે જે કંઈ વ્યક્ત થઈ શકે તેની મદદથી એ અવ્યક્ત આનંદને મૂર્ત રૂપ આપવાને એ મથે છે. શબ્દરચના તાલબદ્ધ કરી, શબ્દોની સૂચનશક્તિની પરમાવધિનો ઉપયોગ કરી અશક્ય કાર્ય એ શક્ય કરી બતાવે છે. અસંખ્ય લોકોએ મૂંગાની પેઠે જે અનુભવ મેળવ્યો હતો, પણ જે તેઓ વ્યક્ત કરી શકતા નહોતા, તેને તેણે વાચા અર્પણ કરી અને અનુભવને બોલતો કર્યો. એ ઉપકાર લોકો કોઈ કાળે ભૂલી ન શકે.

જો એ સંગીતજ્ઞ હોય તો શબ્દોની મદદથી અથવા શબ્દોની મદદ વગર કેવળ ભિન્ન ભિન્ન આલાપ અને તાલ દ્વારા એવી તો એક નવી સૃષ્ટિ ઉત્પન્ન કરે છે કે એની સાથે હૃદયતંત્રીના ગૂઢ

તારો ગુંજી ઊઠે છે, અને વિષયાનંદ કે વિષાદાનંદથી માંડીને બ્રહ્માનંદ સુધીના કેટલાયે અનુભૂત પણ અવ્યક્ત આનંદને તે વ્યક્ત કરે છે. નીતિશાસ્ત્રની કોરી સાધનાથી જીવન પર જે અસર થઈ શકી ન હતી, જે અનાસક્તિ કેળવાઈ શકી ન હતી, જે વિશ્વપ્રેમ અશક્ય જેવો લાગતો હતો તે બધું સંગીતના એ અદ્‌ભુત કીમિયાથી માણસમાં આવવા લાગ્યું. વ્યવહારની આ કુટિલ દુનિયામાં રહેતા છતાં એને વિષે સંપૂર્ણ બેદરકારી એની મેળે કેળવાઈ, ઉદારતા સહજ થઈ, અને ત્યાગ પણ બળતરા ઉત્પન્ન કરવાને બદલે, શીતળ શાંતિ આપવા લાગ્યો, જીવન દારુણ સંગ્રામ મટી જઈ એક મંગલ ઉત્સવ અથવા નિરંતર સંગીત જેવું બની ગયું. આ અદ્‌ભુત કીમિયો જેણે કર્યો તેના ઋણમાંથી મુક્ત શી રીતે થઈએ?

જો એ ચિત્રકાર હોય તો વર્ણ અને આકૃતિની અથવા કેવળ રેખાની જમાવટથી એ એવો તો ભાવ પેદા કરે છે કે નર્યા ગંદવાડામાં રહેવું પડતું હોય તોયે એ બધી હાડમારી ભૂલી જવાય છે અને જાણે દેવોની જ સૃષ્ટિમાં આપણે વિચરતા હોઈએ એવું સમાધાન પ્રાપ્ત થાય છે. પ્રતિભાશાળી ચિત્રકાર બ્રહ્મદેવની આ દુનિયામાંથી બની શકે એટલું ઓછું લઈને તેની ધરતી પર તદ્દન સ્વતંત્ર સૃષ્ટિ ખડી કરે છે. જે આદર્શ હૃદયમાં સ્ફુરતા હતા પણ જીવનમાં ઉતારવા લગભગ અશક્ય જેવા લાગતા હતા તે આ ચિત્રકારે સહજ કરી બતાવ્યા. એને ગુરુસ્થાને ન રાખીએ તો નગુણા જ કહેવાઈએ ને!

જો એ મૂર્તિકાર હોય તો મીણ, માટી, કાષ્ઠ, પાષાણ અથવા ધાતુનો એક લોચો લઈ એને એવું તો રૂપ આપે છે કે જે સૌષ્ઠવ અને શાંતિ, શક્તિ અને સ્વાર્પણ અસંખ્ય વાર મનમાં આવીને ભાગી જતાં હતાં તે જાણે આપણે માટે સ્થિર થઈ ગયાં છે. એવા હિતકર્તાને શું શું ન આપીએ? જનક રાજાની પેઠે કહેવાનું મન થાય કે 'આ વિદેહ દેશનું રાજ્ય અર્પણ કરું છું અને ઉપરાન્ત સેવા માટે હું પોતે પણ દાસ થઈને રહું છું.'

અને જો એ અસાધારણ સ્થપતિ હોય તો એ એવું તો મંદિર બાંધી આપે છે અને એમાં એવો તો કળાવિધાનનો પરસ્પર સંવાદી સંગમ ઉત્પન્ન કરે છે કે જે ભાવ જીવતી વ્યક્તિને પણ પ્રગટ કરતાં

ન આવડયો તે આ કેવળ પાષાણુનો સંચય સહેજે અસંખ્ય લોકોને, અનેક જમાનાઓને એક રૂપે અને છતાં અનેક રૂપે બોધતો રહે છે. આ બધી શક્તિ જોઈને ચકિત થયેલું હૃદય બોલી ઊઠે છે: હે કળાધર! માણસનો દેહ ધારણ કરી અમારી વચ્ચે વિચરનાર તું કોણ છે? તું કઈ દુનિયાનો રહીશ છે? અમારી વચ્ચે કેમ આવ્યો છે? અમારી પાસે શાની શાની આશા રાખે છે?

કોઈ અદ્ભુત પરીની માફક અથવા દેવદૂતની માફક સામાન્ય જનોને એક દુનિયામાંથી ઊંચકી બીજી દુનિયામાં લઈ જનાર આ કળાધરનું દર્શન કેવું હશે? જીવન કેવું હશે? એ શું બોલતો હશે? કઈ રીતે ચાલતો હશે? એનું સુખદુઃખ શામાં રહેલું હશે? એની પ્રવૃત્તિના હેતુ કયા કયા હોઈ શકે? એને પરમ સંતોષ શામાં મળતો હશે? એવું કુતૂહલ, એવી જિજ્ઞાસા જનહૃદયમાં ઉત્પન્ન થાય તો તેમાં નવાઈ શી?

કળા દ્વારા પોતે ઉત્પન્ન કરેલી અપેક્ષાઓ સુધી પોતાના જીવન દ્વારા જો માણસ ન પહોંચે તો એનું જીવન એને માટે અને સમાજને માટે અંતે શાપરૂપ નહિ તો ક્લેશરૂપ તો બને જ છે. વાદળાં જોઈને આનંદિત થઈ કળા કરતા મોર પર મોહિત થઈને આપણે એના આહારની તપાસ કરવા બેસીએ તો ગ્લાનિ જ ઊપજે. સજ્જનોના શીલ જેવા ધોળા રંગથી મંડિત એવો બગલો શાંત સરોવરને કાંઠે એક પગે એકધ્યાન થઈને ઊભો હોય ત્યારે તે કઈ વસ્તુનું ચિંતન કરે છે એની તપાસ કરીએ તો કાંઈ આનંદ પ્રાપ્ત થવાનો નથી. અંતે વિષણ્ણ મન નિર્ણય કરે છે કે આ પ્રાણીઓ ઈશ્વરે અર્પેલી કળાનું વહન કરે છે, પણ છે તો સાવ પ્રાકૃત પ્રાણી. જેટલી કળા ધારણ કરે છે તેટલી કંઈ એમના જીવનમાં ઊતરી નથી.

જેમની કૃતિથી મનુષ્યહૃદય ધન્ય ધન્ય થઈ જાય છે તેમનું જીવન તપાસતાં નિરાશા ઊપજે એવી સ્થિતિ શું અપરિહાર્ય છે? જે કળાકૃતિએ અસંખ્ય જીવનોમાં ચૈતન્ય રેડયું અને માનવી ભાવોને દિવ્ય બનાવ્યા તેની અસર કળાકારના પોતાના જીવન પર કેમ ન થાય?

કેમ ન થાય? વાલ્મીકિ કળાકાર હતો. એના જીવનની વિભૂતિ એની કળાની વિભૂતિ કરતાં જરાયે ઊતરતી ન હતી. વેદાંતસમ્રાટ

યાજ્ઞવલ્કય કળાકાર હતો. જ્યારે એની વેદાંતવાણી બોલે છે ત્યારે જાણે મહાનદ ઘૂઘવતો ચાલતો હોય એમ જ લાગે છે. એની વાણી જેમ જેમ સાંભળીએ છીએ તેમ તેમ તેનું સંગીત અજાણતાં જ આપણા હૃદયમાં પેસી જાય છે. તાનસેનનો ગુરુ હરિદાસ કળાકાર હતો. એનું પ્રભુત્વ માણસ ઉપર તો શું, જંગલનાં પશુપંખી અને નદીનાં નીર પર પણ ચાલતું. થેરગાથા અને થેરીગાથા રચનાર બૌદ્ધ કવિ અને કવયિત્રીનું કવન શ્રેષ્ઠ કે જીવન શ્રેષ્ઠ એ કોણ કહી શકે? જ્ઞાનેશ્વરની તોલે આવે એવા કવિઓ બહુ જ થોડા મળે. પણ સંત જ્ઞાનેશ્વરે કવિ જ્ઞાનેશ્વરની કીર્તિ ઢાંકી નાખી. તુલસીદાસ, સૂરદાસ, કબીર, ત્યાગરાજ કેટલાયે જીવનકળાના કળાધરનાં નામો આપણે અહીં ટાંકી શકીએ. અને બધા કળાકારો નિવૃત્તિમાર્ગી હોવા જોઈએ એવો કંઈ આપણો આગ્રહ નથી. મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુર અથવા એમના ચિરંજીવી વિશ્વકવિ રવીન્દ્રનાથ જેવાનો પણ આપણે દાખલો લઈ શકીએ. આગ્રહ એ છે કે કવિના કવન કરતાં તેનું જીવન ઊતરતું ન હોય; કળાકાર જીવનકળામાં પામર જેવો ન દેખાવો જોઈએ. કળાકૃતિથી મુગ્ધ અને ઉપકારબદ્ધ થયેલી દુનિયા કળાકારના દોષ ભલે ન જુએ; પણ એટલા ખાતર કળાકારોએ બાયરન, શેલી, ગટે અને ઑસ્કાર વાઈલ્ડની પરંપરા ચલાવવી જ જોઈએ એમ તો કોઈ ન કહે. ઊલટું પોતાની કળાને કૃતાર્થ કરવા ખાતર પોતાની અસાધારણ નબળાઈઓ સામે ઝૂઝનાર અને પોતાના જીવનમાં ક્ષણે ક્ષણે નવી ક્રાંતિ કરનાર ટૉલ્સ્ટૉયની પરંપરા ચલાવવી પડે તોયે એને દુઃખ કરવાનું કારણ ન માનીએ.

ઈશ્વર પોતાનો સૌંદર્યનો સંદેશો ગમે તેની મારફતે આપી શકે છે; જેમ પેલા અમલને રાજાનો કાગળ આણી આપનાર ટપાલી ગમે તે હોઈ શકે છે. પણ શું દિવ્ય સંદેશ વહન કરનારને માથે કશી ફરજ ન જ હોય? ખુદાની વહી વહન કરનાર નબીએ પોતાનું જીવન જેમ ભક્તિથી તરબોળ કરી મૂકયું હતું તેમ કળાકાર પણ પોતાનું જીવન મનુષ્યહિતચિંતક, સેવામય, પ્રેરણાપ્રદ, નિર્મળ અને દીક્ષિત એવું કેમ ન કરી મૂકે?

એટલે જેનામાં કંઈ પણ કળાની શકિત છે, કળા તરફ જેનું કંઈ પણ સ્વાભાવિક વલણ છે તેણે 'કેવળ કળાકાર' થઈને સંતોષ

ન માનતાં પોતાનું જીવન એ કળાના અવતારને ધારણ કરી શકે એવું ઉદાર, ઉદાત્ત અને ઉત્તુંગ કરવું જ જોઈએ. સંસ્કૃતિના સર્વ પાસા સાથે એનો સમભાવ હોવો જોઈએ. પુરાણ અને ઇતિહાસ બંને સાથે એની ઊંડી ઓળખાણ હોવી જોઈએ. સમાજશાસ્ત્રથી અને માનસશાસ્ત્રથી તે અપરિચિત તો ન જ હોવો જોઈએ. આટલા જ્ઞાન સાથે આવતી સંસ્કારિતા એ બગલાની સાધુતા જેવી ઉપરઉપરની ન હોય પણ એનું આખું જીવન કારુણ્યમય અને પરાક્રમમય હોય તો જ એની કળાકૃતિ માથું ઊંચું કરીને બોલી શકે, હાથ ઊંચા કરીને દુનિયાને આમંત્રણ દઈ શકે, અને અંતે એ જ હાથે જીવનવીરોને આશીર્વાદ પણ આપી શકે.

૧૯–૭–'૩૧

૨

જે ઈશ્વરનિષ્ઠ હશે એની કળામાં કંઈક વિશેષ તત્ત્વ પ્રગટ થશે એમ કહેતા પહેલાં ઈશ્વરનિષ્ઠાનું સ્વરૂપ આપણે જાણવું જોઈએ.

ઈશ્વરનિષ્ઠા એ ખાનદાનીની પેઠે આખા જીવનમાં એની મેળે વ્યાપેલી હોય છે અને એની મેળે એની સુવાસ ફેલાય છે. જેમ ખાનદાનીનો આધાર ગરીબાઈ કે શ્રીમંતાઈ પર નથી હોતો તેમ ઈશ્વરનિષ્ઠાનો આધાર પંડિતાઈ ઉપર કે મૂઢતા ઉપર નથી હોતો, તર્કશુદ્ધિ ઉપર કે વહેમો ઉપર નથી હોતો. પ્રેમ જેમ જીવનવ્યાપી છે, જ્ઞાન જેમ જીવનવ્યાપી છે, સામર્થ્યનો આત્મવિશ્વાસ જેમ જીવનવ્યાપી છે, ખાનદાનીની ખુમારી જેમ જીવનવ્યાપી છે તેમ ઈશ્વરનિષ્ઠા પણ જીવનવ્યાપી છે. 'ઈશ્વર અંતર્યામી છે; એને જાણવો એ આપણો પરમ આદર્શ છે; એને જાણવો, આપણા જીવનમાં એને વ્યક્ત કરવો એ જ આપણો પરમ આનંદ છે,' એવી જેની વૃત્તિ બંધાઈ ગઈ છે તેના જીવનમાં એક જાતની શાંતિ, સ્વસ્થતા અને સ્વાભાવિકતા આવી જાય છે. એ ભૂખ્યા જેવો નથી લાગતો, એ ઊકળેલા જેવો નથી લાગતો, એને અંદરનો આનંદ મળી ચૂક્યો છે; એના વ્યવહારમાં પ્રામાણિકપણું છે, ઉત્કટતા છે, સહનશીલતા છે; એનામાં પ્રેમ ઊભરાય છે, શાંતિ ફેલાય છે; ક્ષમા એની મેળે હોય જ છે, એ બતાવવી કે કેળવવી નથી પડતી.

એવો માણસ જ્યારે કળાકાર થઈ જાય છે, એટલે કે એના જીવનમાં રહેલી સર્વોચ્ચ કળા વર્ણ, વાણી, ધ્વનિ કે આકૃતિ દ્વારા વ્યક્ત કરવા એ મથે છે ત્યારે અંદર રહેલી મુખ્ય વસ્તુઓ એની કૃતિમાં આવ્યા વગર રહેતી જ નથી.

ઘણાં વર્ષ પહેલાં એક ભક્ત સ્થપતિ જોયો હતો. સૌમ્ય હતો. આજના આદર્શ પ્રમાણે અભણ હતો. એક મોટા મંદિરમાં મહત્ત્વના સુધારાવધારા કરવાના હતા. મંદિરનો માલિક અને સલાહકાર એને કહે, અમુક અમુક ઢબે નવી રચના થાય. પેલો સ્થપતિ કહે, 'જેવી તમારી મરજી; તમે કહો તેમ કરી આપું; પણ મારા અંતરાત્માને એ રુચશે નહિ. તમે કહેશો એવા ફેરફારો કરીશું તો પછી એ મંદિર જેવું નહિ લાગે. ઘડીભર બેસીને ધ્યાન કે ભજન કરવાનું ત્યાં મન નહિ થાય, આવા મંદિરમાં તમે ન્યાતવરા કરશો, ઉત્સવો કરશો, પણ કોઈ ભક્ત આકર્ષાઈને ત્યાં નહિ આવે.' એની વાત સાચી હતી. પતંગિયાંને ફૂલ આકર્ષે તેમ ભક્તોને જે ન આકર્ષે તે મંદિર નથી.

આશ્રમમાં એક ભાઈ સતાર સરસ વગાડતા હતા, શીખવતા પણ હતા. ઈશ્વરનિષ્ઠ બ્રહ્મચારી તરીકે એમની ખ્યાતિ છે. એક દિવસ એક બે કલાક એમણે સતારનો આનંદ આપ્યો. પણ વચમાં એક ગત છાકટી જેવી લાગી. સાંભળતાંની સાથે અમુક બાળકો ખુશમિજાજમાં આવ્યાં. વગાડનારને જ્યારે પૂછવામાં આવ્યું કે આવી ગત તમારી પાસે ક્યાંથી? તમને શું એ સારી લાગે છે? ત્યારે એમણે તરત કબૂલ કર્યું કે 'એ નવી જેવી લાગી એટલા માટે લઈ લીધી, પણ એ સારી નથી.' એ એક લાવણીના રાગની ગત હતી. એ લાવણી અને એના રાગની મને ખબર સરખી પણ ન હતી છતાં મને એ ગત છાકટી જેવી તો લાગી જ.

કેટલાક નટો ઉચ્ચ નાટ્યકળાના પાઠો લઈ અપ્રતિમ અભિનય-કળા બતાવે છે. પણ જો જીવન ઉદાત્ત ન હોય તો એ ઉચ્ચ કળામાં પણ કોઈક વખતે, જાણ્યેઅજાણ્યે એવું તો હીન તત્ત્વ આવી જાય છે કે આખું કૃત્રિમ છે, અંતઃસ્ફુર્ત નથી, પચાવેલુંયે નથી, એમ સિદ્ધ થાય છે.

એકાદ માણસ હોશિયાર ચિત્રકાર હોય, કોઈને ન આવડે એવી અદ્ભુતતાથી ચિત્રો દોરી શકતો હોય, પૂર્વાચાર્યોએ નક્કી કરેલા સુરુચિના સર્વ નિયમોનું યથાર્થ પાલન કરી અભિજાત કળાની છાપ પાડતો હોય તોયે જે ક્ષણે પોતાનું કાંઈ પણ તે ઉમેરવા ગયો તે ક્ષણે તે પકડાયો જ છે. પણ જેનું જીવન ખાનદાનીભર્યું છે, જેના મનમાં ઈશ્વરનિષ્ઠાની શાંતિ છે, ઉચ્ચભાવથી જેને સુખદુઃખ સહન કરતાં આવડે છે, કોઈ પણ પરિસ્થિતિ તળે જેના પગ અસ્થિર નથી થતા તે પ્રયત્નપૂર્વક ચિત્રો ચીતરે અથવા અસાવધાન સ્થિતિમાં પણ કાંઈક આલેખે તોયે એમાં એ માણસનો સ્વભાવ, એનું જીવન, એનો સહજાનંદ વ્યક્ત થયા વિના રહે જ નહિ. સંસ્કારી માણસના પ્રસંગમાં જે વિશ્વાસથી આપણે વર્તી શકીએ તે જ વિશ્વાસથી એવા ચિત્રકારની કૃતિઓનો આપણે સ્વીકાર કરી શકીએ છીએ. ચિત્રકળાના નિયમો એ જાણતો હોય કે ન હોય, એની શક્તિ સામાન્ય હોય કે અસામાન્ય હોય, એમાંથી બસૂરું કશું નીકળે જ નહિ.

ઈશ્વરનિષ્ઠા એ એક જાતની પ્રસન્નતા છે, એક જાતની શાંતિ છે. એક જાતનું ભર્યાભાદર્યાપણું છે. દુનિયાની બધી વસ્તુઓ અને બધા પ્રસંગોમાંનો મેલ કાઢી નાખી એ બધામાં મેળ બેસાડવાની જે શક્તિ તે જ ઈશ્વરનિષ્ઠાની કળા છે, તે જ ઈશ્વરનિષ્ઠ કળા છે. જીવનકળાનું એ પ્રતિબિમ્બ હોઈ, નવા નવા સર્જનનું એ કળામય પ્રતીક હોઈ પરમ મંગલ અને ચિરંતન નીવડે છે. તારાનો પ્રકાશ અને તારાઓનું આમંત્રણ ચિરંતન હોવા છતાં એ જેવાં નિત્યનૂતન અને આહ્લાદક હોય છે, તેવી જ એ જીવંત કળાધરની જીવતી કળાકૃતિ પણ સન્તસદૃશ હોય છે.

૧૬-૮-'૩૧

ચિત્રગુરુ

ચિત્રકળા એ કેવળ હાથનો વિષય નથી. હાથ બરાબર કેળવાય, સાથે નજર કેળવાય અને સૌંદર્યનું હૃદય સમજવા જેટલી રસિકતા તેમ જ કલ્પનાશક્તિ પણ કેળવાય ત્યારે ચિત્રકળાની તૈયારી થઈ ગણાય.

કેટલાક ચિત્રકારો પોતે સરસ ચિત્રો ચીતરી શકે છે, ઉપર વર્ણવેલી ત્રણે બાબતોમાં એમની અમુક પ્રગતિ થયેલી હોય છે; પણ એનું પૃથક્કરણ મન સાથે કરેલું ન હોવાથી વિદ્યાર્થીઓનું ધ્યાન તેઓ ખેંચી શકતા નથી; ભણતરનો ક્રમ પણ નક્કી નથી કરી શકતા.

કલ્પનાશક્તિ મારી ન જાય એટલી સાવચેતી રાખી, હાથ ઉપર બરાબર કાબૂ આવે એની બાળકોને પ્રથમ કેળવણી આપવી જોઈએ. ધારી લીટી દોરી શકે, લીટીમાં સ્થિરતા અને હળવાપણું બંને આવી જાય એટલી તૈયારી પ્રથમ જોઈએ. એને માટે સારાં ચિત્રોની કેવળ નકલ કરવાનું ક્રમસર આપવું. એમાં નકલ કેવળ લીટીઓની કરવાની છે, ચિત્રની ઢબની નહિ એ વિદ્યાર્થીઓને સ્પષ્ટ સમજાવવું જોઈએ. આ નકલનો ઉદ્દેશ મૂળ ચિત્રકારની શૈલીનું અનુકરણ કરવાનો ન હોય; માત્ર લીટીની શક્તિ ને રહસ્ય ધ્યાનમાં આવે એટલું જ બસ છે.

નજરની કેળવણી અને કલ્પનાની કેળવણી સાથે સાથે ચાલી શકે છે. લાકડાની કે પથરાની મૂર્તિ તૈયાર કરનાર જેમ જાણે છે કે લાકડા ને પથરા દ્વારા અમુક આકૃતિ જ વ્યક્ત કરી શકાય અને અમુક ન કરી શકાય, તેમ સૌંદર્યનો અમુક અંશ રેખાબદ્ધ કે વર્ણબદ્ધ કરી શકાય અને અમુક અંશ વર્ણ કે રેખાનો વિષય ન જ થઈ શકે એનો વિવેક ચિત્રકાર પાસે હોવો જોઈએ. પોતાના સાધનની શક્તિ અને એની મર્યાદાનું ભાન કળાકાર પાસે હોવું જોઈએ. એ મર્યાદાનું ક્ષેત્ર ઘટાડતા જવું અને શક્તિનું ક્ષેત્ર અકલ્પિત રીતે વધારતા જવું એમાં જ કળાકારનાં સામર્થ્ય અને વૈભવ રહેલાં છે.

કુદરતનાં દશ્યોનાં ઝાડપાન, પશુપક્ષી, આકાશ, વાદળાં, પાણી, મોજાં, જમીન, પહાડ, ખેતરો ઇત્યાદિ બાબતોમાં સૌંદર્ય કયાં કયાં રહેલું છે એ તરફ વિદ્યાર્થીઓનું ધ્યાન ખેંચવું જોઈએ. પશુપક્ષી, માછલાં, અને કીડા જેવાં જનાવરોના આકારમાં તેમ જ તેમના સ્વભાવમાં અને એમની ટેવોમાં કઈ કઈ ખૂબી રહેલી છે અને એમાંથી સૌંદર્યની નિષ્પત્તિ કેમ થાય છે એ પણ વિદ્યાર્થીઓને બતાવવું જોઈએ.

માણસ કુદરતને જાણે છે એના કરતાં પોતાને વધારે જાણે છે—એણે જાણવું જોઈએ. તેથી મનુષ્યગત સૌંદર્ય, એના ભાવોમાં રહેલું સૌંદર્ય, માણસ માણસના વ્યવહારમાં ઊતરતું કે એમાંથી નીતરતું સૌંદર્ય એ કળાકારનો પ્રધાન વિષય છે. કુદરત અને પશુપક્ષી ઇત્યાદિથી માણસ વિખૂટો નથી. એમની સાથેનો માણસનો સંબંધ અને કુદરત આદિની માણસ ઉપર થતી અસર એ પણ કળાનો મુખ્ય વિષય છે. એ બધી વસ્તુ તરફ વિદ્યાર્થીનું ધ્યાન ખેંચવું જોઈએ.

અહીં સૌંદર્ય એટલે આપણને ગમે એટલો જ ભાગ નથી લેવાનો. જેની આપણા પર ઊંડી અસર થાય છે, જે અસર સરવાળે શુભ છે, જેને લીધે હૃદય જાગ્રત અને ઉન્નત થાય છે ને જીવન સમૃદ્ધ તથા કૃતાર્થ થાય છે તે અસરને જ આપણે રસ કહીએ છીએ. રસનું બાહ્ય સ્વરૂપ તે જ સૌંદર્ય.

વિદ્યાર્થીને ભણાવવાની શરૂઆતમાં એને સૌંદર્યમીમાંસા નહિ આપવી જોઈએ, કેવળ પ્રસંગો કે વસ્તુઓ તરફ ધ્યાન ખેંચીને

એમાં આ સુંદર છે, આ સુંદર નથી એવું અનંત રીતે બતાવતા જવું ને આ વસ્તુમાં આટલી ખામી છે, આટલું કરવાથી એ ખામી દૂર થઈ શકે વગેરે અભિપ્રાયો પણ આપતા જવું. ખાનદાની કે પ્રેમ બતાવવાના પ્રસંગો જેમ મુરબ્બીઓ બતાવતા જાય છે અને એમ કરતાં કરતાં બાળકના હૃદયમાં વિવેકનો ગજ ઘડાઈ જાય છે તેમ જ કળાનું પણ થવું જોઈએ. જેઓ સૌંદર્યમીમાંસાની તાત્ત્વિક ચર્ચાથી પ્રારંભ કરે છે તેઓ ઘણી વાર વેદિયા બની જવાનો સંભવ રહે છે. સૌંદર્યદર્શન એ સ્વયંભૂ થવું જોઈએ, સ્વાભાવિક થવું જોઈએ, સહજ થવું જોઈએ. ત્યાર પછી જ એની મીમાંસા કરાય. આ કારણે જ કળાકાર અને એના શિષ્યો વચ્ચે ગુરુશિષ્યભાવ બંધાઈ જાય છે. સૌંદર્ય અથવા કળા એ એક જીવનદર્શન છે. એ જીવનવ્યાપી હોવાથી જ એનું આટલું બધું મહત્ત્વ અને ગૌરવ છે.

ચિત્રકળા એ સામાજિક વારસો પણ છે. મોટે ભાગે એ સામાજિક વારસો જ છે. ચિત્રકળા ને સાહિત્ય પરસ્પર સ્વતંત્ર છે, છતાં પરસ્પર પોષક છે; તેથી સાહિત્ય દ્વારા ચિત્રશક્તિ ખૂબ કેળવાય છે; એ જાણી સાહિત્યના ઉત્કૃષ્ટ નમૂનાઓનો અભ્યાસ ઉત્કૃષ્ટ ચિત્રોના અભ્યાસ જેટલો જ થવો જોઈએ.

પણ સાચી વાત તો એ છે કે જીવનનો જ ઊંડો અભ્યાસ જોઈએ છે. એ તો જીવનના અને કુદરતના ભવ્ય, ઉદાત્ત, લલિત તેમ જ કરુણ પ્રસંગોના નિરીક્ષણથી, એની સાથે તન્મય થવાથી જ પ્રાપ્ત થાય છે.

જીવનના અભ્યાસમાંથી, જીવન જીવવાથી સામર્થ્ય અને સંસ્કારિતા કેળવાવાં જોઈએ. એ જ્યાં ન કેળવાતાં હોય ત્યાં પાયામાં કે મૂળમાં જ ભારે ખામી રહેલી છે; કોઈ મહાન પાપ, ભીષણ અનિષ્ટ ક્યાંક છુપાયેલું છે એ નિશ્ચિત જાણવું.

એટલા ખાતર જ ધર્મકારની જેમ કળાકારનું જીવન પણ નિર્મળ, સમભાવી અને શક્તિશાળી હોવું જોઈએ એ અત્યંત આવશ્યક છે.

૧૯૩૨

જાપાનની કળા

કળાના બે ભાગ હોય છે: પીંછી અને ભાવના. હાથ બરાબર કેળવાય, ધાર્યા પ્રમાણે લીટીઓ દોરાય, રંગની મેળવણી કરતાં આવડે અને પ્રમાણ સચવાય એટલે પીંછી સિદ્ધ થઈ. એ કામ મહેનતનું છે, આદત અને કસરતનું છે. પણ કળાનો એ મુખ્ય ભાગ ન ગણાય. કળાની ખૂબી એની ભાવનામાં રહેલી છે. ભાવના એ કળાનો મુખ્ય ભાગ ગણાય.

જાપાની ચિત્રકળાની પીંછીમાં અસાધારણ સૌષ્ઠવ અને આત્મ-વિશ્વાસ હોય છે. સફાઈ અને લાઘવ તો એટલાં કે જાણે પ્રયત્ન જ કરવો પડ્યો નથી.

પણ જાપાની કળાની કલ્પનામાં પરલોકનું દર્શન ન થાય. દુનિયામાં ચાર દિવસ રહેવું છે ત્યારે સૂતકીની પેઠે દુર્મુખ શા માટે રહીએ? કુદરતમાં ફૂલ, પાંદડાં, ઘેટાં, બકરાં, પશુ, પક્ષી, પાણીના ધોધ, આકાશનાં વાદળાં,—બધાંને જુઓ. તે હસતાં આવે છે ને હસતાં જાય છે. ત્યારે માનવીને જ શા માટે આવવું, જીવવું અને જવું આટલું અઘરું કે આકરું લાગે છે? આવતી કાલ ઊગશે ત્યારે વિદાયના શબ્દો પણ સૂઝશે. આજનો દિવસ પૂરો કર્યા વગર આવતી કાલનો દિવસ ઊગવાનો જ નથી. ત્યારે આજનો જ દિવસ જીવી લો ને?

જાપાની રહસ્ય આમ બોલે છે અને ચિત્રો દ્વારા એ જ વ્યક્ત કરે છે.

વિશ્વપતિના વૈભવમાં નૃપતિનો મહેલ

રાજાએ ઊંચો ઊંચો મહેલ બાંધ્યો. દુનિયાની બધી કારીગરી તેમાં ઠાલવી દીધી. દેશપરદેશના લોકો મહેલ જોવા આવવા લાગ્યા. આવા અજબ મહેલનું ચિત્ર કોણ ચીતરે? દરબારના ચિતારાઓ તો મહેલની દીવાલો ચીતરતાં જ થાકી ગયા હતા. તેમના કરતાં વધારે ભવ્ય કોઈ ચિત્રકાર જોઈએ છે. ચિત્રકારોનો ગુરુ પરમ વિરક્ત લીલાધર જંગલમાં રહેતો હતો. રાજાએ બહુ માનપૂર્વક તેને બોલાવ્યો અને કહ્યું, 'મારો મહેલ જેવો છે તેવો ચીતરી આપો.'

એક મહિનામાં ચિત્ર તૈયાર થઈ આવ્યું. અરે! આ તે શું? એક વિશાળ ચિત્રપટ પર વિશાળ આકાશ અને તેમાં રંગબેરંગી વાદળાંઓની અપૂર્વ શોભા. નીચલી બાજુ પર એક બાજુએ વિસ્તીર્ણ ભૂમિભાગ છે અને તેમાંથી વહેતી એક ઐરાવતીસમી નદી ઊછળતા મહાસાગરને મળે છે. આકાશ અને ભૂમિની વચમાં એક ઉત્તુંગ પહાડ વિસ્તરેલો છે; તેની તળેટીમાં એક નાનકડા ટપકા જેવો મહેલ દેખાય છે.

રાજાએ પૂછ્યું, 'આ શું ચીતર્યું?' લીલાધરે જવાબ આપ્યો, 'રાજા, તેં કહ્યું નહોતું કે મારો મહેલ જેવો છે તેવો ચીતરો? વિશ્વપતિના વૈભવમાં નૃપતિના મહેલનું સ્થાન કેવું છે, કેટલું છે, એ ન બતાવું તો મહેલ જેવો છે તેવો કેમ ચીતરી શકાય? (ગજવામાંથી સૂક્ષ્મદર્શક કાચ કાઢીને) આ જો, તારા મહેલની કંઈ પણ વિગત કે કંઈ પણ શોભા આમાં આવવી બાકી રહી છે?'

એપ્રિલ, ૧૯૨૫

અમદાવાદનું કળાપ્રદર્શન

વિરાગી પણ રસિક એવા રાજા ભર્તૃહરિએ મનુષ્ય અને પશુ વચ્ચે રહેલો ભેદ દર્શાવતાં સાહિત્ય, સંગીત અને કળાને મનુષ્યત્વનાં લક્ષણ કલ્પ્યાં છે. આપણી આ વરસની સાહિત્ય પરિષદે આ ત્રણે અંગોને સચેતન કર્યાં તે યોગ્ય જ થયું છે. સાહિત્યનો વ્યાપક, અને એટલા માટે ખરો, અર્થ જોઈએ તો વાઙ્મય પ્રમાણે જ નાદમય અને વર્ણમય સાહિત્યનો પણ તેની અંદર સમાવેશ થવો જોઈએ. આ ત્રણ વિભાગ જ્યાં સુધી વિશાળ નથી બન્યા ત્યાં સુધી તો તેમનું કુટુંબ અવિભક્ત રહે એ જ ઠીક છે.

આ ત્રણ વિભાગમાંથી કળાવિભાગનું નિરીક્ષણ અહીં કરીએ. ગરવી ગુજરાતનું વાતાવરણ કુદરતી રીતે જ કળાને પોષનારું છે. અહીંની નૈસર્ગિક સમૃદ્ધિને લીધે, જીવનરસને શોષી લેનાર જીવન-કલહ અહીં ઘણો ઓછો છે. સૃષ્ટિમાતા પાસેથી જે મળતું નથી તે અહીંના ઉદ્યમી મહાજનો દેશપરદેશની સાથે વેપાર કરીને પ્રાચીન કાળથી જ મેળવતા આવ્યા છે.

અહીંની સ્ત્રીઓએ પોતાની પ્રેમાળ વૃત્તિ અને રસિક અભિરુચિ એ બેના મિલન વડે ગૃહસ્થાશ્રમને સુખમય બનાવ્યો છે. પુરાણોમાં આપણે જે રાસની વાતો વાંચીએ છીએ તે રાસ આજ

પણ ગુજરાતની અંદર આપણને જોવા મળે છે. અહીંની રહેણી અને દરેક રીતરિવાજ—તેને સદોષ માનો કે નિર્દોષ—પણ રસથી ભરેલ છે એમાં શંકા નથી. શોકને પણ શ્લોકત્વ દેવાનો પ્રચાર ગુજરાતમાં જ છે. આજે તેનું સ્વરૂપ વિકૃત થઈ ગયું હોય તો તે આ જમાનાનો દોષ છે.

ગુજરાતમાં સ્થળે સ્થળે જે પ્રાચીન સ્થાપત્ય જોવામાં આવે છે તે પણ ઉપર કહ્યું તે જ વાતની સાક્ષી પૂરે છે. મોઢેરાનું સૂર્યમંદિર, દેલવાડાનાં દહેરાં, સિદ્ધપુરનો રુદ્રમાળ, અમદાવાદની મસીદો, શેત્રુંજા ઉપરનું મંદિરોનું વન, અડાળજની વાવ આ બધાં, એક સમયે ગુજરાતની અંદર કેવાં પ્રાણવાન રસિકતા અને અભિજાત લાલિત્ય ઊછળતાં હતાં, તેનું ઉત્તમ ભાન કરાવે છે. આજ તે રસિકતા અને તે લાલિત્ય તેટલાં રહ્યાં નથી એમ દુઃખની સાથે કહેવું પડે છે.

મોઢેરાના મંદિરની અંદર જે ચૈતન્ય અને વીર્ય રહેલાં છે તે કંઈ હઠીસીંગના સુંદર મંદિરમાં નથી, અને શેત્રુંજાના પહાડ ઉપર તો આજે કુબેરના ઉપાસકોએ લાખો રૂપિયા ખરચીને ત્યાંના સૌંદર્યને જડમૂળથી ઉખેડી નાંખવાનો જાણે કે નિશ્ચય જ કરેલો છે! દેવોના જેવી મૂર્તિઓના મુખ ઉપર સિમેન્ટ અથવા ચૂનો ચોપડીને તે મૂર્તિઓને પોતાની અરસિકતાનાં યથાર્થ સ્મારક બનાવી મૂકવામાં જૈન ધનિકોએ કંઈ કચાશ દેખાડી છે એવો આરોપ તેમની ઉપર કોઈનાથી મૂકી નહિ શકાય! કોડીના મૂલની, અટાપટા રંગની ચિનાઈ ઈંટો, એ સ્વર્ગીય મંદિરોની ભીંતોમાં જડીને તેઓએ શેત્રુંજા પ્રર્વતની સ્વર્ગીય શોભાને કેવી ગ્રામ્ય બનાવી મૂકી છે એ જોતાં કયા રસિક જનને સંતાપ અને ઉદ્વેગ નહિ થાય?

પણ ખેર. આપણે તો અત્યારે હમણાં જ નિર્વિઘ્ને પાર પડેલા કળાપ્રદર્શન વિષે બોલવાનું છે. આ દેશની કળાનું પ્રદર્શન જોવા મળ્યું એ અમે અમારું સદ્ભાગ્ય સમજીએ છીએ. કારણ કોઈ પણ જાતિના જીવનનું યથાર્થ ચિત્ર તે જાતિની અંદર જીવંત સ્વરૂપમાં રહેલી કળામાં જોઈ શકાય છે. અહીંનું પ્રદર્શન જોઈને અમને મોટી આશા ભાસવા લાગી છે. સાહિત્ય પરિષદને કળાનું

પ્રદર્શન ગોઠવવાની બુદ્ધિ સૂઝી એ જ એક શુભ શુકન ગણાવો જોઈએ.

પરદેશી રિવાજોનું અને પરદેશી કળાનું અનુકરણ કરવાથી આપણી સંસ્કૃતિના આદર્શોને કેટલો ધોકો પહોંચે છે અને સમાજમાંથી દહાડે દહાડે ખાનદાનીનો કેવો નાશ થાય છે એટલું જો આપણાં સુશિક્ષિત સ્ત્રીપુરુષોને સમજાયું હોત તો આ પ્રદર્શનમાં સુશિક્ષિત સ્ત્રીઓએ મોકલેલાં ચિત્રવિચિત્ર કપડાં પ્રદર્શનની શોભાને વણસાડત નહિ.

કળારસિક શેઠ પુરુષોત્તમ વિશ્રામે મોકલેલાં અપ્રતિમ ઘાટનાં વાસણોની પડખે જ જો ભાઈ રવિશંકરે આજકાલના શ્રીમંત લોકોના ઘરમાં પણ વપરાતાં ચિનાઈ, જર્મનસિલ્વર અને એલ્યુમિનિયમનાં વાસણનું પ્રદર્શન ગોઠવ્યું હોત તો ગમે તે રસિક જનના મોંમાંથી ઉદ્‌ગાર નીકળી પડત કે 'આ ચિત્ર જુઓ અને આ ચિત્ર જુઓ.'

સારાંશ, આપણી રહેણી જેટલા પ્રમાણમાં ખાનદાની ભરેલી અને સંસ્કારપ્રધાન હશે તેટલા જ પ્રમાણમાં આપણા જીવનમાં કળા અવતરવાની.

ધાર્મિક સંસ્કારોમાં આપણે બચપણની દશા વટાવી ગયા હોઈએ તો જ રવિશંકરની 'પ્રણયબંસરી' જેવું હિંદી વાતાવરણ-વાળું અને હિંદી ભાવથી ભરેલું ચિત્ર નિર્માણ થઈ શકે. નહિ તો તે જ ચિત્રની બાજુએ ટાંગેલ 'ગોપીવસ્ત્રહરણ'ના જેવો ગ્રામ્ય દેખાવ જોવાનો પ્રસંગ આવે.

આ દેખાવમાં ગોપીઓનાં વસ્ત્ર હરણ કરીને તેમને તેમના નૈસર્ગિક સ્વરૂપમાં મૂકનાર શ્રીકૃષ્ણ આઠ વર્ષના લીલાનાટકી બાલકૃષ્ણ કરતાં એલિસબ્રિજ ઉપરથી નીચે સાબરમતીને કાંઠે નહાતીધોતી સ્ત્રીઓની, ભાંગીતૂટી અંગ્રેજીમાં ટોળ કરનાર કોઈ છોકટાને જ વધારે મળતા આવે છે.

પ્રદર્શનમાં જે આધુનિક ચિત્રો આવેલાં તેની અંદર બંગાળ પદ્ધતિનાં ચિત્રો પણ હતાં અને રવિવર્માની પદ્ધતિનાં ચિત્રો પણ હતાં. અમદાવાદના ચિત્રકાર મગનલાલ શર્મા જે થોડા દિવસ પૂર્વે જ સ્વર્ગસ્થ થયા તેમનાં ચિત્રો રવિવર્માની પદ્ધતિનાં છે.

એ ચિત્રોની પ્રમાણબદ્ધતા અને ભાવાવિષ્કરણ ખુદ રવિવર્માનાં ચિત્રો કરતાં પણ અમને ઉચ્ચ કોટિનાં ભાસ્યાં. રવિવર્માનાં ચિત્રોનો જેઓને શોખ હોય તેઓએ તો ખાસ કરીને આ ચિત્રકારની કદર બૂજવી જોઈતી હતી.

જો કોઈ ચિત્રોએ અમારું ચિત્ત ખરેખરું ચોર્યું હોય તો તે ડી. રામરાવનાં અજંટા અને એલોરાની ગુફાઓનાં દશ્યોએ. આ ગુફાઓના અનેક ફોટોગ્રાફ અમે જોયા છે, પણ તે ગુફાઓની અંદર પ્રાણ ફૂંકીને આ ચિત્રકારે તેમને જીવતાંજાગતાં કર્યાં છે. આ ચિત્રોમાંની ગુફાઓ સ્મશાનવત્ નિર્જન નથી, પણ ચિત્રકારની કલ્પનાશક્તિએ જૂના વખતના લોકોને ફરી પાછા તે ગુફાઓમાં વિચરાવ્યા છે. ચિત્રોના રંગોમાં પણ વિલાસરહિત રસિકતા અને સજીવ શાંતિ દેખાઈ આવે છે.

પ્રદર્શનમાં મૂકવામાં આવેલી પ્રાચીન વસ્તુઓ વિષે અત્રે અમે કંઈ પણ ટીકા કરવા ઇચ્છતા નથી, કારણ તેમની ઉપર ટીકા કરવાની આપણી પાત્રતા નથી. આપણા પ્રાણવાન પૂર્વજોએ નિર્માણ કરેલી આકૃતિઓની અંદરથી જ આપણને આપણો ચિત્રકળાનો આદર્શ પ્રાપ્ત થયો છે. તેમણે જ આપણને રસદષ્ટિ બક્ષી છે. તેમનું વિવેચન કરનાર આપણે તે કોણ? પૂર્વજોના ધર્મપ્રધાન આર્ય હૃદયની પિછાણ કરાવી દેનારી આ પુરાતન વસ્તુઓને અમે શ્રદ્ધાપૂર્વક નમન કરીએ છીએ.

* * *

ભાષા દ્વારા માણસ ઢાંકપિછોડો કરી શકે છે. કળા મારફત તેવું થઈ શકતું નથી. અને તેથી જ કળાને અમે મનુષ્યના ચારિત્ર્ય જેટલી જ પવિત્ર માનીએ છીએ.

પ્રદર્શન જોતાં જ એક વસ્તુ આપણી નજરમાં મુખ્યત્વે કરીને આવે છે. ત્યાં મૂકવામાં આવેલી સુંદર સુંદર ચીજોના બે વિભાગ પડે છે. એક જૂની કારીગરીની વસ્તુઓ અને બીજી આજનાં મોટાં મોટાં કુટુંબોમાંની વપરાશની વસ્તુઓ. આ બંને વિભાગમાં જમીન આસમાનનું અંતર દેખાઈ આવે છે.

પ્રદર્શનના વ્યવસ્થાપક ભાઈ રવિશંકર રાવળે પોતાની ઉચ્ચ અભિરુચિને અનુસરીને પોતાને પસંદ પડતા પદાર્થો જ જો પ્રદર્શનમાં

ગોઠવ્યા હોત તો આપણને એક જાતનું નુકસાન થયું હોત. આજે આપણો સમાજ રહેણીકરણીના આદર્શમાં અને કળાવિષયક કલ્પનામાં કેટલો બધો વિકલ બની ગયો છે એનું પ્રદર્શન આપણને જોવા ન મળ્યું હોત !

પ્રદર્શનમાં મૂકવામાં આવેલાં વિવિધ ચિત્રો જોતાં અનેક લોકોએ સુંદરતાની પ્રાપ્તિ સારુ કરેલા પ્રયત્નો જોઈને તેમની મહેનત માટે તથા ઉત્સાહ માટે આદર ઊપજે છે. પણ હિન્દી જીવનનો આદર્શ શો છે તે ન સમજાવાને લીધે ઘણાંખરાં ચિત્રો રહસ્યશૂન્ય અને અપરિચિત ભાવવાળાં બન્યાં છે તે જોઈને ખેદ થાય છે.

દાખલા તરીકે 'અણધાર્યાં પરોણા' એ ચિત્રમાં રહેલો વિનોદ અને ચમત્કાર આપણને રસમય તો લાગે છે, પણ કોઈ એક કૅન્ટોન-મેન્ટમાંના યુરોપિયન મહોલ્લામાં થઈને જતા હોઈએ તે વખતે આપણને જેમ બધું અજાણ્યું અજાણ્યું લાગે છે, ત્યાંનું વાતાવરણ એ આપણું નથી, ત્યાં આપણી પ્રતિષ્ઠા નથી એવી લાગણી જેમ આપણા મનમાં ઊઠે છે તેવી જ લાગણી આ યુરોપિયન પદ્ધતિનું ચિત્ર જોઈને મનમાં ઊઠે છે. કોઈ એક ભવ્ય મંદિરમાં અથવા દરબારગઢમાં જઈ ચડતાં આપણા એકાદ ગરીબ માણસનો પણ આત્મા ખીલે છે. આ સ્થાન મારું છે અને અહીંયાં મારે માટે મારું સ્વાભાવિક સ્થાન છે એવી ખાતરી એ સ્થળોમાં તેને હોય છે. પણ તે જ ગરીબ માણસ અથવા કોઈ શ્રીમંત માણસ સાહેબના બંગલામાં અગર યુરોપિયન દેવળમાં જઈ ચડે, તો અહીંયાં મારે કેમ વર્તવું એ જ પહેલવહેલું તો તેને સમજાશે નહિ. પારકાના માપથી અહીં આપણો તોલ થવાનો એવી ભાવનાથી તેનો આત્મા તે સ્થળમાં સંકોચ પામે છે. જે વસ્તુ અથવા જે આચરણ આપણને સાવ યોગ્ય ભાસતું હોય છે તે પરદેશીઓને અયોગ્ય ભાસે છે. આપણી વિનયની તથા અદબની ભાષા ગોરા લોકોને બીકણપણાની અથવા ગોળગોળ જણાય છે, તેમ તેઓનો કેટલોક શિષ્ટાચાર આપણી નજરે તદ્દન હલકો નહિ તો પણ અસંસ્કારી જેવો તો જરૂર લાગે છે. આવી સ્થિતિમાં તેમનું અનુકરણ કરવું એનો અર્થ સંસ્કૃતિની દૃષ્ટિએ તો આત્મઘાત જ થાય.

થોડા જ વખત ઉપર મુક્તિફોજવાળા એક ધર્મોપદેશકે પોતાના ભાષણ દરમિયાન પોતાની પ્રતિષ્ઠા બતાવતાં કહેલું કે 'પેટ્રોગ્રેડની અંદર એક પ્રચંડ સભામાં એક રશિયન આગેવાન બાઈએ બીજા કોઈને નહિ પણ મને એકલાને જ બચી લીધેલી.' એ સાંભળીને પ્રેમાભાઈ હોલવાળી સભામાં કેટલાક લોકોની અંદર જ ગ્રામ્ય હાસ્ય ફેલાઈ ગયું હતું અને સભ્યજનોના ચહેરા ઉપર જે લજ્જાની ફિકાશ ફરી વળી તે દેખાવ સહેજમાં ભૂલી જવા જેવો નહોતો.

જ્યાંનો આદર્શ ત્યાં જ શોભે.

૧૧-૪-'૨૦

જીવનનું સંગીત*

માણસમાં જો પોતાની શક્તિ અને અશક્તિ વિષે, ગુણદોષો વિષે બરાબર ખ્યાલ હોય, અને દુનિયાના વ્યવહારમાં જો તેણે સાચી નમ્રતા કેળવી હોય તો એવો માણસ ગમે તે જાતની ધૃષ્ટતા કરી શકે છે. સંગીત મંડળના વાર્ષિક ઉત્સવને પ્રસંગે પ્રમુખનું સ્થાન સ્વીકારી મેં એવી એક ધૃષ્ટતા કરી છે. અલ્પજ્ઞ માણસ જ્યારે ફુલાઈ જાય છે ત્યારે પોતાને કેવો સર્વજ્ઞ માને છે એનું વર્ણન ભર્તૃહરિએ કર્યું છે. પણ સંગીતના વિષયમાં હું અલ્પજ્ઞ કોટિનો નથી. નરી અજ્ઞતા એ જ મારી મૂડી છે, અને એ મૂડી ઉપર જ હું આજનો વેપાર ખેડવાનો છું.

સંગીત વિષે મને કશું જ્ઞાન નથી એ વાત જેટલી સાચી છે તેટલું જ એ પણ સાચું છે કે સંગીત પ્રત્યે મારો પ્રેમ અને પક્ષપાત અસાધારણ છે. બીજા લોકો પ્રથમ સંગીતની કળા હસ્તગત અથવા કંઠગત કરી લે છે અને ત્યાર પછી સંગીતની મીમાંસામાં અને શાસ્ત્રમાં માથું મારે છે. મારો ક્રમ એથી ઊલટો થયો. ૧૯૦૬–૭માં સાંગલીમાં મારો નવરાશનો વખત હું પુસ્તકાલયમાં ગાળતો. ત્યાં રા. બ. કૃષ્ણાજી બલ્લાળ દેવલ જોડે મારે ઓળખાણ

---

* રાષ્ટ્રીય સંગીત મંડળ (અમદાવાદ)ના વાર્ષિક ઉત્સવ પ્રસંગે પ્રમુખપદેથી આપેલું ભાષણ સને ૧૯૨૩.

થઈ. તેમને સંગીતનો અસાધારણ શોખ હતો. પ્રો. બ્લેસરનાના 'સંગીત વિજ્ઞાન' સાથે તેમણે મારો પરિચય કરાવ્યો. સંગીતમાં એક સપ્તકમાં ૨૨ શ્રુતિ હોય છે; સંગીતના સુગેય સ્વરોમાં આંદોલનની એક મજાની શ્રેણિ હોય છે; યુરોપિયન લોકોએ તેમના સંગીતમાં 'ટેંપરેટ સ્કેલ' દાખલ કરી પોતાના કાન અને અભિરુચિ બગાડી નાખ્યાં છે; એવી એવી કેટલીયે મહત્ત્વની વાતો હું તેમની પાસેથી શીખ્યો. વાદી, સંવાદી, વિસંવાદી વગેરે સ્વરોનો સંબન્ધ પણ હું સમજી ગયો. અને તે દિવસથી તારપેટી Sounding Box મળે એટલે પ્રયોગો પણ કરવા લાગ્યો. સંગીત વિષે માસિકોમાં કે બીજે કયાંય જરાક લખાણ આવે એટલે એમાં પણ જરા ચંચુપાત કરતો. આશ્રમમાં આવ્યા પછી તમારા વિદ્વાન અને ખંતીલા મંત્રીનો સમાગમ થયો. મને સંગીતશાસ્ત્રનો શોખ છે એટલી ખબર પડતાંવેંત તેઓ મને ગંધર્વની પેઠે વળગ્યા. ગાવાની બાબતમાં તો તેમને નિરાશ કરતાં મને બહુ વાર ન લાગી, પણ ગણિત, સંસ્કૃત અને સંગીતની પરિભાષા એ ત્રણેનું સહેજસાજ જ્ઞાન મારી પાસે હોવાથી તેમણે મને ઠીક વેડે પકડયો. મારાથી બનતું મેં કર્યું, પણ કાળે કરીને તેમણે જોઈ લીધું કે આ સૂકો કૂવો પંપ કરવામાં માલ નથી. છતાં તે વખતથી અમારી વચ્ચે જે પ્રેમસંબંધ બંધાયો તે સંબંધને લીધે જ તેઓ મને આજે અહીં ખેંચી લાવ્યા છે.

ઉપરની આપવીતી પરથી આપે અનુમાન કર્યું જ હશે કે સંગીતપ્રવીણ કે સંગીતરસિકની દૃષ્ટિએ નહિ પણ સામાન્ય માણસ અથવા પૃથગ્જનની પેઠે હું પ્રાકૃત વિવેચન જ કરવાનો છું. શાસ્ત્ર-વેત્તાઓ ગમે તેટલા સર્વજ્ઞ હોય તો પણ સામાન્ય માણસ તેમના શાસ્ત્ર વિષે કેવા અભિપ્રાય ધરાવે છે તે જાણવા તેઓ ઇંતેજાર હોય જ છે. એ ઇંતેજારીનો કંઈક અંશે જવાબ આપવાને માટે હું આજે પ્રવૃત્ત થયો છું. હું કેળવણીકાર હોવાનો દાવો કરું છું, અને સૌ કોઈ જાણે છે કે મનુ ભગવાને બ્રહ્મચારીઓ માટે સંગીતનો ચાહે એટલો નિષેધ કર્યો હોય તો પણ આજકાલ સંગીતને કેળવણીનું એક પ્રધાન અંગ ગણવામાં આવે છે. એટલે કેળવણીની દૃષ્ટિએ સંગીતનું વિવેચન કરવું એ પણ મારું ક્ષેત્ર છે. વળી આજકાલના

સંસ્કૃતિના અધ્યયનના યુગમાં આપણા સંગીતમાં આર્ય સંસ્કૃતિ કેટલે દરજ્જે વ્યક્ત થઈ છે ને ભવિષ્યમાં આપણું સંગીત કેવું સ્વરૂપ ધારણ કરશે તથા કેવો ભાગ ભજવશે એનો પણ આપણે વિચાર કરવો રહ્યો.

આજે સમાજમાં આપણે શું જોઈએ છીએ? સામાન્યપણે સંગીતકળા તરફ નરી ઉદાસીનતા. જ્યાં ઉદાસીનતા નથી ત્યાં કેટલાક લોકો સંગીતનો આત્યંતિક વિરોધ કરે છે. બીજી બાજુએ કેટલાક લોકોનાં જીવનમાં સંગીત સિવાય બીજું કશું આકર્ષક એવું મળે જ નહિ. સંગીતના વિરોધીઓ કહે છે: સંગીતથી માણસ શોખીન, વિલાસી અને ઉડાઉ થાય છે. સંગીત પાછળ પડેલો માણસ દુનિયાના જરૂરી વ્યવહાર તરફ બેદરકાર થઈ જાય છે. વિદ્યાર્થીઓ તો એક વાર સંગીતમાં પડચા એટલે પછી પડચા જ; પછી વ્યાકરણ, ગણિત, તર્ક જેવા પ્રખર વિષયોમાં તો જાણે તેમની મતિ ન જ ચાલે પણ સામાન્ય વિષયો પરથી પણ તેમની આસ્થા ઊઠી જાય છે. જેને સંગીતનો શોખ લાગ્યો તેની સવારથી જ ગોઠિયાઓની બેઠક ચાલવાની. 'ગાને બજાનેકી મહેફીલ' આગળ મહત્ત્વનું કાર્ય કશું રહેવાનું જ નહિ. અંગ્રેજોએ લખનૌ સર કર્યું તો પણ લખનૌના નવાબ તો 'ઔર એક ઠુમરી'ની જ વાત કરતા હતા. ઔરંગઝેબ બાદશાહે સંગીતનો બહિષ્કાર અમસ્તો કર્યો ન હતો.

સામા પક્ષની દલીલ જ્યારે એક છેડો પકડે છે ત્યારે મૂળ પક્ષની દલીલ પણ પૂરેપૂરી આગ્રહી બને છે. નાદ એ બ્રહ્મ છે, તેની ઉપાસના કરવાથી ત્રિવિધ પુરુષાર્થ તો શું, પ્રત્યક્ષ મોક્ષ પણ મળી શકે છે. એક નાદબ્રહ્મને સંતુષ્ટ કરીએ એટલે સર્વ દેવતાઓ સંતુષ્ટ થાય છે. ગાનાનંદ અને બ્રહ્માનંદ વચ્ચે ભારે ફરક ન જ હોય. સામવેદના ગાયનથી દેવતાઓ પણ સંતુષ્ટ થાય છે, પછી માણસની શી વાત? વ્યવહારમાં सद्यः फलति गांधारी એ અનુભવ છે જ.

આપણે પ્રથમ એ જાણવું જોઈએ કે સંગીત એ કંઈ જીવનસર્વસ્વ નથી. સાથે સાથે એ પણ જાણવું જોઈએ કે સંગીત

વગરનું જીવન અનેક રીતે નીરસ અને અધૂરું છે. સંગીત એ અત્યંત જલદ વસ્તુ છે. તેનો ભારેમાં ભારે ઉપયોગ છે. અને તેથી જ તેનો ભારે દુરુપયોગ પણ થઈ શકે છે. સંગીત એ કંઈ અમુક લોકોનો ઇજારો નથી અથવા એક અસ્પૃશ્ય વિષય પણ નથી. સંગીત એ મનુષ્યજીવનનું અતિ આવશ્યક અને વિશ્વજનીન અંગ છે. સવારસાંજ કુદરતને બોલકણી કરનાર પક્ષીઓને સંગીતની જેટલી આવશ્યકતા છે તેટલી જ મનુષ્યને પણ તેની આવશ્યકતા છે. થાકેલા માણસને અન્ન કે ઊંઘની જેટલી જરૂર છે તેટલી જ સંગીતની પણ જરૂર છે. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી કામ કરનાર મજૂરોને પૂછો કે તેમનો એકમાત્ર વિસામો કયો છે? સવારે ઊઠીને ઘંટી ચલાવનાર ગૃહિણીઓ, ગામનો મેલ ધોનાર ધોબીઓ અને ધોબણો, દુનિયાની લાજ ઢાંકનાર વણકરો, નવાં ઘરની ટીપણી કરનાર મજૂરણો, કોશ ચલાવનાર દુનિયાના અન્નદાતા ખેડૂતો, માલની લાવલઈજા કરનાર વણજારાઓ, ગાયો ચરાવનાર ગોવાળિયાઓ, દરિયો ખેડનાર ખારવાઓ, દુનિયાથી પોતાને પર માનનાર બાવાઓ અને ફકીરો, જનમનરંજક કથાકારો અને માણભટો, અરે, ભિખારીઓ અને પશુઓ પણ સંગીત દ્વારા જ પોતાની બોજારૂપ જિંદગીમાં રસ જોઈ શકે છે ને રેડી શકે છે.

સંગીતની એ અસાધારણ શક્તિ જોઈને એનો દુરુપયોગ કરનાર પણ ઓછા નીકળ્યા નથી. સંગીત એક પ્રકારની માનસિક મદિરા બની શકે છે એ જોઈને જ હિંસાકુશળ લોકોએ લડાઈમાં સંગીતને સ્થાન આપ્યું છે. (रणे) शंखाश्च भेर्यश्च पणवानकगोमुखाः જ્યારે સહસા વાગી ઊઠે છે ત્યારે માણસ પ્રકૃતિને ભૂલી જાય છે, રણમત્ત થાય છે, અને ગમે તે કરવા તૈયાર થઈ જાય છે. લશ્કરી બૅંડ એ તો ફોજનો અર્ધો પ્રાણ. સાત્ત્વિક લોકો એ જ સંગીતને ભક્તિભાવ કેળવવા માટે મદદગાર તરીકે વાપરે છે. અને કેટલાક લોકો તો તાલ મૃદંગ વગેરે વાદ્યોનો મહાન કોલાહલ મચાવી વૃત્તિઓ બહેરી કરી નાખે છે અને આ ઉન્માદને જ આધ્યાત્મિક ઉન્નતિ સમજી લે છે. પૂજા પહેલાં અફીણ ખાઈ પૂજામાં એકાગ્રતા સાધવાનો પ્રયત્ન જેટલો પ્રમાદમૂલક છે તેટલો જ આ પ્રયત્ન પણ છે.

સંગીત તો ભાવનાની ભાષા છે, જીવનનો ઉદ્‌ગાર છે. સાચું સંગીત જીવનનું પ્રતિબિમ્બ જ હોય છે. અને આગળ જઈને તે જીવનનું માર્ગદર્શક પણ બની શકે છે. જીવનમાં નવ રસ ખીલે ત્યારે જ સાહિત્યમાં, કળામાં અને સંગીતમાં નવ રસ ખીલવાના. આખા સમાજનું જીવન જાગૃત હોય તો સંગીત પણ સર્વત્ર જાગૃત રહેવાનું. જીવન જ્યારે મંદ પડે છે, જીવનરૂપી દેવતા ઉપર જ્યારે રાખ બાઝે છે ત્યારે સંગીત પણ સમાજમાં અપ્રતિષ્ઠિત થઈ જાય છે અથવા સંસ્કારવિહોણું બને છે. એવે સમયે કેટલાક સંગીતના ઉપાસકો પ્રયત્નપૂર્વક સંગીતનો વારસો ટકાવી રાખવાનો પ્રયાસ કરે છે. ધીમે ધીમે તેનો ધંધાદાર વર્ગ થઈ જાય છે. હરિદાસ પછી તાનસેન આવવાનો જ. એ સ્થિતિ અપરિહાર્ય છે. જૂના વારસાની હિફાજત કરનાર વર્ગ ન હોય તો પ્રમાદી સમાજને બધું ખોઈ બેસતાં વાર ન લાગે. સંગીતનો વારસો જાગતો રાખનાર એક સ્વતંત્ર વર્ગ તૈયાર થયો એટલે તે નવરાશ અને યોગક્ષેમની નિશ્ચિંતિ માગવાનો જ. નિશ્ચિંતિ મેળવવાનો તેને હક છે, તેમાં તેને લાભ છે કે નહિ તે જુદો સવાલ છે. મૂળ વગરનાં ઝાડ, કાદવ વગરનું કમળ જેમ નિષ્પ્રાણ અને અસત્ય થઈ જાય છે તેમ જીવનયાત્રાના પ્રયાસ અને કષ્ટ વગર જીવન દહાડે દહાડે કટાતું જાય છે, સમાજથી અળગું થતું જાય છે, પોતાનો જીવનમંત્ર ભૂલી જાય છે, અને અંતે વિકૃત દશાને પામે છે.

સંગીતના સંરક્ષકો નવરાશ ભલે મેળવે, સંગીતના રસિકો આપણે તેમની અદેખાઈ ન કરીએ, તેમને પ્રસન્ન રાખવામાં જ આપણે પ્રસન્ન રહીએ. પણ સંગીતસંરક્ષકોને અત્યંત નમ્રતાપૂર્વક એટલું તો જરૂર સૂચવીએ કે તમારી વિદ્યા—સર્વ વિદ્યાની શ્રેષ્ઠ વિદ્યા એળે ન જાય એટલા માટે જ તમારે જીવનનાં સર્વ અંગો અને ઉપાંગોથી પરિચિત રહેવું જોઈએ. સમાજનો પુરુષાર્થ, સમાજની મૂંઝવણો, સમાજની આકાંક્ષાઓ, સમાજનું સાહિત્ય અને સમાજના આદર્શો સાથે તમારે એકરૂપ થવું જ જોઈએ. તમારામાંના ઘણાખરા એકરૂપ થવાની વાત તો એક કોરે રહી, પણ ઉપલા સવાલો સાથે સામાન્ય પરિચય પણ ધરાવતા નથી.

ઘણાં વરસ પહેલાં રવીન્દ્રનાથ ઠાકુરને પહેલવહેલો હું મળ્યો તે વખતે તેમણે મને કહેલું, 'મારે એક મહારાષ્ટ્રી ગાયકની જરૂર છે. હું ગાયકો તો ગમે તેટલા મેળવી શકું, પણ શાંતિનિકેતનના વાતાવરણમાં ભળી શકે અને આશીર્વાદરૂપ નીવડે એવો ગવૈયો તમારા પ્રાંતમાંથી જ સહેલાઈથી મળી શકે.' આજે મારા મિત્ર ભીમરાવ શાંતિનિકેતનને સંગીતમય બનાવી રહ્યા છે. મહારાષ્ટ્રે સંગીતની હજી બેઇજ્જતી કરી નથી. સારા કુલીન ઘરના લોકોએ સંગીતનો વારસો જાળવી રાખ્યો છે, અને તેથી ત્યાં સંગીતને પણ કુલીન સંસ્કારોનો લાભ મળ્યો છે.

સંગીતને નવરાશ જોઈએ છે એ ખ્યાલને લીધે સંગીતાચાર્યો રાજ્યાશ્રય શોધવા લાગ્યા. અને કેમ ન શોધે? સ્વરાજ્યમાં રાજ્યાશ્રય શોધવો એમાં હીણપત તો નથી જ. પણ જ્યારે अनाश्रया न शोभन्ते पंडिता वनिता लताः એમ કહી પંડિતો અને સાહિત્યાચાર્યો રાજપ્રશસ્તિઓ લખવામાં મશગૂલ થયા ત્યારે સંગીતાચાર્યો તેમનું અનુકરણ કરે તેમાં શી નવાઈ? સંગીતાચાર્યો પણ ગાવા લાગ્યા:

तूं वे मोमदशा दरबार
निझामद्दीन सुजान ।
धवल कलस पर, बलबल जैंइये
तुम पर जीये कुरबान,
निझामदीन सुझान ॥

ઊંચું સંગીત અને નરી કળાશૂન્ય ખુશામતનો આ એક આબાદ નમૂનો છે.

રાજાશ્રયને લીધે ઉચ્ચ સંગીત પ્રભુભોગ્ય થયેલું હતું એ ખરું, પણ તે જમાનામાં પૈસાદાર અને ગરીબ વચ્ચે આજના જેવો અસહકાર જામ્યો ન હતો. રાજ્યના ગવૈયાઓ મંદિરમાં જઈ રોજ ગાતા, યાત્રાઓમાં પણ જતા, ગરીબોની વચ્ચે રહી ગરીબોને પણ કંઈક તાલીમ આપતા, અને સમાજના જીવનમાં સંગીત રેલાવતા. આપણા લોકોનું જીવન જ સંગીતમય છે. બાળક જન્મે ત્યારે સંગીત, જનોઈ ધારણ કરે ત્યારે સંગીત, પરણે ત્યારે સંગીત. કેટલીક કોમોમાં તો માણસ દુનિયામાંથી વિદાય લે ત્યારે

પણ સંગીત સાથે જ. આપણી લગભગ બધી જ ધાર્મિક ક્રિયાઓ સંગીત વગર અધૂરી રહે છે. (આપણા સાર્વજનિક સંગીતમાં કેટલોક કર્ણકઠોર ભાગ પેસી ગયો છે તે કાઢી નાખવાની જરૂર છે એટલું જતાં જતાં અહીં જ કહી દઉં.)

રાજ્યાશ્રયનો જમાનો જઈ હવે લોકાશ્રયનો જમાનો આવ્યો છે. લોકાશ્રય એટલે મધ્યમવર્ગનો આશ્રય. આ આશ્રયમાં કળાધર ઘણે ભાગે સ્વતંત્ર રહી શકે છે અને સ્વાભિમાન કેળવી શકે છે. પણ આ લોકાશ્રય પશ્ચિમની ઢબનું અનુકરણ કરે તો સમાજને માટે તે આશીર્વાદરૂપ ન જ નીવડે. રાજ્યાશ્રયના જૂના જમાનામાં ગરીબોનો બહિષ્કાર નહોતો. ધર્મસંસ્થાઓ સંગીતને ગરીબો આગળ પણ પીરસવાનું કામ કરતી. આજના નાસ્તિક જમાનામાં, જે ટિકિટના પૈસા આપે એ જ સંગીત સાંભળે એવી દશા જો થઈ જાય તો ગરીબોને જીવનના આ એકમાત્ર સમાધાનથી વંચિત રહેવું પડે. લોકાશ્રય પર આધાર રાખી સંગીતનો ઉદ્ધાર કરનાર પંડિત વિષ્ણુ દિગંબર જ્યારે હરદ્વારમાં આવી ગંગાને કિનારે ગંગામૈયાને પોતાનું સંગીત સંભળાવતા ત્યારે મને ખૂબ આનંદ થતો, કેમ કે એ બહાને આમ પ્રજાને પણ તેમના ઉત્તમ સંગીતનો લાભ મળતો. જે દિવસે ગરીબ લોકો સંગીતથી પણ સાવ વંચિત રહેશે તે દિવસે તેઓ સેતાન બની જવાના. આપણું જૂનું ભોળું જીવન તૂટતું જાય છે અને જીવનકલહમાં માણસની ઘણીખરી સદ્‌વૃત્તિઓ મારી જાય છે. એવે પ્રસંગે તો સંગીતની આવશ્યકતા ખાસ કરીને વધારે છે. હજારો ને લાખો મજૂરોને એકત્ર કરનાર મિલમાલિકોને હું જરૂર કહું કે તમારા ભલા ખાતર પણ તમારા આ સહકારીઓને શુદ્ધ સંગીત સંભળાવવાની ગોઠવણ કરો; પછી તે લોકસંગીત હોય કે શાસ્ત્રીય સંગીત. તેમની ભજન-મંડળીઓને તમારા કબજામાં લીધા વગર ઉત્તેજન આપો. સંગીતામૃતનો પ્રવાહ ચાલશે એટલે શરાબ અને ઝઘડા કંઈક તો ઓછા થશે જ.

સાચું જોતાં સંગીત એ ગરીબોનો જન્મસિદ્ધ હક છે. શાસ્ત્રીય સંગીત ઘડાયું એના પહેલાં લોકસંગીતનો ઉગમ છે, અને તે ભોળી પ્રજામાંથી જ થયો છે. પ્રજા મોટે ભાગે પોતાનો એ હક

ખોઈ બેઠી એ તેનો ગુનો છે — અથવા ગુનો કેમ કહેવાય ? તેમના જીવન પર તેમનો પોતાનો કાબૂ છે ક્યાં કે તેમનો ગુનો ગણીએ ? પણ તેમનું દુર્દૈવ તો ખરું જ. લોકસંગીત એ શુદ્ધ સોનું છે. તેને ટીપી ટીપીને અને ઓપ ચડાવીને આચાર્યોએ શાસ્ત્રીય સંગીતનાં ઘરેણાં બનાવ્યાં છે. સદ્‌ભાગ્યે ગુજરાતે તેનું લોકસંગીત છેક છોડી દીધું નથી. લાલા લજપતરાયે તેમના અમેરિકાના અનુભવમાં લખ્યું છે કે મહારાષ્ટ્ર અને બંગાળના જ વિદ્યાર્થીઓમાં કંઈક સંગીત દેખા દે છે, બાકીના તો સંગીતથી એકદમ અસ્પૃષ્ટ રહે છે. સુશિક્ષિત લોકો વિષે આ ટીકા સાચી છે; જો કે સત્યાગ્રહાશ્રમ અને ગૂજરાત વિદ્યાપીઠે તેમ જ આ સંગીત મંડળે આ ટીકા ભૂંસી નાખવામાં ગુજરાત પૂરતો સરસ પ્રયત્ન કર્યો છે. આપણી રાષ્ટ્રીય શાળાઓમાં સંગીત એક આવશ્યક—અને હું આશા રાખું છું કે આકર્ષક વિષય થયો છે. ગુજરાતના કેટલાક કવિઓ તેમની ભાવપૂર્ણ કવિતા ગુજરાતના લોકસંગીતના ઢાળમાં લખે છે એ પણ સદ્‌ભાગ્ય છે.

કાવ્ય અને સંગીત વચ્ચે અત્યંત નિકટ સંબંધ છે એ કહેવાની અહીં જરૂર નથી; જો કે કાવ્ય અને સંગીત બન્ને એક-બીજાનાં આશ્રિત નથી. કાવ્ય સ્વતંત્ર રીતે રહી શકે છે. સંગીત પણ કાવ્યની મદદ વગર પોતાની ભાવગમ્ય વાણી બોલી શકે છે. સંગીત એ સ્વતંત્ર ભાષા છે. એનું વ્યાકરણ જુદું છે. એના ભાવ સ્પષ્ટ હોય છે. શબ્દો કરતાં સંગીતના આલાપ વધારે વ્યાપક અને વધારે અસરકારક હોય છે. સંગીતની ભાષા સાર્વભૌમ ન કહી શકાય, તોપણ અમુક સમાજના જીવનનો કંઈક પરિચય હોય તો, તેની ભાષા જાણ્યા વગર પણ, તેના સંગીત દ્વારા તેના ઉત્કટ ભાવો અનુભવી શકાય છે. તેથી જ સંગીતપ્રવીણો ઘણી વાર સંગીત પાછળ રહેલા શબ્દ વિષે બેદરકાર રહે છે. પણ તેમણે એટલું તો જાણવું જોઈએ કે સંગીત ભાષાનિરપેક્ષ ભલે હોય પણ કાવ્ય અને સંગીત વચ્ચે વિસંવાદ, કોઈ પણ સંસ્કારી રસિક માણસ સહન ન જ કરી શકે. ઘણાખરા ગાયકો એમ માને છે કે જૂની પ્રાચીન 'ચીજો'માં શબ્દાંતર પણ ન ચાલે. આને લીધે કેટલીક સર્વોચ્ચ રાગદારી 'ચીજો'માં નીરસતા અથવા અશ્લીલ કાવ્ય જડી આવે

છે, ને સમસમી ઊઠવા છતાં પણ તે સાંભળવું પડે છે. 'સૈયાં ગુય્યાં'ના શબ્દો પણ ગવૈયાને મન વેદમંત્ર જેટલા જ અપૌરુષેય હોય છે; તેમાં ફેરફાર થાય જ કેમ? આ જડતા તેમણે છોડવી જોઈએ.

એક તરફ રોજ કંઈક નવું નવું શોધનાર ચંચળ સમાજ સંગીતમાં ફેરફાર માગે છે અને બીજી તરફ સંગીતમાં કશો ફેરફાર થઈ જ ન શકે, ઋષિઓએ એક વાર જે નક્કી કર્યું તે કર્યું, તેમાં ફેરફાર કરવાનો હક પામર માણસને ક્યાંથી હોય? એવી વૃત્તિ બંધાઈ છે. જૂનું તેટલું સોનું માનનાર લોકોને મન વિલાસી તાનસેન પણ સંગીતમાં એક ઋષિ જ. તાનસેન પછી સંગીતમાં કશો ફેરફાર થઈ જ ન શકે! સામાજિક સંકરની બીક સંગીતમાં પણ પેઠી છે, અને સંગીતમાં મડદાની સ્થિરતા આવી ગઈ છે. પણ એમાં ગાયક લોકોનો એકલાનો વાંક નથી. અજ્ઞાની અને સંસ્કારશૂન્ય લોકો સંગીતને નામે ગમે તેવા બેહૂદા પ્રકાર ચાલુ કરે ત્યારે જૂનાને જ વળગી રહેવાની ગાયકો પર ફરજ આવી પડે છે. દરેક શાસ્ત્ર અને કળાની જેમ સંગીતમાં પણ નવી નિર્મિતિ શક્ય છે. પણ તે ગમે તે માણસને હાથે ન થઈ શકે. જીવનના ઊંડાણમાં જે ઊતરી શકે, ભવિષ્યની આકાંક્ષાઓ જે પોતાના હૃદયમાં અનુભવી શકે, અને સાથે સાથે જૂનો વારસો જેણે બરાબર પચાવ્યો છે તે જ નવી નિર્મિતિ કરી શકે છે. રાષ્ટ્રીય જીવનમાં જ્યારે ભારે પરિવર્તન થાય છે ત્યારે સંગીતમાં પણ પરિવર્તન થવાનું જ. આ નિયમને અનુસરીને ઇસ્લામી સંસ્કૃતિના પરિચય સાથે આપણે ત્યાં હિંદુસ્તાની સંગીત જન્મ પામ્યું. અંગ્રેજોના આગમન પછી જો આપણા સંગીતમાં નવો ઉમેરો ન થયો હોય તો તેનું કારણ કાં તો આ દેશમાં આવનાર અંગ્રેજોનું જીવન જ સંગીતશૂન્ય છે, અથવા તો તેઓ આપણાથી અતડા રહ્યા કરે છે એ છે. અમદાવાદ જેવાં શહેરોમાં લગનગાળામાં ગધેડાંની પેઠે ભૂંકનાર બૅંડ એ આપણા જંગલીપણાની નિશાની ગમે એટલી હોય પણ એ વિલાયતના સંગીતનો નમૂનો તો નથી જ. આપણે એક સંસ્કારી રાષ્ટ્ર છીએ એ સિદ્ધ કરવા આપણા લોકો કે અમુક ભલા ગોરાઓ ગમે તેટલી ચોપડીઓ લખે તો પણ આપણે ત્યાં

વપરાતાં બેંડ એ એક જ તેની સામે સમર્થ રહિયો છે. જે લોકો કંઈક સંસ્કારિતાનો દાવો કરતા હોય તેમણે આવાં બેંડવાળાં સરઘસમાં ભળવું એ નામોશી ભરેલું છે એમ સમજી તેમ કરવાનો ઇનકાર કરવો જોઈએ. આપણું રથ્યાસંગીત એકદમ સુધારવાની ઘણી જરૂર છે. વીસ પચીસ વરસ પહેલાં સતારા કે પૂના જેવા શહેરના રસ્તાઓ પર જેવું રથ્યાસંગીત સાંભળવા મળતું તેવું આજે ભાગ્યે જ મળે છે. પૈસા ખરચીને જંગલીપણાનો સિક્કો મેળવવાનો ધંધો આપણા શહેરીઓ હજી પણ છોડે નહિ?

આપણા સામાજિક જીવનમાં ભળી જાય એવું સંગીત— નવું નવું સંગીત આપણે જરૂર નિર્માણ કરી શકીએ. આપણું સાર્વજનિક જીવન અવનવાં સ્વરૂપો ધારણ કરે છે, નવા નવા સામાજિક આદર્શો અને ભાવો સમાજમાં પ્રગટ થતા ને ફેલાતા જાય છે, અને એ બધા નવા સંગીતને નોતરે છે. આપણી મહાસભા, આપણાં સંમેલનો, આપણી પરિષદો, આપણા આશ્રમો અને નવતર સ્થપાતા ધંધાઓ નવીન સંગીતની માગણી કરે જ છે.

અમુક રાગમાં અમુક રસ હોય છે, અમુક રાગ અમુક વખતે જ ગવાય, એ આપણા જૂના નિયમો આપણું વૈદગ્ધ્ય અને ઉચ્ચ અભિરુચિ સૂચવે છે. પણ જ્યાં રાગોનાં નામ બદલાયાં છે, સ્વરોમાં શુદ્ધ કોમળની પરિભાષા બદલાઈ છે ત્યાં જૂનાં શાસ્ત્રોનો સમજપૂર્વક અર્થ કરવો જોઈએ. અને તાલભેદ પ્રમાણે રાગોનો રસ અને ભાવ બદલાય છે એ આપણે ક્યાં નથી અનુભવ્યું? આપણા પૂર્વજોએ આ જે સંગીતનું માનસશાસ્ત્ર અથવા રસ-પરિપાકની મીમાંસા રચેલી છે તેનો જડતાથી સ્વીકાર કરવાને બદલે આપણે તેનું સમજપૂર્વક અધ્યયન કરીએ, તેમાં નવા નવા પ્રયોગો કરીએ, અને તેમાંથી નવી નવી શક્તિઓ ખીલવી બતાવીએ તો જ કીર્તિશાળી પૂર્વજોના વંશજ તરીકે આપણે શોભીએ. પૂર્વજોની નામના પર આપણે ક્યાં સુધી નભીશું? અંગ્રેજીમાં કહેવત છે કે જાતવાન ઘોડાને પોતાના માતૃપિતૃવંશનો નામોચ્ચાર કરવો નથી પડતો.

નવી નિર્મિતિ જ્યારે થાય ત્યારે ખરી, પણ ત્યાં સુધી આપણે આપણો જૂનો વારસો જેવો ને તેવો જાળવી રાખીએ

તોપણ ઘણું કર્યું કહેવાય. એપિયો જેમ એક ગામનો કાગળ બીજે ગામ પહોંચાડે છે તે પ્રમાણે જો આપણે આપણો જૂનો વારસો જરા પણ બગાડયા વિના નવા જમાનાના હાથમાં સોંપી દઈએ તોપણ તે જેવીતેવી સેવા ન ગણાય. આ કામ સંગીતની પરંપરા જાળવીને તેમ જ સંગીતને લિપિબદ્ધ કરીને કરી શકાય. સંગીત લિપિબદ્ધ થઈ શકે કે નહિ એ જાતની શંકા હવે રહી નથી. તમારા મંત્રીએ ગુજરાતના ઉત્તમોત્તમ લોકસંગીતને લિપિબદ્ધ કરી બતાવ્યું છે. હું આશા રાખું છું કે તેમની એ ચોપડી થોડા જ વખતમાં બહાર પડશે. આ વિષયમાં સવાલ એટલો જ છે કે એક જ અંકનલિપિથી ચલાવી લેવું એ ઇષ્ટ છે કે આમપ્રજાને માટે એક સ્થૂલ અંકનપદ્ધતિ, અને તજ્જ્ઞ લોકોને માટે બીજી સૂક્ષ્મ અને સંપૂર્ણ અંકનલિપિ રાખવી ઘટે છે? બંનેમાં પદ્ધતિ તો એક જ હોય એ વિષે શંકા નથી. આ ક્ષેત્રમાં મને તો ગાંધર્વ મહાવિદ્યાલયની અંકનપદ્ધતિ જ પાયા તરીકે ઉત્તમ જણાઈ છે.

સંગીતનો વારસો ઊછરતી પેઢીને સોંપવો હોય તો તેની પાસેથી સંગીતની કેટલીક કસરત જરૂર કરાવવી જોઈએ. અમુક કસરત વગર અવાજ કેળવાતો નથી, કાન તૈયાર થતા નથી, અને સંગીતનું હાર્દ સમજવાની લાયકાત પણ આવતી નથી પણ કસરત-રૂપ સંગીત અને ભાવવાહી સંગીત હંમેશાં જુદું જુદું રાખવું જોઈએ. સંગીતની કસરત અત્યંત આવશ્યક છે, પણ તે હરેક પ્રસંગે પ્રદર્શન યોગ્ય છે જ એમ નથી. કુસ્તીબાજ લોકો કુસ્તીના તંબૂમાં મેદની આગળ દંડબેઠક કરી બતાવતા નથી. આ ભેદ નહિ જાણવાથી કેટલાક ગાયકો ભાવપૂર્ણ ગીત ગાતી વખતે વચમાં જ કસરતમાં ઊતરે છે અને બધું વિરસ કરી નાખે છે. તેમની કસરત પ્રશંસનીય તો છે ખરી, પણ ભાવનું ખૂન થાય એ કેમ સહ્યું જાય? જેમ ગમે તેવા આલાપ લેતા છતાં ગાયકો સમ સાધે છે તેમ રસ પણ જો બરાબર સાધે તો પૃથ્વી ઉપર સ્વર્ગ આવ્યાનો આનંદ થાય.

ભાવવાહી સંગીતના પણ બે વિભાગ હોય છે. કેટલુંક સંગીત પોતાની સ્વરરચના અને આલાપથી જ હીન વિકારોને ઉદ્દીપિત કરે છે. આ સંગીત અશિષ્ટ હોય છે. જ્યારે બીજું સંગીત વિકારશામક અને શુભ ભાવનાનું પોષક હોય છે. આ ભેદ

જાણવાની અને જાળવવાની જરૂર ઘણી છે. એ દિશામાં પ્રયત્ન કરનાર સુરુચિસંપન્ન વિદગ્ધ લોકો બહુ ઓછા છે. અને આજનો જમાનો તો જીવનમાં તેમ જ સાહિત્યમાં સ્વચ્છંદ અને ઉચ્છૃંખલતાને પ્રતિષ્ઠા આપનારો છે; એટલે આ કામ અઘરું છે એમાં શંકા નથી.

જીવનના દોષો ફિલસૂફીમાં ઊતરે છે, સમાજશાસ્ત્રમાં ઊતરે છે, સાહિત્યમાં ઊતરે છે. પછી કળામાં કેમ ન ઊતરે? સાહિત્યમાં જ જુઓ. પ્રથમ રાજારાણીનું, વીર પુરુષોનું અને દેવદેવીઓનું સાહિત્ય લખાતું; પ્રજા અને સેના એ તો ચિત્રની પૂરણી રૂપ સંખ્યા-માત્ર જ. આજકાલ નવરાશ ભોગવનાર મધ્યમવર્ગ વિષેનું જ સાહિત્ય મોટે ભાગે લખાય છે. નવલકથાનો નાયક મોટે ભાગે કોઈ ડૉક્ટર, બૅરિસ્ટર, વકીલ કે જાગીરદાર જ હોય છે. મહાન મહાન વિચારકો પણ ઘણી વાર જમાનાના દોષોથી પર રહી શકતા નથી. ઍરિસ્ટોટલ જેવા વિશ્વવ્યાપી બુદ્ધિવાળા ફિલસૂફને પણ ગુલામીની પ્રથા સ્વાભાવિક લાગી. શંકરાચાર્ય જેવા અદ્વૈતવાદી પણ વેદનું ઉચ્ચારણ સાંભળનાર અન્ત્યજને સજાપાત્ર ગણતા. મનુમહારાજને પણ લાગતું, કે न स्त्री स्वातंत्र्यमर्हति। ભક્તકવિ તુલસીદાસે તો ઢોરગમાર સાથે સ્ત્રીને પણ તાડનનો અધિકાર ઉદારતાથી આપી દીધો. સમાજના દોષો સાહિત્યમાં આવવાના જ. રોમન અને ગ્રીક કળા પણ આ કારણસર દુષ્ટતાના ચેપથી મુક્ત રહી નથી કેમ કે રોમન અને ગ્રીક લોકોનું જીવન ચાબખા ખાઈને કામ કરનાર ગુલામોની હસ્તી પર જ રચાયેલું હતું. ઇજિપ્તની પિરામીડો ગમે તેટલી ભવ્ય હોય, પણ અલ્પજીવી બાદશાહોએ પોતાની પાર્થિવ કાયા શાશ્વત કરવા રચેલાં એ કબરસ્તાનો જ છે. એક લાખ લોકો વીસ વીસ વરસ સુધી તેમના જીવતા રાજાની કબર બાંધવા માટે પરસેવો ઉતારે અને પોતે અકાળે કબર ભેગા થાય એ સામાજિક સ્થિતિ કેવી! અને એ સમાજે પ્રગટ કરેલી કળા આસુરી ન હોય તો જ આશ્ચર્ય. વિજયનગરનાં ભવ્ય ખંડેરો અને ફૂલના ઢગલા જેવો દેખાતો તાજમહાલ જોઈને આપણે ગમે તેટલા તાજુબ થતા હોઈએ તોપણ તેની પાછળ ગરીબોની હાય રહેલી છે એ જાણતાંવેંત, જો આપણામાં માણસાઈ હોય તો, આપણો બધો રસ ઊતરી જવો જોઈએ. શુદ્ધ સંગીત નિષ્પાપ, તેજસ્વી અને કારુણ્યમય જીવનમાંથી જ સંભવી

શકે છે. કેમ કે સંગીત એ ભાવનાની નૈસર્ગિક ભાષા છે. જેવું જીવન તેવી ભાવનાઓ. જેવી ભાવનાઓ તેવું સંગીત.

સંગીત એટલે એકલું ગાયન નહિ. ગાયન, વાદન, નર્તન અને હાવભાવ એ બધાનો સંગીતમાં સમાવેશ થાય છે. આપણે ત્યાં ગાયનવાદનનો પ્રચાર તો ઠીક છે, પણ નર્તન કંઈક દરજ્જે સ્ત્રૈણ ગણાય છે. એનું કારણ મર્દાની નર્તન ભુલાયું હોય અથવા લોકોનાં શરીરો નર્તનયોગ્ય રહ્યાં નહિ હોય. ગાયન કરતાં નર્તન વધારે ઉદ્દીપક થવાનો સંભવ છે એ કારણે પણ નર્તન જૂના લોકોમાં અળખામણું થઈ પડ્યું હોય. મંદિરોમાં ઘણી વાર ભક્તો નર્તન કરે છે. ગુજરાતમાં ગોપરાસ, દાંડિયારાસ, ગરબીઓ વગેરે નર્તનના કેટલાક પ્રકારો રૂઢ છે જ. કેટલીક જંગલી ગણાતી પણ નિષ્પાપ જીવન ગાળતી કોમોમાં સ્ત્રીપુરુષોના મિશ્ર રાસ પણ જોવામાં આવે છે.

ગાયન, વાદન, નર્તન એ ત્રણેનો મેળ થયો એટલે સંગીત પૂરું થયું એમ નથી. આપણા પૂર્વજોએ રાગરાગણીઓનાં સ્વરૂપો અને ધ્યાનો કલ્પ્યાં છે. ઋતુ, સમય, ગંધ, રૂપ આલેખન બધી જ વસ્તુઓના સહકાર સાથેનું સંગીત તેમણે કલ્પ્યું છે. રેખા, વર્ણ અને રૂપ; ગંધ, રસ અને સમય; રચના ઔચિત્ય અને તારતમ્ય; ન્યાય, કારુણ્ય અને પ્રેમ; આ બધાનો સંગીત સાથે અવિરોધ અથવા સંવાદ ઊભો કર્યા વગર સંગીત સંપૂર્ણ થયું ન ગણાય. જીવનનાં અંગપ્રત્યંગોમાં જ્યાં સુધી જરા પણ વિસંવાદ રહે ત્યાં સુધી જીવનવ્યાપી સંગીત સંભળાય જ નહિ. જ્યારે માણસ માણસ વચ્ચે, પશુ માણસ વચ્ચે, વનસ્પતિ અને માણસ વચ્ચે એકત્વનો સંબંધ બંધાશે, જ્યારે બધાં એકહૃદય થશે ત્યારે જ વિશ્વસંગીતનો આરંભ થશે. શુદ્ધનીતિ, સદાચાર, પાવિત્ર્ય એ આ વિશ્વસંગીતનું વ્યાકરણ છે. અહિંસા એટલે કે આત્મૌપમ્ય આત્મૈક્ય એ એનો અંતિમ રસ છે.

સંગીતકારોનું જીવન

સંગીતવિદ્યાનાં પગલાં ધીમે ધીમે આગળ વધે છે. હવે સંગીત અમીરઉમરાવોના શોખની વસ્તુ રહી નથી. સંગીત હવે પ્રજાકીય જાગૃતિનું આવશ્યક ચિહ્ન ગણાય છે. જ્યારથી ભારતવર્ષીય પરિષદો અને મહાસભાઓમાં સંગીતની સહાયતાની જરૂર હોવાની પ્રતીતિ થઈ અને જ્યારથી શિક્ષણક્રમમાં સંગીત એક મહત્ત્વનો વિષય મનાવા લાગ્યો ત્યારથી સંગીતવિદ્યાના આદર્શમાં અસાધારણ પરિવર્તન થઈ ગયું છે. આ પહેલાં સંગીત કાં તો વિરક્ત ભક્તોની સેવામાં રાચતું અથવા વિલાસી અનુરક્તોની ખિદમતમાં મલપતું. એ બન્નેની વચ્ચે જે વિશાળ સામાજિક જીવન છે એમાં સંગીતનું સ્થાન બહુ નાનું રહ્યું હતું અને એ કારણે સંગીતના વિકાસમાં ઘણી મુશ્કેલીઓ આવી પડતી હતી.

સંગીતની સંભાળ રાખનાર ઉસ્તાદો પોતાના જીવનની સંભાળ રાખતા ન હતા એ પણ સંગીતની ઉપેક્ષાનું એક કારણ હતું. જે પોતાના જીવનની ઉપેક્ષા કરતા હોય તેમને સામાજિક પ્રતિષ્ઠા કેવી રીતે મળી શકે? સંગીત જેવી દિવ્ય વિદ્યા એમની પાસે હોવાને કારણે એમની ખુશામત જરૂર થતી. તેમ જ આજીવિકાની બાબતમાં પણ તેમને ચિંતા કરવાનું કારણ રહેતું નહિ. રસિક લોકો ગુણી જનો સાથે પ્રેમનો ઘનિષ્ઠ સંબંધ રાખતા હતા તો પણ સામાજિક જીવનની સમૃદ્ધિથી ગાયકવર્ગ અપરિચિત જ રહેતો હતો.

આનું મોટું પરિણામ એ આવતું કે સંગીતજ્ઞોમાં કોઈ પણ વખત અંદર અંદર સહકાર રહેતો નહિ. રાજપૂતોમાં જેવી રીતે કુળકુળ વચ્ચે વિગ્રહ જ ચાલતો હતો, મલ્લોમાં જેવી રીતે આપસ-આપસમાં ઈર્ષા અને અદેખાઈ જ ચાલતાં હતાં, શાસ્ત્રીઓમાં જેવી રીતે શાસ્ત્રાર્થનાં કુક્કુટ યુદ્ધો જ ચાલતાં હતાં તે જ રીતે સંગીતજ્ઞોમાં ઘમંડ અને પરસ્પર નિંદાનું વાતાવરણ હતું. ઉસ્તાદ જ્યારે ગાય ત્યારે તો પોતાના દિવ્ય આલાપોથી પ્રત્યક્ષ સ્વર્ગનો પરિચય કરાવતા; પણ જ્યારે ગદ્યનો આશ્રય લઈ વાતો કરતા ત્યારે તો અર્થ કે ઔચિત્ય વગરની ખુશામત, શરમ વગરની આત્મસ્તુતિ અને ઉદારતાવિહીન પરનિંદા એમાં ભારોભાર રહેતી. જ્યારથી સંગીતને સામાજિક જીવનમાં સ્થાન મળ્યું ત્યારથી સંગીતની આ સ્થિતિ બદલાઈ ગઈ છે. હવે સંગીતસેવીઓમાં સહકાર શરૂ થયો છે. સંગીતના વિકાસનાં સાધનો શોધવાની કોશિશ થઈ રહી છે અને સમાજના હૃદયમાં જે નવા નવા ભાવો પેદા થાય છે તેને સંગીત દ્વારા વ્યક્ત કરવાની આકાંક્ષા જાગી હોવાનું દેખાય છે. સામૂહિક સંગીત પરિપુષ્ટ કરવાનો પ્રયાસ પણ થઈ રહ્યો છે.

સંગીતથી દેવતા પણ સંતુષ્ટ થાય છે તો વિરાટ રાષ્ટ્ર-પુરુષ કેમ નહિ થાય?

જુલાઈ, ૧૯૨૯

લોકસંગીત

અતિ પ્રાચીન કાળથી પૌર અને જાનપદ અથવા શહેરવાસી અને ગામડિયા એવા જનસમુદાયના બે ભાગ પડેલા છે. શિષ્ટવર્ગ અને સામાન્ય જનસમુદાય એવા પણ ભાગો સ્વાભાવિક રીતે પાડી શકાય. હિન્દુશાસ્ત્રોમાં દ્વિજ અથવા સંસ્કારી, અને અદ્વિજ અથવા અસંસ્કારી એવો મોટો ભેદ પાડવામાં આવ્યો છે. ધર્મ, સાહિત્ય, સંગીત અને કળાઓમાં પણ એવી જ રીતના બે ભેદ જોવામાં આવે છે. પ્રાચીન સમયથી માનવજાતિની ઉન્નતિના પણ બે સ્વતન્ત્ર પ્રવાહ વહ્યાં કરે છે: એક સામાન્ય મનુષ્યોની સ્વાભાવિક પ્રવૃત્તિઓને અનુસરીને બનેલો સામાન્ય સમૂહનો પ્રવાહ અને બીજો શિષ્ટ લોકોનો પ્રવાહ. શિષ્ટ લોકોએ ઉચ્ચ સામાજિક આદર્શ ઘડી કાઢી જે ક્રમ નક્કી કર્યો છે તે ક્રમમાં અને તે જ દિશામાં એ પ્રવાહ વહે છે. પહેલા પ્રકારના પ્રવાહમાં એટલે કે સામાન્ય જનસમુદાયની ઉન્નતિની યોજનામાં મનુષ્યનો હેતુપુરઃસર પ્રયત્ન હોતો નથી. બીજા પ્રવાહનો માર્ગ મનુષ્ય પોતાનાં બુદ્ધિ અને આદર્શની સહાયથી પોતાની શક્તિ અનુસાર ઠરાવે છે. એકને નદીની ઉપમા આપીએ તો બીજાને નહેરની ઉપમા શોભે. એકને વન કહીએ તો બીજાને ઉપવન કહી શકાય. વનની શોભા નૈસર્ગિક — અમર્યાદિત છે. ઉપવનની શોભા તેની રચના અને સુવ્યવસ્થામાં છે.

આવા જ પ્રકારના બે પ્રવાહ સંગીતમાં પણ અનાદિ કાળથી વહ્યાં કરે છે. રામાયણમાં માર્ગી સંગીત અને દેશી સંગીત એવા સંગીતના બે ભેદ હોવાનો ઉલ્લેખ છે. પ્રાચીન કાળના સંગીતજ્ઞ

આચાર્યોએ ઠરાવેલ નિયમોને અનુસરીને ચાલતા સંગીતનું નામ માર્ગી સંગીત. અપ્રબુદ્ધ, સામાન્ય જનતાએ પોતાના હૃદયના ભાવો પ્રગટ કરવા કાઢેલા ઇચ્છાનુસારી આલાપનું નામ દેશી સંગીત. નરસોબાની વાડીમાં, ગાણુગાપુરમાં અથવા તો ગોકર્ણ મહાબળેશ્વરમાં જે દેવાર્ચન થાય છે તેમાં શાસ્ત્રના નિયમોનું પાલન હમેશાં થાય છે; પણ ખંડોબા, મ્હસોબા, ભાવકાઈ અથવા પંઢરપુરના વિઠોબાની પૂજા ભક્તોના હૃદયની પ્રેરણાનુસાર થાય છે. એકનો આધાર શાસ્ત્રીય પદ્ધતિ ઉપર છે, બીજાનો આધાર લોકાચાર અથવા રૂઢિ ઉપર છે. આફ્રિકાનાં જંગલોમાં અથવા પ્રશાન્ત મહાસાગરમાં અતિ દૂર આવેલા બેટોમાં વસતા જંગલી લોકોના હૃદયમાં ઈશ્વર સંબંધી જે કલ્પનાઓ ઉદ્‌ભવી તેને લોકધર્મ કહી શકાય; પરંતુ ઋષિમુનિઓ, પ્રેષિતો અથવા પયગમ્બરોએ ચલાવેલ ધર્મને શિષ્ટધર્મ કહેવો જોઈએ. કાલિદાસનાં કાવ્યોને શિષ્ટ કાવ્યોની કોટિમાં મૂકીએ તો ગામડાંમાં વસતા ભાટચારણની કવિતાની ગણના લોકકાવ્યમાં જ થઈ શકે. આ બંને પ્રવાહ સ્વતંત્ર અને પ્રાચીન છે. લોકોના જીવનમાં જેમ જેમ ફેરફાર થતા જાય છે તેમ તેમ આ પ્રવાહોનું સ્વરૂપ પણ બદલાય છે. રાષ્ટ્રીય જીવનમાં ક્ષીણતા કે કૃત્રિમતા આવતાં આ પ્રવાહો પણ ક્ષીણ અને કૃત્રિમ બને છે. રાષ્ટ્રીય જીવનમાંથી આનંદ અને ખાનદાનીનો લોપ થતાં આ પ્રવાહો પણ નિર્જળ બને છે — સુકાઈ જાય છે. એ સંબંધ એટલેથી જ અટકતો નથી, કારણ જ્યારે રાષ્ટ્રમાં નવીન ચેતન આવે છે ત્યારે આ પ્રવાહો ફરી જોસબંધ શરૂ થાય છે અને દેશની આબાદાની સાથે એ પ્રવાહો પણ છલકાઈને વહેવા માંડે છે.

એ પ્રવાહોમાંનો શિષ્ટ અથવા શાસ્ત્રીય પ્રવાહ સંસ્કારી લોકોની સંભાળને લીધે એકદમ ફૂટી નીકળે છે; પરંતુ એ સંભાળમાં થોડી પણ ઊણપ આવવા માંડે કે તરત જ એ ઝરણું નહેરના પાણીની પેઠે પાછું સહેજમાં સુકાઈ જાય છે. સામાન્ય પ્રવાહમાં એથી ઊલટું થાય છે. નૈસર્ગિક ઝરણાંઓથી જ એ પ્રવાહ પોષાય છે, એટલે સ્વાભાવિક રીતે જ તેમાં કેળવેલી કોમળતા, પ્રમાણબદ્ધતા વગેરે કેટલાક વિશિષ્ટ ગુણો ઓછા પ્રમાણમાં દેખાય છે ખરા; પરંતુ પહેલી જાતના પ્રવાહની પેઠે તે એકદમ શોષાઈ જતો

નથી અથવા અટકી જતો નથી. જ્યાં ઉપવનોનો સહેજે નાશ થઈ જાય તેવે સ્થળે અને કાળે અનેક મોટાં મોટાં જંગલો સહેલાઈથી અને જોશભેર ફાલતાં રહે છે એ વાત જાણીતીછે.

શાસ્ત્રીય સંગીતને રાજ્યાશ્રયની જરૂર હોય છે. તેમ જ આ સંગીતને માટે જીવન અર્પણ કરનારા ભક્તોની સંભાળની તેને આવશ્યકતા છે. તેની જાત બગડે નહિ—હલકી થઈ જાય નહિ માટે શાસ્ત્રોરૂપી સ્મૃતિ અથવા ધર્મસિન્ધુ રચવા પડે છે. લોકસંગીત એટલે ગરીબની છોકરી. જન્મે ત્યારથી જાડીપાતળી ઘેંસ ખાઈને અને મળે તેવાં જાડાંપાતળાં કપડાં પહેરીને નાનેથી મોટી થયેલી. બતાવો તે કામ કરવા સદા તૈયાર. હરહમેશ હસતી ને હસતી અને શરીરે તંદુરસ્ત. બિચારીને નખરાં કેમ થાય, હાવભાવ, ભ્રૂવિલાસ કેમ બતાવાય તેની ગતાગમ હોય નહિ. ભરત અને ગૂંથણકામનો તો ખ્યાલ સરખોયે ક્યાંથી હોય? માત્ર સદા મહેનતુ અને હેતાળ. તેને શિક્ષણ તે વળી કોણ આપે? સ્વાભાવિક રીતે ઉંમરના પ્રમાણમાં જે જ્ઞાન પ્રાપ્ત થવાનું હોય તે થાય, અને બે ચાર આડોશીપાડોશી વર્તે તેમ પોતે પણ વર્તવું એટલું જાણે. હમેશાં પ્રસન્ન રહેવું અને સગાંવહાલાંને, ઓળખીતાં-પારખીતાંને રાજી રાખવાં એમાં જ પોતાની ઇતિકર્તવ્યતા ગણે. લોકસંગીતની સ્થિતિ કંઈક આ અબોધ કન્યા જેવી જ છે. પરન્તુ આટલી હકીકત પરથી લોકસંગીત પરત્વે હલકો મત રખે બાંધી દેતા. એમ ન માની લેતા કે લોકસંગીત શિષ્ટ સંસ્કારથી રહિત છે માટે તે હીન છે—જડ છે. ગુજરાતના ગરબા કે મહારાષ્ટ્રની દિંડીઓમાં કે પોવાડામાં શાસ્ત્રીય શુદ્ધતા ન હોય તેથી એમાં માધુર્ય નથી એમ માની લેવાને કશું જ કારણ નથી. લોકસંગીતનો અર્થ ઊતરતું સંગીત તો ન જ હોઈ શકે. શાસ્ત્રીય સંગીતના નિયમોની ઉપેક્ષા કરવાથી લોકસંગીત નથી બનતું. લોકસંગીતને અપભ્રષ્ટ શાસ્ત્રીય સંગીતના પર્યાયરૂપ માનવું એ તો ભૂલ જ છે. શાસ્ત્રદૃષ્ટ્યા સહેલું થાય તે લોકદૃષ્ટ્યા પણ સહેલું હોય એમ માની શકાય જ નહિ. એ રીતે શાસ્ત્રદૃષ્ટિનો જ વિચાર કરીએ તો તો ગણિત કરતાં પદાર્થવિજ્ઞાન વધારે અઘરું છે; પદાર્થવિજ્ઞાન કરતાં રસાયણ-શાસ્ત્ર; તેથી વધારે વનસ્પતિશાસ્ત્ર; તેથી પણ વધારે અઘરું પ્રાણીશાસ્ત્ર;

અને બધાં ઉપયોગી શાસ્ત્રોના સારરૂપ બાલસંગોપનનું કામ તો સૌથી વિકટ. આમ શાસ્ત્રીય દૃષ્ટિએ વિચારતાં બાળઉછેરનું કામ બધાથી કઠિન છે છતાં સામાન્ય જીવનના વ્યવહારમાં એથી ઊલટું જ નજરે પડે છે. ગુણાકાર શું કહેવાય એની પણ જેને કશી માહિતી ન હોય એ જ સ્ત્રી ઘણી વાર માતા તરીકે ચાર પાંચ બાળકોને સુંદર રીતે ઉછેરી શકે છે. વળી લોકસંગીતમાં માત્ર શુદ્ધ સ્વરો જ હોય, કોમળ સ્વરો ન હોય અથવા તો તાલની વિવિધતા ન હોય એવું કશું નથી. લોકસંગીતની ઊણપ તો માત્ર એટલી જ છે કે શાસ્ત્રીય સંગીતની પેઠે શુદ્ધ સ્વરો અને કોમળ સ્વરો મેળવી શાસ્ત્રીય દૃષ્ટિએ કેવી કેવી જાતના રાગ ખીલવી શકાય તે વિચારવાનું કામ તે કરી શકતું નથી. હૃદયના ભાવો વ્યક્ત કરવા ખાતર જરૂરજોગા એ ચાર જાતના તાલ મળી જાય એટલે લોકસંગીત સંતોષ માને છે. કાલ-ગણનાના ઊલટાસૂલટા બધા પ્રકારોની યોગ્ય તપાસ કરી બની શકે તેટલા તાલ પેદા કરવાની ભાંજગડમાં લોકસંગીત કદી પડવા જતું નથી.

ટૂંકમાં કહીએ તો લોકસંગીત જીવનપ્રવાહને અનુકૂળ થઈ રહે છે. બ્રાહ્મણોના આચાર પાળવા જેમ સૌથી આકરા છે તેમ શાસ્ત્રીય સંગીતના નિયમો પણ આકરા છે. તેમાં જરા પણ ગોટાળો કર્યે ન ચાલે. પંઢરપુરના વિઠોબાની પેઠે લોકસંગીત માત્ર ભાવનું જ ભૂખ્યું છે. પ્રેમ આંધળો છે. અનેક દોષો તેમાં લય પામે છે. બીજી રીતે કહીએ તો પ્રેમમાં ઘેલછા છે. લોકસંગીતમાં પણ કંઈક એના જેવું જ છે. મહારાષ્ટ્રના પોવાડાની ભાષાનો વિચાર કરો, તેમાં રહેલ સંગીતને તપાસો. તેમાં મેળ કોઈ જાતનો નહિ હોય, અને છતાં હૃદયના દરેકેદરેક તારને હચમચાવી મૂકવાનું કેવું અજબ સામર્થ્ય તેમાં ભરેલું છે! શાસ્ત્રીય ઠુમરીઓ સાંભળવામાં લખનૌના નવાબે તો રાજપાટ ખોયું, પણ શિવાજીના માવળાઓએ પોવાડા સાંભળીને નવા રાજ્યની સ્થાપના અનેક સંકટોમાંથી કરી. એ રાજ્યનું રક્ષણ પણ પોવાડાએ જ કરાવ્યું.

આ વિવેચન ઉપરથી એમ અનુમાન કોઈ ન કાઢે કે આ બે સંગીતપ્રવાહો તદ્દન ભિન્ન પ્રકારના છે અથવા તો તેમને એકબીજા સાથે કશો સંબંધ જ નથી. બે નદીઓ જોડાજોડ વહી જતી હોય અને

અનુકૂળ સ્થળે પ્રસંગ મળતાં એકનાં પાણી જેમ બીજામાં આવજા કરે, અથવા તેમ ન બને તો જમીનની અંદર વહેતાં અનેક ઝરણાં મારફતે પણ એ પ્રવાહો એકબીજાને જરૂર ભેટે છે અને વળી કોઈ વાર અતિવૃષ્ટિ થાય ને નદીઓનાં પૂર ફાટી જાય ત્યારે એ પ્રવાહો ભેગા થાય, એટલું જ નહિ પણ આસપાસનો બધો પ્રદેશ જળમય બની જાય, તે જ પ્રમાણે દેશમાં જે સમયે નવી જાગૃતિ આવે તે વખતે રૂઢિ અને શાસ્ત્રનો ભેદ રહી શકતો નથી. તે વખતે તો કેળવાયેલ શિષ્ટવર્ગ અને સામાન્ય જનસમુદાય સેળભેળ થઈ જાય છે—એકદિલ બની જાય છે. શંકરાચાર્યનાં સ્તોત્રો પણ ગામડિયાઓ હરતાંફરતાં ગાવા માંડે છે અને માણભટ્ટો પણ રાજદરબારમાં મોટું માન પામતા થઈ જાય છે.

લોકસંગીતના સ્વરૂપનો પ્રકાર ઉપર બતાવ્યો છે. એ ઉપરથી સમજાયું હશે કે લોકસંગીતની વૃદ્ધિના કંઈ નિયમ ઘડી શકાય નહિ. તેમાં તો નિયમ બાંધવા જઈએ એટલે ત્યાં જ એના લોકત્વની પરિસમાપ્તિ થાય. નિયમો રચાયા એટલે લોકસંગીત મટી જઈ શાસ્ત્રીય સંગીત બની જાય છે. વાદળાંઓએ કેવા કેવા આકાર ધારણ કરવા અથવા શા શા રંગ ધારણ કરવા એ જેમ આપણા નિયન્ત્રણ બહારની વાત છે તેમ લોકસંગીતના નિયમો બાંધવા પણ અશક્ય છે. એના નિયમો તો આપોઆપ જ બંધાયેલા હોય છે; આપણે તો તેને માત્ર ઓળખી જ લેવાના છે. શાસ્ત્રીય સંગીત પ્રયત્ન કરવાથી ખીલવી શકાય છે, યોજના પ્રમાણે તેની અભિવૃદ્ધિ થઈ શકે છે. બે ચાર રસિક અને વિદ્વાન માણસોના પ્રયત્નોથી તેમાં અપૂર્વ વધારો થઈ શકે છે. પરંતુ લોકસંગીતનો ઇજારો બે ચાર વ્યક્તિઓ રાખી શકતી નથી. સમસ્ત સમાજના પ્રાણનું એ બાહ્ય સ્વરૂપ છે. આન્તરતેજની એ ઇંદ્રિયગમ્ય મૂર્તિ છે. નીરોગી બાળકના મુખ ઉપર જેમ સ્વાભાવિક રીતે જ લાલી પથરાયેલી રહે છે તેમ શીલવાન અને પ્રાણવાન સમાજનું લોકસંગીત પણ ખીલતું જાય છે—વિસ્તાર પામતું જાય છે. વસંતનો નૈસર્ગિક આનન્દ જેમ કોકિલના કંઠમાંથી એની મેળે ફૂટી નીકળે છે, તે જ પ્રમાણે લોકજીવન પણ લોકસંગીત દ્વારા જ વ્યક્ત રૂપ ધરે છે. ભિન્ન ભિન્ન પ્રકારનાં અનેક પક્ષીઓને રાણીના બાગ જેવા એકાદ સંગ્રહસ્થાનમાં કે

બગીચામાં એકઠાં કરવાથી કે તેમને અનેક રીતે પોષવાથી વિહંગગીતની ઉન્નતિ થવી જેમ અશક્ય છે તેમ લોકસંગીતનો માત્ર સંગ્રહ કરવાથી તેની ઉન્નતિ કરવી અસંભવિત છે. રાષ્ટ્રના મમત્વરૂપી પ્રેમામૃતના સિંચનની તેમાં આવશ્યકતા છે. ભાટચારણોને વર્ષાસનો કે ઇનામો આપવાથી વીર રસનાં કાવ્યો ઉપજાવી શકાતાં નથી. સાચા ચારણો વીરોનાં પરાક્રમ જુએ એટલે તેમની વાગ્ધારા આપોઆપ છૂટે છે. લોકોમાં ભક્તિભાવ જાગૃત થાય ત્યારે જ જ્ઞાનેશ્વર મહારાજ ગીતા લખે અને ભક્તરાજ તુકારામ અભંગો ગાવા મંડી પડે. એ કામ અખિલ ધર્મ પરિષદ કરી શકે જ નહિ.

* * *

આપણા દેશમાં ધર્મ એ તો સમાજનો પ્રાણ છે. પરદેશીઓને પણ હવે એ વાત જણાવવાની જરૂર રહી નથી. હિન્દુસ્તાનમાં જે જે સમયે ધાર્મિક ભાવનાનો પુનરુદ્ધાર થયો છે તે તે દરેક પ્રસંગે લોકસંગીતનો પ્રવાહ ધોધની માફક વહ્યો છે. પંજાબના લોકસંગીતનો જન્મ ગુરુઓના કૃપાપ્રસાદમાં છે; કાલીમાતાના ભક્તોએ અને ગૌરાંગપ્રભુના વૈષ્ણવ સાધુસંતોએ બંગાળાના લોકસંગીતને પોષ્યું છે; મહારાષ્ટ્ર અને ગુજરાતના લોકસંગીતનો ભંડાર તેના સંતોની વાણીમાં છે; અને હિન્દી ભાષાનો લોકસંગીતસાગર ભક્તરાજ તુલસીદાસ, કબીર અને સુરદાસજીની અમૃતવાણીથી ઊભરાય છે. જેઓ લોકોના હૃદયમાં નવું ચેતન રેડી શકે છે — ફૂંક મારી નવું જોમ પેદા કરી શકે છે તેઓ જ લોકસંગીતના નિર્માણ કરનારા છે. લોકસંગીતની વૃદ્ધિ તેમને જ હાથે થાય છે. ઇતર સામાન્ય લોકો તો તેનું સ્વરૂપ જાણી લઈ તેને અનુકૂળ થવાનો પ્રયત્ન કરે એ જ બસ છે. અનેક વર્ષોને અન્તે નદીઓના પ્રવાહક્રમ મુકરર થાય છે. વાદળાંના રંગો, વીજળીના ચમકાર, પાંદડાં અને ફૂલોના આકાર, પક્ષીઓનાં ગાન, એ બધાના નિયમો કોઈ બીજાએ બાંધી આપ્યા નથી. એ તો આપોઆપ ઘડાય છે. દરેક પ્રજાના લોકોના સ્વભાવ વગેરે પણ તે તે પ્રદેશની ઇતિહાસપરંપરા અનુસાર બંધાય છે; તેમ તેમનું લોકસંગીત પણ જાતે જ નિર્માણ થાય છે. જંગલોમાં પડતા ચીલા

કોઈ એક માણુસે પ્રયત્નપૂર્વક પાડેલા નથી હોતા; અનેક લોકોના જવા આવવાથી આપોઆપ એ ચીલાઓ પડી જાય છે. તે જ પ્રમાણે લોકસંગીત પણ સ્વયંભૂ હોય છે. તેને જાણી લઈ તેનો યોગ્ય માર્ગે ઉપયોગ કરી લેવો એ જ આપણું કર્તવ્ય છે.

એમ છતાં શાસ્ત્રીય સંગીત અને લોકસંગીત અરસપરસ અનેક રીતે ઉપકારક થઈ શકે છે. ચંદનના કાષ્ટને કોતરીને તેમાંથી આપણે રામચંદ્રજીની સુંદર મૂર્તિ બનાવીએ છીએ તેમાં કળાકૌશલ્ય જોકે આપણું છે પણ મૂળ ચંદનકાષ્ટ તો વનમાંથી જ આણવું પડે છે. તે જ પ્રમાણે લોકસંગીતરૂપી કાચા સોનાને ગાળી શુદ્ધ કરવાથી શાસ્ત્રીય સંગીતરૂપી શુદ્ધ કાંચન બન્યું છે. શાસ્ત્રીય સંગીતનો મૂળ આધાર જ લોકસંગીત છે લોકસંગીત વિના શાસ્ત્રીય સંગીત સંભવે જ નહિ. લોકસંગીત અને શાસ્ત્રીય સંગીતનો સંબંધ સોના અને ઘરેણા જેવો છે. બીજી રીતે જોતાં જેમ જેમ લોકજીવન સમૃદ્ધિવાન બનતું જાય, લોકોના હૃદયની ભાવનાઓ જેમ જેમ અનેકરંગી અને ગંભીર બનતી જાય તેમ તેમ લોકસંગીત પણ ગંભીર અને પ્રૌઢ બનતું જાય છે. આવી જાતની પ્રૌઢતા શાસ્ત્રીય સંગીત દ્વારા જ લોકસંગીતમાં આવી શકે છે. વરસાદ વરસતાં પહેલાં જ જો બંધ બાંધી નવો માર્ગ ખોદી રાખ્યો હોય તો વર્ષાઋતુ આવી પહોંચતાં નદીનો પ્રવાહ સ્વાભાવિક રીતે જેમ એ જ ધારેલી દિશામાં વહેવા માંડે છે તેમ પ્રયત્ન કરવાથી નવી ઊર્મિઓને કાળે લોકસંગીત પણ શાસ્ત્રીય સંગીતને પંથે જ વળે છે. શાસ્ત્રસંગીતકારો લોકહૃદયને પારખનારા અને પ્રતિભાશાળી હોય તો તેઓ લોકસંગીતને ધારેલી દિશાએ વહેવડાવી શકે છે. આદિકવિ વાલ્મીકિએ પહેલાં રામાયણ લખ્યું અને પાછળથી રામને તે જ પ્રમાણે વર્તવું પડ્યું, તેમ લોકહૃદયમાં જ તદાકાર થયેલા શાસ્ત્રસંગીતકારોની ઇચ્છા મુજબ લોકસંગીતને પણ વર્તવું પડે છે. લોકોનાં હૃદયોને ઓળખનાર અને અનુસરનાર માણુસ જ લોકોને પોતાના અનુયાયી બનાવી શકે છે.

સંગીતશાસ્ત્રની ઉન્નતિ આજે શાસ્ત્રદષ્ટ્યા તેમ જ લોકદષ્ટ્યા બંને રીતે થવાની જરૂર છે. બંને જાતનો સંપૂર્ણ અભ્યાસ થવાની અત્યારે આવશ્યકતા છે. એમ થાય તો જ રાષ્ટ્રીય જાગૃતિને પ્રસંગે

સંગીત યોગ્ય સમયે પોતાનું સ્થાન મેળવી શકશે. સંગીતની ઉન્નતિ સ્વતંત્ર રીતે થઈ ન શકે. રાષ્ટ્રીય જાગૃતિના સૂરમાં સંગીતે પોતાનો સૂર મેળવી દેવો જોઈએ. શેરડી પાછળ એરંડી પણ પીએ, એમ થાય તો જ સંગીતની ઉન્નતિ થઈ શકે અને રાષ્ટ્રમાં નવું જોમ આવી શકે. હિંદુસ્તાનમાં તો અનાદિકાળથી ધર્મ એ જ સંગીતનો પ્રાણ અને સંગીત એ જ ધર્મની વાણી મનાયાં છે.

લોકસંગીતનું ક્ષેમ *

ગુજરાતનું લોકસંગીત સંગૃહીત કરવાનો આ પહેલવહેલો અને નાનકડો પ્રયત્ન છે; પણ એક વિશાળ પ્રવૃત્તિની આ કેવળ શરૂઆત છે. આ પ્રયત્ન એક જૂની સૃષ્ટિનું નવીન દર્શન કરાવશે. હાલની હિલચાલને અંગે આખા દેશમાં અને તે જ પ્રમાણે ગુજરાતમાં જે અસ્મિતા જાગૃત થઈ છે તે વિવિધ ક્ષેત્રોમાં આત્મપરિચય કરવાનો પ્રયત્ન કરી રહી છે. ઇતિહાસની પરંપરા, સામાજિક જીવન, ધાર્મિક વિચાર, સાહિત્ય, કળા, સંગીત, વગેરે દરેક ભૂમિભાગમાં ગુજરાતની વિશિષ્ટતા શી છે, ભારતવર્ષની સંસ્કૃતિમાં ગુજરાતનો ફાળો કયો છે, ભવિષ્યનાં સર્જનમાં ગુજરાત શો ભાગ ભજવી શકે, વગેરે અનેક પ્રશ્નો ગુજરાતના હૃદયમાં સ્ફુરી રહ્યા છે. ગુજરાતની સંસ્કૃતિ જેવી કંઈક વસ્તુ છે, હોવી જોઈએ, હશે જ, એવા એવા વિચારો અને આકાંક્ષાઓ હૃદયમાં ઉત્પન્ન થાય છે. પણ તે કયાં છે અને કયાં જડી શકે છે એની પિછાણ હજુ પૂરેપૂરી થઈ નથી. પ્રસ્તુત જેવા પ્રયત્નો એ દિશામાં ખૂબ મદદગાર થશે એવો વિશ્વાસ છે.

લોકસાહિત્ય સંગૃહીત કરવાના, આપણા જાહેરજીવનના દરબારમાં લોકસાહિત્યને સ્થાન આપવાના પ્રયત્નો થવા લાગ્યા છે. લોકસાહિત્યની ઉત્પત્તિ, તેનું વૈશિષ્ટ્ય, તેના ગુણદોષ, તેનાં વૃદ્ધિક્ષય

---

* 'લોકસંગીત'ની પ્રસ્તાવના.

નવું મેળવવું તે યોગ; મેળવેલું જે મૂડીરૂપ હોય તેનું જતન, રક્ષણ કરવું તે ક્ષેમ.

વગેરે મીમાંસા કરવાની ઇચ્છા અંકુરિત થયેલી દેખાય છે. હવે લોકસંગીતનું અધ્યયન કરવાનો, તેની કદર કરવાનો સમય આવી પહોંચ્યો છે. જીવનકલહ અને હરીફાઈનું ઝેરી વાતાવરણ જ્યાં પહોંચ્યું નથી ત્યાં આજે પણ લોકસંગીતનો જમાનો વહી ગયો નથી. સ્વાભાવિક રીતે જ ત્યાં તે ફૂલી રહ્યું છે.

જમાનો જ એવો આવ્યો છે કે સમાજમાં અમીર અને ગરીબ, શહેરી અને ગ્રામીણ, કેળવાયેલા અને અભણ, એવા કકડા પ્રડી ગયા છે. તેથી અભણ ગણાતા વર્ગને નવા સંસ્કારો મળતા નથી, અને પોતાને સુશિક્ષિત માનનાર વર્ગને આપણા રાષ્ટ્રીય જીવનના જૂના વારસાથી વંચિત રહેવું પડે છે. એટલે જૂના સંસ્કારો અને જૂનો વારસો નવી ઢબે સજીવન અને સતેજ કરવાની સહેજ જરૂર જણાય છે.

આ પુસ્તકમાં લોકકાવ્ય એકત્રિત કરવાનો વિચાર નથી રાખ્યો. લોકસંગીત એ જ એનો મુખ્ય વિષય છે. પણ લોક-સંગીતને લોકકાવ્યથી જુદું પાડવું લગભગ અશક્ય છે. લોકકાવ્યની વિશિષ્ટ ભાષામાં, તે ભાષાની નિર્વ્યાજતામાં, તાલબદ્ધતામાં અને અલ્પાક્ષરતામાં, પણ સંગીતનું તત્ત્વ સૂક્ષ્મ અને અસ્પષ્ટપણે રહેલું હોય છે જ. તેથી લોકકાવ્યના ભાવપૂર્ણ, કાવ્યમય અને લોકપ્રિય નમૂનાઓ લઈને તેનું સંગીત કેવુ છે એનું જ અહીં દર્શન કરાવ્યું છે.

મેક્સિકો, પેરૂ, ઇજિપ્ત કાંબોડિયા અથવા મધ્ય એશિયાની પ્રાચીન સંસ્કૃતિ જેમ મરી ગઈ છે તેમ હિંદુસ્તાનની સંસ્કૃતિ મરી ગઈ નથી. તે આજે પણ જીવે છે. એટલે આજે પણ નવાં નવાં લોકગીતો રચાય છે અને લોકસંગીતના ઢાળમાં ગવાય છે.

લોકસંગીત એટલે જૂનું જ સંગીત એવો અર્થ નથી. સમાજહૃદયની નિર્વ્યાજતા, લોકહૃદયની સરલતા અને મૌલિકતા જેની અંદરથી વ્યક્ત થાય, સંસ્કારી હોવા છતાં જેની મુગ્ધતા કાયમ રહે, તે જ લોકસંગીત, તે જ લોકકાવ્ય. માત્ર લોકસંગીત કે લોકકાવ્યની કસોટી કાળે કરીને જ થાય છે. શિષ્ટ સાહિત્ય કે શાસ્ત્રીય સંગીત માટે તે તે ક્ષેત્રના પ્રવીણ લોકોનો નિર્ણય બસ થાય છે; અમુક મંડળે માન્યતા આપી એટલે સાહિત્ય કે સંગીત તરત જ શિષ્ટ ગણાય છે. પણ લોકસંગીતના પરીક્ષકો અસંખ્યાત

મુગ્ધ હૃદયો જ છે. નાનાં બાળકો જેમ પોતાની વૃત્તિને જ વફાદાર રહે છે તેમ જનહૃદય પણ પોતાની અભિરુચિને જ વફાદાર રહે છે. એ અભિરુચિ જ્યારે પસંદ કરે ત્યારે જ અમુક સાહિત્ય કે સંગીત 'લૌકિક' પદવીએ પહોંચે છે. સમાજમાં જ્યારે ભારે ક્રાંતિ ચાલતી હોય છે, સંખ્યાબંધ લોકોનાં હૃદયમાં એક જ પ્રાણવાન પ્રેરણાની ઊર્મિઓ ઊઠે છે, ત્યારે લોકહૃદયમાંથી નવું નવું લોકસંગીત પ્રકટ થાય છે અને કશા આધુનિક સાધન વિના પણ લોકમાન્ય કાવ્યોનો અને રાગોનો દેશવ્યાપી પ્રચાર થાય છે.

આ કસોટી જો સાચી હોય તો લોકસાહિત્યમાં જૂનું અને નવું એવો ભેદ કરવાની જરૂર નથી. જૂનું સાહિત્ય કાળ ભગવાનની ચાળણીમાંથી ચળાઈને આવેલું હોય છે અને તેથી તેની 'લૌકિકતા' સ્વતઃસિદ્ધ હોય છે. લાંબી વપરાશને લીધે જૂનાને લૌકિક છતાં અલૌકિક ઓપ આવેલો હોય છે. નવાં લોકગીતોમાં તેમ નથી હોતું, છતાં સહૃદય વ્યક્તિ અથવા લોકહૃદય નવામાં પણ સાચું લોકગીત અથવા લોકરાગ સહેલાઈથી પારખી શકે છે.

લોકગીતો વિવિધ હોય છે, અને એ વિવિધતા લોકજીવનની વિવિધતા ઉપર આધાર રાખે છે. ફટાણા, ગરબા, રાજિયા, ભજનો વધામણી વગેરે પ્રકારો આપણા જૂના લોકજીવનનાં અંગોનું સૂચન કરે છે. નવા જીવનના નવા પ્રકારો માટે નવું જ વર્ગીકરણ થઈ જવાનું. આજનો કાળ સંક્રમણનો છે. આ યુગસંધિને સમયે આપણી દૃષ્ટિ દેહલીદીપ ન્યાયે ઉભયતઃ હોવી જોઈએ. જૂનાનું પણ અધ્યયન કરીએ, નવાનું પણ સૂચન કરીએ.

જે નિયમ સાહિત્યને માટે તે જ સંગીતને માટે. આપણું જીવન સમૃદ્ધ થતાં આપણે કાફી, કવાલી, ગઝલ, અભંગ, વગેરે નવા પ્રકારો ગુજરાતી ભાષામાં દાખલ કરેલા છે. તે જ પ્રકારે 'જનગણમનઅધિનાયક,' 'નહિ રખની,' વગેરે ઢાળો પણ ગુજરાતીમાં આવવા લાગ્યા છે.

શાસ્ત્રીય સંગીતનો પ્રચાર પ્રયત્નપૂર્વક થાય છે. શાસ્ત્રીય સંગીતમાં ઊંચમાં ઊંચ સંસ્કારિતા હોય છે. રાષ્ટ્રીય આચાર્યોએ વિચારપૂર્વક નક્કી કરેલા આદર્શો ધ્યાનમાં રાખી તે રચેલું હોય છે. તેમાં દીર્ઘ દૃષ્ટિ અને સૂક્ષ્મ શક્તિ રહેલાં હોય છે.

લોકસંગીતનું તેવું નથી. લોકસંગીત પોતાની સ્વાભાવિક મનોહરતાને લીધે જ પ્રચાર પામે છે. અત્યંત સંસ્કારી લોકો પણ લોકગીતો પાછળ ગાંડા બને છે. ઉદ્યાનલતા કરતાં ચડિયાતી વનલતા ઘણી વાર નજરે પડે છે. સંસ્કારી દુષ્યંત મૃગશાવ સાથે ઊછરેલી શકુંતલાને પોતાના કુળની પ્રતિષ્ઠા બનાવવા તૈયાર થઈ જાય છે, અને વ્યાસ જેવા રાષ્ટ્રકવિ અને કાલિદાસ જેવા રાજકવિ તેનાં વખાણ કરતાં થાકતા જ નથી. લોકસંગીતની પણ આવી પ્રતિષ્ઠા છે. શાસ્ત્રીય સંગીતમાં પોતાની શક્તિનું એટલું બધું ભાન હોય છે કે ગાવાની ચીજનો શો અર્થ છે, એમાં કયો રસ છે, એના વિભાગ કેવા છે, વગેરે બાબતમાં તે બેદરકાર રહી શકે છે, અને ઘણી વાર રહે છે પણ ખરું. લોકસંગીત હૃદયના ઉદ્‌ગાર સાથે જ વહેતું હોવાથી તે અત્યંત ભાવવાહી હોય છે, અને લોકસંગીત હમેશાં પોતાના લોકકાવ્ય સાથે સમરસ હોય છે. જે ભાવ, વિભાવ કે રસ કાવ્યનો તે જ સંગીતનો, આવી રીતે પરસ્પર પોષકતા સાધેલી હોવાથી લોકકાવ્યની હૃદય પર મંત્ર જેવી અસર થાય છે.

આ જ કારણે લોકકાવ્યમાં એક વાર જે ઢાળ નક્કી કરેલો હોય છે તે બદલવાને લોકહૃદય તૈયાર નથી થતું. જેમ શરીર અને આત્મા જુદાં પડતાં દુભાય છે, તેમ લોકસંગીત અને લોકકાવ્ય પોતાનો મેળ છોડતાં અકળાય છે. નવા પ્રયોગો કરવા હોય તો નવાં ગીતો લો, પણ જે ગીતે જે કલેવર શોધ્યું તે જ તેનું કાયમનું. આપણી કલ્પના પ્રમાણે જેમ જન્માંતર કર્યે બીજું ખોળિયું લઈ શકાય છે, તેમ લોકગીતો સ્થાનાન્તર કરી પોતાને માટે નવું સંગીત લેતાં આવ્યાં છે એ વાત જુદી. અને તેમાં પણ ઔચિત્ય તો છે જ. દરેક પ્રદેશ પોતાના સ્વભાવ પ્રમાણે, પોતાની અભિરુચિ પ્રમાણે અને પોતાની પરંપરા પ્રમાણે તે તે ગીતો તરફ જોવાનો.

લોકસંગીતની મોટામાં મોટી વિશિષ્ટતા તે તેની અંદર રહેલો તાલ છે. કાવ્ય, ભાષા, શૈલી અને સંગીતમાં જેટલી ભાવવાહકતા છે તેટલી જ અથવા તેથીયે વધારે ભાવવાહકતા તાલોમાં હોય છે. એ વાત લોકહૃદયે અનાયાસે ઓળખેલી હોય છે, કારણ કે નિર્વ્યાજ

લોકહૃદય જ્યારે ભાવાવેશમાં આવે છે અથવા ઉત્તેજિત થાય છે ત્યારે તે પ્રકટ કરવાને એકલાં ભાષા અને સ્વર તેને બસ નથી થતાં. હાથ, પગ, નેત્ર, વાણી— ટૂંકમાં કહીએ તો શરીર, મન અને હૃદય બધાં જ નાચવા માંડે છે. તેથી લોકગીતોનો તાલ પોતાની મેળે જ બંધાઈ જાય છે અને તાલનો ઉન્માદ ચડતાં તેમાંથી નૃત્ય પોતાની મેળે પ્રકટી નીકળે છે.

નૃત્ય એટલે એકલી કસરત નથી. કસરત કર્યે માણસ થાકી જાય છે. પણ ભાવના પ્રવાહમાં જ્યારે તાલબદ્ધ નૃત્ય ચાલે છે ત્યારે શરીરના દરેક અવયવ અને સાંધાને થાકને બદલે ઉત્તેજના મળે છે. નૃત્યની આ વિશેષ ખૂબી અને તેની આ બહુવિધ શક્તિ તરફ ધ્યાન જવાની ખૂબ આવશ્યકતા છે.

સમાજની સ્વાભાવિક સ્થિતિમાં આવા લોકસંગીતનો પ્રચાર પવનના પ્રવાહની પેઠે થાય છે. તેને માટે પ્રયાસ કરવાનો ખ્યાલ જૂના લોકોને હસવા જેવો લાગતો. ગામડાંની ડોશીને એની વાત કરો તો તે હસીને કહેશે, 'એમાં તે વળી શું શીખવા જેવું હશે? અમે ક્યાં આ બધું શીખવા ગયાં હતાં? એ તો બધું પોતાની મેળે જ આવડી જાય છે.' 'સાચી છે, ડોશીમા, તમારી વાત સાવ સાચી છે. પણ અમે તેવા રહ્યા નથી. અમે અમારા વારસાથી વિખૂટા પડ્યા છીએ. તમારી અવશેષ રહેલી આવરદા સાથે જ આ જૂનો વારસો પણ નામશેષ થશે એવી બીક અમારા મનમાં પેસી ગઈ છે. તમારી પાસે આવીને આ બધો જૂનો ભંડાર લેનાર ભાઈઓ અને બહેનો બહુ ઓછાં છે, નથી જ એમ કહીએ તો પણ ચાલે. એટલે અપઘાત ન થાય એટલા માટે જ આ તમારા સંગીતને અમે અક્ષરદેહ આપવા માગીએ છીએ.'

સંગીતના રક્ષણને માટે સ્વરલેખનપદ્ધતિ પર્યાપ્ત છે કે નહિ એ વિષે ઘણી વાર ચર્ચા થાય છે. પણ યુરોપનો અનુભવ અને આપણો પણ તેથીયે પ્રાચીન અનુભવ સાક્ષી પૂરે છે કે સ્વરલેખનથી સંગીતની રક્ષા થાય છે, એટલું જ નહિ પણ સ્ખલન અને પ્રમાદમાંથી પણ તે આપણને બચાવે છે. એટલા માટે જ અહીં આપેલાં લોકગીતોનું લોકમાન્ય સંગીત યથાતથ સાંભળી તેનું અહીં યથાસ્થિત અંકન કરવામાં આવેલું છે. આજે આથી લોકસંગીતના

સંરક્ષણનો એક જ ઉદ્દેશ સરશે, પણ જ્યારે ગુજરાતમાં સંગીતનો રાગ વધશે. ઠેકઠેકાણે સંગીત મંડળો સ્થપાશે, અને સંગીતની સાક્ષરતા વધશે, ત્યારે આ સ્વરલેખનથી સંગીતના પ્રચારનું કામ પણ આ જ કાર્ય દ્વારા સહેલાઈથી થઈ જશે.

ગુજરાતની વિશિષ્ટ સંસ્કૃતિનાં અધ્યયન, ઉપાસના અને પૂજા કરવા માગનાર ગુર્જરીનાં સંતાનોને આ નવીન પ્રયત્ન લાભદાયક અને પ્રેરક નીવડો એ જ પ્રાર્થના છે.

૧૯૨૫

વિચાર–કલિકા

કળા એ કાંઈ મોજશોખની વસ્તુ નથી. તે મનુષ્યના સ્વભાવ અને અભિલાષનો પરિચય આપે છે. માણસને પોતાના કાર્યમાં અને જીવનમાં કેટલો અને કેવો આનંદ પડે છે તેનો નિર્ણય તેની કળા ઉપરથી થાય છે.

* * *

કળા એટલે પ્રેમથી, આનંદથી, પ્રસન્નતાથી કરેલું કામ. પ્રસાદ વગર કળા સંભવતી નથી.

* * *

મન્દિરો, મસ્જિદો, તળાવો વગેરે ઉપરથી આખા સમાજની સંસ્કૃતિ કેવી છે તે જણાઈ આવે છે.

* * *

કોઈ પણ સમાજની ગૃહરચના જોઈને તે સમાજની મનોરચના પારખવી સાવ સહેલી છે.

* * *

માણસ ભાષા મારફતે પોતાનું અન્તર છુપાવી શકે, પણ કળામાં એ પ્રતારણા થઈ જ શકતી નથી.

* * *

વાણી એ વિચારનું અને ભાવનું પરોક્ષ વાહન છે. સંગીત અને કળા એ પ્રત્યક્ષ વાહન છે—લગભગ કહી શકાય કે સાર્વભૌમ વાહન છે.

વાણી એ વિચારની ભાષા. કળા એ હૃદયની ભાષા. આચાર એ ધાર્મિકતાની એટલે કે જીવનની ભાષા.

* * *

જીવવું કેવી રીતે તે સમજવું એ જ સૌથી મોટી કળા છે.

* * *

મોક્ષ મેળવવો એ ઉચ્ચતમ કળા છે. એ ઉચ્ચ કળા દ્વારા અંતે કળાતીત થવું એ જ આપણું ધ્યેય છે.

* * *

એક લેખકે કહ્યું છે, 'મને કવિતા કરવાની છૂટ આપો, પછી તમે ભલે કાયદાઓ ઘડો.' તેમ જ આમ પણ કહી શકાય કે 'લોકોની કળાવિષયક અભિરુચિ મારા હાથમાં સોંપો અને પછી સમાજને તમે નીતિના પાઠ ભલે ભણાવતા રહો.'

* * *

પગમાં કાંટો, ધોતિયામાં ડાઘોળિયું, દાંતમાં શકતું જેમ સહન નથી થતાં, તેમ ભાષામાં ગ્રામ્યતા, હૃદયમાં શંકા અને જીવનમાં કળાવિહીનતા અથવા નીરસતા સહન ન જ થવાં જોઈએ.

* * *

અઘટિત રીતે વર્તવાથી શિષ્ટજન પ્રત્યે બેઅદબી થાય છે એમ આપણે માનતા હોઈએ તો ઘરમાં ન શોભે એવી વસ્તુઓ રાખવાથી કુટુંબ પ્રત્યે અને મહેમાન પ્રત્યે બેઅદબી થાય છે એમ પણ આપણે માનવું જોઈએ.

* * *

માણસની કિંમત જેમ વર્તન પરથી થાય છે તેમ ઘરનાં વાસણકૂસણ, ખુરસી, બાજઠ વગેરે રાચરચીલાં પરથી પણ થાય છે.

* * *

દીવાનખાનામાં કળાકૌશલ્યની વસ્તુ અને ઘરમાં એલ્યુમિનિયમનાં મેલાં વાસણ;

સભામાં જતાં સુન્દર પોશાક અને ઘરમાં ઘાંચીનો વેશ;

બોલવામાં સાધુની ભાષા અને હૃદયમાં હળાહળ વિષ;

આ બધાં અતૃપ્ત જીવનનાં લક્ષણો છે. અને મિથ્યાચાર તો ખરો જ.

* * *

જર્મન રંગ અને ઇસ્ત્રીનાં કપડાં વાપરનાર સમાજમાં કોઈ પણ કવિ क्षौमं केनचिदिन्दुपाण्डु तरुणा…જેવો શ્લોક લખી શકે ખરો ?

* * *

કોઈ વસ્તુ સુન્દર છે એમ કરીને એને વાપરતા નહિ. વાપરવાની વસ્તુ સુન્દર જોઈને લો અથવા સુન્દર બનાવો.

* * *

જીવનમાં નિર્ધનતા એ દુઃખ કે હાનિ નથી, પણ નીરસતા સહન થવી એ જ મહાહાનિ છે.

* * *

કુરુચિ સામે અખંડ બુમાટ ઉઠાવવો એમાં જ આપણી કુરુચિ જણાઈ આવે છે. સુરુચિનો પાઠ પોતે બેસાડવો એમાં જ સ્વારસ્ય છે.

* * *

જગતમાં દરેક માણસમાં થોડુંઘણું બીકણપણું છે તેથી જ કુરુચિ જગતમાં ફાવી શકે છે.

સહિષ્ણુતા અને બીકણપણું એમાં સમાધિ અને મરણ જેટલું અન્તર છે. બહારથી બેમાં સમાનતા ભલે દેખાય.

* * *

કેટલાક કવિઓ ફૂલમાં પણ માનવી ભાવના જોઈ શકે છે તો કેટલાક કવિ મનુષ્યમાં ફૂલનું સૌંદર્ય નિહાળે છે.

* * *

કળાની ઉપાસનામાં અહંકારનો લય કરવો એ એક કળાનો મહદાનંદ છે—विगलितवेद्यान्तरं परमानन्दम् ।

* * *

પરિચિત વસ્તુ જોઈને થતો આનંદ તે સાચો આનંદ. અપરિચિતપણાનો — વિચિત્રતાનો આનંદ પ્રૌઢ નથી હોતો, ચિરસ્થાયી પણ નથી હોતો.

* * *

કવિતાને જેવો છન્દ (વૃત્ત) તેવો કળાને શિષ્ટ સંકેત.

* * *

જીવનમાં શું કે કળામાં શું, અનુકરણ એટલે મરણ.

* * *

ઉપાસના વિના કોઈ પણ કળા અવગત કે હસ્તગત કરવાની આશા જ વ્યર્થ છે.

* * *

કળા કંઈ યદૃચ્છાપ્રાપ્ય વસ્તુ નથી. તેને માટે તપસ્યા કરવી જોઈએ, પવિત્રપણે તેની ઉપાસના કરવી જોઈએ.

* * *

શ્રદ્ધા અને શુશ્રૂષા વિના કળાનું રહસ્ય સમજવું અને અનુભવવું અશક્ય છે.

* * *

સૌન્દર્યોપાસના અને ભોગવિલાસના પરિણામમાં સ્વર્ગ અને નરક જેટલું અંતર છે.

* * *

મોક્ષના માર્ગમાં જેમ સિદ્ધિ આડે આવે છે તેમ કળાની પ્રાપ્તિની આડે વિલાસિતા આવે છે.

* * *

મરોડદાર અક્ષર કાઢવાની કળા નષ્ટપ્રાય થઈ છે એ શોચનીય વસ્તુ છે. આ આંધળા યાંત્રિક યુગમાં સમાજની એકેએક કળાનો નાશ થતો ચાલ્યો છે.

* * *

કવિતામાં કે ચિત્રમાં શુભ ભાવ હોય એટલું બસ નથી? બોધ પણ હોવો જ જોઈએ એ આગ્રહ શા માટે, બોધના ભારથી કળા ચગદાઈ ન જાય?

* * *

નીતિશિક્ષણ અને કળાનું શિક્ષણ છેક નાનપણથી આપવું ઇષ્ટ અને હિતકર છે; પણ તે કૃતિ દ્વારા જ પહેલું આપવું જોઈએ.

તત્ત્વો પાછળથી ધીમે ધીમે આપોઆપ પ્રગટ થાય છે અથવા કરી શકાય છે.

* * *

બાપ જે પ્રમાણે કન્યાદાન કરતાં સુધી છોકરીને પ્રેમપૂર્વક પાળેપોષે છે અને એને આપી દીધા પછી પણ તેના ભવિષ્યની કાળજી રાખે છે, તે જ પ્રમાણે કળાધરે કળાયુક્ત વસ્તુ નિર્માણ કરીને તે યોગ્ય માણસના હાથમાં પડે ત્યાં સુધી તેની સંભાળ રાખવી જોઈએ અને પછી પણ તેની કાળજી કરવી જ જોઈએ. કળાધર અને તેની કૃતિનો સંબંધ દુકાનદાર અને ઘરાકોને અપાતી વસ્તુ જેવો ન હોવો જોઈએ.

* * *

કળા દ્વારા કળાધર યોગક્ષેમની ઇચ્છા કરે તો હરકત નથી, પણ કળા વેચીને ધનવાન થવાનો પ્રયત્ન કરવો એ નિંદ્ય છે. આત્મઘાતકી છે.

* * *

કળાધરે કોઈના નોકર ન બનવું જોઈએ.

* * *

જેમનું જીવન પરસ્પર ઓતપ્રોત છે તેમની વચ્ચે જ સહકાર ધર્મ્ય અને ઇષ્ટ છે. બીજી રીતનો સહકાર પ્રાણઘાતક છે. કળા વિષે આ અક્ષરશઃ સાચું છે.

* * *

શ્રેય અને પ્રેયના ઝઘડામાં આપણા સમાજનેતા અથવા કળાધરો પોતાની શક્તિ કઈ બાજુએ ખર્ચે છે તેના ઉપર સમાજની ઉન્નતિ અથવા અવનતિનો આધાર નથી શું ?

* * *

કળાધર અને કારીગરને જુદા પાડશો નહિ. તેમ કરશો તો કળાધરની કળા ચીમળાઈ જશે અને કારીગરના કૌશલ્યનો લય થશે. કળા ભૂત જેવી દેખાશે અને કારીગરી મડદા જેવી.

* * *

ચિત્રકાર, શિલ્પકાર, ગાયક અથવા કવિ એમને માત્ર પુરસ્કાર આપવાથી કળાની ઉન્નતિ થવાની નથી. કળાને સમાજે પોતાના

હૃદયમાં, કુટુંબમાં, મંદિરમાં અને સમાજમાં સ્થાન આપવું જોઈએ. પોતાના જીવનમાં કળાની પ્રતિષ્ઠા કરો એટલે કળાધરો આપોઆપ પેદા થશે.

* * *

સાચો કળાધર સ્વભાવે કળાનો પ્રચારક (મિશનરી) હોય છે. યોગ્ય માણસ આગળ તે કશું છૂપું રાખી શકતો નથી.

* * *

દૃશ્યસૃષ્ટિ ભાસમાન છે. પણ આદર્શસૃષ્ટિ—ધ્યેયસૃષ્ટિ સત્ય છે એવી કળાધરની માન્યતા હોય છે. તત્ત્વજ્ઞાન પણ એ જ કહેતું આવ્યું છે.

* * *

કલ્પનાતરંગ બે પ્રકારના છે: પ્રાણવાન અને હતપ્રાણ અથવા અલ્પપ્રાણ. કવિ અથવા ચિત્રકાર પવિત્ર હોય તો પ્રાણવાન ભાવનાઓ તેના હૃદયમાં પ્રવેશ કરે છે, પ્રાણવાન વિચારોના ફુવારા તેની કલમમાંથી કે પીંછીમાંથી ઊડવા માંડે છે અને સમાજ ચૈતન્યથી હાલી ઊઠે છે. એ જ કવિ અથવા ચિત્રકાર વિલાસી હોય તો સમાજને હતપ્રાણ કલ્પનાઓનો કેફ ચડે છે અને સમાજ વેવલો બને છે. અને જો એ કવિ યા ચિત્રકાર પોતે જ અલ્પપ્રાણ હોય તો તેની નિર્માલ્ય કવિતા અથવા કૃતિ તે ને તે જ ઠેકાણે મરણશરણ થાય છે.

* * *

પ્રકૃતિનો પ્રયત્ન ઇન્દ્રિયાતીત આનંદ વિષયોપભોગ દ્વારા અનુભવવાનો હોય છે. કળાનો પ્રયત્ન ઇન્દ્રિયાતીત આનંદને વિષય-વાસનાના સંસર્ગથી દૂષિત ન કરતાં તેને શુદ્ધ સ્વરૂપમાં અનુભવવાનો હોય છે.

* * *

યથાર્થદર્શી કળા કળા જ ન કહેવાય. વિષયમુગ્ધ થઈને એકાન્તમાં કરેલો વિલાસ જાહેરમાં પ્રગટ થતાં જેટલી શરમ છૂટે છે તેટલી જ શરમ યથાર્થદર્શી કળા જોતાં છૂટવી જોઈએ. જે ચિત્ર જોતાં મનમાં ઉપભોગની, વિષયની કલ્પના આવે છે તે અપવિત્ર

છે. એવાં ચિત્રો કેટલાંક વરસ પર રજવાડાનાં અન્તઃપુરોમાં ટાંગવામાં આવતાં. સંયમવિમુખ પાશ્ચાત્ય આદર્શ કે રિવાજને લીધે આજકાલ એવાં ચિત્રો પ્રતિષ્ઠિત ગૃહસ્થોનાં દીવાનખાનાંમાં પણ દેખા દેવા લાગ્યાં છે. અધઃપાતનું આથી વધુ સબળ પ્રમાણ બીજું કયું જોઈએ ?

*   *   *

અરે, આ દુનિયા તે પડદાનશીન થઈ છે કે એ તે નાટકી બની છે ? જે જુઓ તે બુરખા પહેરીને કે વેશ કાઢીને જ ફરતા દેખાય છે. જેને તેને સાચની જાણે લાજ આવે છે. એમની ભાષા જુઓ, એમની રીતભાત જુઓ, એમના ઉત્સવો જુઓ, એમના પોશાક જુઓ કે એમનાં દીવાનખાનાં જુઓ — સત્ય શોધ્યુંય નથી જડતું. આજે તો સત્ય માત્ર ઢંકાઈ જ ગયું છે, પણ વખત જતાં ગૂંગળાઈ મરશે. ધાઓ રે ધાઓ, સત્યની વહારે ધાઓ !

કળાનું ક્ષેત્ર

કળા અને નીતિ વચ્ચે કેવો સંબંધ હોય એની ચર્ચા ઘણી વાર થાય છે. કળા શ્રેષ્ઠ કે નીતિ શ્રેષ્ઠ એ સવાલ પણ અનેક ગોટાળા ઉત્પન્ન કરે છે. કળા એ નીતિનું જ એક અંગ છે, એમ કેટલાક લોકો પ્રતિપાદન કરે છે; જ્યારે બીજા કેટલાક બરાબર એની વિરુદ્ધ જઈ કહે છે કે તમારી નીતિ જ કળાનું એક વિશિષ્ટ અંગ છે; કળા એ વ્યાપક સાર્વભૌમ વસ્તુ છે; નીતિ કેવળ એક પ્રાંતનો જ વિચાર કરે છે. આમ સદાચાર અને સદભિરુચિ વચ્ચેનો વાદ બહુ ચાલ્યો છે.

એમાંથી વ્યાપક ક્ષેત્ર કોનું એટલો જ સવાલ હોય, તો એ સવાલનો અંત સહેજે આવી શકે એમ છે. કેમ કે, કળાનું ક્ષેત્ર કલ્પના પૂરતું જ છે, અને નીતિનું ક્ષેત્ર જીવનવ્યાપી છે. જીવન કરતાં બહોળું આપણે કશું કલ્પતા જ નથી. વાસ્તવિક જીવન અને આદર્શ જીવનનો સામટો વિચાર કરવાની જેની શક્તિ અથવા ટેવ છે, તે જીવન કરતાં ઉચ્ચ અથવા વ્યાપક એવું ક્ષેત્ર કોઈ કાળે સ્વીકારવાનો નથી. કળાનો વિસ્તાર કલ્પના અને ભાવના બહાર જઈ જ ન શકે.

પણ આ નિર્ણય ઉપરથી એવું અનુમાન કાઢવાની જરૂર નથી કે સદભિરુચિએ સદાચારને અંકિત જ રહેવું જોઈએ.

કળા અને નીતિ એ પરસ્પર નિરપેક્ષ છે એમ માની શકાય. એ પરસ્પર વિભિન્ન તો છે, પણ પરસ્પર વિરોધી નથી. ઊલટું, જ્યારે એ પરસ્પર વિરોધી થાય છે ત્યારે નિશ્ચિત જાણવું કે એમાંથી એક અથવા બન્ને ભાન ભૂલ્યાં છે, સ્વધર્મથી* વિમુખ થયાં છે, અને તેથી વ્યર્થ બન્યાં છે, કળાને નીતિની ભાષામાં સિદ્ધ ન કરી શકાય, નીતિને કળાની ભાષાથી ઉદ્દીપિત ન કરી શકાય. પણ કળાને નીતિની કસોટી ઉપર કસી શકાય, અને નીતિને પણ કળાની કસોટીએ ચડાવી શકાય.

સત્, ચિત્ અને આનંદ આ ત્રણે વસ્તુ એક જ પરબ્રહ્મનાં પાસાં છે એ ખરું, છતાં એક પાસાને બીજા પાસાનું રૂપ ન આપી શકાય. તેથી ત્રણને સ્વતંત્ર રીતે માનવાં પડે છે. सत्यं शिवं सुंदरम् આ ત્રણને જો એક જ રૂપ આપી શકાત, તો ઋષિઓએ આ ત્રિવિધ ગૌરવ ન જ કર્યો હોત. સત્ય જ્ઞાનરૂપ છે, શિવં આચારપ્રધાન છે, અને સુંદરં અભિરુચિને વ્યક્ત કરે છે.

કલ્પનાના ક્ષેત્રમાં અભિરુચિ અથવા કળા સર્વોપરી છે. તત્ત્વજિજ્ઞાસાના ક્ષેત્રમાં સત્ય સર્વોપરી છે. જ્યારે જીવનના સાર્વભૌમ ક્ષેત્રમાં શિવં અથવા નીતિ શ્રેષ્ઠ છે.

આજના 'કેવળ કળા'ના ઉપાસકો આ ત્રણે વચ્ચે જાણે વિરોધ હોય એમ પહેલાં માની લે છે. તેઓ કળાના એકાંગી સ્વરૂપને સર્વશ્રેષ્ઠ માને છે અને એના તાબામાં જીવનને સોંપવા માગે છે. આમ પોતાના ક્ષેત્રનું અતિક્રમણ કરીને કળાને જ જીવનનું વ્યાકરણ બનાવવાનો પ્રયત્ન તેઓ કરતા હોય ત્યારે જો કોઈ એમને રોકે, તો 'એ અબળા ઉપર અત્યાચાર થાય છે, નીતિ શિરજોર થઈ છે' એવી બૂમાબૂમ કરી 'परित्रायतां परित्रायताम्'ના પોકાર કરે છે. કલ્પનાનું ક્ષેત્ર છોડી જીવનક્ષેત્રમાં કળાની આણ વર્તાવવા માગનાર આ સામ્રાજ્યવાદીઓ જ્યારે સ્વાતંત્ર્ય, સ્વરાજ્ય અને સ્વયંનિર્ણયની વાતો કરે છે, ત્યારે એમના દંભ અથવા આગ્રહીપણાનું આશ્ચર્ય થયા વિના રહેતું નથી.

---

* સ્વધર્મ=the law of one's own being.

જીવન પ્રત્યે સાવ બેદરકાર થઈ જેઓ ફક્ત કલ્પના કેળવે છે, તેમણે ફક્ત કલ્પના પૂરતી જ સહાનુભૂતિ માગવી જોઈએ. એના બદલામાં કલ્પનાપ્રવીણને માટે જ્યારે તેઓ જીવનમાં પણ ઉચ્ચ સ્થાન માગે છે, ત્યારે સમાજ ઉપર અત્યાચાર કરે છે. શેલીનાં કાવ્યોનાં વખાણ આપણે જરૂર કરીએ, પણ એની કાવ્યશક્તિથી અંજાઈ જઈ આપણે એના જીવનનાં સ્ખલનો પણ રૂપાળાં જ હતાં એમ કહેવા બેસીએ તો આપણે જીવનનો દ્રોહ કરીએ. ઑસ્કર વાઇલ્ડની નવલકથાઓ લોકોને રોચક લાગે છે એટલા માટે એમને જીવનશિક્ષણમાં સ્થાન આપવાની કોઈ વાત કરે તો તેને કલામત્ત જ કહેવું જોઈએ. કલાપી કાવ્યરસિકોનો ભલે રસેશ્વર હોય, પણ એટલા ખાતર એ આદર્શ રાજા હતો અથવા આદર્શ પતિ હતો અથવા આદર્શ પ્રેમી હતો એમ કોઈ કહેવા જાય, અથવા યુવકોને કલાપીની ઉપાસના બતાવે તો તેની સામે વાંધો જ ઉઠાવવો જોઈએ. પ્રેમનું ઉદાત્ત સ્વરૂપ જાણ્યા વગર પ્રેમની વાતો કરનાર ઘણા મળી આવે છે. સાચો ઉપાસક જીવનમાં વીરધર્મને અનુસરે છે, એ સિદ્ધાંતને ઊંધો કરી, આસક્ત થવામાં જ જાણે બધી બહાદુરી આવી જાય છે અને આશકનું વેવલાપણું દરગુજર કરવું જ જોઈએ એ જાતનો આગ્રહ રાખનાર લોકો દયાને પાત્ર ભલે હોય, આદરપાત્ર તો તેઓ નથી જ. જીવનની દૃષ્ટિએ કલાપીની કિંમત ખૂબ ઊંચી છે, એ વિષે શંકા નથી. પણ એનું કારણ જુદું છે. મનના વિકારોને દબાવવા એ ખૂબ પ્રયત્ન કરતો હતો. મેલને એ મેલ તરીકે ઓળખતો હતો. કલાપીની નિખાલસતા અદ્ભુત હતી. વાસના સામેના યુદ્ધમાં જેઓ આખર સુધી ફાવ્યા એટલાની જ કદર કરાય એવો જીવનશાસ્ત્રનો નિયમ નથી. વીરતા વિજયથી જ સિદ્ધ થાય છે એમ નથી. વીરતા તો સતત પ્રયત્નમાં રહેલી છે; સત્યનો, આદર્શનો, સદાચારનો ઇનકાર ન કરવામાં રહેલી છે. સત્યનિષ્ઠા, સદાચાર અને સદભિરુચિ આ ત્રણેના સાહચર્યથી જ જીવન સમૃદ્ધ અને કૃતાર્થ થાય છે. એ સમજનાર કળા તે જ સાચી કળા. એ સમજનાર નીતિ તે જ સદાચાર.*

---

* એક જૂની નોંધ.

સંસ્કારનો ચેપ

મારી કળાની ઉપાસના ભારતભક્તિમાંથી ઉત્પન્ન થઈ છે. સ્વદેશ એટલે કેવળ એનાં ખેતરો અને ડુંગરો જ નહિ પણ દેશવાસીઓએ ખીલવેલી આખી સંસ્કૃતિ એ જ સાચો દેશ છે, એમ જ્યારે પ્રતીત થયું ત્યારે દેશમાં બધે ફરી એનાં દર્શન મારફતે ભારતમાતાનું દર્શન કરવાનો મેં પ્રયત્ન કર્યો છે. તેમ કરતાં સૌન્દર્ય અને કળા બન્નેનું ભાન ખીલ્યું. ભગિની નિવેદિતા અને આનંદકુમાર સ્વામીનાં લખાણોએ ઘણી મદદ કરી. આર્યજીવનમાં રહેલી કળાનો અનુભવ તો કૌટુમ્બિક અને સામાજિક જીવનમાંથી જ મળેલો. પણ એનું રહસ્ય પારખવાની દૃષ્ટિ શક્તિ આ બે જણનાં લખાણોમાંથી મળી. ત્યાર પછી જ મંદિરો અને અજાયબઘરો, ચિત્રસંગ્રહો અને તીર્થસ્થાનો નવી ઢબે હું જોતો થયો.

આ બધું વ્યવસ્થિત અધ્યયન તરીકે મેં નથી કર્યું. પણ આશક અને ભક્તની વૃત્તિથી કર્યું છે. મેં એને જીવનનો સર્વશ્રેષ્ઠ આનંદ માન્યો છે અને એનો જ ચેપ ઊછરતી પેઢીને લગાડવાનો મેં પ્રયત્ન કર્યો છે. આપણી ભાષામાં એ આનંદ વ્યક્ત કેમ ન થાય એ ઈર્ષાથી મેં લખવા માંડ્યું. એ લખાણના સંગ્રહમાં કળા વિષેનું વિવેચન ક્યાંય વ્યવસ્થિત રીતે આવતું નહોતું. ગુજરાત સાહિત્ય-સંમેલનની સ્વાગત સમિતિએ કળા વિભાગના પ્રમુખની જવાબદારી

મારી પર લાદી મારા વિચારો એકત્ર મૂકવાની મને તક આપી. એ તકનો લાભ લઈ લખવા જતાં મેં અનુભવ્યું કે વ્યવસ્થિત અને સળંગસૂત્ર લખવા જેટલી નવરાશ કે વૃત્તિ મારે માટે છે જ નહિ. એટલે સાહિત્ય (સંમેલન)ની દૃષ્ટિએ કળાનું જે ઢબે ચિંતન કરાય એમ મને લાગ્યું તે અહીં નોંધ્યું છે. શાસ્ત્રીય વિવેચન કરવાનો મારો દાવો છે જ નહિ; ઉદ્દેશ નથી. હું તો સંસ્કારો પાડી ચેપ લગાડવામાં જ માનું છું. અત્યાર સુધી જેટલું લખાયું છે તેની અસર કેટલાક યુવાનો પર થઈ છે અને તેઓ ઉત્સાહ અને વીર્ય સાથે ભારતનું નિરીક્ષણ અને ભારતની સેવા કરી ભારતભક્તિમાં તરબોળ થવા લાગ્યા છે એમ જોઈ મને સંતોષ થયો છે. આગળનું કામ એમનું છે.

કળા—એક જીવનદર્શન*

જ્યારે મુંબઈમાં મેં સાંભળ્યું કે રવિભાઈએ કળાવિભાગના પ્રમુખ તરીકે મારું નામ સૂચવ્યું છે ત્યારે મને એ સાચું ન લાગ્યું. ખરું જોતાં નાનાલાલભાઈએ એ સ્થાન છોડવું નહોતું જોઈતું. એમનો કળાનો ઊંડો અભ્યાસ, એમની રસિકતા અને એમનો અધિકાર, ત્રણેયનો એમણે આ વરસે લાભ આપવો જોઈતો હતો. કોઈ સાહિત્યરસિક મારાં શબ્દચિત્રો વાંચીને મારું નામ સૂચવત તો મને એટલું આશ્ચર્ય ન થાત. પણ રવિભાઈ જેવા ગુજરાતને ચિત્રકળાની પ્રેરણા આપનાર અને ચિત્રકારોના આચાર્ય આ સ્થાન માટે મારું નામ સૂચવે એવું તો મને સ્વપ્નામાંયે ન આવત. પણ નાનાલાલભાઈએ ના પાડ્યા પછી, ભીડ ટાળવા કોકને પસંદ કર્યા વિના છૂટકો નહોતો. એટલે મારો કળા પ્રત્યેનો પ્રેમ એ જ મારી લાયકાત ગણી, સ્વાગતમંડળે મારું નામ સ્વીકાર્યું અને મેં પણ ભીડમાં ભેરુ થવાની મારી જૂની ટેવને લીધે હા પાડી. સાથે સાથે મેં ખાતરી પણ કરી લીધી કે ત્રણ દિવસનું આ કામ પત્યું એટલે હળવો થઈને પાછો હું મારા કામમાં ડૂબી જઈ શકીશ. સેવક સેવાનો ઇનકાર શી રીતે કરી શકે? આમ કરતાંયે જો કોઈને

---

*બારમા ગુજરાતી સાહિત્ય સંમેલન (અમદાવાદ સન ૧૯૩૬) નાં કળાવિભાગના પ્રમુખ તરીકે આપેલું ભાષણ.

અન્યાય થતો હોય, કોઈનો હક મારી જતો હોય, અથવા કોઈની મહત્ત્વાકાંક્ષા દુભાતી હોય તો મારી એમના પ્રત્યે પૂરી સહાનુભૂતિ છે. હું કાંઈ કોઈ અહમહમિકામાં હરીફ થઈને અહીં આવ્યો નથી. કેવળ આજ્ઞાવાહક સેવક થઈને આવ્યો છું.

હું કળાનો ભક્ત છું. મારી જીવનની ફિલસૂફીમાં કળાને ઊંચું સ્થાન છે. મારા ઘડતરમાં કળાના ઉપકાર ઓછા નથી. છતાં મેં કળા ઉપર શાસ્ત્રીય વિવેચનો લખ્યાં નથી કે કળાના ઇતિહાસમાં હું ઊતર્યો નથી. કળામાં જૂના થયેલા અથવા નવા જામતા પંથોમાંથી કોઈ ખાસ પંથનો પક્ષ મેં તાણ્યો નથી. કળાકારોને આશ્રય આપ્યો નથી. કોઈ કળારસિક કદર કરે એવું ચિત્ર મેં દોર્યું નથી. શ્રી. નારાયણરાવ ખરે, શંકરરાવ પાઠક કે વ્યાસ જેવાના સંગીતનું આકંઠ પાન કર્યા છતાં હું ગાયનના રાગ અચૂક ઓળખી શકતો નથી. જાતજાતની કળાકૃતિઓ ભેગી કરી દીવાનખાનું સજાવવાની દાવકાઈ પણ મારામાં નથી. હું તો એક જીવનભરનો રખડુ છું. કુદરતઘેલા તરીકે પોતાને ઓળખાવતાં મને સંકોચ કે વાંધો નથી. શહેરો અને એની શેરીઓ, મહેલો અને એનાં દીવાનખાનાંઓ એ મારે માટે નથી. હું કપડાં પહેરું છું તે પણ સૂકલકડી શરીરના અભદ્ર દર્શનમાંથી લોકોને બચાવવા ખાતર જ. નહિ તો મારું સ્થાન પહાડોના જંગલોમાં, સમુદ્રની રેતીમાં, નદીને કાંઠે અથવા ઝાડોની ઘટામાં હોય. અજાણ્યા માણસ જોડે વાતો કરતાં મને કેટલો ક્ષોભ થાય છે એની ભાગ્યે જ કોઈને કલ્પના હશે.

આમ હોવા છતાં હું માણસગંધો નથી. મનુષ્યપ્રેમી છું. મનુષ્યજાતિનો પુરુષાર્થ, એની યોજનાઓ, એની ભૂલો અને એ સુધારવાના પ્રયત્નો, એની આશંકાઓ અને આકાંક્ષાઓ, એનો પ્રેમ અને એનાં બલિદાન — દરેકમાં મને રસ છે. માનવસમાજ અને માનવસંસ્કૃતિ મારી ભક્તિના વિષય છે. આ વિશાળ વિશ્વના જેટલું જ મનુષ્યહૃદયનું અને એની સંસ્કૃતિનું ઊંડાણ જોઈ હું ચકિત થઈ જાઉં છું. અને તેથી દુનિયા મને દૂર કરે તોયે એનો સહવાસ હું શોધું છું. જે રસથી મેં ઝાડ અને પહાડ

જોયાં છે, તે જ રસથી ઝૂંપડાંઓ અને રાજમહેલો જોયાં છે. જે રસથી શંખલાંઓ જોયાં છે એ જ રસથી અજાયબઘરો (મ્યુઝિયમો) જોયાં છે. જે કાયોત્સર્ગથી જંગલોમાં વિચર્યો છું એ જ વૃત્તિથી યાત્રાઓમાં, સંમેલનોમાં અને ઉત્સવોમાં ભળ્યો છું. સૂર્યોદય, સૂર્યાસ્ત અને મધ્યાહ્ન જોતાં મને જે આનંદ છૂટ્યો છે એ જ આનંદ મને રવિભાઈ, કનુભાઈ અને સોમાલાલ શાહની કૃતિઓ જોઈને મળ્યો છે. પણ જે પોતાને કળારસિક તરીકે ઓળખાવતાં પણ સંકોચાય તે સાંગોપાંગ વિવેચન શું કરવાનો હતો! મેં હમણાં જ કહ્યું તેમ હું મારી ઢબે કળાનો આશક હોઈ એ જ મારું ગાંડપણ બીજાને વળગાડવાનો પ્રયત્ન કરી શકું. દુનિયામાં અનેક રૂપે વિચરતી, વિકસતી અને વિલસતી કળાને ઓળખવા માટે જેટલું રખડ્યો છું તેટલું જો મારા શ્રોતાઓને કલ્પના દ્વારા રખડાવું તો મારું કામ પૂરું થયું. પૃથ્વીના ઉદરનાં રત્નો, સમુદ્રનાં મોતી, ઝાડ પરનાં પુષ્પો, આકાશનાં પક્ષીઓ, અનંત તારલાઓ અને કવિઓની કલ્પનાઓ નિહાળીને અને કળાકારોની સુંદર તેમ જ ભવ્ય, અટૂલી તેમ જ જથ્થાબંધ જૂની અને નવી કૃતિઓનું પાન કરીને મેં કેની કેની પાસેથી કળાની દીક્ષા લીધી છે એનું જ બયાન જો અહીં કરું તો કળાનું ક્ષેત્ર કેટલું સાર્વભૌમ છે અને એની શક્તિ કેટલી સર્વગામી છે તેનો કંઈક ખ્યાલ આપી શકું.

સાહિત્ય પરિષદમાં એક અંગ તરીકે જ્યારે કળાને સ્થાન આપવામાં આવે છે ત્યારે સાહિત્યની દૃષ્ટિએ અને જીવનની દૃષ્ટિએ જ કળાનું વિવેચન કરવાનું હોય છે. કળાની સાંગોપાંગ મીમાંસા કરવી, અઢાર પાઘડીના કળાધરોને સંગઠિત કરવા, એમના યોગ-ક્ષેમની ચિંતા વહન કરવી એ બધું સ્વતંત્ર કળાપરિષદનું કામ છે. એ કામ મહત્ત્વનું છે, રાષ્ટ્રીય વિકાસમાં આવશ્યક છે. પણ સાહિત્ય પરિષદ એ ન કરી શકે એટલી મર્યાદા સમજીને જ આપણે આગળ ચાલવું ઘટે છે.

આજ સુધી કળા ઉપર અનેક વ્યાખ્યાનો થયાં છે, નિબંધો લખાયા છે, ચર્ચાઓ ગોઠવાઈ છે અને અત્યંત આવશ્યક એવાં પ્રદર્શનો પણ ભરાયાં છે. દરેક ઠેકાણે પ્રમુખે કળાની વ્યાખ્યા

આપવી, વિકાસનો ઇતિહાસ રજૂ કરવો, ભવિષ્યની દિશા દોરવી, સમાજને કળાનું મહત્ત્વ સમજાવવું, એટલું કામ કર્યું જ છે. અને એવી પણ પ્રથા પડી છે કે, બાદશાહના જન્મદિવસે જેમ અનેક લોકોને ઇલકાબો એનાયત કરવામાં આવે છે તેમ નામ લેવા લાયક તમામ કળાકારોની નામાવલિ પ્રમુખે ગાવી જોઈએ. અને દરેક માટે દરબારી અને સાહિત્યસુંદર વિશેષણો વાપરવાં જોઈએ. પ્રમુખનું ભાષણ હાથ આવ્યું કે ઉત્સુક લોકો એ ભાગ ઉપર જ તૂટી પડે છે કે કેનું કેનું નામ આવ્યું છે અને દરેક માટે શું શું કહેવાયું છે. અને એમાં જો પોતાના માનીતા કળાકારનું નામ ન હોય અથવા એનાં પૂરતાં વખાણ ન કર્યાં હોય, અથવા પૂરતાં વખાણ કર્યાં છતાં એનાથી ઊતરતા કળાકારને પણ એની જ હારમાં બેસાડ્યા હોય, તો પોતાનો માનીતો કળાકાર નીવડ્યો નથી એમ લોકો નથી માનતા પણ પ્રમુખને જ નપાસ ગણે છે. પણ મારો વિશ્વાસ છે કે મારી એવી પરીક્ષા કરવાને બદલે, સંસ્કારી નાગરિકો જેમ સામાન્ય સભામાં પોતાની સજ્જનતા ઉપર વિશ્વાસ રાખી, ગમે તેવા પ્રમુખને નભાવી લે છે તેમ મને પણ તમે અહીં નભાવી લેશો.

૨

સાહિત્ય, સંગીત અને કળા

જેમ કપડાના શણગાર માટે 'કિનાર અને પાલવ' હોય છે, તેમ જીવનના આનંદ માટે સાહિત્ય, સંગીત અને કળા હોય છે, એવી માન્યતા દુનિયામાં બધે છે. કિનાર કે પાલવ વગર સાડી બની શકતી નથી એમ નથી; છતાં એ હોય છે ત્યારે જ આપણને સાડી સાડી જેવી લાગે છે. તે જ પ્રમાણે સાહિત્ય, સંગીત અને કળા વિના જીવવું શક્ય હોવા છતાં, આપણે એને જીવનનું નામ નહિ આપીએ. કિનાર અને પાલવ એ સાડીનો આકર્ષક ભાગ છે, પણ મુખ્ય ભાગ નથી. એકલી કિનાર અને પાલવને કોઈ ઓઢી ન શકે. એકલી કિનાર અને પાલવ ગમે તેટલાં સુંદર હોય તોય એ શોભે પણ નહિ. સાડી છે માટે તો કિનાર અને પાલવનું મહત્ત્વ છે. સાડીથી એ કૃતાર્થ થાય છે.

આ થઈ સામાન્ય લોકની વાત. પણ કોઈ પણ વસ્તુનું મહત્ત્વ સ્વીકારવા જ્યારે બેસીએ છીએ અને એને સમાજના મન પર ઠસાવવા માગીએ છીએ ત્યારે એ વસ્તુને જ કેન્દ્રમાં મૂકી આખી સૃષ્ટિ એની આસપાસ ફરતી કર્યા વગર આપણી નિષ્ઠાને સંતોષ થતો નથી. આપણે પૃથ્વી પર રહીએ છીએ એટલા ખાતર જ પૃથ્વીને ગ્રહ–નક્ષત્ર–તારાનું મધ્ય કલ્પીને આપણે એક પ્રકારનું જ્યોતિષ ઊભું કર્યું હતું. આપણને આપણું વ્યક્તિત્વ વહાલું લાગે છે એટલા ખાતર આપણે આખી સૃષ્ટિ આપણા અહંકારનું કેવળ પોષણ છે એમ માની લીધું. યુરોપના એક બે રાજાઓએ એવી જ ભાવનાથી 'I am the State' કહ્યું. પણ એ અહંકાર સત્ય–સૂર્ય આગળ શી રીતે નભી શકે? હું જ જીવન છું કે જીવનસર્વસ્વ છું એમ કળા કેમ કહી શકે? કળા તો જીવનના શણગાર તરીકે જ શોભે અને કૃતાર્થ થાય.

સાહિત્ય, સંગીત અને કળા ત્રણેય એકબીજાનાં પરમ મિત્ર છે, એકકુટુંબી છે. એમના પરસ્પર સહકારથી જીવન પરમ રમણીય અને સુવાસિત થાય છે. પણ ધીમે ધીમે આ ત્રણે પોતપોતાનું અલગ સાર્વભૌમ સામ્રાજ્ય સ્થાપવાનો પ્રયત્ન કરે છે. આજે જ આવા પ્રયત્નો થવા લાગ્યા છે એમ નહિ; વખતોવખત એવા પ્રયત્ન થતા આવ્યા છે. અને હંમેશ એમાંથી નિષ્ફળતા જ નીપજી છે. 'હું તો કેવળ એકલા સંગીતની જ ઉપાસના કરું, એ નાદબ્રહ્મ મને મોક્ષે લઈ જશે' એમ કહી કેટલાક ગાનાચાર્યોએ સંગીતની અનન્ય ભક્તિ આદરી. આદ્ય આચાર્યોની એ અનન્ય નિષ્ઠા પાછળ જીવનની વિભૂતિ પણ અલૌકિક હોવાથી સંગીત વાટે તેઓ તો જીવનને પરમ કોટિએ પહોંચાડી શક્યા. પણ એમનું અનુકરણ કરનાર કેટલાક અનુયાયીઓ એ ન જોઈ શક્યા કે જીવનનું કોઈ પણ એક પાસું ખરેખર પૂર્ણ રીતે કેળવતાં સમગ્ર જીવન જ કેળવવું પડે છે, અને તેમ ન કરીએ તો એકાંગિતાની અભદ્ર અને વિરૂપ વિભૂતિ આપણને ખાવા ધાય છે. કેવળ ગાયનના ઉસ્તાદો આપણે અનેક જોઈએ છીએ. તેમનો સામાજિક વિવેક અથવા એનો અભાવ, તેમનામાંથી કેટલાકનું સાહિત્ય વિષેનું અજ્ઞાન, રસિકતા સાથેનું એમનું વેર, એમનો તરંગી સ્વભાવ—એ બધું

જોતાં સંગીતવિદ્યા આવા માણસને પલ્લે ક્યાંથી પડી એવું જ દરેક રસિક શિષ્ટજનને થાય છે. ચિત્રકળા વિષે પણ અનેક વાર એમ જ કહી શકાય.

સાહિત્યની બાબતમાં સ્થિતિ જરાક જુદી રહી. સાહિત્યની ખિલવણી ધર્મપ્રચારને અર્થે અને કેળવણીના સાધન તરીકે થઈ હોવાથી સાહિત્ય સાથે સામાન્ય અને વિશેષ સંસ્કારિતાને અવકાશ રહ્યો. પણ જો 'સાહિત્ય માટે જ સાહિત્ય' કહીને એનું પણ જો સ્વતંત્ર દર્શન કરવામાં આવે તો સાહિત્યકોવિદો પણ કારીગરો અને ઉસ્તાદોની હારમાં જઈને પડ્યા વગર રહે નહિ.

વ્યાપક અર્થ લેતાં સંગીત અને કળાનાં પણ સ્વતંત્ર, સ્વયંભૂ અને સંપૂર્ણ દર્શનો થઈ શકે છે. પણ સાહિત્યને જે સામાજિક જીવન અને સંસ્કારિતા મળ્યાં છે તે તેમને હજી પૂરતાં મળ્યાં નથી. માટે સાહિત્યે મોટાભાઈની ફરજ સમજી, સંગીત અને કળાને પોતાની સાથે રાખવાં જોઈએ, અને એમને કેળવણીનો પૂરતો લાભ આપ્યા પછી જ એમને પોતાનું સ્વતંત્ર ક્ષેત્ર ખેડવા માટે આશીર્વાદ સાથે છૂટાં મૂકવાં જોઈએ. છૂટાં મૂકવાં જોઈએ એનો અર્થ એ નથી કે છૂટાછેડા કરવા જોઈએ. ભાઈબીજને દિવસે જેમ ભાઈબહેન ભેગાં થાય છે, તેમ સાહિત્ય, સંગીત અને કળા કોઈ ઉત્સવને પ્રસંગે એક ઘરમાં ભેગાં થાય એ જેમ જરૂરનું છે તેમ સ્વાભાવિક પણ છે.

હું માનું છું કે આવા જ કોઈ ધોરણને સ્વીકારી સાહિત્ય પરિષદે સંગીતનું મંગલાચરણ અને કળાનું પ્રદર્શન પોતાના ઉત્સવમાં ગોઠવેલાં છે. સંગીતની પરિષદો હોય છે—હોવી જોઈએ. કળાની સ્વતંત્ર પરિષદો ભરાઈ છે કે નહિ તે હું જાણતો નથી; પ્રદર્શનો ભરાય છે. તેમાં ભાષણો થાય છે, નિબંધો વંચાય છે પણ તેને પરિષદનું ગૌરવ ન અપાય. હું માનું છું કે સમાજના હિતચિંતકોએ અને અગ્રણીઓએ સમાજના વિકાસની દૃષ્ટિએ પ્રથમ સાહિત્યની ખિલવણી કરવી જોઈએ. અને પછી એવા વિકસિત સાહિત્યની મદદથી સંગીત અને કળાને પણ વ્યાપક ભાવનાની, સેવાની અને સર્વાંગીણ વિકાસની જીવનદીક્ષા આપવી જોઈએ. આજના સંગીતાચાર્યોની તપસ્યા, એમની ધગશ અને એમની જાગૃતિ બધાં

અભિનંદનીય છે. એમણે જૂનું સંઘર્યું, પોષ્યું, શોધખોળ કરી પોતાનો પંથ વધાર્યો, સંઘ બાંધ્યો. નવું અને પારકું સમજવાની કોશિશ પણ તેઓ કરે છે. દેશદેશાંતર જઈ સંગીતની ધજા ફરકાવવાનો પ્રયત્ન પણ તેઓ કરવા માગે છે પણ તેમને હજી જીવનદીક્ષા નહિ મળેલી હોવાથી, તેમની પાંખો હજી જીવનાકાશમાં ઊંચે ઊંચે ઊડી શકતી નથી. સ્વામી વિવેકાનંદને જીવનદીક્ષા ન મળી હોત તો એકલા સંન્યાસ અને વેદાંતદર્શનને જોરે તેઓ પશ્ચિમને જાગ્રત ન કરી શક્યા હોત. સ્વામી વિવેકાનંદે સંન્યાસ ને વેદાંત માટે જે કર્યું તે જ કોઈ જીવન-દીક્ષિતે સંગીત માટે કરવું જોઈએ. દિલીપકુમાર રાય જેવા જરાસરખી સંગીતની સેવા કરે તોયે આજે તેની જે અસાધારણ અસર થાય છે એનું કારણ એ ભદ્ર પુરુષની વ્યાપક સંસ્કારિતા જ છે.

સ્થાપત્ય કે ચિત્રકળાની બાબતમાં એમ જ થવું જોઈએ એમ કહેવાની ધૃષ્ટતા કરું? અસંખ્ય કળાકારો મારા પર તૂટી જ પડશે. જવાબમાં હું તો એટલું જ કહીશ કે જે સફળ કળાકારો થયા છે તેમનાં જીવનો તપાસો. તેઓ આદર્શ મહાત્મા, તપસ્વી કે સંત પુરુષો ભલે ન હોય પણ તેમનામાં અસાધારણ લાગણીઓ, ભાવનાની ઉત્કટતા અને કોમળતા અને એની પાછળ કુરબાન થવાની તમન્ના રહેલાં જ હતાં. જો એ જ લોકોને સર્વાંગીણ સંસ્કારિતાની દીક્ષા મળી હોત તો તેમણે શું પોતાની કળાને જોતજોતામાં જીવનની સમ્રાજ્ઞીની પદવી નહિ આપી દીધી હોત?

જ્યાં સુધી સાહિત્યકારો આગળ ધર્મતેજ, સમાજહિતૈષા અથવા ભક્તિનું રસાયણ હતું અથવા એમની આગળ જ્ઞાનની મૃગયા અને સમાજની સેવા કરવાની ઉત્કટતા હતી, ત્યાં સુધી તેઓ જીવનધુરીણો થયા. આજે પણ જીવનધુરીણો મોટે ભાગે સાહિત્યકુશળ હોય જ છે. જ્યાં જીવન ઉત્કટ છે ત્યાં એમાંથી સાહિત્યશક્તિ ઝરવી જ જોઈએ.

જ્યાં સુધી સાહિત્ય પાસે જીવનદષ્ટિ ઉપરાંત કોઈ પણ સંપ્રદાય, પંથ કે પક્ષમાં ન જડતી સર્વસંગ્રાહક ઉદારતા છે ત્યાં સુધી સાહિત્યનું આ ગુરુપદ ટકવાનું છે. અને તે કારણે જ એણે સંગીત અને કળાને પણ પોતાને ત્યાં નોતરી એમને પોતાનો રંગ લગાડવો

જોઈએ. જે દિવસે સાહિત્ય અહંપ્રેમમાં સપડાઈ 'સાહિત્યને ખાતર સાહિત્ય'નો આદર્શ સેવશે અને કેવળ સાહિત્યવિલાસમાં જ પોતાની કૃતાર્થતા જોશે, તે દિવસે એનું ગુરુપદ, એનું ગૌરવ અને એની વ્યાપક-દૃષ્ટિ બધું ખરી પડી, રાજદરબારમાં રહેતા નટ, વિટ, ગાયક અને વિદૂષકની કોટિએ તે જઈને પહોંચશે.

૩

કળાનું સ્વરૂપ

કળાનું વિવેચન કરવા જતાં વ્યાખ્યાથી જ શરૂઆત કરવી પડે. જેમ માણસને ઇન્દ્રિયોવાળા દેહની જરૂર છે, કુટુંબને ઘરની જરૂર છે, અને સમાજને વ્યવસ્થાતંત્રની જરૂર છે તેમ કળાને વ્યાખ્યાની જરૂર છે જ. પણ, મારી દૃષ્ટિએ વ્યાખ્યા એ વસ્તુ જ કળિયુગની છે. એક જણ વ્યાખ્યા કરે એટલે સામાન્ય રીતે સૌમ્ય પ્રકૃતિનો માણસ પણ એને સમજવા કરતાં તપાસવાને પ્રવૃત્ત થાય છે. દરેક વ્યાખ્યામાં તે એકાંગિતા જુએ છે, અને એમાંથી વાદાવાદ પેદા થાય છે. કળાની વ્યાખ્યા તર્કશુદ્ધ કરવા જતાં એમાં કળા હણાય છે. અને બુદ્ધિ પ્રતિકૂળ થઈ બેસે છે.

કળાનો આનંદ લૂંટતાં લૂંટતાં કળાને પૂર્ણ રીતે ઓળખવાની સ્વાભાવિક પ્રથા છોડીને કળાની વ્યાખ્યા કરવા મંડી પડવું એ તો ફૂલ નિહાળવાને અને સૂંઘવાને બદલે અસ્ત્રાવતી એના કટકા કરી, એની અંદરની રચના તપાસવા જેવું છે. થયેલી કળાપ્રતીતિ વ્યાખ્યા દ્વારા વ્યક્ત ભલે થતી હોય પણ કેવળ વ્યાખ્યા દ્વારા કોઈને કળાની શુદ્ધ પ્રતીતિ થઈ છે એમ નથી બન્યું.

જેમ સદાચારની અથવા ધર્માચારની વ્યાખ્યા કરવી મુશ્કેલ છે તેમ કળાનું લક્ષણ બાંધવું એ પણ એટલું જ મુશ્કેલ છે. આટલું તો સૌ કોઈ કબૂલશે કે જેમ માતૃમાન, પિતૃમાન અને આચાર્યવાન યુવાનો વડીલોના સહવાસમાંથી જ સદાચારનું રહસ્ય જાણી લે છે, તેમ જ કળાનું રહસ્ય પણ જીવનરસિક, સંસ્કારસમર્થ કળાધરોના સહવાસથી અને એમની અનેકાનેક કળાપ્રવૃત્તિઓના ધ્યાનથી આપણને હૃદ્ગત થઈ શકે છે. પછી જ્યાં સારી કળા નથી ત્યાં કોઈ એને કળા તરીકે ઓળખાવે તો આપણને ગ્લાનિ જ પેદા થાય.

માટે કળામીમાંસાની તાર્કિક કે તાત્ત્વિક શૈલીનું અવલંબન કરી કળાની ચર્ચા કરવા કરતાં જો માણસ પોતાને શું ગમ્યું અને શું નથી ગમ્યું, અને તેવી લાગણી થવા માટે શાં શાં કારણો થયાં એટલું જો બતાવી દે તો કળાની અને કળાપિપાસુ સમાજની ભારે સેવા થઈ જાય.

છતાં આજના વિચિત્ર જમાનામાં કળાને નામે એટલો બધો કચરો વેચાય છે અને નરી વિલાસિતા એટલી તો કળાનું સ્થાન પચાવી બેઠી છે કે કળાનું સ્વરૂપ નક્કી નહિ કરી શકીએ તો કળાને ઉત્તેજન આપવાની પ્રવૃત્તિમાં જ ખરી કળા ગૂંગળાઈ જવાની છે.

શુક્રનીતિમાં કળાની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે મૂંગા માણસને જે સાધ્ય હોય તે કળા. સાહિત્ય અને સંગીતથી કળાને જુદી પાડવા માટે આ વર્ણન કર્યું હશે. પણ લેખનમાં મૂંગા લોકો ફાવી જાય છે, એ આ વર્ણનની કે વ્યાખ્યાની ખામી છે. આજકાલ લલિત સાહિત્ય એ જ કળાનું પ્રધાન અંગ થયું છે. નાટકો, કાવ્યો, લઘુકથાઓ, સરસ શૈલીમાં લખેલા નિબંધો એ બધાં કળાકૃતિ જ ગણાય છે અને ગ્રંથકારો હવે પ્રમુખ કળાધરો ગણાય છે.

એક પક્ષ એવો છે કે જેને મન કુદરતનું સૌંદર્ય ગમે તેટલું આકર્ષક, મોહક અને ઉન્નતિપોષક હોય તોયે તેને કળા ન કહેવાય: કળા એ માણસની જ કૃતિ હોવી જોઈએ. આ પક્ષમાં વજૂદ ઘણું છે અને એમાં અમુક મર્યાદા કે એકાંગીપણું પણ છે. પણ એની ચર્ચા થોડા સમય માટે મુલતવી રાખી આપણે એટલું તો કબૂલ કરશું કે, કુદરતના સૌંદર્યમાં કળા ભલે ન હોય, પણ કળાની દીક્ષા આપવાનું સામર્થ્ય તો છે જ. કળાના કેટલાયે પ્રકારો આપણે મૂળમાં કુદરત પાસેથી જ લીધા છે. પ્રથમ આકર્ષણ કુદરતનું હોય છે. એના ધ્યાનમાંથી આપણે અમુક માનવી અને દૈવી ભાવો પેદા કરીએ છીએ, અને સૌંદર્ય ઉપર જ ભાવવાહિતાનું આરોપણ કરીએ છીએ. સૌંદર્ય સાથે ભાવોનું મિલન થયું કે તરત એમાંથી સર્જનશક્તિ જાગ્રત થાય છે, અને એ પોતાની પ્રતિભાથી નવાં નવાં રૂપો, નવી નવી આકૃતિઓ,

નવા નવા વર્ણવિન્યાસો અને નવા નવા આલાપો પેદા કરે છે ભાવોની જાગ્રતિ, એમની નવનિર્મિતિ, એમની સંક્રાંતિ અને એમાંથી નીકળતી અસ્વસ્થતાને અંતે પ્રાપ્ત થતી તૃપ્તિ—એ બધું કળાનું સ્વરૂપ છે. એને માટે વાહન તરીકે કઈ વસ્તુ વપરાય છે એ ગૌણ સવાલ છે. માટી, પથ્થર, લાકડું, ધાતુ, કાચ, સાણુ મીણ, હાથીદાંત ગમે તે પદાર્થ વાપરો; રંગ, રેખા, દોરા, મણિ ગમે તેની મદદ લો; ગદ્ય અને ગેય શબ્દો વાપરો અથવા મૂક અભિનય કરો; કળા સ્થાપત્યની હો કે નગરરચનાની હો, સમાજ રચનાની હો, કે મહાકાવ્યના સંવિધાનચાતુર્યની હો. કળા બધે એક જ છે. કળાનો ઉગમ વસ્તુજાતમાં નથી પણ મનુષ્યના હૃદયમાં છે.

૪

કળા અને વિલાસિતા

હૃદયના અમૂર્ત ભાવો, મૂર્ત વસ્તુઓ દ્વારા વ્યક્ત કરવા એ કળાનું પ્રધાન કાર્ય છે. જો એ મૂર્ત વસ્તુઓ અમૂર્ત ભાવોનું વાહન થવા ઉપરાંત પોતાના તરફ જ માણસનું ધ્યાન ખેંચે અને ઇન્દ્રિયોને એમની સ્વાભાવિક વૈષયિક તૃપ્તિ આપવા માંડે તો ત્યાં કળા મરી જ ગઈ સમજવી. મરી જાય નહિ તોયે વિકૃત તો થઈ જ જાય.

તેથી જ કળા અને વિલાસિતા એકબીજાના પડોશમાં રહેતાં છતાં અને જીવનમાં બંનેએ સ્થાન મેળવેલું હોવા છતાં એ બેને કોઈ કાળે મેળ ખાય નહિ. ત્યાગી માણસ જીવનની લાલચથી સો ગાઉ દૂર ભાગશે; તપસ્વી એ લાલચો પર કાબૂ મેળવશે. તાંત્રિક એ લાલચોને વશ થયા છતાં એમાંથી જ પરમ તત્ત્વની ઝાંખી કરવાનાં ફાંફાં મારશે; જ્યારે કળા એ લાલચોના વિષયનું અલિપ્તપણે તટસ્થપણે દર્શન કે શ્રવણ કરી, એ વિષયોમાંથી જ અમુકને કેવળ તટસ્થ સાધન બનાવી, એમાંથી બ્રહ્માનંદ-સહોદર એવા આનંદનો અનુભવ કરશે. કળાની સાધના કપરી છે, જોખમભરેલી છે પણ એની કુંચી જેના હાથમાં આવી તેને માટે એ સાધન શરૂઆતથી આખર સુધી આહ્લાદક નીવડે છે.

૫
સૌન્દર્ય અને સત્ય

કળા મારફતે પરમ તત્ત્વની પ્રાપ્તિ થશે જ, એમ તો કોઈ ખાતરીથી કહી ન શકે. કળાની સાધના પૂરી થયા પછી કલાતીત અને નિષ્કલ એવા પરમ તત્ત્વને પામવા માટે જુદી સાધના કરવાની રહેતી હશે અને એ સાધના સિદ્ધ થયા પછી જ સત્યનારાયણનું દર્શન થતું હશે. નરી કળા તત્ત્વજ્ઞાનનું સ્થાન કોઈ કાળે ન લઈ શકે. કળા ઘણી વાર અદ્‌ભુત રીતે તત્ત્વનું સૂચન કરે છે, પણ તત્ત્વનું શોધન ન કરી શકે. એને માટે તો સત્યનિષ્ઠાની સ્વતંત્ર અને તર્કકર્કશ સાધનાની જરૂર છે. સૌંદર્યદર્શન સત્યશોધનની ગરજ ન સારી શકે.

સત્ય સુંદર હોય છે. અને સૌન્દર્ય એ પણ એક મહાન સત્ય છે. પણ તમામ સત્ય આકર્ષક કે રમણીય હોય જ છે, એમ ન કહી શકાય, અને સૌંદર્યાનુભવ કેવળ સત્યઘન જ છે એમ પણ ન કહી શકાય. એટલું સ્પષ્ટ છે કે सत्यं, शिवं, અને सुंदरं એ ત્રણે એક જ મંગળ તત્ત્વની સ્વતંત્ર વિભૂતિઓ હોઈ એ ત્રણેમાં પરસ્પરાનુકૂલતા અને સુસંગતિ હોવાં જ જોઈએ. ત્રણે સ્વતંત્ર છે, સ્વયંભૂ છે, એ વિષે શંકા નથી. એકમાંથી બીજાની ઉત્પત્તિ અથવા ઉપપત્તિ સિદ્ધ કરી શકાત તો આપણા તર્ક–કઠોર પૂર્વજોએ આ ત્રણેને ઈશ્વરની ત્રણ વિભૂતિ ન જ માની હોત.

સત્યની શોધ અને કળાની પ્રતીતિ, એ બન્ને વ્યાપાર જુદા છે. તત્ત્વનો ગઢ જીતવાના આ વેગળા વેગળા હુમલાઓ છે. બન્ને પાછળની વૃત્તિઓ જુદી હોઈ એમની ફળપ્રાપ્તિ પણ જુદી જુદી છે. કળારસિક પોતાની વૃત્તિઓને અને લાગણીઓને કોમળ, ઉત્કટ અને શીઘ્રચેતન બનાવી દે છે, જ્યારે સત્યશોધક પોતાની વૃત્તિ અને લાગણીઓને કાબૂમાં રાખી બલ્કે એમનો સંયમ કરી પોતાની જિજ્ઞાસા તીવ્ર બનાવી બુદ્ધિને એકાગ્ર, અનન્યનિષ્ઠ અને પારગામી બનાવે છે. મૂળ સાધનામાં જ આટલો ફેર છે. સત્યશોધકને જે જડે તેટલાથી કળાદર્શીને સંતોષ ન થાય અને કળાદર્શી જેટલાથી સંતોષ માને તેટલાથી તો સત્યશોધક અસ્વસ્થ થઈ જાય. કળાદર્શી જ્યાં વિરામ પામે ત્યાંથી જ સત્યશોધક

આરંભ કરે. કળાનું દર્શન એ વીજળીના ઝબકારા જેવું હોય છે. જ્યારે સત્યનું શોધન વિજ્ઞાનશાસ્ત્રીના પ્રયોગ જેટલું ઊંડું હોય છે.

અને હવે તો એ વાત સૌએ સ્વીકારી છે કે સત્યનાં ઊંડાં ઊંડાં શોધનો કળાદૃષ્ટિ વગર સંભવતાં જ નથી. મોટા મોટા વિજ્ઞાન-શાસ્ત્રીઓ અને તત્ત્વજ્ઞો મૂળે કળાદર્શકો હતા એમ હવે દેખાયું છે.

પણ આ શોધને લીધે કળાધરોની જેટલી પ્રતિષ્ઠા વધી છે તેટલી તેમની જવાબદારી પણ વધી છે. જો તેઓ કળાદર્શનથી જ સંતોષ માની બેસી જશે તો તેઓ જીવનદ્રોહી ગણાશે. 'કળા-ધરની કળાકૃતિ જુઓ, એના જીવનનો વિચાર ન કરો' એમ રસિક લોકો આજ સુધી કહેતા આવ્યા છે. હવે તો કળાદર્શી જો જીવ-નવીર ન થયો તો એને સમાજ જે કાંઈ સજા આપી શકે તે આપવી જ જોઈએ એમ બધા કહેશે. મફતની મળેલી મૂડી સુખેથી વાપરી એના ઉપર મોજ માણવાના દિવસો હવે રહ્યા નથી.

૬

કળા અને નીતિ

કળાને ને નીતિને, એટલે કે સદાચારને શું લાગેવળગે એમ પૂછનારા આજે ઘણા જાગ્યા છે. 'કળા કાંઈ નીતિની દાસી નથી; નીતિના નિયમો નીતિને ઘેર ભલે ચાલે; અમારી કળા તો નીતિ-નિરપેક્ષ છે.' એમ કેટલાક અભિમાનપૂર્વક કહે છે. બીજા કેટલાક કળાના ઉપાસકો એથી આગળ જઈને કહે છે કે "નીતિએ જ્યાં ત્યાં વિધિનિષેધનાં પાટિયાં ચોડી જીવનનું ઉદ્યાન કદરૂપું કરી મૂક્યું છે; પોતાના આગ્રહથી નીતિએ જીવન સુધાર્યું તો નથી જ, પણ નિર્દોષ સુખ અને વાજબી આનંદની પણ જ્યાં ત્યાં કતલ કરી છે; જીવનની સ્વાભાવિકતા નષ્ટ કરી વિકૃતિનું સામ્રાજ્ય ફેલાવ્યું છે; નીતિ જેવી આનંદવિનાશિની બીજી શક્તિ કે પ્રવૃત્તિ ભાગ્યે જ હશે. નીતિએ જે બગાડ્યું તે સુધારી આપવાનું કામ કળાનું છે. કળાના હાથમાં જીવન સુરક્ષિત હશે, સુખમય થશે, અને સહેલું તો બનશે જ. કળા નીતિનિરપેક્ષ છે, એટલું જ નહિ, પણ નીતિની અવેજીમાં જીવનનું સુકાન હાથમાં લેવાની એની લાયકાત છે. કળાને જ જીવનધર્મ બનાવી દો. નીતિધર્મનો અખતરો અત્યાર સુધી આપણે બહુ કર્યો."

દરેક નવા અને ઉત્સાહી પ્રયોગખોરની તરફેણમાં એક વસ્તુ હંમેશાં હોય જ છે કે જૂની પ્રથાના દોષો એ ઝટ ઝટ ગણાવી શકે, નવાનો જ્યાં પ્રયોગ જ શરૂ થયો નથી ત્યાં એના દોષો કોણ બતાવી શકે! જૂનાના દોષો જે આટલી ઝીણવટથી બતાવે છે તેની દૃષ્ટિ વ્યાપક હોવી જ જોઈએ, તેનું સામર્થ્ય અમોઘ જ હશે એવો સહેજે પૂર્વગ્રહ બંધાય છે. ઉપર વર્ણવેલા કળાવાદીએ એ સ્થિતિનો લાભ પૂરેપૂરો લીધો છે; અને ધર્મ, નીતિ, સામાજિક રૂઢિ, લોકસંકેત, કાયદાકાનૂન, રાજબંધારણ, બધું છોડી 'मामेकं शरणं व्रज' એ જાતની હાકલ જગાડી છે. કળા જેવી રમણીય પ્રેરક શક્તિ જો જીવનસ્વામિની થઈ જાય અને એમાંથી જો કેવળ મંગળ જ થતું હોય તો એથી રૂડું શું?

કળાની હિમાયત કરતી વખતે કળાનો જે વ્યાપક અર્થ કરવામાં આવે છે તેને જ એ લોકો વળગી રહે તો તો કશો જ વાંધો નથી; કેમ કે કળા એટલે જીવનકળા, સર્વ ધર્મોનો સમન્વય, આદર્શ જીવનની સહજ સુવાસ; એની સામે શું કહેવાનું હોય? પણ કળાનું સાર્વભૌમત્વ અને માંગલ્ય સિદ્ધ કર્યા પછી કળાના વાઇસરૉય તરીકે જે વ્યક્તિઓ સમાજધુરીણ થવા ઊભી થાય છે તેમને જોઈને જ કળાની આગેવાની સ્વીકારવી કે ન સ્વીકારવી એ નક્કી કરવું પડે છે. તાત્ત્વિક દૃષ્ટિએ વિચારતાં ધર્મ, નીતિ, કાયદા, કેળવણી, બંધારણ એ બધી વસ્તુઓ આદર્શરૂપમાં નિર્દોષ છે, સર્વસમર્થ છે. પણ પ્રત્યક્ષ વ્યવહારમાં કોક કોક વાર કેળવણીકારો જ અણકેળવાયેલા હોય છે, ધર્માચાર્યો જ અધર્મ અને અનાચારની મૂર્તિઓ હોય છે. રાજકન્યાને દોરનાર એક વિદુષી વિષે લખાયું છે, "She taught virtue by precept and vice by example." આ બાણવચન પોતાને લાગુ પડે છે કે નહિ એવું જો ધર્માચાર્યો, કેળવણીકારો, કાયદાપંડિતો, ન્યાયાધીશો, વૃત્તવિવેચકો (જર્નલિસ્ટ), અને પ્રજાસેવકો પોતપોતાના હૃદયને પૂછે તો કેટલાકનું મન અસ્વસ્થ થયા વગર રહે નહિ. કળાના ઉપાસકો બીજા જીવનવ્યવસ્થાપકોની નિંદા કરતાં કરતાં એ જ ખાડામાં પડેલા જોવામાં આવે છે. મેં ઉપર કહ્યું તેમ કળાની સાધના કપરી છે. ધર્મ, સદાચાર અને લોકરુચિ બધાંને તિલાંજલિ દઈ કેવળ કળાનું જ તંત્ર સ્વીકારનાર

લોકોનો જ્યારે અધઃપાત થાય છે ત્યારે તે સૌથી ભયાનક હોય છે. અપ્રતિમ ગાનારા, નવા નવા રાગોને જન્મ આપનારા, ચિત્ર દ્વારા રોજ ગંધર્વનગરી ઉત્પન્ન કરનારા, કવિતા દ્વારા માણસને અલૌકિક અનુભવ કરાવનારા, અને હૃદયને હચમચાવી નાંખે એવા પ્રવચન દ્વારા જીવન-જાગૃતિ કરનારા કેટલાક કળાધરોનું જીવન શંકાસ્પદ હોય છે એટલું જ નહિ, પણ પ્રાકૃત માણસને પણ સૂગ ચડાવે એવું હોય છે. અને આશ્ચર્યમૂઢ થઈને માણસ પૂછે છે, 'ઈશ્વરે આટલી દિવ્ય શક્તિ આવા સડેલા હૃદયને શી રીતે આપી હશે?'

પણ એમાં આશ્ચર્ય શું? શું ચોમાસાને અંતે આપણે એવાં ખાબોચિયાં નથી જોતા કે, જેની અંદર કાદવ સડતો હોય છે, અને જેનું પાણી પણ સ્વચ્છ નથી હોતું, ઝેરી લીલ અને જીવડાં જેમાં ખદબદતાં હોય છે, જેમાંથી રોજ સવારે જીવલેણ વાયુઓ પેદા થાય છે, અને જેનું ઊંડાણ એક વેંત કરતાં પણ વધારે નથી હોતું; અને છતાં એવાં ખાબોચિયાં પોતાનો પૃષ્ઠ ભાગ, પોતાનું મોઢું ઠાવકું અને ચળકતું રાખી, અનંત આકાશ, એના સુવર્ણ લાલપીળા મેઘ અને એમાંથી ડોકિયું કરતા અસંખ્ય તારાઓ — બધું જ આબાદ રીતે પ્રતિબિંબિત કરે છે! એક વેંત જેટલા ઊંડા ખાબોચિયામાં પણ જો અનંત આકાશ પ્રતિબિંબિત થઈ શકે છે તો જેનો જીવનહેતુ પ્રાકૃત માણસના જેટલો પણ સ્વચ્છ કે ઊંડો નથી હોતો એવો કળાકાર જીવનનાં અસંખ્ય ગૂઢ રહસ્યો પોતાની અલૌકિક કલ્પના દ્વારા વ્યક્ત કરે તો તેમાં આશ્ચર્ય શું? એવાઓને આવી શક્તિ ક્યાંથી મળે છે અને આટલું દિવ્ય દર્શન એમના જીવનમાં પરિવર્તન કરવાને કેમ સમર્થ નથી હોતું એ એક ઈશ્વરની સૃષ્ટિનું ભારે ગૂઢ છે. દરેક કળાકારમાં આર્યતા, સદાચાર, વૃત્તિની ભવ્યતા હોય જ છે, એમ આપણે જોતા નથી. કેટલાક સડેલા લોકો પણ અદ્‌ભુત કળાકૃતિ નિર્માણ કરી શકે છે એ પણ ખરું છે. છતાં આપણી એ શ્રદ્ધા આપણે છોડી શકતા નથી કે, ઉચ્ચ કળા અને આર્ય સદાચાર એ બે વચ્ચે મેળ હોવો જ જોઈએ. બંને એકબીજાને અનેક રીતે પોષક થઈ શકે છે એ વિષે તો શંકા જ નથી.

કળા દ્વારા જીવનના કોમળ, લલિત, ઉદાત્ત અદ્‌ભુત, ભવ્ય અને ચમત્કૃતિજનક પ્રસંગો ઓળખવાની શક્તિ આપણે કેળવીએ છીએ. એમાંથી સદાચાર નીપજશે જ એની ખાતરી ન અપાય; છતાં સદાચાર એટલે કે જીવનની ભવ્યતા, આર્યતા, ઉદાત્તતા, અને કૃતાર્થતા નીપજવાનાં હોય તો કળાની સંસ્કારિતા અને સમભાવિતા એમાં ખૂબ મદદ કરશે એ વિષે શંકા નથી. છતાં એક વસ્તુ સમજ્યે જ છૂટકો. દુરાચાર, પાપ, નીચતા, દુષ્ટતા,—બધા માટે ઓસડ જડે એમ છે; પણ રીઢાપણાનું ઓસડ નથી. કેટલાક કળાકારો ઉદાત્ત, કોમળ, પ્રસન્નગંભીર અને ભીષણસુંદર, એવી કળાની અનેક વિભૂતિઓનું હંમેશાં દર્શન કરી કરીને એવા તો રીઢા બનેલા હોય છે કે જાણે મંદિરના પૂજારીઓ અથવા તીર્થસ્થાનના પંડાઓ! એમને માટે કશી જ અપીલ અસરકારક રહેતી નથી. એક અંગ્રેજ કવિએ ચિડાઈને એવાના હૃદયને 'Leather hearts' કહ્યું છે. હૃદયનું જો 'ક્રોમ-લેધર' કરી મૂક્યું તો પછી એને કોણ કેળવી શકે?

ખરું જોતાં કળા અને નીતિ, સદાચાર અને સદભિરુચિ, એ બે વચ્ચે વિરોધ ઊભો જ ન કરવો જોઈએ. જીવનવિનાશક, જીવનદ્રોહી કોઈ પણ વસ્તુ સારા માણસને સરસ કે કળાપૂર્ણ લાગે જ નહિ. અમુક ખાદ્ય પદાર્થ વાસી અને એંઠો છે, અમુક રમણી કુલટા છે, અમુક સ્વાદુ ફળ ઝેરી છે, અને અમુક ઉપદેશક શત્રુનો જાસૂસ છે, એવી ખબર પડયા પછી, જેમ એમનું આકર્ષણ તત્કાલ મટી જાય છે, તે જ પ્રમાણે જેમાં સદાચારનો વિરોધ છે, જે વસ્તુમાં લોકસમુદાયનો દ્રોહ છે, જેમાંથી દુઃખ, મોહ અથવા પશ્ચાત્તાપ જ ઊપજવાનાં છે, એવો ખ્યાલ થયો કે તરત તે વસ્તુનો રસ, એની આકર્ષકતા એની મેળે મટી જાય છે. જે કોઈ જીવનદ્રોહી અને સમાજકંટક હશે તે જ એને વળગી રહેશે.

સદાચાર એ જ જીવનની સુંદરતા છે. ન્યાય, ઉદારતા, કારુણ્ય, ક્ષમા, શાંતિ, ત્યાગ, વીરતા,—એ બધી વસ્તુઓ જ જીવનનો ઉત્તમ ભાગ છે. એને દગો દઈ, એનો ઇનકાર કરી કોઈ કળા માણસ આગળ આવીને ઊભી રહે, અને એનું મોઢું ગમે તેટલું રૂપાળું હોય તોય એ આપણને શી રીતે આકર્ષી શકે?

સદાચારને નામે અનેક રૂઢિઓ અને સમાજના આગેવાનોની જૂની કે નવી જોહુકમી માન્યતાઓ સમાજ પર રાજ્ય કરે છે. એમાંથી નાંખી દેવા જેવી વસ્તુઓ જરૂર નાંખી દઈએ પણ કળાએ પોતાનું નિર્વિવાદ સ્વાતંત્ર્ય નવેસર સિદ્ધ કરવા માટે સદાચારનો વિરોધ જ કરવો જોઈએ એમ શા માટે માનવું? સદાચાર એ પણ અંતે સર્વોચ્ચ જીવનકળા જ છે.

અને સદાચારે પણ કળા સાથે સાસુપણું ચલાવવાનો આગ્રહ છોડી દેવો જોઈએ. કળાની ખૂબી ગમે તે વસ્તુ તટસ્થ ભાવે સ્વીકારવાના, તટસ્થ ભાવે વાપરવાના, અને કોઈ યોગીની પેઠે એની સાથે શરૂથી અંત સુધી તાદાત્મ અનુભવતા છતાં અનાસક્ત રહેવાના કૌશલ્યમાં રહેલી છે. એ કૌશલ્યમાંથી જો કળાકાર પતિત થયો તો સાચા કળાકારો પોતે જ એને ન્યાતબહાર મૂકશે. વિષયિતા, વિલાસિતા અને લંપટતા એ સદાચારની જેટલી શત્રુ છે એટલી જ કળાની પણ છે. દંભી સદાચાર જેમ આ ડાકણો સાથે ઘણી વાર માંડવાળ કરે છે તો ભ્રાંત કળા પણ તેમ કર્યાં વગર કેમ રહે? વિલાસિતા, લંપટતા, વિષયિતા કળામાં ભળી જાય ત્યારે એને માટે ઇલાજ કરવાનું કામ સમર્થ કળાકારોને હાથે જ થઈ શકે તો સારું. નાત નાતને સારી રીતે ઓળખે છે. એટલે કળાના ઉચ્છૃંખલપણાનો નીતિના કાયદાથી વિરોધ કરવા કરતાં જીવનનિષ્ટ, સદાચારપરાયણ, આર્ય કળાકારો પેદા કરવા અને એમની મારફતે જ હીન કળાને ઝાંખી પાડવી એ સારો ઉપાય છે. શ્રેષ્ટ કળાકારો જ્યારે પોતાની આ ફરજમાંથી ચૂકે છે ત્યારે જ સમાજધુરીણોને મામલો હાથમાં લેવો પડે છે.

અહીં એક વસ્તુ આપણે ધ્યાનમાં લેવી જોઈએ. આપણે કેડ કસીએ નહિ તો દુનિયામાં નિરપવાદ દુરાચાર અને વિલાસિતા જ ફેલાશે એમ માનવામાં ભૂલ થાય છે. એમાં અશ્રદ્ધા છે, નાસ્તિકતા છે. જો આ વિશ્વમાં ચૈતન્ય–તત્ત્વ ભરેલું હોય તો આ સદસદાત્મક વિશ્વમાં માણસ ધારે તોયે પૂર્ણ રીતે દુરાચારી ન થઈ શકે. મહાત્મા થવું જેટલું અઘરું છે એટલું જ નિર્ભેળ દુરાત્મા થવું અશક્ય છે. દરેક પાપ અને પતનનું ઓસડ એની

સાથે જ જન્મે છે, અને માણસની પોતાના પાપ પ્રત્યેની ધીરજ પણ અંતે ખૂટે જ છે. માટે માણસે એટલું જ જોવાનું કે પાપપુણ્ય, સદાચાર-દુરાચાર, સુરુચિકુરુચિ વચ્ચેના સનાતન ગજગ્રાહમાં પોતાનું ખેંચાણ સત્-પક્ષ તરફ જ હોવું જોઈએ. આક્રોશ કરવાથીં અને ધીરજ ખોઈ બેસવાથી કશું વળવાનું નથી. સમાજને અને દુનિયાને શુદ્ધ કરવા જતા પહેલાં આપણી પોતાની જાતને જ રસ્તા પર લાવવાનો પ્રયત્ન કરીશું તો એ પ્રવૃત્તિ જ મોડીવહેલી સંક્રામક (ચેપી) નીવડવાની છે.

સદાચાર અને રૂઢાચાર વચ્ચેનો ભેદ અહીં સ્પષ્ટ જાણવો જોઈએ. સદાચાર એ હૃદયની લાગણી છે, એ અંદરની સ્વચ્છતા છે, જ્યારે રૂઢાચાર સમાજની માન્યતા ઉપર રચાયેલો હોય છે. એ લોકલાગણીને વશ રહે છે. રૂઢાચારી સદાચારી હોવાનો સફળ ડોળ કરી શકે છે, પણ સદાચારનું ફળ કે પુણ્ય મેળવી ન શકે. શરીરના અવયવો બની શકે તેટલા ઢાંકવામાં સદાચાર રહેલો છે એમ એક જમાનાએ માન્યું અને શીખવ્યું. એમાંથી રૂઢિના આદર્શો કેળવાયા. જો ચિત્રોમાં નગ્નતા બતાવવામાં આવે તો સામાજિક નીતિનો હાહાકાર થઈ જાય એમ લોકો માનવા લાગ્યા.

આની સામે બીજા કેટલાક કહેવા લાગ્યા કે જ્યાં નિખાલસપણું છે ત્યાં પવિત્રતા હોવી જ હોઈએ. પણ અનુભવે કહ્યું કે જેમ રૂઢાચારમાં અનાચાર છૂપો રહી શકે છે તેમ સ્વૈરાચારમાં પણ અનાચાર ફાવી શકે છે. રૂઢિનિષ્ઠા અને બંડખોરપણું બન્નેમાં સત્યનિષ્ઠા અથવા શિવપરાયણતા વસે જ અથવા વસવાં જ જોઈએ એમ સિદ્ધ નથી થયું.

છેલ્લા દાયકામાં આ સવાલ બહુ ચર્ચાયો—કળામાં નગ્નતાનું દર્શન કરાવાય કે નહિ? પણ તે વખતે પણ આ સવાલ સાવ કોરો નહોતો. જૂના વખતમાં આપણા શાક્ત તાંત્રિકોએ નગ્નતાની ઉપાસના ઓછી નથી કરી. અને એનાં ફળ પણ આપણે જોઈ લીધાં છે. આપણી ભાષામાં નિંદાના અર્થમાં વપરાતો 'છાકટો' શબ્દ 'શાક્ત' ઉપરથી આવ્યો છે. એ જ આ સવાલ માટે પૂરતો

જવાબ છે. તેવી દાનત અને આવડત હોય તો નગ્નતામાં પણ પૂર્ણ પાવિત્ર્ય બતાવી શકાય. દક્ષિણમાં ભદ્રબાહુ બાહુબળી ગોમટેશ્વરની નાગી મૂર્તિઓ છે. એટલી મોટી કે માઈલો સુધી લોકો એમને જોઈ શકે છે. પણ એમના મોઢા ઉપર મૂર્તિકારોએ એવો તો ઉપશમ બતાવ્યો છે કે એ પવિત્ર નગ્નતા જોનારને દીક્ષારૂપ જ બની જાય છે; પુરુષનું શરીર હોકે સ્ત્રીનું, પશુનું હો કે પક્ષીનું, એમાં બીભત્સતા છે જ નહિ. અશ્લીલતા શરીર ઉપર નથી પણ મનના ભાવમાં છે. પોતાનું દિગંબર ચિત્ર અશ્લીલ બનાવવું અથવા કલાપૂત બનાવવું એ ચિત્રકારના હાથમાં છે, મૂર્તિકારના હાથમાં છે. આજકાલ જ્યાં ત્યાં વિકારોનું ઉદ્દીપન કરી સમાજ પાસેથી પૈસા કઢાવવાનો પ્રયત્ન ચાલે છે ત્યાં આ વાત ન સમજાય. સાહિત્યમાં શું અને કળામાં શું, લોકોની ચિત્તવૃત્તિ કામુક અને વિલાસપ્રવણ બનાવવાનો પ્રયત્ન કરનાર 'કળાધરો' અને જૂના વખતમાં યાકૂતી ખાઈ ખાઈ નિઃસત્વ બનેલા રાજાઓ અને નવાબોની વિષયવાસના ફરી જાગ્રત કરી આપનાર એમના આશ્રિતો વચ્ચે કાળનો ફેર હોય, પદ્ધતિનો ફેર હોય પણ જાતિનો ફેર નથી જ. સમાજનો આવા વિટવર્ગની જરૂર હોય તો સમાજ ભલે એને રાખે પણ એને કળાધર ન કહે.

શુદ્ધ સૌંદર્યની દૃષ્ટિ રાખી હિંમતપૂર્વક નગ્નતાને પણ કળાનો વિષય બનાવવો એ જુદું; અને વિકારોને ઉત્તેજન મળે એવાં ચિત્રો કાઢી વિકારલોલુપ લોકોને મોઢે એમને સુંદર કહેવડાવવાં એ જુદું. વિકારની હસ્તી સિદ્ધ કરવી અથવા વિકારિતાનો કોઈના પર આક્ષેપ કરવો મુશ્કેલ કામ છે. પણ પોતાનું મન વિકારી થાય છે કે નહિ એ પોતાને માટે નક્કી કરવું જરાયે અઘરું નથી. એની મુશ્કેલી દંભી જમાનામાં જ પ્રતીત થાય છે. વિકાર તો આખા શરીરમાં ઓછેવત્તે અંશે એક વિશિષ્ટ રોમાંચ (thrill) પેદા કરે છે. એમાં ક્ષણિક ઉત્તેજના અને અંતે શૈથિલ્ય અથવા નિચોવાવાપણું બંને હોય છે. અને વૃત્તિઓ નફ્ફટ ન થઈ હોય તો શરમાવાપણું પણ અમુક અંશે હોય જ છે.

૭

કળાનંદ

કળાનાં અનેક વર્ણનો અને એની અનેક વ્યાખ્યાઓ વાંચી વિચારી મેં મારે માટે એક સૂત્ર બાંધી લીધું છે. એ વ્યાખ્યા નથી પણ કળાનું વ્યાકરણ કહેવાય. મને તો બધી વ્યાખ્યાઓ કરતાં એ સૂત્ર વધારે બંધબેસતું લાગે છે. એ સૂત્રને હું કેળવણીમાં પણ ઘટાવું છું અને યોગવિદ્યામાં પણ ઘટાવું છું; જીવનશાસ્ત્રમાં પણ ઘટાવું છું અને કળાનું તો એ મારે મન હાર્દ જ છે. દુનિયાનાં સુખોપભોગમાં અને કળાના આનંદમાં મૂળે જ ભેદ છે એ સૌ કોઈ કળાધરો સ્વીકારે છે. ઇન્દ્રિય અને એમના વિષયોનો સંનિકર્ષ સુખદુઃખ બંને પેદા કરે છે, અને જ્યાં સુખ હોય છે ત્યાં પણ એ સ્થાયી અને પરિણામે રમણીય નથી હોતું. જ્યારે કળાના આનંદનું સ્વરૂપ જ એવું છે કે એની આગળ સુખદુઃખ ગમે તે આવે, કળા તો એમાંથી સરખો નિરપવાદ આનંદ જ લઈ શકે છે. કોઈ શોકાંતિકા (tragedy) જોઈને આપણે પીગળીને અશ્રુમય થઈ જઈએ છીએ. અને છતાં એ શોકાંતિકા અનેક વાર જોવાનો કે વાંચવાનો રસ આપણે છોડી શકતા નથી. જે દરિદ્ર અવસ્થામાં એક ક્ષણ પણ રહેવાની આપણી હિંમત ન હોય એનું જ આબેહૂબ વર્ણન જોઈ આપણામાં જે સમભાવ કે પુણ્યપ્રકોપ જાગે છે તે તો આપણને આવકારપાત્ર જ લાગે છે.

આમ કેમ થતું હશે! માણસને દુઃખ ગમતું નથી છતાં જીવનમાં દુઃખ તો છે જ. દુઃખ છે એટલું જ નહિ, પણ એનો ઉપયોગ પણ છે. દુઃખમાંથી જ આપણે અનુભવસમૃદ્ધ થઈએ છીએ; આપણું વ્યક્તિત્વ, આપણી personality, અથવા ગીતાની પરિભાષામાં કહીએ તો આપણું અધ્યાત્મ* વધે છે. સમભાવને લીધે આપણું વ્યક્તિત્વ આપણા શરીરમાંથી બહાર નીકળી ઇન્દ્રિયોનું બંધન તોડી, સંકુચિતતામાંથી ઊગરી જઈ વિકાસ પામે છે અને આપણા દેહથી ભિન્ન એવા વ્યક્તિઓ,

---

*ગીતામાં ' स्वभावो अध्यात्मं उच्यते ' એવી વ્યાખ્યા કરી છે ત્યાં સ્વ-ભાવ એટલે માણસની personality, એને જ અધ્યાત્મ પણ કહે છે.

મૂર્તિઓ, ઘટનાઓ, પ્રતીકો અને તત્ત્વો સાથે એકરૂપ થઈ જાય છે. આ વ્યક્તિત્વનો વિકાસ એ જ આનંદ છે. સામાન્યપણે સુસ્ત કે સ્વસ્થ દશામાં માણસને પોતાની શક્તિનું ભાન નથી હોતું. દુઃખ કે સંકટને પ્રસંગે એની શક્તિનો આવિર્ભાવ થાય છે. એ આવિર્ભાવ તે વખતે કષ્ટકારક ભલે હોય પણ એટલો અનુભવ મેળવવાની પોતાની શક્તિનો પરિચય તો માણસને સમાધાનકારક હોય જ છે. વિજ્ઞાનના પ્રયોગો, વિગ્રહનાં પરાક્રમો અને જીવનના અખતરાઓ — બધા જ આપણને આપણા અધ્યાત્મના વિકાસનો આનંદ આપે છે. આ વ્યક્તિત્વવિકાસની જે કળા અથવા કૌશલ્ય તે જ યોગ છે. કેળવણીનું પ્રયોજન પણ અંતે 'અધ્યાત્મ'નો વિકાસ જ છે. ઇન્દ્રિયો મારફતે સુખદુઃખાદિ લાગણીઓનો અનુભવ કરવો એ પ્રાથમિક દશા છે. એ લાગણીઓને કેળવ્યા છતાં એમને ગૌણ કરી એમાંથી અધ્યાત્મનો આનંદ સીધી રીતે લઈ લેવો એ કળાનું કામ છે. અને એમાં જ કળાની મહત્તા પણ છે. ગળ્યાં ગળ્યાં પકવાનો કે મધુર ફળો ખાતાં, ઉનાળામાં શીત ઉપચાર સેવતાં, શિયાળામાં હૂંફાળી પથારીમાં આળોટતાં નિરતિશય સુખ કોને નથી થતું? એ સુખને લઈને તો માણસ અને પશુપક્ષીઓ જીવે છે. અને એને માટે જ આખો જન્મારો મથતાં હોય છે. પણ કોઈ માણસ જાતજાતનાં પકવાનો રસપૂર્વક ખાય છે એટલા માટે કોઈ એને બહાદુર, મહાન કે સમર્થ ગણતું નથી, કહેતું નથી. પશુપક્ષીઓ વિષય સેવે છે. માણસો પણ વિષય સેવે છે. એમાં જુગુપ્સિત એવું કશું નથી. પણ એનું દર્શન કરવા, સ્મરણ અને ચિંતન કરવા બીજાને નોતરવા એ અશિષ્ટ છે, જુગુપ્સિત છે. એમાં કળાનંદ તો નથી જ.

પણ એ ભોગ સાથે જે ભાવનાઓ પેદા થાય છે એની વાત જુદી છે. એ ભાવનાનો આનંદ કાવ્યનો અને કળાનો વિષય થઈ શકે છે. એ ભાવનાઓનું સ્વરૂપ વિવિધ હોય છે, છતાં એમાં આનંદનું તત્ત્વ તો એમાંથી પ્રાપ્ત થતો અધ્યાત્મનો વિકાસ જ છે. એને જ શાસ્ત્રીય પરિભાષામાં તાદાત્મ્ય કહે છે. સૂર્યોદય કે સૂર્યાસ્તની ગંધર્વનગરી જોતાં આપણે દેહભાન ભૂલી જઈ એ દૃશ્ય સાથે તદાકાર, તન્મય અને તલ્લીન થઈ જઈએ છીએ. એ

લીનતા એ જ આનંદ છે; એમાં જ કળાનો અને કાવ્યનો આત્મા રહેલો છે. કાવ્યના આત્માને સાહિત્યકારો રસ કહે છે. મારે મન 'રસ' શબ્દ સૃ–સર્ ઉપરથી આવ્યો છે. (वर्णविपर्ययात्) ઝાડોમાં રસ સરે છે અથવા ઝરે છે; મોઢામાં રસ છૂટે છે. એ જ રીતે જ્યારે આપણું હૃદય દ્રવીને કોઈ પણ આકર્ષક વસ્તુ તરફ દ્રવે છે, સરે છે, રસે છે ત્યારે રસ પેદા થયો છે, એમ આપણે કહીએ છીએ. આમ જ વ્યક્તિત્વનો વિકાસ થઈ શકે છે.

આ વ્યક્તિત્વનો વિકાસ અથવા તાદાત્મ્ય એ જ આનંદનું સ્વરૂપ છે. પણ જ્યારે એ આનંદ ભૂલથી ઇન્દ્રિયોને તૃપ્તિ આપવા મથે છે ત્યારે એ રસધારા આત્માનો વિકાસ કરવાને બદલે આત્માને સંકુચિત કરી નાંખે છે, આત્મા અને અનાત્માનો ગોટાળો કરે છે, અને અંતે ફજેત થઈ આનંદ ખોઈ બેસે છે. આ સ્વરૂપચ્યુતિ એ જ મોટું અધઃપતન છે. ઇન્દ્રિયતૃપ્તિ મારફતે જો આત્મવિકાસ થતો હોત તો એને જ સર્વોચ્ચ આધ્યાત્મિક સાધના ગણી હોત. પણ એવું નથી. ઇન્દ્રિયસુખ એ આનંદ મેળવવાનાં ફાંફાં છે. એને અંતે વિરસ, ગ્લાનિ, વિષાદ અને પશ્ચાત્તાપ જ છે. યુરોપની સંસ્કૃતિનો આચાર્ય અને દરેક જાતના સ્વાદનો સ્વાદિયો ગૅાયટે ૮૦ વર્ષની અમનચમનની જિંદગી ગાળી, અંતે કહે છે કે, હું નથી માનતો કે જિંદગીમાં મેં ખરા સુખના ૮–૧૦ દિવસો પણ ગાળ્યા હોય!

જ્યારે આપણું હૃદય અથવા આપણો આત્મા અન્ય વ્યક્તિઓ, વસ્તુઓ કે પ્રસંગો સાથે તાદાત્મ્ય અનુભવે છે ત્યારે જ સંકુચિતતાનું, ભેદભાવનું બંધન તૂટ્યાનો આપણને આનંદ થાય છે. પણ જો તેમાં આસક્તિ આવી ગઈ તો આત્માને ઠેકાણે અનાત્મા દાખલ થઈ શિર્કનો ગુનો થઈ જાય છે. અનાત્માને આત્મા માની લેવો, જે ખુદા નથી તેને ખુદા સાથે શરીક કરવો એ શિર્કનો ગુનો છે: મોટામાં મોટું પાપ એ જ છે. એ પાપ ટાળવા ખાતર તાદાત્મ્ય અને તટસ્થતાનું વ્યાકરણ જાળવવું પડે છે. જ્યાં તટસ્થતા નથી ત્યાં અધ્યાત્મ નથી, ત્યાં સુખદુઃખથી પર એવી દૈવી અનુભૂતિ નથી. કાવ્યાનંદ, કળાનંદ અને ગાનાનંદ એ બધા ઇન્દ્રિયો મારફતે લીધેલા હોવા છતાં ઇન્દ્રિય–નિરપેક્ષ થઈ શકે છે. અને જેટલે દરજ્જે એ ઇન્દ્રિય–નિરપેક્ષ થાય છે તેટલે દરજ્જે જ

તે પરમાનંદ બની જાય છે; કેમ કે પછી એ સ્થાયી હોય છે, પવિત્ર હોય છે, એ આનંદમાં દુઃખ, વિષાદ, વિકૃતિ કે પશ્ચાત્તાપને અવકાશ હોતો નથી. કળાના આ શુદ્ધ આનંદમાં આસક્તિ સંભવે જ નહિ. જ્યાં તાદાત્મ્ય અને તાટસ્થ્ય એકી સાથે આપણે કેળવી શકીએ છીએ — અનુભવી શકીએ છીએ ત્યાં જ આપણને કળાનંદ લાધે છે. મોક્ષસાધનામાં અનાસક્તિ મારફતે જેમ વ્યાપકમાં વ્યાપક તત્ત્વ જેને વિષ્ણુ અથવા પરબ્રહ્મ કહે છે તેનો સાક્ષાત્કાર થાય છે, તેમ જ આ તાટસ્થ્યયુક્ત તાદાત્મ્યની મારફતે લોકોત્તર અને વિગલિતવેદ્યાંતર આનંદ આપણે અનુભવીએ છીએ. અને એથી જ રસકોવિદોએ એ કળાનંદને બ્રહ્માનંદનો સહોદર એટલે કે સગો ભાઈ કહ્યો છે.

થોડુંક વિષયાંતર કરી અહીં એટલું ઉમેરવાનું મન થાય છે કે આધ્યાત્મિક અનાસક્તિયોગમાં પણ જીવન સાથે છૂટાછેડા કરીને જાળવેલી અનાસક્તિ એ અનાસક્તિ જ નથી, એ જીવનનો સંકોચ છે. એ જડતા પણ હોઈ શકે. ઘોરમાં સૂતું મડદું અને એને સુરક્ષિત ઢાંકી રાખનાર કબરના પથરા બન્નેમાં તાટસ્થ્ય પૂરતું અને સરખું હોય છે, પણ એને કોઈ અધ્યાત્મ કે મુક્તાવસ્થા કહેતું નથી. જ્ઞાન, ભક્તિ અને સેવા મારફતે જ્યારે તાદાત્મ્ય કેળવાય છે અને પૂરેપૂરું તાટસ્થ્ય પણ જળવાય છે, ત્યારે જ નિર્વાણપરમા શાંતિ અપાવનાર અનાસક્તિ સંભવે છે.

૮

પરસ્મૈપદી અને આત્મનેપદી કળા

કળામાં પરસ્મૈપદી અને આત્મનેપદી એવા ભેદ કોક કોક વાર કરવા પડે છે. જેમાં પોતાના આનંદનો જ વિચાર હોય છે, પોતાને માટે જ (સ્વલક્ષી) કળાનિર્મિતિ કરાય છે તે આત્મનેપદી કળા હોય છે. પોતાને થયેલો અનુભવ બીજામાં જગાડવાની દૃષ્ટિથી, પોતાનો આનંદ બીજામાં સંક્રાંત કરવાની આતુરતાથી, જે કળાની નિર્મિતિ થાય છે તે પરસ્મૈપદી છે. બધી જ કળા મોટે ભાગે ઉભયપદી હોય છે. મૂળ હેતુ ગમે તે એક જ હોય તોયે એ 'उभयो विन्दते फलम्' અને તેથી જ કળા વ્યક્તિગત છે કે

સામાજિક એવો પ્રશ્ન કરી વિરોધ જગાડવામાં ખરેખર કાંઈ અર્થ નથી હોતો. જ્યાં વિરોધ નથી ત્યાં વિરોધ છે એવો વિકલ્પ ઉઠાવી ઝઘડો પેદા કરવો એ આજના સાંકડા મનવાળા જમાનાનું ખાસ લક્ષણ છે. વ્યક્તિઓ જો અસંસ્કારી હોય, તો સામાજિક જીવન જરૂર અશક્ય કરી મૂકે, અને અસંસ્કારી સમાજ વ્યક્તિગત જીવનને ગૂંગળાવી મારે. જ્યાં મન અને જીવન કેળવાયેલું છે ત્યાં સમષ્ટિ અને વ્યષ્ટિ વચ્ચે વિરોધ હોઈ જ ન શકે. સંસ્કારિતા દ્વારા જીવનમાં તેમ જ માણસજાતિમાં અવિરોધ, સ્વરમેળ અથવા સંગીત પેદા કરવું એ જ મોટામાં મોટી કળા છે. કળામાં વ્યક્તિગત અને સામાજિક એવાં પાસાં હોય, પણ તેમાં વિરોધ ન હોય.

તાટસ્થ્ય અને એના પરિણામનો એક દાખલો આપું. એક વાર મિત્રને મળવા એને ગામડે ગયો હતો. ત્યાં એક મોટો વીંછી મને ડંખ્યો. વગડામાં દવા ન મળી; ઝેર ચડવા માંડ્યું. હવે શું કરાય? એક ઉપાય સૂઝ્યો. વીંછીનું ઝેર કેમ ચડે છે એનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવાની આ એક ઉત્તમ તક છે એમ સમજી, જાણે કોઈ બીજા જ માણસને વેદના થાય છે અને એ વેદનાનો અંશેઅંશ સમજવાની અને નીરખવાની શક્તિ આપણને વ્યાસ-પ્રસાદાત્ મળી છે, એવી તટસ્થતાથી, ઝેરની અસરનાં મોજાંઓનું આક્રમણ હું તપાસવા લાગ્યો. એ મોજાંમાં ભરતીઓટ હોય છે. હવે વેદના અહીં સુધી આવી, હવે અહીં સુધી એમ કરીને જેમ જેમ તટસ્થ ભાવે નિરીક્ષણ કરતો ગયો, તેમ તેમ વેદના સહ્ય થઈ એટલું જ નહિ, પણ એમાં રસ પણ પડવા લાગ્યો. અને અંતે ઊંઘ આવતાં પણ મુશ્કેલી ન રહી.

કેટલાક વિનોદપ્રિય લોકો પોતાની થયેલી ફજેતી તટસ્થ ભાવે રસપૂર્વક વર્ણવે છે, અને કશા પક્ષપાત વગર પોતાની સ્મરણયાત્રા લખે છે, એ પણ તાટસ્થ્યનું જ એક ઉદાહરણ છે. જ્યાં ઇન્દ્રિયાસક્તિ જ છે, વિલાસલોલુપતા છે, અહંકાર છે, ત્યાં તાટસ્થ્ય તો હોય જ નહિ, પણ તન્મયતા પણ હોતી નથી, એ આપણે જાણવું જોઈએ. સુખ એ કાંઈ તન્મયતા નથી. સુખ એટલે આનંદ નથી. દુન્યવી વ્યવહારનું સુખ તે તન્મયતા, આનંદ મેળવાનાં ફાંફાં છે. આનંદ તો અનાસક્ત તન્મયતાથી જ

અનુભવાય છે. આવી તન્મયતા કે તલ્લીનતા એ જ આનંદ છે. એમાં અહંતામમતાને અવકાશ જ રહેતો નથી.

કળાનો બીજી રીતે વિચાર કરી શકાય. સમાધિસ્થિતિમાં માણસમાં અહંતામમતા રહેતી નથી. તે વખતનો અનુભવ અપૌરુષેય હોય છે. અને અનિર્વચનીય પણ હોય છે. જ્યાં ભેદ જ નથી ત્યાં નિર્વચનનો સવાલ જ ક્યાંથી હોય? પણ એ સમાધિનું વ્યુત્થાન થયા પછી સમાધિકાળનો અનુભવ અને ત્યાર પછીની પ્રાકૃત દશા વચ્ચે જે અંતર પેદા થાય છે અને તે અંતરનું ભાન થાય છે એમાંથી કળાનો સંભવ છે. જીવસ્થિતિના વ્યક્તિત્વ ઉપર આવ્યા પછી ખોયેલું બધા સાથેનું ઐક્ય પાછું અનુભવવા માટે કળા મારફતે માણસ પ્રયત્ન કરે છે. વિશ્વાત્મૈક્યભાવ, સર્વાત્મૈક્યભાવ એ જ પરમ આનંદ છે. સમાધિમાં જે ક્ષણિક અનુભવ્યો તે આનંદ ઇન્દ્રિયો દ્વારા વ્યક્ત કરી બીજાઓને એની ઝાંખી કરાવવાનો જે પ્રયત્ન તે જ સાચું કાવ્ય છે, તે જ કળા છે. તેથી જ સાચી કળા હૃદયને ઉન્નત કરે છે, વિગ્રહને મટાડે છે, ઉન્નત આત્માઓને પાસે આણે છે અને સમાજના કેટલાય ગૂંચવણ ભરેલા સવાલો સહેજે ઉકેલે છે. કળાનું આ પ્રયોજન, એનો એ અધિકાર જાણીને જો આપણે કહીએ કે કળા એ એક જાતનો સંચાર છે, પ્રચાર છે—પ્રૉપેગૅન્ડા છે, તો એમાં વાંધો નથી. અણઘડ લોકોને પ્રચારની સર્વોત્કૃષ્ટ પદ્ધતિનો ખ્યાલ નથી હોતો. તેથી તેઓ 'પ્રૉપેગૅન્ડા'ને બગાડી દે છે, અને કળાને પણ નીચે આણે છે. કળામાં પ્રૉપેગૅન્ડા ન હોવો જોઈએ એવી તકરાર કરનારા લોકો આજકાલના બજારુ પ્રૉપેગૅન્ડાથી અકળાઈને તેમ કહે છે. ખાનદાન પ્રૉપેગૅન્ડા અને શુદ્ધ કળામાં ભેદ છે જ નહિ. પરસ્મૈપદી કળા સંચાર છે, પ્રચાર છે, પ્રચારનો હેતુ કળાના હેતુ જેટલો જ ઉદાત્ત હોય એટલે બસ.

૯

કુદરતની કળાદીક્ષા

આ વિવેચનની શરૂઆતમાં મેં એક પક્ષની માન્યતા રજૂ કરી હતી કે કળા તો મનુષ્યકૃત વસ્તુમાં જ હોઈ શકે: પશુપક્ષી,

જીવડા મંકોડા, ઝાડપાન, ફળફૂલ, શંખલા અને માછલાં, વાદળાં, વીજળી અને તારાઓ, બધામાં સુંદરતા છે, પણ એમાં કળા નથી. એક અર્થમાં એ સાચું છે. માણસના મનમાં સૌંદર્યભાવના જન્મ લે અને તે પાર્થિવ વસ્તુઓ મારફતે પ્રગટ થવા મથે ત્યારે જ કળા સંભવે છે. મનુષ્યકલ્પનાની પ્રસૂતિવેદનામાંથી જ કળાનો સંભવ છે. છતાં આ વિચારને વળગતાં સંકુચિતતા અને એકાંગિતા આવી જાય છે. માણસ પેદા કરે તે કાવ્ય અને સર્વલોકમહેશ્વર જે પેદા કરી આપણા આનંદને માટે આપણી આગળ રજૂ કરે છે એ કાવ્ય નથી એવો ભેદ શા સારુ કરીએ? કુદરતને યાંત્રિક અને ભાવશૂન્ય શા માટે કલ્પીએ? આપણે અને આપણી કલ્પનાઓ, આપણાં ઊડ્ડયનો અને આપણાં અવગાહનો, આપણો વિષાદ અને ભાવાવેશ બધું જ કુદરતની પ્રજા છે. આપણે કુદરતના અંશ છીએ, પ્રકૃતિમાતા પરિપૂર્ણ છે. આપણા કરતાં પ્રકૃતિમાતાની વિભૂતિ નાની ન હોય. તોફાની દરિયાને કાંઠે બેસી અથવા એના વક્ષઃસ્થળ ઉપર મુસાફરી કરતાં એનું ધ્યાન ધર્યું છે? દરિયો એ મહાભારત જેવું મહાકાવ્ય છે. એના હૃદયમાં બધી ભાવનાઓ ઊછળે છે. એની વરદ શાંતિ અને એનો રુદ્રાવતાર, એનું અટ્ટહાસ્ય અને એનું ભીષણ ક્રંદન, એની વર્ણછટા અને એનું ગાંભીર્ય, એની પ્રસન્નતા અને એની ગૂઢતા—બધું જ સત્ય છે, બધું જ ભાવપૂર્ણ છે. મહાસાગરનાં તોફાનો અને શાંતિ, એના માઈલો સુધી ફેલાયેલા વમળો અને એક ખંડથી બીજા ખંડ સુધી દોડનાર ઓઘો, (Currents) માનવઇતિહાસ કરતાં ઓછા ભવ્ય નથી હોતા. રામેશ્વર જઈ, જમીનની સાંકડી ચીર ઉપર ઊભા રહી રત્નાકર અને મહોદધિનો સંગમ જોતાં એ જ ભાવ પેદા થયો અને ત્યાંથી જાફના જતાં ભારતવર્ષને લંકા સાથે જોડનાર સેતુનું કાવ્ય જોઈને પણ વાલ્મીકિનું હૃદય તરત પ્રત્યક્ષ થયું.

અને કરોડો ભારતીઓને સ્તન્યપાન કરાવતી ગંગામૈયાને કળાકારની દૃષ્ટિથી જોશો તો એ દેવી છે, ભારતમાતા છે, એ વિષે શંકા સરખી નહિ આવે.

આ બધું જોવા માટે કાંઈક મુસાફરી કરવી પણ પડે છે પણ પરમપિતામહ જેવું આકાશ તો આપણે જ્યાં હોઈએ ત્યાં

આપણે માથે છે જ. એને દહાડે જુઓ અને રાતે જુઓ, સવારે જુઓ અને સાંજે જુઓ, ઉનાળામાં ખરે બપોરે વંટોળિયાના થાંભલા ઉપર આધાર રાખી એ ફેલાયું હોય ત્યારે જુઓ અથવા મહાસમુદ્રને બાથમાં લેતો એનો વિસ્તાર જુઓ : એની વૃત્તિઓની વિવિધતા અને એની ભવ્યતા, કેટલી બધી અસરકારક હોય છે ? ચોમાસામાં હિમાલય જેવાં વાદળાંનો મોટો કાફલો આકાશની મુસાફરી કરતો હોય, અને એમાં જ બાળક જેવાં પક્ષીઓ આમતેમ કૂદંકૂદા કરતાં હોય ત્યારે વિરાટદર્શન અને લલિતભાવ એનું ભીષણ-મૃદુલ સંગીત સાંભળવાને મળે છે. સૂર્યોદય સમયે વાદળાંઓ જામે છે ત્યારે કોક કોક વાર પડદા પાછળ પડદો અને એની પાછળ અનેક પડદાઓ—એવા વૈભવથી વીંટળાઈ કોઈ ચક્રવર્તી સમ્રાટ દરબારમાં વિરાજમાન હોય એવું દેખાય છે. અને પછી કળાકારથી બોલી જવાય છે,

प्राणः प्रजानां उदयत्येष सूर्यः

અને જે સૌર ઋષિએ ગાયું—

ध्येयः सदा सवितृमंडल-मध्यवर्ती
नारायणः सरसिजासन–संनिविष्टः ।
केयूरवान् मकरकुंडलवान् किरीटी
हारी हिरण्मयवपुर्धृतशंखचक्रः ॥

તે શું ઓછો કળાધર હતો ?

એકેએક દેશના પુરાણકારોએ તારાઓનું કાવ્ય અનુભવ્યું છે અને વર્ણવ્યું છે. વૈદિક ઋષિઓએ જ્યારે દેવોના કાવ્યની વાત કરી છે ત્યારે તેમની નજર આગળ આકાશની જ્યોતિઓ જ હતી એમ મારું માનવું છે. પણ આજકાલ જ્યોતિઃશાસ્ત્રની જે નવી નવી શોધો થાય છે તેની આગળ જૂનું કાવ્ય બધું જ ફીકું લાગે છે. એક જ્યોતિષીએ હમણાં જાહેર કર્યું છે કે પૃથ્વીનો ઘેલો કિંકર ચંદ્રમા, પૃથ્વીની આસપાસ અદબ સાથે ફરતો ફરતો થોડો થોડો નજીક આવતો જાય છે. આમ ચાલતાં ચાલતાં જ્યારે એ મર્યાદાથી વધુ પાસે આવી જશે ત્યારે એના કકડા થઈ જવાના છે. બે, ચાર, પાંચ કે સો, બસો કકડા નહિ પણ એના

ચૂરેચૂરા થઈ જવાના છે. એ ચૂરામાંથી એક મોટું વલય સુવર્ણકંકણ જેવું તૈયાર થશે અને જેવું શનિનું વલય આપણે દૂરબીનમાં જોઈએ છીએ તેવું જ આપણી પૃથ્વીની આસપાસ પણ એક વલય વીંટાશે. આકાશની વચ્ચોવચ પણ જરાક ત્રાંસું કડું જ્યારે ફેલાશે અને સૂર્યના પ્રકાશથી રાત્રે તે આખું અથવા અંશતઃ ચળકવા માંડશે ત્યારે એ આતશબાજી કેવી હશે! આમ થવાને બહુ વાર લાગવાની નથી. દસ વીસ લાખ વરસ એને માટે બસ છે. કલ્પનાને દોડાવવા માટે આ કાળ બહુ લાંબો ન ગણાય. ખરેખર આજકાલના જ્યોતિષમાં કાવ્ય અને સૌંદર્યકળા અખૂટ ભર્યાં છે.

અને હવે તો એરોપ્લેનમાંથી પણ આપણે નવી કળા ખીલવી શકીશું. વાલ્મીકિ અને કાળિદાસ તો વિમાનમાં બેસી આસેતુહિમાચલ મુસાફરી કરતા જ હતા. ચાર ધામની યાત્રા ગોઠવનાર તીર્થપરાયણ ધર્મકાર તો એક મોટો કલ્પનાકાશમાં વિહાર કરનાર કળાધર હતો જ. પણ હવે એ વારસો એરોપ્લેનમાં ઊડનાર સાહસિકોને મળ્યો છે. હવે તો વ્યોમકાવ્યનો ઇજારો એમનો છે.

બિહાર અને ક્વેટાના ધરતીકંપનો આપણો અનુભવ તાજો છે. એ રુદ્રાવતારનું દર્શન એ પણ એક મોટી દીક્ષા જ ગણાય. કવિઓ અને કળાધરો એવા આવિર્ભાવથી ડરી નથી જતા. એ તો પ્રાર્થના કરવાના જ કે જ્યારે હૃદય સુકાઈ જાય છે, શ્રદ્ધા અસ્ત પામે છે અને નર્યો સ્વાર્થ અને પરસ્પર અવિશ્વાસ એ જ માનવધર્મ થઈ બેસે છે ત્યારે હે પરમગંભીર ‘તુમિ રૌદ્ર વેશે એશો.’

અને ખરે બપોરે જ્યારે આકાશમાંથી અગ્નિવર્ષા થાય છે અને ત્યારે યમરાજના કૂતરાની જીભો સાથે સરખાવવાનું કોઈ વૈદિક ઋષિને પણ સૂઝે છે અને કોઈ ‘Feast of youth’ ના કર્તાને પણ સૂઝે છે. માણસ પોતાને ચેતનવાન ગણે અને જેના ખોળામાં એ ઊછરે છે તે પ્રકૃતિને જડ માને એ કેટલી મૂર્ખાઈ છે. પ્રકૃતિનું હૃદય ઓળખવાની કે અનુભવવાની શક્તિ આજે એનામાં નથી, એ પ્રકૃતિનો વાંક નથી. માણસ પોતાના અજ્ઞાનને જ આગળ કરી મનુષ્યસૃષ્ટિ અને મનુષ્યેતર સૃષ્ટિનો ભેદ કરે એ વિજ્ઞાન ન કહેવાય.

અજ્ઞાનને જ વિજ્ઞાનનું રૂપ આપવું એ આજકાલના માણુસને જ શકય છે. અને પછી માણુસ વિજ્ઞાન અને કળાનો ભેદ પણ કરતો થઈ જાય છે. કળાને નીતિશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, વિજ્ઞાનશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, જીવનશાસ્ત્ર દરેક સાથે સરખાવવાની આવશ્યકતા માણુસને જણાય છે. કળાના ક્ષેત્રની સરહદ ઉપર જે કંઈ ક્ષેત્ર જડે તેની સા કળાની તુલના થવી જ જોઈએ.

૧૦
કળાનું વિજ્ઞાન

જૂના જમાનામાં વિજ્ઞાન અને કળા વચ્ચે વિરોધ કલ્પાતો. જેમ વિજ્ઞાન વધે તેમ કળાનું ક્ષેત્ર સંકુચિત થવાનું. વિજ્ઞાનસૂર્ય ઊગ્યો કે કળાનું ચાંદરણું ઝાંખું પડવાનું જ; એમ મનાતું.

કળાનું ક્ષેત્ર ખીલવવામાં વિજ્ઞાનની મદદ નાનીસૂની નથી. અને કળાની કલ્પનાશક્તિની મદદ વડે જ વિજ્ઞાન ખીલી શકે એ પણ હવે જોવાયું છે. "કેવળ વૈજ્ઞાનિકો" વિજ્ઞાન ભણાવી શકે, વિજ્ઞાનનાં પાઠ્યપુસ્તકો રચી શકે; પણ વિજ્ઞાનમાં શોધખોળ કરનાર, જ્ઞાનાકાશમાં ઊંચે ઊંચે ઊડનાર, અણખેડાયેલી ઊંચાઈનો વિહાર કરી આવનાર વિજ્ઞાનશાસ્ત્રીઓ અસાધારણ કળાધર હોવા જોઈએ, એ હવે બધે સ્વીકારાયું છે. વિજ્ઞાનનો ઉપયોગ કરી માણુસજાતની સુખાકારીમાં અને આનંદસેવનની શક્તિમાં ઉમેરો કરનાર વિનિયોજક પણ કળાકાર હોવા જ જોઈએ.

હવે સવાલ એ ઊઠયો છે કે કળા જેવી નાજુક વસ્તુ, શાસ્ત્રના અસ્ત્રો, શાસ્ત્રની ભઠ્ઠી, અને શાસ્ત્રના તેજાબ ખમી શકે એમ છે? તર્કનાં તેજકિરણ આગળ પણ જે (કળા) ટકી ન શકે તે વિજ્ઞાનની જીવલેણ પજવણી આગળ કેમ નભી શકે?

આ સવાલમાં વિજ્ઞાન અને કળા બંને પ્રત્યે અશ્રદ્ધા છે. વિજ્ઞાનની કુશળતાની મર્યાદા હજી આવી નથી, નાજુકમાં નાજુક ચીજ ઉપર પણ વિજ્ઞાન પોતાના પ્રયોગ અજમાવી શકે છે અને કળા અબળા ગણાતી છતાં ઓછી શક્તિરૂપિણી નથી. કળાનું વિજ્ઞાન, કળાનું શાસ્ત્ર જરૂર થઈ શકે છે. પણ ખરો સવાલ એ છે કે

કળાનું વિજ્ઞાન તૈયાર કરવાની જરૂર છે ખરી ? બાહ્ય વસ્તુને જેટલી વિજ્ઞાનની જરૂર હોય છે તેટલી અંદરની વસ્તુને વખતે ન હોય. માણસનું મન એની ભાવનાઓ, એનો પ્રેમ, એની આકાંક્ષાઓ અને એનું સમાધાન—એ બધાનું શાસ્ત્ર થઈ શકે છે. એવાં શાસ્ત્રો બન્યાં પણ છે. એમની ઉપયોગિતા સિદ્ધ થઈ ચૂકી છે. છતાં મને તો લાગે છે કે કળાનું વિજ્ઞાન તૈયાર કરવાની કાંઈ ખાસ જરૂર નથી. કળા એ સર્વોપરી વસ્તુ છે. એને પ્રકાશે બધાં વિજ્ઞાનો પ્રકાશિત થાય એમ આપણે ઇચ્છીએ. કળાનું વિજ્ઞાન રચવા જઈ કળાને સંકુચિત નહિ બનાવીએ. આપણે જીવનનું શાસ્ત્ર બનાવવાના જ્યારે જ્યારે પ્રયત્ન કર્યા છે ત્યારે ત્યારે આપણે એ જ સ્થિતિ જોઈ છે. શાસ્ત્રમાત્ર એકાંગી હોય છે. જીવન અને કળા સર્વાંગસંપૂર્ણ થવાની યોગ્યતા ધરાવે છે. એમને અશ્વમેધના ઘોડાની પેઠે સ્વૈરપણે ફરવા દઈએ એ જ સારું. કળા જ્યાં સુધી જીવનને અને જીવનસ્વામી અંતરઆત્માને બેવફા નીવડી નથી ત્યાં સુધી એને શાસ્ત્રના બંધનમાં નહિ નાંખીએ. એને એનું પોતાનું જ તંત્ર ખીલવવા દઈએ.

૧૧

કળાનું પ્રયોજન

કળાનું પ્રયોજન શું એ પ્રશ્ન હંમેશાં ચર્ચાય છે અને સંભવ છે કે અનંતકાળ સુધી ચર્ચાશે. ‘काव्यं यशसे, अर्थकृते, व्यवहारविदे, शिवेतरक्षतये’ એવાં એવાં પ્રયોજનો પૂર્વાચાર્યોએ વર્ણવ્યાં છે. ‘यशसे’ અને ‘अर्थकृते’ એ બે પ્રયોજનો, આજે પણ જબરદસ્ત છે. પહેલાં કરતાં આજે એ પ્રયોજનો વધારે સિદ્ધ પણ થતાં હોય. વિખ્યાત કળાધરો જોતજોતામાં લક્ષાધીશ થઈ શકે છે. એમને જાતજાતના ઇલકાબો મળે છે. એમની સામાજિક પ્રતિષ્ઠા રાજદરબાર તેમ જ વિદ્વન્મંડળીમાં અમર્યાદ વધતી જાય છે છતાં કાવ્યનો કે કળાનો ઉદ્દેશ ધન અને કીર્તિ છે એમ આજના જમાનામાં માણસ કબૂલ ન કરે. સાચી વસ્તુ સ્વીકારવી એ નિખાલસ અને ભોળા યુગનું લક્ષણ છે. જૂના લોકો માનતા હતા કે વ્યાકરણ કે સંગીત શીખવાથી મોક્ષ મળી શકે છે. આજના લોકો કહે છે કે ‘જીવનના તમામ સવાલોનું રહસ્ય પારખવાની શક્તિ અને જીવનનાં

બધાં પાસાં ખીલવવાનું સામર્થ્ય કળામાં છે. સાહિત્ય અને સંગીતમાં છે; કળા એ સ્વતંત્ર, સ્વયંભૂ, અન્યનિરપેક્ષ જીવનદર્શન છે.' જેને જૂના લોકો મોક્ષનું સાધન કહેતા હતા તેને આજના લોકો આત્માનુભવનું સાધન કહે છે એટલો જ ફેર છે.

કળાનાં આજનાં પ્રયોજનો નીચે પ્રમાણે મુકાય છે.

૧. Art for art's sake કળાને ખાતર કળા.
૨. Art for life's sake જીવન માટે કળા.
૩. Art as an escape from life જીવનની વાસ્તવિકતામાંથી છુટકારા તરીકે કળા.
૪. Art as an escape into life નીરસ વ્યવહારમાંથી છટકી જઈ જીવનાનંદમાં પ્રવેશ કરવાના સાધન તરીકે કળા.
૫. Art for service સેવાના સાધન તરીકે કળા.
૬. Art for self-realization આત્માનુભૂતિના સાધન તરીકે કળા.
૭. Art for joy નિરતિશય સમાધાન માટે કળા.
૮. Art as recreation વિનોદ-વિસામા તરીકે કળા.
૯. Art as creative necessity સિસૃક્ષાની અદમ્ય વૃત્તિની તૃપ્તિને અર્થે કળા.

જેણે 'વ્યવહારવિદે' એ કળાનો આદર્શ બતાવ્યો એના મનમાં શું હશે તે આપણે જાણતા નથી. કાવ્ય, નાટક, શાસ્ત્ર, પુરાણ વગેરેના પરિશીલનથી વ્યવહાર જાણી શકાય છે, ચાતુર્ય કેળવાય છે, કૌશલ્ય વધે છે, એટલો જ એનો અર્થ નથી. ચર્મચક્ષુથી અને જડ બુદ્ધિથી બજારનો વ્યવહાર ચાલતો હશે, વિજ્ઞાનના સામાન્ય પ્રયોગો કરાતા હશે; પણ વિજ્ઞાનનું શું અને જીવનનું શું, પરમ રહસ્ય સમજવા માટે અને આદર્શ વ્યવહાર-કુશળતા પ્રાપ્ત કરવા માટે કળાકારની કળામય દૃષ્ટિ, એની અલૌકિક સમજણ, પ્રતિભાયુક્ત સૂઝ, અને વસ્તુઓ અને પ્રસંગોના હાર્દ સુધી, આત્મા સુધી પહોંચવાની ભેદકતા, કાવ્યશક્તિ દ્વારા જ—કળામય વૃત્તિ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. કળાની દૃષ્ટિ જેની પાસે નથી એ દુનિયાનું રહસ્ય શું સમજવાનો હતો? એના વ્યવહારમાં

શો ભલીવાર આવવાનો હતો ? 'વ્યવહારવિદે' એટલે For the proper conception and realization of the function and fulness of life.

આજના લોકો સાદામાં સાદી વસ્તુ પણ ભારેખમ ગૌરવાન્વિત ભાષામાં મૂકે છે. જ્યારે જૂના લોકો ભારેમાં ભારે સિદ્ધાંતદર્શન પણ સાદામાં સાદા ઘરગથ્થુ શબ્દોમાં મૂકતા હતા. એટલે જ કવિએ કહ્યું, 'काव्यं व्यवहारविदे.' એણે કહેવું જોઈતું હતું, 'काव्यं लोकव्यवहार उद्दीपनार्थम्'. વ્યવહાર એટલે વ્યવહારનું રહસ્યદર્શન, અને એ દર્શનનું દૈવીકરણ, એટલું આપણે ઉમેરવું જોઈએ.

જેઓ માને છે કે કળા એ જીવનની નીરસ વસ્તુસ્થિતિમાંથી બચી જવા માટે છે તેમને જીવનનો બહુ કડવો અનુભવ તો થયો હશે જ. પણ એથીયે વધારે, તેઓ જીવનથી હારેલા હોવા જોઈએ. દુઃખ, દારિદ્ય, અન્યાય અને મૂંઝવણથી માણુસ અકળાય, પણ જીવનથી હારે નહિ. જીવનનું સ્વરૂપ જ એવું છે કે એના દરેક પાસામાંથી પરાક્રમની પ્રેરણા મળે છે, રસનાં ઝરણાં ફૂટે છે. પણ જ્યારે માણસ વિષયોનું આકંઠ સેવન કરે છે અને અર્થવિહીન, નીરસ અને એદી જીવન ગાળે છે ત્યારે જીવન અપમાનિત થાય છે. પછી માણસને ક્યાંય ચેન નથી પડતું. જે જોઈએ છે, તે એ ઇચ્છા કરે એટલી વાર કે મળ્યું જ છે, એમ થઈ જાય તો માણસને જીવવું પણ ભારે થઈ જાય. ઇચ્છાતૃપ્તિ અને પ્રતિષ્ઠા જીવનનું તમામ ઔત્સુક્ય મારી નાંખે છે, અને પછી કેવળ ક્લેશ ને ક્લેશ જ રહે છે, એમ કાલિદાસનો દુષ્યન્ત કહે છે, તે સાવ સાચું છે. એવા લોકોને escape from life જોઈએ છે. અને તે તેઓ કળામાં શોધે છે.

પણ તે તેમને ત્યાં જડચો છે કે કેમ એ વિષે એમણે લખ્યું નથી. એદીપણે ખાવુંપીવું, નોકરોને દોડાવવા, અને આખો વખત સાહિત્ય વાંચવું, સંગીત સાંભળવું, નાટકસિનેમા જોવાં અને સભાઓની શોભામાં વૃદ્ધિ કરવી, એટલું જ જેમનું જીવન છે તેમને માટે કળાની ધાર પણ બુઠ્ઠી થઈ જાય છે, કશાયમાં એમને રસ જડતો નથી. એવા લોકો જ્યારે સંસ્કારી અકળામણ

બતાવી ઠાવકા નિસાસા નાંખે છે ત્યારે આવા લોકોની દયા ખાતાં પણ ત્રાસ છૂટે છે. એમના જીવન આગળ એક આંધળી અને ભયાણુ દીવાલ જ ઊભી રહે છે. જીવનમાંથી બચી જવા કળામાં ઊતર્યા ત્યાં પણુ કંટાળો અને અરુચિ એમને છોડતાં નથી. હવે નાસીને ક્યાં જાય? ખરું જોતાં એમણે જીવનદ્રોહ છોડી દઈ ખરા જીવનમાં જ પ્રવેશ કરવો જોઈએ. ખરી કળા એમને એમાં મદદગાર થશે. એવા સુકુમાર લોકોને સાધન પણુ સુકુમાર જ સૂચવું. સંગીત સાંભળવાને બદલે જો તેઓ પોતે ગાતાં કે વગાડતાં શીખી લે, નૃત્યના સાક્ષી થવાને બદલે નૃત્યની કસરત કરે, મોટી મોટી ટિકિટો ખરીદીને કળાપ્રદર્શનો જોવાને બદલે ચીતરવા મંડી પડે, અને રૂપાળાં પૂંઠાંવાળી ચોપડીઓ ખોળામાં રાખી નિસાસા નાંખવાને બદલે પોતાના ખરેખરા અનુભવો શબ્દબદ્ધ કરવાનો પ્રયત્ન કરે તો કળા એમને માટે Escape into life થઈ જશે. જેઓ જીવનદ્રોહી છે તેમને કળા શી રીતે ઉગારવાની હતી?

સાચી કળા જેમ આત્માનો વિકાસ સાધી આપે છે તેમ જ ભૂતદયા અને કરુણાથી પ્રેરિત થઈ કરેલી સમાજસેવા પણ માણુસને આત્મવિકાસ સાધી આપે છે. કળા અને સેવાનું જો સાહચર્ય સાધ્યું તો બંને ઉત્તરોત્તર ખીલશે જ. આપણા લોકોએ તમામ કળાઓને ભક્તિના સાધન તરીકે વાપરી એમને સેવાપરાયણ કરી મૂકી. ભોગવિલાસને પણ મંદિર સાથે જોડી દઈ એમનું નાગાપણું ઢાંકવાનો જૂના લોકોએ પ્રયત્ન કરેલો. કળાઓ તો સામાજિક ધર્મના અને વ્યક્તિગત સાધનાના મહત્ત્વના અંગ તરીકે સ્વીકારાઈ હતી.

એકલી કળાની સાધનાથી કોઈને આત્મસાક્ષાત્કાર થયો છે, એમ માનવું મુશ્કેલ છે. પણ સાધનાની પૂર્વ-તૈયારી તરીકે શુદ્ધ કળાની ઉપયોગિતા ઘણી છે, એ કોઈ ના નહિ કહે. કળામાં વિનોદ તો છે જ પણ એ તો એનો દર્શની લાભ છે, એને કોઈ કળાનું અંતિમ પ્રયોજન નહિ ગણે. Art as creative necessity એટલે કે દરેક માણુસમાં '**एकोहम् बहु स्याम्**'ની જે અદમ્ય વૃત્તિ છે તેના સંતોષ ખાતર માણુસ જ્યારે હૃદયના ગૂઢ અને ઉત્કટ ભાવોને વ્યક્ત રૂપ આપવા પ્રેરાય

છે ત્યારે એના મનમાં જે પ્રયોજન હોય છે તેની વધારે મીમાંસા થવાની જરૂર છે.

જેમ કેટલાક લોકો સ્વાતંત્ર્યપ્રાપ્તિને અર્થે અથવા સમાજ-સેવાને અર્થે બ્રહ્મચર્યજીવન પસંદ કરે છે, તેમ જ કેટલાક કળાકારો પોતાની કળાને જ વરી પોતાનો આખો સમય, આખું ધ્યાન અને આખી શક્તિ એ કળાની સેવામાં જ અર્પણ કરી દે છે. કળાની સેવાથી ભિન્ન એવું કોઈ જાતનું જીવન એમને જોઈતું જ નથી, સહને થતું નથી. માણસમાં જે વીર્ય રહેલું છે તે એક યા બીજા પુરુષાર્થમાં પ્રગટ થવાનું જ. કેટલાક લોકોને પોતાની તમામ શક્તિનું રૂપાંતર કળાની અભિવ્યક્તિમાં જ કરવાનું સૂઝે છે. એમને માટે કળાની ઉપાસના પસંદગી-નાપસંદગીનો વિષય જ રહેતો નથી. તારાઓ જો ચળકવાનું છોડી શકે, કમળ જો હસવાનું છોડી શકે, તો જ તેઓ પોતાના જીવનના કળાપ્રવાહને રોકી શકે. તેઓ કળા કરતા નથી, તેમનાથી થાય છે. એક છોકરો રસ્તા પર પોતાની મસ્તીમાં સિસોટી વગાડતો હતો. પોલીસે એને રોકીને કહ્યું, "અલ્યા, સિસોટી કેમ વગાડે છે?" એણે આશ્ચર્યની નજરે પેલા શાંતિરક્ષક તરફ જોઈને કહ્યું, "કોણ હું? હું ક્યાં સિસોટી વગાડું છું? એ એની મેળે વાગે છે." આ જાતની કળાને આપણે અપૌરુષેય કહીએ તેમાં વાંધો શો? આને જ જો Art for art's sake કહો તો કોઈનો વાંધો ન હોય. જ્યારે વિલાસ માટે કળાનું સેવન થાય છે અને એ જ ઉદ્દેશને રૂપાળું નામ આપી, સદાચારનો દ્રોહ કરી, Art for art's sake નું સૂત્ર આગળ ધરવામાં આવે છે ત્યારે જ વાંધો ઊઠે છે. Art for art's sake એ ખરું જોતાં Art for market's sake, Art for vulgarity's sake, Art for dissipation's sake ઘણી વાર થઈ બેસે છે. તેથી જ એ સૂત્રનો આટલો વિરોધ કરવો પડે છે.

આજના જાહેરખબરના જમાનામાં એકેએક ઉદાત્ત અને લલિત વસ્તુને સોંઘી, વિકૃત અને વિશ્રી થવાનું જોખમ રહે છે. સમાજધુરીણો લોકજાગૃતિને કાજે જે જીવતી ભાષા વાપરે છે તે જ ચાર છ મહિનાની અંદર જાહેરખબરોમાં પહોંચી જાય છે, અને પોતાની કૃતિનું આવું વિડંબન અથવા ભ્રષ્ટીકરણ થયેલું જોઈ

માણસને શરમાઈને બેસી જવું પડે છે. 'ફ્રૂટ-સૉલ્ટ'ની દવા (?) માટે પણ જેમ શેક્સપિયરનાં વચનો ટંકાય છે તેમ જ આપણે ત્યાં પણ હવે થવા લાગ્યું છે. આનો ઇલાજ સરકારના હાથમાં નથી, મૂળ લેખકના હાથમાં પણ નથી. આખા સમાજે પવિત્ર વસ્તુનો થતો અપવિત્ર ઉપયોગ અટકાવવા મથવું જોઈએ.

આટલું તો સ્પષ્ટ છે કે જ્યાં સુધી વ્યક્તિગત, કૌટુંબિક અને સામાજિક જીવનમાં સંસ્કારિતા, સંયમ અને આર્યતા અથવા ખાનદાની આવ્યાં નથી, ત્યાં સુધી તમામ જ્ઞાન, સત્તા અને કળા જોખમમાં છે જ. કળાની શુદ્ધિ સાચવવા માટે પણ કળાકારોએ જીવનશુદ્ધિનો, સ્વચ્છતાનો આગ્રહ રાખવો પડવાનો છે. જીવનશુદ્ધિની વાતો કરી જીવનથી નાસી જનારું વૈરાગ્ય હું નથી સૂચવતો, પણ જેથી છીછરાપણું જઈ જીવન સમૃદ્ધ થાય છે, અર્થપૂર્ણ અને વીર્યવાન થાય છે તેની વાત હું કરું છું. તેમ થાય ત્યારે Escape from life ની વાત કોઈ કરે નહિ. પછી તો 'Art of life,' 'Art through life,' 'Art out of life'—એવી જ વાતો સમજણપૂર્વક થવા લાગશે. પછી આજનો નિરર્થક ઝઘડો ચલાવવો નહિ પડે.

Art for art's sake અથવા કેવળ કળાનો આદર્શ હું સમજી શકું છું. અને જે અર્થમાં હું સમજું છું એ અર્થમાં એના પ્રત્યે મારો સમભાવ પણ છે. જીવન જેમ નિષ્કામ વૃત્તિથી જ કૃતાર્થ થાય છે તેમ જ કળામાંથી જો આપણે બજારુ વૃત્તિ, ધન કે કીર્તિની લાલસા કાઢી નાંખીએ, ઉપદેશકનો અસંસ્કારી ડોળ દૂર કરીએ, કળાને ધર્મોપદેશકો, ધર્માચાર્યો, રાજપુરુષો અને કારખાનદારોના હાથમાં જવા ન દઈએ, અને કળા પોતાની સંભાળ પોતે લઈ શકે એમ છે એમ કહીએ તો તે Art for art's sake થઈ ગણાય. કળા મારફતે જીવનનો સદાચાર પરિપુષ્ટ કરી શકાય. કળા મારફતે ધર્મની સૂક્ષ્મ વૃત્તિઓ સમજી અને કેળવી શકાય. કળા મારફતે સમાજવ્યવસ્થામાં સહકાર, સમાધાન, સામર્થ્ય, સમૃદ્ધિ અને સુસંગતિનું સંગીત દાખલ કરી શકાય. એટલું મિશન જો કળા માટે સ્વીકારીએ અને એની અપીલ સાર્વભૌમ કરી મૂકીએ, તો પછી Art for art's sake

કહેવામાં વાંધો નથી. કળા કરતાં ઊતરતી કોટિનો આદર્શ કળાવિકાસમાં ન હોય એટલો જ જો એનો અર્થ થતો હોય તો Art for art's sake કહેવાને હું તૈયાર છું. પણ કોઈ કહે 'અમે કળારસિક છીએ, કળાધર હોવાનો દાવો કરીએ છીએ, કળાને નામે લોકોને આકર્ષી અને ફોસલાવી શકીએ છીએ, માટે અમારા વર્તન પર કે સર્જન પર સદાચાર, ધર્મ, શિષ્ટ સંકેત, કાયદો કે લોકરૂઢિ, કશાનું જ બંધન ન હોય,' તો નમ્રતાથી એમને કહેવું પડશે કે તમે ખાંડ ખાઓ છો, તમારા સંપર્કથી સમાજ તો સુરક્ષિત નથી જ, પણ કળા પણ સુરક્ષિત નથી એ અમે જાણીએ છીએ. જે પક્ષ ફાવી ગયો તે જ સત્પક્ષ છે એમ હજી સાબિત થયું નથી. અને ફાવવામાં પણ જે સરવાળે ફાવ્યો તે જ ફાવ્યો ગણાય. આદર્શ કળામાંથી જે સર્વોચ્ચ આનંદ માણસને મળે છે, એ જ એનો અંતિમ હેતુ હોવાથી પણ 'કળા માટે કળા' કહી શકાય. સર્વોચ્ચ આનંદનો જેણે સ્વાદ ચાખ્યો, એને માટે સદાચાર સ્વાભાવિક અથવા સહજ થઈ જાય છે. એવે પ્રસંગે આપણે કહી શકીએ કે, કળાનું મુખ્ય પ્રયોજન તો બ્રહ્માનંદ-સહોદર એવો કળાનંદ છે. સદાચાર અને સામાજિક સામર્થ્ય એ એનાં અયુતસિદ્ધ ઉપપ્રાપ્તિ (by-products) છે. આ અર્થમાં કોઈ 'કળા ખાતર કળા'નું સૂત્ર વાપરે તો આપણો વાંધો નથી. તકરાર સૂત્ર સાથે, formula સાથે નથી. પરિણામ જોઈને પારખ કરશું.

શુદ્ધ કળા મારફતે આપણને જીવનના બધા જ રસો મળતા રહે તો જીવન અવનત થવાની બીક ન રહે. રસને નામે બીજી જ વસ્તુઓ જ્યારે આપણે શોધીએ છીએ ત્યારે જ બધું બગડે છે. સાચા રસો કેટલા અને કેવા હોય એની શુદ્ધ મીમાંસા જો કરી શકાય તો કળામાં સદાચાર સચવાય છે કે નહિ એની ચિંતા રાખવી ન પડે. જૂના લોકોએ રસ આઠ, નવ, દશ ગણાવ્યા છે. આપણે એ નવ રસોની નવેસર મીમાંસા કરવી ઘટે.

૧૨
રસસમીક્ષા

કળાની વ્યાખ્યા કરતાં અથવા એનું પ્રયોજન નક્કી કરતાં આપણે એના તંત્ર તરફ વધારે ધ્યાન આપીએ છીએ. પણ

કળાકૃતિમાં આપણે શું પૂરવા માગીએ છીએ એનો વિચાર કર્યા વગર કળાનું વિવેચન સંપૂર્ણ ન જ થઈ શકે. સહેજ વિચાર કરતાં જણાશે કે સાહિત્ય, સંગીત અને કળા ત્રણે ભાવનાનાં ક્ષેત્રો હોઈ ત્રણેની અંદર સમાતી વસ્તુ (contents) એક જ હોઈ શકે. તેને જ આપણે રસ કહીએ છીએ. સાહિત્યાચાર્યોએ રસચર્ચા અનેક રીતે કરી છે. સંગીતમાં રાગ અને તાલ પ્રમાણે રસ બદલાય છે એ જોવાયું છે. ચિત્રકળામાં નવ રસના ભિન્ન ભિન્ન પ્રસંગો ચીતરાય છે. રેખાઓની સબળતા અને વર્ણોના સાહચર્ય દ્વારા પણ રસો વ્યક્ત કરાય છે. પણ હજી સુધી સાહિત્ય, સંગીત, ચિત્રકળા કે જીવનકળાની સમસ્ત અથવા સાર્વભૌમ દૃષ્ટિએ રસનું વિવેચન કોઈએ કર્યું નથી. સાહિત્યાચાર્યોએ જે વિવેચન કર્યું છે તે સ્વીકારી, તેનું સંસ્કરણ કરી, એને સર્વવ્યાપક બનાવવાની જરૂર છે. [રસમીમાંસા મેં થોડીક તાજેતરમાં અન્યત્ર* કરી છે એટલે અહીં એની પુનરુક્તિ નથી કરતો.]

૧૩
કળાનું પૂર્ણ સ્વરૂપ

એક વિચાર મારા મગજમાંથી હું કાઢી નથી શકતો—સાહસ વગર, ઉત્સાહ અને પરાક્રમ વગર, જોખમ ખેડવાની લહેજત કેળવ્યા વગર, કળા કોઈ કાળે પોતાનું પૂર્ણ રૂપ પ્રગટ કરી શકવાની નથી. કળા ભલે શાંતિના દિવસોમાં જ ખીલતી હોય, સલામતીના વાતાવરણમાં જ એને અવકાશ મળતો હોય, નવરાશનું જ એ ફળ હોય; પણ કળાની આદ્ય પ્રેરણા તો સાહસની, શૌર્યની, પરાક્રમની, 'સરફરોશીકી તમન્ના'ની વૃત્તિમાંથી જ ઉગમ પામે છે. ચંડોળની પેઠે કલ્પનાકાશમાં નિર્ભય થઈને ઊંચે ઊંચે જનાર કળા ઍરોપ્લેનના નાવિક જેટલી જ હિંમતવાન હોવી જોઈએ.

ભવ્યતા અને પરાક્રમ એ એકબીજાના સહોદર જ છે. રાવણ, દુર્યોધન, જરાસંધ, વૃત્ર, મિલ્ટનનો સેતાન, એ બધા ભલે સાધુતાના શત્રુ હોય પણ એમનામાં પરાક્રમ છે, ભવ્યતા છે, દુર્દાન્ત મહત્ત્વાકાંક્ષા છે; માટે જ એમની વિભૂતિઓ શોભી

*જુઓ રસસમીક્ષા – (જીવન ભારતી, પાનું ૮૯).

નીકળે છે, અને કવિઓને તથા કળાકારોને આકર્ષે છે. જે સમર્થ છે, ભવ્ય છે, વ્યાપક છે, ઉદાત્ત અથવા ગૂઢ છે, તે સ્વભાવસુંદર હોય જ છે. સહરાના રણનાં ચિત્રો અને વર્ણનો જુઓ. એમાં કશું નથી એ જ એનું સર્વસ્વ છે.

દક્ષિણનાં ઊંચાં ઊંચાં મંદિરો, વિજાપુરની મસ્જિદો, બ્રહ્મદેશની વિશાળ બૌદ્ધ મૂર્તિઓ,—એ બધાં સુંદર ન હોત તોયે એમની ભવ્યતાથી જ કળાપૂર્ણ ગણાયાં હોત. પણ આપણા કળાકારોએ કળાવિધાનનું આખું સમક આ બધે ઠેકાણે સિદ્ધ કરી બતાવ્યું છે. ઝીણામાં ઝીણો ખૂણો જુઓ તોય એમાં લાલિત્ય અને લાવણ્ય મળશે, અને આખી સમસ્ત કૃતિનો વિચાર કરો તોય એમાં વિશાળતા સાથે કોમળતા અને પ્રમાણબદ્ધતા પણ મળશે. ખરેખર, લગભગ અલૌકિક કહી શકાય એવી આપણી આ કળાકૃતિઓ ભારતીય સંસ્કૃતિની ઉત્તમ પ્રતીક છે. પિંડબ્રહ્માંડ-ન્યાય એમાં ઉત્તમ રીતે સચવાયો છે.

૧૪
આજનું કળાવિહીન જીવન

સમાજવિકાસનું રહસ્ય જાણી સમાજને સશાસ્ત્ર રીતે દોરવાનો દાવો કરનાર એક પંથ દુનિયામાં જાગ્યો છે. એ પંથ કહે છે કે, 'અત્યાર સુધી મનુષ્યનું જીવન અશાસ્ત્રીય હતું. અમારો સામ્યવાદ જન્મ્યો, માર્ક્સે સામાજિક જીવનનો કાયદો ઓળખ્યો, ત્યારથી બધે પ્રકાશ ફેલાયો. ત્યાર પછી જીવનના આકલનમાં શાસ્ત્રીયતા આવી.' કોઈ પણ નવા શાસ્ત્રના આદ્ય આચાર્યને સર્વજ્ઞ માની લેવાની ભૂલ બધા જ ધર્મના અને પંથના અનુયાયીઓ કરતા આવ્યા છે. તો સામ્યવાદીઓ એમાં અપવાદ શી રીતે થાય? દુનિયામાં વર્ગો પહેલેથી હતા, આજે પણ છે અને દુનિયાના અંત સુધી રહેશે. એ વર્ગોમાં પરસ્પર અજ્ઞાન અને અનાસ્થા હોઈ શકે છે. પણ આખો સમાજ વર્ગવિગ્રહ ઉપર જ અવલંબે છે, એમ એ ઉપરથી અનુમાન કાઢવું એ ક્યાં સુધી બરાબર છે, એ તપાસવું જોઈએ.

માત્ર દ્રવ્ય પાછળ પડી માણસ જ્યારે સંસ્કૃતિ જેવી વસ્તુનો જ ઇનકાર કરે ત્યારે વર્ગો પેદા થવાના અને લડવાના એ ખરું.

પણ આ સ્થિતિ તો હમણાં-હમણાંની છે. આજની સ્થિતિ ઉપરથી સામાન્ય સિદ્ધાંત ગોઠવી, પ્રાચીન કાળની તમામ ગ્રંથ-સંપત્તિ અને કળાકૃતિ, સ્થાપત્ય અને સંગીત, બધું જ 'બુર્ઝવા' લોકોનું હતું અને એમાં અકિંચન લોકોનો દ્રોહ કરવાની જ દાનત હતી, એમ સિદ્ધ કરવા બેસવું એ તો વિચિત્ર છે. અધિકાર મેળવવા માટે ઝનૂનપૂર્વક લડનાર લોકોને સંસ્કૃતિની કોમળતા સાથે મેળ બેસે નહિ. તેઓ તો એક જ વાત સમજે કે 'જેઓ અમારી સાથે નથી, અમારા હાથ તળે આવવા માગતા નથી, તે બધા અમારા શત્રુ જ છે.' અધિકાર હાથમાં આવી ગયા પછી કાંઈક ઉદારતા આવી જાય છે, અને 'જેઓ પ્રત્યક્ષ અમારી સામે નથી તેઓ અમારી સાથે જ છે,' એમ માનવા તરફ તેમનું વલણ કેળવાય છે. મેં સાંભળ્યું છે કે, રશિયામાં કળા અને કળાકારો વિષે હવે આ જાતનો ફેર પડયો છે. कार्यकाले च निष्ठुराः कार्यं कृत्वा पुनर्नम्राः એ વર્ણન વિજેતાઓને પણ લાગુ પડે છે. આપણે ત્યાં સાહિત્ય અને કળા ઉપર સામ્યવાદીઓએ પ્રથમ કોટિની ટીકાનો હુમલો ચડાવ્યો છે. સામ્યવાદીઓને નવો અસ્ત્રો ચલાવવો છે. એટલે અતિ ઉત્સાહમાં આવી બધાને મોઢે સરખી મેશ ચોપડવા તેઓ તૈયાર થઈ જાય તો તેમાં નવાઈ નથી.*

પણ આજની આપણી કળા જનહિતનો વિચાર કરે છે કે નહિ એ બરાબર તપાસવા જેવું તો છે જ.

જ્યાં સુધી સાહિત્યશ્રવણ અને સંગીતના જલસાઓ મંદિરોમાં થતા, મૂર્તિવિધાનકળા તેમ જ ચિત્રકળા મંદિરોમાં અથવા વિહારોમાં

---

* હું જાણું છું કે વર્ગવિગ્રહવાદીઓ ઉપર ટીકા કરી હું એક મોટો ઝઘડો વહોરવા બેઠો છું. આર્યસમાજીઓ જેમ શાસ્ત્રાર્થો કરી કરીને વાદકુશળ થયા છે તેમ વર્ગવિગ્રહવાદીઓ પણ પોતાના આધુનિક વેદો પર શાસ્ત્રાર્થ કરવા તૈયાર થયા છે. સવાલજવાબ, દલીલો અને રદિયા બધો તૈયાર માલ એમની પાસે છે. આશા એટલી જ છે કે મૂડીવાદી અને સામ્રાજ્યવાદી લોકો સામે ચર્ચા કરતાં એમને મારા જેવા સામ્યયોગના તરંગી સામે લખવા બોલવાની નવરાશ નહિ મળે. અને એ પણ આશા છે કે કળાના જેવા સાત્ત્વિક અને સર્વસમન્વયકારી ક્ષેત્રમાં વિગ્રહનું વાતાવરણ છોડી દેવાનું એમને સૌથી વહેલું સૂઝશે.

ઠલવાતી, અને ગાયનાચાર્યો ગંગા જેવી નદીને પોતાનું સંગીત સંભળાવવા ઘાટ ઉપર સંગીતામૃતપ્રવાહ વહેવડાવતા, ત્યારે ગરીબ અને તવંગર બંનેને કળાનો સરખો જ લાભ મળતો. ઉત્સવપ્રસંગે અને વિવાહપ્રસંગે નાતજાતના ભેદો ભલે હોય, પણ ધની અને ધનહીન એવો તીવ્ર ભેદ આપણે ત્યાં નહોતો. અને તેથી કળાનો આનંદ, કળાનો પુરુષાર્થ, અને કળાની સંસ્કારિતા બધાંને સરખી રીતે મળતાં. અને કોક કોક વાર સર્વોચ્ચ કળાકારો વૈરાગીની દીક્ષા લઈ પોતાની મસ્તીના આનંદમાં ગમે ત્યાં રહેતા. ધનવાનોની દોલત અને એમની ખુશામત આ અલમસ્તોને લલચાવી શકતી નહોતી. ગરીબમાં ગરીબ માણસ પણ એમની સેવાશુશ્રૂષા કરી કળાધર બની શકતો.

આજે એ સ્થિતિ રહી છે એમ કહેવાની હિંમત નથી થતી. આજે સાહિત્ય, સંગીત, કળા ત્રણેય ધનવાનોનાં અને સત્તાવાનોનાં આશ્રિત બની ગયાં છે. મંદિરોમાં જેમ કળા ઠલવાતી તેમ લોકોને એની સમજણ પણ પાડવામાં આવતી. આજે પદાર્થસંગ્રહાલયોમાં અને પ્રદર્શનોમાં ગોઠવાતી કળા ગરીબોને કોઈ સમજાવતું નથી. એવે સ્થાને ગરીબો જાનવરની પેઠે ફરે છે અને આશ્ચર્યવત્ જોઈને પાછા આવે છે. વીજળીના ઝબકારા પછી જેમ અંધારાનું ભાન વધારે દૃઢ થાય છે તેમ, આવાં પ્રદર્શનો જોઈ આવેલા ગરીબો પોતાની અજ્ઞાનતા અને અસંસ્કારિતાનું ભાન પોતાના મન પર ઠસાવીને જ પાછા આવે છે. કળાદર્શનમાંથી ઉત્સાહ, આશા, અને શ્રદ્ધા જામવાં જોઈએ તેને બદલે વિષાદ, નિરાશા અને નિર્વીર્ય અસંતોષ જ તેઓ કેળવે છે. દુઃખ સાથે કબૂલ કરવું પડે છે કે, આજે ગરીબોના સેવકો જેટલા ઓછા છે તેટલા આ પ્રાચીન રાષ્ટ્રમાં પૂર્વે કોઈ કાળે નહોતા.

આજકાલ આપણે લલિતકળા અને ઉદ્યોગહુન્નરના નોખા નોખા વિભાગ પાડીએ છીએ, એ પણ આજના જમાનાની અસંસ્કારિતા સૂચવે છે. આજે આપણે કળાને કેવળ સંઘરીએ છીએ. દીવાનખાનામાં જ એને સ્થાન છે. પૂર્વે જ્યારે રાષ્ટ્રીય જીવન પ્રાણપૂર્ણ હતું ત્યારે આપણે કળા જીવતા હતા. એક વખતે એક ધનાઢ્યને ત્યાં જમવાનો પ્રસંગ આવ્યો. ટેબલ ઉપરનાં વાસણો તો આજે હોય છે તેવાં જ હતાં, જ્યારે દીવાનખાનાના કાચના

કબાટમાં ભારતીય કારીગરીના અપ્રતિમ નમૂનારૂપ વાસણો ગોઠવાયાં હતાં. આ પરિસ્થિતિ આજના જમાનાની પ્રતીક છે, એ ધ્યાનમાં આવતાં વાર ન લાગે. કળા તો કાચના કબાટમાં મમીની પેઠે બેસી ગઈ છે અને સગવડ અને સુખાકારીને નામે વિકળા જીવનમાં દાખલ થઈ છે. એક વાર કર્ણાટકમાં એક જૂના ખાનદાનમાં રહેવાનો પ્રસંગ મળ્યો હતો. ત્યાં રોજને માટે વપરાતા લોટા ઉપર ઘસાઈ ગયેલું કેટલુંક અદ્ભુત, ધાર્મિક અને કળાપૂર્ણ ચિતરામણ હતું. એ લોકોની એ બેદરકારી જોઈ દુઃખ સાથે આશ્ચર્ય થયું ખરું. પણ એ લોકોના વિવેકમાં, એમની ભાષામાં, નોકરો સાથેના વર્તનમાં અને આખા જીવનમાં સર્વોદયકારી સંસ્કારિતા અને આર્યતા સહેજે તરી આવતી. ત્યાં કળા જીવનમાં વણાઈ હતી. એક વાર ગરીબ ઉત્કલના ગામડામાં ફરવાનું બન્યું હતું. ત્યાં કેટલાંક ઘરોમાં માટીનાં વાસણો ઉપર અને અંદર, અને ઘરની દીવાલ ઉપર ઘરની નવવધૂઓએ વિધવિધ રંગનાં અને ભાતભાતનાં ચિતરામણ કર્યાં હતાં. એ ચિતરામણ જોઈ ત્યાંની વહુઓ કેટલી સુખી હશે એનો સહેજે ખ્યાલ આવતો. મેં એવી એક કળાપૂર્ણ માટીની થાળી એ ગરીબો પાસે માગી. મારે મન એ સંગ્રહાલયમાં મૂકવા જેવો સુંદર નમૂનો હતો. તેઓ હસીને બોલ્યાં, 'અરે, એક શું ચાર લઈ જાઓને? આવાં ચિતરામણ તો તમને અહીં ઘેર ઘેર જોવાનાં મળશે.'

કેમ કે ત્યાં એ કળા જીવતી હતી.

એ દબાયેલા અને તજાયેલા પ્રાંતમાં પણ મારો સિદ્ધાંત હું અબાધિત જોઈ શક્યો કે, કળા મોટે ભાગે દુઃખ ભૂલી જવા માટે કે ઢાંકવા માટે નથી હોતી, પણ જીવવાનો આનંદ વ્યક્ત કરવા માટે હોય છે. કંસારો એક વાટકો ઘડે છે. બાપદાદા પાસેથી એ હુન્નર એ શીખ્યો છે. અને એના ઘરાક નક્કી છે. એની વાર્ષિક આમદાની કેટલી થશે તે પણ નિશ્ચિતપણે એ જાણે છે. એના હરીફો એની નાતના જ છે. બધાનું જીવન ઓતપ્રોત છે. બહારથી કોઈ એના પર હુમલો કરવાનો નથી એવો એને વિશ્વાસ છે. જીવને જોખમે દોડવાની એને ગરજ નથી. એનું જીવન અને એનો પરિશ્રમ, એનો ઉદ્યમ અને એનો આરામ, બધાં તાલબદ્ધ ચાલે છે. હવે એ આનંદ એ

વાટકા ઉપર મુદ્રિત કર્યા વગર એને એ હાથથી વેગળો કેમ કરી શકે? વાટકાનું ઘડતર પૂરું થયા પછી એને થયું, ચાલ એની કિનારી ઉપર થોડીક વેલપત્તી ચીતરું. એ વાટકામાં છોકરાઓ તાજું તાજું ધારોષ્ણ દૂધ પીવાના છે, માટે ચાલો એના ઉપર ઊંચી પૂંછડીએ કૂદતા એક બે વાછરડા કોતરી આપું. એનું નામ તે કળા: કંસારો વાછરડાં કોતરતો જાય છે અને એનાં બાળકો એની આસપાસ કૂદવા માંડે છે. હુન્નરકળા અને લલિતકળાનો ભેદ અહીં ક્યાં કરવા જશો?

ગુજરાતનાં લોકકાવ્યો જેણે સાંભળ્યાં છે અને નવવધૂના અને ચૂંદડી રંગી આપનાર પાડોશી રંગરેજના સંવાદોનો આનંદ જેમણે લૂંટયો છે તેઓ શું કહી શકે કે રંગરેજની કળા હુન્નરકળા છે, લલિતકળા નથી? માણુસ સાંજે ઉદ્દેશ વગર ફરવા જાય એ પ્રમાણ; અને શિખર પરના મંદિરે દર્શન કરવા જાય ત્યારે એ પ્રમાણુ નહિ; એમ? સ્કાઉટ થઈને ફરે ત્યારે એ સંસ્કારિતા અને આંગણુાની સીતાફળીનાં પાકાં ફળ બહેનને આપવા ભાઈ સહેજે દસ માઈલ ચાલી નાંખે એ ગામડિયું હેત, એમ?

ખરેખર, આપણે શહેરોનું, બજારોનું, અને પરદેશી તૈયાર માલનું જીવન જીવીને સાદો મીઠો જીવનરસ સાવ ભૂલી ગયા છીએ. અને સમાધાનને બદલે ઉત્તેજનાને જ શોધતા ફરીએ છીએ. જો દૂધની પુષ્ટિ શરાબમાં મળતી હોય તો જ સમાધાનની હેતાળ કળાનો આનંદ એ ઉત્તેજનામાંથી મળી શકવાનો છે. આપણે જીવન મોળું કરતા જઈએ છીએ, વાસ્તવિકતાથી વેગળું કરતા જઈએ છીએ અને પછી એમાં બહારથી કળા ઉમેરી એને રૂપાળું કરવા મથીએ છીએ. પતિ જો પત્ની આગળ પ્રેમ ચોરે અને એની અવેજીમાં કપડાં અને ઘરેણાં છૂટથી આપતો જાય એથી શું પત્નીને જીવનનું સમાધાન મળવાનું હતું?

આજની આપણી 'હાઉસિંગ સોસાયટીઓ' તેમ જ મોટા શહેરની આસપાસ ખીલતાં ઉપનગરો જુઓ. ત્યાં નાહવાધોવાની, શૌચપાણીની સગવડો સારી હશે. બારીબારણાં અને અગાસીઓ હવાઅજવાળાને આવકાર આપતી હશે. પણ આપણા જીવનમાં ઓતપ્રોત થવાનો જેમનો હક છે અને જેમના જીવનમાં પ્રવેશ

કરવાનો આપણો ધર્મ છે, તે મજૂરો અને નોકરો, ધોબીઓ અને રબારીઓ, વાળંદો અને મોચીઓ ક્યાંય દેખાતા નથી, અને જ્યાં દેખાય છે ત્યાં આપણા જીવનની અધાર્મિકતા જાહેર કરતા હોય એવી દુર્દશામાં રહેતા દેખાય છે. સવારનું દૂધ લાવનાર દૂધવાળો અને દૈનિક છાપું લાવનાર ગરીબ છોકરો બંને ચોરની માફક, પોહ ફાટતાં પહેલાં, પોતાનું મોઢું બતાવ્યા વગર એ વસ્તુઓ બારણે મૂકીને ચાલતા થાય છે. ગરીબોને દૂર રાખીને આપણે જીવનાનંદને પણ દૂર રાખ્યો છે, અને કેવળ અસ્પષ્ટ પણ નિશ્ચિત બળતરા જ વહોરી લીધી છે. આપણા ઉત્સવો હવે સર્વસામાન્ય રહ્યા નથી. આપણું સાહિત્ય હજુ પ્રજાકીય સાહિત્ય બન્યું નથી. ગુજરાતના લાખો અભણ લોકો કેવું સાહિત્ય વાંચે છે અથવા સાંભળે છે, કેવાં ગીતો ગાય છે, કેવા ઉત્સવો માને છે, અને કેવા ધર્મોપદેશો સાંભળે છે, એની જો તપાસ કરીએ તો ધનવાન અને ગરીબની અથવા વધારે બંધબેસતું તો ભણેલા અને અભણની નોખી નોખી નાતો જ પડી ગયેલી જણાશે. અને છતાં આપણી 'સોસાયટી'ઓ જૂની નાતના વાડાઓ પણ સંઘરતી જ જાય છે. રાજબંધારણમાં કોમી તત્ત્વનો વિરોધ કરનાર આપણે આપણી નગરરચનામાં કોમી તત્ત્વ હજી જાળવવા માગીએ છીએ. અને હવે તો આપણી રમતોમાં પણ એ કોમી તત્ત્વ દાખલ થવા લાગ્યું છે. જૂના જમાનામાં દરેક કોમની જીવનકળા અલગ અલગ રહેતી તે વખતે એવા વિભાગ સ્વાભાવિક હતા. આજે આપણી બધી કોમો મુંબઈનાં મકાનોની પેઠે સરખી જ સગવડધર્મી અને કળાશૂન્ય થઈ ગઈ છે. હવે સમાધાનની કળાને અભાવે જૂના ભેદો અકળામણ પેદા કરે છે.

અને આજે જેઓ ગામડાંમાં જઈને વસે છે તેઓ પણ ગામડાંની સ્વાભાવિક કળાનો જીર્ણોદ્ધાર કરી તેનું નવીનીકરણ કરવાને બદલે શહેરની કળાશૂન્ય અસંસ્કારિતા અને અપંગતા ગામડાંમાં પહોંચાડવાનો ધંધો વગર મહેનતાણે કરે છે.

કળા જીવનની પ્રતિષ્ઠા છે. એનો નાશ થાય એટલે જીવનમાંથી ધર્મ અને સદાચાર પણ ઊડી જ જાય છે. અને પછી સમાજ

બરાબર વર્ગવિગ્રહને માટે લાયક થઈ જાય છે. પછી એવા વિગ્રહમાં સફળતા મળી તોય શું, અને ન મળી તોય શું?

આપણા જૂના ઉત્સવોમાં કેટલાક વહેમોને અને હદ બહારના ખર્ચને અવકાશ મળે છે એ વાત સાચી છે. પણ એ વાટે આપણે સામાજિક કળાપ્રિયતાને મહત્ત્વનું પોષણ આપ્યું હતું. આજકાલ ધર્મની પ્રતિષ્ઠા ઓછી થઈ છે તેથી આપણા સામાજિક ઉત્સવો ધર્મને કારણે નથી થતા, પણ સામાજિક અને રાજદ્વારી પ્રેરણાથી થાય છે. આપણાં social gatherings, સ્નેહસંમેલનો, ચંદ્રિકોત્સવો અને પરિષદો એ આપણાં સામાજિક જીવનનાં નવાં પ્રતીકો છે. એમાં જ્યાં જુઓ ત્યાં એક જ પ્રકાર નજરે પડે છે. બે ચાર સંમેલનો ગોઠવ્યા પછી એનો કંટાળો જ આવી જાય છે. નવા નવા લોકો એ ખેલમાં ઊતરે છે માટે જ એવા ઉત્સવો વર્ષોવર્ષ ચાલે છે. સમાજમાં કળાની દૃષ્ટિએ જ્યારે સૂઝ જાગશે ત્યારે જ એમાં અર્થપૂર્ણ વિવિધતા આવી જવાની આશા રખાય. આશા રખાય એટલા માટે કહું છું કે આજે પણ જ્યાં કળાની નજરવાળા લોકો આવા ઉત્સવો ને પ્રદર્શનો ગોઠવે છે ત્યારે જીવતું વાતાવરણ દેખાઈ આવ્યા વગર રહેતું નથી. અનેક પ્રાંતોમાં ફરતાં મેં મધ્યમ વર્ગનાં પાંચ દશ ઘરો એવાં જરૂર જોયાં છે કે જેમાં કળાની દૃષ્ટિએ જીવનનો કાંઈક આવિષ્કાર થતો હોય. એટલે આશાને તો ઘણું સ્થાન છે.

૧૫

જોઈએ છે જીવનકળાધરો

લલિતકળા અને હુન્નરકળા નોખાં પાડીને આપણે બંનેને નબળાં પાડ્યાં છે કે કેમ એ પણ એક વાર આપણે તપાસવું જોઈએ. લલિતકળામાં કેવળ તટસ્થ આનંદનો સવાલ હોય છે, જ્યારે હુન્નરકળામાં સગવડો, સુખાકારી અને એનાં સાધનો પ્રધાનપણું ભોગવે છે. હવે ધારો કે આપણા ઘરનું દીવાનખાનું શણગારવું છે તો એમાં એ બન્ને વિચાર સાચવ્યા વગર ચાલે જ કેમ? અને ઘર કે દીવાનખાનું કેવળ રાજામહારાજાનું અને મોટા મોટા લક્ષ્મીપુત્રોનું, અને એમની સાથે મિત્રાચારીનો દાવો રાખનાર એમના સંસ્કારી આશ્રિતોનું જ વિચારમાં નથી લેવાનું. પણ ગામડામાં

વસતા ખેડૂતો, સવારથી સાંજ સુધી જાતમહેનતથી પ્રમાણિક આજીવિકા મેળવનાર કારીગરો, અને એક જ ઓરડીમાં પાંચ પાંચ છ છ જણા રહેનાર સંસ્કૃતિના ભારવાહક મજૂરો — બધાના રહેઠાણનો વિચાર કરવો જોઈએ. ત્યાં જે કાંઈ થોડીઘણી ચીજો વપરાતી હોય તે બધામાં અર્થ હોવો જોઈએ. અર્થ વગરની કળા જીવનમાં ભળતી નથી, અને જીવનને શણગારતી નથી. જેમની રહેણી જૂની ઢબની છે તેમના ઘરમાં નવી જાતનું રાચરચીલું અર્થવગરનું થઈ જાય છે; જેમ આપણા દેશમાં નેક-ટાઈ અને મોજાં અર્થવગરનાં દેખાય છે. જેવું જીવન તેવું જ ઘર, તેવું જ રાચરચીલું, અને તેવી જ એના પરની કારીગરી અને કળા. નીચેથી ઉપર સુધી સાર્થકતાનો સંબંધ હોવો જ જોઈએ.

આ વિવેચન પરથી સૌથી મહત્ત્વના મધ્યસ્થ વિચાર ઉપર આવવું પડે છે. આપણે ત્યાં ડૉકટરો, વૈદો, ઇજનેરો, વકીલો વગેરે તે તે શાખાના વિશેષજ્ઞો પડેલા છે. પણ આખી સંસ્કૃતિના, આખા જીવનના જીવનશાસ્ત્રીઓનો અભાવ છે. સંસ્કૃતિની ચર્ચા કરનારા અધ્યાપકો આપણને મળશે, પણ આખા સમાજને દોરનાર રાષ્ટ્રપિતાઓ અથવા ઋષિઓ સમાજમાં કેટલા છે? સમાજમાં યુરોપ જેટલું જ અસંસ્કારી અરાજક આપણે ત્યાં ફેલાવાથી લોકોને સમાજની સુસ્થિતિ માટે જીવન-ઋષિઓની જરૂર છે તેનું ભાન રહ્યું નથી. રાજા અને સરકાર વગર ચાલી શકે પણ જીવન-ઋષિ, સમાજધુરીણો વગર ન જ ચાલી શકે, એ જે દિવસે આપણે સમજીશું તે દિવસે આપણે આપણા સમાજધુરીણો પેદા કરવાના જ. મધમાખોની એક રાણી મરી જાય તો તેઓ તરત જ બીજી રાણી તૈયાર કરવા મંડી પડે છે. સામાજિક જીવનમાં સ્વાતંત્ર્યને નામે આપણે અરાજક ચલાવવા દઈએ છીએ, જ્યારે રાજસત્તા આગળ ચૂપચાપ માથું નમાવીએ છીએ. જેમ કુટુંબમાં વ્યવસ્થા હોય છે પણ રાજતંત્ર હોતું નથી, તેમ જ સમાજ વિષે પણ જરૂરનું છે. વ્યક્તિની પેઠે સમાજ પણ માતૃમાન, પિતૃમાન, આચાર્યવાન હોવો જોઈએ. ત્યારે જ સામાજિક જીવનમાં સ્વાસ્થ્ય, સામર્થ્ય અને સંગીત દાખલ થવાનાં. સમાજ જ્યારે માતૃમાન, પિતૃમાન અને આચાર્યવાન થશે ત્યારે

જીવનકળા કેળવાશે, લલિતકળા અને હુન્નરકળા એકબીજાને પોષક થશે, વર્ગવિગ્રહને અવકાશ નહિ રહે. આપણી જૂની સંસ્થાઓ એ ઢબે ચાલતી. રાજાઓ પણ કુલગુરુની આમન્યા રાખીને જ ભોગ ભોગવતા અને રાજ કરતા. હવે આપણે આપણી સંસ્થાઓ પાશ્ચાત્ય ઢબે — પ્રમુખ, મંત્રી, ખજાનચી અને કાર્યવાહક મંડળના વ્યવસ્થાતંત્રથી — ચલાવીએ છીએ. આપણા સમાજશાસ્ત્રમાં ફેર પડ્યો, તેથી સમાજને દોરવાની સૂઝ કોઈનામાં રહી નથી. હવે ટિચાઈને જે રસ્તો જડશે તે ખરો.

જો આપણો સમાજ જાગૃત થયો હોય તો હવે આપણે એક મોટું કમિશન નીમી એની પાસેથી જીવનપરિવર્તનની સૂચનાઓ મેળવવી જોઈએ. સમાજમાં જૂના આદર્શો કેટલા ટક્યા છે, નવા કેવા દાખલ થયા છે, બદલાયેલી પરિસ્થિતિમાં શું શું કરવું ઘટે છે, સમાજવ્યવસ્થાએ કેવું રૂપ ધારણ કરવું જોઈએ, તે બધાની સૂચનાઓ આપણને જોઈએ છે. આવાં કમિશનો ચોક્કસ નિર્ણયો ન આપી શકે તોય સામાજિક જીવનનું આટલું વ્યાપક અને સશાસ્ત્ર અધ્યયન થાય એ જ મોટો લાભ છે. સામાજિક જીવનના આવા અભ્યાસને અંતે કળાનું જીવનમાં સ્થાન સહેજે નક્કી થશે. અને પછી કેવળ પરદેશી વસ્તુઓથી અથવા સ્વદેશી વસ્તુઓથી કેવળ દીવાનખાનાં શણગારવાનો વિચાર ન કરતાં, આખું સામાજિક જીવન કળાયુક્ત કરવા તરફ આપણો સામાજિક પુરુષાર્થ દોરાશે. આપણા સુથારો, કંસારાઓ, કડિયાઓ, સોનીઓ, દરજીઓ, મોચીઓ, પાઘડી વગેરે શિરોવેષ્ટનો તૈયાર કરનારાઓ વગેરે કારીગરવર્ણો આજે દિશા વગર રખડે છે. જે કાંઈ ચીજ બનાવવી હોય તે કાં તો જૂની–પુરાણી, સુંદર પણ મરેલી ઢબે બને છે. અથવા પાશ્ચાત્ય કંપનીઓના કેટલૉગમાંથી પ્રેરણા લઈને બનાવવામાં આવે છે. ‘वर्णानाम् ब्राह्मणो गुरुः’ એ વચનનો એવો સાંકડો અર્થ નથી કરવાનો કે, બ્રાહ્મણ બધા પાસેથી દક્ષિણા લે, બધાને ચરણતીર્થ આપી આશીર્વાદ આપે, અને બધાને ત્યાં શ્રાદ્ધ જમવા જાય, કે વિવાહ વખતે મંત્ર બોલી આવે. જૂના વખતના બ્રાહ્મણ–આચાર્યો ધનુર્વેદ, આયુર્વેદ, સંગીત, અશ્વવિદ્યા, ગજવિદ્યા વગેરે બધી જ કળાઓ ખીલવતા. આજે આપણે ત્યાં કેળવાયેલા

લોકોમાંથી કોઈ વિશ્વકર્મા બનતો નથી, કોઈ ભરતાચાર્ય પણ હજી બન્યો નથી. અશ્વિનીકુમાર થવાનું તો દૂર જ રહ્યું. તમામ વર્ણોની જીવનવ્યવસ્થા અને સમાજસેવા વ્યવસ્થિત કરી આપનાર જીવનકળાધરો પાકશે ત્યારે જ આપણો સમાજ જીવિત થશે. સમાજને એવી વ્યવસ્થાની ભૂખ લાગ્યા વગર એવા સમાજપુરુષો પ્રગટ થવાના નથી.

૧૬

ભવનકળા

જેમ નાટકમાં અનેક સાહિત્યકળાઓનું સ્નેહસંમેલન થાય છે અથવા જેમ વૃંદગાયનમાં જાતજાતનાં વાજિંત્રોનું અનુરાગ સંમેલન થાય છે, તેમ જ સ્થાપત્ય અથવા ભવનકળામાં અનેક કળાઓનું અખંડ સંમેલન અથવા કુટુંબ ગોઠવી શકાય છે. અને તેથી આપણા જીવનની હાજતો, આપણી રહેણીકરણી, આપણું સામાજિક જીવન અને સામાજિક આનંદ એ બધી વસ્તુઓનો વિચાર કરી આપણે આપણી ભવનકળા ખીલવવી રહી. જેવી આપણી રહેણીકરણી આપણે રાખવા માગતા હોઈએ એવી જ આપણી ભવનકળા હોવી જોઈએ. આપણા મહેમાનોને આપણે પહેલાંની જેમ રાખતા નથી, ન રાખવા ઘટે. પ્રાચીન કાળમાં ગમે તે માણસને મહેમાન તરીકે આવવા દેતા નહિ. પોતાની નાતજાતનો કે પંથનો માણસ હોય, એવાને જ મોટે ભાગે ઘરની છૂટ રહેતી. પણ એક વાર ઘરમાં લીધા પછી એ અતિથિ મોંઘો મહેમાન થયો, એની તો પૂજા જ થાય. મધ્ય યુરોપનાં ગામડાંઓમાં એવી દશા હજી પણ છે એમ કહેવાય છે. ઉત્તર હિંદુસ્તાનમાં જ્યાં પડદાની પ્રથા છે ત્યાં મહેમાનને જુદી રીતે રાખવામાં આવે છે. વેપારીને ત્યાં વેપારને અંગે લોકો આવે, વકીલને ત્યાં અસીલો આવે, ડૉકટરોને તો કોક કોક વાર રુગ્ણાલયની પડખે વીશીઓ પણ ખોલવી પડે છે. એ બધી નવી હાજતોનો વિચાર કરી આપણે આપણી ભવનકળા વિસ્તારી હોય તો તેમાં લલિત કળાઓને સ્થાન કેવું આપવું તે આપણે જાણી શકીશું. આજે જેમ તૈયાર કપડાં ખરીદવાની સગવડ કેટલાક લોકો શોધે છે, તેમ હુન્નરકળા અને લલિત-કળાના નમૂનાઓ પણ આપણે પશ્ચિમમાંથી આણવા લાગ્યા છીએ.

શુદ્ધ હવા, પ્રકાશ, સૂરજનો તડકો, અવાજનો પ્રતિધ્વનિ ઇત્યાદિ વસ્તુઓનો આપણે આરોગ્ય ને સગવડની દૃષ્ટિએ ભવનકળામાં વિચાર કરીએ છીએ. કળાની દૃષ્ટિએ પણ એનું મહત્ત્વ ઓછું નથી. અને આવી બધી સગવડો અને સુંદરતાઓ સાચવ્યા પછી પણ મકાનનો આકાર, અને અનેક મકાનોની સમગ્ર ગોઠવણમાં પણ એકતા અને વ્યક્તિત્વ આવે છે કે નહિ તે પણ આપણે જોવું જોઈએ. આપણી નગરરચનામાં તો વ્યવસ્થા રહી નથી. પણ એક એક સંસ્થાનાં મકાનોમાં પણ ઢંગધડો દેખાતો નથી. અને કોક કોક વાર મોટા લક્ષાધીશોનાં મકાનો પણ બધી કળા અને સગવડોનો વિચાર કરીને બાંધેલાં હોવા છતાં, કેવળ રૂપાળી ઓરડીઓના અવ્યસ્થિત ઢગલા જેવાં જ લાગે છે.

અને આજકાલ એક રીતે વ્યવસ્થિત બાંધેલા મકાનોમાં અને મંદિરોમાં ઘણી વાર તાત્કાલિક સગવડ ખાતર ફેરફારો કરી ઓરડીઓના જેમતેમ ફણગા ફોડવામાં આવે છે તે તો આપણી અવ્યવસ્થિત અને વિચારશૂન્ય જીવનકળાનાં સ્મારકો જ બની જાય છે. એક રીતે બાંધેલું મકાન માણસ બીજી રીતે વાપરવા જાય, એમાં જેવાં મળ્યાં એવાં સાધનો વાપરે, અને બધું જ અસંસ્કારી કરી મૂકે, એ સ્થિતિ મેં તો બધા જ પ્રાંતોમાં જોઈ છે. જેમાં પ્રમાણબદ્ધતા છે, જીવન સાથે મેળ છે, અને તેથી અર્થપૂર્ણ કળા છે, એવાં મકાનો તો ડુંગરામાં અને ગરીબ ગામડામાં અનેક ઠેકાણે જોયાં છે ખરાં.

૧૭

સાદાઈ, સંયમ અને વીરતા

ઓરડીમાં ઢગલાબંધ રાચરચીલું ખડકી દેવાથી સગવડે સચવાતી નથી અને કળાયે ખીલતી નથી. રસોઈમાં તમામ જાતના મસાલા મૂકી મૂકી નાંખવાથી સ્વાદે સંતોષાતો નથી અને તબિયતે જળવાતી નથી. ગામના બધા જ લોકોને એકસામટા મળવા બોલાવવાથી પરિચયે કેળવાતો નથી અને કોઈની કદરે કરાતી નથી. એવી રીતે ચોવીસે કલાક સંગીત, દરેક લખાણમાં કાવ્ય, ડગલે ને પગલે દીવાઓ, જ્યાં ત્યાં વખાણ — એવું

કરવાથી કળા સચવાતી નથી. મુંબઈ જેવાં શહેરોમાં દિવસરાત ઘેર ઘેર ગ્રામોફોનના કોલાહલથી મુંબઈમાં ગાન–સંસ્કારિતા વધી છે એવો તો અનુભવ થયો નથી. સાદાઈ, સ્વચ્છતા, મોકળાશ, શાન્તિ અને ઠરેલપણા વગર કળા ખીલે જ નહિ. જે આખો જન્મારો ગળ્યું ગળ્યું જ ખાય છે, ગરમ ગરમ ખાય છે, અથવા આઇસ્ક્રીમ ઉપર જ જીવે છે તેની સ્વાદશક્તિ બહેર મારી જાય છે. એની સ્વાદશક્તિ અને પારખ-શક્તિ બૂઠી થઈ જાય છે. જેને રોજ ખુશામત કરવી પડે છે અથવા રોજ ખુશામત સહન કરવી પડે છે તે માણસમાં કોઈની કદર કરવાની શક્તિ જ રહેતી નથી. એટલા ખાતર કળાકારોએ અને કળારસિકોએ સાદાઈ અને સંયમનું જીવની પેઠે જતન કરવું જોઈએ. સાદાઈ, સંયમ અને વીરતા એ ત્રણ વગર જીવન છીછરું અને અકુલીન થઈ જાય છે. જેમ મરજીવાઓને જ ઊંડાણમાં પાકતાં મોતીઓ મળે છે તેમ જેમણે વીરતા કેળવી છે તેમને જ જીવનકળાનું તો શું, દરેક કળાનું રહસ્ય મળવાનું છે. કેવળ પૃષ્ઠભાગ ઉપર તરનારા જરાક મોજ માણી શકે. મહાસાગરની તિમિંગિલ માછલીઓ જુદી અને ચાંગળા પાણીમાં કૂદાકૂદ કરનાર શફરીઓ જુદી.

૧૮
પોશાક અને ઘરેણાં

એક વાર વડોદરામાં શ્રી. સયાજીરાવને પૂર્ણ દેશી પોશાકમાં, શણગારેલી બળદગાડીમાં બેસીને માંડવીને રસ્તે જતા જોયા. તે વખતે એ રસ્તાઓ, એની બે બાજુનાં મકાનો, ગાડી, બળદ, ગાડી હાંકનાર, એનો પોશાક અને અંદર બેઠેલા રાજવી, બધાં એકમેકમાં એટલાં તો સુંદર ભળતાં હતાં કે એક ક્ષણ માટે આંખો ઠરી ગઈ. જાણે બધાં એક જ સંસ્કૃતિનું વાતાવરણ સેવતાં હતાં ને જમાવતાં હતાં! વડોદરાનો જૂનો લશ્કરી પોશાક અને આજના હડેલહપ્પી પોશાકની સરખામણી પણ ત્યાં એક વાર કરવાને મળી. અને મનમાં થયું કે મુશ્કેલીમાં આવીને પડેલી કોઈ ખાનદાન ઘરની બાળા મદદ માગવા માટે વિશ્વાસપૂર્વક કેની પાસે જઈ શકે એવો સવાલ હોય તો એનો જવાબ અહીં એક જ રૂપે મળશે. જૂના પોશાકનો

સરદાર શૂરવીર અને લડવૈયો તો દેખાય જ છે, પણ એ પોશાકમાં જ ખાનદાનીભર્યું સ્ત્રીદાક્ષિણ્ય પણ પૂરેપૂરું દેખાય છે. આ શૂરવીર વીરો પણ છે એ વિષે શંકા નથી રહેતી. યુરોપિયન પોશાક એમના દેશ માટે અને સમાજ માટે સારો હશે પણ એની પાછળ એટલી આર્યભાવના આપણે જોઈ શકતા નથી.

કોઈ મારા કહેવાનો એવો અર્થ ન કરે કે તમામ જાતના જૂના પોશાકની હું હિમાયત કરું છું. પોશાકનું પણ પોતાનું ચારિત્ર્ય હોય છે. અમુક પોશાક આશ્રિતોને જ શોભે; અમુક ગુલામોને જ. બેજવાબદાર છીછરા બાળકોનો પોશાક જુદો અને ગંભીર સમાજનેતાઓનો પોશાક જુદો. વિદ્વાન, સેવક, અમલદાર, ત્યાગી, વૈરાગી, સંન્યાસી દરેકની ચારિત્ર્યવિભૂતિ જુદી હોય છે. એટલે વેશ પણ એને અનુકૂળ જ રખાય.

આપણે ત્યાં પોશાકમાં ઘણો સંયમ દાખલ કરવાની જરૂર છે. વૈરાગીઓ અને વૈષ્ણવ સાધુઓ જે રૂપ કાઢે છે અને શરીર પર જે જાતજાતની છાપો મારે છે તે ભક્તિની નિશાની ભલે મૂળમાં ગણાઈ હોય પણ આજે તો સ્વાંગ જેવા દેખાય છે. અને સરકસના વિદૂષક જેવો આ પોશાક અને આવી મુદ્રાઓ કેટલાક તો આજીવિકાની સગવડ ખાતર જ ધારણ કરે છે. અને પછી પરદેશના મુસાફરો એવાઓના ફોટા લઈ દુનિયા આગળ આપણી મજાક કરે છે!

અને ઘરેણાંઓનો શોખ તો આપણે એટલો વધાર્યો છે કે નાક, કાન, હોઠ બધાં જ વીંધી નાંખ્યાં. એ જંગલીપણું આપણે કાઢી નાંખવું જોઈએ. ઘરેણાંનો શોખ એ આશ્રિત દશાની નિશાની છે. જૂના વખતમાં જ્યારે રાજાઓ સાચા રાજાઓ હતા ત્યારે તેઓ પોતે ભાગ્યે જ આટલાં બધાં ઘરેણાં પહેરતા. રાજત્વસૂચક એકાદ ઘરેણું પહેર્યું એટલે ખૂબ થયું. રાજાનો વૈભવ રાજા પોતે ઊંચકતા નહિ પણ આસપાસના આશ્રિતો ઉપર અને પોતાની રાણીઓ ઉપર તે લાદતા. આજની બહેનો જ્યારે કેળવણી અને સંસ્કારિતા લઈ સમાજમાં આગેવાનીભર્યો ભાગ ભજવવા માગે છે, ત્યારે એમણે ઘરેણાં વિષે નવેસર વિચાર કરવો જોઈએ.

૧૯
નાટક અને સિનેમા

મેં આજકાલનાં નાટકો જોયાં નથી, અને સિનેમાનું — મૂવી કે ટૉકીનું દર્શન કર્યું છે એમ પણ ન કહી શકું.* જિંદગીમાં થિયેટરનાં નાટકો દસ પણ નહિ જોયાં હોય. સિનેમાની શોધ થઈ હતી અને એને 'બાયસ્કોપ' કહેતા હતા તે વખતે બેએક ફિલમો જોઈ હશે. એટલા પરથી વિવેચન શી રીતે કરી શકું? છાપાંમાં જ્યાં જુઓ ત્યાં સિનેમાનાં ચિત્રો હોય છે. અને મુંબઈ જેવાં શહેરોમાં સિનેમાની જાહેરખબરોમાં મોટાં મોટાં મોઢાં પ્રણય કરતાં અથવા બીક અને દ્વેષ વ્યક્ત કરતાં દેખા દે છે એટલા ઉપરથી જે ખ્યાલ બંધાય તેટલો જ મારી પાસે છે. જે વિષયની ચર્ચા રોજનાં છાપાં સંખ્યાબંધ કૉલમોમાં કરે છે તે વિષય વિષે હું કશું ન બોલું તો કોઈને અગિયારશના ઉપવાસ જેવું નહિ લાગે એવી આશા રાખું છું.

એક પાશ્ચાત્ય સમાલોચકે સંસ્કૃત નાટકો વિષે લખતાં કહ્યું છે કે સંસ્કૃત નાટકોમાં કાવ્યનું માધુર્ય ખૂબ હોય છે પણ માધુર્ય માટે નાટકો છે જ નહિ. એમાં તો રુવાંટાં ખડાં થવાં જોઈએ. જેમાં રોમહર્ષણ (Dramatic thrill) નથી એ નાટક શાનું?

આ રોમાંચ (thrill)ની શોધમાં આજકાલનાં નાટકો અને સિનેમાઓ કેટલે સુધી પહોંચ્યાં છે એનો વિચાર કરતાં જરૂર રુવાંટાં ખડાં થાય છે. એ રોમાંચ લાવવા માટે લૂંટફાટ, આગ, અપહરણ, પલાયન, ખૂન વગેરે બધા પ્રસંગો યોજવામાં આવે છે. અકસ્માત તો ડગલે ને પગલે હોય જ. નીરોને રોમ બાળતાં કેમ કરીને આનંદ થયો હશે, એમ હવે આશ્ચર્ય કરવાની જરૂર નથી.

મેં સાંભળ્યું છે કે કેટલીક ફિલમો બહુ સારી હોય છે; ઉત્તમમાં ઉત્તમ સાહિત્યકૃતિઓની ફિલમો એટલી તો આબાદ

---

* આ લખાયા પછી મારા મિત્રો અને વિદ્યાર્થીઓના આગ્રહથી 'ધર્માત્મા'ની ફિલમ જોઈ આવ્યો. મને તે ખૂબ જ ગમી. છતાં સિનેમા એ કાંઈ અસાધારણ વસ્તુ છે એમ ન લાગ્યું. અને સિનેમા વિષેના મારા સામાન્ય અભિપ્રાય પણ ન બદલાયા.

હોય છે કે સાહિત્યના અધ્યયન કરતાં આ ફિલમોનું દર્શન જ વધારે અસરકારી કેળવણી હોય છે. આજના કળાકારોની શક્તિ વિષે મને શંકા છે જ નહિ. જે શુદ્ધ સાત્ત્વિક કળા ખીલવે છે એમની જ વાત હું નથી કરતો પણ જમાનાનો રંગ નક્કી કરનાર અને સમાજ વિષે બેદરકાર રહેનાર કળાકારોની પણ શક્તિ આંજી નાખે એવી છે એ મેં અનુભવ્યું છે. આસુરી સંપત્તિનું સામર્થ્ય ઓછું હોય છે એમ તો ક્યાંય કહેલું છે જ નહિ. સિનેમા અને નાટકો જલદ વસ્તુઓ છે. એમની અસર ભારેમાં ભારે હોય જ. પણ જે સમાજને એનો પ્રયોગ અખંડ સેવન કરવો પડે છે તે સમાજ વિષે કંઈ ચિંતા થવી સ્વાભાવિક છે. મુંબઈમાં ગ્રામોફોનો અખંડ ગાયા કરે છે. એની બધી જ થાળીઓ (પ્લેટો) ખરાબ હોય છે એમ પણ નથી. પણ આ સંગીતની રેલથી પ્રજા સંસ્કારી થઈ છે, એમનાં હૃદય ઉન્નત થયાં છે, એમ તો માનવામાં નથી આવતું. આધુનિક સુધારાને લહેરથી નિહાળતો આલ્ડસ હકસ્લે પણ કળા અને વિલાસિતાના અતિરેકથી નુકસાન જ છે એમ ભાર દઈને કહે છે. ખરેખર, જીવનની સમૃદ્ધિ નિર્મળ ગૃહસ્થાશ્રમ જેટલી સાદાઈમાં જ છે એ જ્યાં સુધી આપણે સ્વીકાર્યું નથી ત્યાં સુધી કળા મારફતે સમાજની ઉન્નતિ થવાની નથી.

હું કબૂલ કરું છું કે નાટક સિનેમામાં જીવનના રસિક કે આકર્ષક પ્રસંગો કાંઈક ભડક-રંગમાં ચીતરવા અપરિહાર્ય હોય છે. પણ એનો અતિરેક થવાથી કળા મારી જાય છે, અને લોકોની ચિત્તવૃત્તિ ક્ષુબ્ધ અને ક્ષુબ્ધ જ રહે છે. જ્યારે સારી કળાના સેવનથી તો લલિત ભાવ વધવો જોઈએ અને એમાંથી સ્થાયી સમાધાન પરિણમવું જોઈએ.

૨૦
કળાનો વિસ્તાર

આપણે ત્યાં ચિત્રકળાએ વિશિષ્ટ રૂપ જ પકડ્યું હતું. જૂની પોથીઓમાં અને મંદિરોની દીવાલો ઉપર મુખ્યત્વે ચિત્રો ચીતરતા. રવિવર્માએ પાશ્ચાત્ય યથાર્થદર્શી કળાને આપણા દેશમાં આણી અને યુરોપિયન કળાતંત્ર જાળવી પૌરાણિક પ્રસંગો આપણને ચીતરી આપ્યા. બંગાળમાં હેવલે આપણી ચિત્રકળા-પદ્ધતિમાં

રહેલું રહસ્ય આપણા લોકો આગળ મૂક્યું અને એક નવો પંથ જગાડ્યો. અવનીન્દ્રનાથ ટાગોર, આનંદકુમાર સ્વામી, ભગિની નિવેદિતા વગેરે સમર્થ કળારસિકોએ એનો વિસ્તાર અને અર્થ કર્યો. અજંટામાંથી પ્રેરણા લઈ કેટલાય અદ્‌ભુત ચિત્રકારો આપણા જમાનામાં પાક્યા છે. ગુજરાતમાં લક્ષ્મીપુત્રોએ આ નવી સ્વદેશી ચિત્રકળાની સંસ્કારિતા પોતાની કરી. રવિશંકર રાવળે તો એક ચિત્રપીઠ જ સ્થાપી છે. હવે ભારતી ચિત્રકળા અનાથ રહી નથી. નાનાલાલ મહેતા જેવા એના ઇતિહાસકાર તૈયાર થવા લાગ્યા છે. ડૉ. હરિપ્રસાદ અને રત્નમણિરાવ જેવા પણ જૂની સંસ્કૃતિની સુંદરતા આપણા મન પર ઠસાવવા મથે છે. અર્ધેન્દ્ર-કુમાર ગાંગુલી જેવા એના વિવેચકો એનું રહસ્ય વિશદ કરવા લાગ્યા છે. નંદલાલ બોઝ જેવા એની વિશ્વતોમુખી શક્તિ વ્યક્ત કરવા લાગ્યા છે. હવે આપણે કેવળ આત્મરક્ષણની વૃત્તિ રાખી જૂનાને જ વળગી રહેવાની જરૂર નથી. હવે ગમે તે દેશમાં જાઓ, ચિત્રકળા ઝપાટાભેર આંતરરાષ્ટ્રીય થતી જાય છે. યંત્રયુગ પણ હવે પોતાની જટિલ ભવ્યતાની દીક્ષા કળાને આપવા મંડ્યો છે. પ્રાચીન મિસર દેશમાંથી આપણે કશી પ્રેરણા લેવાના નથી, એમ નથી. ક્યુબિક આર્ટ તો હવે સાર્વભૌમ થવા લાગી છે. પતંગિયાની પાંખો, મહાસાગરની માછલીઓ, વનસ્પતિસૃષ્ટિનો વિલાસ, દેશદેશાંતરનાં પશુપક્ષીઓ, ખીણમાંના પાસાદાર પથરાઓ, બરફનાં ચોસલાંઓ, સમુદ્રના શંખલાઓ, અને આકાશનાં ઇન્દ્રધનુષ અને વાદળાંઓ, બધાં જ આપણને વર્ણ અને આકૃતિની અવનવી દીક્ષાઓ આપવા લાગ્યાં છે. આખી દુનિયાનું પ્રાચીન અને નવીન સ્થાપત્ય, રસાયણ-કળાએ શોધેલા નવા નવા રંગો, બધું જ સાહિત્ય આપણી આગળ છે. આટલી સમૃદ્ધિ ઉપલબ્ધ હોવા છતાં, કેવળ 'પિતાના કૂવામાં જ નાહીશું, એનું જ પાણી પીશું,' એવી સંકુચિતતા હવે રાખવાની જરૂર નથી. જ્યાં સુધી આપણામાં દાસભાવ, હીનભાવ, (slave mentality; inferiority complex) હતા, ત્યાં સુધી સ્વાભિમાનની માત્રાનું સેવન કરવું આવશ્યક હતું. હવે જો આપણે આત્મપરિચય પામ્યા હઈશું, આપણા સામાજિક જીવનમાં ભારતીય પ્રાણ સ્ફુરતો હશે, તો દુનિયાનું બધું લઈને એને ભારતીય

રૂપ આપણે જરૂર આપી શકીશું. જીવન જો આપણે વિશુદ્ધ ન રાખ્યું, અનુકરણ, અનુસરણ અને વિલાસમાં જો આપણે ડૂબી ગયા, તો આપણો નાશ જ છે, પણ જો આપણે તમામ વસ્તુને આત્મસાત્ કરવાનું રસાયણ ખીલવ્યું હશે તો આપણે અગ્નિની પેઠે સર્વભક્ષ જરૂર થઈ શકીશું. જે વિશુદ્ધ છે તે સર્વસમ્રાટ થવાનું, તેનો એ અધિકાર છે.

એક બહુ જ અગત્યની કળા તરફ આપણું દુર્લક્ષ થતું જાય છે અને તે છે લેખનકળા. જૂના વખતમાં દુનિયાના બધા જ દેશોમાં લહિયાનો ધંધો પ્રતિષ્ઠિત ગણાતો. મોટા મોટા બાદશાહો પણ ધર્મગ્રંથો સુંદર રીતે લખી પોતાની નવરાશનો વખત કામમાં આણતા, અને ગુજરાન જેટલું કમાતા પણ ખરા. નિવૃત્તિપરાયણ સંન્યાસીઓ અને સાધુઓ પણ લેખનકળામાં અસાધારણ પ્રગતિ બતાવતા. આપણી લિપિની સુંદરતા એવા લોકોને જ આભારી છે. આજે છાપખાનાં અને ટાઈપરાઈટરને કારણે એ કળા ખીલતી અટકી છે. યુરોપમાં એવું નથી થયું. ત્યાં યંત્રકળાની મદદ લઈને અક્ષરો વધારે રૂપાળા અને સગવડવાળા કરવા તરફ કળાકારોએ પોતાની શક્તિ વાળી છે. આપણે ત્યાં કેવળ જડતા જ પ્રવર્તે છે. જ્યારે કોઈ વિલિયમ મોરીસ આપણે ત્યાં જાગશે ત્યારે જ આમાં સુધારો થવાનો. એ સમાજ-હિતચિંતકે મજૂરીમાં આનંદ અને કળા દાખલ કરવા માટે એકેએક કળાને હાથ ધરી. દીવાલો પર ચોડવાના કાગળો, ઘરનું ફર્નિચર, બીજું રાચરચીલું, અક્ષરો છાપવાનું, બધામાં પાણીની પેઠે પૈસો ખર્ચો, અને દરેક કળામાં પોતાની પ્રતિભા ચલાવી એણે ઇંગ્લંડમાં નવો યુગ શરૂ કર્યો. આપણે ત્યાં કેવળ બચુભાઈ રાવતને જ આપણા અક્ષરોની દયા આવી અને એમણે અક્ષરોનાં રહી ગયેલાં અંગોને માલિશ કરી કરી છૂટાં કર્યાં. હવે એ દિશાએ અનેક પ્રયત્નો કરીને અનેક રીતે એનો રૂપાળો વિસ્તાર કરવો જોઈએ.

સંગીતમાં આ છેલ્લા પા શતકમાં ઘણી પ્રગતિ થઈ છે. અથવા પ્રગતિ ન કહી શકાય—પ્રચાર ઘણો થયો છે. આપણા સંગીતશાસ્ત્રીઓ હવે પ્રગતિ તરફ ધ્યાન દેશે તો સારું. રવીન્દ્રનાથ ઠાકુરે પ્રગતિ માટે થોડુંક કર્યું છે ખરું. પણ હજી આપણે

Psychology of Musicનું ક્ષેત્ર ખેડયું જ નથી. ગુજરાતનું લોકસંગીત, દક્ષિણનું કર્ણાટકી સંગીત, બંગાળનું વિશિષ્ટ મધુર સંગીત, અને ઉત્તર હિંદુસ્તાનનું આર્ય—ઈરાની સંગીત—એ બધી પદ્ધતિઓ આપણને વારસામાં મળી છે. હિમાલયના પહાડમાં આપણે ફરીશું તો ત્યાં પણ સંગીતની વિશિષ્ટ પદ્ધતિ આપણને જડશે. એ બધાનો સમન્વય કરીને એક વિરાટ સંગીતપદ્ધતિ ચાલુ કરનાર ગાનાચાર્ય ક્યાં છે? આપણે એનું આવાહન કરીશું, એને માટે ધ્યાન ધરીશું. એ આવવો જ જોઈએ, એનો વખત થઈ ચૂક્યો છે.

કોઈ પણ રાષ્ટ્રનું સંગીત એ પ્રજાકીય પુરુષાર્થનો પડઘો છે. આપણે જ્યારે પરાક્રમી પ્રજા તરીકે પંકાઈશું ત્યારે ત્રિંશત્કોટિ-કંઠકલકલનિનાદથી કરાલ અને મધુર બંને જાતનાં સંગીતો આપણને મળશે જ. લાસ્ય અને તાંડવ બંને આપણાં જ છે. એક જ વસ્તુના એ બે પાસા છે. બિથોવનને જો તોફાનનું સંગીત ઉત્પન્ન કરતાં આવડયું તો આપણને દૈવી સૃષ્ટિ પેદા કરનાર મહાન ક્રાંતિનું સંગીત પેદા કરતાં કેમ ન આવડે? સાધના જોઈએ છે, હિંમત જોઈએ છે, સાહસ જોઈએ છે.

એક એક કળા સરસ રીતે ખીલવવા સાથે જુદી જુદી કળાઓને પરણાવવાની પણ જરૂર છે. ચિત્રકારના સાત રંગ અને ગાયકોના સપ્ત સ્વર વચ્ચેનો સંબંધ શોધી કાઢી પછી જેમ સારીગમની સ્વરવાટિકાઓ અને અલંકારો ગવાય છે તેમ સપ્ત-વર્ણનાં નવી નવી ઢબનાં ઇંદ્રધનુષો તૈયાર કરવાં જોઈએ. કુદરતમાં ફળ, ફૂલ, પાંદડાં, જીવડાં અને પતંગિયાંના વિધવિધ રંગો જોઈ એ ઉપરથી નવા નવા રાગો પણ ગોઠવવા જોઈએ. આ કામ કેવળ થિયૉસૉફિસ્ટનું નથી, પણ મોટા મોટા કળાધરોએ આ અખતરાઓ કરવા જોઈએ. જ્યારે સંગીતના રાગોનું માનસશાસ્ત્ર આપણે ખીલવીશું ત્યારે જ નવા નવા અદ્ભુત રાગોના અવતાર થશે. આપણું ગાયન એકાંતનું અથવા નાની નાની બેઠકોનું જ છે. હજારો અને લાખો લોકો ભેગા થઈ સામુદાયિક સંગીત ચલાવવાના દિવસો હવે આવ્યા છે. હવે તો વિરાટ ભાવો વ્યક્ત કરતા રાગો અને સંગીતની પદ્ધતિઓ પણ ખીલવવી જોઈશે. કોઈ પણ અભણ

માણસ કેવળ આદરથી ધર્મગ્રંથોની ચોપડીઓ ભેગી કરે ને સંઘરે તેવી રીતે આજે આપણા ધનવાન અને સંસ્કારી ગણાતા લોકો સંગીતને પોતાના ઘરમાં સ્થાન દે છે. હજી એમને માટે એ વસ્તુ જીવતી થઈ નથી. જીવનસમૃદ્ધિ વગર ધનસમૃદ્ધિ કૃતાર્થ થવાની નથી. અને સંગીતાદિ કળાઓ પણ જીવતી થવાની નથી. જેમ સમાજમાં હવે આપણું ચાર વર્ણથી ચાલવાનું નથી તેમ સંગીતમાં પણ હવે છ રાગ અને છત્રીસ રાગણીઓ અને એમનાં કુટુંબીઓથી ચાલવાનું નથી. પ્રજાના પુરુષાર્થમાં નવા નવા આદર્શો ઘડાતા જાય છે; તેમ તેમ નવા રાગો પણ આપણને પેદા કરતાં આવડવું જોઈએ. જેમ ભિન્ન ભિન્ન સંગીતપદ્ધતિઓનું સંમિશ્રણ આપણે કરવાના છીએ તેમ નવા નવા રાગોનો પણ આપણે આવિષ્કાર કરવો રહ્યો. ભારતીય મહાયુદ્ધ, બુદ્ધભગવાનનો ગૃહત્યાગ, હરિશ્ચંદ્રની ટેક અને સીતાનો વનવાસ, દ્રૌપદીનું વેણીસંહાર અને દમયંતીનો સ્વયંવર, સાવિત્રી–યમરાજનો સંવાદ અને રાજા રામનો દેશવટો. દાંડીકૂચનું સબરસ અને હરિજનોને કારણે હોડમાં મૂકેલા પ્રાણ — એ બધા પ્રસંગો માટે ઉદાત્ત લલિત નવા નવા રાગો અને છંદો જોઈએ છે.

ગુજરાતનું લોકસંગીત બીજા પ્રાંતોના લોકસંગીત કરતાં જુદું પડે છે. એની ભાવવાહિતા અસાધારણ છે. જ્યારે મેઘાણી જેવા પોતાની મેઘગંભીર વાણીથી એ ગાય છે ત્યારે જૂનું લોકજીવન કેટલું પુરુષાર્થપૂર્ણ હશે એનો ખ્યાલ આવે છે. લોકકાવ્યો, લોકકથા અને લોકસંગીત દ્વારા ગુજરાતનું લોકજીવન નવી ઢબે સજીવન કરવાની જરૂર છે. શિષ્ટ જીવન અને લોકજીવન પરસ્પર ભિન્ન હોવા છતાં પરસ્પર પોષક છે. શિષ્ટ જીવન હંમેશાં પ્રતિષ્ઠિત હોય જ. લોકજીવનને હવે પ્રતિષ્ઠિત કરવાની જરૂર છે. માત્ર એની સ્વાભાવિકતા અને લૌકિકતા નષ્ટ ન થાય એટલી જ પ્રતિષ્ઠા એને મળવી જોઈએ.

શાસ્ત્રકારોએ સંગીતકળાના ત્રણ વિભાગો કર્યા છેઃ ગાયન, વાદન અને નૃત્ય. આપણે ત્યાં જૂના વખતમાં કેવળ કળાનો અસંસ્કારી જમાનો જ્યારે આવી ગયો અને બધી કળાઓ ચારિત્ર્યહીન આશ્રિતોના હાથમાં પહોંચી ગઈ ત્યારે શિષ્ટ સમાજે સંગીત અને કળા બંનેનો લગભગ બહિષ્કાર જ કર્યો. નાટકમાં વેશ લેનારનું

મોઢું પણ ન જોવાય, ભૂલથી જોયું તો પ્રાયશ્ચિત્ત કરવું ઘટે, એમ સ્મૃતિઓમાં કહેલું છે. કલાવંતીનું ચારિત્ર્ય શુદ્ધ હોઈ જ ન શકે એમ સમાજની માન્યતા હતી. કલાવંતી અને ગુણિકા એ શબ્દો જ આ સ્થિતિના સાક્ષી છે. 'કળા ખાતર કળા'ના પક્ષ આગળ કેટલું જોખમ રહેલું છે એનો ખ્યાલ આ ઉપરથી આવશે. કળા પ્રત્યેની સૂગના એ જમાનામાં નૃત્યકળા પ્રત્યે લોકોમાં વધારેમાં વધારે ચીડ હતી. પુરાણકારોએ અને જૂના કવિઓએ શ્રીકૃષ્ણ અને ગોપીઓના રાસનૃત્યનાં ફાવે તેવાં વર્ણનો લખી શૃંગાર અને વિલાસને ધાર્મિક વાતાવરણની ઢાલ આપી, છતાં નૃત્યકળા વિષે સમભાવ કે આદર જામ્યો નહિ. કાઠિયાવાડના રબારી અને ભરવાડ લોકોએ એ કળાને કાંઈક આશ્રય આપ્યો. શ્રીકૃષ્ણ પણ આખરે કાઠિયાવાડી રબારી જ હતા ને? યુરોપના લોકો નૃત્યપ્રિય છે. ઇંગ્લંડથી માંડીને રશિયા સુધી — અને આઈસલૅંડથી માંડીને ઈટલી કે ગ્રીસ સુધી, બધે જ નૃત્યકળાની સામાજિક પ્રતિષ્ઠા છે. આપણે ત્યાં અંગ્રેજી કેળવણીને લીધે એ નૃત્યકળા પ્રત્યે પણ આદરભાવ ફરી જાગ્યો. અને કેવળ અંબાજીના ઉત્સવમાં જ જે ગરબીઓને સ્થાન મળતું તેમને હવે આપણાં શિષ્ટ લોકોનાં આધુનિક સંસ્કારી જીવનમાં પણ મહત્ત્વનું સ્થાન મળ્યું છે. ચિત્રકળા કે સંગીતકળા જેવી નૃત્યકળા એકાડુ કળા નથી. એમાં તાલબદ્ધ કસરત છે. આવી કસરતથી શરીરના સ્નાયુને વ્યાયામ સાથે આરામ મળે છે. જેમ સાહિત્યમાં નાટક, હુન્નરકળામાં સ્થાપત્ય, તેમ લલિતકળામાં નૃત્ય છે. આમાં અનેક કળાઓનો સહકાર સાધી શકાય છે. પોશાક, ઘરેણાં, પ્રકાશ, ધૂપદીપ, સંગીત, તાલ, કાવ્ય, હાવભાવ, — એ બધાનું સ્નેહસંમેલન જમાવી શકાય. આપણે ત્યાં આપણા ગરબાના, ભરવાડોના અને ટીપણીના નૃત્ય ઉપરાંત હવે શાંતિનિકેતનથી આવેલું મણિપુરી નૃત્ય પણ દાખલ થયું છે. નૃત્ય મારફતે થતી કસરત નાજુક પ્રકૃતિને પણ કેટલી સદે છે તે હવે આપણે જોઈ શકયા છીએ. ઉદયશંકરનું નૃત્ય જોવાની હજી મને તક મળી નથી. પણ એ કેવું હશે એની કાંઈક કલ્પના કરી શકું છું. આપણે ત્યાં પ્રાંતે પ્રાંતે નૃત્યકળા જુદી જુદી છે. એ બધાનો પુનરુદ્ધાર કરવાનો હજી બાકી છે. એ કળામાં રસ ધરાવનાર લક્ષ્મીપુત્રોને એક સૂચના કરવાનું મન થાય છે.

અલ્લાહાબાદમાં એક વાર મેં એ કરી પણ છે. હિંદુસ્તાનમાં આસેતુહિમાચલ મંદિરો અને મૂર્તિઓ અસંખ્ય છે. દરેક ઠેકાણે નૃત્ય કરતી પરીઓ અને અપ્સરાઓની મૂર્તિઓ કોતરેલી મળે છે. એમાં નૃત્યના પ્રકાર, હસ્તમુદ્રા, લાસ્ય, તાંડવ વગેરે અસંખ્ય નમૂનાઓ એટલા બધા પડ્યા છે કે એ બધાના ફોટો લઈને એની જો ચિત્રમંજૂષા (Album) બનાવવામાં આવે તો નૃત્યકળાના બધા જ નમૂનાઓ એમાં આપણને મળશે. આ કામ સહેલું નથી. નૃત્યકળાના પ્રમાણભૂત ગ્રંથમાં વપરાય એવા નમૂનાઓ મેં નેપાળમાં પણ જોયા છે અને ઓરિસ્સામાં પણ જોયા છે. હમ્પીમાં પણ જોયા છે અને બેલૂર હળેબીડમાં પણ જોયા છે. અજંટા તથા વેરૂળમાં પણ જોયા છે અને સિલોનમાં પણ જોયા છે. કાશ્મીરમાંય જોયા છે અને બ્રહ્મદેશમાં પણ જોયા છે. આ મૂર્તિઓ અને આ છબીઓમાંથી આપણી આખી નૃત્યકળા આપણે ચિત્રિત કરી શકીએ એમ છે. એકલા અમદાવાદ અને વિરમગામમાં જ આપણને ઘણા નમૂનાઓ મળે એમ છે. નાટ્યકળા અને નૃત્યકળા બે સાથે સાથે જ જાય છે. સંગીતમાં જેમ કેવળ ધ્વનિચમત્કૃતિ પણ હોય છે અને ભાવવાહિતા પણ હોય છે તેમ જ નૃત્યમાં પણ કેવળ અંગસૌષ્ઠવના પ્રકાર પણ હોય છે અને ભાવાવિષ્કરણ પણ હોય છે. નૃત્યનું અદ્ભુત લાવણ્ય મેં અમારા ગોમંતકમાં (પોર્ટુગીઝ ગોવામાં) નાનપણમાં ખૂબ જોયું છે. જે દુર્દૈવી કોમે આ કળા એના શુદ્ધ રૂપમાં અત્યાર સુધી સાચવી છે એ એના બેવડા ઉદ્ધારની હકદાર છે એ વિષે શંકા નથી. કેરલના નૃત્ય તરફ હમણાં હમણાં લોકોનું કંઈક ધ્યાન ખેંચાયું છે. પણ ગોવાની નૃત્યકળાનો તો હજી કોઈને ખ્યાલ જ નથી, એમ લાગે છે. એ નૃત્યકળામાં સામ્પ્રદાયિકતા કરતાં ભાવવાહિતા વધારે છે એમ મારું માનવું છે. પણ મારો અભિપ્રાય એ કંઈ કળાતત્ત્વવિશારદનો અભિપ્રાય નથી. હું તો એક મુસાફરની પેઠે જોયેલી વસ્તુનું અધિકારી આગળ સૂચન કરીને જ સંતોષ માનવાનો.

નૃત્યકળા એ પણ ભક્તિનું જ એક અંગ છે એમ આપણા પૂર્વજોએ સ્વીકાર્યું છે. એ કળાને સામાજિક રૂપમાં ખીલવતાં

અમુક જોખમો ખેડવાનાં રહે છે એ ધ્યાનમાં રાખી સાવચેતીથી એનું સેવન કરવું ઘટે છે. નહિ તો શુદ્ધતા જાળવ્યા વગર શિષ્ટતા બક્ષ્યા પછી અંતે પસ્તાવાનું જ રહેશે. પણ તિરસ્કારની બીકે એ કળાનો જ ત્યાગ કરવાની જરૂર નથી.

૨૧

હવે પછી

મને લાગે છે કે મેં બહુ લાંબું વિવેચન કર્યું અને છતાં મારે જે કહેવું હતું તે બરાબર કહી દીધું છે એવો મને પોતાને જ સંતોષ નથી, તો કળાચતુર અને કળાભિમાની આ પરિષદના સભ્યોનું સમાધાન ક્યાંથી થાય? કળા અને કાવ્ય વચ્ચે મેં ભેદ કર્યો નથી એવી કોઈ મારા પર ટીકા કરે તો એ તો સ્વીકારીને હું કહીશ કે હું એને દોષ નથી ગણતો, પણ ગુણ જ ગણું છું. ખાસ કરીને સાહિત્યની પરિષદ તો કાવ્ય અને કળા વચ્ચે રહેલું સામ્ય અથવા આત્મૈક્ય જ જુએ. મારા વિવેચનમાં મેં કુદરતને પ્રધાનપદ આપ્યું છે એવો પણ કેટલાક વાંધો ઉઠાવશે. ત્યાં પણ હું કહીશ કે એ અકસ્માતથી નથી થયું. કળાનો નિર્માતા અને વિશ્વનો નિર્માતા શક્તિમાં સરખા ન હોય, પણ ન્યાતે એક જ હોવા જોઈએ. કળાકારને જોઈએ તો વિશ્વામિત્ર કહો, પણ વિધાતા બ્રહ્મદેવ કળાધરોના કુલગુરુ છે એ વાત આપણે ભૂલી ન જઈએ.

એક રીતે જોતાં આ બધું વિવેચન કોરે મૂકી મેં જો ગુજરાતની ભૂમિ અને એનાં તળાવો, એની નદીઓ અને આરાઓ, નદી પાસેના ઘાટો અને નદી પરના પુલો, તળાવની પાળ પરનાં ઝાડ અને એની ઘટા તળે બેસીને ખડ વાગોળતાં જાનવરોનાં ધણો, ખાદીધારી બગલાઓ અને કળા કરતા કલાપીઓ, એના સમુદ્રનો વિવિધ કાંઠો અને એમાં આવેલા બેટો, મોંઘા મહેમાન જેવી શોભતી ટેકરીઓ અને કરાડ પરથી કૂદી પડતા ધોધો, ખીણો અને ગુફાઓ — એ બધાનું સર્વમાન્ય થઈ શકે એવું વર્ણન આપ્યું હોત તો વધારે સારું થાત. જેમ આપણાં તીર્થસ્થાનો અને વિદ્યાપીઠો, દેવમંદિરો અને મસ્જિદો,

હવેલીઓ અને અપાસરાઓ, મશહૂર થયાં છે તેમ ગુજરાતનાં કળાસ્થાનો ને સૌંદર્યસ્થાનો પણ નિશ્ચિત અને પ્રખ્યાત થવાં જોઈએ.

ગુજરાતની જનતા, એનો સ્વભાવ, એનો પહેરવેશ અને એના રિવાજો, એના ઉત્સવો અને યાત્રાઓ, લોકકથાઓ અને લોકગીતો, ધાર્મિક સંપ્રદાયો અને નાતના આદર્શો, એની તપોભૂમિઓ અને એનું વહાણવટું — એ બધાનું રહસ્ય તારવી એની અંદર રહેલાં કળાબીજનું વર્ણન આપ્યું હોત તો ગુજરાત માટે એ આવશ્યક હતું. પણ આ પ્રાંતમાં વીસ વરસ રહ્યા છતાં હું બધે ફરી શક્યો નથી. અને આ બધાં રૂપમાં પ્રગટ થતી કળાનું રહસ્ય પ્રગટ કરવાની મારી શકિતયે નથી. આ કામ તો ભવિષ્યનો કોઈ કળાત્મા અવસ્ય કરશે એવો વિશ્વાસ રાખીને જ મારે સંતોષ માનવો રહ્યો. આ કામ જ્યારે થશે ત્યારે ગુજરાતમાં ગુજરાતની પોતાની ખાસ કળાનો નવો અવતાર થશે અને તે ભારતીય કળાનું એક અંગ સંપૂર્ણ રીતે ખીલવશે.

મેં તો કેવળ કળાનાં કેટલાંક અંગોનું સૂચનમાત્ર કર્યું છે. જ્યારે એકાદ પ્રાણવાન કળામંડળ સ્થપાશે અને એક એક સંસ્કારી યુવાન એક એક વિભાગને પોતાનું જીવન અર્પણ કરવાનો અને એને પ્રજાસેવા માટે પૂર્ણ રીતે ખીલવવાનો સંકલ્પ કરશે ત્યારે જ આપણે કળાના ઉપાસક છીએ એમ કહી શકાશે. અત્યાર સુધી જે થયું છે એને તો પહેલી સલામીનું નામ પણ ભાગ્યે જ અપાય. હું તો માનું જ છું કે મેં સૂચવેલી બધી કળાઓ એક જ સાર્વભૌમ જીવનકળાનાં જુદાં જુદાં પાસાંઓ છે અને જીવનકળામાં તો પુરુષાર્થ, સમભાવ, પ્રેમ, નિષ્ઠા આદિ અનેક વૃત્તિઓનો જ પ્રધાનપણે સમાવેશ થાય છે. જીવનકળાનાં અંગો જ વિચારવાં હોય તો એમાં જ્ઞાનનિષ્ઠા, સત્યપરાયણતા, બુદ્ધિની પ્રગલ્ભતા, સજ્જનતા, ઉદારતા, સમયસૂચકતા, પ્રમાણબદ્ધતા, રસજ્ઞતા, ઔચિત્ય, સહાનુભૂતિ, સેવાભાવ, ત્યાગવીરતા, શ્રદ્ધા, બેફિકરી, અને ઈશ્વરભકિત — એ બધા ગુણો આવી જાય છે. જીવનકળાની દૃષ્ટિએ આ દરેક ગુણોનો સંબંધ શો છે, એનું મહત્ત્વ કેટલું છે, એ બધાનું વર્ણન કરવા જતાં કળાનું સર્વમાન્ય ક્ષેત્ર છોડી આદર્શના ગગનમાં વિહાર કરવો પડે. મારો તો વિશ્વાસ છે કે આ દૈવી સંપત્તિની ખિલવણીથી જ

કળાનો વિકાસ થવાનો છે. કળાનું પૂર્ણ સ્વરૂપ પારખવા માટે પણ આટલી પૂર્વતૈયારી જોઈએ છે. પણ એ ચર્ચામાં આપણે અહીં કેમ ઊતરી શકીએ ?

અત્યાર સુધી એમ થતું આવ્યું છે કે જે જે પરિષદ, સભા કે સંસ્થામાં ગાંધીજી પ્રમુખ થયા છે ત્યાં ત્યાં આખા વરસ માટે કાંઈક ને કાંઈક નિયમિત અને નવી દિશા ખેડતું કાર્ય ચાલતું થયું છે. આ વરસે ગાંધીજીએ સાહિત્ય પરિષદનું પ્રમુખસ્થાન સ્વીકાર્યું છે. એટલે સાહિત્યના ક્ષેત્રમાં કંઈક તો સંગીન કામ થશે જ એમ હું માનું છું. ગામડાના ખેડૂતો અને મિલના મજૂરો, કારીગરો અને વેપારીઓ, બ્રાહ્મણો અને વાણિયાઓ, હરિમંદિરના પૂજારીઓ, અને એ મંદિરની બહાર જ જેમને રહેવું પડે છે એવા હરિજનો, અને મૂડીવાદીઓ અને સામ્યવાદીઓ, દેશી રાજાઓ અને એમની હસ્તીથી અકળાયેલા એમના ટીકાકારો — બધાને એક જ પ્રવૃત્તિમાં એકઠા સહકાર કરવાની તક આપવાનું કામ આપણી કળાની ઉપાસના મારફતે થશે. કળાની ઉપાસનામાં સાંપ્રદાયિકતા નથી. એટલે હિંદુ, મુસલમાન, પારસી, ઈસાઈ, ખોજા અને મેમણ — બધા જ પંથના અને બધા જ ધર્મના લોકો કળાની ઉપાસનામાં એકત્ર આવશે અને એક થઈ બતાવશેઃ

समानमस्तु वो मनः

समाना हृदयानि वः